# શ્રી ભગવતી દેશના

ભાગ - ૧

આગમોધ્ધારક ગુજરાતી સાહિત્ય ગ્રંથમાલા-૧

# શ્રી ભગવતી દેશના

## ભાગ-૧

: પ્રવચન દાતા :

પૂ.આગમોધ્ધારક આચાર્ય શ્રી સાગરાનંદસૂરીશ્વરજીમહારાજા

પુન: સંપાદક

પૂ.આચાર્યશ્રી પૂર્ણચન્દ્રસાગરસૂરિજી મ.સા.

: પ્રકાશક :

આગમોધ્ધારક ફાઉન્ડેશન, સુરત

:: પ્રાપ્તિસ્થાન ::
**શ્રેયસ કે. મરચન્ટ**
બ્લોક-એ, નીશા એપાર્ટમેન્ટ-૧, ૧લા માળે,
કાજીનું મેદાન, તીનબત્તી, ગોપીપુરા, સુરત.
મો. :૯૪૨૮૫ ૩૩૩૨૮

**:: પ્રથમ આવૃત્તિ ::**
**વી.સં. ૨૪૬૧, વિ.સં. ૧૯૯૧ - ૫૦૦ નકલ**
**:: નવ્ય આવૃત્તિ ::**
**વી.સં. ૨૫૪૩, વિ.સં. ૨૦૭૩ - ૫૦૦ નકલ**

: આર્ષ પ્રકાશક :
**સિધ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ**

**: સૌજન્ય :**
પ.પૂ. આગમોધ્ધારક શ્રી આનંદસાગરસૂરિજી મ.સા. ના
સમુદાયવર્તી સુદીર્ઘ સંયમી પ.પૂ. સા.શ્રી સુજેષ્ઠાશ્રીજી મ.સા.
સરળ સ્વભાવી પ.પૂ. સા.શ્રી સૌમ્યતાશ્રીજીના મ.સા. ની
નિશ્રામાં થયેલ બહેનોની આરાધનાના જ્ઞાનનિધિમાંથી
૮૧,૦૦૦/- રૂા.
હ. શ્રી સિમંધર મહિલા મંડળ–પાર્લે પોઈન્ટ, સુરત.

મુદ્રક
કનક ક્રિએશન
ગોપીપુરા, સુરત

# નિવેદન

વિક્રમની પાંચમી સદીમાં (વિ.સં. ૪૭૦માં) જેમ આગમજ્ઞ શ્રી દિવર્ધિગણિ ક્ષમાશ્રમણે વલીભપુરમાં કંઠસ્થ આગમોને ગ્રંથસ્થ કરીને આપણી ઉપર મહાન ઉપકાર કર્યો હતો એમ આ યુગમાં - વિક્રમની વીસમી સદીમાં - જુદા જુદા જ્ઞાનભંડારોમાં હસ્તલિખિત ગ્રંથો રૂપે સચવાયેલા આગમગ્રંથોને મુદ્રિત કરાવીને પૂજ્યપાદ આચાર્ય શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજે આપણા ઉપર કદી ન વીસરી શકાય એવો મોટો ઉપકાર કર્યો છે. અને આગમોનું મુદ્રણ કરીને આગમોનો ઉદ્ધાર કરવા પાછળ પોતાની આખી જિંદગી અને સમગ્ર શક્તિને લગાવી દઈને તેઓ સાચા અર્થમાં 'આગમોદ્ધારક' બન્યા છે.

આવા એક પરમ ઉપકારી મહાપુરૂષની સ્મૃતિને કાયમ રાખવાના હેતુથી, વિ.સં. ૨૦૦૭ની સાલમાં, આ શ્રી આનંદ સાહિત્ય ગ્રંથમાળાની સ્થાપના કરવામાં આવી છે. આ સંસ્થાની સ્થાપનાના પ્રેરક આગમોદ્ધારક આચાર્ય મહારાજના પ્રશિષ્ય મુનિરાજ શ્રી ચંદ્રોદયસાગરજી મહારાજ છે.

આગમોદ્ધારક આચાર્યશ્રીનાં વ્યાખ્યાનો હંમેશાં તાત્ત્વિક વિચારણાથી ભરેલાં તેમજ તર્ક અને દલીલોથી ભરપૂર રહેતાં. કોઈ પણ તાત્ત્વિક કે શાસ્ત્રીય વિષયનું તેઓ ખૂબ ઊંડાણથી તલસ્પર્શી વિવેચન કરતા. તેમનાં વ્યાખ્યાનોમાંના કેટલાંક વ્યાખ્યાનોની ટૂંકી નોંધ, વ્યાખ્યાન સમયે જ, તેમના શિષ્યોમાંના પૂજ્ય આચાર્ય શ્રી હેમસાગરસૂરિજી વગેરે કરી લેતા. અને એ નોંધોને આધારે પાછળથી, એ વ્યાખ્યાનો ગ્રંથરૂપે પ્રગટ કરવામાં આવતાં. આજ પૂર્વે આવા અનેક

વ્યાખ્યાનસંગ્રહો જુદા જુદા નામથી પ્રગટ થઈ ચૂકેલ છે. આ સંગ્રહ એમાં એક વધુ ગ્રંથનો ઉમેરો કરે છે.

શરૂઆતમાં આ ગ્રંથનું નામ 'શ્રી આગમોદ્ધારક દેશના સંગ્રહ' રાખેલું. પણ પાછળથી માલૂમ પડ્યું કે, એ નામનો વ્યાખ્યાનસંગ્રહ પહેલાં પ્રગટ થઈ ચૂકેલ છે, એટલે એ નામમાં થોડો ફેરફાર કરીને એનું નામ ''શ્રી આગમોદ્ધારક -દેશના સમુચ્ચય'' રાખવામાં આવેલ છે. આ ગ્રંથના આ પહેલા ભાગમાં આગમોદ્ધારક આચાર્યશ્રીનાં શ્રી ભગવતીસૂત્ર ઉપરનાં ૩૩ વ્યાખ્યાનો સંગ્રહીત કરવામાં આવ્યાં છે.

આ ગ્રંથને છપાવતી વખતે એમાં શરતચૂકથી કે સમજફેરથી કોઈ પણ જાતની ભૂલ, હકીકતદોષ કે શાસ્ત્રથી વિપરીત વાત ન આવી જાય એની પૂરે પૂરી સંભાળ રાખવામાં આવી છે, તેમજ એનાં છેલ્લાં પ્રુફો પણ પૂ. આ. શ્રી હેમસાગરસૂરિજી મહારાજ પાસે જોવરાવી લીધાં છે. આમ છતાં આમાં કોઈ ભૂલચૂક રહી જવા પામી હોય તો તે માટે મિચ્છા મિ દુક્કડં દઈએ છીએ.

**સં. ૨૦૧૨ : માગશર સુદિ ૧૫**
**માંડવીના પોળમાં નાગજી**
**ભૂદરની પોળ, અમદાવાદ**

**મંત્રીઓ,**
**શ્રી આનંદ સાહિત્ય ગ્રંથમાળા**

।। अनन्तलब्धिनिधानाय श्रीगौतमगणधराय नमो नमः ।।

# પ્રસ્તાવના

આ દેશનાઓના આપનાર મહર્ષિ "**આગમોદ્ધારક**" બહુશ્રુત આચાર્યદેવશ્રી આનન્દસાગરસૂરિપુરન્દર છે. તેઓશ્રીનો જન્મ વિ.સં. ૧૯૩૧ના અષાડ વદ૦)) ના પુણ્યદિને ગુર્જરદેશના ખેડા જિલ્લામાં આવેલ કપડવંજ નામના શહેરમાં થયેલો. તેઓશ્રીનું પવિત્ર નામધેય હેમચંદભાઈ હતું. તેમનાં પુણ્યશાળી માતુશ્રીનું નામ જમનાબહેન હતું. તેમના પૂજ્ય પિતાશ્રીનું નામ મગનલાલ તથા વડીલ બન્ધુનું નામ મણિભાઈ હતું. દેશનાકાર મહર્ષિએ સૌરાષ્ટ્ર દેશના લીંબડી શહેરમાં સં. ૧૯૪૭ના મહાસુદ ૫ના દિને **શાસનસિંહ પૂ.મુનિરાજશ્રી ઝવેરસાગરજી મહારાજ**ના ચરણકમલમાં પ્રવ્રજ્યા લેતાં તેઓશ્રીનું પવિત્રતમ નામધેય **મુનિશ્રી આનંદસાગરજી પાડવામાં આવ્યુ હતું.** બાલ્યવયમાં દીક્ષિત થયેલા તેઓએ સ્વપર શાસ્ત્રોનું ઉચ્ચ કોટીનું અધ્યયન કરેલું. તેમના પિતાશ્રી તથા વડીલ બંધુ પણ પ્રવ્રજ્યા(દીક્ષા) ગ્રહણ કરી આત્મકલ્યાણ સાધી ગયા છે. તેઓશ્રીને પંન્યાસપદ સં. ૧૯૬૦ના જેઠ સુદ ૧૦ના દિને તથા આચાર્યપદ સં.૧૯૭૪ના વૈ.સુદ ૧૦ના દિને પ્રાપ્ત થયું હતું. વિ.સં. ૨૦૦૬ના વૈશાખ વ.૫. ના દિને આ કાલમાં અજોડ ગણાય તેવી આરાધના કરવા પૂર્વક સુરત મુકામે,

ધ્યાનસ્થ આસને, તેઓશ્રી સ્વર્ગવાસ પામ્યા છે.

તેઓશ્રી વર્તમાન પ્રાપ્ય શ્રુતના સર્વાંગીજ્ઞાનના પ્રતાપે બહુશ્રુતધર તેમજ જૈનેતર દર્શનોના પણ જ્ઞાતા હતા. અનેક જૈન ગ્રન્થોના ઉદ્ધારક થવાના પ્રતાપે જૈન આલમમાં તેઓ 'આગમોદ્ધારક' યાને બહુશ્રુતધરના ઉપનામથી અતીવ પ્રસિદ્ધિ પામ્યા હતા. તેઓશ્રીની દલીલો-યુક્તિઓ અકાટય હતી. તેમની એક પણ દેશના એવી ન હતી કે જેમાં તત્ત્વનાં ઊંડાં રહસ્યો ન હોય. જેમ તેઓએ સાહિત્યક્ષેત્રમાં જૈન જગતને વિશાળ લાભ અર્પ્યો છે તેવો જ બહોળો લાભ દર્શન-ચારિત્રના ક્ષેત્રમાં પણ અજોડ રીતે અર્પ્યો છે, જેની નોંધ સંક્ષિપ્તમાં કરવામાં આવે તોયે વિશાળ ગ્રન્થો થાય. અહીં તો પ્રસ્તાવનાને અનુસરી તેઓશ્રીએ કરેલાં સાહિત્યકાર્યોનો સંક્ષિપ્તમાં ઉલ્લેખ કરું છું.

**જ્ઞાન પરબો :-**

જ્ઞાનપિપાસુઓની તૃષા છિપાવવાને માટે સુરત શહેરમાં શ્રી જૈનાનંદ પુસ્તકાલય અને જામનગર શહેરમાં શ્રી જૈનાનંદ પુસ્તકાલય અને જામનગર શહેરમાં શ્રીઆનંદ પુસ્તકાલય તેઓશ્રીના ઉપદેશથી પરબોરૂપ સ્થપાયેલ છે, જેનો અનેક જ્ઞાન-પિપાસુઓએ ખૂબ લાભ લીધો છે અને વર્તમાનમાં પણ લાભ લઈ રહ્યા છે. આ સિવાય પણ શ્રી જૈનાનંદ પુસ્તકાલય સુરત તરફથી ઘણાં ગામો અને શહેરોમાં 'સટ' નામથી પ્રસિદ્ધ પામેલ ભંડારો રાખવામાં આવ્યા છે. દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડની સ્થાપના તેમના ઉપદેશને આભારી છે.

**પ્રાચીન શાસ્ત્રોનું પ્રકાશન :-**

આચાર્યદેવે કરેલ પ્રાચીન ગ્રન્થોનું સંશોધન તેમજ લખેલ પ્રસ્તાવનાઓનો આંક ૧૭૫ સુધી જવા પામ્યો છે. હસ્તલિખિત પ્રતિઓ પરથી પ્રેસ કોપી કરવી, તપાસવી, છપાવવામાં પ્રુફ આદિનું સંશોધન કરવું ઈત્યાદિ બધુંય કાર્ય પ્રાયઃ સ્વહસ્તે કર્યું છે.

વળી જૈન શાસ્ત્રો યાવચ્ચન્દ્રદિવાકરૌ સચવાઈ રહે તે માટે લાખો રૂપિયાના ખર્ચે, તેઓશ્રીના ઉપદેશથી સિદ્ધક્ષેત્રમાં શ્રી વર્ધમાન જૈન આગમમન્દિર વિષે આરસની શિલાઓ પર અને સુરત શહેરમાં ગોપીપુરા મધ્યે શ્રી તામ્રપત્ર આગમમન્દિર વિષે તાંબાનાં પતરાંઓમાં જૈન આગમોને ઉત્કીર્ણ કરાવવામાં આવ્યાં છે, તેમ શ્રી તામ્રપત્ર આગમમન્દિર વિષે શાસ્ત્રમાં આવતા આગમપુરુષનું ચિત્રદ્વારાએ આલેખન કર્યું છે.

આ ઉપરાંત આચાર્યદેવે સંસ્કૃત-પ્રાકૃત ભાષાના ઘણા ગ્રન્થો રચ્યા છે, જેનું આગમકોષ ઉપરાંત શ્લોક પ્રમાણ આસરે બેંતાલીસ હજાર જેટલું થવા જાય છે.આમાં મુદ્રિત થયેલા ગ્રન્થો સિદ્ધપ્રભાવ્યાકરની વૃત્તિ, મધ્યમસિદ્ધપ્રભાની વૃત્તિ, લઘુસિદ્ધપ્રભાની વૃત્તિ, તેનાં સૂત્રો સહ છપાઈ ગયેલ છે. તત્ત્વાર્થ પરિશિષ્ટ સાર્થ તથા તાત્ત્વિક પ્રશ્નોત્તરના બે વિભાગ પાડી તેનો એક વિભાગ છપાવામાં આવ્યો છે, તેમ લઘુનામકોષ પણ છપાઈ ગયેલ છે, જ્યારે બીજા ગ્રન્થો અમુદ્રિત છે.

અત્યાર અગાઉ આ સિવાય શ્રી 'સિદ્ધચક્ર' પાક્ષિક અને પાછલથી માસિક સ્વરૂપે જે પ્રસિદ્ધ છે અને જે સં.૧૯૮૮ થી ચાલુ છે

તેમાં તેમ જ શ્રી 'શાસનસુધાકર' માં પણ વ્યાખ્યાનો આપવામાં આપ્યાં છે. શ્રી 'સિદ્ધચક્ર' માસિકનો મુખ્ય ઉદ્દેશ, પૂજ્ય આગમોદ્ધારકશ્રીનાં વ્યાખ્યાનોનો હતો, તે હજુ સુધી સચવાઈ રહ્યો છે.

**વ્યાખ્યાનોના સંગ્રહકાર :-**

આગમોદ્ધારક આચાર્ય ભગવાનનાં વ્યાખ્યાનોના સંગ્રહકાર મુખ્યત્વે વર્તમાન પૂ૰ આ૰ દેવશ્રી હેમસાગરસૂરિજી છે. તેઓશ્રી પૂજ્યશ્રીની દેશનાઓનું અવતરણ તે જ સમયે સાંગોપાંગ કરી લેતા હતા. આજે ભાવિક જનતાને વ્યાખ્યાનોનો જે અમૂલ્ય રસથાળ અર્પી શકાય છે તે તેમના જ સ્તુત્ય પ્રયાસને આભારી છે. આ સિવાય પૂ. મુનિરાજ શ્રી ચન્દ્રસાગરસૂરિજી મહારાજશ્રીએ તેમ પૂ. મુનિરાજ શ્રી સૌભાગ્યસાગરજી મહારાજે પણ કેટલાંક અવતણો કરેલાં છે.

ઉપર દર્શાવેલ વ્યાખ્યાનના ત્રેવીસ ગ્રન્થોમાં આ 'આગમોદ્ધારક દેશના સમુચ્ચય ભાગ-૧' નો ઉમેરો થાય છે. હજુ ઘણાં વ્યાખ્યાનોનો સંગ્રહ તેમ પૂજ્યશ્રીની કૃતિઓ મુદ્રિત કરવાની બાકી રહે છે.

**વ્યાખ્યાનોનાં પ્રકાશનો :-**

પૂજ્ય આગમોદ્ધારકશ્રીની વિદ્યમાન અવસ્થામાં **પૂ. મુનિશ્રી ગુણસાગારજી મહારાજશ્રી**નો પ્રકાશનોમાં મોટો ફાળો હતો. તેમ **પૂ. આ.શ્રી ચન્દ્રસાગરસૂરિજી** તથા **પૂ. આ. શ્રી હેમસાગરસૂરિજી**નો પણ ફાળો છે.

પૂજ્ય આગમોદ્ધારકશ્રીના સ્વર્ગસ્ત થયા પછી પણ આનાં પ્રકાશનો ચાલુ રાખવાનો યશ ઉપર દર્શાવેલ ત્રણે મહાત્માઓ ઉપરાંત **પૂ.મુનિશ્રી ચન્દ્રોદયસાગરજી મહારાજશ્રી** તથા **આ.શ્રી કનકસૂરિજી મહારાજ**ના સમુદાયના **મુનિરાજશ્રી કેવલવિજયજી મહારાજશ્રી**ના ફાળે જાય છે.

**અતિ સ્તુત્ય પગલું :-**

વ્યા. વા. પૂ૰ મુનિરાજશ્રી ચન્દ્રોદયસાગરજી મહારાજશ્રીનું વિ.સં. ૨૦૦૭ના વર્ષનું ચોમાસું અમદાવાદ શહેરમાં માંડવીની પોળમાં નાગજી ભૂદરની પોળના ઉપાશ્રયે થયેલું. ત્યાં તેઓશ્રીના ઉપદેશામૃતનું પાન કરી અતિ ઉત્સાહિત થયેલા સદર પૂ૰ મહારાજશ્રીના ઉપદેશથી જ્ઞાનખાતામાંથી, નાગજી ભૂદરની પોળના ઉપાશ્રય તરફથી તથા ભાવિક શ્રીમંતોએ પૂ. આગમોદ્ધારકશ્રીની અમૂલ્ય દેશનાઓ મુદ્રિત કરાવવા માટે વિશાળ ફંડ આશરે રૂા. ૩૦૦૦) નું કર્યું અને તે માટે ગૃહસ્થોની સમિતિ નિમી, તેના કાર્યકરોની નિમણૂંક કરી છે.

**સિદ્ધક્ષેત્રમાં ચાતુર્માસ :-**

પ.પૂ. આગમોદ્ધારકશ્રીની દેશનામૃતનું નિરંતર પાન કરી ભાવનાની વૃદ્ધિને પામેલ **સંઘવી શેઠ પોપટલાલ ધારસીભાઈ**એ જામનગરથી સિદ્ધિગિરિનો સંઘ સંવત ૧૯૯૪ ની સાલમાં કાઢેલો. સદરહુ સંઘ સિદ્ધગિરિ આવ્યા બાદ આગમોને ચિરકાળ જીવંત બનાવવા માટેનો પૂર્વ સંકલ્પ જાગ્રત થયો અને તેમાંથી સિદ્ધગિરિની તળેટીમાં લાખોના સદ્‌વ્યયે શ્રી વર્ધમાન જૈન આગમ મંદિરની

સ્થાપના થઈ છે. આ તૈયાર કરવામાં વારંવાર સૂચનોની જરૂરીયાત હોવાથી ત્યાં સં. ૧૯૯૪ માં સ્થિરતા કરવાનો અવસર પ્રાપ્ત થયો હતો. સં. ૧૯૯૫ની સાલમાં **શેઠશ્રી મોહનલાલ છોટાલાલભાઈ**એ રાજનગર (અમદાવાદ)માં ઉજમણું કરાવતાં, તે પર પધારતાં, પૂજ્યશ્રીનું ચાતુર્માસ પણ અમદાવાદમાં થયું. ચાતુર્માસ ઉતર્યા બાદ તેઓશ્રીની સૂચનાઓની વારંવાર આવશ્યકતા ઊભી થતાં પાછું ૧૯૯૬ માં પાલીતાણા પધારવું થયું અને ૧૯૯૮નું ચાતુર્માસ પણ ત્યાં જ કરવાની આવશ્યકતા થઈ. આ દરમ્યાન પણ આગમમંદિરની રચનામાં પોતાનાં અભિપ્રાયો-સૂચનોનું અતિ કઠીન કાર્ય કરવા છતાંયે દેશનાઓ ઉપધાનો આદિનાં કાર્યો ચાલુ રહેતાં હતાં. દૂરદૂર દેશથી ભાવિકો 'એક પંથ અને બે કાજ' ગણી સિદ્ધગિરનાં દર્શન વંદન સહ વ્યાખ્યાન આદિના લાભ અર્થે ચાતુર્માસ દરમ્યાન આવીને ત્યાં રહેતા હતા.

વિક્રમ સં. ૧૯૯૮ના ચાતુર્માસમાં **રાજનગર** (અમદાવાદ) નિવાસી સુપ્રસિદ્ધ **શેઠશ્રી ભોગીલાલ મગનલાલ** સુતરીયા પોતાના ધર્મપ્રેમીસુપત્ની **વિમળાબહેન** આદિ કુટુંબ સહ ચાતુર્માસ રહ્યા હતા. ચાતુર્માસમાં પૂજ્ય **આગમોદ્ધારકશ્રી**ના શ્રીમુખે **શ્રી ભગવતીસૂત્રને** શ્રવણ કરવાની પ્રબલ ભાવના જાગી અને પૂજ્યશ્રીને આ અર્થે વિનંતિ કરી, જેનો અનુમોદના સહ સ્વીકાર કર્યો. અને શુભ મુહૂર્તે, મોતીસુખીયાના વિશાલ મંડપમાં દેશનાઓ ચાલુ થઈ. આ ગ્રન્થમાં તે જ દેશનાઓમાંની ૭૩ દેશનાઓ આપવામાં આવી છે.

શેઠશ્રી ભોગીલાલભાઈએ અતિ ઉત્સાહિત હૃદયે પૂ. સાધુ

ભગવંતો અને સાધ્વીજી મહારાજાઓની ખૂબ ભક્તિ સેવા કરી. તેમ આસો સુદિ ૧૫ ના પવિત્ર દિને રથયાત્રા અને સ્નાત્રઉત્સવ ઉજવ્યો. તેમ શ્રી આગમમંદિરે પૂજ્ય આગમોદ્ધારકશ્રીની દેશના શ્રવણ કરી, **શ્રીફળની પ્રભાવના** કરી હતી. તેઓશ્રીનાં સુપત્ની ધર્મપ્રેમી વિમળાબહેને સોલ ઉપવાસનો દીર્ઘ તપ કર્યો હતો. બધાય લાભ પ્રાપ્ત કર્યા પણ એકે લાભ કેમ રહી જાય આથી ચાતુર્માસના અન્તે પોતે વિનંતિ કરી. ખૂબ ઉત્સાહ પૂર્વક (પાલીતાણામાં) ખુશાલભુવનમાં પૂજ્ય આગમોદ્ધારકશ્રીનું **ચાતુર્માસ પરિવર્તન** કરાવેલું.

**શ્રી ભગવતીસૂત્રમ્ -**

શ્રીભગવતીસૂત્રનું મૂળ નામ ' વિવાહપન્નતિ' એવું રચનાકાળે ગણધર ભગવન્તોએ રાખેલું, પરંતુ સદર અંગનો ખૂબ મહિમા જોઈ તેનું નામ શ્રી સંઘે શ્રી ભગવતીજી રાખ્યું છે. ભગવતીસૂત્રનું જ્યાં જ્યાં આગમશાસ્ત્રોમાં નામધેય આવે છે ત્યાં ત્યાં વિવાહપન્નતિ નામ આવે છે. શ્રી ભગવતીસૂત્રમાં જ્યાં જ્યાં પ્રશ્નો થાય છે ત્યાં ત્યાં પ્રભુશ્રી મહાવીરના મુખકમલમાંથી **હે ગૌતમ**! હે ગૌતમ ! ના પુનિત સંબોધનથી ઉત્તરો આપવામાં આવ્યા છે. શ્રી ભગવતી સૂત્રમાં ચારે અનુયોગોનો સમાવેશ થયેલો છે. શ્રી ભગવતીસૂત્રનો અદ્યાપિ પર્યન્ત મહિમા વિદ્યમાન હોવાના પ્રતાપે જ્યારે જ્યારે પ્રસંગ પ્રાપ્ત થાય છે ત્યારે ત્યારે ભાવિક જનતા ભગવતી સૂત્રના શ્રવણની મહેચ્છા દર્શાવે છે. પ્રશ્ને પ્રશ્ને પૂર્વકાલમાં સુવર્ણમહોર-(સોનૈયા) થી પૂજન કરવામાં આવતું, વર્તમાન

કાલમાં પણ સહુ પોતાની શક્તિ પ્રમાણે તેનું પૂજન કરે છે. શ્રી ભગવતી સૂત્ર પર નવાંગી ટીકાકાર આ.શ્રી અભયદેવસૂરીશ્વરજીએ શાસનદેવીની પ્રબલ સહાયે કહો કે પ્રેરણાએ કહો, ટીકા રચી છે. તેમાં પ્રાચીન ટીકાઓ વગેરેની પણ સહાય લીધી છે. આના ત્રણ વિભાગ રાખી પૂ. આગમોદ્ધારકશ્રીની પવિત્ર દેખરેખ નીચે એનું પ્રકાશન બે વાર થયું છે. તે ઉપરાંત શ્રી ભગવતીસૂત્ર પર આ. શ્રીદાનશેખરસૂરિજીએ ટીકા રચી છે.તેનું પણ સંપૂર્ણ મુદ્રણ તેઓશ્રીની પુણ્યદૃષ્ટિએ થયું છે.

**શ્રી ભગવતીસૂત્રની દેશનાઓનાં થયેલાં મુદ્રણો :-**

(૧) વિક્રમ સંવત ૧૯૯૯ના કપડવંજના પૂ.આગમો-દ્ધારકશ્રીના ચાતુર્માસ દરમ્યાન ત્યાંના શ્રી સંઘની વિનંતિથી પૂજ્યશ્રીની **શ્રી ભગવતીસૂત્રના આઠમા શતક** પર **દેશનાઓ** થયેલી, તેમાંથી ૪૯ દેશનાઓનો ગ્રન્થ પ.પૂ.આ૦ દેવશ્રી હેમસાગરસૂરિજીના સ્તુત્ય પ્રયાસથી, તેઓશ્રીએ કરેલ અવતરણો ઉપરથી વિ.સં. ૨૦૦૫ માં '**શ્રી ભગવતીસૂત્રની દેશનાઓ**' ના પુનિત નામધેયથી 'શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ'એ સુરતથી બહાર પાડ્યો છે.

(૨) **પૂ.આગમોદ્ધારકશ્રી**ના સં.૧૯૯૨ ની સાલના **જામનગર** શહેરના ચાતુર્માસ દરમ્યાન સંઘવી **શેઠશ્રી પોપટલાલ ધરમસીભાઈની** વિનંતિથી **શ્રી ભગવતીસૂત્ર વંચાયેલું**. આ સમયે વર્તમાન પૂ.આ.દેવશ્રી હેમસાગરસૂરિજીએ તેનું અવતરણ કરેલું. સદરહુ ૧૦૫ દેશનાઓ **શેઠશ્રી ચીમનલાલ ડાહ્યાભાઈ**

**કપડવંજવાળા** તરફથી છપાવાનું નક્કી થતાં તેનું વર્તમાન પૂજ્ય આ.દેવશ્રી ચન્દ્રસાગરસૂરિજીએ સંપાદન કર્યું છે. આ સમયે તે વિશાલકાય ગ્રન્થમાં સૂત્રપ્રક્ષેપનો, શુદ્ધિપત્રકનો તથા અનુક્રમણિકા કરવાનો લાભ, તેમ પ્રુફો તપાસવાનો અપૂર્વ સેવાલાભ મને પ્રાપ્ત થયેલો હતો. સદર દેશનાો ૧૦૫ છે અને તેનું પુનિત નામ '**શ્રી દેશનાનદ-સુધાસિન્ધુ**' રાખવામાં આવ્યું છે. તેનું પ્રકાશન 'શ્રી ઋષભદેવજી છગનીરામજીની પેઢી' ઉજ્જૈન (મધ્યભારત) થી થયું છે.

(૩) આ ગ્રન્થમાં પણ શ્રી ભગવતીસૂત્રનાં શરૂાતથી ૩૩ વ્યાખ્યાનો છે.

**પૂ. આગમોદ્ધારકશ્રીના સં. ૧૯૯૮ ના સિદ્ધક્ષેત્ર**ના ચાર્તુમાસ દરમ્યાન અમદાવાદનિવાસી **શેઠશ્રી ભોગીલાલ ભગનલાલ** સુતરીયાની વિનંતિથી શ્રી ભગવતીસૂત્ર વંચાયેલ જેનું અવતરણ તે જ વખતે વર્તમાન **પૂ.આ.દેવશ્રી હેમસાગરસૂરિજીએ** કરેલ હતું. તેમાંથી આ વ્યાખ્યાનોનું વ્યા. વા. પૂ.મુનિશ્રી ચન્દ્રોદયસાગરજી મહારાજની પવિત્ર પ્રેરણાથી અમદાવાદની કમિટિએ મુદ્રણ કરાવ્યું છે, અને સદર ગ્રન્થને અત્યાર અગાઉ છપાએલ વ્યાખ્યાનો કરતાં શ્રાદ્ધવર્ય શ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ ઓપ અર્પી અધિક સમૃદ્ધિવાન કર્યો છે.

**લુણાવાડા જિ. પંચમહાલ** — **લી.**
**વિ.સં. ૨૦૧૧, આ.સુ. ૧૦, બુધવાર** — **ચંદનસાગરગણી**

## નવ્ય આવૃત્તિની નવલી પ્રભાતે...

## શબ્દોના પ્રભાતિયાનું ગાન....

આગમશાસ્ત્રો જિનશાસનની મોટી મૂડી છે.

શ્રુત ગંગોત્રી પવિત્રતાની પૂંજી છે.

આજે આ મૂડી કે પૂંજીમાં કેટલો ઘટાડો થયો કે વધારો..!!! તેનો હિસાબ- કિતાબ કર્યો નથી.

ચૌદ પૂર્વ - ચૌદ હજાર પયન્ના - દ્વાદશાંગી - ૮૪ આગમો ઉપરાંત કલિકાલશ્રીના સાડા ત્રણ ક્રોડ શ્લોકો, હરિભદ્રસૂરી મ. ના ૧૪૪૪ ગ્રન્થો, ઉમાસ્વાતિજીના ૫૦૦ ગ્રન્થો પૈકી કેટલું લુપ્ત થયું અને કેટલું બચાવ્યું તેનો ઉત્તર શું વર્તમાન કાળના શ્રી સંઘો આપી શકશે ?.!!

આજે જે શેષ શ્રુતજ્ઞાન ની થાપણ દેખીએ છીએ તેનો શ્રેય પૂજ્યપાદ આગમોદ્ધારક શ્રી આનંદસાગરજી મ.સા.ને જાય છે. ત્યાર બાદ ૧૫૦૦ વર્ષનો સુદીર્ઘ કાળનો શ્રુતોધ્ધારનો કોઈ

ઈતિહાસ દેખાતો નથી પરંતુ વીર નિર્વાણના ૨૫માં સૈકામાં આગમોનું સંશોધન-લિપ્યંતર - પાઠાંતર મેળવીને સંપાદન ૧૯૮ ગ્રન્થોની ભેટ શાસનને ધરી...લગભગ ૧૦ લાખ શ્લોક પ્રમાણ સાહિત્ય મુદ્રણ કરાવી અને પઠન-પાઠનને સુલભ બનાવવા ૭-૭ આગમ વાચનાઓ કરવી અને ઠેર -ઠર શ્રાવકવર્ગને આગમિક પદાર્થો સમજાવવા આગમ ગ્રન્થો આધારિત પ્રવચનો ફરમાવતા હતા.

ઠેક-ઠેકાણે તે સમયના સહવર્તિ મુનિવરો તથા શ્રાવકોએ જે પ્રવચનો અવતરણ કર્યા છે તે પૈકીના ભગવતી સૂત્રના પ્રારંભિક કક્ષાના ૩૩ પ્રવચનો અત્રે પુનઃ પ્રકાશિત કરી રહ્યા છીએ. ભગવતી સૂતર્પર અપાયેલાં અન્ય પ્રવચનોનો સંગ્રહ અન્યત્ર છપાયેલ છે.

ભગવતી સૂત્રનું અપરનામ ‘વિવાહપન્નત્તી’ છે, જયકુંજર હાથીની ઉપમા, પંચ પરમેષ્ઠીના સ્થાન અંગે સુંદરતમ -

સુક્ષ્મ છણાવત કરી છે.. પ્રત્યેક પ્રવચોમાં મૂળ સૂત્રના શાસ્ત્રપાઠો હૃદયમાં આગમના પદાર્થો અર્થ સમેત સ્પર્શી જાય તેવો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

પૂજ્યશ્રીના પ્રવચનો આજના યુગમાં આગમના અભ્યાસીઓને આગમની બારખડી રૂપ પુરવાર થાય તેમ છે તથા પ્રવચન રસિકોને અનુવાદ રૂપ પુરવાર થાય તેમ છે તેથી તેને પુનઃ પ્રકાશનનો ઓપ આપી રહ્યા છીએ...

આ પુસ્તુક વાસ્તિવિકતામાં દેશનાનો અંશ છે અને આગમિક પદાર્થોનો વંશ છે.

**પૂર્ણચન્દ્રસાગર સૂરિ**
ચૈત્ર વદ- ૮ /૭૩
સુરત વાડી ઉપાશ્રય

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧. | દેશના-૧ | મંગલાચરણ | ૧-૩ |
| ૨. | દેશના-૨ | અપર મંગલ અને ઉદ્દેશસૂચન | ૪-૯ |
| ૩. | દેશના-૩ | ભગવતીસૂત્રની જયકુંજર હાથી સાથે સરખામણી | ૧૦-૧૮ |
| ૪. | દેશના-૪ | ભગવતીસૂત્રની વધુ ઉપમાઓ | ૧૯-૨૯ |
| ૫. | દેશના-૫ | પ્રસ્તાવનાની સમાપ્તિ | ૩૦-૩૮ |
| ૬. | દેશના-૬ | વિઆહપણ્ણત્તિ નો અર્થ | ૩૯-૪૫ |
| ૭. | દેશના-૭ | વિઆહપણ્ણત્તિ નો અર્થ(ચાલુ) | ૪૬-૫૫ |
| ૮. | દેશના-૮ | વિઆહપણ્ણત્તિ બીજા અર્થો | ૫૬-૬૪ |
| ૯. | દેશના-૯ | વિઆહપણ્ણત્તિ ના અર્થની સમાપ્તિ અને મંગળ વગેરેના કથનની જરૂર | ૬૫-૭૩ |
| ૧૦. | દેશના-૧૦ | ભાવમંગળની જરૂર | ૭૪-૮૩ |
| ૧૧. | દેશના-૧૧ | ભાવમંગળ સંબંધી વિચારણા | ૮૪-૯૪ |
| ૧૨. | દેશના-૧૨ | પંચપરમેષ્ઠિના નમસ્કારનો મહિમા | ૯૫-૧૦૫ |
| ૧૩. | દેશન-૧૩ | "નમ:" નિપાતનો અર્થ | ૧૦૬-૧૧૪ |
| ૧૪. | દેશના-૧૪ | અરિહંત શબ્દનો ભાવાર્થ | ૧૧૫-૧૨૨ |
| ૧૫. | દેશના-૧૫ | અરિહંતનો મહિમા | ૧૨૩-૧૩૭ |
| ૧૬. | દેશના-૧૬ | અરિહંત સંબંધી વિશેષ વિચાર | ૧૩૮-૧૫૦ |
| ૧૭. | દેશના-૧૭ | 'नमो सिद्धाणं' પદની સાર્થકતા | ૧૫૧-૧૬૪ |

| | | | |
|---|---|---|---|
| ૧૮. | દેશના-૧૮ | સિદ્ધો સંબંધી વિચારણા | ૧૬૫-૧૭૮ |
| ૧૯. | દેશના-૧૯ | સિદ્ધો સંબંધી વિશેષ વિચારણા | ૧૭૯-૧૯૩ |
| ૨૦. | દેશના-૨૦ | સિદ્ધપદની વ્યાખ્યાની પૂર્ણાહુતી | ૧૯૪-૨૦૭ |
| ૨૧. | દેશના-૨૧ | આચાર્ય પદ સેવ્ય કેવી રીતે ? | ૨૦૮-૨૨૩ |
| ૨૨. | દેશના-૨૨ | આચાર્ય પદની સમજુતી | ૨૨૪-૨૩૩ |
| ૨૩. | દેશના-૨૩ | આચાર્ય પદની વ્યાખ્યાની પૂર્ણાહુતી | ૨૩૪-૨૪૯ |
| ૨૪. | દેશના-૨૪ | ઉપાધ્યાય પદનો વિચાર | ૨૫૦-૨૬૦ |
| ૨૫. | દેશના-૨૫ | ઉપાધ્યાય પદની વ્યાખ્યા (ચાલુ) | ૨૬૧-૨૬૭ |
| ૨૬. | દેશના-૨૬ | ઉપાધ્યાય પદની વ્યાખ્યાની પૂર્ણાહુતિ | ૨૬૮-૨૮૧ |
| ૨૭. | દેશના-૨૭ | સાધુપદની વ્યાખ્યા | ૨૮૨-૨૯૩ |
| ૨૮. | દેશના-૨૮ | સાધુપદની વ્યાખ્યા(ચાલુ) | ૨૯૪-૩૦૬ |
| ૨૯. | દેશના-૨૯ | સાધુપદની વ્યાખ્યા (ચાલુ) | ૩૦૭-૩૧૭ |
| ૩૦. | દેશના-૩૦ | સાધુપદની વ્યાખ્યા(ચાલુ) | ૩૧૮-૩૨૭ |
| ૩૧. | દેશના-૩૧ | સાધુપદની વ્યાખ્યા(ચાલુ) | ૩૨૮-૩૩૭ |
| ૩૨. | દેશના-૩૨ | સાધુપદની વ્યાખ્યા(ચાલુ) | ૩૩૮-૩૪૯ |
| ૩૩. | દેશના-૩૩ | પાંચે પદોની વ્યવસ્થાની વિચારણા | ૩૫૦-૩૫૯ |

# આગમોદ્ધારક

# શ્રી ભગવતી
# દેશના
# સમુચ્ચય

## ભાગ -૧

न भवति धर्मः श्रोतुः

सर्वस्यैकान्ततो हितश्रवणात् ।

ब्रुवतोऽनुग्रहबुद्ध्या

वक्तुस्त्वेकान्ततो भवति ।।

- श्री उमास्वातिवाचक

હિતકારક વાણી સાંભળવાથી, બધા સાંભળનારને નિશ્ચિતપણે ધર્મ થાય જ, એવું નથી; પણ પરોપકાર બુદ્ધિથી કહેનાર વક્તાને તો અચૂક રીતે ધર્મ થાય જ છે.

- શ્રી ઉમાસ્વાતિવાચક

# દેશના - ૧
# મંગલાચરણ

सर्वज्ञमीश्वरमनन्तसंगमग्रय
सार्वीयमस्मरमनी शमनीहमिद्धम् ।
सिद्धं शिवं शिवकरं करणव्यपेतं
श्रीमज्जिनं जितरिपुं प्रयत: प्रणामि ।।

પંચમાંગ શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ - ભગવતી - સૂત્રની વ્યાખ્યાનું મંગલાચરણ કરતાં, નવાંગીવૃત્તિકાર શ્રી અભયદેવસૂરિજી મહારાજે શ્રી જિનેશ્વરની સ્તુતિ કરવા સાથે તેમને નમસ્કાર કરવા માટે ઉપર પ્રમાણે શ્લોક રચ્યો છે. તેમાં પરમાત્માનું સ્વરૂપ દર્શાવતાં જે વિવિધ વિશેષણો મૂક્યાં છે તેનો ભાવાર્થ આ પ્રમાણે સમજવો :-

**સર્વજ્ઞનો મહિમા** - સૌથી પ્રથમ જગતમાં જ્ઞાનની જરૂર છે. કોઈ પણ વ્યક્તિ કોઈ પણ પદાર્થનું નિરૂપણ કરનાર ક્યારે કહેવાય ? પહેલાં એ પદાર્થને યથાસ્થિથ રૂપે જાણે ત્યારે; એટલે કે જાણીને પછી જ નિરૂપણ કરનાર બની શકાય. નહીંતર આંધળાની ઈંટ સરખા ગણાય. તેથી લોક-અલોક, રૂપી-અરૂપી સમસ્ત પદાર્થોને જાણીને નિરૂપણ કરનાર જ સાચું કહી શકે. તો હવે મોટો ગુણ ક્યો? સર્વજ્ઞપણું. એ મહાગુણ જિનેશ્વરદેવમાં છે એથી તેમને નમસ્કાર કર્યો. શાસ્ત્રકારે 'सर्वे जानातीति सर्वज्ञः ' રૂપી - અરૂપી, અતીત-અનાગત આદિને જાણનાર સર્વજ્ઞને નમસ્કાર કર્યો. 'योगाद्रूढिः बलीयसी '[1] એ ન્યાયે જિનેશ્વર તરીકે ઋષભાદિ તીર્થંકરોનાં નામ જ સમજવાં; ' સર્વજ્ઞ' એ નામ મહાદેવનું

---

૧. આનું તાત્પર્ય એ છે કે, યૌગિક રીતે - એટલે કે શબ્દની વ્યુત્પત્તિની દૃષ્ટિ - એક શબ્દ ગમે તે અર્થમાં ગમે તે અર્થમાં યોજી શકાતો હોય, છતાં જનસમૂહમાં જે અર્થને - જે વસ્તુને દર્શાવવા માટે એ શબ્દ પ્રચલિત બન્યો હોય - રૂઢ થઈ ગયો હોય - એ અર્થને જ એ શબ્દ મુખ્યપણે દ્યોતિત કરે છે.

પણ છે. પણ અહીં તો સર્વજ્ઞત્વગુણવિશિષ્ટ 'જિન' કહ્યા છે. એટલે હું કેવા સર્વજ્ઞ જિનને નમસ્કાર કરું છું? **ઈશ્વર** - એટલે જેઓ અબાધિતપણે શાસન કરે છે.

**જિનનાં બીજા વિશેષણો** - વળી કેવા ? **અનંત**-જેઓ અનંતકાળ સ્થાયી એવા જ્ઞાન, દર્શન, વીતરાગપણાને, સુખવીર્યને પામેલા છે. તેવા તીર્થંકર ભગવાનને નમસ્કાર કરું છું. 'સર્વજ્ઞ' શબ્દથી મહાદેવજી આવે તો પછી વિષ્ણુ કેમ બાકી રહે ? એટલે તે પણ આવ્યાઃ ' અનંત' એવું નામ વિષ્ણનું છે. પણ એ બેને અહીં શું લેવા-દેવા? એ સૂચવવા શાસ્ત્રકારે 'અસંગ' વિશેષણ યોજ્યું. મહાદેવમાં કે વિષ્ણુમાં મોહજાળમાંથી નીકળેલા કોણ ? જેમનામાં બાહ્ય અભ્યંતર કોઈ જાતનો પરિગ્રહ ન હોય, મિથ્યાત્વ કે કષાય ન હોય, જેમણે કુટુંબ કબીલાદિક વોસરાવ્યા હોય તેવા કોણ ? **અસંગ** - સંગ રહિત, કોઈ પણ પ્રકારના અભ્યંતર કે બાહ્ય સંયોગથી લેપાયેલા ન હોય તે જ સાચા અસંગ. આવું અસંગપણું જિનમાં જ છે.

**પ્રશ્ન** : સામાન્ય કેવળીઓ સર્વજ્ઞ ખરા કે નહિ ?

**ઉત્તર** : હા.તેઓ પણ સર્વજ્ઞ ખરા જ.

**પ્રશ્ન** : સામાન્ય કેવળીઓ અસંગ ખરા કે નહિ ?

**ઉત્તર** : હા. સર્વજ્ઞપણું અસંગપણાને લઈને જ મળે છે. ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ એવી તીર્થંકર પદવીથી ચઢીયાતી કોઈ પદવી નથી. આ પદવીથી વિભૂષિત માત્ર જિનેશ્વર ભગવાનો જ છે. અને તેઓ સર્વજ્ઞ, અનંત, અસંગ, ઉત્કૃષ્ટ છે; આવા ગુણ વિશિષ્ટ શ્રી જિનેશ્વર મહારાજને નમસ્કાર કરૂં છું.

**સાર્વીય** - સામાન્ય નિયમ એ કે '**खुद जो स्वादु चीज खावे वह दूसरे को खिलावे.**' પોતે એકલો દૂધપાક ખાઈ રસ લૂંટે એમાં શું મજા ? બીજો દૂધપાકને ફક્કડ કહે તો જ સાચો રસ કહેવાય. પોતે આત્માની ઋદ્ધિ મેળવવા છતાં બીજાને એ ઋદ્ધિ મેળવાવે નહીં તો સ્વાર્થી ગણાય.

માટે જિનેશ્વર સાર્વીય -સર્વ જીવોનું હિત કરનારા- તારાનાર છે.

**અસ્મર** - એક વાત ધ્યાનમાં રાખવી કે અપ્રમત્ત ગુણઠાણેથી છેક ૧૧મે ગુણઠાણે ચડેલા એવા પણ જો મોહનીના સપાટામાં આવી જાય તો અનંતો સંસાર રખડે ત્યાં સુધી પત્તો ન લાગે. જેને મોહનીય માંહેલો કંઈ પણ દોષ નથી એવો જિનેશ્વર છે.

**અનીશ** - છએ ખંડ જીતી આવે છતાં સેનાપતિ પ્રભુ નથી; એ તો ચક્રવર્તીનો આધીન સેવક છે. તે જ રીતે ગણધર સર્વજ્ઞપણું પામે, તેમનામાં આ બધી ઋદ્ધિ આવે, સર્વજ્ઞાદિ બધાં વિશેષણ આવે, છતાં ગણધરો એટલે તીર્થંકરોના સેવકો. સર્વજ્ઞત્વાદિ ગુણોવાળા હોવા સાથે જેમનો કોઈ માલિક ન હોય તેવા આત્માઓને નમસ્કાર કરું છું.

**અનીહ**- કર્મોને જીતવા, તેમાં પ્રથમ પોતાનું થોડું કરી લે તેવા નહિ. જિનેશ્વરને કોઈ પણ પ્રકારની ઈચ્છા નથી. એમને નથી લૌકિક કે નથી લોકોત્તર ઈચ્છા. સંપૂર્ણ જ્ઞાનાદિ પ્રાપ્ત થઈ જવાને કારણે તેઓ કૃતકૃત્ય થયા છે, જેથી કશું મેળવવાનું રહેતું નથી.

**ઈદ્ધ (તેજસ્વી)** - સંપૂર્ણ ઘાતી કર્મનો નાશ કરેલો હોવાથી તેઓ દેદીપ્યમાન છે.

**સિદ્ધ** - જે તીર્થંકરો અવશ્ય સિદ્ધિ એટલે કે મોક્ષ પામવાના છે, એટલે કે સિદ્ધ થવાના છે; મોક્ષ સિવાય એમની બીજી ગતિ થવાની નથી.

**શિવ, શિવકર** - જેઓ ઉપદ્રવ રહિત છે અને આખા જગતના જીવોને ઉપદ્રવ રહિત કરનાર છે.

આવાં વિશેષણોથી - ગુણોથી - યુક્ત નિરંજન, નિરાકાર, જ્યોતિસ્વરૂપ, સચ્ચિદાનંદ, કર્મશત્રુને જીતનારા એવા તીર્થંકર ભગવાનને મન વચને કાયાના ઉપયોગવાળો થઈને, તેમના ગુણના બહુમાનથી ખેંચાયેલો-દોરાયેલો એવો હું નમસ્કાર કરું છું.

આ રીતે ભગવતીસૂત્રની ટીકાના પ્રારંભમાં અભયદેવસૂરિજી મહારાજે મંગલાચરણ કર્યું.

# દેશના - ૨
## અપર મંગલ અને ઉદ્દેશસૂચન

**नत्वा श्रीवर्धमानाय श्रीमते च सुधर्मणे ।**
**सर्वानुयोगवृद्धेभ्यो वाण्यै सर्वविदस्तथा ।।**
**एतट्टीका-चूर्णीजीवाभिगमादिवृत्तिलेशांश्च ।**
**संयोज्य पञ्चामाङ्गं विवृणोमि विशेषतः किञ्चित्**
**(युग्मम्)**

સામાન્ય રીતે ઉત્તમ પુરુષોનો આચાર છે કે, મંગલિક કાર્યો શરૂ કરતાં પહેલાં ઈષ્ટ -સિદ્ધિ માટે અને વિઘ્ન-નાશ માટે પર અને અપર ગુરુના સ્મરણરૂપ મંગળ કરવું જોઈએ. આ નિયમ મુજબ શાસ્ત્રકાર મહારાજા શ્રી અભયદેવસૂરિજીએ સૌથી પ્રથમ પર ગુરુ રૂપ સર્વ તીર્થંકરોને સામાન્ય નમસ્કાર કર્યો. આ રીતે ગુણની અપેક્ષાએ સર્વ તીર્થંકરોને નમસ્કાર કર્યો, પણ પોતાને ઉપકારી તીર્થંકરની વિશિષ્ટતા ન સમજે તો ઉપકારીનો ગુણ સમજ્યો ન ગણાય. માટે બીજા શ્લોક વડે શ્રી વર્ધમાનસ્વામી વગેરેનું સ્મરણ કર્યું. **'વર્ધમાન અને મહાવીરનો ભાવાર્થ'**.

'વર્ધમાન' અને ' મહાવીર ' એ બે નામનું રહસ્ય શું ? એ બે નામો અનુક્રમે પ્રારબ્ધ અને પુરુષાર્થનું સૂચન કરે છે. આ કેવી રીતે ? કેટલીક વખત નસીબ કરે તે ઉદ્યમથી થતું નથી, અને કોઈ વાર પુરુષાર્થ પોતાનો પ્રભાવ પાડી જાય છે. આ રીતે જોતાં ' મહાવીર ' નામ પ્રભુના ઉદ્યમ- પરાક્રમને લઈને હતું. દેવતાઓના ઉપસર્ગમાં પ્રભુ અચલ રહ્યા, તેથી દેવતાઓએ શ્રમણ ભગવાન ' મહાવીર ' નામ કર્યું : '' **समणे भगवं महावीरे** '' એ નામ પોતાના પરાક્રમનું છે. પરંતુ વર્ધમાન નામ તો ભાગ્યનું છે. તે કેવી રીતે ? મહાવીર મહારાજા ગર્ભે આવ્યા તે વખતથી સિદ્ધાર્થ રાજાનું કુળ ધનધાન્યથી, સમૃદ્ધિથી, રાજથી, અંતેઉરથી એમ

બધી રીતે વધવા માંડયું.

**પ્રશ્ન** :- ગર્ભમાં રહેલો જીવ ધન રાજ્યાદિકની વૃદ્ધિ શી રીતે કરે ?

**ઉત્તર** :- તેના જબરજસ્ત નસીબથી આખું કુળ ઋદ્ધિ સમૃદ્ધિ પામે છે.

કુટુંબની વૃદ્ધિના જસવાદથી વર્ધમાન નામ પડ્યું. ભાગ્યથી તે નામ છે. ભાગ્યને અનુસરીને થયેલું વર્ધમાન નામ. તે નામ શાસ્ત્રકારોએ પણ ''पासं तह वद्धमाणम् '' કહીને કબૂલ કર્યુ છે. બાહ્ય લક્ષ્મી - ચોત્રીશ અતિશય રૂપ, અંતરંગ લક્ષ્મી-કેવળજ્ઞાનાદિક રૂપ; એ લક્ષ્મીથી યુક્ત એવા તે મારા ઉપકારી પરમ ગુરુ છે. તેમને નમસ્કાર કરું છું. આમ શ્રી વર્ધમાનસ્વામીને દ્વાદશાંગીનું પ્રરૂપણ કરનાર તરીકે નમસ્કાર કર્યો.

**શ્રી સુધર્માસ્વામીનો ઉપકાર**

પણ શાસ્ત્ર ગૂંથ્યું કોણે ? ગણધર શ્રી સુધર્માસ્વામીએ એ શાસ્ત્ર ગૂંથ્યું ન હતે તો આપણે બેનસીબ રહેતે. સુધર્માસ્વામીએ રચના કરી તેના પ્રતાપે આપણને મળ્યું. અહેવાલ ન આવે ત્યાં સુધી નહીં સાંભળનારને એ પ્રવચનનો રસ ન મળે. દેશના ભગવાને દીધી, પણ સુધર્માસ્વામીએ દ્વાદશાંગી ગૂંથી ન હતે તો આપણને પ્રભુની એ અમૃતવાણી મળી ન શકતે. એ વાણી ટકી તે સુધર્માસ્વામીના પ્રતાપે જ. अत्थं भासइ अरहा, सुत्तं गंथंति गणहरा निउणं । તીર્થકરો અર્થનુ નિરૂપણ કરે. ગણધર મહારાજા એ જ અર્થને સૂત્રથી ગૂંથે છે. તેથી જ આપણે તે મેળવવાને ભાગ્યશાળી બન્યા. શ્રી સુધર્માસ્વામી કેવા ? શ્રી યુક્ત, ઈન્દ્રપૂજાદિક લક્ષ્મી, જ્ઞાનાદિક લક્ષ્મી - એ લક્ષ્મીથી યુક્ત. મતિ શ્રુતજ્ઞાનમાં ઉત્કૃષ્ટ હોય તો ગણધરો; બીજા બધા તેનાથી અનંત - ભાગ - ગુણહીન હોય. ઉત્કૃષ્ટ મતિ શ્રુત જ્ઞાન રૂપ જેમને છે, ગણધર પદવી જેમને છે તેવા સુધર્માસ્વામીને નમસ્કાર કરું છું. આ રીતે આસન્ન ઉપકારી, શાસનના માલિક, શાસન પ્રવર્તાવનાર, દ્વાદશાંગી રચનાર શ્રી

સુધર્માસ્વામીને નમસ્કાર કર્યો. તેમના શરીરના પ્રતાપથી નમસ્કાર નથી, દેશનાના પ્રતાપે નમસ્કાર કર્યો છે.

### જિનવાણીની વિશિષ્ટતા

એક ઉપમાથી આ વાત જોઈ એ: ભગવાન મહાવીર તે મહારાજા એટલે વરના બાપના સ્થાને સુધર્માસ્વામી તે જાનૈયા એટલે વરના બાપ અને વર બન્નેની શોભા વધારનાર; અને વરરાજા તે પ્રભુની દેશનાની વાણી; જીવાદિક તત્ત્વોની દેશના રૂપ દ્વાદશાંગીની વાણી તે વરરાજા, માર્ગ પ્રવર્તાવ્યો તેથી જાનૈયારૂપ ગણધર શ્રી સુધર્માસ્વામીને નમસ્કાર કર્યો, તો પછી ખુદ વરરાજાને કેમ કરી ભૂલી શકાય? તેથી જેમ શ્રી વર્ધમાનસ્વામીને અને સુધર્માસ્વામીને નમસ્કાર કર્યો તેવી રીતે સર્વજ્ઞની વાણીને પણ નમસ્કાર કર્યો.

મહાવીર મહારાજમાં ભ્રમ પડવાનું કારણ ન હતું, ગણધર મહારાજાને નમસ્કાર કર્યો તેમાં ભ્રમ પડવાનું કારણ ન હતું; કારણ બીજા સુધર્માસ્વામી નથી. પરંતુ વાણીમાં ભ્રમ પડવાનું કારણ છે. કારણ કે બે ઈન્દ્રીયથી માંડી બધી જાતિમાં વાણી છે. અસંજ્ઞી પંચેન્દ્રીયમાં ભાષા-પર્યાપ્તિ, વચનયોગ છે. ચારે ગતિમાં વચનયોગ, ભાષા પર્યાપ્તિ રહેલી છે. તો કઈ વાણીને નમસ્કાર? વચનનો વ્યવહાર, શાસ્ત્રો, ગ્રંથો, પુસ્તકો એકલાં જૈનના રજીસ્ટર થયેલાં નથી. દુનિયામાં વ્યવહારવાળાને દરેકને શાસ્ત્રો છે. નામા માટે હિસાબો છે, તેમ જુદી જુદી વિદ્યાઓ કે કળાઓનાં જુદાં જુદાં શાસ્ત્રો છે. પણ અહીં મુખ્ય વિચાર એ છે કે ક્યાં શાસ્ત્ર નિર્જરાનું કારણ? ક્યાં શાસ્ત્ર આત્માના ઉદ્ધારનું કારણ? આનો જવાબ નક્કી છે: સર્વજ્ઞ મહારાજનાં શાસ્ત્રો કલ્યાણ કરનાર, આત્માનો ઉદ્ધાર કરનાર છે. એટલે તે વાણીને નમસ્કાર કરું છું.

આ રીતે વાણીને બોલનાર મહાવીર મહારાજા, તેને સૂત્રરૂપે ગૂંથનાર સુધર્માસ્વામી, અને વાણી પોતે - એ ત્રણેને નમસ્કાર કર્યા.

**ગુરુ પરંપરાનો ઉપકાર : વડીલોના સન્માનની જરૂર**

હવે આચાર્યોની પરંપરા ન હતે, અને એ પરંપરાએ કાળના પ્રવાહમાંથી સુરક્ષિત રાખીને એ શાસ્ત્ર આપણને ન દીધું હતે તો એ આપણને ક્યાંથી મળતે ? આપણા ઉપર મહાવીરસ્વામી અને વાણીનો ઉપકાર છે એ ખરું, પણ આચાર્યોની પરંપરા હતી તો આપણને તે શાસ્ત્રો, એ વચનો મળી શક્યાં. સુધર્માસ્વામીને શિષ્ય ન હતે તો - યાવત્ આપણા ગુરુ પણ થયા ન હતે તો - આપણી શી દશા થતે ? આપણા વૃદ્ધ ગુરુમહારાજા દ્વારા દેવસૂરિ સરખા કહે છે કે, શાસ્ત્રને મૂળથી સમજાવવા, અર્થથી સમજાવવા તેનું નામ અનુયોગ. તે અનુયોગ કરનારા આપણા બુઝુર્ગો. આજે તો, ઘરડા એટલે જુના એટલે નકામા, ઘરડાની અક્કલ મારી ગઈ છે, તેવું કહેનારા નીકળે છે. જ્યારે અભયદેવસૂરિ સર્વ સૂત્ર- અર્થની વ્યાખ્યા કરનારા, પરંપરાથી એને લાવનારા એવા વૃદ્ધો, ગુરુ, દાદાગુરુઓ, પર પરંપરાને માને છે. તેમનું બહુમાન કરે છે, તેમને નમસ્કાર કરે છે. ઘરડા એટલે ગત (ગયેલા) તેવું ગણનારાઓની અહીં શી દશા ? ઘરડા ભૂલ્યા, ઘરડાઓએ જુઠું કર્યું, ઘરડાનું કહેલું શી રીતે ભરોસાપાત્ર ગણાય, એમ કહેનારને શાસ્ત્રકાર મહારાજે આથી જવાબ આપ્યો કે ‘सर्वानुयोगवृद्धेभ्यः ’ સર્વ અનુયોગના વૃદ્ધોને - વ્યાખ્યા સૂત્ર, અર્થને દેનારાને - નમસ્કાર કરૂં છું.

આ રીતે શાસ્ત્રકાર ભગવંતે ભગવાન મહાવીર મહારાજાને, સુધર્માસ્વામીને, વાણીને, સર્વ વૃદ્ધ ગુરુઓને નમસ્કારનું ચોકઠું કર્યું, ચારેને નમસ્કાર કર્યો. અહીં ‘सर्व’ શબ્દ શાથી મૂક્યો ? સર્વ શબ્દ મેલીને તેઓ જણાવે છે કે, ફલાણા મારા ઉપકારી, અમુક નહીં, તેમ નહીં; જે કોઈ અનુયોગ કરનારા હોય તે સર્વને સરખી રીતે નમસ્કાર કરવાનો.

**બીજીના બદલે ચતુર્થી વિભક્તિ કેમ ?**

**પ્રશ્ન :** ‘**नत्वा** ’ કહો છો તે કરતાં ‘**नमामि** ’ કહો તો શું હરકત ?

**ઉત્તર** :- અહીં એકલો નમસ્કાર નથી કરવો, પણ નમસ્કાર કરીને બીજુ કંઈક કરવું છે તે જણાવવા માટે नत्वा શબ્દ મૂક્યો છે.

**પ્રશ્ન** :- વ્યાકરણ જાણનારો સહેજે કહેશે કે, અહીં '**वर्धमानाय**' થવું જોઈએ. नत्वा સબંધક ભૂતકૃદંતનો ઉપયોગ કરવા છતાં '**वर्धमानाय**' કહી ચતુર્થી કરો છો; પણ કૃદંત ના ઉપયોગ વખતે કર્મમાં દ્વિતીયા વિભક્તિ આવવી જોઈએ. તો આ જગો પર ચતુર્થી કેમ બનાવી?

**ઉત્તર** :- કર્મયોગ ચતુર્થી થવી જોઈએ, कर्माभिप्रेयं संप्रदानम् - જેને ફળ આપવાની બુદ્ધિ હોય તેવી ક્રિયા કરવામાં આવે ત્યાં કર્મમાં ચતુર્થી થાય. તે માટે જેમ બીજી જગો પર 'नत्वा गुरुभ्यः श्रुतदेवतायै' તેમ અહીં પણ ચતુર્થી કરી છે,

**પ્રશ્ન** :- પણ આ પ્રયોગ વ્યાકરણશાસ્ત્રસિદ્ધ તો નહીં ને? અનુકરણ કરાય તેને શાસ્ત્રથી બહાર ગણે છે. તો પછી नत्वा કહીને ચતુર્થી કેમ કરી?

**ઉત્તર** :- મારા નમસ્કારથી ઉત્કૃષ્ટતાનું ફળ તે ભગવાન મહાવીર મહારાજને લાગુ થાવ; ઉત્તમપણું સુધર્માસ્વામીને, વાણીને અનુયોગવૃદ્ધોને લાગુ થાવ. એટલે જ્યારે નમસ્કારનું ફળ કર્મમાં લાગુ કરવું હોય ત્યારે ચતુર્થી કરવામાં આવે.

**પ્રાચીન ટીકા-ચૂર્ણીનું અસ્તિત્વ**

**एतट्टीकाचूर्णी॰** સામાન્યથી બધાને નમસ્કાર કર્યો; એટલા માટે કે નિર્વિઘ્ને સમાપ્તિ થાય. મંગલાચરણ તેટલા જ માટે કર્યું. વણકર કપડાં વણે છે, તે શું કરે છે? તાંતણાને ઊભા અને આડા -આમ ને તેમ ગોઠવે છે. રસોઈ કરનારો પાણી ઊનું મેલે, અનાજ મસાલો નાખે. પણ નવું શું કરે છે? સંસ્કાર કર્યો એ જ ખરું કર્યું. તેમ હું પણ નવું કરતો નથી. આ ભગવતીજીની પ્રથમ ટીકા અને ચૂર્ણી છે, તેમાંથી કેટલાંક વાક્યો લઈને; જીવાભિગમ આદિ (-आदि થી પન્નવણા - ) સૂત્રોની ટીકાઓ, એટલે કે

ભગવતીજી, જીવાભિગમ, પન્નવણાની જુની ટીકા મોજુદ હોવાને લીધે આખી ટીકા ચૂર્ણી નહીં પણ **लेशांश्च** એટલે એમાંના ઉપયોગી ભાગોને - એમ દરેકના જરૂરી ભાગો લઈને એ બધાને જોડીને - સંકલિત કરીને હું આચારાંગાદિ ચાર અંગો પછીના ભગવતીજી નામે પાંચમા અંગને **विवृणोमि** - તેનું વિવરણ કરીશ. આ પંચમાંગનું નામ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ છે. પદાર્થના નિરૂપણને અંગે નંદી-સમવાયાંગ - સૂત્રકારે આનું નામ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ રાખ્યું છે. શાસ્ત્રકારનો કહેવાનો મુદ્દો એ છે કે ભગવતીજીની જે જુની ટીકા, ચૂર્ણી, જીવાભિગમ, પન્નવણા વગેરેમાં કહેલાં વિવરણો, એ બધાંને એકઠાં કરી પાંચમાં અંગની વૃત્તિ -વિવેચન કહીશ.

**પ્રશ્ન** :- વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ નામ કહ્યું, પછી ભગવતીજી નામ ક્યાંથી કાઢયું ?

**ઉત્તર** :- ભગવાન ગૌતમસ્વામીના નામે થયેલા પ્રશ્નોત્તરો સંગ્રાહાયા તે ફક્ત ભગવતીજીમાં જ. આ ગ્રંથમાં ગૌતમસ્વામીના છત્રીસ હજાર પ્રશ્નોનો ઉલ્લેખ મળે છે. સંગ્રામ સોનીએ અકેક પ્રશ્ને એક એક સોના મહોર મૂકીને કુલ ૩૬ હજાર સોનામહોર મૂકી. તેથી કલ્પસૂત્રની સોનેરી પ્રતો કરાવી, તેથી પૂજ્યતાને અંગે ભગવતીજી કહેવાયું છે. એવા પાંચમા અંગની હું વ્યાખ્યા કરું છું.

**પ્રશ્ન** : - ચાર અંગ એમ ને એમ રાખી પાંચમા અંગની વ્યાખ્યામાં કૂદકો માર્યો કે શું ?

**ઉત્તર** :- અભયદેવસૂરીજી કહે છેકે, ઠાણાંગ, સમવાયાંગની * વ્યાખ્યા કરી લીધી હોવાથી હવે પાંચમાં અંગનો અવસર આવ્યો છે.

* આચારાંગ અને સૂયગડંગ -એ પહેલાં બે અંગોની વ્યાખ્યા શ્રી અભયદેવસૂરિએ રચી નથી. એ બે અંગ સૂત્રોની વ્યાખ્યાઓ શ્રી શીલાંકાચાર્યે રચી છે.

# દેશના - 3
## ભગવતી સૂત્રની જયકુંજર હાથી સાથે સરખામણી

જે સૂત્રનું વિવાહપન્નત્તિ એવું પણ નામ છે તે સૂત્રકેવું છે ? તેને કોની કોની ઉપમા ઘટે છે ? તે અંગે વિવેચન કરતાં શ્રી અભયદેવસૂરિજી મહારાજ કહે છે કે-

समुन्नतजयञ्जरस्येव - જેમ રાજ્યમાં હાથી, ઘોડા, ઊંટ હોય છતાં ખરેખરી શોભા હાથીથી છે, તેમ મોટું પ્રમાણ હોવાને લીધે ભગવતીસૂત્ર બધા સૂત્રમાં હસ્તી સમાન છે. હાથીઓમાં તો કોઈ અપલખણા પણ હોય ! તેથી કહ્યું, જેમ જયકુંજર રાજ્યનો મોટો હાથી, તેની પેઠે સર્વ સૂત્રોમાં મોટું અને સલક્ષણ આ સૂત્ર છે. જયકુંજર નામનો હાથી જબરજસ્ત હોય છે. તેની બાળ કે વૃદ્ધ અવસ્થા નથી લેતા. એટલે જુવાન અવસ્થામાં આવેલા જયકુંજર હાથીની જે દશા હતી, તે દશા ભગવતીસૂત્રની છે. સૈન્યોને જીતવામાં, શત્રુને ભગાડવામાં, રાજ્યનું રક્ષણ કરવાની શક્તિ દાખવવામાં જયકુંજર હાથીનો જેટલો ભાગ છે તેટલો જ ફાળો ભગવતીજીનો શાસનમાં - શાસનના રક્ષણમાં છે. આ વિશેષણથી આ ગ્રંથનું ગૌરવ દ્યોતિત થાય છે. આ પછી એના એકેએક અંગની સાથે આ સૂત્રની સરખામણી કરી છે.

**સૂત્રબોધનો ક્રમ**

વળી એ સૂત્ર કેવું છે - એ સૂત્રરૂપી હાથી કેવો છે? 'ललितपदपद्धतिप्रबुद्धजनमनोरञ्जकस्य' સૂત્રોમાં બોધ કરવો હોય તેણે ઉદ્દેશા અને અધ્યયનનો બોધ કરવો જોઈએ; પછી આખા સૂત્રનો બોધ

થાય. વાક્યો ક્યારે સમજાય? પદો સમજાય ત્યારે. વાક્યાર્થનું જ્ઞાન ક્યારે બને ? પદાર્થજ્ઞાન થાય ત્યારે. પદના અર્થો ન જણાય ત્યાં સુધી વાક્યના અર્થ ન જણાય. 'દેવદત્ત આવ્યો' એમ સાંભળવા કે વાંચવામાત્રથી કામ ન સરે. દેવદત્ત કોણ ? આવ્યાનો શો અર્થ ? એ ન જણાય તો વાક્યનો અર્થ ક્યાંથી જણાય? પદનું જ્ઞાન થાય ત્યારે જ વાક્યનો અર્થ સમજાય. અનિષ્ટ ઈષ્ટ બે પ્રકારનાં પદ હોય. તેથી 'મનોહર' પદ કહ્યું. હાથીની ચાલે ડગલે ડગલે મનોહરતા હોય, તેમ ભગવતીસૂત્રમાં પદેપદે મનોહરતા ભરી છે. ડગલાંની શ્રેણી ચાલે ત્યાં સમજુનું મન ખુશખુશ થઈ જાય છે. સૈન્યનાં લક્ષણને જાણનારનાં મન આવા હાથીની ચાલ જોઈ ખુશ ખુશ થાય તેમ ભગવતીસૂત્રરૂપી હાથી માટે સમજવું. આ સૂત્રરૂપી હાથીનાં નામ કે ક્રિયાપદનાં પદો એવી રીતે ગોઠવાયેલાં છે કે જેથી વિદ્વાન અને સમજદાર મનુષ્યના મનને ખુશીપો થઈ જ જાય છે.

**સેચનક હાથીની વાત**

ચાલમાં ભલે મનોહર હોય, છતાં લાડીવાડીના નીવડે વખાણ! ચાહે એવાં મનોહર પદો ગોઠવવામાં આવ્યાં હોય, પણ હાથી કાયર હોય, બંદૂકના ઘડાકા સાથે ઊભી પૂંછડીએ ચાલ્યો જનારો હોય તો? સૂત્રોમાં પદો તો મનોહર મૂકેલાં છે, પણ બધાં એક જ જાતનાં હોય તો? તે માટે એ સૂત્રરૂપી હાથી વળી કેવો છે તે કહે : **उपसर्गनिपाताऽव्ययस्वरूपस्य** - ઉપસર્ગ એટલે ઉપદ્રવો અને નિપાત એટલે આવી પડવું. ઉપદ્રવના પ્રસંગે પણ જેના સ્વરૂપમાં લગીર પણ ફેરફાર થતો નથી એવો. ચેડા મહારાજાની કથા અહીં યાદ કરવા જેવી છે. શ્રેણિક મહારાજાએ હલ્લ વિહલ્લને જે સેચનક નામે હાથી આપ્યો હતો તે એવો જબરજસ્ત હતો કે એ હાથીના પ્રતાપે કોણિકના આખા સૈન્યને હલ્લ વિહલ્લ ઉપદ્રવ કરતા હતા. એ જોઈને કોણિક વિચારે છે કે હવે શો ઉપાય કરવો? હાથી અગાઉથી ચેતી જાય છે. કોણિકના પ્રધાને કહ્યું કે

એક રસ્તો છે. ખાઈ ખોદી તેમાં અંગારા ભરો અને ઉપર માટી નાખી ઢાંકી દ્યો; હાથી છેતરાઈ ને એમાં પડશે એટલે ઉપાધિ ટળશે. પ્રધાનોની સલાહથી કોણિકે ખાઈ ખોદી, તેમાં અંગારા ભર્યા, જ્યાં હલ્લ વિહલ્લ હાથી લઈને આવે છે ત્યાં હાથી એકદમ અટકીને ઊભો રહ્યો છે - કોઈ ઉપાયે એ ચાલે જ નહિ. હલ્લ વિહલ્લ કહે છે કે, તારે લીધે રાજ્ય કુટુંબ છોડ્યું, ચેડા મહારાજાની આ સ્થિતિ થઈ, અને અત્યારે તું આવો નીવડે છે? સમજુ હાથી હલ્લ વિહલ્લને નીચે ઉતારી આગળ ચાલ્યો, એટલે તરત માટી દબાઈ ગઈ. પોતાના સ્વામીને બચાવી તેણે પોતાના પ્રાણ તજ્યા. આવા આવા હાથીઓ આવાં કાર્ય કરનારા હોય. ઉપસર્ગો આવી પડે તોપણ તેના સ્વરૂપમાં લગીરે ફરક ન પડે. આ થઈ હાથીની વાત. હવે આ બાજુ સૂત્રને અંગે વિચારીએ. **उपसर्गो** તે **प्र, परा** વગેરે અને **निपातो** તે **च, वा, ह** વગેરે. આ ઉપસર્ગ અને નિપાતરૂપ અવ્યયો તેમ જ ઉપસર્ગ નિપાત સિવાયના ગતિસંજ્ઞાવાળા અવ્યયો. આ ભગવતીસૂત્રનું સ્વરૂપ કયું? ઉપસર્ગ, નિપાત અને અવ્યય ત્રણે જેના સ્વરૂપ છે એવું આ ભાગ્યશાળી સૂત્ર છે.

વળી એ સૂત્ર કેવું છે? घनोदारशब्दस्य. હાથી મનોહર શબ્દવાળો હોય, તેનો ગર્જારવ બીજા જાનવરની પેઠે લૂખો ન હોય. ગધેડો મોટો શબ્દ કરે, પણ હાથીના શબ્દની મનોહરતા તેમાં કે બીજા પ્રાણીમાં આવી શકતી નથી. સજ્જડ, ઉદાર કીર્તિ જેની છે. આ ભગવતીસૂત્ર સર્વ સૂત્રોમાં સજ્જડ ઉદાર શબ્દવાળું અને કીર્તિ મેળવનારું છે.

વળી એ કેવું છે? लिङ्गविभक्तियुक्त तस्य. જેમ શબ્દની મનોહરતા તેમ હાથીના શરીરનાં અવયવોની વહેંચણી બરાબર યોગ્ય જ છે; એક અવયવ મોટું ને બીજુ નાનું તેમ નહીં. પુલ્લિંગ, સ્ત્રીલિંગ, નપુંસકલિંગ, સ્વરાંત, વ્યંજનાંત, ત્રણ લિંગો, સાત વિભક્તિ તેણે કરી સહિત એવું આ ભગવતીસૂત્ર છે.

**સુલક્ષણું સહુને ગમે**

વળી એ કેવું છે? सदाख्यातस्य, सल्लक्षणस्य देवताधिष्ठितस्य. સોનાની ખાણ-પૃથ્વીના તળિયે રહેલી સોનાની ખાણની દુનિયામાં કિંમત કેટલી? તેની પ્રસિદ્ધિ હોતી નથી. તેમ ઉત્તમ લક્ષણવાળો, મનોહર ડગલાં ભરનારો અને કીર્તિવાળો હોય છતાં જંગલમાં દ્વીપાંતરમાં હોય તો તેનો ઉપયોગ શો? ઉપયોગ વગર કિંમત શી? કીર્તિ શી ? એવો આ જયકુંજર નથી. એ તો એના જનમથી માંડી મરણ સુધી પ્રસિદ્ધિવાળો રહ્યો છે. દાખલો પણ હમેશાં જે પ્રસિદ્ધિ પામેલો હોય તેનો લેવાય. તેમ ભગવતીસૂત્રને અંગે **सन्ति शोभानानि क्रियापदानि** સુંદર ક્રિયાપદો ભગવતીસૂત્રમાં વાપરવામાં આવેલાં છે. પ્રસિદ્ધિ ઉપયોગને લીધે થઈ જાય. કોલસો ઘેર ઘેર હોય. તેની પ્રિસિદ્ધિ પણ ખરી, છતાં લક્ષણ અપલક્ષણ ખાસ જોવાય. પ્રસિદ્ધ છતાં સુલક્ષણવાળું ન હોય તો પ્રસિદ્ધિ માટે ન થાય. ઉત્તમ એવાં લક્ષણો હાથીને મળેલાં છે. મનોહર જીવાજીવાદિક પદાર્થોનાં લક્ષણોનું આ ભગવતીસૂત્રમાં નિરૂપણ છે. તેથી સુંદર લક્ષણો જેમાં નિરૂપણ કરવામાં આવ્યાં છે એવું આ ભગવતી સૂત્ર છે. કંકાવટીમાં અંગૂઠો નાખવા બધા તૈયાર થાય, મેશમાં આંગળી નાખવા કોઈ તૈયાર ન હોય; સારું સહુને ગમે છે. અરે, દેવતાઓને પણ ખરાબ ગમતું નથી. ચિંતામણિના દેરાસરના અધિષ્ઠાયક દેવ હોય, પણ ઉકરડાના અધિષ્ઠાયક કોઈ હોતા નથી. તેમ અહીં જયકુંજર હાથી એવો જબરજસ્ત છે કે દેવતા તેના અધિષ્ઠાયક થઈને રહેલા છે. તેમ ભગવતીસૂત્ર એ પણ દેવતા અધિષ્ઠિત છે; શ્રુત-શાસનદેવના જક્ષ-જક્ષણીઓથી અધિષ્ઠિત આ ભગવતી સૂત્ર છે.

વળી એ કેવું છે? 'सुवर्णमण्डितोद्देशकस्य, नानाविधाद्भुतप्रवरचरितस्य, षट्त्रिंशत्प्रश्नसहस्रप्रमाणसूत्रदेहस्य, चतुरनुयोगचरणस्य,' અહીં ભગવતીસૂત્રના ૧૦ હજાર ઉદ્દેશા છે. બીજાના એટલા ઉદ્દેશા

નથી. તે ઉદ્દેશા કેવા રૂપમાં છે? એકેક ઉદ્દેશો સોનૈયાથી શોભેલો છે. સુંદર અક્ષરો ભગવતીસૂત્રમાં છે. સારા અક્ષરો, માંગલિક-કલ્યાણકારી અક્ષરો, એ જ અહીં સુવર્ણ. જેમ હાથીનાં બધાં અવયવો સોનાથી શણગારેલાં છે, તેમ ભગવતીસૂત્રને અંગે દરેક ઉદ્દેશાઓ સારા અક્ષરોથી શોભિત છે. હાથી લક્ષણવાળો, સોનાથી મઢાયેલો, દેવતાથી અધિષ્ઠિત છતાં ઈતિહાસમાં ક્યારે કામ લાગે, ઈતિહાસમાં એનું નામ ક્યારે લખાય? ત્યારે જ ઈતિહાસમાં એ સ્થાન પામે કે જ્યારે તેણે રાજાને હિત કરનારા અવનવા બનાવો બનાવ્યા હોય; એમ થાય તો જ હાથી ઐતિહાસિક તરીકે પુસ્તકમાં દાખલ થાય. આવા બનાવો અનેક પ્રકારના ગણાવી શકાય, જેમ કે જનતાને ક્રીડા કરાવવી હોય; છોકરાને જળક્રીડા કરાવવી હોય, યુદ્ધમાં જવાનું હોય, એમ જ્યારે કહો ત્યારે તૈયાર. ધારેલાં કાર્યો કરનાર હોવાથી જયકુંજર ઐતિહાસિક ગણાયો. તેથી જયકુંજરની ઉપમા ભગવતીજીને આપી. આચારાંગ, સૂયગડાંગ સૂત્રો ચરણ કરણાનુયોગ અને દ્રવ્યાનુયોગમાં જાય. ભગવતીસૂત્ર જેમ દ્રવ્યાનુયોગમાં તેવી રીતે ધર્મકથાનુયોગમાં છે. અનેક શ્રેષ્ઠ પુરુષોનાં ચરિત્રો ભગવતીસૂત્રમાં કહેવામાં આવશે. ચોમાસામાં સૂંઢવાળાં જીવડાં થાય છે. પ્રમાણોપેત શરીર હોય નહીં તે કામ ન લાગે. આ જયકુંજર હાથીને અંગે જેમ હાથીની પરીક્ષાનું સૂત્ર કે પરીક્ષાનો ગ્રંથ હોય છે તેમ ભગવતીજીમાં ૩૬ હજાર પ્રશ્નો છે. તેનાં સૂત્રો તે જ ભગવતીજીનું શરીર. વળી હાથી ચારે પગે ચોખ્ખો ન હોય - એનો એક પગ ખોડંગાતો -ખોડવાળો હોય - તો તેનું શું મૂલ્ય? હાથીના ચારે પગો કઈ સ્થિતિના જોઈએ? બરોબર વ્યવસ્થા પામેલા લક્ષણવાળા. તેમ ભગવતીસૂત્રમાં ચાર અનુયોગ એ જ ભગવતીસૂત્રના ચાર પગ. આ ચાર તે દ્રવ્યાનુયોગ વગેરે. જે જીવોનું, કર્મોનું, અધ્યવસાય, ગતિ, જાતિ, આહાર, પ્રર્યાપ્તિ, પ્રાણનું નિરૂપણ કરે તે દ્રવ્યાનુયોગ. સૂર્યચંદ્રાદિની ગતિ, તે કેમ બને ? રાત્રી, દિવસ, યુગ કેમ બને? તેનું

નિરૂપણ તે ગણિતાનુયોગ. મહાપુરુષોનાં ચરિત્રો તે ધર્મકથાનુયોગ. સાધુએ આમ કરવું, આમ ન કરવું તે ચરણકરણાનુયોગ. આ ચાર અનુયોગમય જ શાસ્ત્ર છે.

**જ્ઞાન અને ક્રિયાની જરૂર**

બધું સારું હોય, ઘરેણું પહેરાવ્યું હોય, ચાલે સારો, દેવતાથી અધિષ્ઠિત હોય, પણ આંખમાં ખોડ હોય તો? તે સંબંધમાં ઉપમા આપતાં શાસ્ત્રકાર કહે છે : ज्ञान-चरण-नयनयुगलस्य. જેમ જયકુંજર હાથી બે નેત્રવાળો છે તેમ જ્ઞાન અને ક્રિયા શાસનને અંગે ઉપયોગી છે. એ બે ખસેડી નાખીએ તો શાસન જેવી ચીજ રહેતી નથી. જ્ઞાન અને ક્રિયા ઉપર શાસન આધાર રાખે છે. તેથી ભગવતીમાં જ્ઞાન-ક્રિયા લીધી.

**દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક નય**

વળી તે કેવું ? કે द्रव्यास्तिक - पर्यायास्तिकनयद्वितय - दन्तमुखलस्य - હાથી ઘરેણાથી, એની ચાલથી અને એનાં આંખપગથી શોભામાં આવે એ સાચું, પરંતુ બચાવ કરવામાં પગથી, શરીરથી, નેત્રદ્વારા તેટલો ઉપયોગી નહીં; બચાવ કરવામાં તો દંતશૂળ વધુ ઉપયોગી. તેમ જૈન શાસનમાં જ્ઞાન ક્રિયાની વાતો થાય, દ્રવ્યાનુયોગની વાતો થાય, પણ વ્યવસ્થા કરવાની વાતો આવે, બીજા ધર્મોવાળાને ઉત્તર દેવાનો વખત આવે ત્યારે ભગવતીસૂત્રને બે દંતશૂળ તૈયાર રાખવા પડે. આ બે દંતશૂળ તે દ્રવ્યાસ્તિક અને પર્યાયસ્તિક નય. આંગળી એ દ્રવ્ય. એ જ દ્રવ્યને અંગે સીધી આંગળીમાં સીધાપણું તે ગુણ. ગુણ-પર્યાયને એકમાં લઈ ચાલીએ છીએ. કેટલાક એકલા દ્રવ્યને માનનાર તે ગુણને ન માને, તેઓ કહે ગુણ તો થાય અને જાય; એ ટકવાવાળી ચીજ નથી; દ્રવ્ય હંમેશા ટકનારી ચીજ છે. ખરેખર વસ્તુ દ્રવ્ય જ ગણાય. એ લોકો દ્રવ્ય કહે છે ખરું, પણ અવસ્થાવગરનું - ગુણ પર્યાય વગરનું દ્રવ્ય ક્યાં દેખ્યું ? કાં તો ઊભી, આડી, વાંકી, સીધી, કંઈ ને કંઈ અવસ્થા આંગળીમાં હોય. બૌદ્ધ મતવાળા એકલી અવસ્થાને માને છે, અને

સાંખ્યો એકલા દ્રવ્યને માને છે. જૈન શાસન એ બંનેને એક સરખી રીતે માને છે. દ્રવ્ય વગર ગુણ નહીં, ગુણ વગરનું દ્રવ્ય નહીં. એ બે તો મળેલા છે. એટલા માટે દ્રવ્યાસ્તિક પર્યાયસ્તિક બન્નેને માન્યા. ગુણ પર્યાયની સત્તા માનીને ચાલનારો નય તે પર્યાયનય, અને દ્રવ્યનું અસ્તિત્વ સ્વીકારીને ચાલે તે દ્રવ્યનય. આ રીતે દ્રવ્યાસ્તિક અને પર્યાયસ્તિક એ બે નયો જૈન શાસનના દંતશૂળો છે. હાથીને બે દંતશૂળો હતા તેમ અહીં આ બે નયો દંતશૂળો સમજવા.

**નિશ્ચયનય અને વ્યવહારનય**

વળી તે કેવું ? निश्चयव्यवहारनयसमुन्नतकुम्भद्वयस्य - દંતશૂળ હાથીના મજબૂત હોય, પણ જોર દંતશૂળની મજબૂતાઈ પર નહીં, કુંભસ્થળની મજબૂતાઈ પર છે. કુંભસ્થળ પોચું હોય તો દંતશૂળનું જોર શું કામનું? આપણી મુઠ્ઠી મજબૂત ન હોય પછી છરી ગમે તેટલી ધારદાર હોય તો શું કાર્ય થાય? મુઠ્ઠીમાં જોર હોય તો જ ધારદાર છરી કામ કરી શકે. દંતશૂળ જોરવાળા હોય પણ કુંભસ્થળ જોરવાળું ન હોય તો કામ ન લાગે. હાથીની અપેક્ષાએ હંમેશા પુષ્ટિ, નબળાપણાનું કાઢી નાખવું, હંમેશાં એકઠું થવું, એ હાથીનું ઉપયોગીપણું. ઉપયોગી પદાર્થો કુંભસ્થાનમાં આવેલા હોય, નિરુપયોગી નીકળી ગયેલા હોય તો કુંભસ્થળ ઉપયોગી થાય. તેમ નિશ્ચય અને વ્યવહાર નય જૈનશાસનનાં કુંભસ્થળ સમજવાં. કેટલાકો નિશ્ચયના નામે વહી જનારા, કેટલાકો વ્યવહારમાં વહી જનારા; એ બન્નેને જણાવે છે કે નિશ્ચયની વાતો અંગીકાર કરશો તો વ્યવહારનું વર્તન પણ જોઈએ. વાતો અને વર્તન એ બે સિવાય ચાલતું નથી.

બે નયોરૂપી ઊંચાં એવાં કુંભસ્થળો ભેદવામાં કામ લાગે. પણ ઉપાડવા માટે તો સૂંઢ જોઈએ. તે માટે શાસ્ત્રકાર કહે છે કે **प्रस्तावनावचनरचनाप्रकाण्डशुण्डादण्डस्य** - જબરજસ્ત એવો સૂંઢરૂપી દંડ જયકુંજર હાથીને છે તેમ ભગવતીસૂત્રમાં પ્રસ્તાવના સમજવી. દરેક

વાક્યો, સૂત્રો તેમાં પ્રસ્તાવના - ક્યા મુદ્દાને અંગે આ પ્રશ્ન - ઉત્તર થાય છે તેનું પહેલાં સૂચન કરવારૂપ પ્રસ્તાવના - કરવામાં આવે છે. સૂત્રને અંગે પ્રસ્તાવના કરવી તે રૂપી સૂંઢ છે.

વળી એ સૂત્ર કેવું છે? **निगमवचनातुच्छपुच्छस्य** - હાથી ઉપર ચડવા માટે સામાન્ય મનુષ્યને નિસરણી જોઈએ, પણ રાતદિવસના પરિચયવાળા મહાવત વગેરેને તેની જરૂર નથી. એને તો પૂંછડું બસ છે. જયકુંજરનું પૂંછડું અતુચ્છ - મોટું છે. ×નિગમવચનને અહીં મોટા પૂંછડાની ઉપમા આપવામાં આવી છે. દરેક પ્રશ્ન થયા પછી, આમાં આમ પૂછવામાં આ નિરૂપણ કરવામાં આવ્યું છે, એ રીતે પ્રશ્ન કે ઉદ્દેશાને છેડે નિગમન-નિર્ણય કરવામાં આવે તે અતુચ્છ પૂચ્છની જગોએ છે.

મોર શોભે પીંછાથી તેમ હાથી ચાહે જેવો જબરજસ્ત હોય, પરંતુ તેને પરિવાર ન હોય તો એ ન શોભે. ઘરેણાં ન પહેરે, લૂગડાં ન પહેરે, પણ મુગુટ પહેરીને નીકળે તો કેવું લાગે? બીજાં ઘરેણાં હોય ત્યાં મુગટ શોભે. ભલે હાથી ઉત્તમ હોય, પણ પરિવાર વગર ન શોભે. તે માટે કહે છે કે '- कालाद्यष्टप्रकारप्रवचनोपचारचारुपरिकरस्य-काले विणये बहुमाणे०' એ ગાથા બહુ જાણીતી છે. જ્ઞાનાચારના આઠ આચારો, દર્શનાચારના આઠ આચાર એ બધા કાલાદિક આચારો તે શી ચીજ?

**ક્રિયાએ કર્મ અને પરિણામે બંધનું રહસ્ય**

'ક્રિયાએ કર્મ' કહેવાયું છે તે વાત સમજો. કઈ જગો પરની વાત છે, અને કઈ જગોએ ગોઠવો છો તે વિચારો. એકાંતે એ વાતને પકડો તો ક્રિયાએ કર્મ, પરિણામ બંધ એનું શું ફળ આવે તે જુઓ. મુસલમાનો ગાયની, બકરીની કુરબાની કરે છે. તેમાં પરિણામમાં ધર્મ છે. તો એ

× નિગમન એટલે સાર. આ શબ્દ દાર્શનિક પરિભાષાનો છે. અનુમાનનાં પાંચ અંગોમાં એછેલ્લું અંગ છે. દલીલ અને દૃષ્ટાંત રજૂ કર્યા બાદ છેલ્લા નિર્ણય ઉપર પહોંચવું - સાર નક્કી કરવો - તેનું નામ નિગમન.

કુરબાનીથી ધર્મ થઈ જશે ને? આમ થાય તો તો પછી બધાને ધર્મ જ થઈ જાય. વામમાર્ગી અનાચાર કરે તેમાં પણ ધર્મ થઈ જાય ને? જો ક્રિયાએ કર્મ એ નિયમને માનીએ તો? આ વચન છે શાસ્ત્રનું, પણ કુરબાની અને અનાચારોમાં અહીં લાગુ કરવાની ના કહું છું. એક મનુષ્ય દયાના પરિણામથી દયાની ક્રિયા કરવા લાગ્યો, ક્રિયા અને પરિણામ બંને સુંદર. કોઈકના પરિણામ પલટી ગયા, કોઈકની ક્રિયા પલટી. બે નથી પલટયા તે ચોખ્ખો છે. માખીને બચાવવા ગયા ને મરી ગઈ. ક્રિયા હિંસાની થઈ પણ પરિણામ બચાવવાના છે. તે જગો પર આ વાત જોડવાની છે. ક્રિયા ને પરિણામ બન્ને શુદ્ધ હોય તેમાં આકસ્મિક સંયોગે ક્રિયાની ગફલત થાય તો ડૂબવાનું થતું નથી. બંધ તો પરિણામે થાય છે. શાસ્ત્ર - ઉક્તિ પ્રમાણે ક્રિયા શરૂ કરીએ, પરિણામ સુધારીએ ને પછી પરિણામ એના એ રહેને ક્રિયામાં પલટો થઈ જાય તો ડૂબીએ નહીં. ખરાબ પરિણામે ખરાબ કાર્ય શરૂ કર્યું; ચોરી કરવા માટે ચોર નીકળ્યો, ચોકસી જાગી ગયો ને ચોરી ન થઈ શકી તો પણ આત્મા ચોરીના પાપથી ભરાયો. બંને સાથે શરૂ કર્યા. પણ પરિણામ જેવા હોય તેવાં કર્મ બંધાય. આખા જગતના અંગે એ વાક્ય જોડવાનું નથી. નિશ્ચય વ્યવહારમાં, દ્રવ્યાસ્તિક પર્યાયાસ્તિકમાં ઊંડો ઊતર્યો હોય પણ આચારમાં ન ઊતરે તો શાસનને સંબંધ રહેતો નથી. શાસનનો પરિકર-પરિવાર-કહો તે કાળાદિક આઠ પ્રકારના આચારો આવા પરિવારથી આ શ્રી ભગવતીસૂત્ર શોભે છે.

આ રીતે હાથીનાં જુદાં જુદાં અવયવો સાથે ભગવતીસૂત્રની સરખાવટ કરી.

# દેશના - ૪
## ભગવતીસૂત્રની વધુ ઉપમાઓ

આગળના વ્યાખ્યાનમાં શ્રી ભગવતીસૂત્રની જયકુંજર હાથીનાં વિવિધ અંગો સાથે સરખામણી કરીને તેનો મહિમા વર્ણવામાં આવ્યો. હવે હાથીના બાહ્ય પરિકર સાથે આ સૂત્રની સરખામણી કરતાં ટીકાકાર ભગવાન જણાવે છે કે, પોતાની ગંભીર ચાલને લીધે જોડે ઊભેલાને પણ માલૂમ ન પડે કે હાથી જાય છે. ઘોડો કે ગાય જાય તો માલૂમ પડે, પણ હાથીની ખબર ન પડે. તેથી તેની બે બાજુ ઘંટ રાખે છે. જેમ જયકુંજર હાથીને બે બાજુ ઘંટા છે તેમ ભગવતીજીમાં કેવા ઘંટ છે તે માટે કહે છે કે - **उत्सर्गापवादवादसमुच्छलदतुच्छघण्टायुगलघोषस्य ।** એટલે કે આમાં ઉત્સર્ગ અને અપવાદરૂપી ઘંટ છે. જૈન શાસનની વિશિષ્ટતા શાથી? આસ્તિકમાત્ર દેવ, ગુરુ ધર્મ-ત્રણે તત્ત્વો માન્યા છે. શૈવ, વૈષ્ણવ, ક્રિશ્ચીયન કે મુસલમાન કોણે દેવ ગુરુધર્મ નથી માન્યા? તમો અહિંસા, સત્યાદિ, મહાવ્રતાદિક કહો, તેઓ યમનિયમ કહે. ચોરીમાં ધર્મ નથી, પ્રામાણિકતામાં ધર્મ છે, આ વાત કોણે નથી માની? આસ્તિકમાત્ર આ કબૂલ કરે છે. પાંચ મહાવ્રતોને શિક્ષાવ્રતો કે યમનિયમના નામથી કબૂલ કરે છે. પણ ઉત્સર્ગ અને અપવાદ એ બે જૈનો માટે માર્ગરૂપ છે.

### ઉત્સર્ગ અને અપવાદ

ઉર્ત્સર્ગ એટલે શું? અપવાદ સાંભળીએ છીએ ખરા, પણ કહેવો

કોને ? - તેની સમજ પડતી નથી નિષ્કારણ મુખ્ય પ્રવૃત્તિ, એટલે કે જેમાં કારણ ન હોય તેવી મુખ્ય પ્રવૃત્તિ તેનું નામ ઉત્સર્ગ. અને દેશ, ક્ષેત્ર, અવસ્થા, સંઘયણ ઈત્યાદિકની હાનિને ધ્યાનમાં રાખીને જે કહેવામાં આવે તે અપવાદ. સાધુએ ગોચરી જતાં ધર્મ કહેવો નહિ, વ્યાખ્યા ન કરવી; કોઈ ખપી મળે તો કહે કે ઉપાશ્રયે આવજો: આ થયો ઉત્સર્ગ - મુખ્ય પ્રવૃત્તિ. છતાં જો કદી કોઈ નવો ધર્મ પામનારો હોય, અપરિચિત હોય, ઉપાશ્રયે ન આવનાર હોય તો એક દષ્ટાંત કે શ્લોક પૂરતું કહી શકાય, તે અપવાદ. આમ દરેક વિધિમાં ઉત્સર્ગ અપવાદ રહેલો છે. માટે ઉત્સર્ગ અને અપવાદ ઊછળતા બે ઘંટા છે. બીજા જાનવરના ઘંટની દોરી લાંબી ન હોય; કારણ કે લાંબી રાખેલી દોરીથી ઘંટ ઊછળે, પણ શાસ્ત્રોમાં તો એનો વિસ્તાર બહુ છે: ઉત્સર્ગ અપવાદ દરેક જગો પર લાગુ પડે.

**બ્રહ્મચર્યવ્રતમાં અપવાદનો અભાવ**

શાસ્ત્રકારોએ બધે ઉત્સર્ગ અપવાદ રાખ્યા હોવા છતાં ચોથા વ્રતને અંગે અપવાદ રાખ્યો નથી. તો પછી બધી જગો પર કેમ કહો છો ? જે બીજા વ્રતોમા અપવાદ રાખ્યો તે ચોથા વ્રતમાં રાખ્યો નથી.

वसहिकहनिसिज्झिन्द्रिय, कुड्डिंतरपुव्वकीलिए पणिए ।
अइमायाहारविभुसणाईं, नव बंभचेरगुत्तीओ ।।

એ જ કારણસર એની વાડોપાળવાની આજ્ઞા છે.ચોથા વ્રતની યતના બતાવે છે કે - સ્થવિરોએ ઉપાશ્રયના બારણા પાસે રહેવું, પણ જુવાન સાધ્વી-સાધુઓએ ભીંત તરફ રહેવું. આમાં અપવાદ પણ રાખ્યો. ઉત્સર્ગનું ધ્યેય પકડી રાખ્યું. અપવાદ કંઈ ધ્યેયને છોડવાવાળો નથી. સીધે રસ્તે ન પહોંચાય તો આડે રસ્તે થઈને પણ ત્યાં આવો - આ છે અપવાદનો મુખ્ય હેતુ. ધ્યેય એક જ હોવા સાથે જે મુખ્ય માર્ગ હોય તે ઠેકાણે પહોંચવાની દષ્ટિ સાથે અપવાદ માર્ગ પકડે. ઊછળતા મોટા

ઘંટોનું જુગલ લાંબી દોરીથી બાંધેલ હોય, છતાં જો લોલક ઉપર લૂગડું બાંધ્યું હોયતો એમાંથી મોટોઅવાજ ન આવે, પણ અહીં - આ સૂત્રમાં તો ઉત્સર્ગ-અપવાદનો મોટો અવાજ થઈ રહ્યો છે.

વળી જયકુંજર હાથી એવો જબરજસ્ત કે દરેક રાજ્યમાં એનો જય પડહ વાગતો હતો તેમ આ ભગવતીસૂત્રનો પડહો દરેક જગો પર વાગી રહ્યો છેઃ **यशः पटहप्रतिरवाऽऽपूर्णदिक्चक्रवालस्य ।** દરેક સમજે છે કે એ જૈનનું મોટું સૂત્ર છે અને ચારે દિશાથી એના પડહનો પડઘો નીકળે છે. એના પડઘાથી દશે દિશાનું મંડળ ભરાઈ ગયું છે.

**સ્યાદ્વાદનું રહસ્ય**

હવે એના અંકુશનું વર્ણન કરતાં શાસ્ત્રકાર કહે છે કે - स्याद्वादविशदांकुशवशीकृतस्य । આગળ કહ્યું તે બધું હાથીમાં હોવા છતાં પણ એક વાત ધ્યાનમાં લેવાની કે, હાથી જબરો હોય, સર્વકાર્ય કરનાર હોય, છતાં એ માતો થાય ત્યારે શું ? તે માતો થાય ત્યારે તેને રોકવાનું સાધન કયું ? ભગવતી સૂત્રનો અભવી, મિથ્યાત્વીઓ દુરુપયોગ ન કરે તેમ નથી. ભગવતીસૂત્ર અજ્ઞાનરૂપે થતું હોય તો તેને અટકાવી શકાય તેવું સાધન કયું? હાથીને અટકાવવાનું સાધન જોઈએ તેમ ભગવતીસૂત્રનો દુરુપયોગ થાય ત્યાં અટકાવનાર કોણ? તો કહે છે. સ્યાદ્વાદ. સ્યાદ્વાદ શબ્દ પ્રસિદ્ધ છે, પણ એ ક્યાં બોલીએ છીએ? ધાર્યું અવળું કરવું હોય ત્યાં સ્યાદ્વાદ બોલીએ છીએ. જેની હા તેની ના તે સ્યાદ્વાદ, એમ બોલી દઈએ છીએ, જુલમ કરી દઈએ છીએ. પણ હા તેની ના અને ના તેની હા એવો અર્થ સ્યાદ્વાદનો નથી. આમ કરવાથી તો આપણે ઊલટા ડૂબીએ છીએ. સ્યાદ્વાદ શબ્દના ગેરઉપયોગથી તીર્થંકર નામ ઉપાર્જન જેમણે કરેલ તે કમલપ્રભ આચાર્યને ચોવીશીની ચોવીશીઓ લગી ભવભ્રમણમાં રખડવું પડ્યું; અતિદીર્ઘ કાળ સુધી રખડવું પડ્યું. તેમણે સ્યાદ્વાદ શબ્દથી બચાવ કર્યો - તેમાં નહીં જેવો

બચાવ કર્યો. આ વાત આમ બની:-

કમલપ્રભ આચાર્ય બહારથી આવે છે. સંઘે સામૈયું કર્યું. બીકાનેર નાગોર તરફ જેવી જતણીઓ હોય છે, તેવી કોઈ જતણીને ભાવોલ્લાસ થયો. નમસ્કાર કરતાં તે ઠેઠ આચાર્યને પગે પડી. એ વાત ત્યાં રહી. સંઘની વિનંતીથી ચોમાસાનો નિર્ણય કર્યો; ચોમાસું ત્યાં રહ્યા. વ્યાખ્યાન વાંચતાં વાંચતા પ્રસંગોપાત્ત વાત કહી કે અરિહંતો કેવળ પામ્યા છે, ક્ષાયિક જ્ઞાન પામ્યા છે, છતાં તેઓ સ્ત્રીનો સ્પર્શ કરે તો અરિહંત ન ગણવા. અરિહંતો સ્ત્રીઓને સ્પર્શ કરે એ બને જ નહીં. છતાં આ તો માત્ર સંભાવના કરીએ છીએ. તે વખતે સભામાંથી કોઈએ કહ્યું કે મહારાજ ! આપના પ્રવેશ વખતે આપને પેલી જતણીનો સંઘટ્ટો(સ્પર્શ) થયો હતો તેનું કેમ ? ખરી રીતે આ પ્રશ્નનો એક જ જવાબ હતો કે 'મારો ખ્યાલ ન રહ્યો'. આમ બનવું, સંભવિત ને સ્વાભાવિક છે. છદ્મસ્થને એવું થઈ જાય, અનાભોગ થઈ જાય. પરંતુ કમલપ્રભ આચાર્યે 'મારો ખ્યાલ ન રહ્યો' તેમ ન જણાવતાં જૈન શાસનમાં સ્યાદ્વાદ છે એમ કહીને પોતાનો ખોટો બચાવ કર્યો. જૈન શાસનમાં સ્યાદ્વાદ છે એ વાત ખરી, પણ એનો અર્થ શો? વગર ઉપયોગે સંઘટ્ટો થાય તેનો બચાવ કરવા માટે સ્યાદ્વાદ નથી. અપેક્ષા વગરનો વાદ સ્યાદ્વાદમાં ન હોય. સ્યાદ્વાદનો આવો ગેરઉપયોગ કરતાં તીર્થંકરગોત્ર બાંધેલું તે વિખરાઈ ગયું; ખોટો બચાવ કર્યો તેમાં તીર્થંકરગોત્ર ચાલી ગયું ને અનંતો સંસાર રખડવાનું આવી પડ્યું. એટલે વગર સમજે તેનો ઉપયોગ કરવાનો નથી. સ્યાદ્વાદ શબ્દનો પ્રયોગ તેની જગો પર જરૂર કરવો પડે. કોઈ પૂછે કે આંગળી નિત્ય કે અનિત્ય? તો જવાબમાં કહેવું પડે કે દળિયાની અપેક્ષાએ નિત્ય, કારણ કે દળિયા નાશ પામવાના નથી; પણ પર્યાય - આડા અવળા વાંકા સીધાપણું - તે અપેક્ષાએ અનિત્ય છે. આમ '' આંગળી માટે કહેવાય; પણ કેવળ નિત્ય જ કે કેવળ અનિત્ય જ કહેવા નહિ. માટે

અભયદેવસૂરિજી કહે છેકે, આખું સૂત્ર એ સ્યાદ્વાદરૂપી અંકુશે વશ કરાયેલું છે. હાથી અંકુશથી વશ કરાયેલો હોય તેમ ભગવતીસૂત્ર સ્યાદ્વાદરૂપી અંકુશથી વશ કરાયેલું છે.

**હેતુરૂપી હથિયાર એટલે શું ?**

હાથી પર યોદ્ધાને લડવાનાં સાધનો ન હોય તો હાથી કામ શાને અંગે કરે ? વળી યોદ્ધા પાસે હથિયાર હોય તો જ એ કામ કરે; આયુધો વિના એ એકલો જીતી ન આવે. જયકુંજર હાથી ઉપર હથિયારો ભરેલાં છે તેમ શ્રી ભગવતીસૂત્ર માટે પણ શાસ્ત્રકાર विविधहेतुहेतिसमूह-समन्वितस्य એમ કહે છે. સાધ્ય પદાર્થો આપણે એમ ને એમ ન જાણી શકતા હોઈએ તો તે હેતુ દ્વારા જાણી શકાય. દા.ત. અગ્નિ કે રસોઈ ન દેખીએ પણ ધુમાડો દેખીને રસોઈ થવા માંડી એમ કહી શકીએ છીએ. એટલે કે ધુમાડારૂપી હેતુ દ્વારા અગ્નિ હોવાનું કે રસોઈ થવાનું જાણી શકાય છે, તેવી રીતે અજ્ઞાન, અવિરતિ, મિથ્યાત્વને ભેદનાર હેતુરૂપી હથિયારો આ સૂત્રમાં છે.

**પ્રશ્ન** :- એ તો ઠીક, હથિયારો તો ભેગાં કર્યા, પણ તમે તો દેવની-જિનેશ્વરની અધિકતા હથિયાર રહિતપણાથી માનો છો; હથિયાર કે સ્ત્રી ન હોય તેને સુદેવ ગણો છો. ત્યાં તો હથિયાર રહિતપણું ગુણ ગણ્યું, અને અહીં હથિયાર સહિતપણું ગુણ ગણો છો. તો અમારે સમજવું શું ? હથિયારથી કહો છો તો હથિયાર રહિત હોવાથી જિનેશ્વરની અધિકતા નહીં મનાય.

ઉત્તર :- વાત તમે ખરેખરી કરી. તમારા પ્રશ્નમાં ગોટાળો નથી. પણ અપેક્ષા સમજ્યા નથી તેથી ગેરસમજ થઈ છે. બિલાડી એ જ મોંઢાથી ઉંદરને પકડે છે અને બચ્ચાને પણ એ જ મોઢાથી પકડે છે. મોં એક જ છે, છતાં બચ્ચું ને ઉંદર એક તોલે છે ? સરખા મોંથી બન્નેને સરખા પકડે છે, છતાં ત્યાં અંતરની લાગણીમાં ફેર છેઃ બચ્ચાને પકડે

ત્યારે તેને થાય છે કે રખેને દાંત લાગી જાય ! અને જ્યારે ઉંદરને પકડે ત્યારે એ વિચારે છે, રખેને દાંત બેઠા વગર રહે ! ફકત દૃષ્ટિમાં જ ભેદ છે, લાગણી જુદી છે. તેમ અહીં જે હથિયારનો નિષેધ કર્યો તે કોને અંગે, અને છૂટ આપી તે કોને અંગે? તે બે વસ્તુ સમજો. દેવને અંગે હથિયારનો નિષેધ કર્યો તે બીજા જીવોનો ઘાત કરવાને અંગે નિષેધ કર્યો. એટલે કે બીજા જીવનો ઘાત કરનાર હથિયાર દેવને ન હોય. ભગવતીસૂત્રમાં હથિયારની છૂટ આપી તે આત્માના શત્રુનો ઘાત કરનાર હથિયાર-અભ્યંતર હથિયાર-સમજવું. આવું હથિયાર તો હોય તેમાં જ વીતરાગની શોભા.

**આત્માના શત્રુઓ ક્યા ?**

**પ્રશ્ન** :- આત્માના શત્રુ કોણ? આત્મા તો અજર, અમર, અવિનાશી છે, તો પછી એના શત્રુ કોણ હોય? અવિકારી એવા આત્માનો શત્રુ કોણ? આત્મા જેવા અભ્યંતર પદાર્થના શત્રુ હોય ખરા ?

ઉત્તર :- મિથ્યાત્વ, અવિરતિ, અજ્ઞાન આ ત્રણ શત્રુઓ આત્માને અહીં તહીં અથડાવી રહ્યા છે. આત્મામાં કોઈક એવો વિકાર બને છે કે જેથી જન્મવું, મરવું, રોગી, અજ્ઞાની, દુઃખી થવાનું થાય છે. આત્મા અવિકારી છે, એ બોલનાર સાચું બોલનાર નથી. આત્માને વિકારદશા હોવાથી એને ચારે ગતિમાં રખડવું પડે છે. જો એને સ્વભાવિક દશા હતે તો ચારે ગતિમાં રખડવું ન પડતે. પ્રથમ વિકાર - મોટામાં મોટો વિકાર - મિથ્યાત્વ, એટલે સ્વરૂપે સાચા પદાર્થોને ખોટા તરીકે માનવા, ખોટાને સાચા પદાર્થો તરીકે માનવા તેનું નામ મિથ્યાત્વ, કુલાચારે, પોતાની રીતિએ, પોતાની ધારણાએ ખોટું માનીને પછી સાચું માનતા નથી. સહુ પોતપોતાની અપેક્ષાએ સાચા દેવ-ગુરુ-ધર્મ માને છે. શૈવો પણ, ખોટા દેવાદિ છે છતાં માની રાખવા, એમ સમજીને માનતા નથી. તેઓ સાચા જ માને છે, એટલે કે

સાચા સમજીને જ દેવાદિને માને છે; ખોટા માનીને શ્રદ્ધા કરતા હોય તેમ નથી, પણ મનનું માનીતું સાચું, એ વાત તત્ત્વમાર્ગમાં કામ ન લાગે. સ્વરૂપે, વસ્તુસ્થિતિએ સાચાને સાચું માને તે જ સાચું માનેલું ગણાય. જૈન કુળ ઘણા હળુકર્મી જીવને આવે, જેને જિંદગીમાં ઝેર ન મળે. તેવી જ રીતે બીજા કુળમાં અમૃત ન મળે. જૈન કુળમાં જન્મે ત્યારથી સાચો રસ્તો મળે. જેમ કોટીધ્વજને ઘેર પુત્ર જન્મ્યો, તેને જન્મતાંની સાથે જ શેઠાઈ, એમ ભાગ્યોદયથી જૈનના કુળમાં અવતર્યો તેવાને સાચા સંસ્કાર, શુદ્ધ, દેવાદિ જન્મથી જ મળે. છતાં પણ ઝવેરીનો કે કોટીધ્વજનો છોકરો રમે હીરા-મોતીથી અને બીજાના છોકરાઓ રમે કાંકરાથી, એમ ઝવેરાતથી રમવામાત્રથી એ છોકરો ઝવેરી ગણાય નહીં; એ પણ બીજાની જેમ છોકરું છે; હીરા-મોતીની હજુ એને કિંમત નથી. તે રીતે જૈન કુળમાં જન્મેલાં બાળકો શુદ્ધ દેવાદિ માનનારા હોવા છતાં પણ શુદ્ધ દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ ખ્યાલમાં ન આવે ત્યાં સુધી તેને સમકિત આવ્યું ગણાય નહિં. નહિંતર શ્રાવકના કુળમાં અભવ્ય જીવ આવ્યો હોય તો ? દેવ-ગુરુ–ધર્મનું સ્વરૂપ જાણે, જે દેવ-ગુરુ-ધર્મ શુદ્ધ સ્વરૂપવાળા છે તેને માને તો જ તેને સમ્યકત્વ છે એમ સમજવું. જૈન કુળમાં અવતરેલાને સમ્યક્ત્વ થવું સહેલું, નૈસર્ગિક - સ્વાભાવિક છે. આવા દેવાદિને ન મનાય તે મિથ્યાત્વ. આ મિથ્યાત્વ તે બહારનો શત્રુ નથી. બહારનો શત્રુ લૂગડાં, પૈસા કે ઢોરઢાંખરા લઈ જાય, પણ અભ્યંતર શત્રુ તો સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્રરૂપ અમૂલ્ય ઝવેરાતને ઉપાડી જાય. તેથી મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ એ આત્માના શત્રુઓ છે.

**પ્રશસ્ત રાગ અને પ્રશસ્ત દ્વેષ ; તેનાં સ્થાન**

પ્રશસ્ત રાગ અને પ્રશસ્ત દ્વેષ શું તે સમજો. ગુણ અને ગુણી બન્ને ઉપર રાગ તે પ્રશસ્ત રાગ. અને અવગુણી ઉપર નહીં પણ કેવળ અવગુણ ઉપર દ્વેષ તે પ્રશસ્ત દ્વેષ. ગુણ અને ગુણવાન બંને પ્રશસ્ત

રાગનું સ્થાન. તેથી नमो अरिहंताणं બોલી શકીએ. ગુણવાળા ઉપર રાગ કરવો તે પ્રશસ્ત રાગ છે. नमो नाणस्स આદિ પણ બોલી શકીએ. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ ઉપર રાગ તેથી नमो नाणस्स આદિ બોલી શકીએ છીએ. તેમ ગુણી ઉપર રાગ હોવાથી नमो अरिहंताणं આદિ બોલીએ છીએ. જેઓ નવપદ ને જાણનારા છે તે આ વાત બરાબર સમજી શકે છે. ગુણ અને ગુણી પર રાગ તે પ્રશસ્ત. પણ દ્વેષ તો અવગુણ ઉપર જ હોય. અવગુણી ઉપર નહીં. તેથી सव्वपावप्पणासणो એટલે " સર્વ પાપનો નાશ કરનાર" કહીએ છીએ. પણ "સર્વ પાપીનો નાશ કરનાર" એમ બોલાતું નથી. કારણ કે બિચારા પાપીઓ તો કરુણા બુદ્ધિનું સ્થાન છે, દ્વેષનું ત્યાં સ્થાન નથી.

ચારે ભાવનાઓમાં એક પણ ભાવના દ્વેષની નથી. ન્યાયાધીશ કોર્ટમાં ફાંસીની સજા કરે, પણ એ સજા પોતે નહીં પણ કોર્ટ કરે છે. પોતે એ કોર્ટ, અને કોર્ટ એ પોતે, છતાં પોતે સજા કરે છે તેમ નહીં એટલું જ નહિ પણ ખૂની તરીકે પકડાયેલ માણસ પાસે વકીલને રોકવા માટે પૈસાની સગવડ ન હોય તો, ખૂનીના પોતાના બચાવ માટે, કોર્ટો વકીલ પણ આપે છે. આવા સામાન્ય કાયદા કરનારા પણ જ્યારે ખૂનીના બચાવ માટે તૈયાર રહે તો જૈન શાસન દ્વેષ કરે તે બને જ નહીં. દ્વેષ કરવામાં જૈન શાસન નિર્જરા નહીં માને. જયકુંજર હાથી ઉપરનાં આ હથિયારો શત્રુઓને જીતવા માટે હતાં તેમ ભગવતી સૂત્રને અંગે જે હથિયારો છે તે કોના માટે છે? શરીરવાળા પ્રાણધારી શત્રુઓના નાશ માટે નહીં, પણ મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિરૂપ આત્માના શત્રુઓને હણવા માટે એ હથિયાર છે.

### "કરશે તે ભોગવશે" અને "વિરમશે તે બચશે" વચ્ચેનો ભેદ

**પ્રશ્ન** :- કહેવત છે કે "કરશે તે ભોગવશે" આ કહેવત જૈન દર્શનની છે? આ કહેવતને સાચી કોણ માને?

**ઉત્તર :-** પાપ કર્યાથી જ પાપ લાગે, પણ બીજી રીતે પાપ લાગે જ નહીં - તેમ માનનારા હોય તે જ આ કહેવતને માને. પણ આ કહેવતને સાચી માનવાનો અર્થ તો એ થાય કે, જીવ જે કંઈ સારું કે નરસું આચરણ કરે તેનું જ સારું કે ખોટું ફળ ભોગવે; પણ એના મનમાં જે અનેક સારા-ખોટા વિચારો ઊઠયા કરે એનું કશું જ ફળ એને ભોગવવાનું ન રહે. આવો અર્થ સ્વીકારતાં એક રીતે મનનું કોઈ સ્થાન જ નથી રહેતું. ઉપર જે કહેવત ટાંકવામાં આવી છે તેનું રહસ્ય બહુ જ સ્થૂળ દૃષ્ટિવાળું છે - જેમ કાયદા અને કચેરીની દૃષ્ટિએ જે ગુણો કરે તે સજા ભોગવે તેમ! પણ જ્યાં આત્માનો અને મનનો વિચાર કરવાનો હોય, જ્યાં આધ્યાત્મિક દૃષ્ટિનો સ્વીકાર ઈષ્ટ હોય ત્યાં આવી સાવ ઉપલકિયા અર્થવાળી કહેવત કામ ન લાગે. તેથી 'જે પાપ કરે તેને જ પાપ લાગે અને તેને જ પાપનું ફળ ભોગવવું પડે' - એ વાતને જૈન દર્શન સ્વીકારતું નથી. જે પાપમય આચરણ કરે તેને તો પાપનું ફળ ભોગવવું જ પડે, એ વાતનો આથી ઈન્કાર થતો નથી. એ વાતને તો જૈન દર્શન પણ બરાબર સ્વીકારે છે જ. પણ તાત્ત્વિક દૃષ્ટિએ ' પાપ કે પુણ્ય એટલે કે કર્મ કોને લાગે ?' - એ વાતનો વિચાર કરતી વેળાએ જૈન દર્શન ઉપરની કહેવત જે સ્થૂળ વાતને રજુ કરે છે તે ઉપરાંત પણ બીજી વાતને માને છે, એ ખાસ ધ્યાનમાં લેવું. અને આ રીતે તાત્ત્વિક દૃષ્ટિથી વિચાર કરતાં જૈન દર્શન " કરશે તે ભોગવશે" એ કહેવતના બદલે "વિરમશે તે બચશે" એ સિદ્ધાન્તને વધુ અપનાવે છે. આ સિદ્ધાંત કર્મોપાર્જનના મૂળ સુધી પહોંચી જઈને એને સમૂળગાં આવતાં અટકાવે છે. "કરશે તે ભોગવશે" નો અર્થ એટલો જ કે જો ભોગવવું ન હોય તો કરવાનું બંધ કરો. પણ આ "કરવાનું" કઈ રીતે બંધ થાય તેનો માર્ગ એમાંથી નથી મળતો. એટલે ભોગવવાનું જો બંધ કરવું હોય તો જેમાંથી કરવા પણાનો જન્મ થતો હોય તે મૂળને જ ડાંભી દેવું જોઈએ. તેથી જેમાંથી કરણી- કરવાપણું - જન્મે તેના ત્યાગ સુધી જઈએ તો જ

ભોગવવાપણું દૂર થઈ શકે. અને આ કરવાપણાને દૂર કરવાનું "વિરમશે તે બચશે" એ સિદ્ધાંતનો સ્વીકાર કરવાથી જ થઈ શકે.

વળી "વિરમશે તે બચશે" એ સિદ્ધાંતના બદલે "કરશે તે ભોગવશે" એને તાત્ત્વિક માનીએ તો તો એકેન્દ્રિય જીવો હિંસા કરતા નથી, જૂઠ બોલતા નથી તેથી તેને કર્મબંધન ન થવું જોઈએ, પણ તેનો વહેલો નિસ્તાર થવો જોઈએ. પણ તેમ થતું નથી. તેથી જે કર્મ નહીં કરવાનો સંકલ્પ કરશે - જે વિરમશે - જે વિરતિનો સ્વીકાર કરશે તે જ કર્મથી બચી શકશે. કર્મ નહીં કરવાનો સંકલ્પ કર્યો એટલે પછી કર્મ કરવાને અવકાશ જ ક્યાંથી રહે? આ રીતે જૈન દર્શન મૂળ ને જ પકડે છે.

### વિરતિ અને પચ્ચક્ખાણનું મહત્ત્વ

આ રીતે જોતાં વિરતિ અને પચ્ચક્ખ્ખાણનું મહત્ત્વ આપો આપ સમજાઈ જાય તેમ છે. આ જીવ એકેન્દ્રિયમાં અનાદિથી રખડ્યો. તેમાં વ્રત પચ્ચક્ખ્ખાણ શું કર્યું? તેથી જ જૈન શાસનમાં મુખ્ય બારી, પ્રથમ પગથિયું એ બતાવ્યું કે, જેની વિરતિ-પચ્ચક્ખ્ખાણ ન થાય તે નિમિત્તે કર્મ બંધાય જ છે. એક વખત ત્રાસવાદીઓની (એનાર્કિસ્ટોની) ટોળીમાં મેમ્બર તરીકે નામ લખાવ્યું, પછી એની કમીટીમાં ભાગ ન લઈએ તો પણ પકડાઈએ ત્યારે આપણે બધાંની ભેળાં ગણાઈએ છીએ. તેમ આ તમારી સંસારની ટોળી ૧૮ પાપસ્થાનક મોકળાં રાખનારી છે. તમે કઈ ટોળીમાં છો તે વિચારો. અઢારે વસ્તુ કરવામાં પાછું જોવું જ નહીં એમાં નામ નોંધાવ્યું છે, એમાં સામેલ થયા છો. આમાંથી છૂટવાનો એક જ રસ્તોઃ રાજીનામું દઈ દો. રાજીનામું ન દો ત્યાં સુધી ગુનેગારીમાંથી છૂટા ન થાવ એ નક્કી સમજવું. આ રીતે છૂટવા માટે જ વિરતિ અને પચ્ચક્ખ્ખાણનો ખરો ઉપયોગ છે.

### સાધુપણું સ્વીકારવાની શી જરૂર ?

ભગવાન મહાવીરસ્વામી મહારાજા રાજપણામાં રહ્યા છતાં બે

વર્ષ સુધી સાધુપણા જેવી અવસ્થામાં રહ્યા છે. અગ્નિપર રહેલું મીણ ઓગળે નહીં અને જામ્યું રહે તેવું તો દેવતાઈ કે ઔષધીનો પ્રભાવ હોય તો જ બની શકે. તેમ તીર્થંકરોના કિલ્લામાં સાધુ બનીને સાધુપણું પાળે. પણ મહાવીર મહારાજાએ કિલ્લા વગર રાજ્યના ફાંસામાં બે વર્ષ સુધી ચર્યા કરી, છતાં એ બે વર્ષ સાધુપણામાં ગણ્યા નહિ. શું ઘેર ધરમ નથી થતો? મહાવીર મહારાજે પાળ્યું છતાં શાસ્ત્રકારે લેખમાં ન લીધું. કારણ ? પાપસ્થાનકની ટોળીમાંથી રાજીનામું મોકલ્યું ન હતું. રાજીનામું મોકલ્યું -अगाराओ अणगरियं पव्वइए - ઘર છોડી અણગાર - સાધુપણાની પ્રવૃત્તિ શરૂ કરી ત્યારથી સાધુપણું શરૂ કર્યું. સિદ્ધાંત તરીકે જૈનો એ જ બોલે કે વ્રત પચ્ચક્ખાણ શરૂ ન કરે ત્યાં સુધી કર્મને બાંધવા ને ભોગવવાવાળો છે. વિરતિ નહીં કરનારો, ફરનારો છે. કર્મ બંધનાં કારણ તરીકે મિથ્યાત્વ, અજ્ઞાન ગણાવ્યાં તેમ અવિરતિ કર્મબંધનું કારણ ગણાવ્યું. આ ત્રણ શત્રુ ગણ્યા. મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ તરફ દ્વેષ ન થાય તો પરિણતિ થઈ નથી એમ સમજવું.

આ બધી વાત કહેતા શ્રી અભયદેવસૂરિજી મહારાજે શ્રી ભગવતીસૂત્રના વર્ણનમાં કહ્યું કે - मिथ्यात्वाऽज्ञानाऽविरमण-लक्षणरिपुबलदलयनाय श्रीमहावीरमहाराजेन नियुक्तस्य । જયકુંજર હાથી જેમ દુશ્મનોના નાશ માટે હતો તેમ ભગવાન મહાવીર મહારાજાએ મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિરૂપ દુશ્મનોના નાશ માટે આ શ્રી ભગવતી સૂત્રરૂપ હાથીની યોજના કરી છે.

# દેશના - ૫
## પ્રસ્તાવનાની સમાપ્તિ

પંચમાંગ શ્રી ભગવતીસૂત્રની યોજના કોણે કરી તે ગત વ્યાખ્યાનના અંતમાં સંક્ષેપથી જોયું. તેને હવે વિસ્તારથી સમજો. જગતના હાથીને કુદરત તૈયાર કરે છે. તો ભગવતીસૂત્રરૂપી આ હાથીને તૈયાર કરનાર કોણ ? જે ચીજ તૈયાર કરવી પડે તે માટે પ્રયત્ન કરવાનો હોય.

**પ્રશ્ન :** - ભગવતીસૂત્રરૂપી જયકુંજરને ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરનાર કોણ ?

**ઉત્તર :**- શ્રમણ ભગવાન મહાવીર, જેમનું નામ કલ્પસૂત્રમાં વારંવાર સાંભળી કાન પવિત્ર કરીએ છીએ તે પોતે.

**તીર્થંકરપણાની વિશેષતા**

શ્રમણ ભગવાન મહાવીર - આ નામ દેવતાઓએ કર્યું છે. ટૂંકું નામ બોલવું હોય ત્યારે 'ભીમસેન' ના બદલે ભીમ અને 'સેન' બંને કહેવાય. આ નામ ત્રણ શબ્દો - પદો મળી થયેલું છે. તેમાંનાં બે પદ ગમ્ય રાખી શકાય. એટલે 'શ્રમણ' અને 'ભગવાન' એ બે પદ ગમ્ય રાખી શ્રીઅભયદેવસૂરિ મહારાજે એક પદમાં 'મહાવીર' એટલું જ નામ-એક જ શબ્દમાં - કહ્યું. આખું નામ શ્રમણ ભગવાન મહાવીર; - જેમણે આ ભગવતીસૂત્રરૂપી હાથી બનાવ્યો છે. **भावितभावो भवेष्वनेकेषु** - ઘણી જિંદગીઓ લોકના ઉપકાર કરવા માટે ઘસાઈ ગઈ

હોય, અનેક જન્મો સુધી જગતના ઉદ્ધાર ને માટે જ જેઓ મથેલા હોય, તેઓ જ તીર્થંકરો થઈ શકે.ચક્રવર્તિત્વ, ગણધરત્વ, અંતકૃતકેવલીપણું, તદ્ભવ - એકભવથી મળી શકે. પણ તીર્થંકરપણું તદ્ભવથી - એકભવથી મળી શકતું નથી. ત્રીજે ભવે તો એ નિકાચિત કરવું જ પડે છે. કોઈ એવા તીર્થંકર થયા, થતા કે થશે નહીં જેણે પાછલા ત્રીજે ભવે તીર્થંકર નામ નિકાચિત કર્યું ન હોય. આ જગો પર ઘટના તરીકે કહીએ; સાક્ષાત્ સૂત્રનો આદેશ નથી. તીર્થંકરનામકર્મ નિકાચિત કરે, તે વખતે આત્માની તાકાત સંસાર ઉપર કાબૂ ધરાવે. ભવિષ્યના ભવચક્ર ઉપર કાબૂ ધરાવનાર તીર્થંકરનામકર્મ બાંધે. તીર્થંકરનામ નિકાચિત કરતી વખતે માત્ર ત્રણ ભવ રાખી બાકીનું ભવચક્ર તોડી નાખે; **तइयभवो सक्कइत्ताणम्** લોકોને સંસારથી તારવા માટે કટીબદ્ધ થયેલો જીવ ત્રીજા ભવ જેટલો સંસાર રાખી બાકીનો સંસાર વિચ્છિન્ન કરી નાખે.

મેરુ પર્વત ઉપર દેવતાઓએ મહોત્સવ કર્યો, તે ભક્તિમાં જોડી દીધું છે. અનેક ભવો સુધી લોકોના ઉપકાર માટે જિંદગીઓ અર્પણ કરી હોય તેમાં ઈંદ્રાદિક રાજી હોય એમાં નવાઈ શી? માત્ર એક કે બે ભવ નહીં પણ અનેક ભવો સુધી તીર્થંકર ભગવંતે જગતના ઉદ્ધાર માટે જિંદગીઓ અર્પણ કરી. આપણે તો આપણા પોતાના આત્માના ઉદ્ધારની જ વાત નથી તો પછી પરના ઉદ્ધારની તો વાત જ ક્યાં કરવી? તારી અને મારી બન્નેની દાઢી સાથે સળગે ત્યાં કોણ કોની બુઝાવે? સાચી દાનતવાળો પ્રસંગ આવે પોતાની સળગતી રાખી પારકાની બુઝવતો નથી. જલદી કરું, પહેલાં તમારું કરું - એમ મોઢે સારું લગાડવાની ટેવ વાળો શું ઉકાળશે? પોતાનું ઠેકાણું ન હોય ત્યાં પારકાનું શું થઈ શકે? જીવોના ઉદ્ધાર માટે જ્ઞાન, દર્શન, ચારિત્ર - એ ત્રણેનો કેટલો વિકાસ કર્યો? આપણા પૂરતો પણ આ ત્રણેનો વિકાસ કરવો મુશ્કેલ પડે ત્યાં બીજાની વાત ક્યાં કરવી? તીર્થંકર મહારાજના

જીવો કેવા હોય છે? અનેક ભવોથી એ ભાવના કે આખા જગતના જીવોનો ઉદ્ધાર કેમ કરું? પોતાની અનેક જિંદગીઓનો ભોગ દેશ, ઋદ્ધિ કે કુટુંબ કબીલા માટે નહીં પણ જગત-ઉદ્ધાર માટે જ હોય. આ રીતે જેઓ આત્મસમર્પણ કરનારા છે તેવા જ આત્મા તીર્થંકર થઈ શકે છે. તેવા શ્રમણ ભગવાન મહાવીરે ભગવતીસૂત્રરૂપી જયકુંજર હાથી તૈયાર કર્યો. તે પણ રમવા, ખેલવા, જળક્રીડા કરવા માટે નહીં પણ મિથ્યાત્વ,અવિરતિ, અજ્ઞાન આત્માના આ ત્રણ શત્રુઓના વિનાશ માટે. આ ત્રણ હણાઈ ગયા તો બીજું હણવાનું રહેવાનું નથી.

**ક્ષાયિક સમ્યક્ત્વની મહત્તા**

**પ્રશ્ન :**- આઠે કર્મ હણવાનાં છે તો તે કેમ ન કહ્યાં ?

**ઉત્તર :**- આઠે કર્મ શત્રુરૂપ ખરાં. પણ તે આઠે બાયલા છે. આ ત્રણને માર્યા તો પછી આઠે કર્મમાંથી એકેની ઊભા રહેવાની તાકાત નથી.

એટલું તમે જાણો છો કે, મિથ્યાત્વ જાય-સર્વથા મિથ્યાત્વ જાય - તો ત્રણ ચાર ભવથી વધારે ભવ ન હોય. મિથ્યાત્વ, મિશ્ર અને સમ્યક્ત્વમોહનીયનો ક્ષય થયા પછી જ ક્ષાયિક સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે, તેને ત્રણ ચાર ભવથી વધારે ભવ ન હોય અવિરતિ ટળી ગઈ તો તે ભવે જ મોક્ષ થાય. ક્ષાયિક સમકિત પામે તો તે જ ભવે મોક્ષ પામે.

**પ્રશ્ન :**- ક્ષાયિક સમકિતવાળો કેવળજ્ઞાન ક્યારે ન મેળવે ?

**ઉત્તર :**- કૃષ્ણ, શ્રેણિક ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા; તેઓ તે જ ભવમાં કેવળજ્ઞાન પામતે, પણ આગળના ભવનું આયુષ્ય બંધાયું તે બંધાયું; તેમાં પલટો થાય નહિ. જ્ઞાનાવરણી, દર્શનાવરણી, વેદની સજ્જડ બંધાયું હોય છતાં ક્ષય થઈ જાય; સાતે કર્મો સજ્જડ બંધાય તો પણ ચાલ્યાં જાય; પણ આયુષ્ય બંધાવાની ઘડી આપણા હાથમાં નથી.

**અપશબ્દ બોલવાની ટેવ**

એક કુંભારણ હતી. બહારથી ચાલી આવે, ઉનાળાનો દિવસ, તાપ તપેલો, સાડાબાર વાગી ગયા અને ગધેડી ચાલે નહીં. એટલે કુંભારણ મારે ડફણું, અને સાથે સાથે કહે : ચાલ, બેન ચાલ. સાંભળનારને થયું કે આ શું ? મારે છે ડફણું ને બોલે છે ચાલ, બેન ચાલ ! આ તે કેવું ? તેણે પૂછ્યું : બાઈ ! તું બોલે છે આમ ને મારે છે ડફણું ! આમ કેમ ? કુંભારણે ખુલાસો કર્યોઃ અમે રહ્યાં કુંભાર.. માટીનાં વાસણ બનાવી બજારમાં વેચવા બેસીએ, તે વખતે ઠાકોર કે શેઠિયાના ઘરની બાઈઓ પણ ઠામ લેવા આવે. એક લેવું હોય ત્યાં એક્યાસી તપાસે, કિંમતમાં ત્રણ પૈસા કહીએ ત્યારે એક પૈસો કહે. એક પૈસાથી બે પૈસા કહેતાં માથું ઉતારે. તેમ કરતાં રાંડ બોલી દઈએ તો અમારું શું થાય ? આટલા માટે 'રાંડ' 'કુંભારે જા' શબ્દ વાપરવાનો છોડી દીધો છે અને આવી ટેવ રાખી છે. ચાલ બેન ચાલ, ન લેવું હોય તો ન લે. તમે પોતાની છોડીઓને 'રાંડ' કુંભાર જા' કહો છો, તમારા ફરજંદને આવા અપશબ્દ કહો છો. કુંભારણા જેવી ગધેડીને બોલાવવામાં સુધાયો કર્યો તો તમારાથી છોકરી કે બેનને અપશબ્દો કેમ બોલાય ? એ કુટેવ છોડી દ્યો.

**હસ્તીસ્નાન જેવું કરીએ તો કેમ ચાલે ?**

આયુષ્ય ક્યે વખતે બંધાશે તેનો નિયમ નથી, માટે ચોવીશે કલાક ચેતતા રહે ત્યારે શુભ લેશ્યાવાળા ગણવા; ત્યારે શાસ્ત્રકાર છાપ આપે. સમ્યક્ત્વી જીવ વૈમાનિક સિવાય બીજું આયુ ન બાંધે. ઉપાશ્રય, દેરાસરમાં જઈને ધ્યાન કરે, પણ બહાર ગજસ્નાન જેવી પ્રવૃત્તિ કરતા હોય તેમનું શું થાય ? હાથીનું સ્નાન એટલે નાહીને તરત માથે ધૂળ નાખવી. તેમ પૌષધશાળામાં-ઉપાશ્રયમાં બધું કરો, પણ બહાર એને અનુરૂપ સંદ્વર્તન ન કરો તો કેમ ચાલે ? માટે ચોવીશે કલાક ચેતતા

રહેવું જોઈએ. સમ્યગ્દષ્ટિપણું ચાલી ગયું હોય તો જુદી વાત છે, પણ સમ્યક્ત્વ હોય તો જીવ વૈમાનિક સિવાય આયુ ન બાંધે. અને સર્વથા મિથ્યાત્વ ટાળનાર જીવ તે ભવમાં મોક્ષ મેળવી પણ લે. અજ્ઞાન સર્વથા ટાળનાર જરૂર મેળવે. તેમાં આયુબંધનો વિકલ્પ નહીં - તેણે આયુ બાંધ્યું હોય જ નહીં; તે ભવે જ મોક્ષે જાય. યથાખ્યાત ચારિત્ર મોક્ષ સિવાય બીજુ -ઓછું ફળ ન જ આપે. મિથ્યાત્વાદિ શત્રુને દમવા માટે, કર્મ માટે, મિથ્યાત્વાદિ માટે મારનું જ ધ્યાન રાખો - એને તો મારી પાડવાનું જ ધ્યાન રાખવાનું. પણ જાનવર, મનુષ્ય કે દેવતાને મારવાનું વિચારાય નહીં. '**नमो अरिहंताणं**' વડે શત્રુને મારનારને જ નમસ્કાર કર્યો એ ખરું, પણ એ કેવા શત્રુને મારે છે તે સમજો. કર્મરૂપી શત્રુને, મિથ્યાત્વાદિ ત્રણને મારે તે જ અરિહંત નમસ્કાર કરવા લાયક. શત્રુને દમી નાખવા માટે ભગવતીસૂત્રરૂપી જયકુંજર હાથી તૈયાર કર્યો.

**સૂત્ર કોણ રચે ?**

બધી વાત ખરી, પણ ખાટલે મોટી ખોટ કે ચોથો પાયો નથી. આ સૂત્રના રચનાર મહાવીર મહારાજા નથી, એનું શું ? તો કહે છે, ગણધર મહારાજા સૂત્રના રચનાર છે. ભગવાન અર્થ કહે છે. અર્થ એટલે પદાર્થ. હંમેશાં બોલાય છે શબ્દ. 'ડાભડી ' શબ્દ બોલ્યા. પદાર્થ તો બોલાતો જ નથી. અરિહંત મહારાજા '**उपन्नेइ वा विगमेइ वा धुवेइ वा** ' એ ત્રિપદી સર્વ પદાર્થો માટે વ્યાપક બોલે છે. પણ ઉત્પાદાદિ કેવી રીતે વ્યાપેલા છે તે ગણધર મહારાજા કહે છે. ગણધરોએ સૂત્ર કોને આધારે ગૂંથ્યું ? જિનેશ્વર મહારાજના વચનને આધારે ગૂંથ્યું. તીર્થંકરો ત્રિપદીનું નિરૂપણ કરે, પછી તીર્થંકરો ગણધરપદો વાસક્ષેપ કરે. એટલે આ ત્રિપદી ઉપરથી ગણધર ભગવંતો બાર અંગની રચના કરે. તીર્થંકરની સમ્મતિ સૂત્રોમાં થઈ ગઈ. ગૌતમસ્વામી આનંદ શ્રાવક સાથે વાત કરતાં ભૂલ કરી જાય તે હજારો પ્રસંગોમાં શું ભૂલ ન કરી બેસે ?

એવા ભૂલવાળાના કરેલાં સૂત્રો અમારે ગળે વળગાડવાનાં નથી. આનંદની ભૂલની છાપ મહાવીર મહારાજાએ પોતે મારી, બીજે ભૂલ વગરની છાપ મારી. આથી ઊલટું ચોખ્ખું થયું બેએ સરખા અને માનવા લાયક છે.

જયકુંજરનો માલિક રાજા ખરો, પરંતુ એનો વ્યવસ્થાપક કોણ? સેનાની. રાજા હુંકમ કરે પણ વ્યવસ્થા સેનાની કરે તેમ અહીં મહાવીર મહારાજે આદેશ કર્યો, પણ વ્યવસ્થાપક ગણધર મહારાજ - તેઓ જ સેનાની-જનરલ છે.

**ટીકા બનાવવાનો હેતુ**

આ ટીકા શા માટે બનાવી વગેરે અંગે કહેતાં શ્રી અભયદેવસૂરિજી મહારાજ કહે છે કે -

बलनियुक्तकल्पगणनायकमतिप्रकल्पितस्य मुनियोधैरनाबाधमधिगमाय पूर्वमुनिशिल्पिकल्पितयोर्बहुप्रवरगुणत्वेऽपि ह्रस्वतया महतामेव वाञ्छितवस्तुसाधनासमर्थयोर्वृत्ति - चूर्णिनाडिकयोः, तदन्येषां च जीवाभिगमादिविविधविवरणदवरकलेशानां संघट्टनेन बृहत्तरा अत एवाऽम - हतामप्युपकारिणी हस्तिनायकदेशादिव गुरुजनवचनात् पूर्वमुनिशिल्पिकुलोत्पन्नैरस्माभिर्नाडिकेवेयं वृत्तिरारभ्यते । इति शास्त्रप्रस्तावना ।

સેનાની જેવા ગણધર મહારાજની તીવ્ર બુદ્ધિથી જયકુંજર હાથી જેવું આ સૂત્ર બનાવાયું છે. એકલા સેનાની બેસે કે યોદ્ધા પણ બેસે? જૈન શાસનના યોદ્ધાઓ કોણ? ચારે પ્રકારના સંઘ, શ્રાવક શ્રાવિકા સંઘ છે, તીર્થકરના આરાધક ભક્ત છે. પણ બે ઘોડે ચઢેલા કેટલાક અજ્ઞાન શ્રાવકો, 'મહારાજ અમે વ્યવહાર અને નિશ્ચય બન્નેને રાખીએ' એમ બોલે છે. પણ એ બોલનારને પોતે શું કહે છે તેનું ધ્યાન નથી. આમ બોલવું શાથી પડે છે? એક બાજુ છે દુનિયાદારીનો મમતાભાવ, અને બીજી બાજુ ધર્મના પણ રાગી થાય છે. આ રીતે એમને બે ઘોડાપર

ચઢવું છે, ધર્મ અને દુનિયાદારી બેય જાળવવાં છે. ઋદ્ધિ, કુટુંબ બાયડી, છોકરા, આબરૂ જહાન્નમમાં જાય; પણ ધર્મ પહેલો એમ કોઈ ગણતા નથી. જેમ પગારદાર નોકરથી રાજ્ય ખરે વખતે ટકતું નથી, તેમ શ્રાવક શ્રાવિકા વર્ગ શાસનને મસ્તકે ચડાવનાર ખરો. પણ એની દશા કઈ? એ તો 'મહાજન મારા માથા પર, પણ ખીલી મારી ખસે નહીં' એવો ઘાટ છે. કણબીએ મહાજનને માથા ઉપર રહેવાનું કહ્યું, પણ ખીલી ખસેડવાની વાત નહીં. શ્રાવકો પોતાને શાસન તારનાર કહેવરાવે, પણ નાત જાત, બાયડી છોકરા સંભાળ્યા પછી શાસનની વાત. શેરીમાં આવે ત્યારે મારીએ, એના જેવું સમજવું. પોતે સામે લડવા ન જાય. લશ્કર તો ઘર, સ્ત્રી, છોકરા વગેરેને છોડી સરહદ ઉપર લડવા જાય. લશ્કર તે કોણ? જેઓએ સર્વસ્વ વમી નાંખ્યું છે. સર્વસ્વ હોમનારા એ જ સાચા યોદ્ધાઓ. મુનિમહારાજ સર્વ સંગ સ્નેહ આરંભ પરિગ્રહનો ત્યાગ કરી ઉઘાડે માથે નીકળી પડ્યા છે. તેઓ હાથી ઉપર સવારી કરી મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિરૂપ દુશ્મનના ઉપર ધસી પડે છે. એક ઓઠું છે તે સમજો ચરવા ગયો, લીંબડો દેખ્યો; એટલે ઊંચે ન પહોંચ્યો, પાછો આવ્યો. જે લીંમડે મોં ન પહોંચ્યું, પાન ન લઈ શક્યો, તે ઉપર વિષ્ટા શી રીતે કરી? કૂવામાં રહેલા લીંબડામાં વિષ્ટા (લીંડું) કરી શકે. અહીં એ વાતને ક્યા રૂપે લેવી છે? કીડી હાથીનો ઉપયોગ શી રીતે કરવાની? હાથી ચાહે તેવો મોટો છતાં કીડીને તેનો ઉપયોગ કરવો મુશ્કેલ. તેમ મુનિયોદ્ધા દુઃખમ કાળમાં જન્મેલા, તેમની બુદ્ધિ ભગવતીરૂપી જયકુંજરમાં ક્યાં પહોંચવાની? વચલા કાળના આચાર્ય ભગવંતો એવા પરમોપકારી હતા; જેમ હાથી ઉપર ચઢવા માટે નિસરણી રાખીએ તો નાનું છોકરું પણ ચઢી જાય, તેમ આ ભગવતીસૂત્રરૂપી જયકુંજર હાથી ઉપર મુનિ યોદ્ધાને ચડવા માટે બે ઉપાય કર્યાઃ વૃત્તિ, ચૂર્ણિ , એક બાજુ ટીકા અને બીજી બાજુ ચૂર્ણીરૂપી દોરડાની નિસરણી છે. કોઈક કહે, ભગવતીરૂપી હાથી ઉપર ચડવા માટે દોરડાની નિસરણી નાખેલી જ છે,

તો પછી તમારે ડહાપણ કરવાનું શું કામ ?

**ટીકા વિસ્તૃત શા માટે અને કેવી રીતે કરી ?**

એક વાત ધ્યાનમાં રાખવાની કે, અષ્ટાપદજીમાં આઠ પગથિયાં ભરત મહારાજે કર્યા છે. જોજન જોજનનાં એ પગથિયાં. એ પગથિયાં ભલે કહેવાય, પણ એ કોને કામનાં? તેવડું શરીર હોય તેને કામ લાગે.તેમ ચૂર્ણિ વૃત્તિ કરેલી છે; તે તેવા બુદ્ધિશાળીઓ માટે છે. શ્રેષ્ઠ ગુણો તેમાં છે. જ્યાં જ્યાં હું ટીકા કરતાં ગૂંચાયો છું ત્યાં ત્યાં મારે પહેલાંની ટીકા ચૂર્ણિનું આલંબન લેવું પડ્યું છે. પણ તે ઘણી ટૂંકી છે. ઊંચા હોય તેને ટૂંકી કામ લાગે; નીચો હોય તેને નાનું દોરડું કામ ન લાગે. બુદ્ધિમાં મોટા હાથીની અપેક્ષાએ ઊંચા. ઈષ્ટ વસ્તુ સાધવામાં કામ લાગે. એ બે ટીકાચૂર્ણિ તેમાં લઈશ. બાકીનું ઘરનું નાખશો ? ઘરનું નાખે તો પણ તેમના વિશ્વાસે વિશ્વાસ છે, પણ પોતે પોતાને વિશ્વાસે વિશ્વાસ કરાવવા માગે નહીં.

ગૌતમસ્વામી બીજાને પ્રતિપાદન કરી ભગવાન પાસે લાવે. ભગવાન પાસે પ્રશ્ન કરે કે આ કેમ? પ્રભુ ઉત્તર આપે કે આ એમ. ગૌતમસ્વામી પોતાના વાક્યથી મનાવવા તૈયાર નથી. એ કહે તેમાં ફરક ન હોય, પણ તેઓ તેમ મનાવવા તૈયાર નથી. ઘરનું ઉમેરવું નથી અને છતાં નાનીની મોટી કરવી છે. તો તે કેમ બને? જીવાભિગમની ટીકા, પન્નવણાની ટીકા, જંબૂદ્વિપપ્રજ્ઞપ્તિની ટીકા ચૂર્ણિ પહેલાંની કરી છે. તેને આમાં સાંધી દીધી. બીજા ગ્રંથોમાં વિવરણો માં ટીકામાં રહેલી વાત લાવી અહીં જોડી, બીજી દોરડીઓ લાવી જોડી. આ બે જોડી એટલે લાંબી થશે. લાંબી થવાથી જમીન પર જ અથડાશે. નાના હશે તેને પણ ફાયદો થશે. અલ્પબુદ્ધિવાળા સાધુને પણ મારી ટીકા ઉપરથી સમજ પડશે, એમ શ્રી અભયદેવસૂરિ મહારાજ કહે છે.

હાથી કોનો ? દોરડી કોની ? તમે સાંધનારા માલિક થાવ છો ?

ઘર ચણાવ્યું રંગાવ્યું કોણે? તમે બેસવામાં માલિક થઈ ગયા? તેનો ઉત્તર આપતાં શ્રી અભયદેવસૂરિ મહારાજ કહે છે, મારી કલ્પનાએ કે સત્તાએ સાંધીને કરતો નથી. હાથીનો મહાવત જોડે રહીને કોઈને પણ ચઢાવી શકે છે. મારા આચાર્ય મહાવત તરીકે મારી સાથે છે. તેમના હુકમને અંગે હું આ કરું છું પોતાના આચાર્યને અભયદેવસૂરિ કેવા શ્રેષ્ઠ ગણે છે તે સમજો. આજકાલના આપણે દાદા પરદાદા ભૂલ્યા એમ કહીએ છીએ. કહે છે, એનો પુરાવો એકે નથી. મહાવતના હુકમથી હાથી પાસે નાનુંબચ્ચું પણ જાય. હું બચ્ચું , પણ મહાવત જેવા ગુરુમહારાજનું વચન એ જ મહાવત. ગુરુમહારાજે હુકમ કર્યો, પણ તેનો અમલ કરતી વખતે 'જા બિલ્લી કુત્તેકો માર' એવું ન થવું જોઈએ. પહેલાંના મુનિરાજોરૂપી કારીગરોના કુળમાં ઉત્પન્ન થયેલો છું. તેથી અભયદેવસૂરિજી કહે છે કે, નાડીની માફક ભગવતીસૂત્રની વ્યાખ્યા સમજવા માટે દોરડા સરખી આ ટીકા શરૂ કરું છું. આ રીતે આ ગ્રંથની પ્રસ્તાવના કરી.

# દેશના - ૬
## 'વિઆહપણ્ણત્તિ' નો અર્થ

આચાર્ય ભગવંત શ્રીમાન્ અભયદેવસૂરિજી મહારાજ ભગવતીજીની વ્યાખ્યા કરતાં આગળ જણાવી ગયા કે, જીવાભિગમ આદિનાં વિવરણોમાંથી થોડો થોડો ભાગ લઈ, હું ભગવતીસૂત્રની વ્યાખ્યા કરીશ.

**પ્રશ્ન :**- ગ્રંથનું નામ ભગવતી કહો છો તો શું એનું અસલ નામ ભગવતી છે ?

**ઉત્તર :**- પદાર્થની અપેક્ષાએ - ગ્રંથમાં કહેલ વિષયની અપેક્ષાએ ભગવતી નામ નથી. ફોઈએ પાડેલું નામ કંઈ હોય, નક્ષત્રને અંગે એટલે કે જ્યોતિષશાસ્ત્રની રાશિની દૃષ્ટિએ કંઈ નામ હોય અને હુલરામણિયાનું નામ વળી બીજુ જ કંઈ હોય. તેમ આ સૂત્રનું પદાર્થ ની સ્થિતિની અપેક્ષાએ વિષયપ્રતિપાદનની અપેક્ષાએ - વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ નામ છે. પરંતુ સર્વ સૂત્રોમાં મોટું હોવાથી, ગૌતમસ્વામીના નામથી ગૌતમસ્વામીના અનેક પ્રશ્નોથી અલંકૃત હોવાથી આ સૂત્ર જૈન આલમમાં ભગવતી તરીકે પ્રસિદ્ધ થયેલું છે. ગ્રંથની પૂજ્યતાને અંગે 'ભગવતી' નામ છે.

### પ્રતિક્રમણનો અર્થ

આ રીતે આ સૂત્રનાં બે નામ છે. પરંતુ નામનો અર્થ બરાબર ખ્યાલમાં ન હોય ત્યાં સુધી છોકરો કહેવાની જગા પર જમાઈ અને

જમાઈની જગા પર છોકરો કહી દેવાય તો કોણ અટકાવી શકે ? એ જ રીતે સૂત્રના નામના અર્થનો ખ્યાલ ન હોય ત્યાં સુધી સૂત્રની વિશિષ્ટતા ખ્યાલમાં ન આવે. આપણમાં કેટલાક શબ્દો પ્રસિદ્ધ છે, પણ તેના અર્થનો ખ્યાલ અલ્પને હોય છે. દાખલા તરીકે પ્રતિક્રમણ શબ્દ આપણામાં કોણ નથી જાણતું ? છતાં તેનો અર્થ શો ? તે પૂછો તો અમુક જ જાણનાર મળે. ઘણાને તો શબ્દનો અર્થ જ ખ્યાલમાં નથી હોતો. પ્રતિ = પાછું , ક્રમણ = હઠવું, ક્યાં હતા, ક્યાં ગયા, ને ક્યાંથી હઠવું, એનો ખ્યાલ હોય તો જ આનો અર્થ સમજાય. પોતાનું મૂળ સ્થાન ક્યું તે જાણતા હોઈએ તો જ તે સ્થાને પાછા આવવાનું સૂઝે. તેનો અર્થ સ્પષ્ટ સમજાતાં પોતાના અસલ સ્થાનકથી બીજે સ્થાનકે ગયાનો ખ્યાલ આવી શકે. ઘરથી ઉપાશ્રયે ગયા, પાછા ઘેર ગયા તેને પડિકમણું કહેવું ?

स्वस्थानात् यत्परस्थानं प्रमादस्य वशाद् गतः ।

तत्रैव क्रमणं भूयः प्रतिक्रमणमुच्यते ।।

કર્મના-જ્ઞાનાવરણાદિક, ક્રોધાદિક, આહારાદિ સંજ્ઞારૂપ ઔદાયિક ભાવોને કારણે કર્મના ઉદયથી થવાવાળી સ્થિતિને લઈને પરપરિણતિરૂપ આત્મસ્વરૂપથી ભિન્ન - પરસ્થાનમાં ગયા હોઈએ, ત્યાંથી આત્માના સ્વભાવમાં - સમભાવમાં પાછું દાખલ થવું, તેનું નામ પ્રતિક્રમણ. વિચાર કરો, પડિકમણું શબ્દ પ્રસિદ્ધ છે, પણ તેનો ટૂંકો-સીધો અર્થ ''ક્રોધાદિક વિકારસ્વરૂપમાં પ્રવર્ત્યે હોઈએ તેમાંથી આત્માના સ્વરૂપમાં પાછા આવવું'' - એ આપણા ખ્યાલમાં ન હોય તો કામ કેવી રીતે ચાલે ? શબ્દનો અર્થ ન સમજે તે સ્ટેશનથી પાછા ઘેર આવવું શું અને ન આવવું શું તે પણ ન સમજી શકે. એટલા માટે પ્રત્યેક શબ્દના અર્થનો ખ્યાલ લાવવાની જરૂર છે.

## શબ્દો અને તેના અર્થોની સમજૂતીની જરૂર

એવી રીતે અહીં પંચમાંગ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ-ભગવતી સૂત્ર - સંભળાવવામાં આવે પણ તેનો અર્થ સમજવામાં ન આવ્યો હોય તો? એવો પ્રશ્ન શ્રી અભયદેવસૂરિજીએ ઊભો કર્યો. સૂત્રનો અર્થ એટલે કે સૂત્રની ટીકા કરવાના છો એ ખરું, પણ ગ્રંથના નામસૂચક શબ્દનો અર્થ કયો તે તો કહો. હીરા, મોતી, સોનું વગેરે શબ્દનો અર્થ ખ્યાલમાં ન હોય તો તેનાં સ્વરૂપ, કિંમત, તોલ, તેજ વગેરેનો ખ્યાલ ક્યાંથી હોય? અભયદેવસૂરિજી આનો ઉત્તર દે છે. મહાનુભાવ ! વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ કેટલા શબ્દનું બનેલું નામ છે તે જુઓ. જેમ પુરુષોત્તમદાસ એ નામ પુરુષ, ઉત્તમ અને દાસ એ ત્રણ શબ્દનું બનેલું છે તેમ, वि + आ + ख्या + प्रज्ञा અને આ પાંચ શબ્દો મળીને વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ નામ બનેલું છે. પુરષોત્તમદાસ નામમાંના બધા શબ્દોના અર્થો સમજીએ છીએ તેમ આ પાંચ શબ્દોમાંથી वि , आ વગેરે એકેનો અર્થ સમજતા નથી.

अज्ञः सुखमाराध्यः सुखतरमाराध्यते विशेषज्ञः ।
ज्ञानलवदुर्विदग्धं ब्रह्माऽपि तं नरं न रञ्जयति ।।

જે માણસ અજાણ-અભણ છે અને પોતે સમજતો નથી તેને સમજાવવામાં એટલી અડચણ નથી; અને વળી 'सुखतरमा राध्यते विशेषज्ञः ' એટલે કે જે જ્ઞાની છે તેને તો ઈશારામાં સમજાવાય. ત્યારે ત્રીજો ક્યો? તો કહે છે 'ज्ञान लवदुर्विदग्धः' જે જ્ઞાનનો લેશ મળવા માત્રથી પોતાને પંડિત માનવા લાગ્યો હોય તેને વસ્તુ સમજાવવી એ ભારે કઠણ કામ છે. વળી પરંપરાથી ચાલી આવતી વાતને જે, પોતાની બુદ્ધિનું પ્રદર્શન કરવાના હેતુથી, જુદી રીતે સમજાવે તેની કેવી સ્થિતિ થાય તે માટે સૂયગડાંગની નિર્યુક્તિમાં(અ. ૧૩, શ્લો. ૧૨૫)

ભદ્રબાહુસ્વામિજીએ દાખલો આપ્યો છે.

आयरियपरंपरएण आगयं जो उ छेयबुद्धिए ।
कोवेइ छेयवादी जमालिनासं स णासिहिति ।।

અર્થાત્ - આચાર્યોની પરંપરાથી ચાલ્યા આવતા અર્થને જે, પોતાની બુદ્ધિને કુશાગ્ર માનીને દૂષિત કરે છે તે જમાલીની જેમ નાશ પામે છે.

અહીં 'वि, आ, ' વગેરે શબ્દોના અર્થો કલ્પનાએ કહી દઉં, મનમાં ફાવે તેમ 'वि' એટલે 'પંખી' એમ કહું તો કામ ન લાગે. માટે પરંપરાએ આવેલા, નંદીસૂત્રની વ્યાખ્યામાં હરિભદ્રસૂરિએ સૂચવ્યા છે તેમ, હું એના અર્થો કહું છું. 'वि = विविधाः' એટલે અનેક પ્રકારના 'वि' इति विविधा जीवाजीवादिप्रचुरतरपदार्थविषयाः ' અહીં વ્યાખ્યામાં 'वि' શબ્દ છે તેનો અર્થ અનેક પ્રકારના પદાર્થો થાય છે. આ અનેક પ્રકારના પ્રદાર્થો ક્યા? તો કહે છે, જીવાજીવાદિક. જીવપદાર્થ, અજીવ પદાર્થ વગેરે. તત્ત્વની અપેક્ષાએ નવ તત્ત્વ કહ્યાં છે. પણ સામાન્ય બે જ તત્ત્વ કહીએ: જીવ અને અજીવ.

**પ્રશ્ન** - એકલા જીવને રાખી "વગેરે" કાઢી નાખો. "વગેરે" કહીને અજીવને વચમાં શા માટે ઘુસાડો છો?

**ઉત્તર** - જૈન શાસન જીવપદાર્થની વ્યાખ્યા કરે છે તે એકલી જ્ઞેય તરીકે જાણીને બેસી રહેવા માટે નહીં. એમ થાય તો તો સમીરબાઈની સબૂરીમાં બહોંતેર કિલ્લા ગુમાવવા જેવું થાય. સમીરબાઈ રાણી બન્યાં એટલે ભાગ્યયોગે એમને રાજ્ય મળેલું, પણ રાજ્યની જરા જેટલી પણ ખબર ન રાખે. એમ કરતાં એક દિવસ ખબર આવી: ફલાણું રાજ્ય આપણા ઉપર ચઢી આવે છે. રાણી કહે - સબૂર કરો સબૂરીનાં ફળ મીઠાં છે. વળી સમાચાર આવ્યા, લશ્કર તેયાર થયું છે ને આપણી તરફ

આવવા નીકળ્યું પણ છે. તો કહે, સબૂર કરો, સબૂરીના ફળ મીઠાં છે. વળી ખબર આવીઃ લશ્કર આ સીમાડે આવી પહોંચ્યું, તો પણ રાણી કહે સબૂર કરો. કહે તમારી સરહદ તોડી, તો કહે સબૂર કરો. પછી તો અમુક કિલ્લો લીધો, બીજો કિલ્લો લીધો, ત્રીજો લીધો તેમ કરતાં બાવન કિલ્લા ખોયા તોય ન જાગ્યાં અને છેવટે સબૂરીમાં ને સબૂરીમાં ૭૨ કિલ્લા ખોયા. એ જ રીતે કેવળ આત્માને જાણવાની વાત કર્યા કરીએ, અને એકે પાપથી પાછા ન હઠીએ, કર્મનાશનો ઉપાય ન કરીએ, કર્મનું સ્વરૂપ ન જાણીએ તો પછી આત્માને જાણ્યો તેમાં શું વળે? એકલું જીવનું જ્ઞાન કરે, આવતાં કર્મો, કર્મોના વિકાર - આશ્રવ, બંધ, તેનાં કારણો અને નિર્જરના સ્વરૂપનો ખ્યાલ ન કરે તો શું થાય ? જીવાભિગમ સૂત્ર મોઢે કર્યું હોય તો પણ શું થાય ? જીવાજીવાભિગમ એટલે જીવ અને અજીવ બંનેનું જ્ઞાન. પુણ્ય પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા, મોક્ષનો ખ્યાલ ન કરે તો શું થાય ? આટલા માટે અજીવ વગેરેને વચમાં લાવેલા છે.

**જીવ અને અજીવ તત્ત્વ જાણવાની જરૂર**

જેમ જીવ મુખ્ય છે તેમ જાણવા માટે અજીવ મુખ્ય છે. જીવના અસંખ્યાત પ્રદેશમાં એક પણ પ્રદેશ ઓછો કરનાર કોઈ નથી. અસંખ્યાત પ્રદેશમાં એક પ્રદેશ વધારી શકે તેવી કોઈની તાકાત નથી. સૂક્ષ્મ અપાર્યપ્તમાં રહેલો જીવ ને સિદ્ધનો જીવ - એ બંને જીવો જ છે. સિદ્ધિમાં અને નિગોદિયામાં અસલપણે - જીવસ્વરૂપે વધારે ઓછું કંઈ નથી. પણ સાથે અજીવ તત્ત્વ પકડીએ તો આપણો જીવ કર્મે અવરાયેલો -ચગદાયેલો અને સિદ્ધનો કર્મથી છૂટો એટલો ફરક ખ્યાલમાં આવે. આ અજ્ઞાની છે, પેલો જ્ઞાની છે એ પણ કર્મને સમજીએ તો જ કહી શકીએ. એકલા જીવ તત્વની વાત કરીએ અને અજીવ તત્વ ન જાણીએ, તો

જ્ઞાનવરણી કર્મ નથી તેથી એ જ્ઞાની છે એ ભેદ ન સમજી શકાય. મોક્ષની ઈચ્છાએ લોકો માર્ગ પકડે, તેથી મોક્ષમાર્ગ બતાવવા માટે અનુકૂળ તત્ત્વજ્ઞાન બતાવવું જોઈએ. એટલા માટે જીવ સાથે અજીવને પણ તત્ત્વ તરીકે જણાવ્યું. છોડવા લાયકને છાંડો તેથી સ્વસ્વરૂપ પામી શકો. જીવ સાથે અજીવને કહી દો. આશ્રવ-સંવર, બંધ-નિર્જરા સાથે કહી નાખવામાં અડચણ નથી. મોક્ષ પણ સાથે કહી શકીએ છીએ. પણ દુનિયામાં તોલાય કોણ ? - હીરો કે તેનું તેજ, મોતી કે તેનું પાણી, સોનું કે તેનો કસ? હીરાનું પાણી, મોતીનું તેજ, સોનાનો કસ પરખાય, પણ તોલાય હીરો, મોતી ને સોનું જીવ અજીવ બે જ દ્રવ્યો છે. પુન્યાદિકને પણ તત્ત્વો કહ્યાં છે, પણ મુખ્ય દ્રવ્યો જીવ અને અજીવ બે જ. પુન્ય-પાપ અજીવના તેજ-કસ-પાણી જેવા, પુદ્‌ગલોના વિકારસ્વરૂપ છે. મુખ્ય વસ્તુ તો જીવ અને અજીવ છે. બાકીની વસ્તુ આદિપદથી જણાવી. નવ તત્ત્વમાં જીવાજીવાદિક તત્ત્વો કહ્યાં છે તે જ કહેવાના છે ને ? આદિ શબ્દથી નવ તત્ત્વનો જ ખ્યાલ આવે તેટલા માટે કહે છે કે प्रचुरतर પુષ્કળ ગણાય એવા જીવ અજીવ વગેરે. આ થયો વિ શબ્દનો અર્થ.

**આકારની ઉપયોગિતા**

છોકરો લોહી માંસ હાડકાંનો જથ્થો અને જમાઈ પણ લોહી માંસનો જથ્થો. બન્ને પંચેન્દ્રિય જીવ છે. છતાં એકને છોકરો અને બીજાને જમાઈ કેમ કહો છો? બંને માંસના લોચાને પંચેન્દ્રિય છે. અમુક આકારવાળો માંસનો લોચો મનુષ્ય જીવ હોય તો પણ છોકરો છે. આકારવાળા નથી માનતા તેવાને ઉત્તર દેવાય છે. તમો પહેરો ધોતિયું, બાયડી લૂગડું પહેરે છે. ધોતિયાને આકારે બાયડી પહેરે. લૂગડાના આકારમાં પુરુષ પહેરે. ધોતિયામાં, સાડલા ને ખેસમાં ફરક

નથી. લૂગડાના પહેરવાના આકારમાં ફરક છે. આકાર ન માને તેને છોકરા ને જમાઈ, બાયડી ને પુરુષ વચ્ચે ફરક નહીં રહે. આખા જગતનો આધાર આકાર ઉપર છે. તેથી આખું જગત આકારમય. સ્થાપના નિક્ષેપો આટલા માટે જ કહ્યો છે. જમાઈ અને સસરા બંનેનું નામ નથુભાઈ હોય તો, માનું ને વહુનું નામ એક હોય તો, મા એ વહુ ને વહુ એ મા એમ મનાય ખરું કે? શાથી જુદું? આકાર ઉપર સર્વ પદાર્થોની વ્યવસ્થા છે. તેમ જીવાજીવાદિક પદાર્થો નિરૂપણ કરવાના છે તેનો આધાર, 'આ' કાર आ એવો સ્વર તેના ઉપર રહેલો છે. 'આ' કારમાં કેવી મનોહરતા રહી છે, 'આ' કારની મનોહરતા કેવી રીતે તે હવે પછી જોઈશું.

# દેશના - ૭

## 'વિઆહપણ્ણત્તિ' નો અર્થ (ચાલુ)

ટીકાકાર શ્રી અભયદેવસૂરિજી મહારાજે આ ગ્રંથના નામમાં આવતા 'वि' નો અર્થ કર્યો. હવે 'आ' થી તેઓ શું કહેવા માગે છે તે જોઈએ. ''आ'' એ સંસ્કૃત ભાષાનો ઉપસર્ગ છે. ઉપસર્ગનું કામ ધાતુના મૂળ અર્થમાં ફેરફાર કરવાનું છે આ ઉપસર્ગના બે અર્થ થાય છે: (૧) અભિવિધિ, અને (૨) મર્યાદા. અભિવિધિ અને મર્યાદા કોને કહેવા ? તે બેમાં ફરક ક્યો ? જ્યારે ''आ'' ઉપસર્ગ વ્યાપ્તિ લે એટલે કે જે નામની સાથે ''आ'' જોડવામાં આવ્યો હોય તેને પણ આવરી લે, ત્યારે તે અભિવિધિના અર્થમાં વપરાયો ગણાય. અને જ્યારે ''आ'' પોતાની સાથેના નામને છોડી દે ત્યારે એ મર્યાદાના અર્થમાં વપરાયો ગણાય. ''आ'' ને ભાષામાં ''સુધી'' એવો અર્થ કરી શકાય. કોઈ એમ કહે કે ''પાલીતાણા સુધી વરસાદ વરસ્યો'', તો આના બે અર્થ થઈ શકે: એક અર્થમાં પાલીતાણામાં પણ વરસાદ વરસ્યો એમ સમજી શકાય, અને બીજામાં પાલીતાણા શરૂ થાય છે ત્યાં સુધી વરસાદ થયો એમ સમજાય. જ્યારે પાલીતાણા શહેરનો પણ સમાવેશ થાય ત્યારે તે અભિવિધિ કહેવાય, અને પાલીતાણાનો સમાવેશ ન થાય ત્યારે તે મર્યાદા કહેવાય. ટૂંકમાં શહેર લેવામાં આવે તે અભિવિધિ અને ન લેવાય તે મર્યાદા; આ રીતે ''आ'' શબ્દ બે અર્થમાં વપરાય છે.

**પ્રશ્ન :** ' વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ' નામમાં 'આ' શબ્દ અભિવિધિ અર્થમાં

લીધો છે કે મર્યાદામાં ? કે પછી બંને માટે "आ" કહ્યો છે ?

ઉત્તર - અપેક્ષા ભેદે બન્ને અર્થમાં "आ" શબ્દનો અહીં ઉપયોગ કરવામાં આવ્યો છે.

**અપેક્ષાએ વિચારવાની જરૂર**

વિરુદ્ધ લાગતા કે બે જુદા જુદા લાગતા અર્થમાં વપરાતો "आ" શબ્દ અહીં બન્ને અર્થમાં કેવી રીતે વપરાયો, એવી શંકા કરવાની જરૂર નથી. કારણ કે જગતમાં અક્કલ ન ચલાવે તેને ડગલે ડગલે વિરોધ કે જૂઠું માલૂમ પડે. પરંતુ અક્કલ ચલાવનારને વિરુદ્ધ લાગવા છતાં સારું જ માલૂમ પડે. મૂળ વાત અપેક્ષાએ વિચાર કરતાં આવડવું જોઈએ છે. એક જ દેવદત્ત બાપ અને દીકરો બન્ને કેવી રીતે હોઈ શકે એ સવાલ કોઈના મનમાં ઊઠે. પણ પોતાના પિતા યજ્ઞદત્તની અપેક્ષાએ એ દીકરો અને પોતાના પુત્ર મિત્રદત્તની અપેક્ષાએ એ પિતા, એ તો આપણે સહેજે સમજી શકીએ એવું છે. આ રીતે બાપપણું અને દીકરાપણું પરસ્પર વિરુદ્ધ છે તે કેવળ એકની અપેક્ષાએ જ. જુદી અપેક્ષાએ લઈએ તો ત્યાં વિરોધ આવી શકતો જ નથી. આ જ રીતે અહીં પણ અપેક્ષાએ "आ" ના અભિવિધિ અને મર્યાદા બન્ને અર્થો લઈએ છીએ.

**લક્ષણ લક્ષ્ય વ્યાપી હોવું જોઈએ**

આ માટે ટીકાકાર મહારાજ કહે છે કે "आ" अभिविधिना कथंचिन्निखिलज्ञेयव्याप्त्या । ભગવાન મહાવીર મહારાજના કથનની સર્વ પદાર્થોમાં વ્યાપકતા લઈએ છીએ. બધા પદાર્થોને વ્યાપીને જ ભગવાન મહાવીરનું કથન છે. અમુક પદાર્થોને લેવા અને અમુકને નહીં તેમ નહિ. જેટલા જ્ઞેય-જાણવા લાયક પદાર્થો છે તે બધાને આવરી લે તેવું ભગવાનનું કથન છે. માટે "आ" નો ઉપયોગ અભિવિધિમાં થયો સમજવો. પણ મર્યાદામાં તો છોડવાનું હોય. એનો અર્થ એ થયો કે ભગવાનનું વચન અમુક જગો પર લાગુ ન થાય. આ જ મર્યાદા ગણાય.

આમ ન હોય તો મર્યાદા ક્યાં ગણાય? ભગવાનનું વચન કોઈ જગો પર વ્યાપેલું ન હોય તો અવ્યાપક ગણીને મર્યાદા બાંધી શકાય. આ માટે ટીકાકાર મહારાજ અહીં 'मर्यादा' ની સમજૂતી આપતાં કહે છે - 'मर्यादया वा परस्पराऽसंकीर्णलक्षणाभिधानरूपया' એટલે કે પદાર્થોનાં લક્ષણ એવાં કરે કે તે પોતાના લક્ષ્યની મર્યાદાનું અતિક્રમણ કરીને બીજે ક્યાંય ન વ્યાપે. આ જ આ સૂત્રના નામમાંના "आ" નો મર્યાદાવાચક અર્થ થયો. એટલે કે જીવનું લક્ષણ કરે તે એવું કરે કે તે અજીવમાં ન જાય. એ જ રીતે અજીવનું, પુન્ય-પાપનું લક્ષણ પોતામાં સર્વત્ર લાગુ પડે, પણ બીજામાં જરા પણ ન જાય. આવી રીતે દરેકના જુદા જુદા સ્વરૂપ અંગે સમજવું. સોનાનું લક્ષણ કસોટી પર કસ આવે તે સોનું. તે લક્ષણ ચાંદીમાં નહીં જાય. કસનું આ લક્ષણ હીરામાં પણ નહીં જાય. તેથી એની એ મર્યાદા. માંહોમાંહે ખીચડો ન થઈ જાય, તેવા રૂપે લક્ષણનું અભિધાન કરવું યાને તેવા રૂપે લક્ષણો કહેવાં.

'ઉપયોગલક્ષણ જીવ' એટલે કે ઉપયોગ એ જીવનું લક્ષણ. આમ હોવા છતાં પોતાને જૈન કહેવડાવનારા, આગેવાન કહેવડાવનારા, જીવનું નવું લક્ષણ સમજાવતાં જ્યારે એમ કહે કે 'હાલેચાલે ત્યારે જીવ' તો એનો અર્થ એ થયો કે એકલા ત્રસને જ જીવ માન્યા, અને એકેન્દ્રિયવાળા પાંચ સ્થાવર કાય ઉડાડી દીધા. એ તો અન્યો (અન્ય દાર્શનિકો) એકલા ત્રસને જીવ માને છે એ વાતનો સ્વીકાર કર્યો કહેવાય. પણ જૈન તો હાલવું-ચાલવું એ જીવમાત્રનું નહીં પણ જીવોના એક પ્રકાર - ત્રસ જીવનું એ લક્ષણ માને, કારણ કે જીવ બધા હાલનારા-ચાલનારા હોય તેવો નિયમ નથી. તેથી તમામ જીવોને આવરી લે તેવું જીવનું લક્ષણ કરતાં કહ્યું : ચેતના, ઉપયોગ, સુખદુ:ખની અનુભૂતિની શક્તિ એ જીવનું લક્ષણ. જીવનું આ લક્ષણ અજીવમાં જાય ખરું? આ જ રીતે અજીવનું લક્ષણ કરતાં જૈન એમ નહીં

કહે કે જે હાલેચાલે નહીં તે અજીવ, કારણ કે સ્થાવરો હાલે ચાલે નહીં છતાં તેમાં ઉપયોગનું અસ્તિત્વ હોવાથી તે જીવ છે. માટે ચેતના-ઉપયોગ વગરના હોય તે અજીવ, એ અજીવનું લક્ષણ કહેવાય. તે માટે અહીં ખીચડો ન થાય તેમ પદાર્થો કહેવા (પદાર્થોના લક્ષણો કહેવાં) તેનું નામ મર્યાદા. આ થયો ''आ'' ઉપસર્ગનો અર્થ. હવે ''ख्या'' નો અર્થ સમજો.

**વચનવિશ્વાસે પુરુષવિશ્વાસ**

વ્યાપ્તિમાં જ્ઞેયનું જ્ઞાન થાય તેમ લક્ષણ કહેવાં, તે આ સૂત્રનો ઉદ્દેશ છે. પણ વ્યાપક રીતે જોઈએ તો કથન તો અનેક પ્રકારનાં હોયછે, તો પછી સવાલ થાય છે કે કથન કોનું માનવું? વચન માનવાના જગતમાં બે પ્રકાર છે : એક વચનવિશ્વાસે પુરુષ વિશ્વાસ અને બીજો પુરુષ વિશ્વાસે વચનવિશ્વાસ. ધર્મમાં નવો પેસનાર હોય તે વચનને આધારે પુરુષનો વિશ્વાસ કરે. ગૌતમે મહાવીરને શાથી માન્યા? સંશયનો છેદ બીજા કોઈએ ન કર્યો, અને મહાવીરે સંશય પ્રગટ કરી છેદ કર્યો, એટલે વચનને આધારે પુરુષવિશ્વાસ થયો. તેથી હેમચંદ્રસૂરિએ કહ્યું:

क्षिप्येत वाऽन्यैः सदृशीक्रियेत वा,
तवाङ्घ्रिपीठे लुठंन सुरेशितुः ।
इदं यथावस्थितवस्तुदेशनं,
परैः कथङ्कारमपाकरिष्यते ।। १२ ।।

(અયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા)

હે વીતરાગ ભગવાન, તમારા ચરણકમળમાં ઈંદ્રો સેવા કરવા આવે છે તે વાતને ઉથલાવી પાડવી સહેલી છે. તમે ઈન્દ્રજાળિયા વૈક્રિય લબ્ધિવાળા કાં ન હો, તે લબ્ધિથી ઈંદ્રનું રૂપ કાં ન દેખાડતા હો? અર્હત્‌ની વ્યુત્પત્તિ આ રાખી છેઃ ઇંદ્રાદિકે કરેલી આઠ પ્રાતિહાર્યરૂપ પૂજા,

તે પૂજાને યોગ્ય એવું અર્હત્પણું જેમાં હોયતે અર્હત્. અર્હત્પણું ઈંદ્રની પૂજા ઉપરથી ગણાયું તે ખરું, પણ તે ઈંદ્રની પૂજા ઈંદ્રજાળથી કાં ન દેખાડતા હો? કવિ પોતે જ આનો જવાબ આપતાં કહે છે; નહીં, તમે આવું કરો નહીં, કારણ કે, તમારું કથન સાચું છે, તમે સત્યવક્તા છો. વળી વીતરાગ લબ્ધિને ફોરવે નહિ, ઈન્દ્રજાળ વગેરે આશ્ચર્યકારક બનાવો બનાવે નહીં. ઈન્દ્રો તો સ્વાભાવિક ભક્તિથી તમને પૂજે છે. તમે પ્રરૂપેલું જીવાદિકનું નિરૂપણ સાચું છે, તેથી ઈન્દ્રોનું આવવું થાય છે એ આગમન નથી તો ઈન્દ્રજાળરૂપે કે નથી લબ્ધિરૂપે. તેથી જ અમો તમોને નમસ્કાર કરીએ છીએ. તમારા બોલવામાં સાચાપણામાં અમને શંકા નથી. અને સાચેસાચી વાતને પ્રગટ કરવાની તમારી રીતિને અમો ખસેડી શકતા નથી, તેથી બીજા મતના દેવો જેવા તમને ગણતા નથી. અને તેથી ઈન્દ્રોની સેવા વાસ્તવિક છે, તે અમો માની શકીએ છીએ. આ રીતે વચન ઉપરના વિશ્વાસને લઈને ભગવાન ઉપર વિશ્વાસ કરવાનો પહેલો પ્રકાર થયો. આ પ્રકાર નવા આવનારમાં શ્રદ્ધા પ્રગટાવવાનો છે.

**પુરુષવિશ્વાસે વચનવિશ્વાસ**

હવે પુરુષવિશ્વાસે વચનવિશ્વાસનો બીજો પ્રકાર જોઈએ. જે માર્ગમાં દૃઢ છે, શ્રદ્ધાનુસારી છે, તર્કાનુસારીથી આગળ ગયેલ છે, તેવાને માટે પુરુષવિશ્વાસે વચનવિશ્વાસનો પ્રકાર કામ લાગે છે. ભગવાને કે ગૌતમસ્વામીએ કહ્યું માટે એમાં અવિશ્વાસ કરવાને કારણ ન હોય, એનું નામ પુરુષવિશ્વાસે વચનવિશ્વાસ. વચનવિશ્વાસે પુરુષવિશ્વાસ એ માર્ગ છે તર્કાનુસારી માટે, નવીન માટે. અને જે માર્ગમાં દઢ હોય. શ્રદ્ધાનુસારી હોય તેને માટે છે પુરુષવિશ્વાસે વચન-વિશ્વાસનો માર્ગ.

આ સૂત્રમાં કથન કોનું આવશે? તેનો ''ख्या'' શબ્દનો અર્થ કરતાં ટીકાકાર ઉત્તર આપે છે કે ''ख्या'' ख्यातानि भगवतो महावीरस्य

गौतमादि विनेयान् प्रति प्रश्नितपदार्थप्रतिपादनानि व्याख्याः '' આ સૂત્રમાંના વચન કોનાં ? ભગવાન મહાવીર મહારાજાનાં. કબૂલ, એક સર્જને દવા તો બતાવી, અને દવા પ્રામાણિક ખરી, છતાં એ દવા કોને કોને કામની? રોગ હોય તેને; બાકીનાને નકામી. પણ તેથી દવા કે સર્જન ખોટાં ઠરતાં નથી. જેમ દવા અમુક દર્દી માટે જ હોય. સર્જનોએ બતાવેલી દવા બધાએ લાવીને ખાવાની હોતી નથી, પણ જેને માટે તે નક્કી હોય તેણે જ લેવાની હોય છે; તેનું વગર જોયું(આંધળું) અનુકરણ કરી શકાય નહીં. આ માટે સંકાસ શ્રાવકનું દૃષ્ટાંત સાંભળો.

**દેવદ્રવ્ય અંગે સંકાસશ્રાવકનું દૃષ્ટાંત**

સંકાસ શ્રાવક દેવદ્રવ્યના ભોગમાં માત્ર કેટલો આવ્યો છે? એણે દેરામાંથી ઉપાડીને કશું ખાધું કે વાપર્યું નથી. भक्खेई जो जिणदव्वं, उवेक्खइ जो जिणदव्वं× દેવનું દ્રવ્ય પોતે ભક્ષણ ન કરે, પરંતુ બીજો ભક્ષણ કરતો હોય તેની બેદરકારી કરે કે એમાં આપણે શું ? તો એટલું જ માત્ર કરનાર पन्नाहीणो भवेत् - બીજા ભવમાં એ જીવ બુદ્ધિ પામનારો હોય નહીં, એને જ્ઞાનાવરણી કર્મ બંધાય, એટલું જ નહીં પણ દુઃખી -દુર્ભાગી થવાના કારણભૂત એવાં પાપોથી એ જીવ લેપાય છે. એવાની આ સ્થિતિ. એ વાત કોરાણે રાખીએ. સંકાસ* શ્રાવકને પોતાને ઘેર દેરાસરનો વહીવટ. એને દેરસરના મજૂરોને પૈસા આપવાના, અને અનાજ પણ એ બજારમાં જે ભાવે અનાજ મળે તે ભાવે જ આપે છે. જે પૈસા ઠરાવ્યા છે તે જ પ્રમાણે બધાને આપે છે. ૧૦૦ મજૂરોને અંગે ૭૫ રૂપિયા થાય. ૭૫) નું અનાજ મંગાવીને પેલાને દે. એને તો પારકી

× દેવદ્રવ્યના નાશનો દોષ વર્ણવતી નીચે મુજબ ગાથા ઉપદેશપદમાં છે. :

चेइयदव्वविणासे तद्दवअवविणासणे दुविहमेए ।

साहू उवेक्खमाणो अणंतसंसारिओ भणिओ ।।४१५।।

* સંકાસ શ્રાવકનો અધિકાર હરિભદ્રસૂરિકૃત અષ્ટક ટીકામાં તથા ઉપદેશપદવૃત્તિ પ્રથમ ભાગ, પત્ર ૨૨૮માં આવે છે.

લેખણ અને પારકી સહી જેવું જ સમજીને માવજીભાઈની માફક મત્તું મારવાનું હતું. દેરાની કોથળી, દેરાનો ચોપડો અને અનાજ પણ બહારથી મંગાવી બજાર ભાવે આપવાનું હતું. આમ છતાં વેપારી તરીકે એ વચલો ગાળો ખાઈ જાય. એણે આમાં સીધી રીતે કશુંખાધું નથી. છતાં આડકતરી રીતે પણ દેવદ્રવ્ય ખવાયું એટલે એ તજજન્ય દોષમાંથી ન બચી શક્યો. અનાજ લાવીને આપતાં જે નફો થયો તે દેરાસરના ચોપડે જમે ન કર્યો એ એનો દોષ. અને તેથી એ હજારો ભવ રખડયો. એ જેનો ભાગીઓ બને તેના પણ ભોગ મળે. જેની દુકાને બેસે તેને ઘરે ધાડ પડે એવી દુર્દશા એની થઈ. પછી કોણ રાખે ? વહાણમાં બેસે તો વહાણ ડૂબે આમ એ ઠેરઠેર હડધૂત થઈ ગયો. બારોબારના ગાળામાં પણ દેવદ્રવ્ય ખવાય નહીં. આ રીતે કોઈ સંખ્યાબંધ ભવો થયા પછી કોઈક વખતે કેળવજ્ઞાની ભગવાન મળ્યા, ત્યારે એણે પૂછયું: મારું આમ કેમ થાય છે ? જ્ઞાનીએ ઉત્તર આપ્યો : હજુ એ કર્મ ચાલે છે. સંકાસ શ્રાવકના જીવે પૂછયું: સંસાર ત્યાગ કરું ? કેવળીએ કહ્યું કે સંસાર તજવાની હજુ તારી લાયકાત નથી. અત્યારે તો તું એટલો અભિગ્રહ કર કે જે મળે તેમાંથી ભરણપોષણ સિવાય જે બચવા પામે તે બધું દેવદ્રવ્ય તરીકે ખરચી નાખવું. આ રીતે એણે દેવદ્રવ્યનું દેવું વાળ્યું અને પછી ચારિત્રને લાયક થયો.

અહીં સર્જન અને દવાના દાખલા પ્રમાણે એ સમજવાનું છે કે જ્ઞાનીએ સંકાસ શ્રાવકને દીક્ષા લેતો રોક્યો, તે તેની પાત્રતા જોઈ ને. પણ એ ઉપરથી બીજાને દીક્ષા લેતા રોકવા એ યોગ્ય ન ગણાય. વળી કોઈ કહે કે સાધુએ દીક્ષા લેતાં રોક્યો, અને એમ કહીને કેવળજ્ઞાનીએ સંકાસ શ્રાવકની અપેક્ષાએ જે કહેલું તે બીજાના વર્તાવમાં મૂકવા જાય તો ? એ તો એકને લાગુ પડેલી દવા વગર વિચારે ગમે તેને આપવા જેવું જ થાય. એટલે સર્જન દાક્તર અને દવા બન્ને સાચાં, પણ રોગી ક્યો ? જે જે રોગી હોય તેને તેને લાયક દવા લેવાય. આખા ગામે વગર

વિચારે એ દવા લેવાની ન હોય.

**"વ્યાખ્યા" અને "પ્રજ્ઞપ્તિ" નો અર્થ**

મહાવીરસ્વામીએ એકને ઉદ્દેશીને આ કથન નથી કર્યું. ગૌતમસ્વામી વગેરે જે જે ગણધરોનો પરિવાર તેને ઉદ્દેશીને આ કથન કહેલું છે. એટલે એ અમુક રોગને દૂર કરનાર ઔષધ જેવું નહીં પણ સર્વને શક્તિ આપનાર ઔષધ જેવું સમજવું. કોઈક વૈદ્ય ટોનિક (શક્તિવર્ધક) દવા બતાવે. તે અમુક માટે જ હોય તેમ નહીં, તે સર્વ માટે લાયક. વૈદ સામાન્ય, અને દવા શરીરનું પોષણ કરનારી, જઠરને ખીલવનારી એ દવા જેમ સર્વ કોઈ લઈ શકે, તેમ સૂત્રોમાં વ્યાખ્યા કરી તે ટોનિક દવા તરીકે સમજવી. ગૌતમસ્વામી વગેરે કે તેમના જેવા ઘાતીકર્મથી ઘેરાયેલા એવા જે જીવો હોય તે બધા જીવો માટે આ જણાવેલું છે. તે માટે वि, आ, ख्या = વ્યાખ્યા શબ્દનો અહીં પ્રયોગ કર્યો છે. પ્રશ્નિત પદાર્થ એટલે કે પૂછેલા પદાર્થનું, શંકાનું સમાધાન થાય તેમ વ્યાખ્યા કરવી, નિરૂપણ કરવું, તેનું નામ વ્યાખ્યા. ગૌતમસ્વામીએ પૂછેલા પ્રશ્નોના મહાવીર ભગવાને વ્યાપ્તિથી તેમ જ પૃથક્પણાથી (અનવૃત્તિ અને વ્યતિવૃત્તિથી) જે ઉત્તરો આપ્યા, જે નિરૂપણ કર્યું તેનું નામ વ્યાખ્યા. પૂછે કેડ અને હાથ દે કાને તેની દશા કેવી? તેમ જ્યારે વાત ભગવતીની ચાલે છે ત્યારે ભગવાનનું નિરૂપણ કેમ કરો છો? તો કહે છે, ભગવાન મહાવીર મહારાજે ગૌતમ આદિને અભિવિધિ અને મર્યાદાથી જે પદાર્થો નિરૂપણ કર્યા, તેનું નિરૂપણ અહીં કરાય છે.

આ માટે 'प्रज्ञप्ति' શબ્દને સમજાવતાં ટીકાકાર ભગવાન કહે છે કે 'ताः प्रज्ञाप्यन्ते, प्ररूप्यन्ते, भगवता सुधर्मस्वामिना जम्बूनामानमभि यस्याम् (सा व्याख्याप्रज्ञप्तिः)। ભગવાન સુધર્માસ્વામીજી નિરૂપણ કરે છે. સકર્મક્ ધાતુ જેમ કર્તા વગર ન હોય તેમ કર્મ વગરનો પણ ન હોય. અહીં આ વાક્યમાં કર્તા સુધર્માસ્વામી, તેમ કર્મ કોણ? કોની પાસે

કહ્યું ? તો કહે છે - જંબૂસ્વામી સન્મુખ કહ્યું, નિરૂપણ કર્યું.

આ બધું શ્રી અભયદેવસૂરિજી કહે છે; અભયદેવસૂરિજી પારકા ખતના માલિક થાય છે. જેઓ પરંપરાગમ* માને નહિ, તેઓને આમાં કંઈ પણ લાગે નહીં. પરંપરાગમ માનનારાને જ શાસન સાથે લાગેવળગે. દુપ્પસહસૂરિ સુધી પરંપરાગમ માન્યા વગર ચાલશે જ નહીં. આત્માગમ, અનંતરાગમ, પરંપરાગમ+ હોય, સ્વયં જ્ઞાનવાળો હોય અગર સાક્ષાત્ કે પરંપરાએ એણે જ્ઞાન મેળવ્યું હોય - જ્ઞાન મેળવવાનો આ ત્રણ સિવાય ચોથો પ્રકાર જ નથી. આ વાત ધ્યાનમાં રાખીએ ત્યારે કહી શકીએ છીએ કે આ સૂત્રો શ્રદ્ધા થકી-ભગવાનના ભરોસે-માનીએ છીએ; ગૌતમસ્વામી, સુધર્માસ્વામી, જંબૂસ્વામીના ભરોસે આ સૂત્રો °સહી તો ? તેને કહેવાનું કે કોની સહીથી માનીએ છીએ, તે જુઓ. ભગવાન દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના ભરોસે અમે આ માનીએ છીએ. આમ મહાવીરસ્વામી, ગૌતમસ્વામી, સુધર્માસ્વામી અને જંબૂસ્વામીએ કીધું, તે બધું દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના આધારે જ માનીએ છીએ. તે પણ ક્યારે માની શકાય કે જ્યારે પરંપરાગમ માનીએ તો.

**પ્રશ્ન** - દેવર્ધિગણી મનઃપર્યયજ્ઞાની કે કેવળજ્ઞાની ન હતા, દશપૂર્વધર પણ ન હતા, તો પછી તેમના વચનને શી રીતે માનવું ?

---

* આચાર્યોની પરંપરાથી ઊતરી આવેલ અર્થ તે પરંગરાગમ.

+ આત્માગત, અનંતરાગમ, પરંપરાગમ એ ત્રણ સૂત્રથી અને અર્થથી સમજવા. સૂત્રની અપેક્ષાએ ગણધર ભગવંતોએ દ્વાદશાંગીની રચના કરેલી હોવાથી પોતાને સૂત્રથી આત્માગમ. સુધર્માસ્વામીને જે સૂત્રથી આત્માગમ તે જંબૂસ્વામીજીને તેમના તરફથી પ્રાપ્ત થાય તે સૂત્રથી અનંતરાગમ અને તે પ્રભસ્વામીને મળે તે સૂત્રથી પરંપરાગમ.

અર્થથી તીર્થંકર ભગવંતે અર્થનું નિરૂપણ કરેલ હોવાથી તીર્થંકર ભગવાનને અર્થથી આત્માગમ. ભગવાન પાસેથી સુધર્માસ્વામીએ તે અર્થ જાણ્યો તે અર્થથી અનન્તરાગમ. અને સુધર્માસ્વામી પાસેથી જંબૂસ્વામીએ તે અર્થ જાણ્યો તે અર્થથી પરંપરાગમ. આ બાબત અનુયોગદ્વારસૂત્ર અને વિશેષાવષ્યક આદિમાં વિસ્તારથી આપી છે.

(૦ માનીએ છીએ. કોઈ કહે કે લાવો ગૌતમ સ્વામી આદિની.)

**ઉત્તર** - કોર્ટનો ક્લાર્ક કેટલા કાયદા ભણેલો હોય છે? છતાં જો ક્લાર્ક ઈમાનદાર હોય તો, કોર્ટના કાયદામાંથી તેણે કરી આપેલી નકલ આપણને માનવામાં હરકત નથી હોતી. કારણ કે તે ભરોસા લાયક છે. એ જ રીતે ભગવાન મહાવીરસ્વામીએ ગૌતમસ્વામીને કહેલાં વચનો ભરોસાપાત્ર એવા શ્રી દેવર્ધિગણિના કહેવાથી, તેમ જ એમના કહેવાનો આધાર પરંપરાગમ હોવાથી માનીએ છીએ. એ ન માનીએ તો શાસનમાં ઊભા રહેવાનું સ્થાન રહેતું નથી. બીજાઓની માફક આપણે આગમોને ઉડાડી દઈએ તો શાસનમાં રહેવાનું સ્થાન જ ન રહે. પરંપરાગમને નહીં માનનારાને માટે કે પાછળથી એ બધું ખોસી ઘાલ્યું છે તેમ કલ્પના કરનારને જૈન શાસનમાં સ્થાન નથી.

આ કાળ સુધી તે જ્ઞાન કેવી રીતે ચાલી આવ્યું છે? તેવી અશ્રદ્ધાવાળા સાથે વાત કરવી પણ ન શોભે. મહાવીરસ્વામી, ગૌતમસ્વામી, સુધર્માસ્વામી, જંબૂસ્વામી થયા હશે કે નહીં? એવો સવાલ કરનારને અભયદેવસૂરિને માનવાવાળા એ જ કહે કે - મહાવીર મહારાજાએ કહ્યું તે, તેમ જ ચૂર્ણી, ટીકા વગેરે પંચાંગી અમારે કબૂલ છે માન્ય છે.

આમ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ નામની એક રીતે વ્યાખ્યા કરી. કાયદાનો અમલ કરનારે જે વ્યાખ્યા થતી હોય તે અમલ કરતી વખત ધ્યાનમાં લેવી જોઈએ. અહીં વ્યાખ્યા કરનારે જે જે પ્રમાણે વ્યાખ્યા થતી હોય તે ધ્યાનમાં લઈ સમજાવવી જોઈએ. આ બીજી વ્યાખ્યાનો વિચાર હવે પછી કરવામાં આવશે.

# દેશના - ૮

## 'વિવાહપણણત્તિ' બીજા અર્થો

પખ્ખીસૂત્રમાં ભગવતીસૂત્રને વિવાહપન્નતિના નામે જણાવ્યું છે. તેથી વિવાહ પન્નતિ નામ મુખ્ય ગણીએ. તે નામનો અર્થ શો, એ ન સમજાય-ત્યાં સુધી સૂત્રના પદાર્થોનો ખ્યાલ ક્યાંથી આવે? અનેક પ્રકારે, મર્યાદાએ કે અભિવિધિએ પદાર્થોનાં જે પ્રતિપાદનો કર્યા હતાં તે પ્રતિપાદનો સુધર્માસ્વામીએ જંબૂસ્વામીને જણાવ્યાં છે. તે પદાર્થ-પ્રતિપાદનો જેમાં છે તે વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ આવી રીતે આચારાંગ, સૂયગડાંગ,સ્થાનાંગ, સમવાયાંગ યાવત્ ૧૧-૧૨ અંગો મહાવીર ભગવાને અર્થથી ગૌતમસ્વામીને તેમ જ સુધર્માસ્વામીને જણાવ્યાં. અને શ્રી સુધર્માસ્વામીએ એ બધાં શ્રી જંબૂસ્વામીને જણાવ્યાં. તો આ સૂત્રો અને ભગવતીસૂત્ર વચ્ચે વિશેષતા કઈ? આચારાંગ, સૂયગડાંગમાં વિષય વર્ણવતાં આચારાંગમાં ચારિત્ર - આચારની મુખ્યતાએ વ્યાખ્યા કરી. સૂયગડાંગમાં દ્રવ્યાનુયોગની મુખ્યતાએ, ઠાણાંગમાં અને સમવાયાંગમાં વર્ગીકરણની મુખ્યતાએ વ્યાખ્યા કરવામાં આવી. પરંતુ ભગવતીસૂત્રમાં જે વ્યાખ્યા કરવામાં આવશે તે સર્વ અનુયોગની મુખ્યતાએ. સામાન્યથી ૧૧ અંગ ચરણકરણની મુખ્યતાવાળા ગણાય. છતાં શ્રી ભગવતીજીના મંગલાચરણમાં <u>सर्वानुयोगवृद्धेभ्यः</u> એમ કહીને, એકલા દ્રવ્યાનુયોગ કે ચરિતાનુયોગના વૃદ્ધોને નમસ્કાર નથી કર્યો, પણ સર્વ અનુયોગ વૃદ્ધોને નમસ્કાર કર્યો.

## "વ્યાખ્યા" ના અર્થની સમજુતી

**પ્રશ્ન** - આ સૂત્રમાં અનેક પ્રકારે વસ્તુનું નિરૂપણ કરવામાં આવશે, એમ કહ્યું તે કેવી રીતે ?

**ઉત્તર** - દાખલા તરીકે ચેતનાવાળો જીવ કહેવાય એવું જીવનું લક્ષણ કહ્યું. પછી બાકી ક્યો જીવ રહ્યો ? જીવનું વિશેષ વર્ણન કરતાં ત્રસ -થાવર સંસારી જીવ ગણાય. સકાય અને અકાય પણ જીવન ગણાય. વેદની દૃષ્ટિએ પુરુષ, સ્ત્રી અને નપુંસક, એમ ત્રણ પ્રકારે જીવ થાય. અને નારકી, દેવતા આદિના હિસાબે ચાર પ્રકારે જીવ ગણાય. આ રીતે અનેક પ્રકારે જીવનું નિરૂપણ કરવામાં આવશે. એ જ રીતે બીજા તત્ત્વો કે પદાર્થોનું સમજવું.

સ્ત્રી, પુરુષ, નપુંસક વેદ તે ક્યાં ? કોને કહેવાય ? એ શાથી માનવા ? એ બધું ન જણાવાય, અથવા એકલા નામમાત્રથી એ જણાવવામાં આવે, તો શ્રોતાને કોથળામાંની પાંચશેરી જેવું થાય. માટે દરેક પદાર્થ અનેક પ્રકારે વિશિષ્ટપણે કહેવામાં આવશે. આ રીતે ખુલાસા પૂર્વક કહેવામાં આવે તેનું નામ જ વ્યાખ્યા.

આ માટે ટીકાકાર ભગવંત આ સૂત્રના નામનો અર્થ બીજી રીતે કરતાં કહે છે કે -

अथवा 'वि' विविधतया, विशेषण वा आख्यायन्त इति व्याख्या, अभिलाप्यपदार्थवृत्तयः, ताः प्रज्ञाप्यन्ते यस्याम् ।

## અભિલાપ્ય અને અનભિલાપ્ય પદાર્થો

જગતમાં બે પ્રકારના પદાર્થો: તેમાં કેટલાક શબ્દોથી કહી શકાય, કેટલાક શબ્દોથી ન કહી શકાય. જેમ મૂંગાએ ગોળ ખાધો, એણે એનો સ્વાદ જાણ્યો છે, પણ પૂછો કે કેવો સ્વાદ આવ્યો ? તો એની પાસે ગોળની મીઠાશ કહેવાને શબ્દો નથી; તેમ કેટલાક પદાર્થો એવા છે જેના ઉચ્ચારણ માટે (કહી શકે એવા) શબ્દો જ નથી. ઉચ્ચારણના શબ્દો જેના

માટે છે તે અભિલાપ્ય, અને જેના માટે શબ્દો નથી તે અનભિલાપ્ય. ઋષભદેવજીની જિંદગી ચોર્યાસી લાખ પૂરવદેશોન ક્રોડ પૂરવની જિંદગીવાળા તે કેવળી આખી જિંદગી જે કથન કરે તે બધાં પદાર્થો અભિલાપ્ય પદાર્થો કહ્યા. તે પદાર્થોને તેઓ શબ્દથી કહી શક્યા. એ સિવાયના પદાર્થો જે કહી શકાયા નથી, જેના માટે વાચક શબ્દો નથી, તે અનભિલાપ્ય. પરિમાણની દૃષ્ટિએ શબ્દોથી બોલી શકાય એવા અભિલાપ્ય પદાર્થો અનભિલાપ્યના અનંતમા ભાગે સમજવા. પરમાણુ, આત્મા, દ્વયણુકમાં જે અનંતા ગુણ રહેલા છે, તે વાપરી શકાય તે પદાર્થો જગતના સર્વ પદાર્થોની અપેક્ષાએ અનંતમાં ભાગે છે. એટલું જ નહીં, ચૌદે પૂર્વમાં જે પદાર્થો જણાવવામાં આવ્યા છે તે માટે શાસ્ત્રકાર કહે છે કે, મહાવિદેહ ક્ષેત્રના ૧૬૩૮૩ હાથી પ્રમાણ રૂસનાઈ હોય ત્યારે ૧૪ પૂર્વ લખી શકાય. એટલું બધું ૧૪ પૂર્વનું જ્ઞાન - એટલા બધા શબ્દો ૧૪ પૂર્વમાં - હોવા છતાં શાસ્ત્રકાર કહે છે કે અભિલાપ્ય પદાર્થો તો દુનિયાના સમસ્ત પદાર્થોનો માત્ર અનંતમો ભાગ જ છે. અનભિલાપ્ય એટલે ન કહી શકાય તેવા જે પદાર્થો તેની અપેક્ષાએ ચૌદ પૂર્વમાં ગૂંથાયેલ પદાર્થો અનંતમા ભાગે આનો સાર એ કે, ૧૪ પૂર્વમાં ગૂંથાયેલા - બંધાયેલા પદાર્થો કરતાં અનંતગુણ અધિક અભિલાપ્ય પદાર્થો. અને અભિલાપ્ય પદાર્થો કરતાં અનંતગુણા અનભિલાપ્ય પદાર્થો. અનભિલાપ્ય પદાર્થો પૂર્વમાં પણ નથી ગૂંથાયેલા. વચનથી કહી શકાય તેવા અભિલાપ્ય - પદાર્થોની શક્તિઓનું કથન, તેનું નામ વ્યાખ્યા, ता: प्रज्ञाप्यन्ते એવા અભિલાપ્ય પદાર્થોની વૃત્તિઓ જે સૂત્રમાં જણાવવામાં આવશે તેનું નામ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ.

### યોગ કરતાં રૂઢિનું બળવાનપણું

અભિલાપ્ય પદાર્થો બીજે પણ જણાવવાના છે, તો પછી આ સૂત્રમાં વિશેષતા શી? - એનો ઉત્તર આપતાં ટીકાકાર મહારાજ

વ્યાખ્યાપ્રજ્ઞપ્તિનો વળી નવી રીતે અર્થ કરતાં કહે છે કે - अथवा व्याख्यानामर्थप्रतिपादनानाम्, प्रकृष्टा ज्ञप्तयो ज्ञानानि यस्यां सा व्याख्याप्रज्ञप्तिः । આ થઈ આ નામની ત્રીજી વ્યાખ્યા. પહેલાંની બે અને આ એક મળીને ત્રણે વ્યાખ્યાઓ વ્યુત્પત્તિને મુખ્ય રાખી જણાવેલી છે. પરંતુ ન્યાયશાસ્ત્રમાં યોગ કરતાં રૂઢિને બળવાન કહી છે. * એટલે શબ્દના વ્યુત્પત્તિજન્ય અર્થ કરતાં, જે શબ્દ જે પદાર્થ માટે રૂઢ થઈ ગયો હોય તે પદાર્થને જ તે દર્શાવે છે; અને તે રીતે જ બધો શબ્દવ્યવહાર વ્યવસ્થિત બની શકે છે. દા.ત. કોઈ વ્યક્તિનું નામ વિઠ્ઠલદાસ ઠાકોરદાસ છે. હવે વ્યુત્પત્તિના આધારે વિઠ્ઠલ અને ઠાકોર બન્ને એક અર્થને વિષ્ણુને બતાવે છે. છતાં બેવ્યક્તિઓ એક નથી બની જતી. અને જે પદાર્થ માટે એ રૂઢ થયેલ છે તે પદાર્થને જ એ બતાવે છે. આ રીતે અહીં વ્યુત્પત્તિજન્ય અર્થ ન લેવાય. આ જ રીતે સૂરજમલ દિનકરરાવ કહેવાથી બાપ દિકરો એક ન બની જાય. આનું નામ છે રૂઢિ. તેથી જ કહ્યું છે કે યોગ કરતાં રૂઢિ બળવાન છે. વ્યાખ્યાની વ્યુત્પત્તિ કરવા કરતાં, રૂઢિ બળવાન હોવાથી, વ્યાખ્યાનો રૂઢ અર્થ ક્યો? - તે સમજો. અર્થપ્રતિપાદન એટલે વ્યાખ્યા. વ્યાખ્યાન સંભળાવ્યું કે સાંભળ્યું એટલે જૈન શાસનમાં કહેલા પદાર્થોનું જ્ઞાન, તેનું નામ વ્યાખ્યાન. આચારાંગ, સૂયગડાંગ, વગેરે સૂત્રના અર્થનું નિરૂપણ એટલે વ્યાખ્યા. રૂઢિ ઉપર આવી જણાવે છે કે, જે જીવાજીવાદિક પદાર્થો, તેનું નિરૂપણ તેનું નામ વ્યાખ્યા. આગળ प्रज्ञप्ति શબ્દ છે તો અહીં 'નિરૂપણ' કેમ જણાવ્યું ? તો કહે છે, प्रकृष्टा ज्ञप्तयः એટલે કે નિરૂપણ સંબંધી ઊંચા દરજ્જાનાં જ્ઞાનો જેમાં જ તેનું નામ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ.

**વ્યાખ્યા અને પ્રજ્ઞાને આપનાર સૂત્ર**

સૂર્ય ઉદય થયા પછી અજવાળું થયું એમ કહેવાની જરૂર પડતી

* योगाद्रूढिर्बलीयसी ।

નથી. સૂર્ય આથમ્યો એટલે અંધારું આવી જ ગયું. બીજા સૂત્રો છે તે એકલું અર્થનું જ્ઞાન આપે છે. વિદ્વત્તા સાથે વક્તૃતા ઘણા ઓછામાં હોય છે. મૂળે તો વિદ્વાન જ ઓછા, અને તેમાંય વકતૃતા આવવી ઘણી દુર્લભ છે. વિદ્વત્તાનાં બે ફળ : વિદ્વત્તા અને વકતૃત્વ. બીજાં સૂત્રો વ્યાખ્યાના પ્રકારો જણાવશે, પણ કારણભૂત બુદ્ધિ વખતે ન પણ આવે. અર્થકથન (એટલે વ્યાખ્યા) અને કારણભૂત બુદ્ધિ (એટલે પ્રજ્ઞા) એ બંને જેનાથી મેળવી શકાય, અર્થકથન કરવાનો બોધ જેનાથી મેળવી શકાય તે વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ. વડલાનું ઝાડ જુઓ. રાઈ જેટલું નાનુ સરખું બી આખા વડલાનું કારણ બને છે. આનો અર્થ એ થયો કે, કારણની મહત્તા (એટલે વિશાળતા) ઉપર કાર્યનો આધાર રહેતો નથી. કેટલાંક કાર્ય એવાં પણ હોયછે કે જેમાં કારણનું પ્રમાણ પણ કાર્ય જેટલું જ હોય, જેમકે ઘડાનું કારણ માટી છે. જેટલા તોલની માટી તેટલા તોલનો ઘડો.* માટી ને ઘડા તોલમાં સરખાં. વડલાનું કારણ બીજ. આમ માટી અને બીજ બન્ને અનુક્રમે ઘડા અને વડલાનાં કારણ, છતાં બીજ પ્રમાણમાં નાનું, અને તેનું કાર્ય મોટું, માટી ઘડાનું કારણ, તેમાં કાર્ય અને કારણ બન્નેનું પ્રમાણ સરખું. કાર્ય અને કારણમાં પરસ્પર અન્વયવ્યતિરેક હોય.[×]

આ સૂત્રરૂપી નાનું બીજ બોધરૂપી બહુ મોટા વડલાનું કારણ બને છે, તે દર્શાવવા ટીકાકાર મહારાજ એના નામનો નવી રીતે અર્થ સમજાવતાં કહે છે : अथवा व्याख्याया अर्थकथनस्य, प्रज्ञायाश्च तद्धेतुभूतबोधस्य; व्याख्यासु वा प्रज्ञाया आप्तिः प्राप्तिः आर्त्तिर्वाऽऽदानं यस्याः

* અહીં માટીમાં રહેલ ભેજની ગણના કરવાની નથી. ભેજ વગરની કોરી માટીની જ આ વાત છે.

× અન્વય અને વ્યતિરેક એ દર્શનશાસ્ત્રની પરિભાષાઓ છે. કાર્યકારણના અન્વય - વ્યતિરેકનો અર્થ એ સમજવો કે - જ્યાં કાર્ય હોય ત્યાં કારણ અવશ્ય હોય જ. એ થયો અન્વય; અને જ્યાં કારણ નહોય ત્યાં કાર્ય ન જ હોય એ થયો વ્યતિરેક.

सकाशादसौ व्याख्याप्रज्ञाऽऽप्तिः व्याख्याप्रज्ञाऽऽत्तिर्वा । એટલે આ સૂત્રનું કાર્ય પદાર્થોનું જ્ઞાન એટલે પદાર્થો સંબંધી કથન હોવાથી, જેમ કથન વધારે અને જેમ બોધ વધારે તેમ બુદ્ધિ વધારે ઉત્પન્ન થાય. आप्तिः प्राप्तिः એટલે પામવું અને લેવું; તેમાં ફરક ધ્યાનમાં લો. લાખો રૂપિયા પામીએ; આરોગ્યપણું લઈએ; સુખીપણું લઈએ. પ્રાપ્તિ બાહ્ય સંયોગને અંગે લઈ શકાય. આપ્તિ સ્વતંત્ર સંયોગ હોય ત્યારે લઈ શકાય. પોતાનું કરેલું અંગત હોય તેને અંગે ગ્રહણ કહેવાય. જે સૂત્રથી વ્યાખ્યાના કથનનું, બુદ્ધિનું પામવું-લેવું થાય તેનું નામ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ. આ બધી વાત સૂત્રના મહિમાની કહી.

**વક્તાની કિંમતના આધારે વાક્યની કિંમત**

વાક્યની કિંમત વક્તાની કિંમત ઉપર આધાર રાખે છે. બંને વાક્ય સરખાં છતાં એકલી વાક્યની જગતમાં કિંમત નથી. એક બાજુ દેવતાએ કહ્યું કે, જા બચ્ચા સુખી થજે ! અને બીજી બાજુ ટીપણાપંડિતે કહ્યું કે, લીલાલહેર કરજે ! આ બંને સુખી થવાનું કહેનારાં જ વાક્યો છે, છતાં બન્નેની કિમંતમાં ફરક છે. દેવતાએ કહેલા વાક્યને વરદાન ગણ્યું. અને ટીપણાપંડિતના વાક્યને ઠગારું કે ખુશામત કરનારું ગણ્યું. ટીપણા પંડિત તો જ્યારે બાઈઓ ઘેર એકલી હોય ત્યારે, તારે દેરાણી કે સાસુ સાથે આમ છે ને તેમ છે, એમ કહી કહીને ઠગે છે તેથી તેના વચનની કશી કિંમત નથી. જિનેશ્વરનું શાસન - એટલે કે તત્ત્વપ્રરૂપણા - અમુક દ્રવ્ય, ક્ષેત્ર, ભાવ ઉપર આધાર રાખી કરવામાં આવી નથી. ૧૮ પાપસ્થાનકોનાં પાપ સર્વ કાળમાં સરખાં છે. ત્યાં દ્રવ્યાદિ, તત્ત્વની પ્રરૂપણામાં ભેદ કરનારાં થતાં નથી. ભેદ કરનારા તે આપણી શક્તિ, સામર્થ્ય, સંઘયણની ઉચ્ચતા કે મંદતા જ છે. આ બધાની ઉચ્ચતા હોય તો કેવળજ્ઞાન સુધી પહોંચીએ અને નહીં તો બકુશકુશીલ ચારિત્ર પામીએ.

## તિથિ અને પર્વતિથિની ક્ષયવૃદ્ધિ

સમજવાની જરૂર છે કે જૈન શાસનમાં જ્યોતિષની ગણતરી પ્રમાણે - હિસાબે કોઈ દિવસ પણ તિથિની વૃદ્ધિ થઈ શકતી નથી. ચોર્યાસી ગચ્છમાં વધઘટ કરી હતી? ૨૪ કલાકના ૬૨ ભાગ કરીએ તો ૬૧ ભાગ જેટલી તિથિ હોય. આજ ચંદ્ર જે જગો પર ઊગ્યો હોય તેનાથી કાલે બે ઘડી પાછળ જ હોય. ચંદ્રને આધારે જ તિથિ. તેમ હોવાથી ચંદ્ર કોઈ દિવસ પહેલા સ્થાનથી ૨૪ કલાકમાં આગળ આવી જાય તેવું બને જ નહીં. ચંદ્રની સ્થિતિના આધારે તિથિ જૈન શાસને માનેલી છે. તેથી $\frac{૬૧}{૬૨}$ ભાગે હોય તે તિથિ. તેથી વૃદ્ધિ જૈનશાસને માનેલી નથી, પણ ઘટવાને લીધે ક્ષય તો આવે. ચંદ્ર પાછો પડે તેથી ક્ષય આવવાનો. તિથિનું માપ $\frac{૬૧}{૬૨}$ હોવાથી ૬૧મે દિવસે ૬૧-૬૨મી તિથિ સાથે આવે. જૈન જ્યોતિષના હિસાબે તિથિની અગર પર્વતિથિની એક પણ વૃદ્ધિ ન આવી શકે, પણ હાનિ આવી શકે. તેમાં જૈન જ્યોતિષના હિસાબે યુગમાં અષાડ માસ બે હોય, તેમાં અષાડી પૂનમનો ક્ષય જ હોય. ૬૧-૬૨ ભાગનો ત્યાં સરખો હિસાબ આવશે. ૧૮૩૦ દિવસે છેલ્લી તિથિનો ક્ષય જ આવે, તે અષાડી પૂનમનો ક્ષય. જ્યોતિષ કરંડકમાં ક્ષય જણાવ્યા છતાં નિશીથચૂર્ણીકારે દશાશ્રુતસ્કંધ નિર્યુક્તિ - ચૂર્ણીકારે તે દિવસને પૂનમ તરીકે જ જણાવ્યો છે. પર્વ તરીકે સૂત્ર નિર્યુક્તિ ચૂર્ણીકારે માનેલો જ છે.

**પ્રશ્ન** - વૃદ્ધિ ન હતી તો वृद्धौ कार्या तथोत्तरा કેમ કહ્યું ?

ઉત્તર - જૈન ટીપણાની વખતે वृद्धौ कार्या तथोत्तरा ની જરૂર ન હતી. પણ લૌકિક ટીપણાં આપણામાં ચાલ્યાં - પ્રવર્ત્યા, ત્યારે લૌકિક ટીપણામાં આવતી વૃદ્ધિની વ્યવસ્થા કરવા માટે वृद्धौ कार्या तथोत्तरा કહ્યું. બે પર્વતિથિ આવે તો બીજીને જ પર્વતિથિ બનાવવી.

યુક્તિ પર જઈએ. બાધા લેવાવાળા આઠમના, ચૌદશના એમ ૧૦-૧૨ તિથિના નામે નિમય લે; પછી આઠમ બે માનશે. પહેલી

આઠમ માનશે અને તે નિયમ નહીં પાળે તો ? ખોખું નાણાં ચૂકવ્યા પછી હોય. ખરતરો બીજે દિવસે ખોખું કહી શકે; પહેલીએ આરાધના કરી લે પછી બીજે દહાડે ખોખું માને, પણ આરાધના કરી નથી તેને ખોખું માનવાનો હક શો ? જ્યાં શાસ્ત્ર સાક્ષી દે, ત્યાં કલ્પનામાં જવાની જરૂર નથી. સં. ૧૭૧૩ની પહેલાં જેમની હયાતી હતી, તેવા દેવસૂરિજીએ પટ્ટક લખી ચોખ્ખું લખી જણાવ્યું છે કે, લૌકિક ટીપણામાં બે પૂનમ અમાવાસ્યા હોય, ત્યારે બે તેરસ કરવી. ખરતરવાળો આપણા માટે સાક્ષી પૂરે છેઃ ભાઈ, બે પૂનમ હોય, ત્યારે પ્રથમ નકામી. ભલા, પહેલી નકામી હોય તો તે પૂનમે પકખી કેમ કરો છો ? અર્થાત્ પૂનમ તરીકે નકામી ગણી છે. પણ ચૌદશ તરીકે નકામી નથી ગણી. વિચારો કે ખરતરે આપણને પ્રથમ પૂનમને દહાડે ઓલંભો ક્યારે આપ્યો હોય ? પહેલી પૂનમે પકખી કરતા હોઈએ ત્યારે ને ? કેટલાકો એવી યુક્તિ આપે છેઃ ઉદય નથી, ભોગવટો નથી. માનો બે ઘડી સાતમ ઉદય હોય, અઠ્ઠાવન ઘડી આઠમ હોય તો આઠમ માનશો ? બે ઘડી આઠમ હોય, આખો દિવસ નોમ હોય તો ? ક્યારે આયુષ્ય બંધાય ? આરાધનાની તીવ્રતાને અંગે જણાવેલી વાત ભોગવટામાં ક્યાંથી લગાડો છો ? માટે આચાર્યના શાસ્ત્રનાં વચનોને અમાન્ય કરી યુક્તિ લગાડવી તે કુયુક્તિ છે. ૧૨ તિથિઓ જ મનાય. ૧૧ કે ૧૩ કહે તે જૈન શાસનને શોભાદાયી નથી.

### જિનેશ્વરનું વ્યાખ્યાપ્રજ્ઞપણું

ઉપર કહ્યું કે કોઈ પણ વાક્યની કિંમત વક્તાની મહત્તા ઉપર છે. સેંકડો વખત उपन्नेई वा विगमेई वा धुवेई वा એ સૂત્ર સાંભળ્યું છે, કે આપણે એનું ઉચ્ચારણ પણ કરીએ છીએ, છતાં उत्पाद-व्यय - ध्रौव्य એ પદો તીર્થંકરના શ્રીમુખથી નીકળ્યા તે વખતે ૧૨ અંગનું, ૧૪ પૂર્વનું જ્ઞાન આત્મામાં ઝળક્યું. આનું નામ જ વક્તાનો પ્રભાવ. તેમના પ્રભાવે વાક્યની કિંમત. આ જ વાત સૂત્રના નામ દ્વારા સમજાવતા ટીકાકાર

મહારાજ આનો નવો અર્થ કરતાં કહે છે કે - व्याख्याप्रज्ञाद् वा भगवतः सकासादाप्तिरात्तिर्वा गणधरस्य यस्यां सा तथा । વ્યાખ્યામાં ચડિયાતા એટલે વ્યાખ્યાપ્રજ્ઞ. તે કોણ? જિનેશ્વર મહારાજા - જેમની વ્યાખ્યા અનાર્ય, તિર્યંચ, દેવતા બધાને એક સરખી રીતે બોધ કરી શકે છે તે. આવા વ્યાખ્યાપ્રજ્ઞ ભગવાન જિનેશ્વર મહારાજા પાસેથી પ્રાપ્ત થયેલી એટલે મળેલી ચીજ. ભગવાનની પાસેથી જેવી પ્રાપ્તિ ગણધરને તેવી બીજાને. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યવાળાં આ ત્રણ પદો ભગવાને ગણધર મહારાજાના કાનમાં કહ્યાં ન હતાં, પણ જાહેર રીતે કહ્યાં હતાં, તેથી બીજાએ પણ સાંભળ્યાં હતાં. વરસાદનું પાણી જેવું આંબાએ તેવું જ લીંબડાએ લીધું. છતાં પરિણામમાં કેવો ફરક? જેમ આકાશમાંથી એક સરખું પડતું પાણી જુદા જુદા ભાજનને કારણે જુદી જુદી રીતે પરિણમે, તેમ જુદા જુદા શ્રોતાએ સાંભળેલી એક જ વાણી જુદા જુદા રૂપે પરિણમનારી થાય છે. એ વાત જિનેશ્વર ભગવાન પાસેથી ગણધર મહારાજાઓએ ગ્રહણ કરી તેથી તેનું નામ व्याख्याप्रज्ञप्तिः । વ્યાખ્યા વસ્તુ શી? व्याख्यायते अनया એટલે જેનાથી પદાર્થનું પ્રતિપાદન કરી શકાય તે વ્યાખ્યા. પરંતુ જ્યારે व्याख्यानं व्याख्या એવો અર્થ કરીએ ત્યારે અનેક પ્રકારે વિશિષ્ટ પદાર્થોના સમુદાયો સમજવા.

વળી આ સૂત્રના વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ એવા નામને જુદી રીતે સમજાવતાં ટીકાકાર ભગવંત કહે છે કે - अथवा विवाहा विविधाः विशिष्टा वा अर्थप्रवाहाः, नय प्रवाहा वा, प्रज्ञाप्यन्ते, प्ररूप्यन्ते, प्रबोध्यन्ते वा यस्याम् । એટલે કે જૈન શાસન સમજનારે સમજવાનું છે કે જિનેશ્વરના શાસનમાં કોઈ પણ સૂત્ર કે અર્થ નયથી દૂર ગયેલો નથી. એટલે પદાર્થના પ્રવાહો, નયના પ્રવાહો જેમાં કહેવાય, સમજાવાય તેનું નામ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ.

આ સૂત્રના નામના બીજા અર્થો સંબંધી હવે પછી કહેવામાં આવશે.

## દેશના - ૯
## 'વિવાહપણ્ણત્તિ' ના અર્થની સમાપ્તિ અને મંગળ વગેરેના કથનની જરૂર

સમવાયાંગસૂત્ર, નંદીસૂત્ર અને પકખીસૂત્રમાં આ સૂત્રનું નામ विवाहपन्नति કહેવામાં આવે છે, તેથી જ મુખ્યતાએ એ શબ્દની વ્યાખ્યા કરતાં ટીકાકાર શ્રી અભયદેવસૂરિજીએ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ શબ્દની વ્યાખ્યા કરી, હવે બીજી રીતે એનો અર્થ કરતાં તેઓ કહે છે કે -

विवाह वा विशिष्टसन्तानाः, विबाधा वा प्रमाणाऽबाधिताः प्रज्ञा आप्यन्ते यस्याः; विवाह चासौ, विबाधा चासौ वा प्रज्ञप्तिश्चार्थरूपणा विवाहप्रज्ञप्तिः, विवाहप्रज्ञाप्तिः, विबाधप्रज्ञाप्तिः,विबाधप्रज्ञप्तिर्वा ।

વિશિષ્ટ પ્રવાહ-મહાવીર મહારાજને અંગે અંતકૃતભૂમિ, પર્યાયાન્તકૃતભૂમિ, યુગાંતકૃતભૂમિ કેટલી પાટ સુધી કેવળ ચાલુ રહ્યું ? ત્યાં પાટો લઈ પરંપરા લેવામાં આવી, તેમ નહીં વિ+ વાહ = વિવાહ = પ્રવાહ એટલે વિશિષ્ટ પ્રવાહ. સૂત્રને અંગેપ્રવાહ કેવો? તે માટે જણાવ્યું, विशिष्टसन्तानाः,* પરંપરા સાચવવાના ગુણવાળા પૂર્વાચાર્યોના ભક્તોની પરંપરા, તેનું નામ વિવાહ. પરંપરાએ ચાલી આવેલી વસ્તુ સાચી આ પરંપરાથી પૂર્વપુરુષોથી સચવાતી આવતી પ્રજ્ઞા એટલે જ્ઞાન જેમાંથી મળે તેનું નામ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ. અથવા બીજી રીતે વિવાહા = વિબાધા, બાધા એટલે પીડા, આપત્તિ; અને વિ = રહીત. કોઈ પણ પ્રમાણથી જેને બાધ ન આવે - ન તો દૃષ્ટિથી વિરુદ્ધ હોય કે ન ઈષ્ટથી કે

---

* સન્તાન એટલે પરંપરા, એટલે પરંપરાથી ચાલ્યો આવતો પ્રવાહ.

આગમથી વિરુદ્ધ હોય - તે વિબાધા કહેવાય. આવી બાધ વગરની પ્રજ્ઞા એટલે બુદ્ધિઓ જેમાંથી મળે તેનું નામ વિવાહપણ્ણતિ - વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ. આમ વિવાહ પન્નતિના જુદા જુદા અર્થો કહીને એ નામ સાર્થક છે તેમ જણાવ્યું.

**નામના ત્રણ પ્રકાર**

ત્રણ પ્રકારનાં નામ : સાર્થક, અનર્થક અને અર્થશૂન્ય; એટલે કે સાર્થક, નિરર્થક અને અર્થશૂન્ય.

**પ્રશ્ન :** - નિરર્થક અને અર્થશૂન્યમાં ફરક શો ? ત્રણ ભેદ કેમ રાખ્યા ? બે જ રાખવા હતા : સાર્થક અને નિરર્થક.

**ઉત્તર** - વાત કરી. સીધી દૃષ્ટિ એ જ ઠીક લાગે, પણ ઊંડા ઊતરીએ તો ખબર પડે કે ત્રણની જરૂર છે જ. સાર્થક નામ એ કે જે શબ્દનો અર્થ હોય, જે ગુણ માટે નામ હોય તે જ ગુણ જે પદાર્થમાં હોય તે સાર્થક ગણાય. દા. ત. દીવો. પોતે દીપે અને બીજાને દીપાવે તેનું નામ દીવો. દીવાનો ગુણ પોતે દીપવાનો ને બીજાને દીપાવવાનો. એટલે જેમાં એ ગુણ હોય તેને માટે દીવો એવું નામ સાર્થક નામ સમજવું. જેવો શબ્દનો અર્થ તેવો પદાર્થનો ગુણ '**યથા નામા તથા ગુણા**' નો મર્મ આ જ છે. સાર્થક નામનાં આ નિયમ લાગુ પડે. બીજું નિરર્થક નામઃ તે કેવી રીતે ? ચોમાસામાં એક રાતા રંગનો નાનો કીડો થાય છે જેને ઈંદ્રગોપ કહે છે. એનો અર્થ તો 'इन्द्रं गोपायति इति इन्द्रगोपक: ' એટલે કે જે ઈન્દ્રનું રક્ષણ કરે તે ઈન્દ્રગોપક. પણ જેનામાં પોતાનું રક્ષણ કરવાની પણ તાકાત નથી તેનું નામ ઈન્દ્રનું રક્ષણ કરનાર., એવા અર્થવાળું રાખ્યું તે નિરર્થક સમજવું. અહીં નામનો અર્થ તો થાય છે, પણ પદાર્થમાં તે મળતો નથી. નામના અર્થો સારા હોય, પણ તેવા ગુણો ન હોય તો તેવા નામ નિરર્થક ગણાય. નામનો અર્થ હોય પણ પદાર્થમાં ગુણ ન હોય તે નિરર્થક. હવે અર્થશૂન્યનો વિચાર કરીએ.

અર્થશૂન્ય નામમાં નામ તો હોય, પણ તેમાં કોઈ અર્થ જ હોય નહીં. દા. ત. ગણિત સ્કૂલમાં ભણ્યા. એમાં अ, ब, क, ड આવે. પણ આ अ, ब, क, ड એટલે શું ? આવા નામની અપેક્ષાએ અર્થશૂન્ય.

**ખોટું અનુકરણ કરવાની આપણી ટેવ**

આપણે પોતાના સંસ્કાર તજીને બીજાના સંસ્કાર અપનાવવામાં કેવા શૂરા છીએ તે આ अ, ब, क, ड ઉપરથી સમજાય તેમ છે. તમે જાણો છો કે આ अ, ब, क, ड એ આપણી સંજ્ઞાઓ નથી, પણ અંગ્રેજીમાં વપરાતી ए, बी, सी, डी એ સંજ્ઞાઓનું એ રૂપાંતર છે. એટલે એ સંજ્ઞાઓ વાપરવામાં હિન્દુપણું ખસ્યું છે. હિન્દુ તરીકે સંજ્ઞાઓ લેવી હોય તો अ, ब, क, ड નહીં પણ अ, आ, इ, ई લેવાય. અંગ્રેજોએ પોતાની માતૃભાષાના મૂળાક્ષરો તરીકે ए, बी, सी, डी નો ઉપયોગ કર્યો, તેમ હિન્દુઓએ ખોટુ અનુકરણ ન કરતાં પોતાની માતૃભાષાના મૂળાક્ષરોમાંથી अ, आ, इ, ई નો ઉપયોગ કરવો જોઈતો હતો. માતૃભાષાનો મહિમા સમજતા હોઈએ તો અત્યારે કરીએ છીએ તેમ કરીએ જ નહીં. આ તો આપણી સમજણ વગરની અનુકરણવૃત્તિ અંગે થોડીક પ્રાસંગિક વાત થઈ. એ માટે વધુ કહેવાની અહીં અત્યારે મતલબ નથી.

**'ભગવતી' નામની સાર્થકતા કેવી રીતે ?**

એકનું નામ अ , એકનું ब નામ તે જેમ અર્થશૂન્ય નામ છે તેમ વિવાહપ્રજ્ઞપ્તિ આદિ જે બધાં નામો તે નથી તો અર્થશૂન્ય કે નથી નિરર્થક. પરંતુ ભગવતી સૂત્રનું વિવાહપન્નતિ એ નામ સાર્થક છે. પદાર્થના ગુણોને અંગે જેમ સ્વતંત્ર નામ હોય છે તેમ, વિશેષ ગુણોને અંગે ઘરગથ્થું વિશેષ નામ હોય છે. તે રીતે આ સૂત્રનું જેમ સામાન્ય નામ विवाहपन्नति છે તેમ એનું ઘરગથ્થું બીજું નામ પણ છે. આ બીજાનું

ઘરગથ્થુ નામ ક્યું ? તે માટે ટીકાકાર મહારાજ સ્વયં કહે છે કે - इयं च 'भगवती' इत्यपि पूज्यत्वेनाभिधीयत इति । આ સૂત્રનું નામ આખો સંઘ ભગવતી એવું પણ કહે છે.

**પ્રશ્ન** - આચારાંગ, સૂયગડાંગ, ઠાણાંગ આદિ સૂત્રને ભગવતી ન કહ્યું અને આને જ કેમ ભગવતી કહ્યું ?

**ઉત્તર** - સર્વ સૂત્રો જ્ઞાનાદિ ગુણવાળાં છે, જ્ઞાનમય તેમ જ મહિમામય છે, મોક્ષના પ્રયત્નને કહેનારાં છે, છતાં એક વાત ધ્યાનમાં રાખવીઃ જગતમાં વ્યવહાર એ એક વિચિત્ર ચીજ છે. લોકોનો ઉત્સાહ અમુક જગો પર જ થાય છે. પજુસણમાં કલ્પસૂત્ર વાંચીએ છીએ. દશાશ્રુતસ્કંધનાં દશ અધ્યયન, તેમાં કલ્પસૂત્ર વાંચીએ છીએ. દશાશ્રુતસ્કંધનાં દશ અધ્યયન, તેમાં કલ્પસૂત્ર એ આઠમું અધ્યયન છે. પણ જૈન આલમ દશાશ્રુતસ્કંધના મહિમાને જેટલી જાણતી નથી તેના કરતાં કલ્પસૂત્રના મહિમાને વધારે જાણે છે. એ જ રીતે બાર અંગોમાં આચારાંગ શાસનની જડ અને સૂયગડાંગ શાસનના વિઘ્નોને દૂર કરનારું, છતાં 'ભગવતી' એવું નામ તેને મળ્યું ને માત્ર વ્યાખ્યાપ્રજ્ઞપ્તિને જ મળ્યું. જે પ્રમાણમાં ગૌતમના નામે વધારે અલંકૃત થયેલું હોય, ગૌતમના વારંવાર આવતા પ્રશ્નોથી ભરેલું હોય એવું તો માત્ર આ પંચમાંગ વિવાહપણ્ણત્તિ સૂત્ર જ છે.તેથી પૂજ્યતાને અંગે એને ભગવતી કહ્યું. વળી પ્રશ્ને પ્રશ્ને જો કોઈ સૂત્ર પૂજાયું હોય તો તે પણ આ પંચમાંગ જ છે. તેથી પણ પૂજ્યતાને કારણે એ ભગવતી કહેવાયું. આ રીતે આખા સંઘમાં વિશેષ પૂજાનું સ્થાન પંચમાંગ શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ બનેલું હોવાથી એ 'ભગવતી' એમ પણ કહેવાય છે.

આ ઉપરથી એક વાત એ પણ જાણવા મળે છે કે - શ્રી અભયદેવસૂરિજી મહારાજ સંઘમાં જે વ્યવહાર થયો તેને શરણે જાય છે; પરંપરાથી ચાલી આવતી વાતને એ કબૂલે છે. પણ જેમને આચાર્યોની

પરંપરાના બદલે પોતાને નામે મત ચલાવવો હોય તેમને જ પોતાનું ડોઢડહાપણ વાપરી નવું કરવું પડે. પણ અભયદેવસૂરિજી તો પરંપરાના જ રક્ષક છે એટલે તેઓ પરંપરાથી જે નામનો વ્યવહાર ચાલતો આવ્યો હોય તે જ નામ રાખે છે. સંઘની પૂજ્યતા-બુદ્ધિ થઈ તેથી ભગવતી નામ આપ્યું છે, તે વ્યાજબી છે, એમ અભયદેવસૂરિજી જણાવે છે. આમ નામની સમજણ અહીં પૂરી થઈ.

**ફળ, યોગ વગેરે કથનની જરૂર**

હવે ટીકાકાર ભગવંત મંગલ વગેરે અંગે લખતાં કહે છે કે - इह व्याख्यातार: शास्त्रव्याख्यानारम्भे फल -योग-मङ्गल समुदायार्थादीनि द्वाराणि वर्णयन्ति । એટલે જૈન શાસનમાં એવી રીતિ છે કે, જે જે વ્યાખ્યા કરનારા હોય તે વ્યાખ્યા કરનારાઓએ મંગળ કરવાની જરૂર છે. શાસ્ત્રની વ્યાખ્યા કરવાનું ફળ શું તે બતાવવું જોઈએ. આ સૂત્ર, ઉદ્દેશો, અધ્યયન જાણવાનું ફળ શું ? પ્રથમ જ્ઞાન અને પછી આચરણ દ્વારાએ ફળને જણાવવું. હવે ફળ જણાવ્યા છતાંએક વાત ધ્યાનમાં રાખવાની છે. ગોટલો વાવ્યો એટલે કેરીનો ઢગ થશે, એમા ના ન કહેવાય. વાવતાંની સાથે એમ ન થાય, પરંતુ અનુક્રમે સંબંધો થયા પછી કોથળા ભરાય. માટે યોગ-સંબંધ જાણવાની જરૂર. ક્યા સંબંધે ફળ દે ? આ સૂત્ર કોને આપવું ? ક્યારે આપવું ' સૂત્રનો સંબંધ ક્યારે શિષ્યને કહી શકાય ? આ બધું સમજીને ચાલવું જોઈએ.

**સારા કામમાં સો વિઘ્ન : માટે મંગળની જરૂર**

'श्रेयांसि बहुविघ्नानि । આ જગતમાં ધોળા લૂગડાને જ ડાઘ હોય; કાળાને ડાઘ કેવો ? તેમ જે કાર્યો આત્માનું કલ્યાણ કરનારાં તેમાં જ વિઘ્નો હોય. નિહ્નવો જૈનમાં જ ગણાવ્યા. બીજા ધર્મોમાં માર્ગમાં ઉથ્રલપાથલ કરનારની ગણતરી કેમ ન લીધી ? ધોળા લૂગડાના ડાઘ ગણાય. કાળાના ડાઘો ગણવા ક્યાં ? ઊંચાં-ઉત્તમ કાર્યોમાં વિઘ્નો

હોય; સારાપણાની નિશાની જ એ. સારું કામ હોય એટલે વિઘ્ન આવે. ત્યારે ચંદ્રેસનસૂરિજી ઉથલો દે છે કે, વિઘ્ન આવે તો જ સારું કામ ગણવું. ભગવાન ઋષભદેવજીએ અતંરાય કર્મ બાધ્યું હતું, પરંતુ ૮૩ લાખ પૂરવ સુધી - ગૃહસ્થપણે રહ્યાં ત્યાં સુધી -અંતરાયને માથું ઊંચું કરવાનો વખત ન આવ્યો. પરંતુ શ્રેયકાર્ય દીક્ષા લીધી કે તરત અંતરાયે ડોકું બહાર કાઢયું. બાર મહિના સુધી એ ડોકું નીચું ન કર્યું. સાધુપણું મોક્ષની નીસરણી એટલે તેમાં વિઘ્ન ઊભું જ હોય. દીક્ષા લેનારને બાવળિયા ઘણા નડે; પણ વેશ્યાગમન કરનારને એકે બાવળિયો નડે નહીં. નાતરા કરનાર, પુનર્લગ્ન કરનાર, અવળા થનારને બાવળિયો એકે નથી નડતો. સફેદ ધુતારાના રૂપમાં ઊભા થયેલા બાવળિયા દીક્ષામાં નડે છે. પણ બાવળિયા નડે છે એટલે સમજવું કે દીક્ષા ઉત્તમ વસ્તુ છે.ચીંથરેહાલ પાસે કોઈ ઉઘરાણી જતા નથી, પરંતુ બે પૈસા કમાય એટલે લેણદારો આંગણું ઘસી નાખે. આત્મા શ્રેયમાર્ગે ચડે, એ માર્ગે આગળ વધે ત્યારે જ કર્મરાજા આડે આવે. જુગાર, લુચ્ચાઈ, બેઈમાનીમાં આડા ન આવ્યા, અને દીક્ષામાં આડા આવ્યા. જગતમાં સાર્વજનિક કામ કરનારે નક્કી કરવું કે, બધાની ગાળો ખાવાની જ છે. દુનિયામાં સાર્વજનિક જીવન શરૂ કરનારે ‘હું ગાળો, તિરસ્કાર, દ્વેષને નોતરું દઉં છું’ - તેમ સમજી રાખવું. તેમ આત્માનું કલ્યાણ કરનારે નક્કી કરવું કે ધર્મના વિરોધી, મિથ્યાત્વીના ખાંધિયા, મોહરાજાના મોસાળિયાઓ આડા જરૂર આવવાના. પણ બધા ચાહે તે કરી લે તો પણ મારે તો ડગલું પણ પાછું ન હઠવું એ નિશ્ચય. તમો સૂત્ર શરૂ કરો, તમારા પ્રયત્નથી શરૂ કરી શકો, પણ જે તમારા હિતશુત્રઓ-મોહ, મિથ્યાત્વ-તેનો પ્રથમ ખ્યાલ કરજો.

મંગળ એટલે વિઘ્નને દૂર કરવાનો રસ્તો, નિર્વિઘ્ને સમાપ્તિ કરવાનો રસ્તો. ફળ અને યોગનું - સંબંધનું નિરૂપણ કર્યા બાદ મંગળનું નિરૂપણ કરવું. સૂત્રના બે અર્થ હોયઃ સમુદાયાર્થ અને અવયવાર્થ. તેમાં

પંચપરમેષ્ઠીને નમસ્કાર તે સમુદાયાર્થ. પહેલાં સમુદાયાર્થ જણાવી પછી અવયવાર્થ જણાવવા જોઈએ. જેઓ સૂત્રની વ્યાખ્યા કરવા તૈયાર થાય તેઓએ વ્યાખ્યાનની શરૂઆતમાં ફળાદિક જણાવવાં જોઈએ. આ બધાં ક્યાંથી જાણવાં તે અંગે ટીકાકાર ભગવાન કહે છે કે - तानि चेह व्याख्यायां 'विशेषावश्यका' दिभ्योऽवसेयानि ફળ, જોગ, સમુદાય, અર્થ એ બધાં દ્વારા ભગવતી સૂત્રની વ્યાખ્યાને અંગે વિશેષાવશ્યક આદિથી જાણી લેવાં. અહીં 'आदि ' શા માટે કહ્યું ?

तस्स फल-जोग-मंगल-समुदायत्था तहेव दाराइं ।

तब्भेद-निरुति-क्कम - पओयणाइं च वच्चाइं ।।२।। वि० आ० ।।

વ્યાખ્યાન છે, તેથી ફળ, જોગ, સમુદાયાર્થ વગેરે જાણી લેવાં. આ દ્વારો માત્ર જાણી લેવાં કે તેનો અમલ કરવાનો ? વ્યાખ્યાકારોએ ફળ યોગ વગેરે દ્વારો જણાવવાનાં હોય તે માટે વિશેષાવશ્યકની ભલામણ કરી. આ ભલામણ વ્યાખ્યાકારોને અંગે કરી.

**બે પ્રકારનાં વિઘ્નો**

શાસ્ત્રકારો અંગે આ સંબંધી લખતાં શ્રી ટીકાકાર મહારાજ કહે - शास्त्रकारास्तु विघ्नविनायकोपशमननिमित्तं, विनेयजनप्रवर्तनाय च, शिष्टजनसमयसमाचरणाय वा मङ्गलाऽभिधेय - प्रयोजन - सम्बन्धनुदाहरन्ति । એટલે કે શાસ્ત્રકારો તો જગતમાં વિઘ્નની સામે થનારા હોય. ઇષ્ટની સિદ્ધિમાં આડે આવનાર વિઘ્નો બે પ્રકારે હોય : માર્ગે જતાં વચમાં વળી(થાંભલો) પડી હોય, તે આડી આવે ખરી, પણ તેની ગણતરી નથી. ચાલતાં માર્ગમાં આડો પાટલો આવે તો તે પણ ઓળંગી શકાય. પણ વચમાં ભીંત ચણેલી હોય તો ? આ રીતે વિઘ્નો પણ બે પ્રકારનાં. કેટલાંક વિઘ્ન એવાં કે જેને દબાવીને કામ કરી શકીએ; અને કેટલાંક વિઘ્ન એવાં કે, જે ઊલટું આપણને જ દબાવી નાંખે. આ વિઘ્નો ભીંત જેવા સમજવાં. બધાં વિઘ્નો કંઈ ભીંતની જેમ, ન ખસેડાય એવાં ન

હોય. સંસારી જીવ સામાન્ય વિઘ્ન વગરનો હોય જ નહીં. જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી જીવ આવરણ વગરનો થવાનો જ નથી. અને આવરણ હોય એટલે વિઘ્ન તો હોવાનું જ. પણ શું આનો અર્થ એવો કરવો કે કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી જ્ઞાનનું કામ ન કરવું ? જ્ઞાનનાં વિઘ્ન શું ઠેઠ સુધી છે ? એ માટે કહેવું પડ્યું કે, એ આવરણરૂપી વિઘ્ન ભલે પછી જાય, પણ એ વિઘ્ન એવું નથી કે જે શાસ્ત્ર બનાવવામાં, સમજવામાં, એની વ્યાખ્યા કરવામાં આડું આવે. શાસ્ત્રને અંગે શ્રુતજ્ઞાનાવરણી આડું આવનાર છે. મતિ-શ્રુતજ્ઞાનાવરણી શાસ્ત્ર રચવામાં -સમજવામાં આડે આવનાર છે. તમે બેંકમાંથી રકમ લાવવાના હો, તે પહેલાં લાવી ક્યાં મૂકશું ? - તે પહેલાં વિચાર કરો છો. રસ્તામાં લૂંટાઈ ન જવાય, ચીજો મેળવવા પહેલાં તેને ગુમાવવાનું ન થાય, તેની રક્ષણની તૈયારી પ્રથમ કરવી પડે છે. એ રીતે મોટાં વિઘ્નોને, કાર્ય નાશ કરનાર વિઘ્નોને, શાંત કરવા માટે મંગળાચરણ કરવું જોઈએ.

**ઉત્તમ પુરુષોના માર્ગે ચાલવામાં જ ઉત્તમપણું**

ઉત્તમ પુરુષો ઉત્તમપણાને ક્યારે પામે ? જ્યારે ઉત્તમ પુરુષોના માર્ગે ચાલે ત્યારે. બાવાજી ચેલાને ભણાવતા હતા. એમણે रामोऽब्रवीत् એ વાક્યનો અર્થ એવો કર્યો કે रामो એટલે રામ, ब्रवी એટલે સીતા; એટલો અર્થ કરીને પછી બેઠા માથું ખંજવાળવા કે त् નો અર્થ નથી સૂઝતો, માટે આજે પાઠ બંધ કરો. બીજા દિવસે પાઠ શરૂ કરતાં કહે: અર્થ બેસી ગયો. त् એટલે હનુમાનની ટાંગ તૂટી ગઈ. આવી રીતે ગપ્પા હાંકનારા હોય તેને કોઈને જવાબ દેવાની જરૂર ન હોય. એમ કહીએ છીએ તે માની લો - બસ, આટલું જ તેઓ કહેતા હોય છે. આમ ઉટપટાંગ અર્થ કરવાવાળા હોય તેને કોઈના પ્રશ્નનો ઉત્તર દેવાનો ન હોય. પહેલા જે ઉત્તમ પુરુષો થઈ ગયા. તેમના માર્ગે ચાલે તો જ

ઉત્તમપણું આવે. મારા પાંચેક ભક્તો હોય તેમને હું કહું કે, જોડો હાથ અને હું કહું તે જ તમારે કરવું; નહીંતર તમને જોગમાં, વડી દીક્ષામાં નહીં ઘાલું. આવી રીતે વાડાબંધી કરનારા જુલમ કરનારા છે. પરંપરા તોડે તે જ વાડાબંધી કરે, અને ઉપર ઘુંસરીઓ નાખે. કોઈ કહે કે તમે તમારા ઘરડાને માનો; તો જવાબ આપે કે ના, હમારે નથી માનવા. આવાને ચોખ્ખું કહી દેવું કે, તમે તમારા ઘરડા ઉપર ભરોસો ન રાખો તો અમો શી રીતે રાખીએ ? શિષ્ટપણું, ઉત્તમપણું તેને અંગે જ ગણાય કે જે મહાપુરુષોના રિવાજો આચરવામાં આવે. દરેક શાસ્ત્રકારને એ રિવાજ આચરવો પડે છે, તેથી તમને મંગળ, પ્રયોજન, અભિધેય, સંબંધ એ ચારે વસ્તુ કહેવી પડે છે. આમ પરંપરાથી ચાલતું આવેલું છે. દરેક શાસ્ત્રકારોને આ ચાર વસ્તુ જણાવવી પડે છે, તેથી ભગવતી સૂત્રમાં આ ચાર બતાવે છે. આ કેવી રીતે બતાવે છે તે હવે પછી કહેવાશે.

## દેશના - ૧૦

## ભાવમંગળની જરૂર

ટીકાકાર ભગવાન શ્રી અભયદેવસૂરિજી વ્યાખ્યા કઈ રીતે કરવી, એ જણાવતાં કહે છે કે - વ્યાખ્યા કરનારે પ્રથમ સૂત્રનું ફળ જણાર્વવું જોઈએ. અને પુનરુક્તિ કે વિસ્તારનું નિવારણ કરવા માટે, એ દ્વારોનું વર્ણન અહીં ન કરતાં વિશેષાવશ્યકભાષ્યમાં કરેલા વર્ણનથી તે જાણી લેવાની ભલામણ કરી.

**મંગળનાં ત્રણ કાર્ય : સમાપ્તિ, ટકાવ અને પરંપરા**

હવે જેઓ સૂત્રકાર યાને શાસ્ત્રકાર હોય એમનું કર્તવ્ય શું ? શાસ્ત્રકારોએ ચાર વસ્તુ પ્રથમ જણાવવી જોઈએ : મંગળ, અભિધેય, પ્રયોજન અને સંબંધ. નિર્વિઘ્ન સમાપ્તિ થાય તેટલું મંગળનું પ્રયોજન ગણે છે. જૈન શાસ્ત્રકાર કહે છે કે, જો કોઈ પણ કાર્ય વિઘ્નોની સામે ટકે નહીં, તો એ મંગળનું કાર્ય કેમ ગણાય ? સમાપ્ત થયેલો ગ્રંથ બરાબર ટકવો જોઈએ; તે પણ મંગળનું કાર્ય છે. તેવી રીતે માનો કે ગ્રંથનું કાર્ય નિર્વિઘ્ન સમાપ્ત થયું અને એ ગ્રંથ આપણામાં રહ્યો પણ ખરો, પણ જો એને લેનાર કે આગળ ચલાવનાર બીજો કોઈ ન મળ્યો તો શું ? તે તો 'કૂવાની છાયા કૂવામાં સમાઈ' એના જેવું થયું સમજવું. કૂવામાં છાયા છે, વચમાં કોઈ આડું પણ આવ્યું નથી, પણ તે છાયા કોને કામ લાગવાની ? મારવાડમાં ઊંડા કૂવા હોય, એની છાયા પણ મોટી અને ઘેરી હોય, પણ એ છાયા બકરીને પણ કામ ન લાગે. તેમ અહીં શાસ્ત્ર

નિર્વિઘ્ને સંપૂર્ણ પૂરું કર્યું,ટકાવ્યુ પણ ખરું, છતાં કોઈ લેવા કે ચલાવવાવાળો ન મળ્યો તે પછી શાસ્ત્ર બનાવવાનું ફળ શું? સંતતિવાળા લોકો હોય, પેઢીની પેઢીઓ સુધી સંતતિ ચાલે તે ભાગ્યશાળી. તેમાં ઉદ્યમ કામ ન લાગે. ભાગ્યશાળી હોય તેની હજારો વર્ષો સુધી પેઢી ચાલે, સેંકડો, હજારો, લાખો પેઢીઓની અમુક પરંપરા ચાલે, તેમાં અક્કલ કે પ્રયત્ન કામ ન કરી શકે. નસીબદારી જ એ પરંપરાના પ્રવાહને માટે જગતમાં કામ કરનારી છે. તેમ કેવળીઓ હજારો લાકોની સંખ્યામાં હોય, પરંતુ જેની પરંપરા શાસનના છેડા સુધી ચાલે તેવી સ્થિતિ તો ફક્ત એક જ કેવળજ્ઞાનની હોયઃ અને તે શ્રી જિનેશ્વર ભગવાનની. શાસનના છેડા સુધી એમની પરંપરા ચાલે; બીજા કેવળીઓ એવી સ્થિતિમાં હોય જ નહિ, કે શાસનના છેડા સુધી એમની પરંપરા ચાલે. શાસ્ત્રકારે શાસ્ત્ર કર્યું, અને તે જો પરંપરામાં ચાલ્યું તો જગતને અનહદ ઉપકાર કરનાર થાય. એટલે કોઈ પણ ગ્રંથ અસ્ખલિત પરંપરાએ ચાલે ત્યારે એ મંગળ સફળ માન્યું. આ રીતે અહીં મંગળનાં ત્રણ ફળ માન્યાં. બીજાઓએ એનું એક જ ફળ માન્યું કે નિર્વિઘ્ન સમાપ્ત થવું. પણ અહીં એનાં આ ત્રણ ફળ માન્યાં. શાસ્ત્રનું નિર્વિઘ્ન સમાપ્ત થવું, તેનું સ્થિર રહેવું અને પરંપરાએ શાસ્ત્રની આપ-લે ચાલ્યા કરવી. એજ મુદ્દાએ સૂત્ર આપતી વખતે ગુરુ કહે છે - सम्मं धारिज्जाहि, अन्नेसिं पवज्जाहिं, गुरु गुणेहिं वुड्विज्जाहि ।*

ઉપર દર્શાવ્યા મુજબ જૈન શાસ્ત્રકારોએ મંગળનાં ત્રણ ફળ માન્યાં, એ વાત ધ્યાનમાં લેશો ત્યારે માલમ પડશે કે તમો મુનીમ હો, લાખો રૂપિયા શેઠને નામે લાવો ને જમે કરાવી આવો તો પણ તમારી

* યોગ વખતે સૂત્રની અનુજ્ઞાની ક્રિયા વખતે, એટલે કે સૂત્ર ભણવાની આજ્ઞા આપતી વખતે ગુરુ મહારાજ કહે છે કે - આ જ સૂત્રને ભણીને ન ભુલાય એવી રીતે બરાબર ધારણ કરી રાખજે; બીજા યોગ્ય શિષ્યોને પણ આપજે; તેમ જ આ જ્ઞાન વડે તું પણ ગુણોના સમુદાયથી વૃદ્ધિ પામજેઃ પ્રસન્ન થયેલા ગુરુ મહારાજ આમ આશીર્વાદ આપે છે.

કિંમત ગણતા નથી. પારકા નામે લેવડદેવડ હજારોની થાય તેની કિંમત હોતી નથી. પોતાની જોખમદારીથી-જવાબદારીથી અંગત જે લેવડદેવડ થાય તેને જ કીમતી ગણવામાં આવે. પોતાના હાથે શાસ્ત્રોની રચના અને સમાપ્તિ થાય તેની જવાબદારી-જોખમદારી તે શાસ્ત્રકારોને શિરે રહેલી છે. તમે રોડા મેળવો, કૂકા મેળવો, તેમાં વંશવારસોનું ધ્યેય રાખો છો. તો પછી શાસ્ત્ર જેવી અપૂર્વ ચીજ, તે ભવિષ્યમાં થનારા કોહીનૂરો, નરરત્નો, હીરાઓને ખ્યાલમાં ન રાખે તે કેમ બને ? માટે મંગળના ત્રણ ફળ રાખ્યાં: નિર્વિઘ્ન સમાપ્તિ, સ્થૈર્ય અને નિરંતર ચાલવું. આ ફળ માટે પહેલાં મંગળ કરવું પડે.

**ભાવમંગળનું ચડિયાતાપણું : બે પ્રકારના જીવો**

મંગલાચરણમાં પણ દ્રવ્ય અને ભાવ એવા બે પ્રકાર છે. તેનું સ્વરૂપ સમજાવતાં ટીકાકાર મહારાજ કહે છે કે तत्र च सकलकल्याण-कारणतया अधिकृतशास्त्रस्य श्रेयोभूतत्वेन विघ्नाः सम्भवन्तीति तदुपशमनाय मङ्गलान्तरव्यपोहेन भावमङ्गलमुपादेयम् मङ्गलान्तरस्यैनैकान्तिकत्वात, अनात्यन्तिकत्वाच्च । भावमङ्गलस्यतु तद्विपरीततया अभिलषितार्थ साधनसमर्थत्वेन पूज्यत्वात् ।* આમ કહીને ટીકાકાર ભગવંતે દ્રવ્યમંગલ કરતાં ભાવમંગલનું ચડિયાતપણું અને વિઘ્નવિનાશકપણું સૂચિત કર્યું.

જગતમાં બે પ્રકારના જીવો હોય છે: કેટલાક એવા ભાગ્યશાળી હોય કે તેનું ભાગ્ય જ વગર પ્રયત્ને વિઘ્નોને દૂર કરતું જાય. પણ બધા કંઈ તેવા ભાગ્યશાળી ન હોય. એ તો કૃષ્ણનું જ ભાગ્ય કે ચોકીદારો

* આનો અર્થ આ પ્રમાણે છે : રચવા ધારેલ શાસ્ત્ર સર્વના કલ્યાણનું કારણ હોવાથી અને તે શ્રેયરૂપ હોવાથી (श्रेयांसि बहुविघ्नानि - સારા કામમાં સો વિઘ્ન - એ ન્યાયે) તેમાં વિઘ્નો આવવાનો સંભવ છે. તેથી એ વિઘ્નોની શાંતિને માટે બીજા મંગલના બદલે ભાવ મંગળ કરવું, કારણ કે બીજા મંગળ ન તો ઐકાન્તિક (એટલે અચૂક) છે કે ન તો આત્યન્તિક (એટલે આખરી) છે; અને ભાવમંગળ તો એનાથી વિપરીત એટલે ઐકાન્તિક અને આત્યન્તિક (અચૂક અને આખરી) હોવાથી ઈચ્છિત અર્થને પાર પાડવામાં શક્તિશાળી છે. અને તેથી એ પૂજ્ય છે.

ઊંઘે છે. કંસે જન્મ વખતે ચોકી કરવા માટે ચોકીદાર મૂક્યા હતા. પણ ખરે વખતે તે ઊંઘી ગયા; તે કૃષ્ણનું જ ભાગ્ય. વસુદેવ કે દેવકીનો, અથવા નંદ કે જસોદાનો પ્રયત્ન આમાં કામ ન આવે, અહીં તો ભાગ્ય જ કામ કરે છે. પ્રતિવાસુદેવ વાસુદેવનું માથું કાપવા માટે ચક્ર મૂકે છે, છતાં તે વાસુદેવના હાથમાં આવી ઊભું રહે છે. આ વાસુદેવના પ્રયત્નથી બનતું નથી. આ તો ભાગ્યનો જે ખેલ છે. કેટલાક જીવો એટલા નસીબદાર હોય કે એના વિઘ્નને એનું નસીબ જ નાશ કરે છે. વાસુદેવને ચક્ર હાથમાં આવ્યું - ચક્રે કંઈ ન કર્યું - તે વાસુદેવનું નસીબ. પણ સર્વે સરખા નસીબદાર ન હોય. એવો નસીબદાર તો કોઈક જ હોય. ભગવાન અરિહંત મહારાજા ભવાંતરથી સાથે આવેલા નસીબવાળા હોવાથી કદાચ મંગળાચરણ ન પણ કરે, પણ તેથી આપણે એ રસ્તે જઈએ તો ? ભાગ્યશાળીના ભાગ્યને સમજવાવાળો પોતાની દશાને સમજી પ્રયત્ન કર્યા વગર રહે જ નહીં. ગણધરો અને જિનેશ્વરોનું ભાગ્ય જ એવું કે તેમનું ભાગ્ય જ વિઘ્નનો નાશ કરી દે. વ્યવહાર કોને અંગે હોય ? ઘણાને અંગે. એટલે કે અપવાદરૂપ ગણ્યા ગાંઠ્યાને અંગે નહીં, પણ ઘણા માનવીઓને અંગે વ્યવહાર નક્કી કરવામાં આવે છે. એકાદ બનાવ વ્યવહારનું કારણ ન ગણાય. દા. ત. એક માણસ રસ્તે જતો હતો. ચાલતાં ચાલતાં એને ઠેસ વાગી અને ઈંટનું ઢેફૂં ઊખડી ગયું અને ત્યાં ખાડો પડી ગયો. ખાડામાં અંદર જોયું તો ચરુનું મોં દેખાયું. એટલામાં રાજા ત્યાંથી નીકળ્યો, પેલા માણસે એ ચરુ તેને આપ્યો. આવા એકાદ બનાવ ઉપરથી એવો નિયમ ન કરી શકાય કે જ્યાં જ્યાં રસ્તામાં ઈંટો હોય ત્યાં ઠેસ મારીને તેને ઉખાડી નાખવાથી, એટલે તેમાંથી નિધાન મળશે ! ચરુ નીકળ્યો એ વાત ચોક્કસ, પરંતુ એ વાત તેવા નસીબદારો માટે જ સાચી સમજવી; બધાને માટે નહીં. એવી રીતે નિર્વિઘ્ન સમાપ્તિ થાય તે માટે મંગળની જરૂર પડે. વિઘ્નો આપો આપ દૂર થાય તેવું તો ભવાંતરથી આવેલા ભાગ્યશાળીને જ બને. તેવાને

ભરોસે આપણે ન ચાલી શકીએ. આ ભગવતીસૂત્ર કલ્યાણરૂપ છે, સાક્ષાત્ કલ્યાણરૂપ - કલ્યાણભૂત છે. અને श्रेयांसि बहुविघ्नानि એ ઉક્તિપ્રમાણે કલ્યાણકારી કાર્યો વિઘ્નો વિનાનાં હોતાં નથી.

**પ્રશ્ન** - જાણો છો કે શાસ્ત્રો કરો છો તો તેમાં વિઘ્નો આવવાનાં છે. તો પછી 'મૂવો વર ને બળી જાન' કહેવત મુજબ શાસ્ત્રની રચના જ પડતી મૂકીએ તો શું ખોટું? શરૂ કરો તો વિઘ્ન પણ આવે અને તેનો નાશ કરવા પ્રયત્ન પણ કરવો પડે. આ બધું કરવા કરતાં શાસ્ત્ર શરૂ જ ન કરવું એ શું ખોટું? કે જેથી વિઘ્ને ન આવે ને મંગળ કરવાની ઉપાધિ પણ નહીં.

**ઉત્તર** - ટૂંકી નજરે તમારી વાત ખરી લાગે. પરંતુ सकलकल्याणकारणता બધાયનું કલ્યાણ કરવાપણું - શાસ્ત્ર માં રહેલું હોવાથી - એટલે કે જગતમાં જેટલાં કલ્યાણો તે બધાં કલ્યાણોનું કારણ શાસ્ત્ર છે તેથી - સર્વના કલ્યાણની ઈચ્છાવાળાએ શાસ્ત્ર શરૂ કરવું જોઈએ. અને વિઘ્નને નિવારવા માટે મંગળ કરી તેનો નાશ કરવાની જરૂર છે. વળી વિઘ્નના ભયથી ડરીને શાસ્ત્ર રચવાનુંજ માંડી વાળીએ તો એ તો જુ પડવાના ભયથી સમૂળગાં વસ્ત્રોનો ત્યાગ કરવા જેવું અક્કલ વગરનું જ થયું કહેવાય!

## આત્મગુણોમાં પણ વિઘ્નોની સંભાવના

સારા કામમાં સો વિઘ્ન - એ વાત દ્રવ્યાનુયોગમાં ઉતારીએ. આત્માનો એક પણ ગુણ કર્મે રોક્યા વગરનો નથી. જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીતરાગત્વ, વીર્ય બધા ગુણો કર્મે રોકેલા છે. ગુણો હોય તે જ રોકાયેલા હોય; અવગુણોને આવરણ ન હોય. જ્ઞાનાવરણી કર્મ માન્યું. પણ અજ્ઞાનાવરણી કર્મ ન માન્યું! દર્શનાવરણી કર્મ કહ્યું, પણ અંધાપાવરણી કર્મ ન માન્યું. એ રીતે સારાને ભય હોય, નરસાને કંઈ નહીં. આબરૂ રાખવી હોય તેણે પાઘડી, ધોતિયું બધું સંભાળવું પડે.

આબરૂનો ખપ ન હોય તેને કશું જ સંભાળવાનું નથી. જે શીંગડે ખાંડો અને પૂંછડે બાંડો હોય તેવાને ક્યાં પકડવો ? નાગાને કંઈ સંભાળવાનું નથી; સંભાળવાનું આબરૂવાળાને જ હોય. મિથ્યાત્વાદિને રોકનાર કોઈ નથી. ગુણના વિરોધીઓ ડગલે ને પગલે હોય માટે શાસ્ત્ર श्रेयोभूतत्वेन - કલ્યાણરૂપ હોવાથી - તેમાં વિઘ્નો આવવાના જ. અને તેથી એ વિઘ્નો દૂર કરવા માટે પ્રયત્ન પણ કરવો પડવાનો. આ પ્રયત્ન તે મંગલાચરણ.

જે રીતે કલ્યાણરૂપ શાસ્ત્ર હોવાથી તેમાં વિઘ્નો જરૂર ઊભાં થવાનાં તે રીતે દ્રવ્યાનુયોગની દૃષ્ટિએ વિચારતાં આત્માને પણ સ્વરૂપની સાધના કરતી વેળાએ કર્મની પ્રેરી અનેક ઉપાધિઓ આવવાની જ. પણ ક્ષાયિક ભાવનો આશ્રય લઈને તેને દૂર કરવાનો પ્રયત્ન કરવો જ રહ્યો. શત્રુનો હલ્લો આવ્યો અને કદાચ તમામનો નાશ કરી ન શકીએ તો પણ હલ્લો રોકાવાનો પ્રયત્ન તો કરવો જ જોઈએ. આત્મમાર્ગને સાધવા જતાં કદાચ કર્મનો સર્વથા ક્ષય ન પણ થાય તો પણ કર્મની શાંતિ તો જરૂર થાય તે વખતે કર્મના વિકારો નડે નહિ. તેનું નામ ઉપશમ.

**ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમ**

જૈન શાસ્ત્રકાર ત્રણ વસ્તુ કહે છે : ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમ. સર્વથા કર્મનો નાશ કરવો તે ક્ષય. કર્મનો સર્વથા નાશ ન થાય પણ તે દબાઈ રહે તે ઉપશમ. એટલે કે કેટલાકનો નાશ કરવો અને કેટલાકને એવી રીતે રૂંધી દેવા કે તેની તાકાત ન રહે તે ઉપશમ. અને ક્ષયોપશમ એટલે જોર કરી જે કર્મ આગળ આવ્યાં તેનો નાશ કરવો, અને આગળ આવેલાં બંડબડાટ કરે પણ નડી ન શકે એ રીતે એને શાંત કરી દેવાં. ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમ માટે એક લૌકિક દાખલો સાંભળો: એક માણસને લાખનું દેવું હોય તે દેવતાને પ્રસન્ન કરી કે બીજી ગમે તે રીતે એટલા પૈસા મેળવી દેવું ચૂકવી દે; તે થયો દેવાનો

ક્ષય. બીજો લાખનો દેવાદાર ૫૦ હજાર ચૂકવી દે તે થયો ઉપશમ. અને ત્રીજો લાખનો દેવાદાર દેવાના હપ્તા - કાંધા- બાંધી દે એ થયો ક્ષયોપશમ.

ક્ષય એટલે સર્વથા કર્મનો નાશ. ઉપશમ- પાણીમાં કચરો નીચે બેસી ગયો હોય પણ દૂર થયો ન હોય તેવી કર્મની અવસ્થા તે ઉપશમ. પ્રદેશરસથી કર્માનુભવ બંધ કરે, તે ક્ષયોપશમ. અહીં ઉપશમન શબ્દ મૂક્યો તે સમજવા માટે છે. કર્મની શાંતિ માટે એટલે કે કર્મના વિકારોને તોડી નાખવા માટે, લાકડી લઈને ફરી વળાતું નથી. એ માટે તો કર્મો જેવી રીતે ખરાબ પરિણામે આવ્યાં છે, તેવી રીતે શુભ પરિણામે જ તે ખસે છે. એટલે કે નઠારાનો નાશ કરવા સારાનો જ ઉપયોગ કરવો પડે છે.

**પ્રશ્ન :** - કર્મના વિકારોની શાંતિ માટે શું કરવું ?

**ઉત્તર** - શાથી કર્મ બંધાયાં છે? આરંભ-પરિગ્રહ, વિષય-કષાયથી અનાદિથી કર્મો બંધાયાં છે માટે નિરારંભી, નિષ્કષાયી થવા માટે એવા પુરુષના શરણે જઈએ તો જ કર્મ તૂટે.

**મંગળમાં ચાર નિક્ષેપા, અને ભિન્ન, અભિન્ન બે પ્રકાર**

શાસ્ત્રરચનામાં આવતાં વિઘ્નોનો નાશ કરવા માટે भावमंगलम् - ભાવમંગળ લેવાનું કહ્યું. પણ ભાવમંગલના બદલે मंगलं उपादेयम् એમ ન કહેતાં ભાવમંગળ કેમ કહ્યું ? આનો જવાબ આપતાં ટીકાકાર કહે છે કે मंगलांतरव्यपोहेन । નામમંગલ, સ્થાપના મંગલ, દ્રવ્યમંગલં એ ત્રણ મંગળો કોરણે મૂકીને ભાવમંગળ જ લેવું નામ, સ્થાપના, દ્રવ્ય ભાવ ચાર નિક્ષેપા બે પ્રકારના. જેવું આનું નામ ડાભડી છે તેવું આ

* મંગલ એવું કોઈનું નામ તે મંગળનો નામનિક્ષેપો. અષ્ટ માંગલિક અગર માંગલિક પદાર્થનો આકાર, ચીતરામણ તે સ્થાપના મંગલ. દહીં, સાથિયો, વાજિંત્રનો સ્વર સંભળાવો, કુંવારી કન્યા, બાળકવાળી સૌભાગ્યવંતી સ્ત્રી, માથે બેડું હોય તેવી સ્ત્રી - વગેરે બધાં દ્રવ્યમંગળ. આ દ્રવ્યમંગળો નિષ્ફળ પણ જાય, પરંતુ ભાવમંગળ - રૂપ આ શાસ્ત્ર અથવા જિનેશ્વરને કરેલા નમસ્કારરૂપ ભાવમંગળ કદાપિ નિષ્ફળ જાય નહીં.

ડાભડી નામથી બોલાવાય તે નામ ડાભડી. ડાભડીનો આકાર ચીતરીને કર્યો:, આકાર સાચી ડાભડીથી જુદો, છતાં તે ડાભડી કહેવાય તે સ્થાપનાડાભડી. ડાભડી બનાવવા માટે સામગ્રી લાકડું લાવ્યા તે દ્રવ્યડાભડી કહેવાય. વળી સાચી ડાભડીના કકડા થયા તે પણ દ્રવ્યડાભડી થઈ. જે તૂટી તેના ટુકડા પણ દ્રવ્યદાભડી કહી શકાય. ડાભડીનું કાર્ય કરનારી ડાભડી તે ભાવડાભડી. લાકડાની ઘડેલી ડાભડી તેમ જ તપકીર ભરેલી હોય તે ભાવડાભડી. તેમાં ડાભડી નામ છે, આકાર છે. ડાભડીનું દ્રવ્ય (ડાભડીના ઉપાદાન કારણરૂપ લાકડું, જેને દ્રવ્ય ડાભડી પણ કહી શકાય એ લાકડું, ભાવડાભડીમાં) પણ છે. આ અભિન્ન નિક્ષેપો- ભાવડાભડીમાં રહેલાં નામાદિ ત્રણ. ભાવ નિક્ષેપાથી જુદાં રહેલાં નામાદિ ત્રણ નિક્ષેપા સમજશો, ત્યારે मंगलांतरव्यपोहेन ભાવમંગળથી નિરપેક્ષ એવું જે નામ, સ્થાપના, દ્રવ્યમંગળ તેને છોડી દેવું, પરંતુ જેમાં નામ સ્થાપના દ્રવ્ય ત્રણે રહેલાં છે, તેવું ભાવમંગળ સકલ વિઘ્નોની શાંતિ માટે શાસ્ત્રકારોએ લેવું જોઈએ. નામ-મંગળ તરીકે ગમે તેનું નામ મંગળ રાખીએ. તેની તસ્વીર તે સ્થાપના મંગળ. મરેલો મંગળ તે દ્રવ્યમંગળ. આવા મંગળથી કશું કામ ન સરે- નામધારી, ફોટામાં રહેલ કે મરી ગયેલ એ ત્રણે કંઈ પણ કામ કરનારા નથી. ભાવ-મંગળ હોય તેથી જ કામ સરે. નામ, સ્થાપના અને દ્રવ્ય એ ત્રણે ભાવથી નિરપેક્ષ હોય તો ફળ દેવામાં સમર્થ નથી. રાજાના નામાદિ કદાચ સાધારણ ફાયદો કરે, પણ આગળ કામ ન લાગે. પણ મહાપુરુષનાં નામો (લોગસ્સમાં ભગવાનનાં નામો આવે છે), સ્થાપના (જિનમૂર્તિ), દ્રવ્યો (મરીચિ, શ્રેણિક, કૃષ્ણ) પરિણતિથી જે લાભ થાય તે દ્વારા મોક્ષ સુધ્ધાં આપે, આપે ને જરૂર આપે. ઠેઠ મોક્ષ સુધીનું ફળ જરૂર કરે. ઊંચામાં ઊંચી ફળની દશા તે મેળવી જ આપે છે. તીર્થંકર પરમાત્માને નમસ્કાર કરવા રૂપ ભાવમંગળ જુદા જ રૂપનું છે. એ એકાંત ફળને દેનાર છે, ઊંચામાં ઊંચા ફળને દેનાર છે, તે જ પૂજ્ય

છે. માટે ભાવમંગળ જરૂરી ગણાવ્યું, અને પૂજ્ય જણાવ્યું.

**ગોશાલકના અંતિમ પરિવર્તનનો બોધપાઠ**

બધું કહ્યું પણ કલ્પનાના ઘોડાએ જૈનશાસન દોરવાય નહીં. ભગવાન મહાવીર મહારાજા એક નગરી બહાર સમોસર્યા. એક મટ્ટુક નામનો શ્રાવક વંદના કરવા જાય છે. ભગવાનના કાળમાં મિથ્યાત્વીનો તોટો નથી. જૈન નામધારીમાં પણ મિથ્યાત્વીનો તોટો નથી., તો પછી જૈન નામ ધારણ ન કરનારાઓમાં તો એવાનો તોટો ન હોય તેમાં નવાઈ નથી. તે વખતમાં નિહ્નવ જમાલિ અને ગૌશાળાના મતને અનુસરનારા શ્રાવકો પણ હતા. ગોશાળાના શ્રાવકો એવા હતા કે 'થેં ડગો, પણ મેં ન ડગું.' ગોશાળાએ છેવટે ભાગ્યોદયથી મહાવીરનું સત્યપણું જાણ્યું. જુઠાણું ફેલાવવાથી તેને આખરે અફસોસ થયો. તેણે જાહેર કર્યુંકે, હું સાચો તીર્થંકર કે કેવળી નથી, હું તો કેવળીનો ઢોંગ કરનારો છું. સાચા કેવળી ભગવંત તો મહાવીર મહારાજા. એમનું મેં અપમાન કર્યું, વિરુદ્ધ વર્ત્યો. મારું નામ લે કે મારું મોં જગત જુવે તો પાપે ભરાય, માટે મારા મડદાને પગે દોરડી બાંધી, શ્રાવસ્તી નગરીના ચૌટા-ચોક (चतुर्मुखादेव) રાજમાર્ગોમાંથી ઢસડતું લઈ જજો, અને કહેતા જજો કે દુષ્ટ પાપિષ્ઠ ગોશાળો કેવળી કે તીર્થંકર ન હતો, પણ સાચા કેવળીનો હત્યારો હતો. તેના મોં ઉપર થૂંકજો. આમ તમો કરજો. એને પશ્ચાત્તાપની દશા જાગી એટલો એ સુધર્યો. ગોશાળો મરી ગયો એટલે ભક્તોએ કહ્યું - કલ્યાણની કે આત્માની વાત કોરાણે મૂકો. આપણા ગુરુએ (ગોશાળકે) કહ્યું તેમ કરીએ તો આપણા નાકનું શું થાય? આમ જ્યાં માલિકને મોભો ન નડ્યો ત્યાં અનુસરનારાને નાક નડ્યું. ગોશાળાના કેટલાક ભક્તો વળી એવા નીકળ્યા કે જેમને થયું કે આપણે મહારાજનું વચન અને આપણું નાક બંને જાળવવું. એટલે એમણે બારણાં બંધ કર્યાં, અને ઘરની વચમાં ચોકમાં શ્રાવસ્તી નગરી ચીતરી, ગોશાળાને પગે દોરડું બાંધી એમાં ઘસડ્યો ને ઉદ્‌ઘોષણા કરી.

પછી ઠાઠમાઠથી ગોશાળા તીર્થંકરની જય પોકારી.

આમ મહાવીર પ્રભુના વખતે જૈન નામધારી નાકના લાંબા લીંટાવાળા લગીર પણ અફસોસ કરતા ન હતા. તેઓ પોતાના ગુરુ ગોશાળાએ અજવાળું પાડવા છતાં, અને સત્ય વસ્તુની છેવટે જાહેરાત કરવા છતા, અંધા રહેવાવાળા નીકળ્યા. સેલોદાયી અને કાલોદાયી નામના મિથ્યાત્વીઓ મદ્ગુક શ્રાવકને આવતો દેખી, ઊભો રાખી કહે છે કે સર્વજ્ઞ પાસે સાંભળી આવ્યો તો અરે, મહાવીર મહારાજા કહે છે તે માનેછે ? ધર્માસ્તિકાય માને છે ? દેખે છે ?

**સર્વજ્ઞના વચનમાં શ્રદ્ધા રાખવી જોઈએ.**

મિથ્યાત્વીએ મદ્ગુક શ્રાવકને સવાલ કર્યો કે ધર્માસ્તિકાય માને છે ? તો શ્રાવક કહે, હા. મિથ્યાત્વી વળી કહે કે, જો હોય તો મને દેખાડ. આનો જવાબ શ્રાવક એવો આપે કે શ્રદ્ધા વગરના એને ન દેખે. સ્વપ્નમાં જે છોકરા ને છોકરી જોયાં તે બીજાને ન દેખાડી શકે . તો શું તેનું સ્વપ્ન ખોટું ? સ્વપ્ન એ તો અનુભવની ચીજ છે. એ જેમ બીજાને ન દેખાડાય તેમ ધર્માસ્તિકાય શ્રદ્ધાવાળો દેખી શકે, બીજો ન દેખી શકે. આ ઉત્તર દઈએ તો ચૂપ થયા વગર છૂટકો નથી. નાકથી ગંધ આવે છે, પણ એને આંખથી દેખતા નથી, છતાં તેને માનીએ છીએ. વળી દેશાવરો દેખ્યા નથી, પણ ગયેલા કહે તેથી માનીએ. તો પછી સર્વજ્ઞ વીતરાગ ભગવાનના ભરોસે આપણી નરી આંખે ન દેખી શકાય તેવી વાતો માનવામાં શી અડચણ ? મદ્ગુક શ્રાવકે તે વખતે તેમ કહ્યું ન હતે તો અનંત તીર્થંકર, સિદ્ધો કેવળીની આશાતના કરનારા થતે. જૈન શાસનમાં કલ્પનાને આધારે કુયુક્તિઓ કરે તેને સ્થાન નથી. પૂર્વાચાર્યોએ કહ્યું છે તેથી હું કહું છું, એ જ રાજમાર્ગ છે. હવે પૂર્વાચાર્યનું કથન કેવી રીતે તે આગળ જોઈશું.

# દેશના - ૧૧

## ભાવમંગળ સંબંધી વિચારણા

ટીકાકાર મહારાજા શ્રી અભયદેવસૂરીશ્વરજીએ ભગવતી સૂત્ર ની વ્યાખ્યા કરતાં, વ્યાખ્યાકારે જાળવવાના નિયમોને અંગે વિશેષાવશ્યકની ભલામણ કરી. હવે સૂત્રકાર ક્યા નિયમો જાળવે છે તે કહે છે. સૂત્રકાર ચાર નિયમો જાળવે છે. મંગળનું કથન, અભિધેય, ફળ-પ્રયોજન અને તેની પ્રામાણિકતાને અંગે પરંપરાએ આવતો આગમ સંબંધ. આ ચાર વસ્તુ જણાવવી જોઈએ. તેમાં પહેલું મંગળ શા માટે? તો કહે છે, દરેક કલ્યાણકારી કાર્યોમાં વિઘ્નોની સંભાવના હોય. ભૂતને ભૂત નડે: અશુભ કાર્યોમાં વિઘ્ન આવતું નથી. અને કદાચિત અશુભ કાર્યમાં વિઘ્ન આવી જાય તો એથી એકંદરે લાભ જ થાય; અશુભનું વિઘ્ન એટલે એનો કંઈકે અટકાવ. મનુષ્ય પાપકર્મ કરતો હોય, અને એમાં કાયરતા આવે, કે રોકનાર-ટોકનાર કોઈ આવે તો તેથી શુભ જ થવાનું, એ રોક-ટોક કોઈક અશુભ પ્રવૃત્તિની થાય. આનો અર્થ એ થયો કે, અશુભમાં વિઘ્ન ન આવે તો એટલો દુર્ભાગ્યનો ઉદય વિશેષ સમજવો. જેને દુર્ગતિમાં જવાનું હોય તેને ચોરી કરતાં વિઘ્ન ન નડે. એટલે પોતે આદરેલી અશુભ પ્રવૃત્તિમાં કંઈ વિઘ્ન આવે તો તે સદ્‌ભાગ્ય સમજવું.

**પ્રશ્ન** - શાસ્ત્રોને ઉડાવતાં વિઘ્ન કોને નડે?

**ઉત્તર** - જેને દુર્ભાગ્યનો ઉદય ન હોય તેને. ભવિષ્યનો ઉદય જ

જમાલી આદિની પેઠે રખડવાનો હોય તેને શાસ્ત્ર-પરંપરા ઉડાવતાં વિઘ્ન ન નડે; પણ ઊલટું એવા ખાંધિયા મળી જાય કે જેઓ હાજીહા કરીને મન માને તેવો પ્રચાર કર્યા કરે. ગોશાળાને કે જમાલીને તેના હાજિયા સાગરીતો ન મળ્યા હતે તો આટલા ભવો રખડવાનું ન થતે. આ તો તૂંબડું મૂળમાં કડવું અને પછી તેને સોમલે વધાર્યું, એના જેવું થયું.

**વિઘ્નોનું સૂચન સાવચેતી માટે સમજવું**

સદ્ભાગ્યનો ઉદય હોય અને સારાં કાર્ય કરવા બેસીએ તો એમાં હંમેશા વિઘ્ન આવવાનો ભય રહે. સારાં કાર્યોમાં વિઘ્નો આવતાં હોવાથી નિયમ બાંધવો પડ્યો કે સારાં કામમાં સો વિઘ્નો ! તો પછી આ વિઘ્નોની સામે કરવું શું ? સારા કાર્યમાં વિઘ્નો આવવાનું અનુભવીઓ જણાવે છે તે સારાં કાર્યો રોકવા માટે કે એવાં શુભ કાર્યોથી મનને પાછું વાળીને એનો ત્યાગ કરનારા માટે નહિ, પણ એમાં સાવચેતી અને હંમેશાં અપ્રમત્તતા રાખવા માટે સારા કાર્યોમાં સો વિઘ્નો આવવાનું જણાવે છે. જેવો વેપાર તેવી દલાલી. આનો અર્થ કદાપિ એવો ન થાય કે, દલાલી વેપાર બંધ કરવા માટે છે. અનાજમાં ગાડે ને મણે દલાલી હોય, સોનામાં તોલે દલાલી હોય, હીરામાં રતિએ દલાલી હોય, તે વેપાર બંધ કરવા માટે નહિ. શાસ્ત્રકારો કલ્યાણના માર્ગોમાં વિઘ્નો આવવાનું કહે છે તે એ માટે અગાઉથી ઉપાય-માર્ગ યોજી રાખવા માટે અને સાવચેતી રાખવા કહે છે.

આ ટીકા - વ્યાખ્યાન પરમ કલ્યાણનું કારણ છે, શ્રેયભૂત છે. આવું કલ્યાણકારી કાર્ય હાથ ધરવાને લીધે વિઘ્નોને નોતરું દઉં છું. રોજના વ્યવહારમાં પણ બે પૈસા કમયા તેનાં આંગણાં લેણદારો ઘસે એવું જોવામાં આવે છે. કમાઈ કરવી તે લેણદારને આંગણું ઘસવા માટે નોતરું દેવા બરાબર છે, પણ તેથી કમાઈ કરવાનું છોડી દેવાનું ન હોય; ફક્ત એમાં અગાઉથી સાવચેત રહેવું આટલો જ એનો અર્થ સમજવો.

કલ્યાણકારી કાર્યો કરવા તે વિઘ્નોને નોતરાં દેવાં સરખું છે. ગોસાંઈજીના મંદિરમાંથી પ્રસાદની પતરાળી લઈને નીકળે ત્યારે જોડે લાકડી લઈને નીકળે. જેમ પતરાળી લઈને મંદિરમાંથી નીકળે તેને કૂતરા કે સમળી વગેરેથી બચવા માટે જોડે લાકડી રાખવી જ પડે, તેમ અહીં કલ્યાણકારી કામ કરનારે વિઘ્નના નાશ માટે લાકડીરૂપ મંગળાચરણ જરૂર કરવું જ પડે. મંગળાચરણ વગરનું કાર્ય લાકડી વગરની પતરાળી જેવું. પળેપળે ઝડપાઈ જવાના ભયવાળું સમજવું. મંગલાચરણ કર્યા વગર કલ્યાણકાર્ય કરનારા મૂર્ખા ગણાય. માટે મંગળ કરવું જોઈએ.

**મંગળના બે પ્રકાર : ભિન્ન અને અભિન્ન**

મંગળના બે પ્રકાર કહ્યા છે : પૃથક્ અને અપૃથગ્, અર્થાત્ ભિન્ન અને અભિન્ન મંગળ. મહાવીર ભગવાન, તેમનું નામ મહાવીર, આકૃતિ પણ મહાવીરની, જીવ-દળ-શરીર પણ મહાવીરનાં દ્રવ્યો, તીર્થંકરનામકર્મ વેદનાર પણ એજ મહાવીર. આમ નામ, સ્થાપના અને દ્રવ્ય એ ત્રણે ભાવથી જુદાં ન હોય ત્યારે અભિન્ન; અને ભાવ વગરનાં એટલે કે ભાવથી નિરપેક્ષ હોય તે ભિન્ન સમજવાં. જેમ કે ગમે તેનું નામ મહાવીર રાખ્યું પણ તે મૂળ પુરુષની અપેક્ષા વગરનું. કોઈ એક આકારને મહાવીર કહ્યાં, એ આકાર ખૂદ મહાવીરનો નથી. આ મૂળ પુરુષથી ભિન્ન હોવા છતાં મૂળ પુરુષના સ્મરણમાં ઉપકારક થતાં હોવાથી એને ભિન્ન મંગળ તરીકે કહેલ છે.

**સ્થાપના એ મિથ્યાજ્ઞાન નથી; મૂર્તિની ઉપયોગિતા**

અહીં સ્થાપના સંબંધી ઊભો થતો એક મુદ્દો ખાસ વિચારવા અને સમજવા યોગ્ય છે. સ્થાપના એટલે આરોપ. આરોપ એક મિથ્યાજ્ઞાન છે એમ કોઈ કહે તો તે બરાબર નથી. તેવું બોલનારને મહાવીર મહારાજની મૂર્તિને મહાવીર માનવાનો હક્ક રહેશે નહીં. અહીં કોઈ સવાલ કરે કે તે મૂર્તિ તીર્થંકર નામકર્મવાળી છે ? જીવ છે ? પણ આવા સવાલથી તો જ્ઞાનનાં અનેક સાધનોનો અપલાપ કરવાનો વખત આવે.

લોકોમાં જેનો વ્યવહાર થયો હોય તે સત્ય કહેવાય. દાખલા તરીકે છોકરો કોઈને ત્યાં જન્મ્યો. એના જન્મ પછી તેનું કુળ ખેદાનમેદાન થયુંઃ માતા, પિતા, ભાઈ બધાં મરી ગયા, છતાં તેનું નામ કુલવર્ધન પાડ્યું હોય અને એને કોઈ કુલવર્ધન કહે તો તે કંઈ મૃષાવાદ ન ગણે. તેમ જનપદે જે વસ્તુ નક્કી કરી હોય તે સત્ય ગણાય. તેને જુઠી કહેનારા જૈન શાસ્ત્રથી વિરુદ્ધ છે, તે જ રીતે છે મૂર્તિ, છતાં સ્થાપનાએ મહાવીર ભગવાન છે.

जो देवाणवि देवो जं देवा पंजलि नमंसन्ति ।
तं देवदेवमहियं सिरसा वंदे महावीरं ।।

એ સ્તુતિ બોલીને હમેશાં સ્થાપનાજીને વંદના-નમસ્કાર કરીએ છીએ તે શું સૂચવે છે? પદાર્થના નિશ્ચયની જગો પર જ્ઞાન, પ્રમેય, અપ્રમેય, પર, વ્યવહાર કે નિશ્ચયના વિભાગો જેઓને ખબર ન હોય તેવાને માટે નામ, જનપદાદિ સત્યો જણાવ્યાં છે. તે વાત માનવામાં ન આવે અને આરોપને જુઠ્ઠું જ્ઞાન માને, લોક સમ્મતને જુઠ્ઠો આરોપ ગણે, સ્થાપનાને આરોપ માની જુઠ્ઠો ગણે તે વિરાધક સમજવો. ભગવાન મહાવીર મહારાજાની અપેક્ષાએ મૂર્તિ હોય તો તે સ્થાપનાસત્ય છે. તેવી રીતે દ્રવ્ય એટલે આગળ પાછળ ની અવસ્થા. ભગવાન મહાવીર મહારાજાને અંગે મરીચિના ભવમાં ભરતે વંદન કર્યું. તે કરતાં કહ્યું કે, "તારા ભવિષ્યના તીર્થંકરપણાની ઉત્તમતાને કારણે, એ તીર્થંકરપણાની પહેલાંના ભવને પણ હું નમસ્કાર કરું છું." આ થયું દ્રવ્ય મહાવીરને વંદન. જેઓને ઉત્તમતાના આવિર્ભાવને જ માનવો હોય તેવાએ તો ભરતને ઠપકો દેવો જોઈએ. શાસ્ત્રકારો બીજ માને છે. ભવ્ય જીવોમાં કેવળજ્ઞાન કે સિદ્ધ પણું બીજ તરીકે રહેલું છે, પણ સમ્યક્ત્વનું પણ ઠેકાણું ન હોય એટલે કે સમ્યકત્વ પ્રગટ્યું ન હોય ત્યાં સુધી બીજ રહેલું હોય તેટલામાત્રથી કંઈ પૂજ્યતા આવી જતી નથી. એ જો પૂજ્ય

માનીએ તો ભરત મહારાજાએ "તારા પરિવ્રાજકપણાને નમસ્કાર કરું છું." એમ શા માટે ન કહ્યું ? "તારા દ્રવ્ય તીર્થંકરપણાને નમસ્કાર કરું છું", એમ કહ્યું. કારણ કે એ તીર્થંકરપણું જ ઐકાંતિક આત્યંતિક ફળ આપનાર છે. પણ ભાવથી નિરપેક્ષ એવાં નામાદિ ત્રણ ઐકાંતિક આત્યંતિક નથી. જૈન શાસનમાં સ્વતંત્ર પ્રરૂપણાને સ્થાન નથી, તેથી મુદ્રાલેખ રાખ્યો છે: " **जिणपन्नत्तं** " અર્થાત્ કેવળીએ કહેલું તે જ તત્ત્વ. પણ કલ્પના બુદ્ધિ **गम्मं तत्तं** કલ્પતિ બુદ્ધિ તે તત્ત્વ એમ નથી રાખ્યું. જિનેશ્વરની પરંપરાએ આચાર્યોએ કહ્યું તે જ તત્ત્વ જૈન શાસને રાખ્યું છે. મૂર્તિને નહીં માનનારાઓ એ બાબતમાં પુરાવો આપી શકતા નથી ત્યારે કહે છે કે, ચૈત્યવાસીઓએ આ ધંધા કર્યા. શાસ્ત્રને અને પરંપરાને ઉડાવનારા આજકાલના આવા લોકો બોલે છે કે એ તો ગોરજીએ કર્યું. આવું કહેનારને પૂછીએ કે - વિજયદેવસૂરિજીના વખતના લખાયેલા પટ્ટકોમાં ગોરજીપણું આવી જશે તો પછી સંવેગીપણું ક્યાં ટકશે ? મૂર્તિ, દેરાસર વગેરેને લોપવા માટે મૂર્તિને નહીં માનનારાઓ ચૈત્યવાસીઓના નામે લોકોને બહેકાવે છે. અને આમ કરીને સૂત્રો અને પરંપરા બન્નેને ઉડાવે છે. આ બન્નેને માનવાના હેતુથી જ અભયદેવસૂરિજીને કહેવું પડ્યું કે ભાવમંગલને અનુસરનારા ઐકાંતિક આત્યંતિક ફળ દઈ શકે છે. હું કહું છું માટે નહીં, પૂર્વાચાર્યો કહે છે તેથી માનવાના છે. પુરાવાની ગેરહાજરીમાં કેસ સાબિત થયેલો માની શકાતો નથી. જૈન શાસનમાં પુરાવાની ગેર હાજરીમાં બોલાય જ નહીં. મારા પાસે ઘણા પુરાવા છે, એમ બોલ્યાથી કાંઈ ન વળે. જે પુરાવો હોય તે દેખાડવો કે રજૂ કરવો જોઈએ. એટલા માટે જ કહે છે કે પહેલાં વિશેષાવશ્યક ભાષ્યકાર મહારાજે આ કહ્યું છે.

**ભાવમંગળની અને આત્મકલ્યાણની વિશેષતા**

ભાવમંગળની વિશેષતા દર્શાવવા માટે શાસ્ત્રકાર મહારાજા

કહે છે કે - किं पुण तमणेगंतिअमच्चंतं च ण जओऽभिहाणाई, तव्विवरीयं भावे तेण विसेसेण तं पुज्जं । અર્થાત્ એ જે એકલું નામ, એકલી આકૃતિ, એકલું દ્રવ્ય એ અનેકાંતિક છે એટલે કે એ ફળ આપે પણ ખરાં અને ન પણ આપે. કોઈકને સાંભળીને જાતિસ્મરણ થઈ જાય તેથી તે કલ્યાણ કરી જાય. अ નો આકાર, તેને 'મહાવીર' કહો. માછલા ભગવાનની પ્રતિમાના આકરે હોય; માછલાનો સ્વાભાવિક તેવો આકાર હોય છે, છતાં તેવા આકૃતિવાળા મચ્છોને જોઈને એક મચ્છને જાતિસ્મરણ થઈ જાય છે. તે વાત સમજવા જેવીછે. એક શહેરમાં ધર્મિષ્ઠ આગેવાન છે. છતાં કેટલીક વખત ' દીવા પાછળ અંધારું' એ કહેવત પ્રમાણે એવા ધર્મિષ્ઠોના ફરજન કોઈક એવા થાય છે કે જે સાવ છેલ્લી કોટિના હોયછે. એ રીતે એનો છોકરો પણ કપાતર પાક્યો, આથી બાપને વિચાર આવ્યોઃ રોડા-કુકાનો વારસો તો મિથ્યાત્વી પણ છોકરાને આપે છે; હું પણ આપું ને એની આવતી જિંદગીનો વિચાર ન કરું તો મારા અને તેનામાં ફેર શો ? (આ પ્રસંગ સંપૂર્ણ નીચે વર્ણવ્યો છે.) આ જિંદગી કરતાં આવતી જિંદગીનો વિચાર પ્રથમ કરવાનો. પારકી જિંદગીનો વિચાર કરવા તૈયાર ક્યારે થવાય? જ્યારે આત્માના કલ્યાણનો ખ્યાલ હોય ત્યારે જ.

**શ્રીમતીનું ઉદાહરણ : નવકારમંત્રનો પ્રભાવ**

મંગલની તો પળે પળે જરૂર પડે છે. ક્યારે કેવી સ્થિતિ આવી પડે તે કોણ કહી શકે ? એમાંથી બચવાનો અમોઘ ઉપાય મંગળનું સ્મરણ છે. શ્રીમતીનું ઉદાહરણ સમાજવા જેવું છે. શ્રીમતીને નાગ મળ્યો તે નવકારમંત્રના પ્રભાવે ફૂલની માળા થઈ. આ ઘટનામાં લગીરે ઊંડા ઉતર્યા ? શ્રીમતીએ ક્યારે નવકાર ગણ્યો ? શા માટે ગણ્યો ? કોઈ ને જરૂર એમ થાય કે પોતાનું ગોઠવેલું ઠામ, ધણીનો હુકમ, પોતાના ઓરડામાં જવું, એમાં નવકારનો શો સંબંધ ? ફૂલની માળા લેવા જવું

તેમાં નવકારનું સ્મરણ કરવાની શી જરૂર? આનું તાત્પર્ય એ કે, આવી રીતનું ઘરનું ગમે તે કામ કરતા નવકારમાં ચિત્ત રહે; ઘરનું કામ કરતાં પણ નવકાર ભૂલાય નહિ. તેણે અભ્યંતર દૃષ્ટિ રાખી વિચાર્યું કે ઓરડામાં અંધારુંછે; એટલા માત્રમાં વખતે આ જિંદગીનો અંત આવે અને મન બીજે લાગેલું હોય તો આખી જિંદગી બગડે. આવું ન થાય અને આવતી જિંદગી સુધરે તે માટે એણે નવકારનું સ્મરણ કર્યું. આ રીતે આવતી જિંદગીની ચિંતા એવા જીવો કેટલી રાખતા!

**મૂર્તિના દ્રવ્ય દર્શનથી પણ થતો લાભ**

છોકરાને મિલકત, આબરૂ, રોડા વધારે સોંપી જઈએ, એના કુકા-રોડામાં એટલે કે ધન અને ઘરમાં ધાડ ન પડે તે માટે ઘણો વિચાર કરીએ ,પણ તેની આવતી જિંદગી માં ધાડ ન પડે એનો વિચાર ક્યારેય કર્યો ખરો? જ્યાં પોતાનો જ વિચાર નથી તો પછી પારકાનો તો ક્યાંથી હોય? છોકરાને અંગે આવતી જિંદગીમાં શું ? ઘણા સાધુ પાસે લઈ ગયા પણ કાળમીંઢ પથ્થર પર પુષ્કળ પાણી વરસે તોપણ એની અંદર લીલાશ-પોચાશ ન આવે. જેમ કદાગ્રહીઓ શાસ્ત્રને લાયક ન રહે તેમ મૂર્ખા સંસ્કારને માટે નાલાયક હોઈ ઉપદેશને લાયક રહેતા નથી. ઉપર સંપેક્ષમાં કહ્યું તે શેઠ છોકરાથી થાક્યા. તેમને ચિંતા હતી કે આવતી જિંદગી ભયંકર ન થવી જોઈએ. એ માટે બધા ઉપાયો કર્યા. ઘરનું બારણું સુધ્ધાં નીચું ઉતાર્યું તે જિંદગી સુધારવા માટે. બારણું નીચું ઉતારવાથી ગતિ સુધરતી હોય તો લાવો અમે પણ બારણાં નીચે ઉતારીએ. નીચું નમીને જ જવું પડે, સીધું ન જવાય. અંતરીક્ષજી ગયા હશે તેને ખ્યાલ હશે કે બારણામાં પેઠા પછી બે ત્રણ ડગલાં અંદર ગયા સિવાય માથું ઊંચું થઈ શકે જ નહીં પણ આને બીજી ગતિ સુધારવા સાથે શો સંબંધ? બારણું શેઠે નીચું કરી ત્યાં ભગવાનની મૂર્તિ એવી રીતે ગોઠવી, કે ઈચ્છા હોય કે ન હોય તો પણ તરત નજર એના ઉપર જ પડે. આવી ગોઠવણ કરવામાં બાપને છોકરાની આવતી જિંદગી સુધારવા

માટે કેટલું લક્ષ્ય હશે ? છતાં भवितव्यं भवत्येव - થવાવાળું હોય તે જરૂર થાય જ, એ ન્યાયે શેઠના છોકરાને ધર્મ ન મળ્યો તે ન જ મળ્યો; એને કોઈ રીતે ધર્મની પરિણતિ ન થઈ. કારણ કે જેમ પગમાં પહેરેલ મોજાં પાણી આવતાં પહેલાં ઉતારી શકાય, પણ પાણીમાં ઊઠતા તરંગો રૂપી મોજાં તો પાણીનું જ સ્વરૂપ હોઈ, પાણી પહેલાં ઉતારી શકાય નહીં પણ પાણી પોતે ઓસરી જાય ત્યારે જ એ મોજાં ઊતરી શકે, તેમ જ અંતઃશુદ્ધિનું સમજવું. અંતઃશુદ્ધિ પણ કંઈ દ્રવ્યદર્શનથી જન્મે નહી; એ માટે તો ભાવદર્શન જોઈએ. કારણ કે ભાવદર્શન અને અંતઃશુદ્ધિ છેવટે એકરૂપ બની જાય છે. અને છોકરાને ભાવદર્શન જેવી લાગણી ન જન્મી એટલે છેવટે છોકરો મરીને ધર્મક્ષેત્રની નજીકમાં પણ ન જન્મ્યો, અને છેક સ્વયંભૂરમણ સમુદ્રમાં માછલા રૂપે ઉત્પન્ન થયો. એ જન્મ્યો તો સ્વયંભૂરમણ સમુદ્રમાં, પરંતુ ત્યાં માછલામાં ભગવાનના આકારનું માછલું તેના દેખવામાં આવ્યું. સામાન્ય રીતે એવો નિયમ છે કે - અત્યંત રુચિની કે અત્યંત અરુચિની વાત જીવને જરૂર યાદ આવે છે. પ્રેમ કે દ્વેષના સંસ્કારો આગલા ભવમાં યાદ આવે છે. વાસુદેવ ઉપર પ્રતિવાસુદેવને દ્વેષ થતો હોય તે ભવાંતરના સંસ્કાર. પ્રીતિના કે અપ્રીતિના સંસ્કાર તે રૂપમાં આવે. અહીં અપ્રીતિના સંસ્કાર જાગ્રત થયા. એને એમ થયું કે આવું ક્યાંક દેખ્યું છે. એમ ઊહોપોહ કરતાં કરતાં છેવટે એને જાતિસ્મરણ થયું: અહો, મારા બાપે મારા માટે આટલા ઉપાય કર્યા છતાં હું મગશેળીયો પાષાણ રહ્યો હતો તેથી મારી આ દશા થઈ! હવે જાગ્યા ત્યારથી સવાર. એ ભવ તો એમ જ ગયો અને આગલા ભવમાં આચાર્યાદિકે કહેલું યાદ કરી ત્યાં આરાધના કરી સ્વકલ્યાણ કર્યું.

જે મંગળ અનેકાંતિક હોય તેનો ફળ આપવા અગે નિયમ નહીં. ભાવમંગળની ધારણાએ કરેલું નામ, સ્થાપના દ્રવ્યમંગળ અને ભાવમંગળ એ તો જરૂર ફળ દે જ. એ વ્યભિચારી નથી એટલે એકાંત ફળ

દેનાર છે.

**કેળ અને આંબા વચ્ચેનો તફાવત**

કેળ ફળે ખરી, પણ એક વખત કેળાં ઊતર્યા પછી આગળ કંઈ નહિ. કેરી વાવવાથી આંબો ઊભો થાય. પણ કેળ અને આંબા વચ્ચે ફરક એટલો કે આંબાના બધાં ફળો પરંપરા ચલાવવાવાળાં હોય જ્યારે કેળાનું ફળ ઠેંકડે ઠેં, એટલે ત્યાંનું ત્યાં જ સમાઈ જાય. એના થડિયા રોપાય. તેમ અહીં એકલાં નામ, સ્થાપના કે એકલું દ્રવ્ય કોઈ વખત ફળ દે પણ ખરાં, પણ તે આગળ ન ચાલે. પરંતુ ભાવની અપેક્ષાવાળાં નામાદિ આંબાની જેમ ઠેઠ મોક્ષ સુધી પહોંચે તેવું જ ફળ દેનારાં સમજવાં.

**ચારિત્ર લીધા છતાં ઉદ્ધાર કેમ ન થયો ?**

**પ્રશ્ન** - અનંતી વખત ઓઘા-મુહપત્તિ લીધાં હશે, તે વખતે ભાવમંગળ નહિ કર્યું હોય? નવકાર અનંતી વખત ગણ્યા. અનંતી વખત ચારિત્ર લીધાં અને પાળ્યાં. છતાં કંઈ ન વળ્યું તો હવે શું વળવાનું હતું ?

**ઉત્તર** - ભાઈ, બાયડી છોકરા વધારે વખત મળ્યાં કે ચારિત્ર? તો કબૂલ કરવું પડશે કે વધારે વખત બાયડી છોકરા મળ્યાં છે. બાયડી છોકરા મળ્યાં તેમાં જશમાં શું મળ્યું ? દુર્ગતિના જુતિયાં. અનંતાનંતી વખત જુતિયાં ખાધાં છતાં બાયડી છોકરા છોડાતાં નથી તો તારા જેવો ક્યો કરમ ફુટેલ ? पियं थणं माउणं (માતાના સ્તનના દૂધની મીઠાશ જાણે જીવને ભૂલી ભુલાતી નથી). જુદા જુદા જન્મોમાં અન્યઅન્ય માતાના દૂધ પીંધા તે એકઠાં કરીએ તો સ્વયંભૂરમણ સમુદ્રના પાણી કરતાં પણ વધી જાય તે વાત કેમ યાદ કરતો નથી? મેરુ વધ્યો કે સ્વયંભૂરમણ સમુદ્ર વધે? અર્ધ રાજલોક પ્રમાણ સમુદ્ર જેટલાં માતાનાં દૂધ પીધાં,છતાં એમાં કંઈ ન વળ્યું અને જશમાં જુતીયાં. ચારિત્રથી નવમા ગ્રૈવેયક સુધી ગયો-દુર્ગતિ તો રોકાઈ-છતાં સદ્ગતિ મળે એ રસ્તે

જવાતું નથી એનો અર્થ શો ? નિર્ભાગિયાઓને અવળો રસ્તો સૂઝે. અનંતી વખત ઓઘો લીધો તો અનંતી વખત દેવલોક નવ ગ્રૈવેયક મળ્યાંછે; પણ વારે વારે જે જુતિયાં મળ્યાં તે છોડાતાં નથી.

**ચડેલો જીવ પણ પડે તો પછી નવકારનો પ્રભાવ શો ?**

**પ્રશ્ન** - અસંખ્યાતી વખત જીવ પડી જાય, અર્ધ પુદ્ગલ સુધી નિગોદમાં રખડે. ચૌદપૂર્વી નિગોદમાં ઊતરી જાય. ચૌદપૂર્વધર પણ નિગોદમાં અનંતોકાળ રહેનાર થાય. પછી નવકારનો - ભાવમંગળનો મહિમા ક્યાં રહ્યો ?

**ઉત્તર** - સનેપાતમાં પડેલ મૂર્ખ અને વિદ્વાન, સનેપાત વખતે તો બંને સરખા હોય. પણ સનેપાત ખસે ત્યારે મૂર્ખ તે મૂર્ખ અને વિદ્વાન તે વિદ્વાન. ધર્મ પામીને નિગોદમાં ગયેલો જીવ અને ધર્મ વગરનો નિગોદમાં રહેલો જીવ એ બન્ને સરખા, પણ ધર્મ પામેલો હશે તે નીકળવાનો ને જરૂર નીકળવાનો જ.

**ધર્મ પામ્યા છતાં જીવ નિગોદમાં કેમ જાય ?**

**પ્રશ્ન** - ધર્મ પામીને પણ જીવ નિગોદમાં કેમ ગયો ?

**ઉત્તર** - ધર્મ પામ્યા છતાં પણ જો દૃષ્ટિ ફરી જાય તો નિગોદના રસ્તા નજીક છે. જંગલી લોકોને ભગવાનની આશાતના કરવાનો વખત આવવાનો ખરો ? તીર્થ-શ્રમણ સંઘની આશાતનાનો વખત ધર્મ પામેલાને સહેજે આવવાનો. કોળીકાછિયાને જુઠી રકમ લખવાનો પ્રસંગ હોતો નથી, વેપારીને આડા અવળા લખવાના પ્રસંગો હોય. અને ભાથાવાળી કોટડીમાં (જેલમાં) બેસવાનું પણ વેપારીને હોય. બેસાડનારને ભાથું આપવું પડે. તેમ અહીં જિનેશ્વરનું શાસન પામ્યો છતાં તેનો નિંદક બને, ગણધરોના, આચાર્યોનો નિંદક બને તેવાને રખડ્યા સિવાય છૂટકો જ નહીં. જેઓ પોતાને ભગવાન મહાવીર મહારાજના અનુયાયી ગણે તેઓ જ દૃષ્ટિ બદલાતાં ભગવાનનાં શાસ્ત્રો, મૂર્તિ કે વચનોને ઉથાપવા લાગે તેમનું બીજું શું થાય ?

દિગંબરો વીતરાગપણાની મૂર્તિને માને છે. કોઈકે પૂછ્યું કે સામાન્ય કેવળી ને તીર્થંકર કેવળીમાં શો ફેર ? આઠ પ્રાતિહાર્ય હોય તેને તીર્થંકર માનીએ છીએ. મહાવીર મહારાજા સાક્ષાત્ હોય ત્યારે ઓળખવા શાથી ? એમના પોતાના મુખ ઉપરથી ત્યાં તો એમની ખુદની પણ ઓળખાણ રહેવાની. પણ તેઓની બિનહયાતીમાં તો એમનું મુખ કે એમની ખુદ જાત ન હોય એટલે બીજા નિક્ષેપાઓ જ એમનું સ્મરણ કરાવી શકે.

ભાષ્યકાર ભગવાન જિનભદ્રગણી ક્ષમાશ્રમણ મહારાજ કહે છે કે, ભાવથી નિરપેક્ષ નામ સ્થાપના દ્રવ્ય કોઈ વખત ફળ આપે તો પણ ઠેઠ સુધી પહોંચનારાં ન હોય. પરંતુ ભાવની અપેક્ષાવાળાં નામાદિ સર્વથા ઉત્કૃષ્ટ દશા સુધીનું ફળ આપે છે. માટે ભાવથી નિરપેક્ષ નામ સ્થાપના દ્રવ્ય કરતાં સાપેક્ષ નામાદિ અને તેમાંય વિશેષે કરી ભાવ પૂજવા લાયક છે. તેથી હું પણ ભાવમંગળ વધારે પૂજ્ય ગણું છું. ભાવમંગળ કોને કહેવું ? અને તે કેટલા પ્રકારનું છે તે હવે પછી જોઈશું.

# દેશના - ૧૨

## પંચપરમેષ્ઠિના નમસ્કારનો મહિમા

વ્યાખ્યાનકાર મહારાજા ભગવાન અભયદેવસૂરીશ્વરજી મહારાજ ભગવતી સૂત્રની વ્યાખ્યા કરતાં આગળ જણાવી ગયા કે, શ્રોતાના મગજ પર ચાર વસ્તુ પહેલેથી લાવવી જોઈએઃ મંગળ, અભિધેય, પ્રયોજન અને સંબંધ. વક્તાએ શ્રોતાના ખ્યાલમાં એ વાત જરૂર લાવવી જોઈએ કે, આપણે એક છત્રછાયા નીચે ચાલેલા છીએ. આ એક છત્રછાયા કોની? પંચમપરમેષ્ઠીની. જેની છત્ર છાયામાં હોઈએ તેને નમસ્કાર કરવો તે જ મંગળ. આ મંગળ જેમ વિઘ્ન નાશ કરનારી ચીજ છે, તેમ મોટી વ્યવસ્થા કરનારી ચીજ પણ એ જ છે. વક્તા અને શ્રોતા બંનેને એક છત્રછાયા નીચે એ જ ગોઠવે છે. વક્તા અને શ્રોતા બન્નેએ એક જ ઈષ્ટદેવને કબૂલ કર્યા, અને તેમને નમસ્કાર કર્યો તેથી શાસ્ત્રના પ્રારંભમાં વક્તા-શ્રોતા બંનેને નમસ્કાર કરવાનું જણાવ્યું.

**પ્રશ્ન**: શાસ્ત્ર રચનારને શાસ્ત્રને અંગે આવતાં વિઘ્નો દૂર કરવા માટે ભલે મંગળની જરૂર હોય અને તેથી તેઓ નવકાર ગણીને ભલે પોતાની પ્રવૃત્તિનો આરંભ કરે; આ રીતે નવકારનું સ્મરણ કરવાથી શાસ્ત્રકારને મંગળ થઈ જાય. પછી એ મંગળને ગ્રંથમાં લખવાની જરૂર શી?

**ઉત્તર** : શાસ્ત્રકારે ઈષ્ટદેવનું સ્મરણમાત્ર કરી લઈને મંગળ કર્યું હતે તો શ્રોતા અને વક્તા બંને એક છત્રછાયા નીચે વ્યવસ્થિત ન થતે.

મંગળાચરણ લખવામાં આવ્યું ત્યારે વક્તા અને શ્રોતા, વ્યાખ્યાકાર અને વિનેય બધાને એક છત્રછાયા નીચે આવવું પડે. ઈષ્ટદેવનું નામ લખવાથી જ બન્નેના ઈષ્ટદેવ એક જ છે એની પ્રતીતિ થાય.

**મંગળના પ્રકાર : ભાવમંગળની જરૂર**

જેમ કોઈ પણ શુભ કાર્યના આરંભમાં મંગળ કરાય તેમ વ્યાખ્યાની શરૂઆતમાં પણ મંગળ કરવું જોઈએ. મંગળ એટલે શું ? આયંબિલની તપસ્યાઓ કરીને કેટલીક વખત કાર્યને શરૂ કરીએ છીએ, કેટલીક વખત નવકાર ગણીને કાર્યારંભ કરીએ છીએ, આમ કોઈ વખત તપસ્યા મંગળ હોય તો કોઈ વખત નવકારમંત્ર. તો અહીં ક્યું મંગળ કરવું ? મંગળના ચાર પ્રકારઃ નામ, સ્થાપના દ્રવ્ય અને ભાવ. તેમાં ભાવમંગળ ખરેખર આદરવા લાયક. નામ, સ્થાપના અને દ્રવ્ય મંગળની કિંમત ભાવમંગળની અપેક્ષાએ સમજવી. મહાવીર મહારાજને નમસ્કાર કરીએ છીએ તેની કિંમત કઈ અપેક્ષાએ ? છેલ્લા કેવળજ્ઞાની તીર્થંકર થયા તેની અપેક્ષાએ. અત્યારે ભાવ મહાવીર નથી. એટલે લોગસ્સ નમસ્કાર કરે છે તે દ્રવ્ય તીર્થંકરોને નમસ્કાર કરે છે. કોઈને આશ્ચર્ય થશે કે લોગસ્સમાં કે બીજાં સૂત્રોમાં આવતા તીર્થંકરોને દ્રવ્ય તીર્થંકર કેમ કહેવાય ? દ્રવ્યનું સ્વરૂપ ધ્યાનમાં લો. વર્તમાન અવસ્થાને છોડીને પછી ચાહે તો ભૂતકાળની અવસ્થા હોય કે ચાહે તો ભવિષ્યકાળની અવસ્થા હોય - એ બંને અવસ્થાને દ્રવ્ય કહે છે. કોઈ પણ તીર્થંકર ચાર અઘાતી કર્મ વગરના ન હોય. વળી ચાર ઘાતી કર્મમાંનું એક પણ ઘાતી કર્મ તીર્થંકરને હોય જ નહિ. એટલે કે - તીર્થંકર નામકર્મનો ઉદય હોય ત્યારે ચાર અઘાતી જરૂર હોય, અને ચાર કર્મ ન જ હોય. ચાર આઘાતી સહિતપણું અને ચાર ઘાતીરહિતપણું અત્યારે આ ભરતક્ષેત્રમાં કોઈ પણ તીર્થંકરને છે ? અહીં થઈ ગયેલ ચોવીશે તીર્થંકરો વર્તમાન કાળમાં સિદ્ધપણામાં છે. જે ચોવીસે તીર્થંકરની લોગસ્સસૂત્ર બોલીને સ્તુતિ કરીએ છીએ તે આ અવસર્પિણીના ૨૪ તીર્થંકર હોવાથી

વર્તમાનકાળની અપેક્ષાએ તેમનું દ્રવ્ય તીર્થંકરપણું છે. તેથી નામ મંગળની આરાધના ભાવમંગળની અપેક્ષાએ સમજવી. ચારે પ્રકારના મંગળમાં મુખ્ય મુખ્ય જરૂરી કાર્ય કરનાર, મોક્ષદશા પ્રાપ્ત કરાવનાર જો કોઈ હોય તો તે ભાવમંગળ છે. તેથી ભાવમંગળની જરૂરિયાત જણાવી.

**તપ અને મોક્ષનું સમીપવર્તીપણું**

શ્રી દશવૈકાલિક સૂત્રમાં धम्मो मंगलमुक्किट्ठं કહીને ધર્મને જ ઉત્કૃષ્ટ મંગળ કહ્યું. ઉત્કૃષ્ટ મંગળરૂપ ધર્મ ચાહે અહિંસા, ચાહે સંજમ કે ચાહે તપરૂપ હોઈ શકે. આમાં ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ તપ કહ્યું છે. અહિંસા સાથે મોક્ષ નથી, સંજમ સાથે મોક્ષ નથી, પરંતુ તપ સાથે જ મોક્ષ છે. તપ અને મોક્ષને સમયનું અંતર નથી. અહિંસા છઠ્ઠે ગુણઠાણે શરૂ થાય, સંજમ છઠ્ઠે શરૂ થાય તે સંપૂર્ણ પણ ત્યાં થાય, પરંતુ તપ ચોથેથી શરૂ થવા છતાં તેનો છેડો ૧૪માગુણઠાણ સુધી લંબાય છે. અભ્યંતર તપમાં पायच्छित्तं અને झाणं નો સમાવેશ કરીને ધ્યાનને પણ તપસ્યાનો ભેદ કહેલ છે. ધર્મધ્યાન અને શુક્લધ્યાન એ બે તપસ્યારૂપ શુભ ધ્યાન છે. તેમાં શુક્લ ધ્યાનના ચાર પાયાઃ (૧) પૃથકત્વવિતર્કસવિચાર, (૨) એકત્વવિતર્કસવિચાર, (૩) સૂક્ષ્મક્રિયાઅપ્રતિપાતિ અને (૪) વ્યુપરતક્રિયાનિવૃત્તિ. આમાં જે ચોથો પાયો તેની સાથે મોક્ષ જોડાયેલો છે. ત્યાં સમય જેટલું પણ આતરું નથી. શુક્લધ્યાનના ચોથા પાયાને અને મોક્ષને સમયનું પણ આંતરું નથી. આ રીતે મોક્ષપ્રાપ્તિ સુધી બરોબર અસ્ખલિત રીતે સાથે રહેનાર હોય તો તે ધ્યાન. તે ધ્યાન તે તપસ્યા અને તે મંગળ. ભગવતીસૂત્રમાં મંગળ તપસ્યા. મંગળ ડગલેપગલે ઈષ્ટ છે. ઉદ્દેશાની નંદિમાં આયંબિલ કરવું જ પડે. અંગ ઉપાંગ પયન્ના મૂળ સૂત્રોમાં નિયમ કે - એ શરૂ કરે તે દિવસે આયંબિલ કરવું જ જોઈએ. આવશ્યક કે આચારાંગ ગમે તે સૂત્ર પ્રારંભ કરે ત્યારે - તે દિવસે-આયંબિલ કરવું પડે. આ રીતે ઉત્કૃષ્ટ ભાવમંગળ તે તપ

સમજવું. તપસ્યા એવી ચીજ કે ભાવમંગળમાં પણ તે ઊંચામાં ઊંચું ભાવમંગળ ગણાય. આથી અભયદેવસૂરિજી કહે છે કે ભાવમંગળના તપ, સંયમ, અહિંસા વગેરે ભેદો છે. તે દ્વારા કર્મોનો ક્ષય થાય છે. તેથી નિર્વિઘ્નપણું પ્રાપ્ત થાય છે.

**તપસ્યાને નિંદનારાઓએ સમજવા જેવું**

પેટના પૂજારીઓ તપસ્યાને માટે - ભૂખે મરવું, લાંઘણો કરવી, પેટ બાળવું વગેરે- કહીને તપસ્યાને ઉતારી પાડે છે કે એની નિંદા કરે છે. એમણે જરૂર વિચારવું ઘટે કે આપણે હજુ કઈ દશામાં છીએ. ત્રિલોકનાથ તીર્થંકર ભગવંતો, જેમણે પહેલાં ત્રીજા ભવથી નક્કી કર્યું છે કે હવે ત્રણ ભવથી વધારે સંસાર નથી, અને તીર્થંકરના ભવમાં મોક્ષ નક્કી છે, ત્યાં મોક્ષ નક્કી છે એટલું જ નહીં પણ દીક્ષા વખતે ચાર જ્ઞાન પણ હાજર છે, આવા તીર્થંકર પદવી પામેલા મહાપુરુષ તપસ્યા કેમ કરતા હશે ? આવા મહાપુરુષને પણ તપસ્યાનો આધાર લેવો પડે છે. એટલે કે, તેવા મહાપુરુષ પણ તપસ્યા વગર મોક્ષની મુસાફરી કરી શકતા નથી. જેનો આટલો બધો મહિમા છે એવી તપસ્યા પ્રત્યે આપણે બેદરકાર રહીએ તેનો અર્થ એટલો જ કે આપણો મોક્ષ હજુ દૂર છે. અથવા મોક્ષની સાચી પ્રીતિ આપણને લાગી નથી. નહીંતર તપસ્યાની અભિરુચિ પૂરેપૂરી જાગવી જોઈએ. તીર્થંકર ભગવાનને મોક્ષ માટે છ મહિનાના ચોવીહાર તપો કરવાની જરૂર જણાઈ. આપણે ધાનના ધનેડા કે પાણીના પોરા થઈને બેસી રહીએ તો શું થાય ? કોઈ કહેશે જ્ઞાનીને તપસ્યાની જરૂર નથી તો એવું કહેનારે વિચારવું કે તીર્થંકર ભગવાનને ચાર જ્ઞાન છે, છતાં તેમને તપસ્યા નિરુપયોગી લાગતી નથી. એટલે આપણને એ નિરુપયોગી લાગે તો આપણી ભાગ્યદશા પરવારી છે એમ જ સમજવું. તપસ્યા બની શકે, ન બની શકે તે વાત જુદી છે પણ તપસ્યાની જરૂર નથી એમ લાગવું અથવા તપસ્યા એ અજ્ઞાન છે, એમ લાગવું તે તો કેવળ દુર્ભાગ્યની જ વાત છે.

**ભૂખ-તરસના દુ:ખ કરતાં તપસ્યાની કિંમત વધારે**

"शस्त्र" અને "शास्त्र" માં ફરક માત્ર આ કારનો જ છે, તેમ કેટલાક શાસ્ત્રનો દુરુપયોગ કરનારા શાસ્ત્રના નામે લોકોને ફસાવનાર બને છે. તેઓ એમ કહેતા પણ અચકાતા નથી કે - તપસ્યા કરી અને ભૂખ લાગી તો આખી રાત આર્તધ્યાન કર્યા કરવું એના કરતાં ખાઈ લેવું શું ખોટું ? ખાઈ લેતાં કેટલીક વાર લાગી ? ફક્ત પાંચ દસ મિનિટનું જ પાપ. અને પછી આખી રાત તો નિરાંત ! આખી રાત બગડે તે સારી કે પાંચ-દસ મિનિટ જેટલું પાપ કરી લેવું સારું ? પાંચ-દસ મિનિટના પાપથી બચવા આખી રાત ઓ રે ઓ રે કર્યા કરવું કોને ગમે ? તપસ્યાના વિરોધીઓની આવી આવી વાતો સાંભળીને બિચારા અજ્ઞાની ભોળા લોકો ફસાઈ જાય. તેઓને થાય કે તપસ્યા કરીએ, અને મન બગડે તે કરતાં તપસ્યા કરવી જ નહીં. આ તો સુંદર વસ્તુને ભૂંડી બનાવી સુંદર વસ્તુને છોડાવ્યા જેવું અકાર્ય થયું ! ખરી રીતે તો આખી રાત જેણે પાણી પાણી, ખાઉં ખાઉં થવા છતાં વ્રતોનો ભંગ નથી કર્યો તેને વધારે નિર્જરા થઈ છે; એણે શુભ કર્મ વધારે બાંધ્યાં છે. પાણી પાણી કે ખાઉં ખાઉં થયા છતાં પાણી દો, ખાવા આપો, એમ નથી કહેતો કે એ વસ્તુઓ હાજર કરવા છતાં નથી ખાતો પીતો, તેને તો "મારી પ્રતિજ્ઞા" અને "મારા પચ્ચકખાણ" નો જ ખ્યાલ રહ્યા કરે છે. અને તેથી તે ભૂખ કે તરસના દુઃખ કરતાં તપસ્યાની કિંમત વધારે ગણે છે. ક્ષણે ક્ષણે ભૂખ કે તરસના દુઃખ કરતાં તપસ્યાની કિંમત વધારે ગણી તે ધર્મધ્યાન કે આર્તધ્યાન ? પોતે આ રીતે નથી ખાતો કે નથી પીતો એટલું જ નહીં પણ કદી કોઈ અજ્ઞાની છોકરો "મા ! ભૂખ લાગી, તરસ લાગી" એમ બોલી ઊઠે અને કદી માએ રાગાંધ થઈ છોકરાને આપ્યું અને છોકરાએ ખાધું પીધું તો પણ એ બન્નેએ ખોટું કર્યું એમ માને છે. મા-દીકરો બન્ને પણ પ્રતિજ્ઞા ન પળાઈ તે ખોટું તેમ માની બંનેએ

આલોયણા લીધી. ધર્મની પરિણતિ હમેશાં તપસ્યાને શ્રેષ્ઠ ગણે છે, તપસ્યાને જ ઊંચી ગણે છે. તપસ્યા સર્વ પ્રકારે મંગળ છે, માટે શાસ્ત્રકારે તપસ્યાને અંગે વૈયાવચ્ચ કરવાનું રાખ્યું છે. તપસ્યાને અંગે ગ્લાનિ, દુર્બળતા થાય તેથી વૈયાવચ્ચનું દ્વાર રાખ્યું છે. તપસ્યા મોક્ષનો, કર્મનાશનો રસ્તો છે. तपः कर्मविनाशाय । તપસ્યા, અહિંસા અને સંયમ અને ભાવમંગળ.

**પાંચ પરમેષ્ઠી એ ભાવમંગળ**

શાસ્ત્રની શરૂઆતમાં ભાવમંગળ લેવાય તે પાંચ પરમેષ્ઠી. જેમ રાજ્યમાં રાજા, પ્રધાન, પુરોહિત, સેનાધિપતિ અને સૈનિક જોઈએ - એ પાંચ વગર રાજ્ય ન ચાલે, તેમ જૈન શાસનરૂપી રાજ્યમાં જે પાંચ વસ્તુ જોઈએ તેનું નામ પંચ પરમેષ્ઠી. તેથી તે પાંચ પરમેષ્ઠીને નમસ્કાર કર્યા. જગતભરમાં કોઈ પણ ઉત્કૃષ્ટ ગુણનું સ્થાન હોય તો આ પાંચ પરમેષ્ઠી જ છે. ઊંચામાં ઊંચા એ, હલકામાં હલકો હું, એવી જે ધારણા તે સાચો નમસ્કાર. પોતા સુધીનું અધમપણાનું જ્ઞાન, આપણા હલકાપણાનું જ્ઞાન તેનું નામ નમસ્કાર. મોટામોટા આચાર્યો આ માર્ગને જ અનુસર્યા છે. નામધારી આચાર્યોની વાત જવા દો. જેઓને સૂત્રો, ગ્રંથો નથી માનવા, પરંપરા નથી માનવી તેવાની વાતને વેગળી રાખો. તેવાઓ તો પોતાનું મોટાપણું એવી બડાશ મારી જણાવે છે કે, હું બોલીશ ત્યારે અંગારા ઝરશે; મારી પાસે એક હજારને પહોંચે તેવો છે; મારા માટે મિલકત ફના કરનાર ઘણા છે વગેરે! આવો અહંકાર કરનારની વાત છોડી દો. કેવળીઓ ને ઈંદ્રોની આગળ બેસાડવા યોગ્ય આચાર્ય થયા છતાં ઉપાધ્યાયને અને સાધુને નમસ્કાર કેમ કરે? શાસ્ત્રકાર કહે છે કે આચાર્ય પંચપરમેષ્ઠીને ઊંચ કોટિના માને છે. પોતે આચાર્ય હોવા છતાં ઉવજ્ઝાયાણં, સવ્વસાહૂણં પદ પણ પોતે ગણે છે. આટલું જ નહીં, પણ આ ભગવતીસૂત્ર રચનાર ગણધર ગૌતમસ્વામી,

સુધર્માસ્વામી જેવા ગણધરો પણ આયરિયાણં, ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં કેમ બોલે છે? તે એટલા માટે કે તેઓ પંચપરમેષ્ઠી પદને ઘણી ઊંચી કોટિનું ગણે છે, અને તેથી જ નમસ્કાર કરી શકે છે.

**પ્રશ્ન**- તપને મંગળ કહ્યું છે તો ખરું, પણ નમસ્કાર કરવો તેને મંગળ કેમ કહેવાય?

**ઉત્તર** - જેઓ બત્રીસ સૂત્ર માને છતાં, નવપદ નમસ્કારમાં માનતા નથી, તેવાને પંચપરમેષ્ઠી મંગલિક નહીં હોય.પણ જેઓ નવપદનો નવકાર માને તેઓને તો 'मंगलाणं च सव्वेसिं पढमं हवई मंगलं' મુજબ પરમેષ્ઠીને નમસ્કાર કરવો તે મંગળરૂપ છેઃ નવે પદો નહીં માનનારને અહિંસા, સંજમ, તપ, તે જ મંગળ રહેશે, પણ સર્વે મંગળોમાં પ્રથમ મંગળ પરમેષ્ઠીને નમસ્કાર છે અને આ મંગળ વિશેષે કરીને ઉપાદેય એટલે કે સ્વીકારવા યોગ્ય છે, એમ તેઓને નહીં રહે.

**ધર્મકાર્યોના માલિક એવા પંચપરમેષ્ઠી સાચા આધારરૂપ છે**

બીજાં બધાં ધર્મકાર્યો ઘરવખરી સમાન છે. જ્યારે પંચ પરમેષ્ઠી માલિક-ઘરધણી સમાન છે. ઘરધણી વધારે કે ઘરવખરી વધારે? એમના ગુણો તે એમની મેળવેલી મિલકત, એનો માલિક કોણ તે વિચારો; તપ, સંજમ, અહિંસાનો માલિક કોણ? પંચપરમેષ્ઠી એ જ આ બધાના માલિક છે. આખા શાસનના, તમામ ધર્મના, તમામ ઉત્તમ ગુણોના માલિક પંચપરમેષ્ઠી છે. તેથી તે જ ભાવમંગળરૂપ અને શાસ્ત્રની આદિમાં આદરણીય છે. કર્મનો નાશ કરનાર તપસ્યા, અને કર્મને રોકનાર સંયમ એ ખરું; પરંતુ આરાધના કરનારે, જેમ ગુણ એ ગુણીથી સાવ સ્વતંત્ર એવી જુદી વસ્તુ નથી તેમ, તપસ્યા એ તપસ્વીથી સાવ જુદી ચીજ નથી; સંયમ એ સંયમીથી સાવ જુદી ચીજ નથી કે જેની આરાધના તપસ્વી અને સંયમી પ્રત્યે આદર દર્શાવ્યા વગર કરાય, એ બરાબર સમજી લેવુ. જ્ઞાનની, સંયમની તપની, આરાધના કરનારે

જ્ઞાની, સંજમી, તપસ્વીની આરાધના કરવી પડે. અને આ જ્ઞાની, સંજમી, તપસ્વી તે જ પરમેષ્ઠી. પંચપરમેષ્ઠીમાં અહિંસા, સંજમ અને તપ એ ત્રણે વસ્તુ આવી જાય, જ્યારે અહિંસા, સંજમ, તપમાં તે તે એક એક ગુણ જ આવે. આ જ વાત કહેતાં શાસ્ત્રકાર ફરમાવે છે કે - भावमङ्गलस्य च तप:प्रभृतिभेदभिन्नत्वेन अनेकविधत्वेऽपि परमेष्ठिपञ्चकनमस्काररूपं विशेषेणोपादेयम् । परमेष्ठिनां मङ्गलत्वं-लोकोत्तमत्व - शरण्यत्वाभिधानात् । એટલે કે મંગલત્વ, લોકોત્તમત્વ અને શરણત્વ એ બધું પંચ પરમેષ્ઠીના હોવાથી એ જ જગતમાં શ્રેષ્ઠ છે. અહિંસા, સંજમ, તપ પંચપરમેષ્ઠીમાં દાખલ થઈ ગયેલાં સમજવાં. જેમ યોદ્ધામાં શૌર્ય દાખલ થઈ ગયેલું તેમ અહિંસાદિક પરમેષ્ઠીમાં દાખલ થયેલાં તેથી પંચપરમેષ્ઠી મંગળ એટલું જ નહિ પણ લોકમાં ઉત્તમોતમત્વ પણ એનું જ છે.

લોકમાં જેમ રાજા, મહારાજા, વાસુદેવ, ચક્રવર્તી ઉત્તમ ગણાય તેમ ધર્મના શાસનની અપેક્ષાએ લોકમાં ઉત્તમ આ પાંચ જ સમજવા. દુનિયામાં કેટલાક ઉત્તમ એવા કે તેને માનપાન આપીને ઊંચા રાખવાના, પણ તેમનાથી આપણું કશું દળદર ન ફીટે. રાજાને શિરતાજ ભેટ આપીએ, પણ આપણો એ સાચો આધાર નહીં; તેવા આ પંચપરમેષ્ઠી નથી. રાજા પોતાના ભલા માટે ખીજડાને કે દુર્ગાને માને છે તેવા પણ આ પંચપરમેષ્ઠી નહીં સમજવા. સંસારના ભયથી, કર્મના ભયથી, જન્મ-જરા-મરણાદિકની ઉપાધિના ભયથી, ત્રાસમાંથી કોઈ બચાવી શકે, ઉગારી શકે કે નિર્ભય કરી શકે એમ હોય તો આ પંચપરમેષ્ઠી છે. અને તેથી તે સદા આધાર લેવા લાયક, શરણ સ્વીકારવા યોગ્ય છે. અજ્ઞાનથી બચાવનાર, પાપથી રક્ષણ કરનાર કોઈ હોય તો માત્ર પાંચ પરમેષ્ઠી જ છે. આ રીતે મંગળપણું, લોકોત્તરપણું, શરણમાં નિપુણપણું આ પંચપરમેષ્ઠીમાં રહેલું છે.

**પુરાવા સાથેનું વચન જ માન્ય થાય**

શ્રીમાન્ હરિભદ્રસૂરિજીએ જણાવ્યું કે - હે સાધુઓ ! મને મોટો માની મારું વચન ન માનશો, પણ મારા વચન ની પરીક્ષા કરીને પછી તેનો સ્વીકાર કરશો. આ કેવી સત્યપ્રિયતા અને સરળતા! જે આવા સરળ પરિણામી ન હોય તે તો કહેશે, તમો મારી પાછળ રહો, હું કહું તેમ માનો ! આવા ઉચ્છૃંખલોને જૈન શાસનમાં સ્થાન ન હોય ! શ્રી અભયદેવસૂરિ સરખા પણ મારા કહેવાથી પંચપરમેષ્ઠીને માની લ્યો એવો સ્વતંત્રતાનો ઉપયોગ કરતા નથી; પણ પૂર્વાચાર્યોના વચનથી કહું છું માટે માનો એમ કહેતાં જણાવે કે - आह च चत्तारि मंगलं इत्यादि। સંથારા પોરસિમાં अरिहंता मंगलम् વગેરે પાઠ દરરોજ બોલીએ છીએ. એટલે પૂર્વાચાર્યોએ જણાવ્યું છે તેને આધારે મંગલાદિક પણું કહું છું. આ રીતે અભયદેવસૂરિ સરખા પણ પૂર્વાચાર્યના વચનથી પોતાની વાત કહે, ત્યારે જેઓ સાક્ષી-પુરાવા આપી શકતા ન હોય તેવાઓની વાત કેમ કરી મનાય? મારી પાસે હજારો પુરાવા છે, તેમ માત્ર મોઢેથી બોલ્યા કરવું છે, અને એક પણ રજુ ન કરવા એ તો નરી બડાશ જ ગણાય. એવું કથન ધર્મમાં કે વ્યવહારમાં ક્યાંય આદરને પાત્ર ન થાય. પૂર્વ પરંપરાની સાક્ષી આપવાના હેતુથી જ શ્રી અભયદેવસૂરિજી સ્પષ્ટ કહે છે કે - અરિહંત, સિદ્ધ, સાધુ, અને કેવળીએ ભાખેલો ધર્મ એ બધા શરણલાયક એમ શાસ્ત્રમાં કહ્યું છે તે જ હું કહું છું.

**પંચપરમેષ્ઠીનું સર્વવિઘ્ન વિનાશીપણું**

વળી પંચપરમેષ્ઠીના નમસ્કારનો મહિમા વર્ણવતાં ટીકાકાર અભયદેવસૂરિજી મહારાજ સ્પષ્ટ સૂચવે છે કે तन्नमस्कारस्य च सर्वपापप्रणाशकत्वेन सर्वविघ्नोपशमहेतुत्वात् એટલે કે તેમને (પંચપરમેષ્ઠીને)નમસ્કાર કરવામાં આવે તે સર્વ પાપને નાશ કરનાર, સર્વ વિઘ્નને નાશ કરનાર છે. આમ શા ઉપરથી કહ્યું ? તો કહે છે, આ

સવાલ તો 'કેડે છોકરું ને ગામમાં શોધ્યું' એના જેવો ગણાય. કેમ કે, કેડે છોકરું હોય ને આખા ગામમાં શોધે તે ગાંડી ગણાય. આ નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે કે કેમ એમ પૂછવાપણું ક્યાં છે? શાસ્ત્રકાર જ આનો મહિમા વર્ણવતાં કહે છે " आह च - " एष पञ्चनमस्कारः सर्वपापप्रणाशनः, मङ्गलनां च सर्वेषां प्रथमं भवति मङ्गलम् । "પાંચેને કરેલો આ નમસ્કાર " એમ એક વચન વાપર્યું તે ખાસ હેતુપૂર્વક વાપર્યું છે. એટલે પાંચેને સામુદાયિક નમસ્કાર જેમાં કરવામાં આવ્યો છે એવો નમસ્કાર રૂપી શ્રુતસ્કંધ, તે કેવો છે? સર્વ પાપને નાશ કરનાર.

**સર્વ શુભ પ્રવૃત્તિના પ્રારંભમાં નવકારનું સ્થાન**

હવે બે વાત ધ્યાનમાં લો. દુઃખો બે પ્રકારનાં: એક સ્વાભાવિક અને બીજુ સાંયોગિક. રોગ, શોક, તાવ, મારઝૂડ, ક્ષુધાતૃષ્ણા એ સ્વાભાવિક; અને ચોરના, રાજના, લૂંટારાના ઉપદ્રવો તે સાંયોગિક. આત્મામાં સ્વભાવે થવાવાળા પાપના ઉદયો જેવા કે જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહની, અંતરાય આપોઆપ ઉદય આવે, જ્યારે કેટલાક બાહ્ય કારણોએ ઉદય આવે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ભવ પામીને કર્મનો ઉદય ક્ષયોપશમ થાય. તે માટે બે વસ્તુ કહી: આત્માનાં સ્વાભાવિક રીતે ઉદય આવવાવાળાં પાપોનો નાશ થાય, બહારનાં વિઘ્નો દ્વારા થતો પાપનો ઉદય તે પણ નાશ કરે. સર્વ પાપનો નાસ કરનાર, સર્વ વિઘ્નના ઉપશમનું કારણ પંચપરમેષ્ઠી નમસ્કાર. આ જગો પર સંઘનો મોટો નિયમ રજૂ કરે છે. કોઈ પણ શાસ્ત્ર ભણાવવા પહેલાં નવકાર ગણાવવો જ પડે છે. ખરતરવાળાએ ઈરીયાવહીયા૦ ખસેડી પણ નવકાર ખસેડયો નથી. વંદિત્તુ સૂત્ર બોલતાં પહેલાં પણ પ્રથમ નવકાર ગણો છો. સર્વ શ્રુતસ્કંધના જૈન શાસ્ત્રના ગ્રંથો, તેમાં પણ આદિમાં પંચપરમેષ્ઠીનો નમસ્કાર. આ નમસ્કારનો આવો મહિમા હોવાથી જ તેનું ગ્રહણ

કરવામાં આવે છે તે જણાવવા માટે શાસ્ત્રકાર સ્વયં કહે છે કે - अत एवायं समस्त श्रुतस्कन्धानामादावुपादीयते, अत एव चायं तेषामभ्यन्तर-तयाऽभिधीयते ।

આ નવકાર ક્યું સૂત્ર ? બધા સૂત્રમાં એ છે એટલે એ આગવું નહીં. આવશ્યકમાં સામાયિક આદિ કહ્યાં પણ નવકાર ક્યાં ? કોઈ જગો પર નથી. આચારાંગ, સૂયગડાંગાદિમાં ક્યાંય નવકાર નથી. પણ આદિમાં નવકાર ન ગણે ત્યાં સુધી સર્વ શ્રુતસ્કંધ સંભળાવાય નહીં, અપાય નહીં એટલે આ જુદો શ્રુતસ્કંધ નથી પણ સર્વમાં તે સ્વયમેવ સમાયેલ છે. પંચપરમેષ્ઠીના નમસ્કારને લગતું મારું આ કથન પૂર્વાચાર્યને અનુસરતું હોય તો તે માનવું, એમ કહીને આ વાતમાં અભયદેવસૂરિજી જેવાને પણ પુરાવો આપવો પડે છે. તે આપતાં તેઓ કહે છે : ''यदाह - '' सो सव्वसुअक्खंधब्भंतरभूओ''त्ति अतः शास्त्रस्यादावेव परमेष्ठिपञ्चकनमस्कारमुपदर्शनयन्नाह - ''णमो अरहंताणं'' इत्यादि''। એટલે કે પંચનમસ્કારરૂપી શ્રુતસ્કંધ સર્વશ્રુતસ્કંધોની આદિમાં અંતરભૂત જ છે માટે ભગવતીસૂત્રની આદિમાં પંચપરમેષ્ઠીને નમસ્કારરૂપ સૂત્ર કહે છે. તેની વ્યાખ્યા શું તે હવે પછી જોઈશું.

# દેશના - ૧૩

## " નમઃ"
## નિપાતનો અર્થ

ટીકાકાર ભગવાને ભગવતીસૂત્રની ટીકા કરતાં ચાર વસ્તુ કહેવી જોઈએ, એમ કહીને મંગલ, અભિધેય, પ્રયોજન અને સંબધં જણાવ્યાં. હવે ક્યે રસ્તે ફળ મેળવવું જોઈએ ? આ ચાર વસ્તુ નક્કી થાય ત્યારે બોલવાની રજા મળે. અહીં ભગવાન સુધર્માસ્વામી અગર ગૌતમસ્વામીજી ગમે તેની છત્રછાયા નક્કી કર્યા વગર જે ઉપદેશ કરાય તેનો અર્થ નથી. સુધર્માસ્વામી પોતે છત્રછાયા નક્કી કરે છે, તે ક્યા શબ્દથી ? णमो अरिहन्ताणं । આ શબ્દ બાળગોપાળ સહુ કોઈ જાણે છે.

**નિશ્ચય ન આવે ત્યાં લગી વ્યવહાર તો સાચવવો જ**

કેટલીક વખત अतिपरिचयादवज्ञा જેવું થાય છે. ગળપણ બધાને વહાલું હોય, છતાં વિવાહમાં રોજ ગળ્યું ખાવ તો પાંચ-દસ દહાડે જરૂર કંટાળો આવે છે, અને મનમાં થાય છે કે - ઢેબરાં ઢોકળાં મળે તો ઠીક. પકવાન્ન જમવા બેસો તોપણ જોડે શાક મળે તો જ ઠીક પડે છે. આમ વિશેષ પરિચયને લઈને ગળપણ ઉપર અનાદર થયો, એના પ્રત્યે અવજ્ઞા ઊપજી. મૂળવાત એ કે અત્યંત પરિચય હોય ત્યાં અવજ્ઞા થવાનો ઘણો સંભવ રહેલો છે. આમ છતાં એ અવજ્ઞા એનો પરિચય સાવ છોડી દેવા જેટલી હદે આગળ નવધે, અને એનો સમયે સમયે આદર કરતા રહીએ તો પહોંચી વળીએ. પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં સવાર-સાંજ દરરોજ દેવસિક, રાઈ, પખ્ખી, ચઉમાસી કે સંવત્સરી એમ

સમય પ્રમાણે પ્રતિક્રમણ કરવાનું કહ્યું છે તે સત્પ્રવૃત્તિનો આદર કરવાના હેતુથી કહ્યું છે. એક પ્રવૃત્તિ કોઠે પડી જાય એટલે એ કરવા ટેવાઈ જઈએ. એ રીતે જોતાં બીજી રીતે નહીં તો પણ દ્રવ્ય થકી તો બે ઘડીની ક્રિયા સ્થિરતાથી કરવી ઘટે. ઢોરનો સ્વભાવ આડાઅવળા ડાફોરા મારવાનો હોય, પણ માણસે તો છેવટે શારીરિક સ્થિરતા કેળવવી જ પડે - પશુથી એ જ એની ઓછામાં ઓછી વિશેષતા છે. અને એમ કરતાં કરતાં દ્રવ્યમાંથી ભાવની જાગૃતિ થવાનો અવકાશ છે. એટલે બે ઘડીની ક્રિયામાં પડિકમણા સિવાય બીજુ કશું ન બોલવું. નિશ્ચયથી તો જ્યારે સ્થિર થઈએ ત્યારે ખરા, પણ વ્યવહારથી તો જાનવર જેવું ચંચળપણું દૂર કરવું ઘટે અને સ્થિરતાથી ક્રિયા કરવી ઘટે. બધી ક્રિયા ભાવપૂર્વક નથી થતી એ ખરું, છતાં ૧૭ વાયદા ઊભા રાખીને પણ પડિકમણું પતાવવું, સમેટવું. એમ હંમેશા પડિકમણું કરવાની પદ્ધતિ દર્શાવી તે એટલા માટે કે બજારમાં પ્રસંગ આવે ત્યારે માલ હોય તો માલદાર થઈ જવાય. બજારમાં જેમ ભાવમાં વધારો ક્યારે થાય તે નિયમ નથી તેમ, અંતરમાં ભાવનાની જાગ્રતિ ક્યારે થઈ જાય એ કોણ કહી શકે ? હમેશાં બજારની ખબર રાખનાર અને માલને ઘરમાં રાખનાર ફાવી જાય છે. પણ કુંભાર કાછિયો ફાવી ન જાય. રૂપિયાના સત્તર આના કરવાવાળો પણ ફાવે. પણ જે મુદ્દલ માલ જ ન રાખે તે શી રીતે ફાવે? ધર્મભાવનાનું પણ એમ જ સમજવું. જે માણસ ધર્મક્રિયામાં છેવટે વ્યવહારથી પણ પ્રવર્તતો હશે તેને કોઈક કાળે પણ ભાવોલ્લાસ જાગશે. જે ક્યારે પણ કટાસણું હાથમાં ન લે તેને ભાવોલ્લાસ શી રીતે થશે ? વાંઝણી ન હોય તેને મોડાવેલા ૧૫ વર્ષે પણ પુત્ર જન્મે, પણ જે વાંઝિયણ હોય તેને પુત્રની આશા ક્યાંથી? ક્રિયા વગરના વાંઝિયાને ભાવોલ્લાસ ક્યાંથી થશે ? બજારમાં ચાહે જેટલો ભાવ ચડ્યો પણ માલ વગરનો શું કરવાનો ? એ તો કેવળ હાથ જ ઘસવાનો ! માટે અતિ પરિચયના કારણે કદાપિ મનમાં અવજ્ઞાની લાગણી થાય તો પણ પ્રવૃત્તિ

તો ચાલુ રાખવી જ. કોઈ પણ સંજોગોમાં વસ્તુને છોડી દેવાની પ્રવૃત્તિ ન જાગે તે માટે ચેતતા રહેવું જોઈએ. संततगमनादनादरो भवति એટલે કે પ્રયાગમાં રહેવાળાળાને ત્રિવેણી - સંગમનો સમાગમ હમેશાં થાય છે. ગંગા, જમના, સર્યુ ત્રણે પવિત્ર નદીઓ પ્રયાગ પાસે એકઠી થાય છે. જેઓ જળાશયને તીર્થ માને તેવાઓને માટે એ કેવુ મોટું તીર્થ ગણાય ? છતાં कुपे स्नानं सदा कुरुते પ્રયાગવાસી લોકો હમેશાં કૂવામાં સ્નાન કરે તે કેમ ? અતિ પરિચયના કારણે એને અનાદરની લાગણી થઈ તેથી.

**'નમો અરિહંતાણં' પદનો મહિમા**

આપણને 'नमो अरिहंताणं' પદ અતિપરિચિત છે, છતાં એ પ્રત્યે અવજ્ઞા-ઉત્પન્ન થવી ન જોઈએ. કારણ કે, આ એક જ પદે સુદર્શન શેઠ ઊભા થયા હતા. એમનો પૂર્વભવ ધ્યાનમાં લો. એ ઢોર ચારવા ગયા છે, નદીમાં પૂર આવ્યું છે અને એ તણાવા માંડ્યા છે. એમને 'નમો અરિહંતાણં' એટલો શબ્દ જ આવડે છે અને તેથી તેઓ તેટલું જ ઉચ્ચારણ કરે છે. એટલામાં એ ખીલાથી વીંધાય છે, અને મરીને આ પદના અપૂર્વ પ્રભાવથી સુદર્શન શેઠ તરીકે જન્મ પામે છે. ઓ મા રે, ઓ બાપ રે, એવી બૂમો પાડવાને વખતે ગમાર જાત, આહીર, રબારી જાત મરણાંત કષ્ટ વખતે નમો અરિહંતાણં પદ બોલે છે અને આવું ફળ પામે છે. આપણે ચોવીસે કલાક નમો અરિહંતાણં બોલ્યા કરીએ, પણ આપત્તિ વખતે એ પદ યાદ નથી આવતું. ખીલો વાગવા વખતે તણાતાં નમો અરિહંતાણં પદ ગમારને કેવી રીતે યાદ આવ્યું હશે ? એનો વિચાર કરો. આ આરાધના આત્મામાં ન પરિણમે તો કેવી રીતે ફાયદો કરશે ? એ પદો ભવના આધારભૂત છે. છત્રછાયા તરીકે સુધર્માસ્વામી, ગૌતમસ્વામી ખરા, પણ જે આ પદનો મહિમા ન સમજે તેને તો નમો અરિહંતાણં પદ તૂંબડીમાં કાંકરા જેવું થઈ પડે. અજાણ્યા મનુષ્યને તૂંબડીમાંના કાંકરાનો ખખડાટ સંભળાય, પણ એ ખખડાટ કાંકરાનો

છે કે રતનનો તેની ખબર નથી. એ જ રીતે આપણે પણ હંમેશાં નમો અરિહંતાણં પદ બોલીએ પણ એનો મહિમા ન અવધારીએ તો એ તૂંબડીમાં કાંકરા સમજવા. કોઈ એમ કહે કે અમને આ પદનો અર્થ માલમ નથી તેમને એનો અર્થ સમજાવવા માટે ભગવતીજી સૂત્રના ટીકાકાર કહે છે કે तत्र नमः इति नैपातिकं पदं द्रव्यं-भावसंकोचार्थम । ''आह च ' नेवाइयं पयं दव्व-भावसंकोयणपयत्थो । नमः-कर-चरण-मस्तकसुप्रणिधानरूपो नमस्कारो भवत्वित्यर्थ । નમઃ નિપાતનું અનેક અર્થયુક્તપણું.

અર્થાત્ 'नमः' એ ક્રિયાપદ નથી પણ નિપાત - અવ્યય છે. અહીં 'नमः' એવું પદ મૂક્યું , પણ '' કેમ ન મેલ્યું ? વળી ' હે આત્મા! અરિહંતને નમ' એમ આજ્ઞાકારક વાક્ય પણ ન મેલ્યું અને 'नमो' કેમ મેલ્યું ? 'नमः' નૈપાતિક પદ. નૈપાતિક એટલે શું ? નિપાત કોને કહેવાય, તે સમજો. 'निपतंति अनेकेषु अर्थेषु ' જેમાં એક અર્થનો નિયમ નહિ તેવા. 'स्याद्यंत त्याद्यंत ' પદોનો એક એક અર્થને અંગે નિયમ તેમ નિપાત એક અર્થને અંગે નિયત નહિ. એકલા નમસ્કાર અર્થમાં 'नमः' નથી. 'नमः' એક અર્થમાં હતે તો તેને नैपातिक કહેતે નહિ. તેથી જ વ્યાકરણમાં नमः અવ્યય જ્યારે અર્ચા-પૂજા અર્થમાં હોય ત્યારે क्यन् પ્રત્યય આવે છે. (नमो वरिवश्चित्रङोऽर्चा-सेवाश्चर्ये । સિદ્ધહેમ ૩-૪-૩૭) नमः થી સેવા અર્થ લેવો હોય તો, ચિત્રમ્ 'निपात' કોરાણે મૂકીએ. પૂજા અર્થ નથી તો પૂજા અર્થ ક્યાંથી લાવ્યા ? નમઃ નિપાત હોવાથી જેવી રીતે નમસ્કાર અર્થમાં છે તેવી રીતે પૂજા અર્થમાં પણ છે. અનેક અર્થને જણાવનારું આ પદ છે.

પ્રશ્ન - દશવૈકાલિકની મંગલની ગાથામાં देवावि तं नमंसंति કેમ કહ્યું ? ત્યાં वंदंति બોલવું હતું ને ? ત્યાં नमंसंति કેમ મૂક્યું ? વલી

नमंति वंदति એ સિદ્ધ શબ્દો ન મેલતાં नमंसंति શબ્દ કેમ મેલ્યો ?

**ઉત્તર** - ધર્મને ઉત્કૃષ્ટ મંગલ કહેવામાં ત્યાં દૃષ્ટાંત સૂચવ્યું છે. તીર્થંકર ગણધરો ' जस्स धम्मे सया मणो - જે મહાપુરુષોનું ધર્મમાં હંમેશાં મન હોય, તેને દેવતા પૂજે છે. નિર્યુક્તિકાર - ટીકાકારને દાખલો દેવો પડ્યો છે. અરિહંત ગણધર મહારાજને દેવતાઓ પણ નમસ્કાર કરે છે. અરિહંત જે દૃષ્ટાંત તરીકે દેવાયેલા છે તેઓને દેવતાઓ પૂજે છે. જેઓ સૂતરને તાંતણે દોડવાવાળા એટલે કે પંચાંગીને નહીં પણ કેવળ સૂત્રને જે માનવાવાળા છે, તેવાને સમજવાનું છે, કે અહિંસા સંજમો તવો કહ્યું છે તે કોણ ના કહે છે ? પણ કેવળ પદ જ માનવું એ તો કાણી હાથણી જેવું થયું કહેવાય. કેવળ બે પદ બોલવા તે કાણી હાથણીનું કામ છે. કાણી હાથણી એક બાજુ જુએ અને એક બાજુ ન જુએ. देवावि तं नमंसंति એ બીજુ પદ સાથે બોલવું હોય તો એનો હેતુ પણ સ્વીકારવો પડે. દેવતાઓ પૂજા અરિહંતની કરે તે ધર્મનો પ્રભાવ. પછી સૂતરના તાંતણે ચાલવાવાળો પડી જાય છે, બોલે તો તેને અર્થ કરવો મુશ્કેલ પડે.

**વિનમ્રતાની જરૂર : દશાર્ણભદ્રનું દૃષ્ટાંત**

नमामि એવું ક્રિયાપદ ન વાપરતાં નૈપાતિક પદ જ વાપર્યું એનો જે ખુલાસો તમે કહો છો તે તો જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ જેવો તર્કપ્રધાન તમોએ ગોઠવી દીધો, એમ કેમ ન કહેવાય? ના. નિપાતનું આ નમઃ પદ, બોલનારની કે લખનારની અશક્તિ જણાવે છેઃ હું આવા પૂજ્ય પુરુષોનો યોગ્યસત્કાર કરી શકતો નથી એ એનો ભાવ છે. અરિહંતની જેવી સ્થિતિ તેને લાયકનું દ્રવ્ય કે ભાવવંદન હું કરી શકતો નથી એમ સૂચવીને શાસ્ત્રકાર ફૂલ નહીં તો ફૂલની પાંખડી એ ન્યાયે પોતાની દ્રવ્ય-ભાવની અલ્પતા દર્શાવી યોગ્ય દ્રવ્ય- ભાવ તાકાત બહાર છે, એમ કરી પોતાની વિનમ્રતા સૂચવવા માગે છે. ભગવાન

નિર્યુક્તિકાર મહારાજા આ વ્યાખ્યા સ્વતંત્ર કરે છે. નમઃ આ પદ નિપાત અવ્યય સંબંધી છે. પદનો અર્થ ક્યો ? દ્રવ્યથી ભાવથી સંકોચ એટલે કે આ બને છે તે ઓછું છે, જોઈએ તેટલું નથી. દશાર્ણભદ્રે ભારે ઠાઠમાઠથી વંદન કર્યું છતાં માર ખાધો. મહાવીર મહારાજા બહાર સમોસર્યા. રાજા દર્શાણભદ્રને એની ખબર પડી એટલે રાજકુલ રિયાસતને ખબર આપી કે આજે પ્રભુજીને વંદન કરવા માટે એવી જબરદસ્ત તૈયારી કરો કે જેવી આજ લગીમાં કોઈએ ન કરી હોય. રાજા દશાર્ણભદ્ર ભગવાનને વંદન કરવા માટે સંપૂર્ણ તૈયારીથી ભારે ઠાઠમાઠથી નીકળ્યા. રાજાના હૃદયમાં આજના ઠાઠમાઠનો ભારે ગર્વ ભર્યો હતો. તેમને થયું, આ શોભા આગળ તો હવે ઈન્દ્રના બાપનું પણ શું ગજું ? આજે મલ્લવિદ્યાના બદલે અક્કલથી જ એ મારાથી પાછો પડ્યા વગર નથી રહેવાનો. એક માણસની અક્કલ પરીક્ષા કરવા માટે વકીલે કહ્યું કે ભૂંસ્યા વગર કાગળ ઉપરની લીંટીને નાની કરી દેખાડ શી રીતે નાની કરે ? પણ પેલો માણસ હતો અક્કલબાજ. એણે અક્કલ વાપરીને એ જ કાગળ ઉપર પેલી લીટી ની નીચે વધુ લાંબી લીટી દોરી દીધી એટલે પેલી લીટી આપોઆપ નાની બની ગઈ. દશાર્ણભદ્રે ઈન્દ્રને હલકો પાડવા આજે જે યુક્તિ અજમાવી હતી તેનો જવાબ ઈંદ્રે પણ આવો જ આપ્યો. ઈંદ્રે આની સામે એવી અદ્‌ભુત રચના કરી કે, એ જોઈને દશાર્ણભદ્રનો ગર્વ સાવ ગળી ગયો. આમ ઈંદ્ર મહારાજે દશાર્ણભદ્રને પછાડયા તે લડી ઝઘડીને નહિ પણ સવાઈ ઋદ્ધિ વિકુર્વીને. એક હાથીને આઠ મુખ; દરેક મુખે બે બે દંતૂશળઃ દંતૂશળ ઉપર વાવડીઓ; વાવડીઓમાં કમળોનાં પાંદડાં ઉપર બત્રીશ નાટક. શા માટે ઈન્દ્ર મહારાજા આવ્યા ? દશાર્ણભદ્રને નીચું દેખાડવા. ઈન્દ્ર માહારાજે પણ એ જ મુદ્દો લીધો કે કોઈએ ન પૂજ્યા હોય તેમ પૂજું. આ ત્રિલોકનાથ કંઈ રીતિએ નથી પૂજાયા ? એમની લાયક સ્થિતિને અનુરૂપ પૂજા કરવાની સ્થિતિ તો કોઈની નથી. પણ મારું માન ન રહ્યું. જરા

વિચારો, ધર્મનાં કાર્યો કરનારા કેવા માનના હાથીએ ચડે છે? ભગવાનની પૂજાને અંગે પોતા કરતાં ઈન્દ્રનું ચડિયાતાપણું થાય તે દર્શાણભદ્રથી ન સંખાયું. એટલે તેણે વળી વિચાર્યું; હવે ઈન્દ્ર જે રૂપે પ્રભુની પૂજા ન કરી શકે તે રૂપે મારે કરવી. સાવદ્યનો ત્યાગ કરવાની ઈન્દ્રની શક્તિ નથી એટલે દશાર્ણભદ્રે સર્વ સાવદ્યનો ત્યાગ કર્યો. અને એ રીતે પ્રભુની ઈન્દ્ર કરતાં ચડિયાતી પૂજા કરી. એ જોઈને ઈન્દ્રે કબૂલ કર્યુ કે હવે તમે ચડ્યા, આટલી ઋદ્ધિથી વંદન કર્યુ, પરંતુ ભગવાનની સ્થિતિ આગળ તે હિસાબમાં નથી. દ્રવ્ય અને ભાવ બંને ગમે તેટલા કરીએ તો પણ છેવટે એ સંકોચ રૂપમાં જ રહેવાના; યથાયોગ્ય રૂપમાં તે આવી શકતા નથી.

**ભણવાનો છેડો નહીં તેમ ધ્યાનનો પણ છેડો નહીં**

હાથ, પગ અને માથું એ ત્રણેનું એકત્વ એ સારું પ્રાણિધાન. ભગવાન આગળ ખમાસમણું દઈએ તો પણ માથું નીચું ન નમે. નમઃ શબ્દમાં હાથ, પગ, માથું ત્રણે જમીન પર એકઠાં થવાં જોઈએ, તેનું નામ નમઃ ત્રણે સંકોચીને એકઠાં કરવાં જોઈએ. જે મનનાં સંકલ્પો તે તો ભારે ચંચળ હોય છે. મન વાંદરા પેઠે ચારે બાજુ દોડતું હોય. પણ ભગવાનના સ્મરણ વખતે મનને દોડતું રોકો અને મનને ભગવાનના ગુણોમાં પરોવો. શિર-કર ચરણનું એકઠા થવું અને શુદ્ધ ચિંતન એટલે કે ભાવથી પરિણામની સુંદરતા તે રૂપ નમસ્કાર થાઓ. નમસ્કાર કર્યા છતાં "થાઓ" શબ્દ વાપરતાં કોઈએ શંકા કરી કે છોકરો જન્મ્યા પછી, છોકરો જન્મશે તેમ બોલવું તે શોભતું નથી. હાથ, પગ, મસ્તક એકઠાં કર્યા, ચિત્ત ગુણમાં લીન કર્યુ, અને એમ કરીને નમસ્કાર કરી રહ્યા છો તે વખતે નમસ્કાર થઈ જ ગયો છે તો પછી એમાં થવા પણું બાકી ક્યાં રહ્યું? તો એનું સમાધાન આપ્યું કે - મહાનુભાવ, છોકરો ભણવા બેઠો, પહેલીમાં પાસ થયો. છતાં બેટા! ભણો, તેમ વડીલો કહે છે. ભણ્યા વગર પહેલીમાં પાસ થયો? છતાં ભણવાનું કહે છે તેનો અર્થ

એ સમજવો કે હજુ ભણવાનું ઘણું બાકી છે. આ તો પાશેરામાં પેલી પૂણી છે, હજુ બીજુ બીજુ ઘણું ભણવાનું બાકી છે. તે જ રીતે નમસ્કાર કર્યો એ ખરું; પણ એ તો હજુ પાશેરની પ્રથમ પૂણી છે; દુનિયામાં ભણતરનો છેડો નથી. તેમ શાસ્ત્રની અપેક્ષાએ સર્વજ્ઞપણું ન થાય એટલે કે આ આત્મા વીતરાગ ન બને ત્યાં સુધી ભગવાનનું ધ્યાન ધરવાનો છેડો નથી.

**દેવ પોતે નહીં પણ દેવની ભક્તિ કલ્યાણ કરે**

નમસ્કારો ભવતુ । આવો ઊંચો નમસ્કાર થાઓ. એ નમસ્કારના પ્રભાવે હું ઊંચી દશાવાળો થઉં. નમસ્કાર એ જ ખરો કીમંતી છે; અરિહંતો, સિદ્ધો, આચાર્યાદિ એટલા કીંમતી નથી. આપણા આત્માની અપેક્ષાએ અરિહંતાદિની કિંમત નથી. આ સાંભળીને કોઈને આશ્ચર્ય થશે કે આ શું બોલાય છે ? લગીર શાંતિથી આગળ સાંભળો. જેમ કણી કણી ચૂલા ઉપર નાખવા જાય તો ખીચડી ન પાકે, માટે લગીર જથ્થો થવા દો, તેમ અહીં લગીર વાત પૂરી થવા દો પછી છેવટનો નિર્ણય કરજો. અરિહંત મહારાજથી જ જો જગતનું કલ્યાણ થતું હતે તો આ જગત આટલું રખડત નહિ. અરિહંત મહારાજના હોવા માત્રથી જગતનું કલ્યાણ ન થાય. પણ જે અરિહંતને આરાધે - અરિહંતની આજ્ઞાનું પાલન કરે, તેમણે પ્રરૂપેલા માર્ગે ચાલે - તેનુ કલ્યાણ થાય. દેવ વધારે ન હોય તો દેવનું ફળ ન મેળવી શકીએ. ' દેવ બડા કે યકીન બડા' એનું રહસ્ય પણ આ જ છે. અરિહંત મુખ્ય એ કબૂલ પણ એમ કબૂલ કરવા માત્રથી કામ ન ચાલે; પણ આરાધીએ તો જ ફાયદો થાય છે. માટે નમો પદ પહેલું રાખ્યું.

**ભક્તિમાં પૂજ્યની ઉત્તમત્તાની જરૂર**

ભક્તિ - આરાધનાની જ ખરી કિંમત છે, છતાં ભક્તિની કિંમત જેની ભક્તિ કરીએ તે પૂજ્યની ઉત્તમતા ઉપર અવલંબે છે, એ ધ્યાનમાં

રાખવું. વાઘવાઘણ બચ્ચાને પાળે છે. તેથી તેને જીવદયાનું ફળ મળી જશે ને? તેમને પાળવા પોષવાનું ફળ થશે ને? કુટુંબને પાળવા પોષવાવાળા જીવને પાળે છે તેમ તો ખરું ને? એવા બધા જીવદયાના પ્રેમી ખરા ને? એ બધા જીવતાને અંગે પાળે છે એ ખરું, પરંતુ લક્ષ જીવ તરીકે પાળવાનું નહીં પણ -મારો છોકરો,છોકરી, બાયડી, મારી મા, મારો બાપ, ભાઈ, કાકો, મામો, માસો - એ દૃષ્ટિએ મમત્વથી ખેંચાઈને પાલન-પોષણ કરે છે, એટલે એમાં જીવદયા પ્રધાન ગણાય નહીં. વાઘણ બચ્ચાને, ગાય વાછરડાને પાળે તેમ બીજા મનુષ્યો કુટુંબને પાળે, પરંતુ જીવદયાની બુદ્ધિથી, ત્યાં તો મારા પણાની બુદ્ધિ છે. તેમાં પારકાનું ગમે તે થાય પણ આને પોષવું જોઈએ એવી એકાંગી દૃષ્ટિ છે. પાલન-પોષણની ક્રિયા સરખી થતાં ધર્મિષ્ઠ મનુષ્ય મા-બાપ વગરના બચ્ચાને પાળે ને ઘરના બચ્ચાને પાળે તેમાં ફરક છે. એની એક ક્રિયા પણ ધ્યેય, અને વિષયને આધારે જુદું જુદું ફળ આપનારી થાય છે, તેમ હાથ પગ માથું એકઠાં રાખવાં પણ શામાં? વિષય નક્કી ન થાય ત્યાં સુધી ફળ નક્કી ન થાય, માટે નમસ્કાર યોગ્ય ઉત્તમ પુરુષને માટે અરિહંતાણં પદ કહીને નમો અરિહંતાણં એમ કહ્યું. અરિહંત શબ્દનો અર્થ શો તે હવે પછી જોઈશું.

# દેશના - ૧૪

## અરિહંત શબ્દનો ભાવાર્થ

શ્રી ભગવતીસૂત્રની ટીકા રચતાં ટીકાકાર શ્રી અભયદેવસૂરિજી મંગલાચરણ તરીકે સર્વ પ્રકારે વ્યાપક - એટલે કે સંપત્તિ, આપત્તિ, જન્મ, મરણ, રોગ, શોક એમ સર્વ વખતે જે સ્મરણ કરવા લાયક છે એમનું સ્મરણ કર્યું છે.

**નમસ્કારમંત્રનું સર્વત્ર પવિત્રપણું**

કેટલાંક નામો એવાં હોય છે જે અમુક વખત લેવાય અને બીજી વખત લેવાતાં નથી. દાખલા તરીકે રામ નામ એ અમુક વખતે સારું ગણાય અને અમુક વખતે તે સારું ગણતા નથી. રામ નામને મરણ વખતે સારું ગણે, પણ જન્મ વખતે એ સારું ગણાતું નથી. પરંતુ પંચપરમેષ્ઠીનો નમસ્કાર જન્મ-મરણ સર્વ અવસ્થામાં મંગળ રૂપ જ છે. આ વિચારશો ત્યારે માલમ પડશે કે નવ પદોની વર્ષમાં ૧૮ દિવસ સુધી - ચૈત્ર અને આસો માસમાં નવ નવ દિવસની બે ઓળીઓ દ્વારા- તપસ્યા કરવાનું કેમ કહ્યું છે? પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવારૂપ નમસ્કારશ્રુતસ્કંધ સર્વ અવસ્થામાં મંગળરૂપ છે તેથી તેના સ્મરણમાં અપવિત્ર કે પવિત્ર અવસ્થા જોવાની નથી. તેથી સ્પષ્ટ જણાવ્યું કે अपवित्रो वा पवित्रो वा जपेत् नमस्कारं । ચાહે શરીર પવિત્ર હોય કે અપવિત્ર હોય, તો પણ નમસ્કારનો જાપ તો કદી ચૂકવો જ નહિ. શ્રી હેમચંદ્રસૂરિજી જણાવે છે કે ઊઠતી વખતે ચાહે તેવાં લૂગડાં કે શરીર-

અવસ્થાવાળો હોય તો પણ ઊઠતાંની સાથે પંચ પરમેષ્ઠી નમસ્કાર ગણો. બ્રાહ્મ મુહૂર્તમાં ઊઠીને , રાત્રિની પાછલી ચાર ઘડી બાકી રહે ત્યારે, જાગતા જાગતા ગમે ત્યાં રહ્યાં રહ્યા પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવાનો છે.

**પ્રશ્ન** - આ રીતે સર્વ સમયે અને સર્વ સ્થળે પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરીએ ત્યારે એની આશાતના નહિં વર્જવી ને ?

**ઉત્તર** - ઊઠવાની વખતે મંગળ તરીકે જાપ કરવો હોય તેમાં પવિત્ર-અપવિત્રપણું ન જોવું, પણ સ્વાધ્યાય તરીકે જાપ કરવો હોય ત્યારે, નોકારવાળી ગણવી હોય ત્યારે, પવિત્ર થઈને એ ક્રિયા કરવી.

**નવકારમંત્ર સદાય મંગળરૂપ : ઉપધાનની જરૂર**

મંગળરૂપે તો હમેશાં નવકાર જ ગણવો. જે કોઈ પણ અવસ્થામાં વર્જવા યોગ્ય નથી, અને જે સદાય મંગળ રૂપ છે એવું આ એક જ સૂત્ર છે, એ જ સ્મરણ છે, એક જ મંગળ છે. અરિહંત ભગવાન વગેરે પંચપરમેષ્ઠી આખા જગતમાં મંગળરૂપ છે, ઉત્તમ રૂપ છે, જગતના જીવોને આધાર છે. આ વાત ધ્યાનમાં લેશો ત્યારે જરૂર સમજાશે કે ઉપધાનની જરૂર નથી એમ કહેનાર કે ઉપધાનની અવગણના કરનાર અનંત સંસારી બને છે. શક્તિ કે સાધન-સામગ્રીના અભાવને કારણે, ઉપધાન કરવાના સંજોગ ન હોવાથી ઉપધાન વગર નવકાર ગણે તે વાત જુદી, પણ નવકારના ઉપધાનની શ્રદ્ધા ન હોય તો અનંત સંસારી બને છે. સર્વ વ્યાપક નવકારની આરાધના માટે ઉપધાન કરવાની ભાવના તો જરૂર હોવી જોઈએ. નવકારનો આવો મહિમા હોવાને લઈને જ મંગળ તરીકે ભગવતીજીમાં પંચપરમેષ્ઠી નમસ્કારરૂપ મંગળ કર્યું.

**અરિહંત : જૈન શાસનના રાજા**

આ પંચ પરમેષ્ઠી નમસ્કારમાં સૌથી પહેલાં જૈન શાસનના

રાજાને નમસ્કાર કરે છે. આ રાજા તે કોણ? જેઓ રાજપાટ, ધન-વૈભવ, કુટુંબ-કબીલો બધું છોડીને હસતે મોંએ ચાલી નીકળેલા એવા ત્યાગી. આવા ત્યાગી અરિહંત પરમાત્મા હોય. તેમને ન તો રાજલીલા છે કે ન તો રાસલીલા. ભલા, આવા સર્વસ્વના ત્યાગીને વળીરાજા પણું શું ? આ કંઈ હાથી-ઘોડાના સમૂહનું કે ધનના ભંડારનું રાજાપણું નથી. આ તો મોક્ષના માર્ગનું રાજાપણું છે. જિનેશ્વર મોક્ષમાર્ગના રાજા હોવાથી તેમણે દરેકને જણાવ્યું કે તમારા આત્માનો ઉદ્ધાર કરવો હોય તો શાસનના સેવક બનજો. કેટલાકો સાચી વાત ભૂલી જઈને, અહં કે મમના પ્રેર્યા હું રાજા, આ મારા ભક્તો, આ મારા સેવકો એમ કહે છે. પણ તેઓ ભૂલી જાય છે કે , એમ કહીને તેઓ ત્યાગમાર્ગના રાજાની વ્યાખ્યા બગાડે છે. જેઓ જિનેશ્વરે કહેલો મુદ્દો ધ્યાનમાં રાખે તે જ શાસનનો સેવક ગણાય. તીર્થંકરો જ આવું આત્માનું રાજ્ય સ્થાપે. તીર્થને કરનારા હોય તે જ એના રાજા બની શકે. હું કહું તે શાસન એમ માનીએ તો તો ઘેર ઘેર શાસન મળે. પણ એવું શાસન કંઈ આખા વિશ્વના કલ્યાણનો માર્ગ ન સ્થાપી શકે. તેથી પરિવારમાં થોડાક પોતાના ભક્તો હોય કે પોતાનું વચન માનનારા હોય તેથી એવા પરિવારને શાસન કહી શકાય નહીં. તેથી જિનેશ્વર-અરિહંત ભગવંતે સ્થાપેલો મોક્ષમાર્ગ તે જ ખરું શાસન અને તેથી તે અરિહંત જ શાસનના સાચા રાજા.

**ગોષ્ઠામાહિલનો મત**

આ પ્રસંગે એક વાત સમજાશેઃ તે કંઈ? ભગવાન મહાવીરના સમયમાં જેમ જમાલી નિહ્નવ પાક્યો તેવી રીતે ભગવાન આર્યરક્ષિતના વખતમાં ગોષ્ઠામાહિલ નિહ્નવ પાક્યો હતો. તેણે પરંપરાથી ચાલી આવતા સામાયિક સૂત્રમાંથી 'जावज्जीवाए' એ એક પદ કાઢી નાખ્યું. કોર્ટમાં વકીલોને ન્યાયાધીશો કહે છે કે ભલે જુઠું લાવો, પણ જુગતું

લાવો. જૂઠું ચલાવનાર જુગતી તો રાખે જ છે. એ ભલે શાસ્ત્ર - પરંપરા નહિ રાખે, પણ જુગતી તો જરૂર રાખે છે. ગોષ્ઠામાહિલને પણ આવી એક જુગતી મળી ગઈ. તીર્થંકર મહારાજથી સમાયિક સૂત્રમાં 'जावज्जीवाए' પદ કહેવાતું હતું. તીર્થંકર સરખા 'जावज्जीवाए' પદ તો અવશ્ય બોલે. કારણ કે જાવજ્જીવાએ પદ ન્ રાખવામાં, કરેલા પચ્ચકખાણનો ભંગ થાય છે. કારણ કે એમ કરવાથી પચ્ચકખાણની મર્યાદા ન રહી, એટલે મરણની સાથે પચ્ચકખાણનો ભંગ થાય છે. મરણ પછી અવિરતિ ઊભી જ છે, એટલે જેમ શ્રાવકને 'जावनियमं' એવી રીતે ત્યાગીઓને 'जावज्जीवाए' જોઈએ. વસ્તુસ્થિતિ આમ હોવા છતાં, ગોષ્ઠામાહિલ કહે છે કે, તમો અપેક્ષાએ પચ્ચકખાણ કરો છો, તેથી ભવિષ્યના સુંદર લાભો માટે તમારું પચ્ચકખાણ છે. આ લાભની ઈચ્છા જતી કરવા માટે 'जावज्जीवाए' પદ કાઢી નાખવું જોઈએ. પણ આમ કહેનાર ગોષ્ઠામાહિલ કે તેના સાગરીતોને ખબર નથી કે જૈન શાસનમાં પચ્ચકખાણ કરવાનું ફરમાવ્યું છે તે પૌદ્‌ગલિક લાભો માટે નહીં પણ પૌદ્‌ગલિક લાભોથી અળગા થઈને કર્મક્ષય અને વીતરાગપણાના આત્મિક લાભ માટે છે. આમ છતાં પોતાને સૂઝેલી કુયુક્તિના આધારે 'જાવજ્જીવાએ' પદ ગોષ્ઠામાહિલે ઉડાવ્યું. તેણે કહ્યું આ 'जावज्जीवाए' પદની શી જરૂર છે ? જીવું ત્યાં સુધી પચ્ચકખાણ એ તે વળી કેવી વાત ?ઉપવાસ કરવાવાળો બીજે દિવસે ખાવાની ઈચ્છા રાખે. નવ કરનારો પારણાની અપેક્ષા રાખી નવના પચ્ચખાણ કરે. તો પછી આ પદ બોલવાની જરૂર જ ક્યાં રહી? આવતા ભવે દેવાંગના, ઋદ્ધિસિદ્ધિની ઈચ્છાએ આ પદ બોલો છો, માટે 'जावज्जीवाए' પદ બરાબર નથી. આમ કુયુક્તિનો આશ્રય લઈને ગોષ્ઠામાહિલ નિહ્નવે કહ્યું અને કરેમિભંતેમાંથી એ પદ કુયુક્તિના બળે કરી ખસેડયું. આ

જોઈને દુર્બલિકાપુષ્પમિત્રે બીજા ગચ્છના સ્થવિરોને એકઠા કર્યા અને પ્રશ્ન કર્યો કે બોલો, પરંપરાથી શું ચાલ્યું આવે છે? પરંપરાથી 'जावज्जीवाए' પદ પોલાય છે કે નહિ? હમણાં પચ્ચકખાણ કરવું અને મરણ પછી હિંસા કરવાની છૂટ, એ દૃષ્ટિએ આ પદ છે તેમ નથી, પણ આ પચ્ચકખાણ આ ભવ સિવાય બીજા ભવમાં પાળી શકવાની અશક્તિને કારણે જ જાવજ્જીવાએ પણ રાખ્યું છે. એટલે કે આગલા ભવનું આપણને ભાન નથી માટે 'जावज्जीवाए' પદ રાખેલું છે. સકલસંઘે આ પદ પરંપરાથી ચાલ્યું આવ્યાની સાક્ષી આપી. પણ માતેલો હાથી માવતને ન ગણે. હાથી ઉન્મત્ત ન થયો હોય ત્યાં લગી માવત જે હુકમ કરે તે માને, પણ એ બધું માતો ન થયો હોય ત્યાં સુધી જ સમજવું; માતો થાય પછી માવતને કે બીજા કોઈને પણ ન ગણે. અહીં પણ એવું જ થયું. ગોષ્ઠામાહિલ માતો થઈ આ બધા મૂર્ખા છે તેમ કહેવા લાગ્યો. તેણે પોતાના આચાર્યને ન માન્યા એટલું જ નહીં, પણ બીજા બધા ગચ્છના વૃદ્ધો અને સ્થવિરો માટે ગમે તેમ લવારો કરવામાં પણ બાકી ન રાખી. માતેલપણું જાગી ગયું એટલે પછી એની હદ જ ક્યાં રહે? છતાં શાંત દયાળુ સંઘે તેની ઉપર રોષ ન કર્યો. પણ ગોષ્ઠામાહિલે તો ગાંડા હાથી કે માતા સાંઢની માફક ઉન્મત્ત બનીને બધા સંઘને તિરસ્કારી કાઢ્યો. આમ છતાં સંઘે સત્યના નિર્ણય માટે કાઉસગ્ગ કરી દેવી બોલાવી. અને એ દેવીની સહાયથી શ્રી સીમંધર સ્વામી પાસે 'जावज्जीवाए' પદ વાજબી છે અને ગોષ્ઠામાહિલ કહે છે તે જૂઠું છે એમ નક્કી કરાવ્યું. આમ નિર્ણય આપ્યા છતાં માતા સાંઢને એ કબૂલ હોય નહિ. એ તો ઊલટો એ દેવીની શક્તિ શી? આવા પ્રલાપો કરીને એ વાતની સામે થયો; અને સાચી વાત ન માની. તેથી સંઘને છેવટે તેને સંઘ બહાર કરવો પડ્યો. તેની સાથે કોઈ પણ જાતનો વ્યવહાર આપણે

ન રાખવો, એવો સંઘે આદેશ આપ્યો. માણસ જ્યારે ભાન ભૂલીને માતા સાંઢ કે મદોન્મત્ત હાથી જેવો થાય તે વખતે તે કશાને પણ ન ગણે. એ માણસ ગણધરોએ કે આચાર્યો એ કહેલું, સૂત્રો-ગ્રંથોમાં કહેલું કશું ગણતો નથી અને કેવળ હું કહું તે જ શાસન, મારો પરિવાર અને મારા ભક્તો તે જ શાસન, તેવું કહેનાર-માનનાર બની જાય છે. પણ આવો મમત કરવાથી શાસનની ભક્તિ કે આત્માનું કલ્યાણ એમાંનું કશું થતું નથી.

**શાસનની શોભા એ જ મારી શોભા, એમ માનવું.**

અરિહંતે સ્થાપન કરેલું શાસન માનવામાં આવે, તો માણસને 'હું શાસનનો સેવક' એવી ઉત્તમ ભાવના જાગે. અને એવી ઉત્તમ ભાવના જાગે એટલે પછી માણસ પોતાની શોભા તે જ શાસનની શોભા એમ માનવાના બદલે શાસનની શોભા તે જ પોતાની શોભા, એમ માનવા લાગે, અને હમેશાં શાસનની શોભામાં વૃદ્ધિ થાય એવી જ પ્રવૃત્તિ આદરે, ભગવાન અરિહંત મહારાજા શાસનના રાજા તરીકે શાથી? કારણ કે, જૈન શાસનને સ્થાપનારા અને તેના માટેના બધી મર્યાદા બાંધનારા તેઓ જ છે તેથી તેમની મર્યાદા કોણે માની? ત્રણે લોકે. વિવેકી સુજ્ઞ જીવ જિનેશ્વરની મર્યાદાને માન્યા વગર રહે નહિ. તે માટે સૌથી પહેલાં 'અરિહંતને નમસ્કાર થાવ' એવું 'नमो अरिहंताणं' પદ મૂક્યું. શાસન સ્થાપતી વખતે ઈંદ્રો અને દેવતાનો સમુદાય જિનેશ્વરની પૂજા કરે છે. અશોક વૃક્ષ વગેરે આઠ પ્રાતિહાર્યોથી ઈંદ્રાદિક પૂજા કરે છે. પ્રાતિહાર્યો કરવારૂપ મોટી પૂજા જેની થાય છે તે જ અરિહંત.

**પૂજા, સત્કાર, મોક્ષ વગેરેને યોગ્ય હોવાથી અરિહંત**

अर्ह् ધાતુથી પૂજ્યતાના અર્થમાં अतृश् પ્રત્યય પૂજવા લાયક અર્થમાં આવે છે. તેથી અભયદેવસૂરિજી જણાવે છે કે' केभ्यः ? इत्याह-

अर्हद्भ्यः । अमरवरविनिर्मिताशोकादिमहाप्रातिहार्यरूपां पूजामर्हन्तः, यदाह- ''अरिहंति वंदणनमंसणाणि अरिहंति पूय-सक्कारं, सिद्धिगमणं च अरहा अरहंता तेण वुच्चंति ।''

એટલે કે શ્રેષ્ઠ દેવતા એવા ઈન્દ્ર મહારાજે કરેલી અશોકાદિ આઠ પ્રાતિહાર્યરૂપ પૂજાને યોગ્ય હોવાથી તેઓ અર્હત પદને લાયક છે. જેમ રાજદ્વાર કોઈ પણ વખતે - રાત્રે કે ગમે તે વખતે પહેરેગીર વગર ન હોય તેમ તીર્થંકર મહારાજાઓને જ ચોત્રીસ અતિશયો કહ્યા છે તે અતિશયો સર્વ કાળે નહીં પણ દેશના વખતે જ હોય. જ્યારે આઠ અતિશયો ૨૪ કલાક નિયમિત રહેતા હોવાથી વિહારમાં કે સ્થિરતામાં પણ આ આઠ નિયમેન હોય જ. તેથી આ આઠ અતિશયોને આઠ પ્રાતિહાર્ય એવું નામ આપેલ છે. અહીં આ વાત ધ્યાન રાખશું કે उववाइ સૂત્રમાં આવે છે કે વિહાર વખતે ઈન્દ્રધ્વજ, ચામર, છત્ર ઈન્દ્રાદિક ચલાવતા રહે. વિહાર વખતે આઠ પ્રાતિહાર્ય તીર્થંકરને જરૂર હોય; તે વગરના તેઓ ન હોય. જે આઠ પ્રાતિહાર્યરૂપ પૂજાને લાયક હોવાથી ઈન્દ્રો જેની આ આઠ પ્રાતિહાર્યરૂપ પૂજાને લાયક હોવાથી ઈન્દ્રો જેની આ આઠ પ્રાતિહાર્યરૂપ પૂજા કરે તેનું નામ अर्हन्. કર્મરૂપી શત્રુને હણે તેથી અરિહંત. આ અર્થ નિરુક્તિમાં છે, વ્યુત્પત્તિમાં નહિ. શબ્દનો અર્થ તો આઠ પ્રાતિહાર્યરૂપ પૂજાને લાયક હોય તે अर्हन् તે નિરુક્તિથી દર્શાવ્યો છે. મોનોગ્રામ કરો છો, અને ઑંકાર બનાવો છો તેમાં એક એક અક્ષર લઈ નિરુક્તિ કરાય, તેમ અરિ = શત્રુ, હંત=હણનાર એ નિરુક્તાર્થ થયો; પણ વ્યુત્પત્તિ તો પૂજાને યોગ્ય - એ અર્થમાં ઘટે છે. આવી રીતે ભગવાન અભયદેવસૂરિએ નમો અરિહંતાણંની વ્યાખ્યા કરતાં અરિહંતપણું જણાવ્યું.

**પ્રશ્ન** - પણ આ અર્થ માટે નિયમ શો? એકલો પૂજાની

યોગ્યતાને સૂચવતો જ અર્થ કરવો, અને કર્મરૂપી શત્રુને હણવારૂપ અર્થ કેમ ન રાખવો ?

**ઉત્તર** - જેટલા કેવળી થાય તે બધા કર્મશત્રુને તો હણે છે. અને ચોવીસ તીર્થંકરો એમાં સમાઈ જ જાય છે, એટલે ' કર્મરૂપી શત્રુને હણનાર' એવો અરિહંતનો અર્થ લઈએ તો તો બધાય કેવળી આવી જાય. વળી આઠ કર્મોને હણવાવાળા એવો અર્થ કરીએ તો અરિહંત અને સિદ્ધમાં ફરક શો રહે? એટલા માટે સામાન્ય કેવળી અને સિદ્ધોથી તીર્થંકરોને જુદા પાડવા માટે પૂજાને અંગે જિનેશ્વર મહારાજને અરિહંતપણું કહ્યું. આ પૂજાને અંગે જે કહો છો તે કલ્પનાથી કે પૂર્વાચાર્યોએ કહેલું કહો છો ? તો શાસ્ત્રકાર કહે છે કે, મારી કલ્પનાથી નહીં, પણ નિર્યુક્તિકાર મહારાજા કહી ગયેલા છે તે આધારે કહું છું. આ ગાથાનો પાઠ ઉપર જણાવી દીધો છે સંબંધી વિશેષ વિવેચન હવે પછી કરવામાં આવશે.

# દેશના - ૧૫
## અરિહંતનો મહિમા

તીર્થંકર ભગવાનના ભાગ્યનો, તીર્થંકર પરમાત્માનો અપૂર્વ ભાગ્યોદય હોય કે જેથી દરેક રાજા મહારાજાઓ ભગવાનના આવવાની ખબર સાંભળે કે વધામણીમાં સાડાબાર લાખ ક્રોડ સોનૈયા દે. વધામણીમાં જેમના નામનો આવો મહિમા એ જીવનું ભાગ્ય કઈ દશાનું ? કોઈને વિચાર આવે કે આવી રીતે અરિહંત પૂજા અને સત્કાર બંનેને લાયક બને એ ભવચક્રની જ વાત ને ? એટલે કે તેઓ દેહને ધારણ કરતા હોય અને ભવમાં સંસારમાં હોય તે સમયની જ આ વાત ને ? અને વળી બીજા વંદન, પૂજા, સત્કાર કરે એટલમાત્રથી જ તે અરિહંત ને ? આમ હોય તો એમાં એમની પોતાની શી વડાઈ? મહાનુભાવ ! જરા ધીરજ રાખો. હજુ મુખ્ય અર્થ જણાવવાની વાર છે.

**સિદ્ધિને લીધે અરિહંતનો ખરો મહિમા**

અરિહંત કહેવાથી જેઓ સિદ્ધિગતિ પામવાને જ લાયક, એટલે કે આ દેહ છૂટતાં સિદ્ધિ સિવાય જેમની બીજી ગતિ જ નથી, એવા મહાપુરુષ સમજવાના છે. એટલે પછી ભવચક્રની કે સંસારની વાત જ ક્યાં રહી ? આ બધાની પાછળ ખરો મહિમા તો મોક્ષનો જ છે. એ નહીં તો કશું જ નહીં. મોક્ષની પરંપરા સ્થાપનાર તીર્થંકર મહારાજ પહેલેથી મોક્ષમાર્ગ વહેવડાવે. પોતે મોક્ષે જાય અને પાછળ મોક્ષમાર્ગ વહેતો રાખે.

**બે પ્રકારે મોક્ષ : પર્યાય અને પરંપરા**

બે પ્રકારની મોક્ષની સ્થિતિઃ પર્યાયથી અને પટ્ટપરંપરાથી. આટલી પાટ સુધી મોક્ષ જરૂર થાય, એ થઈ પટ્ટપરંપરા, અને આટલા પર્યાયથી મોક્ષ શરૂ થવો એ છે પર્યાય. આ બધું તીર્થંકર નામકર્મના પ્રભાવથી. અને આ તીર્થંકરપણું એ તો સ્વ અને પર બન્નેનું પરમ ઉપકારી છે. એમની ધારણાની અપેક્ષા પ્રમાણેનું, જગતના કલ્યાણના માર્ગની પ્રરૂપણા રૂપ ફળ કેવળી થયા પછી હોય. એટલે કે તીર્થંકર નામકર્મના પ્રભાવનું બે પ્રકારનું ફળઃ પરંપરાકૃત અને અનંતરકૃત. પરંપરાકૃત ફળ તે તીર્થંકરના જીવના ચ્યવનથી સમજવું, અને અનંતરકૃત ફળ તે કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી સમજવું. મતલબ કે કુદરતી રીતે સંબંધવાળું ફળ તો જ્યારે તીર્થંકર માતાની કુક્ષિમાં આવે ત્યારે ચૌદ સ્વપ્ન જોવાં વગેરે બને છે. પણ આટલા પૂરતું જ તીર્થંકર નામકર્મ નથી; તેનો પ્રભાવ તો જગતના ઉદ્ધાર સાથે પણ જોડાયેલો છે. અને જગતના ઉદ્ધારરૂપ ફળ તો કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી થાય છે, કારણ કે એ તો ભગવાનની દેશના-વાણી ઉપર અવલંબે છે. આમ છતાં આવા મહાપુરુષની પૂજ્યતાનો આરંભ તો ચ્યવનથી જ થાય છે. ચ્યવન વખતે ત્રણે લોકના જીવો ક્ષણભર શાન્તિ અનુભવે છે, તે તીર્થંકર નામકર્મના જ પ્રતાપે સમજવું.

**તીર્થંકર ભવનાં ચ્યવન, જન્મ વગેરે કલ્યાણક કહેવાય**

અરિહંત મહારાજનાં પાંચ કલ્યાણક માનીએ છીએ. કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી માત્ર એક જ મોક્ષ કલ્યાણક બાકી રહે છે. તીર્થંકર આગલા ભવમાંથી ચ્યવીને ગર્ભમાં આવે ત્યારથી તે કલ્યાણકારક હોવાથી તેમના ચ્યવનને પણ કલ્યાણક ગણ્યું છે. એ જ રીતે એમના જન્મને પણ કલ્યાણક તરીકે સ્વીકારે છે. કોઈ કહે કે દેવપણામાં ઉત્પન્ન થવું વગેરેને પણ કલ્યાણકરૂપ શા માટે ન ગણાય? જીવ તો ત્યાં પણ

તીર્થંકરનો જ છે ને ? આનો ખુલાસો એ કે જે ભવમાં મોક્ષની પ્રાપ્તિ થવાની હોય તે ભવનાં જ ચ્યવન, જન્મ વગેરે પ્રસંગોને કલ્યાણક તરીકે ગણી શકાય. આગલા ભવોનાં જન્મ વગેરેને કલ્યાણકરૂપ ગણીએ તો એનો તો નિયમ જ ન રહે. વળી આગલા ભવોમાં અને મોક્ષગમનના ભવ વચ્ચે મોટું અંતર. એ પણ ખરું કે આગલા ભવોમાં તીર્થંકર નામકર્મ સત્તારૂપે અને અનિકાચિતરૂપે, અને મોક્ષગમનના ભવમાં એ ઉદયરૂપે અને નિકાચિતરૂપે હોઈ એનું સાક્ષાત ફળ એ ભવમાં જ મળવાનું છે. અને તેથી એ ભવનાં ચ્યવન, જન્મ વગેરે પ્રસંગોને કલ્યાણકરૂપ ગણવામાં આવે તે જ સંગત ગણાય. માત્ર સત્તારૂપ સ્થિતિવાળા ભવોના જન્મ વગેરે પ્રસંગોને માનીએ તો તો છેક એકેન્દ્રી સુધી પણ સત્તા તો હોય છે. આ ઉપરાંત અહીં એ પણ ધ્યાન રાખવું જોઈએ કે ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ અને પાંચે પ્રસંગો જે ભવમાં બનવાના હોય તે ભવનાં ચ્યવન વગેરેને કલ્યાણક રૂપ લેખવામાં આવે તો જ એ નિયમબદ્ધ કહી શકાય. નહીં તોતો કોઈ જાતનો નિયમ બને જ નહીં. આથી જ દેવલોકમાં જન્મે છતાં તેને કલ્યાણક ન કહીએ; જોકે ત્યાં સત્તારૂપે તીર્થંકર નામ છે. કુદરતનું અરિહંત નામનું ફળ તે માતાના ચૌદ સ્વપ્નરૂપે ગર્ભથી જ દેખાય છે. સૂત્રકાર कुंक्षिसि महायसो अरिहा એમ ફરમાવે છે તેનો અર્થ એ કે જે રાત્રીએ મહાયશસ્વી અરિહંત માતાની કુખમાં આવે તે રાત્રે તેમની માતા ચૌદ સ્વપ્નો દેખે. બાકી એમને જે માટે તીર્થંકર નામકર્ક બાંધ્યું છે તેની સફળતારૂપ ફળ્ તો કેવળજ્ઞાન પછી જ મળે; તે પહેલાં નહીં. શાસન સ્થાપવાનું કાર્ય કેવળજ્ઞાન પછી જ તેઓ કરે છે. કુદરતી રીતિએ ગર્ભથી જ તીર્થંકર નામકર્મના ઉદયના ફળનો અનુભવ થવા લાગે છે. તેઓ જન્મેત્યારે ત્રણે જગતમાં ઉદ્યોત થાય છે.

**તીર્થંકર પદવીનું નિયમેન મોક્ષ આપવાપણું**

તીર્થંકર નામકર્મના ઉદયવાળો એ જાતનો જીવ સિદ્ધિ ગતિ સિવાય બીજી ગતિ પામે જ નહિ. મંડલિક, મહામંડલિક વગેરે બીજી ગતિ પણ પામે, પણ આ તીર્થંકર પદવી તો એટલી સારી કે એ પદવીને પામેલ જીવ જીવતાં સુધી - આયુષ્ય હોય ત્યાં સુધી - તીર્થંકર તરીકે વિચરે, અને આયુષ્ય પૂર્ણ થતાં મરે એટલે મોક્ષે જ જાય; એમની મોક્ષ સિવાય બીજી ગતિ જ નહિ. મર્યા પછી નિયમેન કોઈ પદવીમાં મોક્ષ હોય તો તે માત્ર તીર્થંકર પદવીમાં જ. એ પદવી સિદ્ધિ ગતિને નિયમિત પણે પમાડનાર છે તેથી તેમને અરિહંત કહેવાય. રિખવદેવજી ભગવાન વગેરે મહાપુરુષોને અરિહંત કેમ કહેવાય ? કારણ કે તેઓ વંદન-પૂજન સત્કારને લાયક અને મોક્ષગતિને જ લાયક છે. તેવા હોવાથી તેમને અરિહંત કહીએ છીએ. અને એટલા માટે 'અરિહંતોને નમસ્કાર થાઓ,' એમ કહીએ છીએ.

**નમઃ ની સાથે ચોથીના બદલે છઠ્ઠી વિભક્તિ કેમ ?**

નમઃ નિપાતના યોગમાં વ્યાકરણો ફરમાવે છે કે ચોથી વિભક્તિ વાપરવી. આમ છતાં અહીં 'અરિહંતાણં' માં છઠ્ઠી વાપરી; તો નમઃ નો યોગ હોવા છતાં છઠ્ઠી કેમ વાપરી ? દેખાવમાં એ છઠ્ઠી છે, પરંતુ જૈન શાસનનો વિધાનમાર્ગ દેખવામાત્રથી માનવાવાળો નથી. એ તો મુખ્ય વસ્તુને માનવાવાળો હોય છે. 'અરિહંતાણં' એ છઠ્ઠી વિભક્તિ ખરી, પરંતુ જે આચાર્યની પરંપરાને સમજનારો, શાસ્ત્રોના નિયમને સમજનારો છે તે સમજે છે કે અહીં ચોથીના અર્થમાં છઠ્ઠી વિભક્તિ મૂકી છે. એટલે અર્થ ચોથીનો કરવો. મતલબ કે અહીં વિભક્તિ છઠ્ઠી છે, પણ તે ચોથીના અર્થમાં છે. શાસ્ત્રની વાતોમાં ગાંડાના ચાળા કરનારાને સ્થાન નથી ? સમજનવાળાને શાસનમાં સ્થાન છે, વિચારીને દોડનારને સ્થાન છે. તેથી દેખાદેખીથી દોરવાઈને ન દોડશો. છઠ્ઠી વિભક્તિ છે તેની ના નથી, પરંતુ અર્થ છઠ્ઠીનો કરવાનો નથી. ચતુર્થી અર્થમાં છઠ્ઠી

કરવાની છે. જેને શાસ્ત્રોની મર્યાદા નથી માનવી તેને ગમે તેમ બોલવું પાલવે. તેવા તો એમ પણ કહે કે જો ચોથી વિભક્તિનો અર્થ લેવાનો હતો તો પછી ચોથી વિભક્તિ જ નહોતી રાખવી? છટ્ઠી શા માટે રાખી? આના જવાબમાં એમ કહીએ કે છટ્ઠી નથી રાખી. તો તો માર્ગોપદેશિકાદિ ભણનાર પણ એમ કહે કે અહીં ચર્તુથી વિભક્તિ નથી રાખી. એટલે એવો જવાબ તો ન જ આપી શકાય. પણ આવા ઉતાવળા થનારને એમ તો જરૂર કહી શકાય કે લગીર ઉછાંછળા ન થાવ. જરા શાંતિથી વિચાર કરશો તો સમજાશે કે આમ કર્યું તે પ્રાકૃતલક્ષણવશાત્ કર્યું છે. ''નમો અરિહંતાણં'' એ પદ પ્રાકૃત છે એટલે એમાં સંસ્કૃતવાળાની સાક્ષી પુરાવે તે શા કામની? પ્રાકૃતલક્ષણ વ્યાકરણોએ જે જે સૂત્રો કરેલાં છે તે સૂત્રોને અનુસારે પ્રાકૃતમાં ચર્તુથી હોતી નથી. તે માટે 'ચઉત્થીએ ભન્નઈ છટ્ઠી' - ચોથી માટે છટ્ઠી વાપરવાનું કહ્યું છે.

**કુશલાનુબંધી પુન્યની જરૂર**

આવી રીતે જેમ એમના તીર્થંકર નામકર્મના પ્રભાવના અંગે અર્હત્પણું જણાવ્યું, તેવી રીતે તેમના ગુણોને અંગે અર્હત્પણું જણાવવું જોઈએ. કોઈ સજ્જન પતિત થયો અને દુર્જનતાને માર્ગે જઈ દુર્જનનો મિત્ર બન્યો. એમાં એ દુર્જન એવી બડાશ મારે કે મારા પુન્યનો એવો જબરો ઉદય છે કે આ મને જ દેખે છે; અરે, મારી પાછળ ફના થવા પણ તૈયાર છે; તેવો મારો ભાગ્યનો ઉદય છે. વળી કોઈ દુર્જન પાછળ અપવિત્ર બાઈ ફના થવાવાળી હોય તેથી એમાં એ દુર્જનના પુન્યનો ઉદય માનવો? એવું ભાગ્ય એ પાપાનુંબંધી પુન્ય. પુન્યાનુબંધી પુન્ય પણ કામનું નથી. આપણે તો કુશલાનુબંધી પુન્ય જોઈએ. આ જ વાત તત્ત્વાર્થસૂત્રકાર શ્રી ઉમાસ્વાતિ મહારાજ તત્ત્વાર્થસૂત્રની સંબંધકારિકામાં કહે છે કે -

परमार्थालाभे वा दोषेष्वारम्भकस्वभावेषु ।
कुशलानुबन्धमेव स्यादनवद्यं यथा कर्म ।।३।।

એટલે કે (કર્મક્લેશના અભાવરૂપ) પરમાર્થની પ્રાપ્તિ ન થાય તો પણ આરંભ - સમારંભના દોષોની હયાતી હોવાથી (જીવે એવી રીતે પ્રયત્ન કરવો ઘટે કે જેથી) કુશલાનુબધી નિરવદ્ય કર્મબંધ થાય.

**પુણ્યાનુબંધી પુણ્ય વગેરે**

પુણ્યાનુબંધી પુણ્ય, પાપાનુબંધી પુણ્ય, પુણ્યાનુબંધી પાપ અને પાપનુબંધી પાપ એમ પુણ્યાદિક ચાર પ્રકારના છે. પરન્તુ સંસારના નાશ માટે તો આ ચારે કરતાં નવી જ વસ્તુ જોઈએ.

પુન્યાનુબંધી પુન્યના રસ્તા બતાવતાં શાસ્ત્રકાર શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ અષ્ટકમાં ફરમાવે છે કે -

दया भूतेषु वैराग्यं विधिवद् गुरुपूजनम् ।

विशुद्धा शीलवृत्तिश्च पुन्यं पुन्यानुबंध्यदः ।।

એટલે કે પ્રાણી માત્રમાં દયા, વૈરાગ્ય, વિધિપૂર્વક ગુરુપૂજન, નિર્મલ શીલવૃત્તિ તે પુન્યાનુબંધી પુન્યનાં કારણો છે. પણ ઊંડા ઊતરશો તો સમજાશે કે એનો છેડો ક્યાં ? ૧ થી ૧૦ મે ભવે પણ છેડો ખરો ?

**પુણ્ય ભોગવવા છતાં નવું કર્મ ન બંધાય એવી અવસ્થા**

અહીં એક વસ્તુ જણાવવી પડે. પુન્યાનુબંધી પુન્ય ભોગવતાં ભોગવતાં છેવટે આગળ જતાં નિરનુબંધી કર્મમાં જવું પડે, કે જેના ઉદયમાં નવીન કર્મ ન બંધાય. જગતભરમાં બીજે એવી અવસ્થા નહિ મળે કે જ્યાં પુણ્ય ભોગવાય પણ નવું કર્મ ન બંધાય. સામાન્યરીતે તો જ્યાં પુન્યના ભોગવટા છે ત્યાં કર્મનાં બંધનો છે. કર્મબંધનનું ને કર્મ ભોગવવાનું સ્થાન એક જ. પણ સયોગી કેવલીપણું એ એક જ સ્થાન એવું કે જેમાં અનુત્તર વિમાન કરતાં પણ જબરજસ્ત પુન્ય ભોગવાય, અને છતાં નવું કર્મ બંધાય નહિ. અહીં એટલું યાદ રાખવું કે સાંપરાયિકની અપેક્ષાએ ઈર્યાપથિક બંધ તો છેક તેરમે ગુણસ્થાનકે પણ

તીર્થંકર કે સામાન્ય કેવળીને હોય; પણ તેથી સંસારની વૃદ્ધિ કરે એવો બંધ ન થાય. સયોગી કેવળીપણામાં અનુત્તર વિમાનના સુખ કરતાં અનંતગણું પુન્ય ભોગવાય, પણ બંધાવાનું ત્યાં નામ નહિ. આવું વિલક્ષણ સ્થાન માત્ર તેરમા ગુણઠાણાનું જ છે. આવા વિશિષ્ટ સ્થાનને મેળવા રૂપ ગુણને કારણે પણ અરિહંત શબ્દની વ્યુત્પત્તિ, તીર્થંકર નામકર્મના પ્રભાવના અંગે કરી. આવા વિશિષ્ય ગુણ ઉપરાંત અરિહંતના જે ભાગ્ય-ઉદયની વિશેષતા જણાવવા માટે અર્થ કર્યો હતો તે ભાગ્યોદય કેવો હોય? તો કહે છે કે એ ભાગ્ય-ઉદય એવો હોય કે જેથી તે ભાગ્યવાળી વ્યક્તિ વંદન, પૂજન, સત્કાર માટે જ નહીં પણ મોક્ષે જવા માટે પણ લાયક હોય. તેવી જ રીતે તેમનો આત્મા કઈ સ્થિતિનો હોય? જગતના ઉદ્ધારનું બીડું ઝડપ્યું છે તે પાર પાડવાની તેમની શક્તિ છે કે નહિ? કેટલાક લાકડાના ઢગલાને ઓળંગવાનો નિશ્ચય કરીને જાણે મોટી ધાડ મારી હોય એવી લાગણી અનુભવે છે; અને એક ને એક ઢગલાને વારંવાર ઓળંગવાના કારણે કશી ઉન્નતિ નહીં થવા છતાં, પોતે ભારે શક્તિ દર્શાવી છે એમ માનીને પોતાનું પકડેલું છોડતા નથી આવું પરિણામ અંતરની શુદ્ધ સામગ્રી-સાચું જોવાની દૃષ્ટિના અભાવથી જ થાય. આ જ પ્રમાણે શુદ્ધ સાધન-યોગ્ય સામગ્રી-મેળવ્યા વગર જેઓ આગળ વધે તે લાકડાના ઢગલા ઓળંગવાવાળા જેવા જાણવા. પણ અરિહંત ભગવાન તો સાધ્ય અને સાધન બન્નેની શુદ્ધતાનો નિશ્ચય રાખે છે, એટલે જગતનો ઉદ્ધાર કરવાની સાધન-સામગ્રીનો કે શક્તિનો ત્યાં અભાવ હોય જ નહીં.

**વિરોધીની બાજી ઊંધી વાળવા તેનું બળ જાણવું ઘટે**

કોઈની બાજી ઊંધી વાળવી હોય તો બાજી ગોઠવનારની ગોઠવણની ધારણા બધી આપણી આગળ સ્પષ્ટ ન થાય અને સામાના પ્રપંચો આપણી પાસે ખુલ્લા ન થાય, ત્યાં સુધી તે બાજીને આપણે ઊંધી

ન વાળી શકીએ. એવી રીતે જ્યાં સુધી તીર્થંકર દેવની વાણી જગતનો જીવ ન સાંભળે ત્યાં સુધી તે કર્મ રાજાએ ગોઠવી રાખેલી બાજી ઊંધી ન વાળી શકે. નાનાં કે મોટાં બધાંય રાજ્યો લશ્કર પાછળ જે ખર્ચ રાખે છે, તેટલું કે બલ્કે તેથી વધારે જાસૂસી માટે ખરચ કરે છે. આ કેવળ એ જ મુદ્દા માટે કે શત્રુનું સાધન ન જણાય ત્યાં સુધી શત્રુને ઉખેડવા માટે તૈયારી ન કરી શકાય. આ જ રીતે આત્મા ઉપર આક્રમણ કરતા સંસારની બધી બાજી બરાબર ન સમજાય તો તેનો છેદ પણ પૂર્ણરૂપે ન ઉડાવી શકાય. આ બાજીને બરાબર સમજવા અને સમજાવવા માટે અરિહંત જેવા કોઈ સમર્થ નથી. અને આ જ અરિહંતનું સ્વ અને પરનું - પોતાનું અને વિશ્વનું ઉદ્ધારકપણું સમજવું.

**આત્માની સ્વતંત્રતાનો વિજય**

વળી સહુ કોઈ ને સ્વતંત્રતા ગમે છે, અને સ્વતંત્ર થવાની બધાય ઉમેદ રાખે છે. પણ અહીં જે સ્વતંત્રતાની વાત છે તે દેશ કે ગામની નહિ, પણ આત્માની. આત્મા જ્યારે પોતાની સ્વતંત્રતાનો વિજય -વાવટો ફરકાવવાની તૈયારી કરે તે વખતે અનાદિ કાળથી આત્માની સાથે ને સાથે રહેનાર મોહરાજા પોતાના ઉન્માદ મચાવવામાં બાકી રાખે ખરો ? મોહરાજાના આ ઉન્માદની સામે તો ભલભલાની પણ જડ ઉખડી જાય છે. જેઓ ગુલામીથી લાભ માને છે, અને જેઓનું મન ગુલામી ઉપર જ ચોંટેલું છે તેવા ગુલામીમાં લાભ માનનારા અને ગુલામીથી જીવનારા સ્વતંત્રતાનો વિજય-વાવટો દેખી શકે નહિ એ સ્વાભાવિક છે. મોહરાજાના આ ઝંઝાવાત સામે તો કેટલાય પોતાની સ્વતંત્રતાની લડાઈ હારી ચૂક્યા છે. કોઈ વસ્તુ ઉપર પાંચ-પચીસ કે સો-બસો વર્ષથી અધિકાર જામી ગયો હોય કે કોઈના ઉપર મમત્વ બંધાઈ ગયું હોય તો પણ તેનાથી છૂટા પડતાં ભારે સંગ્રામ ખેલવો પડે છે, તો અહીં કર્મરાજાએ તો અનાદિકાળથી સત્તા જમાવેલી છે, એટલે

એને ઉખેડવામાં તો ભારેમાં ભારે પુરુષાર્થ વગર શી રીતે કામ ચાલે ? આવા પુરુષાર્થી આત્માઓમાં અરિહંત સર્વશ્રેષ્ઠ સ્થાને બિરાજે છે. વળી આ મોહની સત્તા અનાદિની છે તેવું જેઓ માનનારા ન હોય તેના હાથમાં સ્વતંત્રતાનો વાવટો ન દેવાય. કારણ કે, તો તો પછી જગતની અને જીવ અને સંસારના સંબંધની આદિ માનવાનો પ્રસંગ આવે; અને તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ અનાદિ ન હોય એવી વિશ્વરચનાનો વિચાર કરતાં તો અપાર ગૂંચવણો ઊભી થયા વગર નથી રહેતી. અરિહંતે મોહનીની ૭૦ કોડાકોડની સત્તાનું સાચું રૂપ પિછાનીને એને અનાદિ કહ્યું છે, એટલે એનો સંપૂર્ણ પરાજય કરવા માટે અને તેનો સાચો માર્ગ બતાવવા માટે પણ તેઓ જ સમર્થ છે.

**કર્મરાજાને આત્માનો પડકાર : આઠ રૂચક પ્રદેશો**

જે કર્મરાજાની સત્તા અનાદિકાળથી જામેલી છે તેની સામે પડકાર ફેંકીને આત્મ-સ્વાતંત્ર્યનો વાવટો ઊંચો કરીએ, અને કર્મરાજાના સૈનિકોને સંભળાવી દઈએ કે અંધાધૂંધીનો વખત ચાલ્યો ગયો, હવે તો અમારું આત્મધન અમે લીધા વગર નહીં રહીએ ત્યારે કર્મરાજાનું નાક કાપીને એના હાથમાં મૂકી દઈએ છીએ. અનાદિની સત્તાવાળો તું મોહ છે એ ખરું, પણ હવે તારું આવી બન્યું છે. હવે તો તારા ચૂરેચૂરા કરી નાંખું ત્યારે જ જંપું. તેં મારા ઉપર જુલમ કરવામાં બાકી નથી રાખી. દેવલોકમાં દેવતાની વસ્તી કરતાં આત્મરક્ષકો-સૈનિકો વધારે નથી. ચક્રવર્તીને ત્યાં વસ્તી કરતાં લશ્કર વધારે ન હોય. જગતનો નિયમ એવો છે કે સૈનિકો કરતાં વસ્તી વધારે હોય. પરંતુ કર્મરાજાની વાત બહુ જુદી છે. એ તો એવો જબરજસ્ત છે કે વસ્તીના એક એક માણસ પાછળ એણે અનંતા ચોકીદારો ગોઠવી દીધા છે. એક ચોકીદાર પાસે બચવું પણ મુશ્કેલ પડે તો આ તો એકની પાછળ અનંતા ચોકીદારો હંમેશાં ફર્યા કરે: આત્માના એકે એક પ્રદેશે અનંતી કર્મની

વર્ગણા રહેલી છે. આમાંથી છૂટવું એ કંઈ નાનીસૂની વાત નથી. કર્મરાજાએ એક એક પ્રદેશે એવી કર્મવર્ગણા બેસાડી છે કે જેથી જડ અને જીવમાં જાણે ફેર જ ન રહે. આત્માની પોતાની પેદાશની વ્યવસ્થા કરવાનો હક્ક આત્માને નહિ; ખેડૂત ખેતી કરે ને અનાજની વ્યવસ્થા કરવાનો હક્ક ખેડૂતને નહિ એના જેવું આ થયું. જ્ઞાન આત્માના ઘરની પેદાશ, છતાં જ્ઞાનની ઉત્પત્તિ કર્મની મદદ હોય તો થાય: ચાહે સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ કે શ્રોત્રની મદદથી વ્યવસ્થાજ્ઞાન થયા પછી સ્મરણ-ધારણા પણ મનને આધીન. ઈંદ્રિયની વિશિષ્ટ ક્ષયોપશમની શક્તિ ઉપર જ્ઞાનની ઉત્પત્તિનો આધાર. કર્મરાજાએ આત્માની પેદાશ લૂંટી લીધી, આત્માની પેદાશની વ્યવસ્થા પણ લૂંટી લીધી. અને આત્મા તદ્દન પાંગળો જડ જેવો બની ગયો. છતાં એક વાત ધ્યાનમાં રાખજો: મનુષ્ય વિચાર કંઈ કરે, પણ કુદરતના ગર્ભમાં કંઈક જુદું જ હોય છે. નહિતર ચક્રવર્તી વંશવારસાને જમાવવામાં ખામી રાખે ખરા? ચક્રવર્તીના ચતુરાઈભર્યા પ્રયત્નો કરતાં, વાસુદેવનાં વિવિધ વર્તનો કરતાં અને પ્રતિવાસુદેવના બહુવિધ પ્રયત્નો કરતાં, કુદરત જુદું જ કાર્ય કરનાર છે. અને ચક્રવર્તીની ચતુરાઈ, વાસુદેવનાં વર્તનો અને પ્રતિવાસુદેવના પ્રયત્નોને નકામા કરી મૂકે છે. આ રીતે કર્મ અને આત્માના સંબંધમાં કુદરતે આઠ પ્રદેશ એવા ગોઠવી રાખ્યા કે ત્યાં કર્મરાજાનું કંઈ ન ચાલે. આ આઠ રુચક પ્રદેશો કુદરતે એવા રાખ્યા કે તે ઉપર કર્મબંધ-ઉદય-સત્તાની છાયા સુદ્ધાં ન પડી શકે: કર્મ ઉદીરણાની પણ ત્યાં છાયા નહિ. મોહ જેવા જુલ્મી અને અનાદિકાળથી રખડાવનારની મજબૂત ગુલામીમાંથી આત્માને છોડાવી શકે તો તે કુદરતે રાખેલા આ આઠ રુચક પ્રદેશ. જીવ અનાદિકાળથી જડમાં ફરી રહેલો છે, છતાં જીવ જડ નથી બની જતો તે આ આઠ રુચક પ્રદેશના પ્રતાપે જ. આ આઠ રુચક પ્રદેશો આત્માને માટે આદર્શરૂપ ગણાય; બીજા પ્રદેશોને એના જેવા બનાવવા એ જ મુક્તિ.

આત્માના જે આઠ રુચક પ્રદેશ સિદ્ધ જેવા કર્મલેપથી રહિત છે તેના પ્રતાપે જ જીવ આગળ આવ્યો. અરિહંત બધું જાણી શકે.

આત્માની સ્વતંત્રતાનો વાવટો લેનાર આ બધું જાણનાર હોવો જોઈએ. શ્રી અરિહંત ભગવાન આના સંપૂર્ણ જાણકાર સમજવાઃ -

अविद्यमानं वा रह एकान्तरूपो देशः, अन्तश्च मध्यं,गिरीगुहादीनां सर्ववेदितया समस्तवस्तुस्तोमगतप्रच्छन्नत्वस्याऽभावेन येषां ते अरहोऽन्तरः अतस्तेभ्योऽरहोन्तभ्र्यः।

ચાહે જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહની કે અંતરાય કોઈ પણ કર્મનાં બંધનાં કારણો હોય કે ઉદય-ઉદીરણાનાં કારણો હોય તે એક પણ જેમની જાણબહાર નથી તે અરહન્ત જેના જાસૂસો જગતમાં વ્યાપક નથી તે રાજ્ય ચડતું થઈ શકતું નથી, તેમ આત્મા ચારે બાજુ જાસૂસોને રાખે, એક પણ વસ્તુ બને કે એક પણ પ્રયત્ન, વિચાર, સલાહ કરે તે પણ તેની જાણબહાર ન હોય તો જ આત્મા પોતાનો વિજયધ્વજ ફરકાવી શકે. આ આત્મવિજયના પ્રસ્થાન પહેલાં જાસૂસી એટલી જબરજસ્ત હોવી જોઈએ કે જેથી શત્રુની હિલચાલ, પ્રયત્ન એક પણ જાણ બહાર ન રહે; કર્મરાજાના કણીયે કણીયા તેની જાણમાં હોવા જોઈએ. એકાંતરૂપ જાણબહાર એક પણ પ્રદેશ ન હોવો જોઈએ. વળી એ પણ ખ્યાલમાં હોવું જોઈએ કે ભલભલી જાસૂસીને પણ જેર કરીદે એવા વ્યવસ્થાકારકો હોય છે. જ્યાં રહ્યા રહ્યા આખા પ્રદેશનું અવલોકન થઈ શકે અને જ્યાંથી ઝીણવટભરી જાસૂસી કરી શકાય એવો હોલેંડનો આખો પહાડી પ્રદેશ, લશ્કરના વ્યવસ્થાપકોની આવડતને લઈને જાસૂસીના મથકના બદલે લશ્કરી મથક તરીકે થઈ ગયો; અને જાસૂસો આંખો ચોળતો રહી ગયા. જાસૂસો બહાર ફર્યા કરે, પણ જ્યાં સુધી અંદરના તંત્રમાં ઘૂસવાનો વખત ન હોય ત્યાં સુધી શત્રુના તંત્રને ભેદવાની શક્તિ ધરાવી ન શકે. યુદ્ધ લડવા માટે અમુક પ્રદેશ આપણો

અજાણ્યો નથી, એટલું જ જાણવું બસ નથી; એટલું જાણવામાત્રથી કામ ન સરે; તેમ મોહોદયનાં જે કારણો કે સાધનો તે માત્ર જાણે તેથી કામ ન ચાલે; અંદરનું હૃદયકમલ સુધારી શકીએ કે જાણી શકીએ નહિ, હૃદયની બાબત બરાબર સમજી શકીએ નહીં ત્યાં સુધી મોહનો ખોડો કાઢી શકાય નહીં. અરિહંતમાં આ જ્ઞાન અને આ શક્તિ બન્ને રહેલાં છે. ચાહે પર્વતમાં પેસો, ગુફામાં પેસો, પરંતુ એમની જાણ બહાર કોઈપણ વસ્તુ કરી શકો તેમ નથી. જે રાજા શત્રુની વ્યાવહારિક હિલચાલ બરોબર જાણી શક્યો હોય અને સાથો સાથ અંદરની પણ જાણી શક્યો હોય તે ક્યારે મારી પાડે તેનો પત્તો નથી. યુદ્ધમાં પર્લબંદરનું જે પતન થયું તે પાંચમી કતારનું (દેશદ્રોહીઓનું) પરિણામ છે. જો દુશ્મન-પ્રદેશમાં પાંચમી કતાર રચી શકાય તો જબરજસ્ત શત્રુને પણ ધૂળ ફકાવાય. તીર્થંકરનું પ્રથમ કર્તવ્ય એ કે પાંચમી કતારરૂપ જે મોહની કર્મ, તેની બાહ્ય પ્રવૃત્તિનાં સાધનોમાંથી એક પણ જાણ બહાર ન રહેવું જોઈએ. બાહ્ય વિજય મેળવવા માટે પૈસા ખરચી જાસૂસો રાખવા પડે. તોફાનો કરાવવાં પડે અને તોફાનીઓને ઊભા કરવા પડે; પણ આત્મસ્વાતંત્ર્યતાનો વાવટો ઉડાડનારે પૈસા ખરચી તોફાની રાખવાના ન હોય. અરિહંત ભગવાન તો સર્વવેદીપણાને લઈને મોહની બહારની તથા અંદરની જાળના અંશે અંશના ભોમિયા હોય. મોહરાજાનો પરાજય કરવામાં પૈસાથી, છળ-પ્રપંચની પાંચમી કતાર બિછાવી શકાય નહીં. મોહરાજાની, નિગોદની ને કર્મરાજના જડ ઉખેડવા માટે પાંચમી કતાર તરીકે સર્વજ્ઞ કામ કરી શકે છે. એ સર્વવેદી હોવાથી એક પણ કણિયો એમની જાણ બહાર નથી. ખબરપત્રીઓ કે નોકરો રાખીને એ કંઈ સર્વજ્ઞ બન્યા નથી; એ તો ઘાતીકર્મનો ચૂરો કરીને સર્વજ્ઞ બન્યા છે, એટલે રૂપી-અરૂપી, દૂર-નજીક, ભૂતાદિ સર્વે પદાર્થોનું અને સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવોનું જ્ઞાન ધરાવે છે. તેથી એમની જાણ બહાર કશું નથી.

''नमो अरिहंताणं '' નો સંસ્કૃત શબ્દ તને આવડે છે. अरहोऽन्तर: એટલે કે બહાર નો કે અંદરનો ભાગ જેને છાનો નથી, જેનાથી છૂપું કે ગુપ્ત કંઈ પણ નથી તેવા મહાપુરુષો ''अरहोऽन्तर''. તેમને નમસ્કાર કરવામાં આવ્યો.

**લોભનો બાપ જ્ઞાન હોવા છતાં જ્ઞાનથી જ સદ્ગતિ**

આમ સર્વજ્ઞપણું જણાવવાથી એક વાત વચમાં લેવાની છે. પાપની જડનો વિચાર કરતી વેળાએ लोभमूलानि पापानि એ જ સામાન્ય રીતે બોલીએ છીએ. પરંતુ લોભનું કમભાગ્ય છે કે લોભ વગોવાયો છે. પણ લોભના બાપને કોઈ દેખતું નથી. લોભના બાપનો કદી વિચાર કર્યો ખરો ? લોભનો બાપ જ્ઞાન ! આ સાંભળીને ચમકશો નહિ. જરા સમજો. છોકરાને સો સુધી આંક ભણાવો. પછી પૂછો, બેટા, કેટલા રૂપિયા જોઈએ ? તો કહે કે સો. અને લાખની સંખ્યા ભણે તો લાખ માગે. આમ કેમ થયું ? લાખ ભણ્યો માટે. મનુષ્યને લોભ ઈચ્છા વગર થતો નથી, અને ઈચ્છા એ તો જાણપણાની ગુલામડી છે. જાણ્યા વગરની ઈચ્છા હોતી જ નથી. આનો અર્થ એ કે જેનામાં જ્ઞાન વધારે તે લોભી ને પાપી. ચમકશો નહિ. દુનિયા આમ કહે છે તેમ નહિ, જૈન શાસ્ત્ર પણ એ જ માને છે. શાસ્ત્રકાર કહે છે કે એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય નરકે ન જાય, અજ્ઞાની તો એ છે છતાં એને નરક નહીં. વળી પંચેન્દ્રિયમાં પણ જેઓમાં વિચાર કરવાની તાકાત નથી તે બિચારા નરકના એક ખૂણામાં જાય અને પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલું આયુષ્ય બાંધે; જ્યારે વિચાર શક્તિવાળા પંચેંદ્રિય તો ૩૩ સાગરોપમના કાળ સુધી નરક ભોગવ્યા કરે ! અણસમજુ-અજ્ઞાની-અસંજ્ઞી નરેક જાય તો એક પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અને સંજ્ઞી ૩૩ સાગરોપમ સ્થિતિમાં જાય. અણસમજુ જે પાપ બાંધે તેમાં અને સમજુ પાપ બાંધે તેમાં કેટલો ફરક પડ્યો ? જાણપણું પંચેન્દ્રિય

સંજ્ઞીપણું મળ્યું તેનું આ પાપ! હવે આ બધા ઉપરથી એક વાત નક્કી કરીઃ પાપનું ઊંડું મૂળ સમજણ. સમજમાંથી ઈચ્છા થાય, ઈચ્છાથી લોભ ને લોભથી પાપ થાય. પરંતુ એક વાત ધ્યાનમાં રાખવી. ઘરમાં ચાકુ રાખવાથી છોકરાની આંગળી કપાય એટલે ઘરમાં ચક્કુ વસાવવું જ નહિ એમ બને ખરું? ચપ્પુ રાખવામાં છોકરાની આંગળી કપાવાની બીક સાચી, છતાં ઘરનાં જરૂરી કેટલાંક સાધનો ચક્કા દ્વારા ઊભાં થાય તેનું શું? બધું કામ ચક્કા કાતરથી કરવાનુ. તેમ જ્ઞાન એ પાપ, ઈચ્છા કે લોભનું મૂળ હોવા છતાં જ્ઞાન જ સદ્‌ગતિ અને મોક્ષનું મૂળ છે, એ ભૂલવાનું નથી. હવે આ દૃષ્ટિએ વિકલેન્દ્રિય અજ્ઞાની, અસંજ્ઞી વગેરેનો વિચાર કરો. જેમ એકેન્દ્રિય નરકે ન જાય તેમ દેવલોકે પણ એ ન જાય. અસંજ્ઞી દેવલોકે જાય તો પણ પલ્યોપમના અસંખ્યાતમા ભાગની સ્થિતિના આયુષ્યવાળો બને. જેવું જ્ઞાન અનર્થનું સાધન, તેવી રીતે સિદ્ધિનું સાધન પણ જ્ઞાન જ છે.

**તરવારની જેમ જ્ઞાન પણ મ્યાનવાળું જોઈએ.**

આ સાંભળીને કોઈને સવાલ થાય કે, તો પછી અમારે શું કરવું? તો એવાને કહીએ કે ઘરમાં તરવાર તો રાખવી જ પડે, એ વગર જિંદગીની સલામતી નથી, પણ તરવારની જોડે મ્યાન પણ રાખવું. એટલે નુકસાન થવાની ચિંતા દૂર થઈ સમજવી. મ્યાન સાથે રાખેલી તરવાર અવસરે ઉપયોગી થાય અને રક્ષણ કરે. તરવારને મ્યાનમાં રાખેલી હોય એટલે કુટુંબની પણ સલામતી; પછી નિરર્થક વાગી બેસવાનો ભય જ ન રહે. જ્ઞાનને માટે પણ આ જ વાત સમજવી. મ્યાન વગરનું જ્ઞાન હોય તો જગતનું નખ્ખોદ કાઢી નાખે, એમાંથી અનેક અનર્થો પેદા થાય. મ્યાન વગરના જ્ઞાનના આવા અનર્થો માટે કેવળજ્ઞાની પોતે જ શાસ્ત્રોમાં પુરાવા તૈયાર રાખે છે. શાસ્ત્રોમાં અમુક દોષ માટે અમુક સજા, અમુક પાપ માટે અમુક પ્રાયશ્ચિત, એ બધું આ

અનર્થોની સમજણ આપીને તેને દૂર કરવા માટે પ્રરૂપ્યું છે. તેથી જેમ તરવાર પાણીદાર અને અડ્યા સાથે કાપી નાખે એવી હોય પણ મ્યાનમાં હોય ત્યારે ભયવાળી નથી તેમ જ્ઞાનરૂપી તરવારને પણ મ્યાનમાં રાખેલ હોય તો તેમાંથી અનર્થ થવાનો ભય સદા દૂર થાય એટલું જ નહીં વખત આવ્યે એ રક્ષણ પણ કરી શકે. જ્ઞાનનું આ મ્યાન તે શું ? તો કહે છે કે લોભનો સર્વથા નાશ કરવા યોગ્ય વિવેક એ જ જ્ઞાનનું મ્યાન સમજવું. આ મ્યાન તૈયાર કર્યું એટલે પછી જ્ઞાનમાંથી અનર્થ જન્મવાનો જરાપણ ડર ન રહે. આ લોભનો નાશ કરવા યોગ્ય વિવેક કેમ કરી પ્રગટે તે આગળ જણાવવામાં આવશે.

# દેશના - ૧૬

## અરિહંત સંબંધી વિશેષ વિચાર

શાસ્ત્રની શરૂઆતમાં જે મંગળાદિક જણાવવામાં આવે છે, તેના ઊંડાણમાં ઊતરીએ તો તેથી એક છત્રછાયા, એક સાધ્ય, એક રીતિ, એક ફળ સૂચિત થાય છે. જેની છત્રછાયા લઈએ તેના જ વક્તવ્યને વળગીએ, તેમણે કહેલી રીતિનો જ અમલ કરીએ. અહીં આવી છત્રછાયા કોની?

**પંચપરમેષ્ઠીની જ છત્રછાયા**

જૈન શાસનમાં કોઈની પણ છત્રછાયા હોય તો તે માત્ર પંચપરમેષ્ઠીની છત્રછાયા. પરમેષ્ઠી સિવાય બીજાની છત્રછાયા જૈન શાસનમાં ચાલતી નથી. પરમેષ્ઠીના વક્તવ્ય સિવાયનું બીજા કોઈનું વક્તવ્ય, સાધ્યબિન્દુ, રીતિ જૈન શાસનમાં ધ્યેય તરીકે સ્વીકારાતાં નથી. આ રીતે વિચારતાં પાંચ પરમેષ્ઠીને છત્રછાયા તરીકે રાખવાના છે એ ખરું, પરંતુ પંચ પરમેષ્ઠીમાં પણ સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ ડુગડુગિયા સમાન છે. ડુગડુગિયામાં વચલે ભાગે બાંધેલ દોરી જેમ બન્ને બાજુ વાગે તેમ સિદ્ધપણું, આચાર્યપણું, ઉપાધ્યાયપણું ને સાધુપણું ડુગડુગિયાની દોરી જેવું છે. આવું કથન અહીં કરવામાં આવ્યું છે તે કંઈ એ ચાર પરમેષ્ઠીઓની અવજ્ઞા માટે નથી બોલતા. પરંતુ વસ્તુસ્થિતિ સમજાવી જોઈએ. વૈષ્ણવો, વેદાંતિઓ, શૈવો, બૌદ્ધો વગેરે બધા

ધર્મવાળાઓ ગમે તે શબ્દથી 'મોક્ષ' ને માને છે. વળી સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ જેવાઓને પણ તેઓ માને છે. ક્યો મત આચાર્યાદિ વગરનો છે? સંચાલક જેવા આચાર્ય સિવાયનો એક પણ મત નથી. એવી રીતે ઉપાધ્યાય એટલે શિક્ષક; તે સિવાયનો પણ એકે મત નથી. સિદ્ધપણાને ન માને તેવો મત પણ એકે નથી. એવી રીતે સાધુ-ભલે પછી કોઈ એને ફકીર, સંન્યાસી, પાદરી કહે - પણ દરેક મતમાં હોય જ છે. સાધુપદ દરેક મતમાં લાગુ થયેલું છે. આમ - સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ - એ ચારે પદો દરેક મતમાં લાગુ થયેલાં છે. તો પછી પરમેષ્ઠી તરીકે જૈન મતના જ સિદ્ધ આચાર્ય, ઉપાધ્યાય, સાધુ લેવા તે શા ઉપરથી નિયત થાય? એટલે કે જે પદે કરીને ચારે પદની નિયત વ્યવસ્થા થાય તે પદ ક્યું? તો કહે છે આ ચારે અરિહંતના શાસનના સમજવા. એટલે સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ બધાય અરિહંતના શાસનને સ્વીકારનારા હોવા જોઈએ. આ રીતે આ ચારે પદો સાથે 'અરિહંતાણં' પદ મૂકીને 'नमो अरिहंताणं सिद्धाणं, नमो अरिहंताणं आयरियाणं, नमो अरिहंताणं उवज्झायाणं અને नमो अरिहंताणं सव्वसाहूणं ' એમ આ ચારે અરિહંતના શાસનના હોય તેમને નમસ્કાર થાઓ એવો નિયત અર્થ કરી શકાય. કર્મક્ષયને સિદ્ધ કરનાર જે અરિહંત, તેમના શાસનનો જે આચાર, તે આચારનું સંચાલન કરનાર તે આચાર્ય; તે આચારનું શિક્ષણ આપનાર તે ઉપાધ્યાય; અને તે આચારની સાધના કરનાર તે સાધુ. અને અરિહંતપદ પછી અંતિમ સિદ્ધિને વરનાર તે સિદ્ધ. આ ચારે પરમેષ્ઠીને નમસ્કાર. આ રીતે નિયત વ્યવસ્થા કરવા માટે 'અરિહંત' પદ બધે જોડયું ત્યારે નિયત વ્યવસ્થા થઈ. આટલા માટે સૌથી પહેલાં 'અરિહંત' શબ્દની વ્યાખ્યા કરવાની જરૂર પડી.

**અરિહંતપદનું કુદરતીપણું**

વળી સિદ્ધપણું કુદરતી નથી, આચાર્યાદિપણું પણ કુદરતી નથી, પણ અરિહંતપણું કુદરતી છે. કર્મની ૧૫૮ પ્રકૃતિમાં 'તીર્થંકર નામકર્મ' છે. તે અરિહંત પદનું કુદરતીપણું સૂચવે છે. તે તીર્થંકરનામકર્મ જેણે બાંધ્યું હોય અને જેને તે કર્મનો ઉદય હોય તે જ અરિહંત કહેવાય. જિનનામ ઉદયને લીધે જ્યારે અરિહંતપણું આવે ત્યારે ડુગડુગિયાં જેવાં પદો નહીં રહે. જે દેવતાઓની પૂજાને લાયક તેનું નામ અરિહંત, એ અર્થ ખરો હોવા છતાં કેવળ દેવતાઓની પૂજાથી જ લાયકાત આવી જાય તો રાજા મહારાજા ખીજડાની પૂજા કરે છે, એટલે રાજા મહારાજાથી પૂજ્ય હોવાને લીધે, ત્યારે ખીજડાની પણ કિંમત વધી જશે તેનું શું ? તો કહે છે, બીજાઓ માટે પૂજ્ય થયા છતાં પોતાનામાં મૂળમાં કિંમત હોવી જોઈએ. અરિહંતમાં પોતાની કિંમત કઈ? તો કહે છે સર્વજ્ઞપણું, તે તેમની પોતાની કિંમત. સર્વજ્ઞ હોવાથી બાહ્ય વૃત્તિને તેઓ જે રીતે જાણે છે, તે રીતે અંતરમાં રહેલી બધી વસ્તુઓના અંતઃકરણમાં રહેલી બધી વસ્તુઓના તેઓ જાણકાર છે. આ રીતે સર્વજ્ઞપણાનો -જ્ઞાનીપણાનો જબરદસ્ત મહિમા કહ્યાં છતાં આગળની દેશનામાં लोभमूलानि पापानि કહીને પાપના મૂળ તરીકે લોભના મૂળ તરીકે ઈચ્છાને અને ઈચ્છાના મૂળ તરીકે જાણકારપણાને જણાવ્યું, તેથી છેવટે પાપનું મૂળ જાણકારપણું જ બની ગયું; અને એ રીતે જ્ઞાનના મહિમાની સામે જ્ઞાનનું હલકાપણું સાબિત થયું; તેનો સામાન્ય ખુલાસો પણ આગલી દેશનામાં આવી ગયો છે. તેનો વિશેષ ખુલાસો સાંભળોઃ-

**વિવેક વગરનું જ્ઞાન પાપનું મૂળ**

''લોભ પાપનું મૂળ' એમાં પાપની કારણતા-હેતુતા ક્યાં છે ? તે જોવું પડે છે. પાપના મૂળમાં લોભ છે. લોભથી જ પાપ ઊભાં

થવાવાળાં લાગે છે. પરંતુ આંબા ઉપર કેરી આવી અને ડાળ ઉપર એને દેખી. પણ વસ્તુસ્થિતિ સમજવા માટે એટલાથી કામ ન ચાલે. એ માટે તો આગળ ચાલવું પડે. ડાળ કંઈ સ્વતંત્ર થવાવાળી ચીજ નથી. જેમ ડાળી સ્કંધ (થડ) ને આધારે, સ્કંધ મૂળને આધારે, તેમ પાપનું મૂળ લોભ અને લોભનું મૂળ ઈચ્છા. ઈચ્છા થાય તેને ઘેર જ લોભ જન્મે. ઈચ્છા ન થાય તેને ઘેર લોભ જન્મતો નથી. આમ લોભનું મૂળ ઈચ્છા. પણ આ ઈચ્છા પણ કેમ થાય છે ? એ કંઈ એમ ને એમ થવા વાળી ચીજ નથી. કંઈક દેખે કે જાણે તેને ઈચ્છા થતી નથી. એટલે હવે એનો આ ક્રમ થયો: જ્ઞાનમૂળ તૃષ્ણા, તૃષ્ણામૂળ લોભ, લોભમૂળ પાપ. જો આમ જ હોય તો તો પછી જેમ વધારે જ્ઞાનવાળો તેમ વધારે તૃષ્ણાવાળો જેમ વધારે તૃષ્ણાવાળો તેમ વધારે લોભવાળો,અને જેમ વધારે લોભવાળો તેમ વધારે પાપવાળો. આ રીતે તો છેવટે બધા દોષ જ્ઞાનના શિરે જ આવી પડે, અને તેથી તે ઉપાદેયના બદલે હેય બની જાય. આ તો ઊલટું નફો મેળવવા જતાં નુકસાનનો સોદો થઈ ગયો. તો કહે છે કે લગીર વાત વધુ ધ્યાનમાં લ્યો. જાણવામાત્રથી જ લોભ થાય કે સાથે બીજુ પણ કંઈ ભળે તો લોભ થાય ? એનો વિચાર કરો. નાનું બચ્ચું પણ સ્ત્રીને જાણે છે અને જુએ છે, છતાં તેને કેમ વિકાર થતો નથી ?જાણ્યા જોયામાત્રથી કંઈ દૃષ્ટિ બગડતી નથી. જાણ્યા જોયા સાથે બીજુ કંઈક ભળે છે તો દૃષ્ટિ બગડે છે. માત્ર જાણ્યા જોયાથી જો દૃષ્ટિ બગડતી હોય તો સ્ત્રીને જોઈને બચ્ચાની દૃષ્ટિ પણ બગડવી જોઈએ. માતાને કોણે નથી જાણી કે જોઈ ? પણ જાણ્યા જોવાની સાથે સાથે જ્યારે વિવેકનું વિસર્જન થાય તો જ દૃષ્ટિ બગડે. વિવેકની હયાતી હોય ત્યાં જાણ્યા જોયા છતાં દૃષ્ટિ બગડતી નથી. વિવેકનો સહચાર ન હોય તો જ જાણવું કે જોવું અનર્થનું અને પાપનું કારણ બની બેસે છે. પ્રગટ થયેલી ચીજ કાર્ય કરનારી હોય. પણ

માત્ર સત્તાવાળી ચીજ તેવું ન કરી શકે. અરિહંતને સર્વજ્ઞ ઠરાવ્યા, અને એની સાથે સાથે વિવેકયુક્તપણું ન ઠરાવીએ તો જેમ વધારે જ્ઞાન તેમ વધારે પાપ એટલે કે જેમ જ્ઞાનનો વધારો તેમ પાપનો વધારો, એ વાત પણ સ્વીકારવી પડે. જેઓ વિવેક રાખતા નથી તેઓ જેમ વધારે જ્ઞાની તેમ વધારે પાપી. જે જ્ઞાનરૂપી અશ્વને વિવેકરૂપી લગામ ન હોય તે પાપની પાછળ દોડે તેને કોણ રોકી શકે ? માટે વિવેક જ સાચી લગામ છે, અને તે જ જ્ઞાનીઓને પાપ તરફ જતાં રોકી શકે છે. વિવેક ન હોય તો જ્ઞાનીઓ પાપ તરફ ધસે તેમાં તેમને કોઈ રોકી શકે નહિ. એટલે જ્ઞાન હોવામાત્રથી એ કંઈ પાપ કે પુણ્યનું કારણ બનતું નથી, પણ એમાં જ્યારે અવિવેક ભળે છે ત્યારે તે પાપનું પોષક બને છે, અને જ્યારે વિવેકનું શાસન સ્વીકારે છે ત્યારે તે પુણ્યનું પોષણ કરનારું જ નહીં, પણ કર્મનો નાશ કરીને મોક્ષને મેળવનારું પણ બને છે. માટે સર્વજ્ઞપણાનો મહિમા વર્ણવવાથી પાપ લાગી જવાનો ડર સેવવાની મુદ્દલ જરૂર નથી.

**બીજાનું લેવાની બુદ્ધિથી વિવેક ઢંકાઈ જાય છે.**

વિવેકની ખામી કેવી રીતે આવે, એ સંબંધી વિચાર કરતાં શાસ્ત્રકાર કહે છે કે જીવને જ્યાં બીજાનું લેવાની બુદ્ધિ થાય ત્યાં વિવેકશક્તિની આડે પડદો આવી જાય છે. એટલે કે જ્યારે આત્મા પોતાના ભાવમાં પરિણમવાને બદલે પૌદ્ગલિક ભાવમાં પરિણમે છે ત્યારે જ તેને માટે વિવેક ચૂકવાનો પ્રસંગ ઊભો થાય છે. માટે બીજાનું લેવાની વૃત્તિનું જ નિયમન કરવું ઘટે છે. એટલે કે પરિગ્રહનો ત્યાગ કરીને અપરિગ્રહી બનવામાં જ વિવેક જાગ્રત બને છે. આ વાત 'અરિહંત' પદ દ્વારા સમજાવતાં ટીકાકાર મહારાજ ફરમાવે છે કે अविद्यमानोरथः स्यन्दनः सकलपरिग्रहोपलक्षणभूतः अन्तश्च विनाशो

जराद्युपलक्षणभूतो येषां ते अरथान्ताः, अतस्तेभ्यः । બાહ્ય પદાર્થો તરફથી દૃષ્ટિ ખસે નહીં ત્યાં સુધી વિવેક જાગે નહીં. અરિહંત ભગવાન બધા પરિગ્રહના પ્રતીકરૂપ રથનો (એટલે કે બધી વસ્તુઓનો) ત્યાગ કરવાવાળા અને વૃદ્ધાવસ્થા વગેરેથી જેમની કાયા જર્જરિત થવાની નથી તે રૂપ વિનાશ વગરના છે. અહીં રથને પરિગ્રહના પ્રતીક તરીકે કહેલ છે તે આ રીતે સમજણમાં આવી શકે. બાઈઓ ચોખા રાંધે છે ત્યારે ચોખા પાક્યા કે નહિ તેની ખાતરી માટે ચાર દાણા લઈ તપાસે. અને એ ઉપરથી એમને માલૂમ પડે કે હાલ્લીમાંના બધા ચોખા ચડી ગયા કે કાચા છે. એ માટે કંઈ આખી હાંલ્લીના ચોખા હાથમાં લઈને જોવાની જરૂર નથી પડતી. એક અંશને કહીને આખી વસ્તુ જણાવવી તેનું નામ સ્થાલીપુલાક ન્યાય. જેમ હાંલ્લીના ચોખાને તપાસવા માટે થોડાક દાણાં ચાંપી જુએ તેમ બધો પરિગ્રહ નથી તેમ તપાસવા માટે, તેને અંગે એક વસ્તુ રાજચિહ્ન તરીકે તપાસી જોઈ, અને નિશ્ચય કર્યો કે જેમની પાસે રથ જેવું રાજચિહ્ન રાખવાની બધી શક્તિ અને સામગ્રી હયાત હોવા છતાં જેઓ એ નથી રાખતા તેઓ સાચા અપરિગ્રહી છે; તેઓએ પરિગ્રહ રહિત થવા સાથે વૃદ્ધત્વના ભોગ નહીં બનવાનો અમર પટ્ટો નક્કી કરેલો છે. એટલે આમ જેમને સર્વથા પરિગ્રહ નથી તેમ જ વૃદ્ધાવસ્થારૂપ નાશ પણ જેમને નથી તે અરથાન્ત કહેવાય.

### પરિગ્રહ મૂળ આસક્તિ

પરિગ્રહના ત્યાગનું મૂળ આસક્તિના ત્યાગમાં રહેલું છે. દરિદ્રી પાસે પરિગ્રહ તો કશો જ નહીં, છતાં તે અપરિગ્રહી નથી કહેવાતો તે તેની આસક્તિ-મૂર્છાના કારણે. એક માણસ લોભ લાલચે, અને આપણી વગર રુચિએ બેસે ત્યારે આપણે તેને 'ચોંટ્યો' કહીએ છીએ. આ ચોંટવાનું શી રીતે ? આસક્તિ રાખવાને કારણે. તમે અહીં બેઠા છો,

અને માલ દુકાને કે ઘેર છે છતાં કાયા અહીં રહે છે અને મન ત્યાં ચોંટ્યું રહે છે એનું નામ આસક્તિ, સ્વજન, પરજન, સચિત્ત, અચિત્ત કિંમતી, નાનું કે મોટું ગમે તે હોય, પરંતુ કોઈ પણ ચીજમાં આસક્તિ, એટલે કે મનનું ચોંટવું જેને છે જ નહિ - અરિહંતને એવા આસક્તિ વગરના સમજવા.

**પ્રશ્ન** - ડાભડી જેવા પદાર્થોમાં પણ ચોંટવાપણું એટલે કે આસક્તિ નથી, તો પછી એવો પદાર્થ પણ અપરિગ્રહી ગણાશે તેનું શું ?

**ઉત્તર** - મહાનુભાવ ! જેનામાં કર્મનો ઉદય નથી કે ચેતના નથી તેની આ વાત નથી. એવાની સાથે સરખામણી કેવી રીતે કરી શકાય ?

આ જ વાત ટીકાકાર મહારાજ અરહંતનો નવો અર્થ સમજાવતાં કહે છે: 'अरहंताणं ति क्वचिदप्यासक्तिमगच्छद्भ्यः क्षीणरागत्वात् ।' તેઓનો રાગ સર્વથા નાશ પામેલ હોવાથી તેઓમાં આસક્તિનો લેશ પણ હોતો નથી.

**ઊંચે ચડવા છતાં અહંકાર ન કરાય**

અરિહંતો પણ એક કાળે આપણી જેમ મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિમાં ભટકવાવાળા હતા. છતાં તેઓ આપણાથી સારા હતા એટલે જ તેમણે પોતાનો ઉદ્ધાર કરી લીધો. પણ જીવ ગમે તેટલો ઊંચો ચડે છતાં એની બડાશ મારવાની હોય નહીં, કે એ માટે અહંકાર કે ગર્વ ધરવાનો હોય નહીં. નહીં તો પાછું એ જ પડવાનું નિમિત્ત બની બેસે છે. અહીં ભગવાન મહાવીર મહારાજાના મરીચિના પૂર્વભવનો વિચાર કરશો તો આ બધું બરાબર ધ્યાનમાં બેસ્યા વગર નહીં રહે. તેમણે ભગવાન ઋષભદેવ પાસે દીક્ષા અંગીકાર કરી, છતાં મહારાજા ભરતના મુખેથી પોતે અંતિમ તીર્થંકર થવાના છે એ વાત સાંભળીને તેમના મનમાં છ વાતની બડાશ જાગી ગઈ: મારા દાદા ઋષભદેવ

પહેલા તીર્થંકર, મારા પિતા ભરત મહારાજા પહેલા ચક્રવર્તી, આ ભરતમાં હું પહેલો વાસુદેવ થવાનો, હું ચક્રવર્તી પણ બનવાનો. બસ, આ રીતે મરીચિના અંતરને મદે ઘેરી લીધું. આનું પરિણામ શું આવ્યું ? તેમને કોડાકોડ સાગરોપમ સંસારમાં રખડવું પડ્યું. જરા વિચારોઃ મરીચિએ બધીય વસ્તુ સાચી કહી હતી; છ વસ્તુમાંથી રજ પણ ખોટી છે ? પણ એ સત્યમાં મદ ભળ્યો એટલે પરિણામ વિપરીત આવ્યુ અને તેઓ કોડાકોડ સાગરોપમ રખડી ગયા. શલાકા-પુરુષ તરીકેની તેમની પદવી સાચી હતી; છતાં બડાશના કારણે કોડાકોડ સાગરોપમ રખડવું પડે તો પછી બીજી વસ્તુને અંગે તો શું કહેવું ? તીર્થંકર ભગવાન બનવાવાળા પણ કઈ સ્થિતિમાં હોય તેનો વિચાર કરો.

**મરીચિના જીવનો બોધપાઠ સમજવો જોઈએ**

એ જ મરીચિ સાધુપણાથી પતિત થયા, છતાં એમનાથી નથી ગૃહસ્થ થવાતું કે નથી સાધુપણું પળાતું એટલે છેવટે એમને શું કરવું પડ્યું ? પરિવ્રાજકપણાનું નવું પાખંડ ઊભું કરવું પડ્યું. સાધુપણું પળાતું નથી ને ઘેરે જવાતું નથી ત્યારે આવું નવું તૂત ઊભું કર્યું. આમ મરીચિના ભવમાં બે મોટા દોષ કર્યાઃ પહેલો મદનો અને બીજો ખોટી પ્રરૂપણાનો. પછી આગળ જતાં વાસુદેવ થવાના પહેલા ભવમાં ગાયને શીંગડાથી પકડી આકાશમાં વીંઝી. નિયાણ કર્યું. પછી વાસુદેવના ભવમાં ગવૈયો ગાતો હતો. પોતે નિદ્રાને આધીન થાય ત્યારે ગવૈયાને ગાતો બંધ કરવાનો હુકમ પહેરેગીરે ન પાળ્યો. જે હુકમના ભંગમાં કંઈ બગડી જવાનું નથી, અને જેનું ઉલ્લંઘન કરવામાં કોઈ મોટો અપરાધ પણ થતો નથી એવા એક સામાન્ય હુકમના ભંગ માટે બિચારા પહેરેગીરના કાનમાં ધગધગતું સીસું રેડી તેને મારી નાંખ્યો ! આ ઉપરથી સમજવાનું એ કે તીર્થંકર ભગવાનના જીવો પણ મિથ્યાત્વ,

અજ્ઞાન, અવિરતિ, જન્માદિની જંજાળમાં ગૂંથાયેલા હતા. પરંતુ લોઢા ઉપર જેમ કાટ ચઢી શકે છે તેમ લોઢામાં એવી પણ તાકાત છે કે પારસ મળ્યાથી તેનું સોનું થાય. એવી રીતે તીર્થંકરના જીવો પણ કર્મોદયે વિચિત્ર દશામાં હોય, પણ ત્યાં એવું ભવ્યત્વ રહેલું છે જેથી તેમને જગતના ઉદ્ધારની ઈચ્છા થાય. અને છેવટે તેઓ સ્વ અને પરનું કલ્યાણ કરનારા બને. તીર્થંકરો અનાદિથી વીતરાગ હતા તેમ નથી. તેમને પણ રાગ હતો; તેઓ પણ મોહનીવાળા હતા. પરંતુ તેમને મોહનીને ચકચૂર કરી નાંખ્યો.

**સમ્યકત્વમાંથી ઊતરી જાય તો છેક નિગોદમાં પણ જાય**

વીતરાગ પરમાત્મા, પરમાત્મા થવા પહેલાં, મિથ્યાત્વાદિથી ભરેલા હતા, છતાં આત્માને એવો ઊંચો લાવ્યા કે જેથી તીર્થંકર બનવાને લાયક થયા. જીવ અને પાણી બે ચોખ્ખાં થાય ખરાં, પણ તે કેટલી વાર ચોખ્ખા રહે ? બીજામાં ન ભળે એટલી વાર. પાણી ચોખ્ખું થયું ખરું, પણ લાલ, લીલા, કાળા વગેરે કોઈ રંગમાં ભળી ગયું પછી એની શી સ્થિતિ ? તેમ આ જીવ પણ ચોખ્ખો રહી શકે, પણ ક્યાં સુધી ? એ બીજામાં ભળે નહીં ત્યાં સુધી. બીજામાં ભળે એટલે પછી એની ભૂંડી દશા થાય. અગિયારમું, બારમું, તેરમું અને ચૌદમું એ ચાર ગુણઠાણાં વીતરાગ ભાવના છે. પણ વીતરાગ થયેલાં ૧૧મેથી એવા તો નીચા પડ્યાં કે ત્યાંથી પડીને છેક નિગોદમાં અનંતાકાળ રખડ્યા; અને તે પણ બીજે જ ભવે એટલે કે - જે ભવમાં વીતરાગ તેના બીજા જ ભવમાં નિગોદ. ચૌદપૂર્વી, આહારક શરીરી, ઉપશમ શ્રેણીવાળા એવા પણ ૧૧ મેથી એટલા નીચે ઊતરી જાય કે અનંતર ભવે નિગોદમાં ઊપજે. ઉપશમ શ્રેણીવાળો જીવ સર્વાથસિદ્ધિમાં જાય, પણ તે શ્રેણીમાં કાળ કરે, સમ્યકત્વમાં રહે ત્યાં લગી. પણ સમ્યકત્વમાંથી ઊતરી જાય તો ? તો

પછી એની દશા ભૂંડી થઈ સમજો. તેથી અરિહંત માટે જણાવે છે કે એ ચોખ્ખા થયા તે થયા, પછી એ મેલા ન જ થાય. હીરાને શરાણ પર ચઢાવીને પહેલ પાડી ચોખ્ખો કર્યો પછી તે હીરો ન બગડે; એ બીજાનું સ્વરૂપ નહિ પકડે.

**રાગ-દ્વેષને કારણે જીવનું પતન**

જેમ પાણી બીજાનું સ્વરૂપ પકડે, તેમ અત્યંત રાગદ્વેષ મોહના કારણે ગમતાં અને અણગમતાં રૂપ, રસ, ગંધ, શબ્દ રાગદ્વેષ દ્વારા જીવને પટકનાર સમજવા. અણગમતાં રૂપાદિ દ્વેષદ્વારાએ પટકનાર સમજવા. જેમ નજરકેદી સ્વાતંત્ર્યને ગુમાવે તેમ મનગમતાં રાગનાં સાધનોમાં સપડાઈ એ તો તેથી પણ નીચે પછડાઈ. આમ રાગ કે દ્વેષ બેમાંથી ગમે તે સાધનોમાં સપડાઈએ તો પણ આત્માની સ્વાધીનતાને ગુમાવીએ. ચાહે જેવા ઊંચા-નીચા પસંદ-નાપસંદ શબ્દાદિક વિષયો હોય,છતાં જેમણે વીતરાગપણાને લઈને સ્વ-ભાવ પ્રગટાવ્યો છે અને યથાખ્યાત ચારિત્ર અને વીતમોહપણું વગેરેના બળે આત્માના-સ્વ-ભાવો પ્રગટ કર્યા છે તેને પછી નીચાપડવાપણું રહે જ નહીં. કમાનાર માનવી કમાણીના પૈસા કોથળીમાં નાખે તે માલદાર બને અને જે કમાવા સાથે કુભંડ કરે તો કોથળી ખાલી ને ખાલી રહે. તેમ અહીં પણ વીતરાગપણું કમાયા, પણ જો કુભંડ કર્યું તો મોક્ષગતિના બદલે નરક-નિગોદમાં ઊતર્યા સમજો. પણ અરિહંતે તો સર્વજ્ઞપણું, વીતરાગપણું, વીતદ્વેષપણું અને નિર્મોહિપણું એવું મેળવ્યું કે પછી એને છોડવાની વાત નહિ. ક્ષાયિક વીતરાગપણું મેળવનાર આત્મા પોતાના સ્વભાવોને કોઈ દિવસ છોડે નહિ. આ જ વાત 'અરહન્ત' ના અર્થ દ્વારા સમજાવતાં ટીકાકાર મહારાજ કહે છે કે - 'अरहयद्भ्यः - प्रकृष्टरागादिहेतुभूत-मनाज्ञेतरविषयसम्पर्केऽपि वीतरागत्वादिकं स्वं स्वभावमत्यजद्भ्यः ।

**જૈન શાસનમાં કર્મ જ શત્રુ કે લૂટારુ છે**

આ બધું છતાં પાકો ભરોસો ક્યારે બેસે ? લૂંટારુઓનો ત્રાસ ક્યારે મટે ? લૂંટારુઓના ખસી જવામાત્રથી લૂંટારુનો ત્રાસ મટી ગયો તેમ નહિ; પણ લૂંટારુ નામશેષ થાય ત્યારે જ લૂંટારુનો ત્રાસ મટે. જમાલી કે ગોશાળો જીવ્યા ત્યાં સુધી શાસનને માટે ઉપદ્રવરૂપ હતા. લૂટારું જીવંત હોય ત્યાં સુધી શાહુકારને સંતોષ કે નિરાંત ન હોય. તેમ આત્મસ્વભાવના લૂટારુઓ નામશેષ ન થાય ત્યાં સુધી આત્મા નિર્ભય બની ન શકે. જ્યારે આત્માએ કર્મની સાથે લડાઈ આરંભી હોય, અને એ કિલ્લાઓ સર કરી રહ્યો હોય તેવે વખતે જૈન શાસન 'શત્રુ' શબ્દ વાપરે તે કોને માટે હોય ? કર્મ માટે. જૈન શાસનને કર્મ સિવાય બીજા કોઈ સાથે શત્રુતા નથી. અને કર્મને શત્રુતા જૈન શાસન સાથે છે. બીજાઓએ તો ઈશ્વરની પ્રેરણાથી દેવલોક, નરક, જન્માંતર મળે છે એમ માનીને જીવની જોખમદારી કે જવાબદારી માની નથી. જીવના પોતાના કલ્યાણ-અકલ્યાણ ની જવાબદારી જીવની પોતાની છે, એમ કોઈએ પણ માન્યું હોય તો જૈન શાસને જ. તેથી જૈન શાસન જ્યારે 'શત્રુ' શબ્દ કહે તો તે કર્મરૂપી શત્રુને જ સમજવા. એ કર્મરૂપી શત્રુને હણનાર જે હોય તેનું નામ અરિહંત. આ રીતે 'અરહન્ત'ના એક પર્યાય તરીકે 'અરિહન્ત' શબ્દને ગણીને તેનો અર્થ સમજાવતાં નિર્યુક્તિકાર ભગવંત કહે છે કે अरिहन्ताणं इति पाठान्तरम् । तत्र कर्मारिहन्तृभ्यः, आह च - '' अट्ठविहंपि य कम्मं, अरिभूअं होइ सयलजीवाणं । तं कम्ममरिं हंता, अरिहंता तेण वुच्चंति । એટલે કે બધા જીવો માટે દુશ્મનનું કામ કરનારા આઠ પ્રકારનાં કર્મો છે. અને તેથી કર્મોનો (ઘાતી કર્મોનો) નાશ કરનારા હોવાથી અરિહંત કહેવાય છે.

**એકાદ નહીં પણ બધાં કર્મ હણવાથી જ અરિહંતપણું સાર્થક થાય**

એક કૂતરું મારનાર ' કૂતરું મારનાર' કહેવાય,એક ગાય, સ્ત્રી, ગામ મારનાર હત્યારો કહેવાય, તેમ એકાદ કર્મને હણે તેથી તે અરિહંત કહેવાય ખરો? જેઓ આંધળા કે બેરા નથી તેમણે અંધાપા અને બહેરાપણાના કર્મને હણ્યું જ છે. પણ આમ કર્મના એકાદ અંશને હણે તેટલાથી અરિહંત ન બની શકાય. પણ જેને અરિહંત કહેવડાવવું હોય તેણે તો ચારે પ્રકારનાં ઘાતી કર્મો હણવાં જોઈએ. જીવના જ્ઞાનગુણને, દર્શનગુણને, એના અવ્યાબાધપદને, એના અરૂપીપણાને લૂંટી લેનાર કેવળ કર્મ જ છે. કર્મ સિવાય આ રિદ્ધિઓને લૂંટનાર બીજુ કોઈ નથી. તેથી આઠે પ્રકારનાં કર્મ સમસ્ત જીવને માટે શત્રુભૂત છે. એ કોઈનું મિત્ર નથી. કર્મે કોઈને જ્ઞાનીપણું, વીતરાગપણું, અજરામરપણું નથી આપ્યું. असमर्थो गृहारंभे समर्थो गृहभंजने જેનામાં અશક્તિ હોય તે - 'હું ઘર ઊભું ન કરી શકું પણ ભાંગી તો શકીશ,' એમ માનીને પણ સંતોષ પામવાનો પ્રયત્ન કરે! નિહ્નવો શાસનમાં ભલે ઉદ્યોત ન કરે પણ તેમને કટકા કરતાં તો આવડે. એમ આઠે કર્મો ભલે એક પણ ગુણ ઊભા ન કરી શકે, પણ ગુણો તોડી શકે તો ખરાં જ. તેથી આઠે પ્રકારનું કર્મ શત્રુરૂપ જ છે.

**પ્રશ્ન** - તીર્થંકર મહારાજે કર્મરાજા સામે લડાઈ જાહેર કરી તો તેમને લડવા દો. આપણે લડાઈ જાહેર કરી નથી, તો પછી આપણે શા માટે પગ પર કુહાડી લેવી?

**ઉત્તર** - જેમ સ્ત્રીની આબરૂ લૂંટનાર ગૂંડો જે સતી સ્ત્રીને તેણે સતાવી હોય તે સતામણીનો ભોગ બનેલી સતીનો શત્રુ છે તેમ જે સ્ત્રીઓ એનો ભોગ બની નથી તેવી સતી સ્ત્રીઓ પણ તેને પોતાના શત્રુ તરીકે જ ઓળખે છે; તેમ કર્મ માટે પણ સમજવું કે એ એકલા અરિહંતના જ શત્રુ છે તેમ નથી. એ તો સમસ્ત જીવોના શત્રુ છે. માટે બધાય જીવોએ તેનો નાશ કરવા ઉદ્યત થવું જોઈએ. વળી પેલો ગૂંડો તો

અમુકને જ સતાવી શકે, જ્યારે અહીં કર્મ તો જીવમાત્રને સતાવે છે એ વધારામાં.

વાઘ આવી પહોંચ્યો હોય અને આંખ આડા કાન કરી દે તો તેથી કંઈ વાઘના પંજામાંથી ન બચે, તેમ અહીં જેઓ શાસનના શત્રુઓ છે તે એમ કહે કે તીર્થંકર જાણે ને કર્મ જાણે તે ન ચાલે. આત્મહિતૈષી બધા માટે કર્મશત્રુ છે. આઠે કર્મો જીવમાત્રને શત્રુરૂપ છે. અને તેથી તેને હણવા માટે જેઓ હંમેશ મશગૂલ છે, તેવા અરિહંતોને નમસ્કાર થાવ. આમ મંગળાચરણનાં અરિહંતને નમસ્કાર કર્યો. પરિણામ વખાણાય. પરિણામમાં સુંદરતા ન આવે તો પહેલાનું ડાહ્યાપણું ગાંડાપણું ગણાય, વાયડાપણું ગણાય. એક વસ્તુ ચકોરાઈ છે કે વાયડાપણું છે તેનો આધાર પરિણામની સુંદરતા પર છે. આ સંબંધી વિચારણા આગળ ઉપર કરવામાં આવશે.



# દેશના - ૧૭

## નમો સિદ્ધાણં પદની સાર્થકતા

ધર્મદેશના સંબંધી વિચાર કરીએ તો જણાશે કે, એમાં વક્તા અને શ્રોતા એ બે મુખ્ય છે. અને આ બે સંબંધી ઊંડાણમાં ઉતરીએ તો એ નક્કી થાય કે વક્તા ને શ્રોતા એક છત્રછાયામાં, એક વક્તવ્યતામાં, એક સાધ્યમાં, એક રીતિમાં આવેલા હોવા જોઈએ. છત્રછાયા, વક્તવ્ય, સાધ્ય કે રસ્તા જુદાં જુદાં હોય તો બંને મળીને પણ કાર્ય સિદ્ધ કરી શકે નહિ. જે સમુદાયમાં નેતા અને અનુસરનારા એક જ છત્રછાયાવાળા, એક જ પ્રકારના વક્તવ્યવાળા, એક જ સાધ્યબિન્દુવાળા અને એક જ રીતિને અખત્યાર કરનારા હોય, ત્યાં જ કાર્ય સફળ થાય છે. શાસ્ત્રકાર તે જ વાત મંગળાદિક દ્વારા સિદ્ધ કરે છે. મંગળ નિર્વિઘ્ન સમાપ્તિ માટે તેમ જ એક જ છત્રછાયા નીચે બધા આવે તે માટે હોય.

**ઈષ્ટના સ્મરણથી વિઘ્નના નાશ સાથે ઈષ્ટની સિદ્ધિ થાય**

માણસ ઉઘરાણી કરવા જાય ત્યારે પહેલાં પૈસાની સાચવણી માટે ઉઘરાણી લાયક પાકીટ તૈયાર કરે છે, તેમ અહીં પણ શાસ્ત્રની શરૂઆત કરતાં પહેલાં, વિઘ્ન આવે તો તેને નાશ કરવાનો રસ્તો કરી રાખવો જોઈએ. શાસ્ત્રને અંગે આવતા વિઘ્નને નાશ કરવાનો રસ્તો અને શાસ્ત્રને સંપૂર્ણ કરવાનો રસ્તો તે જ મંગલ. બંનેનો રસ્તો એક જ અને તે ઈષ્ટનું સ્મરણ, ઈષ્ટનું સ્મરણ કરનાર વિઘ્નનો નાશ ને ઈષ્ટની સિદ્ધિ બન્ને કરી શકે છે. અનિષ્ટનું નિવારણ અને ઈષ્ટની પ્રાપ્તિ કરી શકાતી હોવાથી તેનું નામ મંગળ રાખ્યું. मंग्यते हितं अनेन- જેનાથી

હિતની પ્રાપ્તિ થાય - હિતની પ્રાપ્તિનું સાધન તે મંગળ. मां गालयति भवात् । इति मंगलं એટલે કે મને જન્મ, જરા, મરણમય સંસારમાંથી પાર ઉતારે તે મંગળ.

**અરિહંતભગવાનનું તારકપણું**

આમ મંગળની વ્યુત્પત્તિ, જરૂરી શિષ્ટાચાર અને વિષયનું નિરૂપણ કર્યું. પણ ઈષ્ટ કોણ? અજ્ઞાની પથ્થરને સિન્દૂર લગાડી હનુમાન બનાવી દે. પણ સકળને એક જ ઈષ્ટ હોય તેમ ન બને. નિર્વિવેકી દ્વારા જે ઈષ્ટ માનવામાં આવ્યા હોય તે સાથે આપણે સંબંધ નથી. વિવેકીઓએ ઈષ્ટ માન્યા હોય તેવાઓ જ આપણા માટે ઉપયોગી. વિવેકીની પરીક્ષામાં પ્રથમ નંબરે કોણ આવી શકે? દેવતા. દેવતાઓ જેને વિવેકી ગણે તેને મનુષ્યો જરૂર વિવેકી ગણે. नमो अर्हद्भ्यः ત્રણે ભુવનના ઈન્દ્રો, દેવતાઓ અશોકાદિ આઠ મહાપ્રાતિહાર્યરૂપી પૂજા જેઓની કરે છે તેવા અરિહંત તે જ ઈષ્ટ દેવ. તેથી તેમને નમસ્કાર કરવો તે મંગળ. હવે આપણે જાણીએ છીએ કે રાજાઓ ખીજડાની, ક્ષત્રિય હથિયારની પૂજા કરે તે સાધન તરીકે; હથિયારને સાધક માનીને નહિ. સાધક કે સાધન એ બન્નેયની પૂજા થાય છે. તો અરિહંતની પૂજા સાધક માનીને થાય છે કે સાધન માનીને થાય છે? બંને માનીને. સાધક ને સાધન બંને અરિહંત મહારાજા છે. તેઓ એવા સર્વજ્ઞ થયા છે કે જેઓને કંઈ પણ વસ્તુ જાણવી બાકી નથી. એટલે સર્વજ્ઞ, સર્વ જાણનારા - સર્વજ્ઞપણું પામેલા એવા અરિહંત એક જ ભવ્ય જીવોને સંસારથી તરવામાં સાધન રૂપ છે. જેમ પોતે તર્યા છે તેમ તેઓ ભવ્ય જીવોને તારનાર છે. શાસ્ત્રકારો આચાર્ય, ઉપાધ્યાય, સાધુઓને તરનાર ને તારનાર ગણે છે, પણ અરિહંતને તારનાર એકલા ગણે છે. તરિતા અને તારક આચાર્યાદિ ત્રણ, પણ તીર્થંકરો તો એકલા તારક જ હોય. પ્રકરણ સમજવાની જરૂર છે. 'નમુત્થુણં' માં मुत्ताणं मोयगाणं, तिन्नाणं तारयाणं ને

बुद्धाणं बोहयाणं એ બોલ્યાં તે વાત સાચી. છતાં આચાર્યે કહ્યું છે કે અરિહંત એકલા તારનાર જ હોય. તરનાર અને તારનાર એ બન્ને ગુણવાળા તો આચાર્યાદિ હોય. જો આમ છે તો પછી અરિહંતને એકલા તારનાર જ કહેવા અથવા નમુત્થુણં સૂત્રમાં કહ્યું છે તેમ તરનાર અને તારનાર એ પણ સાચું એ બન્ને વાત સાચી કેવી રીતે બને ? તો કહે છે - ભગવાન જિનેશ્વર મહારાજા સાવદ્યનો ત્યાગ કરી સાધુપણું લઈને ઉપસર્ગ, પરિષહ સહન કરી, ઘાતીકર્મનો નાશ કરી, કેવળજ્ઞાન ઉપજાવે ત્યાં સુધી તરનારા ? પરંતુ કેવળજ્ઞાન ઉપજાવ્યા પછી ભવ્યોને દેશના આપે તેમાં તેમને શું મળવાનું ? બીજાઓને તારવાવાળા દ્વારા તેઓ કંઈ તરવાના નથી; જ્યારે આચાર્યાદિ બીજાઓને તારવા દ્વારા પણ પોતે તરવાવાળા છે.

આ જ વાત ભગવાન ઉમાસ્વાતિ મહારાજે કહી છે કે -

न भवति धर्मः श्रोतुः सर्वस्यैकान्ततो हितश्रवणात् ।

ब्रुवतोऽनुग्रहबुद्ध्या वक्तस्त्वेकान्ततो भवति ।।

અર્થાત્ હિતની વાત સાંભળવાથી બધાય સાંભળનારને નિશ્ચિત રીતે ધર્મ થાય છે એવું નથી; (પણ) પરોપકાર બુદ્ધિથી બોલનાર વક્તાને તો નક્કી ધર્મ થાય છે.

### ઉપકાર બુદ્ધિથી બોલનારને જ ધર્મ થાય

પ્રશ્ન - જો વક્તાને એકાંતે ધર્મ થતો હોય તો અભવ્યને મોટો ધર્મ થવો જોઈએ. કારણ કે ભવ્ય જીવ તો શું, પણ ખુદ તીર્થંકર ભગવાનથી જેટલા સંસારથી તરે તેના કરતાં અનંતગુણા જીવો એક અભવ્યથી તરે. તીર્થંકર શાસનથી જેટલા જીવ તરે તેના કરતાં અનંતગુણા જીવો એક અભવ્યથી તરે, એમ કહ્યું છે. આનું કારણ સમજો : તીર્થંકરો, આચાર્યાદિ એ બધાને મોક્ષે જતાં જતાં વચમાં જેટલો કાળ રહે તેટલોવખત ઉપદેશ આપે. તેઓ તો મોક્ષ મેળવવા ઘોડે ચડી

રહ્યા છે, અને દોડતે ઘોડે બે વચનો કહે છે. અને વચમાં ઉપદેશ આપે છે. પણ અભવ્ય તો સદા અહીંનો અહીં છે. તેને મોક્ષ જવાનું નથી. એ તો અનેક વખત દ્રવ્ય ચારિત્ર પામે, અનંતાને પ્રતિબોધ કરે, અનંતાને મોક્ષે મોકલે. હવે જો વક્તાને કે તારનારને ધર્મ થઈ જતો હોય તો બધા ભવ્યો કરતાં અભવ્યને વધારે ધર્મ થવો જોઈએ. તો આનું સમાધાન કેવી રીતે થઈ શકે ?

**ઉત્તર** - આમાં તમે બે રસ્તા લેવા માગો છો તેથી ગોટાળો થાય છે. કેવળ ઉપદેશ કરવા માત્રથી ધર્મ થયો કહો તો અભવ્ય વહેલો તરે. પણ શાસ્ત્રકાર તો સ્પષ્ટ કહે છે કે એ ઉપદેશ બીજી કોઈ દૃષ્ટિથી નહીં પણ અનુગ્રહ બુદ્ધિથી પ્રેરિત હોવો જોઈએ. હવે સમજો કે ક્યા વક્તાને ધર્મ થાય? તે જ વક્તાને ધર્મ થાય જે વક્તા શ્રોતાને જન્માદિથી પીડાયેલો દેખી સંસારથી પાર ઉતારી મોક્ષ અપાવવાની ભાવનાથી ધર્મોપદેશ આપે. આવી રીતિએ ઉપદેશ આપનારો જરૂર ધર્મવાળો જ હોય. પણ અભવ્યને તો મારી પૂજા, મારો પરિવાર, મારી માનતા, આ દૃષ્ટિ હોય એટલે ત્યાં સાચી અનુગ્રહ બુદ્ધિ કેમ કરી રહી શકે ? અને તો પછી ભવ્ય જીવ કરતાં કે તીર્થંકર કરતાં પણ અભવ્યને ધર્મનો વધુ લાભ થવાની વાત જ ક્યાં રહી? મતલબ કે અભવ્ય ગમે તે બુદ્ધિથી ઉપદેશ આપે, છતાં તેથી પામનારો પામી જાય છતાં વક્તા પોતે તરતો નથી. પરંતુ જેઓ સ્વાર્થની નહીં પણ તારવાની બુદ્ધિએ ધર્મોપદેશ આપે, તેઓ એકાંત ધર્મવાળા હોય એમાં શંકાને સ્થાન નથી.

**અરિહંતની એકાંત પરોપકાર પરાયણતા**

હવે મૂળ વાતમાં આવીએ. આચાર્ય, ઉપાધ્યાય, સાધુઓ જે ઉપદેશ આપે તેમાં પોતાને એકાંત ધર્મ થશે, પોતાનું મોહની કર્મ પાતળું પડશે, તે દૃષ્ટિ રાખે છે. વળી એ ઉપદેશમાં શ્રોતાનો પણ મોહ પાતળો પડશે તે દૃષ્ટિ હોવાથી, એવા ઉપદેશક પોતે તરે ને બીજાને પણ તારે. પણ જિનેશ્વરો પોતે તો સંયમક્રિયાથી, પરિષહ કે ઉપસર્ગથી તરે

છે; અને ધર્મોપદેશની ક્રિયા તો માત્ર બીજાને તારવા માટે જ કરે છે. કારણ કે તેઓ કેવળજ્ઞાન પામ્યા પછી જ ઉપદેશ આપે છે, અને કેવળજ્ઞાન પામ્યા પછી એમને પોતાને મેળવવાનું તો શું બાકી રહે છે ? પછી તો એમને કંઈ પણ કરવાનું બાકી નથી. ચાર અઘાતી કર્મ બાકી રહ્યાં તે તો આપો આપ તૂટવાવાળાં છે. આયુષ્યના છેલ્લા ભાગમાં સમુદ્‌ઘાતથી તૂટી જવાના છે. એટલે અરિહંતો તો કેવળ ભવ્યોને તારવા માટે જ ઉપદેશ આપે છે. ઉપદેશ દ્વારા તીર્થંકરોને પોતાને તરવાનું નથી પણ બીજાને તારવાનું છે. એ એમની એકાંત પરોપકારપરાયણતા થઈ. વળી પોતે સર્વજ્ઞ થયા, સર્વ ઈષ્ટકાર્ય સિદ્ધ કરનારા થયા, તેથી તેમને નમસ્કાર કરવો તે મંગળ ગણાય.

**કર્મરૂપ શત્રુનો સંપૂર્ણ નાશ કરે તે જ સાચા દેવ**

દરેક મતવાળા પોતાના દેવને સર્વજ્ઞ માને છે. કોઈ પણ પોતાના દેવને મૂર્ખ કે અજ્ઞાની માનવા તૈયાર નથી. વાત ખરી, પણ સર્વજ્ઞપણું ક્યારે થાય ? દુનિયાની જંજાળ છોડ્યા વગર સર્વજ્ઞપણું થઈ શકતું નથી. દરેક જાતનો પરિગ્રહ, તેમ જ મરવું, મારવું એટલે આરંભ પરિગ્રહ સર્વથા જેણે ત્યાગ કરેલા છે, જેઓ આરંભ પરિગ્રહથી સર્વથા વિરમી શકે, તેને સમૂળગાં છોડનારાં થાય, ખરું તે મારું એવી ગુણ ગ્રહણની બુદ્ધિના બળે, મારા તારાની દશા છોડનારા થાય, તેઓ જ સર્વજ્ઞ થઈ શકે. સર્વજ્ઞ થવાની ભાવનાવાળા તો મારા-તારા, મરું-મારું દશામાંથી નીકળી શકવાવાળા હોય. તે જ ઈષ્ટ દેવ હોય. અજ્ઞાનતા હોય તેથી તંદુલીયો મચ્છ કોઈને મારી શકતો નથી છતાં એકેને ન છોડું તેમ ચિંતવે છે. દરિયામાં મોટો મગરમચ્છ હોય. એ મોં પહોળું કરે તેમાં પાણી સાથે માછલાં પણ આવે. પછી એ મોં બંધ કરે ત્યારે એના દાંતના પોલાણમાંથી નાનાં નાનાં માંછલા બહાર નીકળી જાય. એ જોઈને તંદુલીયો મચ્છ મનોમનમાં વિચારે કે આમ કેટલાં માછલાં બહાર નીકળી ગયા ? આની જગ્યાએ જો હું હોઉં તો એક પણ માછલાને બહાર

નીકળવા ન દઉં. ખરી રીતે અહીં તંદુલીયા મચ્છે પોતે એક માછલું માર્યું નથી કે એકેનું ભક્ષણ પણ કર્યું નથી, છતાં એને સાતમીનો સથવારો થાય છે, કારણ કે એનું મન બધાને ખાવાનું છે. મરું-મારું ન કરી શકતા હોય છતાં મનમાં ચોકો પૂરતા હોય તેવાનું શું થાય? આવી જ વાત ઈષ્ટ દેવના સંબંધમાં જાણવી. ઈષ્ટ દેવતા કેવા છે? કોઈ પણ પ્રકારની આસક્તિ, મમતાભાવ, તારા-મારાપણાની બુદ્ધિ જેમને થતી નથી; જેમણે આરંભ પરિગ્રહ અને વિષય-કષાયને રોકી રાખ્યા છે; જેમણે મન પર એની જરા પણ અસર થવા ન દીધી તેવા ઈષ્ટ દેવ હોય - તે જ સર્વજ્ઞ બની શકે. કર્મ અને જીવની લડાઈ એ તો મલ્લે મલ્લ ની લડાઈ સમજવી. કોઈ વખત આ મલ્લ પડે, કોઈ વખત બીજા મલ્લ પડે; એ રીતે કર્મની લડાઈ ચાલ્યા કરે. કોઈ કોઈ જગો પર જીવ બળવાન થાય. સિદ્ધ કે અરિહંત થયા તેમાં જીવ બળવાન. બાકીમાં સંસારી જીવોમાં કર્મ બળવાન. આ લડાઈ ક્યાં સુધી ચાલુ રાખવી? લડાઈ ન પતે ત્યાં સુધી મોહમાં જીવ મૂંઝાવાનો, માટે લડાઈનો છેડો આવવો જોઈએ. જ્યાં લગી શત્રુનું હયાતપણું હોય ત્યાં લગી નિશ્ચિંતપણું ન હોય. જિનેશ્વરો શત્રુનું નામનિશાન પણ ન રહેવા દે, પોતાના આત્મામાં કર્મની એક કણી પણ ન રહેવા દે. પોતાના શત્રુરૂપ કર્મનો નાશ કરવો તે જ તેમનુ ધ્યેય અને સાધ્ય. કેટલાકોએ એવાને દેવ માન્યા છે. અને તે જ સાચા દેવ જાણવા.

**ફરીથી સંસારમાં ન આવવું પડે તે જ સાચો મોક્ષ**

વળી જેમ ફાગણ મહિનામાં ગાજરની પપૂડી વગાડે છે વાગી તો ઠીક નહિ તો ચાવી ખાધી, તેમ કેટલાક લોકો ગાજરિયાની પપૂડી જેવો મોક્ષ માને છે. તેઓ કહે છે કે અહીં કર્મનો ક્ષય કરે, મોક્ષે જાય, અને વળી પાછા ભવમાં આવે, એમનો મોક્ષ ગાજરિયાની પપૂડી જેવો. આ કંઈ અરિહંત ભગવંતોનો મોક્ષ નથી. ત્યારે એમનો મોક્ષ કેવો એટલે કે

એ અરિહંત કેવા છે ? તો શાસ્ત્રકાર ભગવંત કહે છે કે " अरुहन्ताणं" अरोहदभ्यः- अनुपजायमानेभ्यः । ફેર સંસારમાં જેઓને જન્મ લેવાનો નથી તે અરુહન્ત. ન ઊપજવાનું કારણ, કેવળ મનની ધારણા કામ નથી લાગતી.હોળીનો રાજા મનમાં હું રાજા છું એમ ધારી લે તેથી એ કંઈ રાજવી ન કહેવાય. એ રીતે ધારી લેવા માત્રથી જ જન્માદિનો નાશ ન થાય. ત્યારે કેવી રીતે થાય તે કહે છેઃ क्षीणकर्मबीजत्वात् બીજ હણાય નહિ ત્યાં સુધી અંકુરો થશે જ નહિ, તેમ કહી શકાય નહિ. બીજ દગ્ધ થયા પછી ખાતરીથી કહી શકીએ કે હવે આમાંથી અંકુરો નહિ થાય. એ જ રીતે જ્યાં સુધી જીવને કર્મ લાગેલું હોય ત્યાં સુધી એને સંસારમાં નહિ ભટકવું પડે કે જન્મ-મરણ નહિ ભોગવવાં પડે તેમ કહી શકાય નહિ. કર્મ બીજ બળી જાય તો જન્મ જરા મરણ નહિ થાય તેમ કહી શકાય. આ ઉપરથી જે જે અરિહંત ભગવંતો થયા તેમના આત્માને કેવા ગણ્યા ? કર્મ બીજ વગરના ગણ્યા. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે -

दग्धे बीजे यथाऽत्यन्तं, प्रादुर्भवति नाङ्कुरः ।
कर्मबीजे तथा दग्धे, नारोहति भवाङ्कुरः ।।

એટલે કે કર્મરૂપી બીજ ત્યારે જ સાચી રીતે અને સંપૂર્ણ બળી ગયું સમજવું કે જ્યારે તેમાંથી ફરી ભવરૂપી અંકુર જન્મે નહીં. અને આનું નામ જ સાચો મોક્ષ.

**શુક્લ ધ્યાનરૂપ અગ્નિથી કર્મરૂપી બીજ બળી જાય**

જગતમા બીજ સાવ બળી ગયા પછી ચાહે જેટલું વાવો, પાણી નાખો તોપણ તેમાંથી અંકુરો ન થાય, તેમ કર્મબીજ બળી ગયા પછી ભવરૂપી અંકુર-જન્મ જરારૂપ અંકુર-થતો નથી. જેમ અનાજ માટે દાણો એ બી તેમ સંસારરૂપી અંકુર માટે બીજ કોણ ? કર્મરૂપી બીજ. અગ્નિથી બીજ બળી જાય તેમ શુક્લ ધ્યાનરૂપી અગ્નિથી કર્મરૂપી બીજ બળી જાય. તેથી આ કર્મરૂપી બીજ જો બળી જાય તો આ ભવ સંસાર-જન્મ-જરા-

મરણાદિ રૂપ અંકુરો તે કોઈ દિવસ પણ થાય નહિ. અરિહંતની આ વ્યાખ્યાને લીધે અરિહંતના દેવપણાથી મુક્તપણા સુધીના ગુણને, સ્વરૂપને કહી ગયા.

**ગુણીનું સન્માન એ અરિહંતના નમસ્કારનું કારણ**

**પ્રશ્ન** - પેટને પોષવા માટે શું કામ લાગશે ? જે પોતા પાસે હશે તે; પારકે ઘેર રહેલી ચીજ આપણું પોષણ નહિ કરે. તેમ અરિહંત ચાહે દેવતાને પૂજ્ય, સર્વજ્ઞ, આરંભ પરિગ્રહ રહિત, આસક્તિ વગરના, સંસારમાં જન્માદિ વગેરે ન થાય તેવા હોય, પણ તેમાં મારું શું વળ્યું ? આપણે કહીએ છીએ કે કોઈ શેઠ થયો તો એના ઘરનો, ભેંશના શીંગડા ભેંસને ભારી, તેમ અરિહંત ચાહે તેવા થયા તેથી મને શું ? હું તેમને માથું કેમ ઝુકાવું ?

**ઉત્તર** - એમને માથું ઝુકાવવાનું મન થાય છે તે ગુણની કિંમતે. સરળ પરિણામી માણસ ગુણ દેખે તો માથું ઝુકાવ્યા વગર ન રહે. તેથી જ શાસ્ત્રકારે કહ્યું કે-

जे अ अइया सिद्धा, जे अ भविस्संति णागए काले ।
संपइ अ वट्टमाणा, सव्वे तिविहेण वंदामि ।।

જે જે (ગુણવાન)ભૂતકાળમાં મોક્ષે ગયેલો, ભવિષ્યકાળમાં જશે અને અત્યારે જાય છે તે સર્વ ગુણવાળાને હું નમસ્કાર કરુ છું. એટલે ગુણની અપેક્ષાએ સર્વ ગુણીઓને નમસ્કાર હોવો જ જોઈએ. એક પણ ગુણીના અનમસ્કાર, અવજ્ઞા, અબહુમાનને સર્વ ગુણીના બહુમાનને નાશ કરનાર સમજવું. અનંત ગુણીને કરેલ સન્માન-બહુમાન એક ગુણીનું અબહુમાન કરવાથી નાશ પામે છે. ગોશાળો ભૂત, ભવિષ્ય, વર્તમાન બધાય તીર્થંકરોને માનનારો ખરો, પણ એક ભગવાન મહાવીરને જ ન માનનારો થવાથી ભવ હારી ગયો. એક મહાવીરનું જ અપમાન અને બીજા અનંતાનું સન્માન છતાં સરવાળો ખોટમાં આવ્યો. આનો સાર એ સમજવો કે એક ગુણવાનને પૂજીએ

ત્યારે સર્વ ગુણવાળા પૂજાય; અને એકની હિલના કરીએ તો સર્વે ગુણવાલાની હિલના થઈ જાય આમ એક મહાવીર પ્રભુની હિલના તે સર્વની હિલના ગણી. ગુણની કિંમત હોય તો ગુણીનું સન્માન-બહુમાન કરવું જ જોઈએ. ગુણીમાત્રને માનવા, તેથી સર્વે ક્ષેત્ર-કાળ-દશાના એવા તીર્થંકરોને નમસ્કાર કરવા માટે नमो अरिहंताणं કહ્યું પણ नमो उसभस्स કે नमो महावीरस्स એમ ન કહ્યું. અને એમ કહીને અતીત, વર્તમાન, ભૂતકાળના આવા ગુણવાળા તમામ અરિહંતોને નમસ્કાર કર્યો.

**અરિહંતને નમસ્કાર કરવાનું કારણ**

**પ્રશ્ન** - ગુણી તરીકે સર્વ તીર્થંકરો નમસ્કરણીય કહ્યા એ ખરું, પણ સામાન્ય કેવળી પણ ગુણવાળા છે કે નહિ? ઘાતી કર્મનો નાશ જેવો તીર્થંકરને તેવો જ બીજા કેવળીને હોય. છતાં ભૂતકાળના, વર્તમાનના કે ભવિષ્યના બધા સર્વજ્ઞને નમસ્કાર કેમ કરવામાં આવતો નથી? શાસ્ત્રકાર પણ नमो अरिहंताणं એમ બોલ્યા, પણ नमो सव्वगुणं ન બોલ્યા, એમ શા માટે? તેનું કારણ શું?

**ઉત્તર** - જગતમાં શાસન પ્રવર્તાવનાર, મોક્ષમાર્ગનું સાધન પ્રવર્તાવનાર જો કોઈ હોય તો તે માત્ર તીર્થંકરો જ છે. કોઈનું શાસન તીર્થંકર સિવાય પ્રવર્તતું નથી. એટલા માટે બધા સર્વજ્ઞને નહીં પણ બધા અરિહંતોને - તીર્થંકરોને નમસ્કાર કર્યો. દરેક સર્વજ્ઞ એ સર્વગુણસંપૂર્ણ છે, દરેક વીતરાગ સર્વગુણસંપૂર્ણ છે, એ ખરું, પણ અહીં તો જે પોતે ગુણવાન હોય અને બીજાને ગુણવાન બનાવનાર હોય - ગુણવાન હોવા સાથે ભવ્ય જીવને ગુણવાન બનાવનાર હોય - એને નમસ્કાર કર્યો છે.

**ભવચક્ર ભાંગે તો જ જન્મમરણનું દુ:ખ ટળે**

એક માણસ માંદો પડ્યો, એને સનેપાત થયો છે, અને મને શીરો આપો, મને શીરો આપો, કરવા લાગ્યો તો શું એને શીરો દઈ

દેવો ? સનેપાત બહેકે, ત્રિદોષ થાય તેને શીરાની ઈચ્છા થાય, પણ શાણો-સમજુ હિતસ્વી શીરો દઈ એને સંતોષ કરવા માગે નહિ., એ જ રીતે મોહના જોરે જીવ બાહ્ય પદાર્થો તરફ ઘેલો બન્યો છે. એને અહીંથી લઉં, તહીંથી લઉં એમ થયા કરે છે. એ જ્યાં ત્યાં બાચકા ભરનારો ઘેલો બન્યો છે. પણ મોહની મદિરાના છાકને લીધે ઘેલા બનેલાને દારૂ વધારે પાવો તે હિતસ્વીનું કામ નથી. દારૂની ઘેલછામાં માગેલા પદાર્થો આપવા તે હિતસ્વીનું કામ નથી. અનાદિ મોહના તાનમાં પડેલા જીવની પૌદ્ગલિક ઈચ્છા પૂરી કરવી તે મદિરા પાવા જેવું છે. આ જગતમાં મોતથી કોણ ડરતું નથી? એકે એક જીવ મરણથી ડરવાવાળા છે. કાંટાથી ડરવાળાએ એકાદ કાંટો ચૂરી નાખ્યો તેથી કાંટાનો ભય ગયો એમ ન સમજવું. એ માટે તો સમૂળગો બાવળિયો કાપીને ખસેડે ત્યારે કાંટાનો ભય જાય. જેમ કાંટાને ચૂરનારને મૂર્ખ ગણીએ છીએ, કેમ કે, વાગેલા કાંટાને ચૂરવામાત્રથી કંઈ બધા કાંટા બંધ ન થાય, તેમ ચૂરવાવાળો પણ સમજુ કે શાણો ન ગણાય. એ જ રીતે કર્મના ઉદયે આવેલું મરણ દૂર કરવા સારુ આકાશપાતળ એક કરીએ, પરંતુ સમજુ હોય તે જેમ બાવળિયો ખસેડી નાખે તેમ મરણને ટાળવા ચાહનારે મોહના ચાળા કરાવનારને ખસેડવો જોઈએ; જન્મ, જરા મરણ કરાવનારને ખસેડવો જોઈએ. સંસારચક્ર ભવચક્ર ભાંગે નહિ ત્યાં સુધી જન્મ, જરા મરણનાં દુઃખો મટે નહિ. ભયંકર એવો આ ભવ છે ત્યાં સુધી જન્મ-મરણ લીધા કરવાં પડશે.

**જીવના જન્મ-મરણ વગરની તલપૂર જગ્યા નથી**

જેમ ભયંકર વનમાં અનેક ગહનો-ઊંડાણો હોય તેવી રીતે આ ભવ અટવી તે પણ ભયંકર ગહન છે. વળી તેમાં પણ એક જગો પર પડી રહેવાનું હોય તે ઠીક, પણ આ તો વારંવાર ભ્રમણ કર્યા જ કરવાનું, એટલે પછી દુઃખનું પૂછવું જ શું ? લક્ષ્મીની ચંચળતાની જેમ આ જીવની ચંચળતાનોય પાર નથી. કઈ જગો પર આ જીવ નથી ભટક્યો ?

માથાનો એક વાળ, તેની પણ ટોચ અને તેનો પણ એક ખૂણો, એ જગ્યા કેટલી હોય? પણ આખા ચૌદ રાજલોકમાં એટલી જગ્યા પણ એવી નથી, જ્યાં આ જીવ અનંતી વખત જન્મ્યા-મર્યા ન હોય. આ જીવના જન્મ-મરણ વગરની હોય એવી જગ્યા વાળની અણીના ખૂણા જેટલી પણ નથી. આ રીતે આ ભયંકર ભવ-અટવીમાં તે જીવને ભમ્યા જ કરવું પડે છે. ઝેરના કીડા ઝેરમાં જ રાજી. લીંબડાની ઈયળને શેરડી પર મૂકો તે એ ત્યાં મરી જાય, તેમ આ સંસારનો કીડો સંસારમાં જ રાજી. કોઈ પણ જીવ મરણમાં રાજી હોય તેમ કહી શકાય નહિ. રોગ, શોક, આધિ, ઉપાધિમાં રાજી ન હોય માટે ભયંકર ભવઅટવીના ભ્રમણથી ડરેલા. જે વસ્તુથી બચવાનો રસ્તો ન હોય તેવી વસ્તુથી ડરીને શું કરી શકાય? પરમ પદ જે મોક્ષ, તે મોક્ષમાં ખાવું, પીવું, હરવું, ફરવું, સ્ત્રી,ભોગો નથી, ત્યાં જઈને શું કરવું? તેમણે ધ્યાનમાં લેવું કે મોત ન થાય તેવું સર્ટીફીકેટ ક્યાં મળે છે? મરવું નહિ તેવું સ્થાન ક્યું? એક જ એવું સ્થાન, જેમાં મરવાનું નહિ. ત્યાં કાળના કાળો રહે, છતાં સર્વ કાળે પણ જેમાં મરવાનું નહિ તેનું જ નામ મોક્ષ. ત્યાં અંધારી કોટડીમાં ઊંધે મસ્તકે લટકી જન્મવાનું નથી, મરવાનું નથી; વૃદ્ધત્વ, રોગ, શોક આદિ ભોગવવાનાં નથી. એવું સ્થાન મોક્ષ; એવું પરમ પદ મોક્ષ.

**તીર્થંકર મોક્ષને આપનાર શાથી?**

**પ્રશ્ન** - તમે ભવ અને મોક્ષ અંગે જે કહ્યું તેની ના નથી, પણ ચાલતી વાતમાં તેનો સંબંધ શો? તીર્થંકરને નમસ્કાર કરવાની વાત ચાલે છે તેમાં ભવ-ગહનને આવો ને તેવો વગેરે કહો છો તે શા માટે?

**ઉત્તર** - બાયડી ચૂલો સળગાવે, પણ અનાજ શુદ્ધ કરેલું હોય તો જ તપેલીમાં ઓરાય. આ એક તૈયારી આવા ભવભ્રમણથી ડરેલા જીવોને સહેજે મોક્ષની ઈચ્છા થાય. અને જેને સાચી રીતે આવી ઈચ્છા જાગે તેને બીજા કશાની પ્રાર્થના કરવાની ન હોય. હવે આ મોક્ષની

ઈચ્છા પૂરી કરનાર એકલા ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન છે. શું તેમની પાસે મોક્ષની ખલેચી ભરેલી છે, કે તેમાંથી આપી જાય છે? ના, મોક્ષ કંઈ આપવા -લેવાની ચીજ નથી. ભલા, તીર્થંકરને તમે મોક્ષ આપવા દ્વારાએ ઉપકારી કહી ગયા, હવે બીજી બાજુ મોક્ષ કંઈ આપવા -લેવાની ચીજ નથી તેમ કહો છો.તો આ બે વાતો કંઈ બનતી હશે? જરા સમજો: દાક્તર આંખનું ઓપરેશન કરી અંદરથી મોતિયો કાઢી નાખે. દેખતા ન હતા તે દેખતા થઈએ. તો આ દાક્તરે આંખ આપી એમ કહીએ છીએ કે નહીં. અહીં મોક્ષની બાબતમાં પણ એમ જ સમજવું. સાધનોનો ઉપયોગ આંખની સુંદરતા માટે કર્યો. પરમપદ-મોક્ષપદ અનંતાનું સ્થાન. શહેરમાં પાંચ-દશ લાખ માણસો હોય, આ મોટું નગર. તે નગરનો જેમ કોઈ બીજો આપણને રસ્તો દેખાડે છે તેને આપણે નગરે પહોંચાડનાર કહીએ છીએ, તેમ તીર્થંકર મોક્ષ માટે સાધન-રસ્તો બતાવે છે. તે દ્વારા મોક્ષ મેળવીએ તો પણ કહેવાય તો એમ જ કે મોક્ષ તેમણે આપ્યો. આ રીતે મોક્ષમાર્ગ દેખાડવાથી તીર્થંકર ભગવાન નમસ્કરણીય છે. આમ તીર્થંકરનું ઉપરીપણું બરાબર સમજાય તે માટે ભવ અને મોક્ષની ચર્ચા ઉપર કરી. આમ મંગળાચરણમાં પ્રથમ પદ 'નમો અરિહંતાણં' જણાવ્યું.

**સિદ્ધિપદને શી રીતે જાણી શકાય?**

એવા પણ માણસો હોય છે જે શાસ્ત્રની બાબતમાં અણસમજુ હોવા છતાં દુનિયામાં પૂરા અક્કલવાળા ગણાય છે. બૅરિસ્ટર શાસ્ત્ર ન સમજે એટલે તે બબડે છે કે, આ બધી વાત એક વસ્તુ પર લટકે છે. એ વસ્તુ તે મોક્ષનું અસ્તિત્વ. એ હોય તો બધું જરૂરી અને તે ન હોય તો તેના આધારે વાત કરતા તમે, તમારા સાધર્મિક ને અરિહંત મોટા ઠગ ગણાઓ. પણ આવો દોષ ક્યારે આવે? જો મોક્ષ પદવી ન હોય તો. એટલે કે જો મોક્ષ થતો જ ન હોય તો અરિહંતો મોક્ષના નામે ત્યાગ વૈરાગ્ય ઉપસર્ગ-સહનમાં ઉતારે તે ઠગપણું કહેવાય. આ દોષના

નિવારણ માટે એટલે કે મોક્ષનું અસ્તિત્વ દર્શાવવા માટે મોક્ષને વરેલાને જ શાસ્ત્રકાર મંગળમાં સ્થાન આપવા માટે બીજુ પદ 'નમો સિદ્ધાણં' કહે છે. પણ સિદ્ધો છે તેની સાબિતી શી ? તે કાળને અંગે અરિહંતની સાબિતી હતી. સિદ્ધની સાબિતી તો કોઈ કાળમાં નથી. સંસારી જીવો સ્પર્શ, રસ, ગંધ, રૂપ, શબ્દ દ્વારાએ જ પદાર્થ જાણે. તો પછી સિદ્ધ મહારાજમાં શું ? જેમને શબ્દાદિક નથી તેમને શી રીતે જાણવા? સ્પર્શાદિવાળી ચીજ જાણી શકીએ,પરંતુ જેમાં શબ્દાદિક નથી તેને શી રીતે જાણી શકીએ? તે માટે યુક્તિ આગળ જણાવશે. પણ તે જાણવા માટે જીવની પોતાની લાયકાત જરૂરી છે. લાખો ગધેડામાં કેટલાને ગવૈયા થતા દેખ્યા? તેનામાં તો ગાયનના સ્વરની લાયકાત જ નથી. શાસ્ત્રકારોએ એ સ્પષ્ટ જણાવ્યું કે મોક્ષની શ્રદ્ધા-સિદ્ધિપણાની શ્રદ્ધા કોને હોય? જે જીવ ભવ્યહોય તેને જ મોક્ષની શ્રદ્ધા હોય. જીવનું ભવ્યત્વ એ એની મોક્ષને જાણવાની લાયકાત સમજવી. અભવ્ય જીવને જીવાદિક આઠ તત્ત્વોની શ્રદ્ધા હોય, પણ મોક્ષની શ્રદ્ધા ન હોય. છેલ્લું એક તત્ત્વ મોક્ષ તેને કોઈ પણ કાળે અભવ્ય માને જ નહિ. તે નવમું તત્ત્વ કેવળ ભવ્ય જ માને - આ વ્યવસ્થા રાખી.

**મોક્ષની માન્યતામાં જ ભવ્યપણું**

કેટલાક જીવો તો એવા પણ હોય કે તેઓ જિનેશ્વરે કહેલો મોક્ષ ન માને એટલું જ નહિ, પણ અન્ય મતમાં માનેલો જે મોક્ષ તેને પણ ન માને. આમ મોક્ષને સર્વથા નહીં માનવાવાળા અભવ્ય જ જાણવા, અને તેથી કુદેવ, કુગુરુ, કુધર્મને પણ અભવ્ય ન માને, એટલે કે જે અભવ્ય હોય તે કોઈપણ દેવ, ગુરુ કે ધર્મને નહીં માનવાવાળા હોય. વળી જેઓ કુદેવને માનનારા છે તેઓ કુદેવને કુદેવરૂપે નહીં પણ સુદેવાદિ રૂપે જ માને છે. ભલે મૂળમાં કુદેવ હોય, પણ તેને તેઓ શા માટે માને છે? મોક્ષ માટે. પણ અભવ્યને તો મોક્ષની માન્યાતામાં મીંડું છે. - એને મોક્ષ જ નથી, તો પછી એ કુદેવાદિને પણ ક્યાંથી માનશે ?આ ઉપરથી મૂળ

વાત એટલી જ સમજવાની કે ભવ્ય જીવને મોક્ષની શ્રદ્ધા હોય; ભવ્યને અભવ્યને મોક્ષની શ્રદ્ધા ન હોય. આટલા કારણથી તત્ત્વાર્થસૂત્રકારે મોક્ષના સ્વરૂપની સિદ્ધિ ન કરી, પણ સીધો મોક્ષનો માર્ગ બતાવ્યો. ભવ્ય મોક્ષ માનનારો જ હોય, માને એટલો સીધો રસ્તો બતાવવાની જરૂર છે. કર્મરહિતપણું પ્રમાણથી જ સાબિત થનારી ચીજ, તેથી કર્મરહિત સિદ્ધો નમસ્કાર કરવા લાયક. તેથી અરિહંતો નમો સિદ્ધાણં પદ ઉચ્ચરે છે. તે જ અરિહંતનું જૈન શાસ્ત્રનું ધ્યેય- પરમ ફળ. આ બીજુ મંગળાચરણ કર્યું. હવે તે માનવાથી ઈષ્ટની સિદ્ધિ કેવી રીતે થાય તે આગળ જોઈશું

# દેશના - ૧૮

## સિદ્ધો સંબંધી વિચારણા

ટીકાકાર ભગવાન અભયદેવસૂરીશ્વરજી મહારાજ શ્રી ભગવતીસૂત્રની વ્યાખ્યા કરતાં આગળ જણાવે છે કે દરેક શાસ્ત્રકારે છત્રછાયા, વક્તવ્ય, સાધ્ય, રીતિ-આ ચાર વસ્તુ નક્કી કરવી જોઈએ. તેને અંગે મંગલાદિક જણાવતાં પ્રથમ શું જણાવવું ? તે માટે આગળ સૂચવ્યું કે જેમ વક્તવ્ય એ પણ છત્રછાયા ઉપર આધાર રાખે છે, તેવી જ રીતે સાધ્ય અને રીતિ પણ છત્રછાયા ઉપર આધાર રાખે છે. અને જેવી છત્રછાયા તેવો આચાર એ તો સહેજે સમજી શકાય એવી વાત છે.

**જેવી છત્રછાયા તેવા આચારનું પ્રતિપાદન**

અરિહંતની છત્રછાયા કબૂલ કરવાથી વક્તવ્ય તરીકે કર્મક્ષય કરનારા આચારોનું પ્રતિપાદન જ પસંદ કરી શકાય; કર્મવૃદ્ધિ કરનારને તો સ્થાન જ ન હોય. આચારો, રિવાજો વગેરેનું જે કંઈ વક્તવ્ય કરવાનું હોય તે સંવર, નિર્જરા અને મોક્ષને લગતું જ વક્તવ્ય હોય. અરિહંતની છત્રછાયા સ્વીકારવાનો અર્થ જ એ સમજવો કે આપણે સંવર, નિર્જરા અને મોક્ષના માર્ગને સ્વીકારીએ છીએ. વિષ્ણુની છત્રછાયા લીધી હોય તો પ્રેમભક્તિનું વક્તવ્ય કરવું પડે. અને મહાદેવની છત્રછાયા સ્વીકારતાં જગતનો સંહાર કેમ થાય, જગતમાં ઉપદ્રવ કેમ થાય, એવો વિચાર કે પ્રચાર કરવાનો થાય. વળી બ્રહ્માની છત્રછાયામાં શાસ્ત્રો રચવા-ગૂંથવાનું થાય. વિષ્ણુ કેવળ ભોગની સ્થિતિવાળા છે, એટલે

તેમના પ્રભાતિયામાં ઉઠો રે મોરારિ! તમારા વગર દહીંના મટકા કોણ ચોરશે-ફોડશે અને ગોપીઓનાં ચીવર કોણ ચોરશે? જેવું પ્રકત્તવ્ય આવે. આ રીતે બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવમાંથી જેની છત્રછાયા સ્વીકારીએ તેને અનુકૂળ વક્તવ્ય થાય, એ રીતે અહીં જિનેશ્વરની છત્રછાયામાં સંવર કે નિર્જરાદિનું વક્તવ્ય જ હોય; તેમ જ સમગ્ર સાધ્ય જિનેશ્વરની છત્રછાયા નીચે આવી શકે એવું જ હોવું જોઈએ. જિનેશ્વરની છત્રછાયામાં તો સંવર અને નિર્જરા કરી છેવટે મોક્ષ જ સાધવાનું ધ્યેય હોય.

## સંવર અને નિર્જરા મોક્ષગામી હોવાં જોઈએ

ચૌદ રાજલોકમાં કોઈ એવો જીવ નથી કે દરેક સમયે નિર્જરા નથી કરતો; જેમ વધુ અધમ ગતિ તેમ નિર્જરા વધારે. જેટલાં દુઃખ ભોગવે તેટલા કર્મ તૂટે.ભોગવ્યા પછી તે કર્મ ન રહે; ભોગવી લીધા બાદ તે કર્મ નાશ પામે. કોઈ પણ ગતિ એવી નથી જેમાં કર્મનો ભોગ ન હોય. સર્વ ગતિ અને સર્વ અવસ્થામાં નિર્જરા થાય છે. દરેક ગતિ, જાતિ, અવસ્થામાં નિર્જરા રહેલી છે. પરંતુ તેનું ધ્યેય ક્યું? દેવપણાને પામેલો જીવ નારકીના કર્મનો આશ્રય ન કરે. એટલે તે નરકગતિથી રોકાયો. એ જ પ્રમાણે નારકીના જીવના દેવગતિના કારણભૂત કર્મ રોકાયાં, પણ તેથી એનું વળ્યું શું? એટલા માટે કર્મભોગના કારણે સંવર કે નિર્જરા થયા છતાં ધ્યેય સિદ્ધિ માટે ઉપયોગ એટલે કે સતત જાગૃતિ ન હોય તો જિનેશ્વરના શાસનમાં તેવાં સંવર-નિર્જરા વક્તવ્ય એટલે કે ઉપદેશ કરવા યોગ્ય ગણાય નહિ. મોક્ષના ધ્યેય વગરનાં સંવર-નિર્જરા થતાં હોય તો પણ એવાં સંવર-નિર્જરા જૈન શાસનની છત્રછાયાને અનુકૂળ ગણાય નહીં. એટલે અહીં પ્રયોજન જ મુખ્ય મુદ્દો થયો. આનો અર્થ એમ સમજવો કે મોક્ષરૂપી પ્રયોજન સિદ્ધ કરનાર સંવર હોય, નિર્જરા હોય તો જ તે જૈન શાસનનું વક્તવ્ય કહેવાય. જૈન શાસનનું સાધ્ય તરીકે વક્તવ્ય, મોક્ષના ઉદ્દેશથી જે સંવર નિર્જરા હોય તે જ ગણાય. દેવતાને

નારકીના આશ્રવો ન થાય, નારકીને દેવતાના આશ્રવો ન થાય, તેમાં જૈન શાસનને અવકાશ નથી. દેવતાને વિકલેન્દ્રીનો આશ્રવ રોકાય તે તો ગતિના વિશિષ્ટ સ્વભાવથી રોકાય, નહીં કે મોક્ષના ઉદ્દેશથી. મોક્ષના ઉદ્દેશથી, ધ્યેયથી એ નિર્જરા નથી, માટે પ્રયોજન નક્કી થવું જોઈએ.

**જાત અનુભવ પછી જ ઉપદેશ શોભે**

પોતાને જે રસ્તે જવું નથી અથવા પોતે જેનો જાત અનુભવ કર્યો નથી એ રસ્તે બીજાને જવાનું કહેવાનું શી રીતે બને ? અને પોતે એ રસ્તે ચાલ્યા વગર બીજાને ચાલવાનું કહેવા જાય તો તે ડાહી સાસરે જાય નહિ ને ગાંડીને શીખામણ દે, એના જેવું હાસ્યાસ્પદ થાય. પોતે મોક્ષને રસ્તે પ્રયાણ કર્યુ ન હોય તો બીજાને એનો ઉપદેશ કરે શી રીતે ? મોક્ષ આવો કપરો, ઊંચો - એ વચન કોના મુખમાં શોભે ? જે આપત્તિ સહન કરી મોક્ષમાર્ગે આગળ વધે તેવાને મોઢે મોક્ષનો ઉપદેશ શોભે. બીજો એવો ઉપદેશ કરવા જાય તો તે ઊલટું એના માટે અશોભા રૂપ જ બને. વેશ્યાના મુખમાં સતીનો ઉપદેશ કેમ કરી શોભે ? આ વાત લક્ષમાં લેશો ત્યારે સ્વયં પરિહારનો માર્ગ ગ્રહણ કરવાનું જ સૂઝે. અને તેથી પાપનો ત્યાગ કરવા માટે આપણે જગતને જણાવીએ તે પહેલાં પોતે જ એનો પરિહાર કરીએ. જેઓ પોતે પાપના પરિહારવાળા હોતા નથી તે બીજાને પરિહારનો ઉપદેશ કરવાવાળા થાય તેને 'मा साहसी' પંખીની ઉપમા આપે છે. વાઘના દાંત પોલા હોય, એ માંસાહાર કરે એટલે વચમાં માંસના કકડા લાગેલા હોય. તે માંસ કોઈ પંખી હિંમત કરીને લઈ આવે અને પછી બીજાને કહે કે 'मा साहसं' -ભાઈ ! વાઘના મોમાંથી માંસ લઈ લેવાનું જોખમ ન ખેડતો. કેવી મજાની શીખામણ ! પોતે તો વાઘના મુખમાંથી માંસ હિંમત કરી લઈ આવે છે, અને પછી બીજાને એવું સાહસ કરવાની ના પાડે છે. પણ તેની કિંમત કેટલી? પોતે જિંદગીનું સાહસ ખેડી રહ્યો છે, અને બીજાને ઉપદેશ કરવાનું

ડોઢડહાપણ કરે છે! પણ તેથી પરિણામ શું આવે? એ જ રીતે ઉપદેશ દેનાર પોતે તો આળસ, લોભ, લાલચમાં તણાઈ જતો હોય અને પછી બીજાને ઉપદેશ આપે કે - આત્માનું સ્વરૂપ વિચારો, તો તે ઉપદેશની કિંમત કેટલી? પોતે શાસ્ત્રનો જાણકાર છતાં આત્માના સ્વરૂપને ખ્યાલમાં ન લે, અને વિષય - કષાયમાં ઊતરી જાય અને પછી બીજાને ઉપદેશ કરવા જાય તો તેનો ઉપદેશ કામ ન જ કરે. મતલબ કે જે સ્વયં મોક્ષને રસ્તે પ્રયાણ કરનાર અને તે માટે રાજ્ય કુટુંબ અને સુખનો ભોગ આપનાર હોય તે જ બીજાને એનો ઉપદેશ આપી શકે.શાસ્ત્રરચના અને શાસ્ત્રોપદેશનું સાધ્ય એટલે પ્રયોજન મોક્ષ. તેનો જ સાચો વાસ્તવિક અસરકારક ઉપદેશ જો કોઈ આપી શકે તો તે માત્ર મોક્ષના માર્ગે જનાર અને એ માટે સુખાદિનો ભોગ આપનાર હોય તે જ એવો ઉપદેશ આપી શકે. આ રીતે છત્રછાયા, વક્તવ્ય અને પ્રયોજન એ ત્રણની વિચારણા થઈ.

**આત્માને સાધવા માટે ભયનાં સ્થાનકોથી હમેશાં દૂર રહેવું**

હવે રીતિનો વિચાર કરીએ. રીતિ કઈ? સંવર અને નિર્જરા જે રીતિએ સધાય તે રીતિ. શૂરો સરદાર કદી પણ શત્રુથી ડરીને ભાગે નહિ. એ તો શત્રુના ટોળામાં પેસી જઈને જીતી આવે. પણ આ તો દુન્યવી શૂરાતનની વાત થઈ. જે આત્મધર્મમાં શૂરો હોય તે પહેલાં બંધનાં કારણોમાં જાણી જોઈને ધસે અને પછી કર્મબંધથી નિરાળો થવાનો પુરુષાર્થ કરે, એ સાચી રીતિ નથી. પાણીમાં ડૂબવા છતાં જે બચે તે ભાગ્યશાળી ખરો. પણ ભાગ્યની પરીક્ષા કરવા કોઈ પાણીમાં ડૂબે તો તે શાણો ગણાય ખરો? કોઈ માણસ પાણીમાં પડી ગયો, પાણી પી ગયો અને બેભાન બની ગયો. એટલામાં કોઈકે એને મરતાં પહેલાં વખતસર બહાર ખેંચી કાઢ્યો, અને ઉપચારો કરીને જીવાડી દીધો. એ જોઈ લોકો એના ભાગ્યને વખાણવા લાગ્યા, અને તેને ધન્યવાદ આપવા લાગ્યા. પણ એનો અર્થ એવો થોડો જ થાય કે ભાગ્યની પરીક્ષા માટે માણસે

ઊંડા પાણીમાં ડૂબવું ? એવી રીતે સ્થૂલિભદ્ર સરખા અગ્નિમાં રહ્યા છતાં બળ્યા નહિ, માટે એ જોઈને બીજાએ પણ એવી અગ્નિમાં ઝંપલાવવું એ ડહાપણ ભરેલું ન ગણાય. આનો અર્થ એ થયો કે આત્માને સાધવા માટે હમેશાં ભયનાં સ્થાનકોથી દૂર રહી બચો. અને આ રીતે દૂર રહેવા છતાં એવા તૈયાર રહો કે કદાચ ભયના સ્થાનકમાં જઈ પડો તો પણ નિર્ભયતા ટકાવી શકો તેમ આત્માને કેળવો. પાણીના ઉપદ્રવથી બચતા ચાલો અને ભાગ્યયોગે એવો ઉપદ્રવ આવી જ પડે તો એનો સામનો કરવા માટે પણ તૈયાર રહો. આત્મધર્મી શૂરાનો આ જ રાહ છે. આ જ મોક્ષની રીતિ સમજવી.

**અરિહંતના શાસનના સિદ્ધાદિક નમસ્કરણીય**

મંગળ એટલે છત્રછાયા, અભિધેય એટલે વક્તવ્ય, સાધ્યસંબંધ એટલે પ્રયોજન અને સંવર-નિર્જરાનો માર્ગ એટલે રીતિ. ભગવાન સુધર્માસ્વામીજી ચારે વાતો નક્કી કરે છે. છત્રછાયા કોની? સમકિતી જીવો બીજાની છત્રછાયા માને જ નહિ; પંચપરમેષ્ઠીની છત્રછાયા જ માને. કબૂલ, પણ પંચપરમેષ્ઠીમાં પ્રથમ કોણ? સિદ્ધો અરિહંતના શાસનના. આચાર્યો, ઉપાધ્યાય, સાધુ પણ અરિહંતના શાસનના. જેમ વક્તવ્ય, સાધ્ય રીતિ-એ ત્રણ છત્રછાયા ઉપર આધાર રાખે, તેમ ચારે પરમેષ્ઠી અરિહંત ઉપર આધાર રાખે. એટલે કે અરિહંતના શાસનના સિદ્ધાદિક ચારે નમસ્કાર કરવા લાયક. આમ હોવાથી પંચપરમેષ્ઠીમાં પ્રથમ નંબર અરિહંત મહારાજાનો ગણ્યો. ખોરાક-આહારસૂચક શબ્દથી જગતમાં કોઈ અજાણ્યું નથી, તેમ જૈન કોમમાં 'નમો અરિહંતાણં' પદથી કોઈ અજાણ નથી.

**અરિહંત પદમાંની છ વાતો**

અર્થ ન સમજીએ ત્યાં સુધી નમો અરિહંતાણં બોલીએ છતાં તે તૂંબડીમાં કાંકરા જેવું ગણાય. તૂંબડીની અંદર ખડ-ખડ-ખડ અવાજ

થાય, પણ અંદર હીરા, મોતી કે કાંકરા હોય તો ગમે તેનો અવાજ સરખો છે. માટે ખડ-ખડ અવાજ ઉપરથી અંદરની વસ્તુનો, નિર્ણય ન થઈ શકે. એ જ રીતે કોઈ પણ શબ્દનો અર્થ ન સમજીએ ત્યાં લગી એનો મહિમા ન સમજાય. અહીં અરિહંત પદ કહ્યું તેમાં છ વાત જણાવી. (૧) અરિહંતપદમાં ઈંદ્રાદિક સકળ દેવો અષ્ટ પ્રાતિહાર્યરૂપી મોટી પૂજા કરે છે; જેઓ તેવી પૂજાને લાયક તે અરિહંત. (૨) જેમણે સર્વજ્ઞપણું મેળવ્યું છે. (૩) જેમણે પરિગ્રહ ને આરંભ છોડ્યા છે. (૪) જે અરહિંત કોઈ પણ જગો પર મમત્વભાવ રાખતા ન હોય.(૫) જેઓ આઠે કર્મરૂપી શત્રુને મારવાના-હણવાના સ્વભાવવાળા. આમ આ પાંચ વાત થઈ, હવે છેલ્લી વાત કહે છે : (૬) કર્મનો કાંટો જેમનો સર્વથા નીકળી ગયો હોય; તેથી જે સંસારમાં જન્મ-જરા-મરણ કરવાના ન હોય. આમ છ વાતો અરિહંત ભગવાનને અંગે જણાવી ગયા. આ બધાનું તત્ત્વ શું? દેવતાઓ પૂજા કેમ કરે છે? એ શું કંઈ આગલા ભવના સગા થાય છે? સૌધર્મેન્દ્ર ને ચમરેન્દ્ર ને કોણિક રાજા પહેલા ભવના સંબંધી હતા તેમ ઈંદ્રો અરિહંતના પહેલાંના સંબંધી છે કે પૂજે છે? ના. સંબંધ કે સગપણથી તેઓ પૂજતા નથી. તેઓ પૂજા કરતા હોય તો એક જ મુદ્દાથી : તીર્થંકરો મોક્ષમાર્ગને પ્રવર્તાવનાર હોવાથી; આવો સર્વકલ્યાણકર માર્ગ પ્રવર્તાવવાની અનેક જિંદગીની તેમની ભાવના હોવાથી; અને એવું તીર્થંકર નામકર્મ બાંધેલું હોવાથી દેવતાઓ તેમની પૂજા કરે છે. પણ દેવતાઓ કે ઈંદ્રો આવી પૂજા ક્યારે કરે છે? કેવળજ્ઞાની થાય ત્યારે. તે પહેલા જન્મ સમયે અભિષેક મહોત્સવ કરે, પણ આઠ પ્રાતિહાર્ય રૂપ પૂજા તો કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી જ કરે, તે પહેલાં નહિ. વળી દીક્ષાને વખતે પણ બધો આડંબર કરે, પણ આઠ પ્રાતિહાર્યરૂપ પૂજા તો સર્વજ્ઞપણું પ્રાપ્ત થયા પછી જ કરે. આ પ્રસંગે એ પણ ધ્યાન રાખવું કે સર્વજ્ઞ થવા માત્રથી પણ આઠ પ્રાતિહાર્યરૂપ પૂજા દેવો કે દેવેન્દ્રો નથી કરતાં. એ માટે તો સર્વજ્ઞત્વની સાથે તીર્થંકરપણું તીર્થપ્રવર્તકપણું પણ

જોઈએ જ. નહીં તો, તો સામાન્ય કેવળીઓ-સર્વજ્ઞોને પણ આઠ પ્રાતિહાર્યરૂપ પૂજાનો સંભવ રહે. પણ વસ્તુસ્થિતિ એમ નથી. સર્વજ્ઞપણું બીજા જીવોને, સ્વલિંગની જેમ અન્ય લિંગે કે ગૃહી લિંગે પણ થાય. પણ ભગવાન જિનેશ્વરોને તો સાવદ્યના ત્યાગી થયા સિવાય કેવળજ્ઞાન ઊપજે નહિ. વળી તીર્થંકરો સ્વલિંગે જ સિદ્ધ હોય.

**તીર્થંકરનું સ્વલિંગપણું છતાં કલ્પાતીતપણું**

**પ્રશ્ન** - એક બાજુ તીર્થંકર સ્વલિંગી કહેવાય અને બીજી બાજુ કલ્પાતીત, એ બે વિરુદ્ધ વસ્તુ વાજબી કેમ થાય ?

**ઉત્તર** - સ્વલિંગ એટલે ઓઘો- મુહુપત્તિ વગેરે ઉપકરણો લઈએ તો તીર્થંકર કલ્પાતીત સમજવા; એમને એ ઉપકરણોની જરૂર ન હોય. પણ સર્વ સાવદ્યના ત્યાગની એટલે ગૃહસંસારના ત્યાગની અપેક્ષાએ તેઓ સ્વલિંગે સિદ્ધ હોય. રજોહરણ વગેરે લિંગની અપેક્ષાએ તેઓ કલ્પાતીત ખરા, છતાં કોઈ પણ તીર્થંકર ગૃહસ્થપણામાં કેવળજ્ઞાન પામનાર હોય જ નહિ. તીર્થંકર ભગવંતો સ્વલિંગે સર્વ સાવદ્યની વિરતિથી, સંસાર ત્યાગથી કેવળજ્ઞાન પામનાર હોય માટે પરિગ્રહ રહિત હોય. આ રીતે વિચારતાં તીર્થંકર ભગવંતમાં સ્વલિંગપણું અને કલ્પાતીતપણું એ બન્ને અવિરુદ્ધ ભાવે રહી શકે છે.

**'શેઠ સામાયિકમાં અને મન ઢેડવાડે' જેવું હોય તો શો દાડો વળે ?**

શેઠ વ્યવહારથી સામાયિક કરે છે, પણ મનમાં-અંદર ઢેડને ત્યાં ઉઘરાણી જવું છે, અમુક કામ કરવું છે, એવો વિચાર કરે છે. છોકરાની વહુ અવધિજ્ઞાનવાળી છે. કોઈ આવીને પૂછે છે કે તમારા સસરા ક્યાં છે ? તો વહુ જવાબ આપે છે કે, અત્યારે એ ઢેડવાડે ગયા છે. સામાયિક પુરું થતાં સસરા વહુને પૂછે છે : વહુ, તમે આમ કેમ ઉત્તર આપ્યો ? વહુ નમ્રતાપૂર્વક કહે છેઃ અપરાધ લાગે તો ક્ષમા કરશો. સાચી હકીકત જાણીને દુઃખ ન લગાડો તો કહુ. સમ્યકત્વના બારણે ઊભેલા માણસ

પોતાની ભૂલ સ્વીકારવામાં કે સમજવામાં આવેશમાં કે ક્રોધમાં ન આવે; નહીંતર સમકિતનું મીડું સમજવું. સસરા અને વહુ બન્નેની સ્થિતિ સમકિતીની હતી, એટલે સસરો લોભમાં ગયો છતાં મારગથી નથી ગયો. અને તેથી તેણે વહુને સાચી વાત જણાવવાની અનુમતિ આપી; ત્યારે વહુએ કહ્યું: તમે સામાયિકમાં ફલાણા નામનો ઢેડ તમારો ઘરાક છે, તેની પાસેથી આટલા રૂપિયા લેવાનો વિચાર કરતા હતા કે નહીં? તમારું મન એવો વિચાર કરતું હોવાથી મેં જવાબ આપ્યો કે મારા સસરા અત્યારે ઢેડવાડે ગયા છે. શાણા માણસ સાચી વાતના સ્વીકારમાં ક્ષણવાર વિલંબ કરનારા ન હોય. શેઠે વહુની વાતનો સ્વીકાર કર્યો અને કહ્યું કે તમે જે કહ્યું તે વાજબી કહ્યું હતું. આમ શેઠ સામાયિકમાં ને મન ઢેડવાડે જેવું હોય તો શો દાડો વળે?

**કર્મશત્રુને હણનાર ભાવની જ ખરી કિંમત છે**

જેમને કોઈપણ જગોપર - શરીરમાં, શાસનમાં, શાસનના ધોરી પુરુષોમાં - મમત્વભાવ નથી, અને મમત્વભાવ વગરના છતાં જેઓ કર્મશત્રુને હણવા માટે નિર્મમત્વપણું ઉપયોગમાં ન લે તે રાજેશ્વરી હોય છતાં નરકેશ્વરી સમજવા. તપ કરેંગે, રાજા હોવેંગે એવો વિચાર જ્યાં હોય ત્યાં તપ કરવા પૂરતો શરીર કે જીભ ઉપરનો મમતાભાવ છોડ્યો ખરો, પણ એ ભાવ છોડવાની પાછળ મમતાભાવ છોડાય તેની કિંમત નથી. પણ ખરી કિંમત તો કર્મશત્રુને હણનાર ભાવની છે. એક દાખલો સમજો: શરાફ વ્યાજે રૂપિયા આપે છે. એ રૂપિયા આપે છે એ સાચું, પણ એ રૂપિયા આપવામાં એ મમત્વનો ત્યાગ નથી કરતો, પણ વ્યાજ ઉમેરીને વધુ રૂપિયા મેળવવા માટે, એ તો સરવાળે વધુ મમત્વભાવનું સેવન કરે છે. એમાં એની ત્યાગની વૃત્તિ નથી પણ વધુ મેળવવાની લોભ-લાલચની વૃત્તિ છે. એ જ રીતે જે સંયમ કે જે તપ, એ વસ્તુ પરભવમાં વધુ મેળવવા માટે કરાતો હોય, સ્ત્રી-પુત્ર પરિવાર કે સંપત્તિ માટે કરાતો હોય તેમાં મોક્ષમાર્ગને લાગે વળગે

નહિ. મતલબ કે કર્મ હણવાના મુદ્દાથી છોડાતી મમતાને જ જૈન શાસન સાથે લાગે વળગે છે. આઠે કર્મહણનાર-એમ જે કહેવામાં આવે છે તેનો મુદ્દો પણ સમજવાની જરૂર છે. કોઈ પણ નારકી જાતિ કે જીવના ૧૪ ભેદમાંથી એકે ભેદ એવો નથી કે જે દરેક સમયે આઠ કર્મ ન તોડતો હોય. જીવ ભોગવે છે કેટલાં કર્મ? આઠ ભોગવે છે. ભોગવે એટલે તોડયાં. પણ આ રીતે આઠ કર્મ તોડવામાં કંઈ મોટાઈ નથી. ત્યારે કેવી રીતે આઠ કર્મ તોડે તેમાં મહત્તા? મોક્ષના ઉદ્દેશથી કર્મો તોડાય તેમાં મહત્તા છે. જેઓ એવી રીતે મનને મનાવતા હોય કે - મેં મુનીમજી પર ક્રોધ કર્યો, તેથી મોહનીયકર્મ તૂટ્યું, ક્રોધ ન કર્યો હતે તો મોહની તૂટતે ક્યાંથી? આવી આવી વાતો કરતા હોય એવા સ્વાર્થડાહ્યાનું અહીં કામ નથી. કઈ રીતિએ કર્મ તૂટવાં જોઈએ? નવાં ન બંધાય એ રીતે તૂટવાં જોઈએ. મતલબ કે આઠે કર્મ એવી રીતે તુટવાં જોઈએ કે જેથી સંસારમાં જન્મ લેવાનો રહે નહીં. આમ થાય તો જ કર્મશત્રુને હણ્યો કહેવાય. આ રીતે કર્મને સર્વથા દૂર કરનાર સુધીના અરિહંતના છ અર્થો કરીને આવા અરિહંતની છત્રછાયામાં સહુએ રહેવાનું છે.

**કડાઈમાંનો કડછો દૂધનો સ્વાદ શું જાણે?**

દૂધ ઘણું સુંદર હોય, તેમાં ચોખા, એલચી, બદામો, સાકર, પસ્તા નાખીને આખી કડાઈ ભરી હોય, પણ તેથી કડછાને શું? દૂધમાં કડછો ફર્યો તેમાં તેને કેટલો સ્વાદ આવવાનો? એ રીતે ધર્મમાર્ગનો પોતે સ્વાદ લેનાર ન હોય તે કડછાની પેઠે આખી કડાઈમાં ફરે છતાં તેનું કંઈ વળે નહિ. અરિહંત ભગવાન દેવતાને પૂજ્ય, સર્વજ્ઞ, મમતા-આરંભ-પરિગ્રહ-રહિત, કર્મને હણનારા, મોક્ષ પામનારા એ બધું ખરું, પણ એ ગુણો માટે જીવ પોતે પ્રયત્ન ન કરે તો આ બધા કડછા જેવા નીવડે. તે માટે કહેવું પડ્યું કે જેઓ અરિહંતને આરાધવા માગતા હોય તેમનું ધ્યેય સિદ્ધપણાનું હોવું જોઈએ. અમારે કર્મથી મુક્ત થવું છે, તરવું છે, સંસારથી પાર ઊતરવું છે, એવું ધ્યેય રાખીને જ અરિહંતનાં

પૂજા વગેરે કરવાં જોઈએ. જેનું ઉત્કૃષ્ટ મંગળની પ્રાપ્તિનું ધ્યેય ન હોય, તરવાનું ધ્યેય ન હોય તે જિનેશ્વરને નમસ્કાર કરતો હોય' તો પણ વાસ્તવીક ફળ પામી શકે નહીં.

**વર વગરની જાન જેવી દશા**

પ્રાચીન કાળમાં લગ્ન કરવાં જતાં ત્યારે વેલ (વરને બેસવાનો રથ) અને ગાડાં દોડાવતા. વરની વેલ વાડ વગરની અને બીજા બધાનાં ગાડાં પૂંઠિયા વગરનાં હોય. વરની વેલ ચારે બાજુ ખુલ્લી. વેલ દોડી, ઊથલી અને વર પડ્યો ખાડામાં. પણ પેલા ગાડામાં બેઠેલા જાનૈયાને કોઈને એનો ખ્યાલ નથી. દોડનો છેડો ક્યાં ? વેવાઈનું ઘર કેટલે હોય ? વાત કરતાંમાં વેવાઈને ઘેર પહોંચ્યા. વેવાણ તિલક કરવા આવી. પણ તિલક કોને કરે ? વરરાજા તો ત્યાં છે નહીં ! તો એ ક્યાં છે ? જાનૈયા ઊભા છે તેનાં મોં ઉપર કેવી છાયા વળી ગઈ ? વેલમાંથી વર ખાડામાં પડ્યો, જાનૈયાનાં મોં શ્યામ થયાં. એ રીતે જો કર્મક્ષય ક્ષયોપશમ ઉપશમ સિદ્ધિરૂપ સાધ્યને ચૂકે તો પેલા જાનૈયા જેવી એની દશા થાય. માટે અરિહંતની છાયામાં આવો. એમના ગુણોનું અનુકરણ કરનારા થાવ. વીશ સ્થાનકનો તપ કરનારા હોય છતાં જો વરરાજા હાજર ન હોય તો ખાડામાં પડેલા વરના જેવી ભૂંડી દશા થાય. માટે બીજા પરમેષ્ઠીને સાધ્ય તરીકે રાખીને અરિહંતની આરાધના કરવી. ધર્મકરણીનું સુકાન,હોકાયંત્ર, દૃષ્ટિબિન્દુ જે કહો તે નમો સિદ્ધાણં સમજવું

**કર્મની સજામાંથી કોઈ પણ ન છટકી શકે**

દુનિયામાં ડગલે ને પગલે સિદ્ધ પુરુષો છે. સારી મિલકત હોય તે સિદ્ધ; અક્કલવાળો થયો તો કે સિદ્ધ. આવા સિદ્ધને નમસ્કાર કરાવવો છે ? અહીં ક્યાં સિદ્ધો લેવા ? તે સમજો. જેઓ સર્વ કર્મનો ક્ષય કરી સંસારમાંથી બહાર નીકળી ગયા હતા તેવા સિદ્ધોને નમસ્કાર કરવાનું

કહું છું. પ્રથમ નિરુક્ત અર્થ જણાવું છું. અરિહંતપદ લોકોત્તર માર્ગમાં રજિસ્ટર છે. કોઈ મતમાં તીર્થંકર નામકર્મ માનેલું નથી. લોકોત્તર માર્ગ સિવાય તીર્થંકર નામકર્મ માનવામાં આવ્યું નથી. લૌકિક માર્ગમાં તીર્થંકર નામકર્મ ન હોય. સિદ્ધપણું લોકોત્તર માર્ગમાં રજિસ્ટર થયું નથી. આસ્તિકમાત્ર સિદ્ધને માનનારા છે. મોક્ષે જવાનું કોણ નથી માનતા? જૈન, શૈવ, વૈષ્ણવ, સાંખ્ય નૈયાયિક, વૈશેષિક બધા મોક્ષને માનનારા છે. આ દરેક આસ્તિકો સિદ્ધપણું માનનારા હોવાથી વ્યુત્પત્તિથી ન દેખાડતાં નિરુક્તથી અર્થ બતાવે છે. સિ એટલે દરિયો નહીં. સિ થી સિતમ્-ધોળું અર્થ નથી લેવાનો. બદ્ધ એટલે જે બંધનો. આત્માને કર્મના બંધનો એવાં છે કે સંસારમાં રહીને એમાંથી કોઈ છૂટ્યો નથી, છૂટતો નથી. સંસારમાં ભટકવાવાળા હોય ત્યાં સુધી કોઈ બંધનમાંથી છૂટતો નથી. આઠે પ્રકારનાં કર્મ એ જ બંધન. દુનિયામાં રાજ્યની સજા જેલ હોય, તેમાંથી માણસ યુક્તિ-પ્રયુક્તિથી છટકી શકે છે. ફાંસીમાંથી પણ જો છટકી શકાય તો શેઠિયાની, પટેલિયાની સજામાંથી છટકવું તેમાં કેટલી વાર? આવી બધી દુન્યવી સજામાંથી છટકી શકાય, પણ એકની સજા એવી કે તેમાંથી ચક્રવર્તી કે વાસુદેવ તો ન છટકી શકે, પણ તીર્થંકરો પણ ન છટકી શકે. જે સત્તાથી તીર્થંકરો પણ બચી શકતા નથી એવી કઈ સત્તા? આઠે પ્રકારનાં કર્મની. આ આઠે કર્મોની સત્તા એવી અચૂક છે કે એની સત્તામાંથી બચી શકાતું નથી. ક્ષપક શ્રેણીનો આરંભ કરી મહાવીર મહારાજે ચારે ઘાતી કર્મને ઉડાવી દીધાં છતાં વેદની કર્મે કરેલી જે વેદનાની સજા, તેમાંથી મહાવીર મહારાજા પણ છૂટી ન શક્યા, અને તેથી છ મહિના સુધી લોહીખંડાની વેદના સહન કરવી પડી. આ બધું કર્મના ઉદયને લીધે જ સમજવું.

**બળેલાં કર્મ જ ફરી ન ઉગે**

આઠે પ્રકારનું કર્મ એ જગતના જીવોને બંધન. તે તોડવું શી

રીતે? હાથીને પગે સાંકળ બાંધી હોય, તેમાંથી એક અંકોડો છૂટો કરીએ તો હાથી છૂટી જાય. એટલે એને બાંધવો હોય તો એક જ અંકોડો સંભાળવાનો તેને માટે કહે છે. કેવી રીતે આઠે પ્રકારનાં બંધનો જીવ તોડે છે? નીતિશાસ્ત્રમાં જોઈશું તો શત્રુ, પાણી, હવા, અગ્નિના ઉપદ્રવો કહ્યા છે. તેમાં ક્યો ઉપદ્રવ ખસેડવો મુશ્કેલ? પાણીમાં વહી ગયેલું બીજ બીજાને કાળાંતરે પણ મલે. ત્યાં તો જાવક તેવી આવક. પણ આ બધામાં અગ્નિ એવી ચીજ, જેમાં કંઈ પણ નામ-નિશાન રહે નહિ. જૂનાં જૂનાં શહેરો ખોદતાં કંઈક નીકળે, પરંતુ લંકામાં ખોદતાં શું નીકળે? બળી ગયું તેમાં શું નીકળે? એ રીતે આ કર્મનાં બંધનોને દાટો તેથી કાયમી શ્રેય નહિ થાય. ૧૧ મે ગુણઠાણે એને દાટ્યાં હતાં પણ પાછાં નીચે ઉતાર્યા. ૧૪ પૂર્વી થયા, દાટી દીધાં હતાં. પણ દટાયેલાં કર્મો ૧૪ પૂર્વીને પાછો ધક્કો મારે છે. ઋજુમતિને દાટેલા કર્મો ધક્કો મારે છે. એટલે કર્મોને દાટ્યાના ભરોસે જવાનું નથી. એને તો બાળીને રાખ કરીએ તો જ કામ બને. ધુમાડામાં હજુ કંઈ પણ બળવા લાયક રહે છે. રાખોડામાં કંઈ પણ બળવા લાયક રહેતું નથી. તેથી મોક્ષાર્થી જીવ આઠે પ્રકારનું કર્મ ધમી નાખે છે, બાળીને ભસ્મ કરી નાખે છે. સોનાને, તાંબાને, કલાઈને બાળીને ભસ્મ કરે છે. ભલે એ ભસ્મ સોનું, તાંબુ, કલાઈ ન ગણાય, પણ ગુણ સોના, તાંબા, કલાઈનો ન ખસે. ધાતુ બાળેલી પણ પોતાના ગુણને ન છોડે. લાંકડું બાળ્યું એટલે તેનો ગુણ જ નહિ. આઠે પ્રકારનાં કર્મોરૂપી બંધનો લાકડાં જેવાં. તેને બાળી નાખ્યા. વાતોમાં વડાં ન થાય. શેઠની વાદે મિયાંએ ચડસ કર્યો તેનું પરિણામ શું આવ્યું તે સમજો:

**ચડસ કરવાનું માઠું પરિણામ**

એક મિયાં શેઠિયાનો ચડસ કરે, તેની સાન ઠેકાણે લાવવા શેઠે યુક્તિ ગોઠવી, અને પોતાના મુનિમને મિયાં સાંભળે તેમ હુકમ કર્યો કે આપણે ચાર નોકર રાખી લેજો. મિયાંએ દસ રાખ્યાં શેઠે વીસ રાખવાનું

કહ્યું તો મિયાંએ ત્રીસ રાખ્યા. શેઠે ચાલીસનું કહ્યું તો મિયાંએ એકસો નોકર રાખવાનો હુકમ કર્યો. પણ શેઠ તો આટલા રાખ ને તેટલા રાખ એમ મોઢેથી જ બોલે; અને મિયાં તો પૈસા ખરચી ખરચીને રાખતા જાય. એમ કરતાં કરતાં મિયાંની તિજોરીનું તળિયું આવી રહ્યું અને શેઠને ખબર પડી કે હવે ભાઈ ચોખ્ખા થાય છે. એટલે એણે વાણિયા મૂછ નીચી કરીને કહ્યું કે હવે આપણે ૧૦૦ શું કરવા છે ? મિંયાનું ઘર વેચાઈ ગયું. વાણિયા મૂછ નીચે ખરી, પણ પેલાને ભીખ માગતો કર્યો. એટલે વગર સમજ્યે માત્ર દેખાદેખીથી ચડસ કરવો એ નકામો છે.

**ધ્યાનરૂપી અગ્નિથી કર્મરૂપી કાષ્ઠ બળે**

'તારું ઘર બળી જજો' એમ કહ્યું ખરું, પણ ગોશાળો બળવાથી ડરવા લાગ્યો. અંગારા નાખી ગૌશાળા સરખા બાળવાના નામે ડરાવતા હતા. પણ અમે બાળી નાખીશું એમ કહેવા માત્રથી કંઈ ન વળે; બાળવાની તાકાત જોઈએ. સાચું જ કહ્યું છે કે ભસતા કૂતરા કરડે નહિ. બાળવાની તાકાત વગર બાળવાની વાતો કરવી એ નકામી. માટે તાકાત તો બતાવો કે તમે ક્યે રસ્તે આમ બોલો છો ? दग्धं કર્મને બાળવા માટે શુકલ ધ્યાનરૂપી અગ્નિ. જગતની વસ્તુ અગ્નિથી, શ્રાપથી, ક્રોધથી બળશે. દ્વારિકા દેવતાએ બાળી. શ્રાપે કંઈકને સળગાવી દીધા. પરંતુ કર્મનાં બંધનો તો નથી શ્રાપે બળતાં કે નથી દેવતા કે તેજોલેશ્યાના પ્રભાવથી બળતાં. કર્મકાષ્ઠને બાળવાની તાકાત જો કોઈનામાં હોય તો તે ફક્ત ધ્યાનરૂપી અગ્નિમાં છે.

ધ્યાન એટલે નિશ્ચલપણું : બસ આનું આમ કરવું છે એવો નિશ્ચય. ચોરીનું, જૂઠું બોલવાનું, અને હિંસાનું પણ ધ્યાન ગણાય છે. પણ એ ધ્યાન ભયંકર છે. જેમ સારી વસ્તુ મેળવવાનું ધ્યાન તે નરસી વસ્તુ મેળવવા માટેનું ધ્યાન તે પણ ધ્યાન છે. છતાં આર્ત, રૌદ્ર ધ્યાન એ કર્મઅગ્નિને માટે ઘીની ધાર સમાન છે; આઠ કર્મ બાળવામાં ધ્યાન એ

આહૂતિ છે. ધર્મધ્યાન એ પણ અગ્નિને ઓલવે નહિ, છતાં અગ્નિને વધવામાં તો એ સહાયક નથી જ થતું. પણ 'શુક્લધ્યાનલેન' શુક્લ ધ્યાનરૂપી અગ્નિ એ આઠ કર્મ બાળવામાં સમર્થ છે. મોક્ષ તો શુક્લ ધ્યાનનો ચોથો પાયો આવે ત્યારે જ થાય. જે કદી જળહળતો મંદ ન પડે કે ઓલાય નહિ તેવો શુક્લ ધ્યાનરૂપી અગ્નિ સળગે ત્યારે આઠે કર્મરૂપી લાકડાં બળીને ભસ્મ થઈ જાય.

सितं -ध्मातं - બાંધેલાં આઠે કર્મ જેમણે ધમી નાંખ્યાં છે, તેવા સિદ્ધોને નમસ્કાર. આંબા વગર કેરીની ઈચ્છા સફળ ન થાય, તેમ આઠે કર્મબંધરૂપ લાકડાને ધમવારૂપ સિદ્ધ થવું હોય, છતાં તેનાં સાધનોને ન મેળવાય તો તેમાં કંઈ ન વળે. માટે જે સિદ્ધો થયા એ શી રીતે થયા તે રીત સમજાવવી જોઈએ. તે માટે સિદ્ધપદની વ્યુત્પત્તિ કેવી રીતે કરશે તે હવે પછી જોઈશું.



# દેશના - ૧૯

## સિદ્ધો સંબંધી વિશેષ વિચારણા

વ્યાખ્યાકાર ભગવાન અભયદેવસૂરીશ્વરજી મહારાજ ભગવતીસૂત્રની વ્યાખ્યા કરતાં આગળ જણાવી ગયા છે કે છત્રછાયા, વક્તવ્ય, ધ્યેય ત્યારે જ સિદ્ધ થઈ શકે કે જ્યારે મંગળ, અભિધેય, પ્રયોજન અને સંબંધ બરાબર કહેવામાં આવે. પ્રથમ ગણધર મહારાજાએ છત્રછાયા કોની માની? પંચ પરમેષ્ઠીની. બાળ, વૃદ્ધા, જુવાન, સ્ત્રી, પુરુષ, જ્ઞાની કે અજ્ઞાની, ગ્લાન ગમે તેને દેખો, પણ છત્રછાયા માત્ર પંચપરમેષ્ઠીની. જૈન શાસનમાં પંચપરમેષ્ઠીની છત્ર છાયા વગર કોઈને ચાલતું નથી. તેમાં પણ મુખ્ય કોણ? જેમ છત્રનો મુખ્ય આધાર દાંડો, તેમ પંચ પરમેષ્ઠીમાં મુખ્ય આધાર કોણ? જેમ છત્રને આધાર દાંડાનો, તેમ પંચ પરમેષ્ઠીમાં જો કોઈ આધારરૂપ હોય તો તે જિનેશ્વર અરિહંત મહારાજ. જિનેશ્વર-અરિહંત મહારાજ અર્ધું સાધ્ય સાધવાવાળા : આઠ કર્મમાં એમનાં ચાર પ્રકારનાં કર્મો-ઘાતી કર્મો -નાશ થયેલાં હોય.

**પ્રવચનના મુખ્ય આધાર અરિહંત**

**પ્રશ્ન** - જેમને હજુ અઘાતી એવાં બાકીનાં ચાર પ્રકારનાં કર્મ વીંટાયેલાં જ હોય તેમને દાંડારૂપે ગણવા તે કરતાં સિદ્ધ મહારાજા, જેઓ આઠે કર્મ રહિત છે, તેમને દાંડારુપે શા માટે ન ગણવા ?

**ઉત્તર** - અરિહંતનું સાધ્ય સિદ્ધ પણું જ છે. એ જો સિદ્ધપણું ન

પામતાં હોય તો અરિહંતને અરિહંત ગણીએ જ નહિ. મરણ પછી સિદ્ધિ સિવાય એમની બીજી દશા ન હોય. તેઓ તે જ ભવે સિદ્ધિ ગમનને લાયક હોઈ સિદ્ધિ સિવાય બીજી ગતિ પામે જ નહિ. તેથી જ તેમનું અરિહંતપણું છે. વળી સિદ્ધિમાં ગયેલા જીવ પ્રવચન પ્રરૂપણ વગેરે કરે નહીં, અને અરિહંત જ એ કરી શકે.; અરિહંત સિવાય તત્ત્વનિરૂપણ બીજા કોઈ કરે નહીં, તેથી પ્રવચનના મુખ્ય આધારરૂપ હોવાથી અરિહંતને છત્રના દાંડારૂપ ગણ્યા.

**અવતારમાંથી ઈશ્વર કે ઈશ્વરમાંથી અવતાર ?**

**પ્રશ્ન** - અરિહંતને સાધ્ય જે સર્વકર્મોએ રહિતપણું; એવું સર્વકર્મસહિતપણું તો કેવળ સિદ્ધોને જ છે. તો પછી नमो अरिहंताणं ને બદલે नमो सिद्धाणं એ પદ પ્રથમ કેમ ન કહ્યું ? આઠે કર્મ રહિત તો માત્ર સિદ્ધો જ છે, અને વળી અરિહંતો પણ સિદ્ધોને નમસ્કાર કરે છે.

**ઉત્તર** - આ બધી વાત ખરી. પણ અહીં સવાલ એ કે પ્રથમ અરિહંતપણું કે પહેલાં સિદ્ધપણું ? સિદ્ધ થયા પછી કોઈ અરિહંત થતા નથી. બીજાં દર્શનોમાં અને આપણા જૈન શાસનમાં જે ધ્યાન આપવા યોગ્ય ફરક છે તે સમજો: બીજા ધર્મવાળાઓની માફક અવતાર અને ઈશ્વરને જૈનો પણ માને છે. પણ ફરક એટલો જ કે બીજાઓ ઈશ્વરમાંથી અવતાર માને છે જ્યારે જૈનો અવતારમાંથી ઈશ્વર માને છે. જૈનો અવતારમાંથી ઈશ્વર થાય તેમ માને એનો અર્થ એ કે મલીનમાંથી આત્મા નિર્મલ થાય એમ માને; જ્યારે બીજાઓ ઈશ્વરમાંથી અવતાર માને એનો અર્થ નિર્મળમાંથી મલીન થવાનું માન્યું ગણાય. ઈશ્વરપણું નિર્મળ, અને અવતાર એ મલીન; એથી જેઓ ઈશ્વરમાંથી અવતાર માને એમને આદર્શ તરીકે પુરુષ કોઈ ન રહે. જૈનોમાં અવતારમાંથી ઈશ્વર થયેલો માન્યો છે. આદર્શ તરીકે હોય ત્યારે જ આપણને આલંબન મળે - આદર્શ પુરુષો જ આલંબનરૂપ હોવા જોઈએ. અરિહંતમાંથી સિદ્ધ

થાય. પણ સિદ્ધમાંથી અરિહંત ન થાય. વળી અરિહંતપણું આવ્યા પછી કદી પાછા ફરવાપણું, સંસારમાં પડવાપણું કે કર્મમાં ફસાવાપણું રહેતું જ નથી. અને જગકલ્યાણ તો એવા દેહધારી ઈશ્વર-પરમાત્મા-અરિહંત દ્વારા જ થાય છે માટે તેમને પહેલાં યાદ કર્યાં.

**એક અયોગ્ય સરખામણી**

**શંકા** - જેમ અરિહંતમાંથી સિદ્ધ થવાય, પણ સિદ્ધમાંથી અરિહંત ન થવાય તેથી સિદ્ધપણાથી પહેલાં અરિહંતપણું ગણ્યું. પણ જો પહેલાં અને પછીના ક્રમે સિદ્ધ કરતાં અરિહંતને પહેલાં સંભારવામાં આવે તો સમકિતની પહેલાં મિથ્યાત્વ રહેલું હોવાથી તે પ્રથમ સ્મરણીય અને સારું ગણાવું જોઈએ.

**સમાધાન** - અરિહંત અને સિદ્ધમાં, અરિહંતમાં જગદુપકાર ઉપરાંત આત્મશુદ્ધિ ઉત્તરોત્તર એકાંતપણે વધતી જ રહે છે અને છેવટે તે સિદ્ધિગતિને પમાડીને જ વિરમે છે, તેવું મિથ્યાત્વ અને સમકિતમાં નથી. મિથ્યાત્વ એ તો મિથ્યાત્વ જ છે. એમાંથી પોતામાંથી કંઈ શુદ્ધિનો જન્મ થતો નથી. એટલે અરિહંત અને સિદ્ધની સાથે મિથ્યાત્વ અને સમકિતને પહેલાં અને પછી ન મૂકી શકાય. વળી પૂર્વાપર અવસ્થાનું સરખાપણું પણ એ બે વચ્ચે નથી. મિથ્યાત્વ કંઈ સમકિતનું ઉત્પાદક નથી, જ્યારે અરિહંતપણું એ નિયમેન સિદ્ધપણાનું જનક છે. એટલે આવી સરખામણી કરી શકાય જ નહીં. એ તો અયોગ્ય સરખામણી છે.

**સિદ્ધના દલાલ અરિહંતો**

અરિહંતનું સાધ્ય સિદ્ધપણું. પણ આ અરિહંતપણું મળે કેવી રીતે ? સંસારમાં જન્મ, જરા, મરણ, રોગ, શોકથી હેરાન થતા જીવોને સિદ્ધપણું મેળવવાનો માર્ગ બતાવે અને પોતે પણ તે જ ભવમાં સિદ્ધપણાના ધ્યેયવાળા હોય - એ રીતે સ્વ અને પર ઉભયના ઉદ્ધારક થવાથી અરિહંતપણું મળી શકે. સિદ્ધપણું, સિદ્ધપણું, સિદ્ધપણું -એમ

માત્ર જાપ કર્યા કરવાથી કંઈ સિદ્ધપણું મળી જતું નથી. એ ક્યારે મળે? અરિહંત ભગવાનના શાસન પ્રમાણે માનેલા રસ્તે ચાલવા માટે તૈયાર થાય તો સિદ્ધપણું મળે. અર્થાત્ જે કોઈ સિદ્ધપણું મેળવી શકે તે અરિહંત મહારાજના ઉપદેશથી. તેમના ઉપદેશ સિવાય સિદ્ધપણું મેળવાતું નથી. આમ સિદ્ધપણાના અંગે જ અરિહંતપણાની કિંમત સમજવી. સિદ્ધિના દલાલ અરિહંતોઃ જીવોને સિદ્ધિનો લાભ મેળવી આપનાર દલાલો તે અરિહંતો. ભવ્ય જીવો મોક્ષે જવા લાયક હતા એ ખરું, છતાં એવા જીવોને સિદ્ધિ બતાવે કોણ? અરિહંત મહારાજા. આમ સરવાળે અરિહંતની કિંમત કરતાં સિદ્ધોની કિંમત વધારે ગણવી પડે. પણ માલ ખરીદતાં પહેલાં દલાલને મળવું જોઈએ. વગર દલાલે સોદો પાર પડે નહીં. દલાલ મોતીનો માલ કહી કલચર આપે, હીરા કહીને ઈમિટેશન આપે, સોનું કહી પિત્તળ આપે તો એવો દલાલ ધિક્કારપાત્ર ગણાય, તેમ સાચેસાચી સિદ્ધિનો માર્ગ બતાવે ત્યારે મોક્ષના સાચા દલાલ અરિહંતો ગણાય.

## જન્મ અને કર્મનું અનાદિપણું

સિદ્ધોને ઓળખવા શી રીતે? સંસારીને ઓળખીએ, એટલે સિદ્ધોને ઓળખતાં વાર નહીં લાગે. ભલા, સંસારીને શી રીતે ઓળખવા? જેને અનાદિકાળથી બંધાયેલાં કર્મો હોય તે સંસારી. પણ કર્મો અનાદિથી બંધાયેલાં છે, તેની નિશાની શું? જરા સમજો. કોઈ માણસ દારૂની દુકાને જઈને કહે, વાનગી આપ. એની વાત સાંભળી દુકાનદાર દાંત કાઢવા લાગ્યો. પેલો માણસ ફરી કહે છે, જલદી નમૂનો આપ. દુકાનદાર ફરી જોરથી દાંત કાઢવા લાગ્યો. ઘરાક ચીડાયો. છતાં દુકાનદાર વાનગી આપતો નથી. પણ વાનગી કોની આપવાની હોય? જેની જાત છૂપી હોય તેની જ વાનગીની જરૂર પડે. પણ જેની વાનગી જગજાહેર પડી હોય તેની વાનગીની શી જરૂર? એ દારૂની વાનગીરૂપે તો ચારેકોર કેટલાય માનવીઓ પડ્યા છે. કેટલાક ૧૦ ડગલાં ઉપર

પડ્યા છે, કેટલાક ૨૫, ૫૦, ૧૦૦ ડગલાં પર પડ્યા છે. કોઈ ધૂળમાં આળોટે છે, કોઈ બકવાદમાં મસ્ત છે તો વળી કોઈ ગદ્ધામસ્તીમાં લાગ્યા છે. આથી વિશેષ વાનગીની શી જરૂર કે એ માગવાની હોય. આ જ રીતે અનાદિથી સંસારમાં રખડીએ છીએ તેની વાનગી પ્રત્યક્ષ પડી છે. પછી બીજીની શી જરૂર? જન્મ બધાને સિદ્ધ છે. જન્મ ક્યારે થયો? કર્મ હતાં તો. કર્મ થયાં ક્યારે? જન્મ હતો તો. આમ જન્મ વગર કર્મ નહિ, અને કર્મ વગર જન્મ નહિ. અને જન્મ તો દેખીતો છે, તો પછી અનાદિ માનવામાં શો વાંધો આવ્યો? જન્મ એ સંસારના અનાદિપણાની ચોડાની (જાહેર) વાનગી છે. અનાદિથી જીવ ભટકે છે. તેની વાનગી જન્મ છે. તે પણ ચોડી (ખુલ્લી) વાનગી પડી છે. તે વાનગી દેખી લો, એટલે માલૂમ પડશે કે અનાદિકાળથી દરેક જીવ આઠે પ્રકારનાં કર્મોથી બંધાયેલો છે. એવો જીવ હતો નહિ, છે નહિ અને થવાનો પણ નથી કે જેને અનાદિનાં કર્મો બંધાયેલાં ન હતાં.

**બધાય બંધાયેલા માટે બધાય છૂટા, એમ ન મનાય**

આ ઉપરથી સમજાશે કે સર્વ જીવો અનાદિનાં કર્મથી બંધાયેલાં છે. એમાં કેટલાક ભાગ્યશાળીઓ શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરી સિદ્ધિ મેળવી શકે. અનાદિકાળથી આઠ પ્રકારનાં કર્મો જીવે બાંધેલાં છે. આ તો 'સહુની સાથે મરવું ને વિવાહ જેવું ગણવું' એના જેવું થયું. જ્યાં બધાયને કર્મનો વળગાડ હોય ત્યાં કોઈ કોઈને કહેનાર રહેતું નથી. પણ આનો અર્થ એમ નહીં કે ૧૦૦૦ આંધળા હોય તેથી બધાને દેખતા કહી દેવા. એ જ રીતે બધા બંધાયેલા હોય એનો અર્થ એવો નહીં કે બધા છૂટા ગણાય. દરેક કર્મથી બંધાયેલા છે, પણ છૂટા થવા માટે દરેકે પોતે પ્રયત્ન કરવો પડે છે; અને આવો પ્રયત્ન કરનારા ભાગ્યશાળી જીવો કર્મોને બાળી નાખનારા થાય છે. અહીં બાળી નાખવાની વાત કહી તો શું બાળી નાખવાનું કહ્યું? ગોશાળાની માફક શેરી, મકાન બાળી નાખવાનું કહ્યું? ના. દેશ, ગામ, ઘર, પડોશ બાળી નાખનારનો અહીં કશો હિસાબ નથી. આ તો આઠે

પ્રકારનાં કર્મોને બાળી નાખવાની વાત છે.

**કર્મને બાળનાર શુક્લ ધ્યાનરૂપી અગ્નિ**

બધાય જાણે છે કે, જંગલ, નગર, ગામ, શેરી, ઘર વગેરે તો અગ્નિથી બળે.પણ કર્મ શાથી બળે ? એ કંઈ અગ્નિથી કે ક્રોધથી ન બળે. આત્મમાં જાગેલા શુક્લ ધ્યાનરૂપ અગ્નિથી જ કર્મો બળી જાય. અગ્નિમાં જેમ લાકડાં બળી જાય - અગ્નિનો સ્વભાવ લાકડું બળે ત્યાં સુધી તેને બાળ્યા કરવાનો છે; અને લાકડું પૂરું થાય એટલે અગ્નિ આપોઆપ ઓલાયા સિવાય ન રહે. અહીં પણ એમ જ સમજવું. શુક્લધ્યાનનો અગ્નિ પ્રગટ થયો એટલે એક કર્મ હોય ત્યાં સુધી એને બાળ્યા સિવાય ન રહે. અને કર્મો બળી જાય પછી પોતે પણ ન રહે. જેણે અરિહંતપણામાં ઝળહળતા શુક્લ ધ્યાનરૂપી અગ્નિથી આઠે પ્રકારનાં કર્મો બાળી નાખ્યાં તેનું નામ સિદ્ધ. વ્યુત્પત્તિની અપેક્ષાએ આ અર્થ નથી. નિરુક્ત પ્રમાણે અક્ષર અક્ષરના અર્થો કરીએ તો ''સિ'' એટલે બંધાવું, ''દ્ધ'' એટલે ધમી નાખવું. તેથી જેમ શ્રાવક શબ્દમાં શ્રદ્ધા, વિવેક ક્રિયા લઈએ તેમ અહીં જેણે બંધાયેલું ધમ્યું છે, તેનું નામ સિદ્ધ. ટીકાકાર મહારાજ આ વાત સમજાવતાં કહે છે કે - 'णमो सिद्धाणं' ति सितं बद्धम् - अष्टप्रकारं कर्मेन्धनं, ध्मातं दग्धं जाज्वल्यमानशुक्लध्यानानलेन यैस्ते निरुक्तविधिना सिद्धाः ।

**મોક્ષ માનવાથી સંસાર ખાલી થવાનો નથી**

કેટલાક ભોળા જીવોને ગતાગમ ન હોય તેવાને ભરમાવવાવાળા મળે. શિયાળવા કોને છેતરી જાય ? જેમણે પોતાનાં કાળજાં કોરાણે મૂક્યાં હોય એવાને છેતરી જાય.કાળજા વગરનાને ઠગનારા અવળી વાતો કરીને ઠગી જાય. કર્મ રહિત થવું તેનું નામ સિદ્ધપણું; તેમને નમસ્કાર કરવો યોગ્ય. પણ આ વાત કેટલાકને ન રુચે. ખેતરનો પાક જોઈ ને ગધેડાના પેટમાં દુઃખે અને એ દુબળો પડે. બીજા

તાજા-માજા થાય ત્યારે આવી સ્થિતિને કારણે ગધેડો ચોમાસામાં દુબળો થાય, માતેલો ન થાય. તેમ અહીં સિદ્ધની ઉત્તમતા સમજાવાય તેમાં મિથ્યાત્વીના પેટમાં દુઃખે. અને તે ભરમાવવાનો રસ્તો લે. તે કહે છે કે બધા જીવો મોક્ષે જશે તો સંસારનો છેડો આવશે. જીવ નવો ઉત્પન્ન થવાનો નથી, અને એકેક કરતાં મોક્ષે જશે તો પણ છેવટે તો કોઈ દહાડો એનો છેડો આવશે જ ને ? આમ ધીમે ધીમે એક એક મોક્ષે જતાં સંસારનો છેડો આવશે માટે મોક્ષ સંભવે નહિ, અને તેથી સિદ્ધપણું માનવું નહિ. આમ સિદ્ધને ન માનવાનું કહીને લોકોને ભરમાવે છે, અને સંસારમાં કીડાઓની જેમ ખદબદવાનું કહે છે. પણ આમ કહેનારે એક વાતનો વિચાર કરવો જોઈએ; એક દાખલો સાંભળો. દરિયાકિનારે બે મનુષ્યો ઊભા છે. એકે ટાંકણી દરિયામાં બોળી. ખંખેરીને પાઘડી માં નાખી. એને જોઈને બીજા માણસ કહે છેઃ અલ્યા ! આમ તે કરાય ? મૂર્ખા ! આમ કરતાં દરિયો ખાલી કરીશ. ટાંકણી માં પાણી લાગ્યું કેટલું ને ખાલી કેટલું થયું ? છતાં તેથી દરિયો ખાલી કરીશ એમ કહેનારને મૂર્ખો માનીએ. આ દૃષ્ટાંતની બીજી બાજુ સમજો. દરિયાના પાણી ને ટાંકણી પર લાગેલા પાણી વચ્ચે ફરક શો ? સંખ્યાત ગુણો. આપણા દરિયાની અપેક્ષાએ સંખ્યાતમો ભાગ. તે પાણી જવાથી ગણતરી રહેતી નથી. તો પછી સિદ્ધોને અંગે શાસ્ત્રકારોએ જે કહ્યું તે કેમ ધ્યાનમાં નથી રહેતું ? અનંતા કાળથી જીવો મોક્ષે જાય છે, ગયા છે ને જશે. તે બધા જીવો એકઠા કરીએ અને પાણીમાં લીલફુગ થાય છે, તેમાંથી એક સોયની અણી ઉપર લીલફૂગ લઈએ, અને પછી જ્ઞાનીને પૂછીએ કે સિદ્ધોના જીવો વધારે કે સોયની અણી પર રહેલા સંસારી જીવો વધારે ? તો જ્ઞાની ખુલાસો આપશે કે સોયની અણી પર રહેલા જીવોના અનંતમા ભાગ જેટલા જ જીવો મોક્ષે ગયા છે. અસંખ્ય ભાગો નથી જ ગયા. અસંખ્યાતમો ભાગ મોક્ષે ગયો નથી.ટાંકણીની અણી ઉપર રહે એટલું પાણી લેવામાં દરિયાનું પાણી ખૂટી જવાની વાત કરી તે મશ્કરી

રૂપ ગણાયું, અને અહીં જીવોના મોક્ષે જવાથી સંસારમાંથી જીવ ખૂટી જવાનો ડર લાગ્યો; અને છેવટે એ મોક્ષનો નિષેધ કરવા સુધી આગળ વધ્યો. પણ આમ થયાનું કારણ ભવાભિનંદીપણું જ છે. જ્યાં લગી ભવાભિનંદીપણું વળગેલું હોય ત્યાં લગી બીજાઓ પણ ધર્મ કરે, શુદ્ધ માર્ગમાં રહે તે તેને રુચતું નથી.

**સર્વકર્મરહિત થયા તે સિદ્ધ**

સિદ્ધપણું એટલે શું? બાંધેલાં કર્મોને બાળી નાખવાં અને જીવનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવું તે સિદ્ધપણું. જેઓ આઠે કર્મથી રહિત થયા, અને સર્વકાળ જેઓ આઠે કર્મ રહિત રહેવાના એટલે કે ભવિષ્યમાં ફેર કદી કર્મથી લેપાવાના નથી તે સિદ્ધ. પરમેષ્ઠીમાં ક્યા કર્મક્ષય કરનારને સ્થાન છે? તે જ કર્મક્ષય કરનારને સ્થાન છે જેઓ કોઈ પણ કર્મના સપાટમાં ફરી આવે નહીં. આ વાત સમજાવતાં ટીકાકાર ભગવાન કહે છે કે - अथवा ''षिधु गतौ'' इति वचनात् सेधन्ति स्म अपुनरावृत्या निर्वृतिपुरीमगच्छन्। એવી રીતે ઈત્થંભૂત લક્ષણમાં તૃતીયા કરી. ફેર ન આવવું પડે તે રીતિએ સંસારમાંથી મોક્ષે ગયા તેનું નામ સિદ્ધ.

**સિદ્ધોને ફરી જન્મ કેમ નહી?**

અજ્ઞાન, તૃષ્ણા, કર્મ એ ત્રણ જેને ન હોય તેને જન્મ લેવાનો હોય જ નહિ. જીવ એ ખેતર છે. જીવરૂપી ખેતરમાં ભવરૂપી અંકુરા નીકળે છે. અજ્ઞાનરૂપી ધૂળ ઉપર વાળેલી હોય. ખેતી ઉપર ધ્યાન દીધું હશે તેને ખબર હશે કે પહેલાં ખેડે, પછી વાવે, પછી બધું સરખું કરે. માટે અહીં જીવરૂપી ખેતરમાં ભવરૂપી અંકુરોને ઊગવા માટે અજ્ઞાન એ જ ધૂળ. સર્વજ્ઞપણું હોય તો પછી ભવરૂપી અંકુરો થાય જ નહિ. કારણ કે ત્યાં અજ્ઞાનરૂપી ધૂળનો સર્વથા અભાવ છે. અન્ય દર્શનકારો પણ એ જ કહે છે. વીતરાગને જન્મ હોય જ નહિ; જન્મ તો સરાગને જ હોય.

સર્વજ્ઞ સરાગ ન હોય, અને સરાગદશા વગર જન્મ ન હોય. અજ્ઞાનરૂપી ધૂળે (કર્મરૂપી રજથી) જ્ઞાનગુણ ઢંકાય- દબાય. હવે અહીં બીજ શું તે જોઈએ. કારણ કે ધૂળ હોવા છતાં બીજ વગર અંકુર ન ઊગે. બીડમાં જગાનો કોઈ પાર નહીં, છતાં અંકુર ત્યાં નથી ઊગતો. પહેલાં બાંધેલા કર્મો એ જ સંસારનું બીજ છે. જન્મનું બીજ પહેલાનાં કર્મો. એક વખત ખેતી કરી, દાણો વાવ્યો, તે વરસે વરસાદ ન આવ્યો તો બીજે વરસે એ દાણાથી અનાજ ન ઊગે. ખેતીમાં નાખેલા દાણાની તાકાત એક જ વરસમાં હણાઈ ગઈ. બીજે વરસ નવી ખેડ કરીને ફેર દાણા નાખવા પડે. એવી રીતે કર્મબંધ સંજોગો આવે ને ફળીભૂત થાય, નહીંતર નાશ વાળે, પછી તો ભય નહિ ને ? ના. અહીં પેલા ખેતરના બીજ જેવી દશા નથી. આ આઠ કર્મરૂપી બીજ તો એટલી બધી તાકાતવાળું છે કે - અસંખ્યાત વરસોનું એક પલ્યોપમ, એવા દશ કોડાકોડ પલ્યોપમે એક સાગરોપમ, એવા સાગરોપમની અપેક્ષોએ ૭૦ કોડાકોડ સાગરોપમ સુધી કર્મનું અવિનાશીપણું છે. કર્મ ફળ દે છે, પણ હઠતું નથી કે સંસારનું આ કર્મરૂપી બીજ કદી સડતું નથી કે બગડતું નથી . ખેડૂતે ખેતર ખેડ્યું, બીજ ચોખ્ખું લાવ્યા, ધૂળ પણ ફેરવી, પણ વરસાદના સાંસાં હોય તો શું થાય ? જીવરૂપી ક્ષેત્ર, કર્મરૂપી બીજ, અજ્ઞાનરૂપી ધૂળ છે, પણ પાણી. આ જીવને જે તૃષ્ણા-અહીંથી લઉં, ત્યાંથી લઉં, આ તૃષ્ણારૂપી જળ - જ્યાં સિંચાય કે તરત જન્મરૂપી અંકુર ઊભો થાય. કર્મ બીજ, અજ્ઞાનરૂપી ધૂળ, અને તૃષ્ણારૂપી પાણી હોય તો સંસારરૂપી અંકુર ઊભો થાય. મોક્ષે જનારને આ બીજ, ધૂલ, પાણી વગેરે કશું નથી તેથી ભવરૂપ અંકુર પણ નથી. અને તેથી એમને ફેર અહીં આવવું જ ન પડે. શેકેલો દાણો વાવે તો છોડ ઊગે ખરો ? શેકીને વાવ્યું હોય તો કશું ન ઊગે. શેકેલો દાણો વાવીએ તો પણ અંકુર ન થાય, તો અહીં તો દાણોય નથી, ધૂળ પણ નથી ને પાણી પણ નથી. સંસારમાં જન્મ, મરણ, રોગ, શોક, આધિ, વ્યાધિ આદિના ચક્કરમાં આવવું ન પડે તેવી રીતે મોક્ષે

ગયા.

**મોક્ષમાં જવા જવામાં ફેર**

આપણે બધા અનંતી વખત મોક્ષના પ્રદેશમાં ગયા છીએ, એકેન્દ્રીપણામાં મોક્ષપ્રદેશમાં ગયા છીએ, પૃથ્વીકાય તરીકે અનંતી વખત ત્યાં ઊપન્યા છીએ, પાંચ સૂક્ષ્મ-થાવર પણે અનંતીવાર ત્યાં ઊપન્યા છીએ. અને સિદ્ધો પણ મોક્ષના પ્રદેશમાં ગયા છે, તો એમાં ફરક શો? આપણે તો ભવ અટવીમાં ભટકવા રૂપે જ ત્યાં ગયા. એ ગમન કંઈ કર્મથી મુક્ત બનીને નહોતું થયું; પણ કર્મના મારને લીધે ત્યાં ગયા હતા, એટલે એ સાચું સિદ્ધિગમન ન હતું. સિદ્ધિગમન તો એ કહેવાય કે ત્યાં ગયા પછી ફરી પાછું આવવું ન પડે,તેવી રીતે જ જાય તેનું નામ સિદ્ધ. સિદ્ધશિલાની ટોચે તો અનંતી વખત ગયા, પણ તે ચક્કર ભમવામાં ગયા એટલે જવા છતાં સિદ્ધ ન થયા. રાજાના જનાના પાસે તારસ હોય તેમાં ઢેડ દરરોજ જાય, તેથી ઢેડ મહેલનો માલિક કહેવાય ખરો? જન્મ-મરણના ચક્કરમાં ભમતાં ભમતાં સિદ્ધશિલામાં ગયા તેથી કાર્યસિદ્ધિ ન ગણાય, પણ ફેર જન્મ ન લેવાનો હોય તેવી રીતે જે મોક્ષે ગયા તે સિદ્ધ.

**ફસાઈ પડેલા વાણિયા જેવી દશા**

આવી સ્થિતિ વગર સિદ્ધશિલામાં જવાનું થાય તે તો પેલા ફસાઈ પડેલ વાણિયા જેવું થાય. શહેરમાં તાબૂત નીકળ્યા, બધા મુસલમાનો હાયદોશ કરતા હતા. એટલામાં ત્યાંથી એક વાણિયો જતો હતો, તેને પકડ્યો, અને કહે ચાલ અમારી જોડે. બિચારો લાચર બનીને તેમની જોડે ચાલ્યો. બધા હાયદોશ કરતા હતા, ત્યારે આ વાણિયો હાયદોશના બદલે આ ફસા, ભાઈ, આ ફસા, તેમ બોલતો હતો. અહીં પણ એકેન્દ્રિયાદિ યોનિના ભવફેરામાં પડીને સિદ્ધશિલામાં કોઈનું જવું થાય તો તેથી કશો અર્થ સરે નહીં. તો પછી સિદ્ધશિલામાં જવામાં તત્ત્વ ક્યારે? જ્યારે સંપૂર્ણ આત્મસ્વરૂપ પ્રગટ થયું હોય અને ફેર આવવું પડે

નહિ એવી સ્થિતિ થાય ત્યારે. એવી રીતે જે સિદ્ધિગતિમાં જાય તે જ સિદ્ધ કહેવાય, એટલે કે જે સાધ્ય છે, તે સંપૂર્ણ સિદ્ધ થઈ ગયું હોય અને જ્યાં ગયા પછી ફેર પાછા આવવાનું ન હોય તેવી રીતે મોક્ષે જાય તેનું નામ સિદ્ધ. કેવળજ્ઞાનથી ચડતું કોઈ જ્ઞાન નહિ, અને કેવળદર્શનથી ચડતું કોઈ દર્શન નહિ. સંપૂર્ણ જ્ઞાનાદિક થયાં માટે તેઓ, સિદ્ધોને જે પોતાનું સાધ્ય તેને મેળવી લેનાર ગણાય. જગતમાં સાધ્ય ચાર વસ્તુ. કોઈને શક્તિ, કોઈકને વીતરાગતા, કોઈકને દર્શન તો કોઈકને જ્ઞાન. આ ચારે તત્ત્વનું સુખ જેને સંપૂર્ણ થયું હોય તેનું નામ સિદ્ધો. જ્ઞાન, દર્શન, ચારિત્ર એ સાધ્ય પદાર્થો. વિદ્વાનોને સાધ્ય આત્માના આ ગુણો જેને આ ગુણો સંપૂર્ણ થયા છે - મળ્યા છે તે સિદ્ધ.

**સિદ્ધો પાસેથી મળતી શીખામણ**

આ બધું જણાવ્યા છતાં સિદ્ધોને નમસ્કાર કરનારને શું મળ્યું ? માણસ એમને નમસ્કાર શા મુદ્દાથી કરે ? એમ કરવામાં કંઈક તો હેતુ હોવો જ જોઈએ. કારણ કે પ્રયોજન સિવાય મૂર્ખ પણ પ્રવૃત્તિ કરતો નથી. प्रयोजनमन्तरेण मन्दोऽपि न प्रवर्तते । તો પછી સમજુનું તો શું કહેવું ? સમજુ કૂતરાંઓને પણ પોતાની આસપાસની સ્થિતિ દેખીને સાન આવે છે. પહેલાંના વખતમાં કૂતરાંને મારવા માટે ઝેરવાળી બરફી મૂકતા હતા. જ્યાં બે ચાર કૂતરાં મરે કે બીજાં કૂતરાં બરફી ન ખાય. એ જ રીતે ઉંદરો પણ બે ચાર દિવસ ખાખરા ખાઈ જાય, પણ પાંજરામાં સપડાય નહિ. એ બધા દેખીને ડાહ્યા થાય; એમને શીખવવા કોઈ નથી ગયા. આમ જાનવર પણ દેખીને ડાહ્યું થાય છે. દેખાવ શીખામણ આપનાર. અહીં સિદ્ધપણું તે દરેક જીવને શીખવનાર જાણવું. આ જ વાત ટીકાકાર મહારાજ કહે છે કે अथवा 'षिधु संराद्धौ' इति वचनात् सिद्ध्यन्ति स्म निष्ठितार्था भवन्ति स्म । अथवा 'षिधौ शास्त्रे मांगल्ये च' इति वचनात् सेधन्ति स्म शासितारोऽभूवन, माङ्गल्यरूपतां चानुभवन्ति स्मेति

सिद्धाः । આમ કહીને સિદ્ધ ભગવંતોને શિખામણ દેવામાં ને મંગલિકપણામાં રાખેલ છે. સિદ્ધો દુનિયાને એમ શીખર્વનાર છે કે જન્મ-જરા-મરણ- રહિત થવું હોય તો આ દશાએ આવો; આ દશામાં આવશો તો જ સંપૂર્ણ સુખના ભાગી થઈ શકશો.

**સિદ્ધપણાને લઈને જ અરિહંતની મહત્તા**

એક વાત સમજો. અરિહંત મહારાજાનો મહિમા શાથી? સિદ્ધોને બતાવવાને અંગે. તે પોતે સિદ્ધિ મેળવે અને બીજાને મેળવાનો માર્ગ બતાવે.સિદ્ધિની વાતોને કોરાણે મૂકીએ તો પછી અરિહંતમાં શું રહ્યું? બળેલો હીરો કેવળ કોલસો, તેમ સિદ્ધિ પામવાની વાત જો અરિહંત મહારાજામાંથી બાદ કરીએ તો પછી બાકી શું રહે? સરવાળે સિદ્ધ મહારાજા જ જગતને શીખવે છે કે જન્મ-જરા-મરણ રહિત થવું હોય તો આ દશમાં આવો. કૂતરાથી, બગલાથી, ઘોડાથી, અગ્નિથી એમ જુદાં જુદાં પ્રાણીઓની દશા જોઈને આટલું શીખવું. શીખામણ લેનારને દરેક પદાર્થમાંથી શીખામણ લેવાય. વિચારક જો ધારે તો સર્વ પદાર્થો એને શીખામણ દેનાર બની શકે. જો આમ હોય તો પછી સિદ્ધિમાંથી શીખામણ લેવી તેમાં શું વિશેષતા? અહીં સમજવાનું એ છે કે જગતના બધા પદાર્થો શીખામણ આપનારા બતાવ્યા તે તો કવિની ઘટના સમજવી. જેમાંથી જે ગુણોની શીખામણ લેવાનું કહેવામાં આવે છે તે ગુણો તે પદાર્થોમાં સંપૂર્ણપણે છે એવો નિશ્ચય નથી; અને તે ગુણો તેમાં ઉપયોગમાં લેવાયા હોય એવું પણ નથી. પાણી ચાહે જેટલું મેલું થાય, પણ બેચાર દહાડે પણ માટી નીચે ઠરી જાય છે, અને પાણી નિર્મળ બની જાય છે. સ્વભાવને લઈને આમ બને છે. પણ પાણી કંઈ ધારણાથી મેલ નીચે કરનાર નથી. એ તો માત્ર કવિની ઘટનાએ એ દૃષ્ટાંત લેવાય. પણ આ સિદ્ધપણું કંઈ વગર ધારણાએ કે વગર વિચારે મળી ગયું નથી. અખંડ તીવ્ર પ્રયત્ને ઊંચામાં ઊંચી લાઈન લઈ સિદ્ધપણું

મેળવાય છે. છેક યથાપ્રવૃત્તિકરણ સુધી નિર્જરાની ભાવના પણ ન હોય, ને અંતર મુર્હૂતમાં સમ્યકત્વ મળે એવું બને છે. પણ સિદ્ધપણું એવું સહેલું નથી; જ્યારે સર્વ કર્મનો ક્ષય થાય ત્યારે સિદ્ધપણું મેળવાય છે. પોતે પ્રયત્ન કરી વિચારપૂર્વક સિદ્ધપણું મેળવેલું છે.

**સિદ્ધો તો કાળનો પણ કોળિયો કરે**

કોઈ પણ આત્માનો ગુણ સાકાર ઉપયોગ સિવાય બને નહિ. સાકાર ઉપયોગવાળાને જ લબ્ધિ થાય. વિચારશૂન્યપણે આત્માના ગુણની પ્રાપ્તિ નથી. અનુપયોગે સિદ્ધપણું ન મળે. સંપૂર્ણ ઉપયોગ થાય ત્યારે સિદ્ધપણું મળે. એકલી શીખામણ દીધી તેમ નહિ. કર્મોના નાશનું કારણ બનીને જેઓએ માંગલિક પણું અનુભવ્યું છે, જેઓની સ્તુતિ, જાપ જગતમાં મંગળ કરનાર છે. આ બધું કહ્યાં છતાં એક જ વાત જગતમાં સમજવાની રહે છે. જગતમાં બધા બધાથી બચી શકે છે, પણ એક જ ચીજથી કોઈ બચતુ નથી. કાળનું કોલિયા કરવાનું કામ, તેમાંથી કોઈ નીકળતુ નથી. ચાહે સર્વાર્થસિદ્ધ દેવ હોય, ચાહે તીર્થંકરો, ગણધરો હોય, પણ એમાંના એકેય કાળના કોળિયામાંથી ન બચ્યા. તો પછી સિદ્ધમહારાજા પણ તેમાં કે બહાર? તેનો જવાબ આપતાં ટીકાકાર કહે છે કે - अथवा सिद्धा नित्या अपर्यवसानस्थितिकत्वात् । આનો અર્થ એ કે - કાળ બધાનો કોળિયો કરનાર, પણ સિદ્ધો તો એ કાળનો પણ કોળિયો કરનાર છે - કાળ જગતનો કોળિયો કરનાર છે, પણ કાળનો કોળિયો કરનાર સિદ્ધ ભગવંતો છે.

**સિદ્ધોનું નિત્યપણું કેવી રીતે ?**

અનંત કાળ પૂર્વેનો જે કેવળીઓ - સિદ્ધો તેમનું કેવળ જૂનું થયું હશે ? ના, તેમનું કેવળજ્ઞાન તેવું ને તેવું જ હોય. સ્વરૂપમાં ફરક પડે જ નહિ. ત્યાં કાળ કોળિયો કરી શકતો નથી. સિદ્ધદશાથી સ્થિતિને કાળ પોતાના કોળિયામાં લઈ શકતો નથી. નિત્યનો અર્થ ન સમજનાર તો

કહી દે કે સિદ્ધને નિત્ય માનો છો. જેમ દરદી ટાઢું ખાય તો વાયુ થાય, ગરમ ખાય તો ગરમી થાય, તેમ તેમને એ કે પ્રકારે સોહાતું નથી. નિત્ય કે અનિત્ય સિદ્ધ કહીએ તો પણ ન સોહાય. સંસારમાં જે ઉત્પન્ન થાય તે ચીજ નિત્ય ન ગણાય. પણ જે નિત્ય છે તે થયેલી નહીં પણ સ્વયંસિદ્ધ વસ્તુ સમજવી. એટલે કે જે નિત્ય હોય તે થયેલી ન ગણાય. તો પછી સિદ્ધ વસ્તુ થયેલી છતાં નિત્ય, એ કેવી રીતે થાય? વાત તમારી ખરી. દુનિયાએ નિત્ય કોને ગણ્યું ? ન થયેલું હોય તેને નિત્ય ગણ્યું છે. જૈન શાસ્ત્રનો અભ્યાસ ન હોય તેને નિત્યનું સ્વરૂપ ખબર ન હોય. જો અમુક સ્વરૂપ નાશ ન પામે તો તે નિત્ય કહેવાય. तद्भावाव्ययं नित्यं એ નિત્યનું લક્ષણ કહ્યું છે. પ્રાગભાવના પ્રતિયોગી રૂપે અહીં નિત્યપણું લીધું નથી. જે સ્વરૂપ હોય તે ખસે નહીં, તેનું નામ નિત્ય. બાકી નિત્ય પણ આપેક્ષિક છે. निच्चं वोसट्ठकाये તીર્થંકર મહારાજાને હમેશાં કાયાને વોસરાવવાવાળા કહ્યાં. માટે ટીકાકારને કહેવું પડ્યું કે દીક્ષા લીધા પછી હંમેશા કાયા વોસરાવનારા. તેમ સિદ્ધોનું નિત્યપણું સંસારમાંથી ગયા પછી સમજવું. એ નિત્યપણું જવાનું નથી માટે સિદ્ધપણું નિત્ય. એનો અંત છેડો નથી માટે નિત્ય.

**સિદ્ધોને જાણવા કેવી રીતે ?**

પદાર્થ બે પ્રકારે દેખાય: કાં તો અક્કલે, કાં તો અજવાળાથી. સિદ્ધો અક્કલથી ઓળખાય કે અજવાળાથી? અને જો એ ઓળખાય નહિ તો જણાય શી રીતે ? ને તો પછી એ નમન કરવા લાયક પણ શી રીતે બને ? જગતની બધી ચીજો રૂપ, રસ, સ્પર્શ, ગંધ દ્વારાએ ઓળખી શકીએ. સિદ્ધને ઓળખવાનો રસ્તો નથી. નથી શબ્દ, રસ, રૂપ, ગંધ કે જેથી એ ઓળખી શકાય. તો પછી એમને ઓળખવા શી રીતે ? જે રૂપ, રસાદિ દ્વારા ન ઓળખાય તે વસ્તુ છે જ નહીં તેમ ન મનાય. તારી આબરૂ ખરી કે નહિ? આબરૂ વગરનાને કોઈ કબૂલ નહિ કરે. તારી

આબરૂ સૂંઘવાથી, કાનથી, નાસિકાથી, જીભથી, અડકવાથી તપાસી કે ઓળખી શકાય છે ખરી? એ જ રીતે તારી અક્કલને શી રીતે પારખવી? કઈ ઇંદ્રિયથી તારી અક્કલ, આબરૂ અમારે જાણવી? અડકવાથી, ચાખવાથી, જોવાથી માલૂમ પડે તેમ નથી. પાંચ ઈંદ્રિયોથી વસ્તુ ન જણાય તો સુખ, દુઃખ, આબરૂ, અક્કલ વસ્તુ જ નથી એમ કહી શકાય ખરું? સિદ્ધ મહારાજા અજવાળે જણાય તેવા નથી, પણ તે અક્કલે જણાય. સાધુ, ઉપાધ્યાય, આચાર્ય, અરિહંતો અજવાળે જણાય. એમાં અજવાળું અક્કલને લાવે, પરંતુ સિદ્ધો અજવાળે જણાતા નથી. અક્કલે જણાય. આ જ વાત ટીકાકાર મહારાજ જણાવે છે કે प्रख्याता वा भव्यैरुपलब्धगुणसन्दोहत्वात् । પ્રસિદ્ધ આબરૂદારની આબરૂ જાહેર હોય. શેઠની શાહુકારી કંઈ કસોટીથી કે તાજવાથી તપાસાતી નથી. તેમ સિદ્ધની પરીક્ષા કંઈ ઇંદ્રિયો દ્વારા કરવાની હોતી નથી. પણ તેથી તેની પરીક્ષા જ નથી થતી તેમ ન કહેવાય. તો પછી એ કોનાથી જણાય? જીવને અભવ્ય પણ જાણે- અભવ્ય આત્મા જીવાદિક આઠ તત્ત્વો પણ જાણે. પણ ભવ્ય સિવાય સિદ્ધને કોઈ પણ ન જાણે. ભવ્ય જીવો વડે જ જેના ગુણનો સમુદાય જણાય તેવા સિદ્ધો છે. માટે नमो सिद्धाणं કહી નમસ્કાર કર્યો. કોઈ કદાચ કહે કે આ બધું તમો કલ્પનાથી મનમાને તેમ બોલ્યે જાવ છો. પણ હું કલ્પના નથી કહેતો. જો કલ્પનાથી આવું વક્તવ્ય કરું તો હું જૈન શાસનમાં નથી. પૂર્વાચાર્યના વચન સિવાય જૈન શાસનમાં સ્થાન નથી. પહેલાં આચાર્યોએ સિદ્ધ મહારાજાને અંગે જે કહ્યું તે જ હું બોલી ગયો; તેમાં ફેર પડે તો કહે. પૂર્વાચાર્યોએ સિદ્ધોને અંગે શું કહ્યું છે તે હવે પછી જોઈશું.

# દેશના - ૨૦

## સિદ્ધપદની વ્યાખ્યાની પૂર્ણાહૂતી

વ્યાખ્યાકાર ભગવાન અભયદેવસૂરીશ્વરજી શ્રી ભગવતીસૂત્રની વ્યાખ્યા શરૂ કરતાં જણાવી ગયા કે દરેક શાસ્ત્રકારો શાસ્ત્રની શરૂઆતમાં ચાર વસ્તુ નક્કી કરે છે. તેમાં રૂઢિ તરીકે મંગળાદિક; ભાવાર્થ તરીકે છત્રછાયાનું એકપણું, વક્તવ્ય, ઉદ્દેશ, રીતિ એક સરખાં નક્કી કરવાં. એનું નામ જ ચાર અનુબંધ, મંગળાદિક ચાર (ફલ, યોગ, મંગલ, સમુદાયાર્થ) દરેક શાસ્ત્રકાર કહે જ છે. ભગવતી સૂત્રના પ્રારંભમાં છત્રછાયા નક્કી કરવા માટે જણાવ્યું કે છત્ર એક જ છે. ક્યું છત્ર ? પંચપરમેષ્ઠી. જૈન શાસન પંચપરમેષ્ઠીની છાયા સિવાય લગીર પણ વર્તી શકવાનું નથી. તે પંચપરમેષ્ઠીરૂપી છત્રમાં પણ ભગવાન અરિહંત મહારાજ દાંડાની જગો પર. જેમ છત્રમાં સળિયા, કળ વગેરે બધી વસ્તુનો આધાર દાંડો છે તેમ પંચપરમેષ્ઠીમાં અરિહંત મહારાજા દાંડારૂપે હોઈ મુખ્ય આધારભૂત છે. અરિહંતના શાસનને વળગેલા જ સિદ્ધો થયા; અને આચાર્ય, ઉપાધ્યાય, સાધુ કહી શકાયા. તેથી અરિહંતને નમસ્કારરૂપ મંગળ જણાવ્યું.

**નમસ્કાર કરવાનો હેતુ**

નમસ્કાર એટલે દીનતા-લઘુતા, નમસ્કાર કરતાં મનુષ્ય એવી જ ભાવના ભાવે કે તમે ગુણની પાયરીમાં ઊંચામાં ઊંચા છો, અને હું નીચમાં નીચો છું. તેથી ઊંચી પાયરી મને મળે તે માટે હું નમસ્કાર કરું છું.

**પ્રશ્ન** - આમ ભવ્ય જીવે દીનતા કરવાનું કારણ શું ? પોતાની ન્યૂનતા બતાવવાનું કારણ શું ? જીવ તો જેવો અરિહંતનો તેવો આપણો પણ ચેતનામય છે; આપણે અને અરિહંત બન્ને તત્ત્વમાં સરખાં છીએ. તો પછી દીનતા બતાવીને નમસ્કાર કરવાની શી જરૂર ?

**ઉત્તર** - અરિહંત ભગવંતને નમસ્કાર કરવામાં શું મુદ્દો રહેલો છે તે સમજો. દરદી દર્દથી ઘેરાઈ ગયો હોય તે દાક્તરના હાથમાં પોતાની નાડ આપે એમાં શી નવાઈ ?વળી એ પથ્યનું પાલન કરે, દવા વગેરે બધું નિયમિત લીધા કરે અને દાક્તરની સલાહ-સૂચના પ્રમાણે ચાલે એમાં પણ નવાઈ નથી. વળી કેટલાંક દર્દો એવાં પણ ખરાં કે એમાં દાકતરની જરૂર ન પડે, અને એ વખત જતાં પોતાની મેળે મટી જાય. દાક્તર નથી મળતો છતાં જે જંગલનાં જાનવરો બધાં કંઈ દર્દથી થોડાંજ મરી પરવાર્યા છે ? એટલે કેટલાંક દર્દો એમ ને એમ મટી જાય. પણ આ રીતે દ્રવ્ય દર્દોમાંનાં પણ કેટલાંક આપ મેળે મટી જાય એવા હોવા છતાં, ભલે દાક્તરને ન બોલાવીએ તો પણ એમાં કોઈક સાધનોની નાની મોટી દવાની જરૂર તો પડે જ છે; અને આપણે એની શોધ કરીએ જ છીએ. તે રીતે આ જીવને વળગેલ ભવભ્રમણરૂપી દર્દ અથવા ભવ-ભ્રમણને વધારનાર કારણરૂપી દર્દ પણ કોઈ કાળે કે કોઈ ક્ષેત્રે સાધન વગર મટી શકતું નથી. એને માટે કંઈ ને કંઈ ઈલાજ તો કરવો જ પડે છે. તમો સહુ જાણો છો કે જ્ઞાનવરણીય આદિ આઠે કર્મો આત્મામાં વિકાર કરીને એને રોગિષ્ઠ કરનારાં દર્દો છે. એ દર્દો એમ ને એમ તો મટે જ નહીં. એટલું જ નહીં પણ સંસારચક્રની અપેક્ષાએ અનાદિ કાળથી વળગેલાં જન્મ, જરા, મરણ, રોગ, શોક, આધિ, વ્યાધિ, ઉપાધિ વગેરે દર્દોને દૂર કરવા માટે યોગ્ય દવા તેમ જ હોંશિયાર દાક્તરની જરૂર પડે જ. આવાં બધાં જન્માદિક રોગોને મટાડનાર એટલે કે એવાં દર્દોને મટાડવાનો ઈલાજ બતાવનાર - વૈદ્ય માત્ર એક જ છે; અને તે તીર્થંકર ભગવાન યાને અરિહંત દેવ સમજવા. અરિહંત સિવાય કર્મોને દૂર

કરવાનો ઈલાજ બતાવનાર બીજો કોઈ જ નથી. આ રીતે આત્માને વળગેલ જન્મ, જરા , મરણ વગેરે રોગોને મટાડનાર અરિહંત ભગવાન સિવાય બીજો કોઈ નથી, તેથી અરિહંત ભગવાનને નમસ્કાર કરવો પડે એમાં શી નવાઈ? અરિહંત ભગવંતને નમસ્કાર કરવામાં આ જ મુદ્દો સમજવો.

**અરિહંતની યોગ્યતાનો પુરાવો તે સિદ્ધ**

કર્મરૂપી રોગોને મટાડવા માટે અરિહંતને નમસ્કાર કરવાનું કહ્યું અને નમસ્કાર પણ કર્યા એ ખરું, પણ એમ કરવાથી રોગ મટે છે કે નહીં તે તો તપાસો. પોતાની આવડત અને હોંશિયારી પુરવાર કરવા માટે દાક્તરને પણ સર્ટીફિકેટ બતાવવું પડે છે કે આવું આવું દર્દ મેં મટાડયું છે. તો પછી અરિહંત ભગવાન કર્મરોગનો ઈલાજ કરનારા છે એમાં શું સર્ટીફિકેટ સમજવું? અરિહંતની લાયકાત બતાવનારું સર્ટીફિકેટ એક જ : नमो सिद्धाणं અરિહંત ભગવાનના ઉપદેશથી અનાદિકાળથી સિદ્ધો થતા આવે છે. ભૂતકાળમાં થઈ ગયા છે, વર્તમાનકાળમાં કેઈ જીવો સિદ્ધપણું મેળવે છે અને ભવિષ્યમાં પણ અનંતા જીવો સિદ્ધપણું મેળવવાના છે. આમ સિદ્ધો એ જ અરિહંતનું સર્ટીફિકેટ. દુનિયામાં સિદ્ધપણું મળે છે, એ મેળવવું શક્ય છે તો જ અરિહંતના શરણે જવું તેમને નમસ્કાર કરવો સાર્થક છે. આમ નક્કર ફળ હોય તો જ અરિહંતનું પૂજ્યપણું સફળ લેખાય. કલ્પનાથી સિદ્ધપણું થયું નથી, થતું નથી અને થશે પણ નહીં. એવી રીતે જો સિદ્ધપણું મળી જતું હોય તો તો અરિહંતને માનવાની સ્વપ્ને પણ જરૂર ન રહે. પણ વસ્તુસ્થિતિ એવી નથી. આમ સિદ્ધપણાને લીધે અરિહંત ભગવાનને નમસ્કાર કરવો સાર્થક સમજવો.

**કહેવામાં મહાપુરુષોની સાક્ષી**

સિદ્ધો કોણ તે પણ સમજો. સર્વ કર્મનો ક્ષય કરીને ફરીથી આ

દુનિયામાં ન આવવું પડે એ રીતે સિદ્ધિગતિમાં જનારા જીવો તે સિદ્ધો. સિદ્ધોની આવી વ્યાખ્યા તો કરી, પણ અહીં સહેજે કોઈને શંકા થાય કે મહારાજ! આ વાત માનવી શાના આધારે? આ શંકાનું સમાધાન કરતા શ્રી અભયદેવસૂરિજી મહારાજ કહી શકત કે હું આમ કહું છું - મારા જેવો મોટો પ્રાભાવિક આચાર્ય કહે છે - માટે માની લ્યો. મારા માથે પણ જવાબદારી છે જ ને? પણ જૈનશાસનમાં તો કોઈનો ભાર કોઈને માથે રહેતો જ નથી; સૌને પોતપોતાનો ભાર વહેવો જ પડે છે. ગોશાળો, જમાલી કે બીજા નિહ્નવોને પણ તેમના ભક્તો પરમ સત્યરૂપ માનતા હતા. પણ એમ કોઈના માનવામાત્રથી તેઓ સદ્‌ગતિનું ભાજન ન બની શક્યા. એટલે સાચો ભરોસો તે જ કે જે સદ્‌ગતિમાં લઈ જાય. પણ માત્ર મોઢાના ભરોસાથી કશું ન વળે. તેથી જ અભયદેવસૂરિજી મહારાજે એમ ન કહ્યું કે હું કહું છું માટે માની લ્યો. આમ તો એ જ કહી શકે કે જેની સાન ઠેકાણે ન હોય! કોઈ માણસ પોતાને ઝેર આપે છે એમ પોતાને માલૂમ પડ્યું, છતાં ઝેર લેતાં અચકાય નહીં અને ઊલટું એમ માને કે બીજા મને ઝેર દે છે એમાં મારે શું? ઝેર દેનારો આપોઆપ મરશે; એ સજામાંથી એ થોડો બચી શકવાનો છે? તો એવા માણસને મૂર્ખ જ માનવો પડે ને! એ જ રીતે અહીં પણ બધું આચાર્યના માથે છે, તેમાં અમારે શું, એમ જે કહે તે જૈનશાસનમાં ગણાય નહીં. તેથી જ શ્રી અભયદેવસૂરિજી મહારાજે પોતાના નામે વાત માની લેવાનું ન કહેતાં ગીતાર્થોનો હવાલો આપ્યો કે ગીતાર્થ મહાપુરુષોએ જ કહ્યું તે માનો. ભલે શ્રોતાઓને સાક્ષીની જરૂર ન હોય અથવા શ્રોતાઓ વગર સાક્ષીએ વ્યાખ્યાકારના વચનને માનવાને તૈયાર હોય, છતાં શાસ્ત્ર પરંપરાનું પ્રામાણ્ય સિદ્ધ કરવા તેમ જ વધારવા માટે વક્તાએ તો સાક્ષી રજુ કરવા પૂર્વક પોતાની વાત રજુ કરવી જોઈએ. જેમ કઠિયારો માથે ભાર ઉપાડી જતો હોય, પણ જો વિસામાનું સ્થાન મળી જાય તો માથાનો ભાર હળવો કરવાનું કે

ઉતારવાનું એ ચૂકતો નથી, એ જ રીતે શાસનની આજ્ઞાને માનનારા મહાપુરુષો બધો ભાર પોતાના માથે વહોરી ન લેતાં બીજા મહાપુરુષોને સાક્ષી તરીકે રજુ કરીને પોતાની જવાબદારીનો ભાર ઓછો કરવાની સાથે સાથે જ પરંપરાની રક્ષા કરે છે.

આમ પોતાની જાતને નહીં પણ પ્રવચનની પરંપરાને આગળ કરનાર કે એને જ મહત્ત્વની લેખનાર સમજુ આચાર્ય પોતે જ કંઈ કહે છે તે પૂર્વાચાર્યોએ જે કહ્યું છે તેનું જ પ્રતિપાદન કરે છે, પોતાના ઘરનું કંઈ કહેતા નથી, એમ ચોખ્ખું જણાવી દે છે. આમ કરવામાં એમને લઘુતા કે ગૌરવક્ષતિ નથી લાગતી; ઊલટું એમાં જ શાસનની સાચી સેવા ભાસે છે.

**લાયક પુરુષોની જ સાક્ષી શોભે**

એક વાત એ પણ ખ્યાલમાં રાખવાની કે શાસ્ત્રની કે પરંપરાની વાત રજુ કરતાં બીજાની સાક્ષી રજુ કરવામાં આવે તેમાં પણ યોગ્ય પુરુષનો ખ્યાલ તો રાખવો જ પડે. પોતાની પહેલાં થઈ ગયેલ ગમે તે પુરુષનો હવાલો આપીને ગમે તેવો લવારો કરવામાં આવે તો કામ ન ચાલે. અભયદેવસૂરિજી મહારાજની પહેલાં ચૈત્યવાસીઓ પણ હતા. એમણે કેટલીય અઘટિત વાતો ઘુસાડી દીધી હતી. પણ એવાની સાક્ષી આપે તો કામ કેવી રીતે ચાલે ? ઊલટું ''પુરુષ વિશ્વાસે વચન વિશ્વાસ'' એ ન્યાયે તો હલકી પાયરીવાળી પુરુષોની સાક્ષી આપવા જતાં તો વાત ઉપર થોડો- ઘણો વિશ્વાસ હોય તે પણ ઊડી જાય.

**લાંબામાં લાંબી સ્થિતિ કર્મની**

આ રીતે સિદ્ધિપદની વ્યાખ્યા પણ પોતે પોતાની મતિકલ્પનાથી નહિં પણ પૂર્વાચાર્યોએ જે રીતે કરી છે એ રીતે જ પોતે કરી છે, એમ અભયદેવસૂરિજી મહારાજનું કહેવું છે. જરા સમજો. જગતમાં આત્માને વળગેલી પુરાણા માં પુરાણી ચીજ કઈ? કેવળ કર્મ. કર્મ સિવાય પુરાણામાં પુરાણી આત્માને વળગેલી ચીજ બીજી કોઈ જ નથી. કોઈ

પણ ગતિના આયુષ્યનો વિચાર કરીએ તો એ તેત્રીસ સાગરોપમથી વધારે તો ન જ હોય. પરંતુ કર્મની સ્થિતિ તો છેક સિત્તેર કોડાકોડી સાગરોપમ જેટલી કહી છે. આત્માને વળગેલી એથી વધારે સ્થિતિવાળી બીજી કોઈ પણ ચીજ નથી. મતલબ કે કાયા તેત્રીસ સાગરોપમ જેટલા વખત સુધી વળગે, ત્યારે કર્મ સિત્તેર કોડાકોડ સાગરોપમ સુધી લાગેલું રહે. આમ કર્મ, સ્થિતિની અપેક્ષાએ જુનામા જુનું છે એ તો ખરું જ, પણ પરંપરાની અપેક્ષાએ તો એની આદિ જ નથી એ તો અનાદિ જ છે. આત્મા સાથે કર્મના સંબંધની અમુક સમયે શરૂઆત થઈ એવું તો છે જ નહીં. આવાં અનાદિ કાળથી આત્માને વળગેલાં જુનામાં જુનાં કર્મોને પણ જેણે પૂરેપૂરાં ઉખાડી ફેંકી દીધાં છે અથવા સંપૂર્ણપણે બાળી નાખ્યાં છે એનું નામ સિદ્ધ. આ જ વાત વ્યુત્પત્તિથી નહીં પણ નિરુક્તિથી ટીકાકાર મહારાજાએ આગળ સમજાવી દીધી છે. વળી તેઓ બીજાની સાક્ષી આપતાં કહે છે કે - आह च -

ध्मातं सितं येन पुराणकर्म,
यो वा गतो निर्वृतिसौधमूर्ध्नि ।।
ख्यातोऽनुशास्ता परिनिष्ठतार्थो,
यः सोऽस्तु सिद्धः कृतमङ्गलो मे ।।

(જેણે પ્રાચીન સમયથી બંધાયેલા કર્મને બાળી નાખ્યું છે, જે મોક્ષના મહેલની ટોચે પહોંચેલ છે, જેનું શાસન પ્રવર્તી રહ્યું છે, જે સંપૂર્ણપણે કૃતકૃત્ય થયેલ છે તે સિદ્ધ ભગવંત મને મંગલને કરનાર થાઓ !)

अतस्तेभ्यो नमः આ હોવાથી એ સિદ્ધ ભગવંતોને નમસ્કાર હો !

આ રીતે ટીકાકાર મહારાજે પૂર્વાચાર્યોના પગલે ચાલીને 'णमो सिद्धाणं' પદનોપહેલાં નિરુક્તિ પ્રમાણે અર્થ જણાવ્યો. અને વ્યુત્પત્તિથી થતો અર્થ પછી જણાવ્યો. પૂર્વ પુરુષો પોતાના પૂર્વાચાર્યોની મર્યાદાને

કેવી રીતે સાચવતા હતા, તે આ ઉપરથી સમજી શકાય એમ છે. જ્યારે આજકાલના ઉછાંછળાં અને ટૂંકભંડોળિયા કે છીછરા માણસો પૂર્વ પુરુષોની સાક્ષી આપવી તો દૂર રહી, ઊલટું તેઓ ભૂલ્યા-ચૂક્યા હતા એમ કહેતાં પણ ખચકાતા નથી.

**સિદ્ધોનું પ્રસિદ્ધપણું**

**પ્રશ્ન** - સિદ્ધ ભગવંતોને 'મોક્ષના મહેલની ટોચે પહોંચેલા' જણાવ્યા એ ખરું, પણ એ ત્યાં પહોંચ્યા છે એમ કોણે જાણ્યું, કેમ કરી જાણ્યું ? જે જણાય તે જ મનાય. એટલે જો ઉત્તમપણું બરાબર નક્કી કરી શકાય તો પછી નમસ્કાર કરવાપણું આપોઆપ નક્કી થઈ જાય. તો આ વાત કેમ કરી માનવી ?

**ઉત્તર** - ' સિદ્ધ ' શબ્દ પોતે જ પોતાની મહત્તા સૂચવે છે, એ પ્રસિદ્ધ વાત છે. દરેક ભવ્ય જીવના અંતઃકરણમાં શ્રદ્ધા, ધ્યાન, ધ્યેયમાં સિદ્ધપણું રહેલું પ્રસિદ્ધ જ છે. દરેક જીવ જે ધર્મક્રિયા કરે, ધર્માચરણ કરે તે સિદ્ધ થવા માટે. કશું પણ સાધવાનું કે મેળવવાનું ન હોય તો આવી માથાકૂટમાં કોણ ઊતરે ? માટે સિદ્ધો તો પ્રસિદ્ધ જ છે.

**સિદ્ધોનું ઉપદેશકપણું કેવી રીતે ?**

**પ્રશ્ન :** - પણ કોઈ વસ્તુ પ્રસિદ્ધ હોવાથી કંઈ કામ ચાલતું નથી. અંધકાર તો સારી રીતે પ્રસિદ્ધ છે. અરે, જન્માન્ધ એવું ઘુવડ સૂર્યથી અણજાણ હોવા છતાં એ પણ અંધકારને તો જાણે જ છે. આમ અંધકાર પ્રસિદ્ધ છતાં કંઈ દાખલારૂપ બની શકે નહીં, તેમ સિદ્ધો પણ પ્રસિદ્ધ હોય છતાં એમને દાખલા રૂપ કે શીખામણ દેનાર કેમ કરી માની શકાય ? અને તેમને નમસ્કાર કરવા યોગ્ય પણ કેમ કરી માની શકાય ? સિદ્ધોને શરીર નથી એ તો જાણીતું છે. તો પછી જેને જન્મ-જરા-મરણથી રહિત થવું હોય તેણે સમ્યગ્દર્શન - જ્ઞાન-ચારિત્રનો માર્ગ ગ્રહણ કરવો એવો ઉપદેશ સિદ્ધો પાસેથી કેવી રીતે મેળવવો ? શરીર વગર એ શીખામણ

કેમ કરી આપે ? બોલવા માટે ઉપદેશ દેવા માટે મોં વગર ન ચાલે. અને મોં ન હોય તે શીખામણ દેનાર બને નહીં. તો પછી સિદ્ધોનું વક્તાપણું કે ઉપદેશકપણું કેમ કરી સમજાય ? અરે, માણસને શરીર હોય પણ વાચા ન હોય (મૂંગો હોય) તો છતે શરીરે પણ ઉપદેશ દેવાનું બને નહીં, તો અહીં તો સિદ્ધોને સમૂળગું શરીર જ નથી તો પછી શીખામણ દેવાપણું રહ્યું જ ક્યાં ?

**ઉત્તર** - મહાનુભાવ ! આમ એકદમ અધીરા ન બનો. જરા ધીમા પડીને ઊંડો વિચાર કરશો તો બધું સમજાઈ જશે. જુઓ-એક ઈજનેર પ્લાન તૈયાર કરે, તેને આધારે સેંકડો કારીગરો મકાન ઊભું કરે છે. પ્લાન જેમ પોતે મૂક હોવા છતાં ૧૦૦ કારીગરોને મકાન બનાવવાનો રસ્તો બતાવે છે, તેમ અનંતા સિદ્ધ ભગવંતો કર્મક્ષય કરી ગયા, મોક્ષે ગયા તે આપણને મોક્ષનો રસ્તો બતાવે છે કે હે ભવ્ય જીવો ! તમે આમ સમ્યગ્‌-દર્શનાદિને આદરો ! અમે પણ આદર્યા હતાં. એટલે એનું આરાધન કરવાથી જેમ અમે સિદ્ધ થયા તેમ તમે પણ થશો. એ રસ્તે અનંતા જીવો મોક્ષ પામ્યા છે. આમાં સિદ્ધોનું જીવન પોતે જ એવી રીતે બોલે છે કે પછી એમને બોલવાની જરૂર જ નથી રહેતી કે જેથી શરીર કે મુખની જરૂર પડે.

**આપબળ અને ક્ષેત્રબળનો તફાવત**

**પ્રશ્ન** - અઢીદ્વીપમાં એવો કોઈ કાંકરો નથી જ્યાં અનંતા જીવો મોક્ષે ગયા ન હોય. તો પછી ગિરિરાજ શત્રુંજયનો મહિમા શો ? એટલે કે બીજી જગ્યા અને ગિરિરાજમાં ફરક શો ?

**ઉત્તર** - એ તો તમે સહુ સારી રીતે જાણો છો કે મુસાફરને નદીમાં હોડીથી તરવાનું બને છે. અને ખલાસીઓને તો આપોઆપ તરવાનું થાયછે. ખલાસી આપબળે આપોઆપ તરે. મુસાફર હોડીબળે તરે. તેમ જે અનંતા એક એક જગોપર મોક્ષે ગયા, તે આપબળે

સમજવા. અને અહીં ગિરિરાજ ઉપર જે મોક્ષે ગયા, તે ક્ષેત્રબળે. કાંકરે કાંકરે બધી જગોપર અનંતા મોક્ષે ગયા છે. અનાદિકાળનો અને અનંતા જીવોનો મોક્ષ માનો, તો અઢીદ્વીપમાં સર્વ જગ્યાઓ ઉપર મોક્ષ રાખો તો જ ઘટે. મતલબ કે બીજી જગોપર જે અનંતા જીવો મોક્ષે ગયા તે બધા આપબળે અને અહીં સિદ્ધગિરિ ઉપર મોક્ષે ગયા તે ક્ષેત્ર બળે. આમ ક્ષેત્રની વિશેષતાને લીધે ગિરિરાજનો મહિમા સમજવો.

**ક્ષેત્રબળ સંબંધી પુરાવો**

**પ્રશ્ન** - કોઈ કહે કે ઉપર તમે જે કહ્યું કે મુસાફર તરે તે નાવડીના બળે, અને ખલાસી તો આપબળે તરે. આ તો એક યુક્તિ ઠોકી બેસાડી દીધી, પણ તેથી પ્રશ્નોનો ઉત્તર કંઈ પૂરો નથી આવી જતો. એટલે પ્રશ્નનો ઉત્તર દેવો બાકી છે. આ તો ગિરિરાજનો મહિમા ગમે તેમ કરી રાખવો પડે તેથી યુક્તિ કાઢી. તીર્થના પ્રભાવથી કર્મક્ષય કર્યો, એ વાત વાસ્તવિક હોય તો પુરાવો લાવો. પરબળે, ક્ષેત્રબળે મોક્ષે ગયા તેનો પુરાવો શો ? શત્રુંજયકલ્પ, શત્રુંજયમાહાત્મ્ય અને શત્રુંજયરાસ લખ્યા છે તે ખરું, પણ તેવા વર્ણનથી કંઈ આ વાતનું સમાધાન નથી થતું. આ માટે તો નક્કર પુરાવો જોઈએ ?

**ઉત્તર** - પુંડરીકસ્વામીને ભગવાન ઋષભદેવે જે વચન કહ્યું તે વચન ત્રિષષ્ઠીશલાકા પુરુષ - ચરિત્રમાં જોઈ લેવું. ત્યાં ભગવાન કહે છે કે " હે પુંડરીક ! તું અહીં રહે." આ પ્રસંગ શું છે તે સાંભળોઃ ભગવાન ઋષભદેવ સમોસર્યા. તેઓ વિહાર કરતા હતા ત્યારે પુંડરીક સ્વામી પણ વિહાર માટે તૈયાર થયા. તે વેળાએ ભગવાન તેમને કહે છે કે ' હે પુંડરીક ! મારી જોડે નહીં આવતાં અહીં રહે; અહીં ક્ષેત્રના પ્રભાવથી તારા પરિવારને કેવળજ્ઞાન અને મુક્તિ મળશે.' ભગવાન ઋષભદેવજીનું પુંડરીક સ્વામીને કહેલું આ વચન શું સૂચવે છે તે વિચારો. એનો અર્થ એમ કે ભાવી તીર્થંકર કરતાં કોઈ વાર ક્ષેત્રનું બળ ચડી જાય, તેમાં આ શાસ્ત્રોક્ત પુરાવો બની ગયો. મૂંગો મૂંગો

સિદ્ધગિરિ જાણે જીવોને શીખામણ દે છે કે - આત્મકલ્યાણ કરવું હોય, સમ્યગ્દર્શનાદિની આરાધના કરવી હોય તો અહીં આવો. આ ભૂમિ તમારું કલ્યાણ કરશે. આ રીતે ક્ષેત્રના મહિમાની દૃષ્ટિએ સિદ્ધિગિરનો મહિમા સમજવો.

**સિદ્ધોને જાણવાથી શો લાભ ?**

**પ્રશ્ન** - જીવો બે પ્રકારના કહ્યા છે : પોતે તરવાની દૃષ્ટિવાળા ન હોય, પણ માત્ર બીજાને જ તારે. અને કેટલાક એવા કે જે સ્વ અને પર બન્નેને તારનારા હોય. તેમાં સિદ્ધો મોક્ષે ગયેલા છે અને પોતાના જીવનના બળે મોક્ષનો માર્ગ બતાવે છે એ ખરું; વળી જે પોતાની આગ ન બુઝાવે તે પારકી આગને બુઝાવવા લાયક ન રહે; જે પોતે કૃત-કૃત્ય-નિષ્ઠિતાર્થ ન થયા હોય તે જગતનું કલ્યાણ કરી શકે નહિ, એ તો સહેજે સમજી શકાય એવી વાત છે. પણ સિદ્ધોને જાણવા એટલે જ્ઞાન, દર્શન ચરિત્ર, સુખ, વીર્ય વગેરે આત્માના ગુણો જેમને સંપૂર્ણ થયા છે, તેમનું સ્વરૂપ જાણવું એટલું જ ને ? પણ એવા સિદ્ધોને જાણવાથી આપણો શો ભલીવાર વળે ? જુઓ, એક અરિસામાં હીરાનું પ્રતિબિંબ પડે છે. એમાં હીરાનું તેજ અને હીરા જેવા પહેલ હોય છે એ ખરું પરંતુ કાચમાં પ્રતિબિંબિત થયેલ હીરાને કરવો શું ? અરિસામાંનું હીરાનું સ્વરૂપ એનું ઉત્તમપણું જરૂર દેખાડે, પણ જોનારને એથી કંઈ પણ મળે નહિ. તેમ અહીં સિદ્ધ મહારાજા ભલે કર્મરહિત થયા, મોક્ષના શિખરે ગયા, પ્રસિદ્ધ હોય, શીખામણ દે, સંપૂર્ણ જ્ઞાનાદિવાળા થયા, પણ તેથી અમને શું ?

**ઉત્તર** - એ સિદ્ધ મહારાજા ખરેખર મંગળ કરનારા છે. બીજા પદાર્થો દ્રવ્ય મંગળરૂપ છે. કુંવારી કન્યા, દહીં ભરેલો ઘડો એવાં શુકનો જોઈને જનારામાં કેટલાક એવા પણ મળવાના કે જે દેવાળા કાઢીને પણ આવે છે. તે મંગળો દ્રવ્ય મંગળ હોવાથી અનિયમિત સમજવાં એ કોઈ વાર ફળદાયક થાય પણ ખરા અને કોઈ વાર નિષ્ફળ જાય પણ ખરા.

પણ આત્માના કર્મક્ષયને કરવાના કારણભૂત અચૂક મંગળ કોઈ હોય તો તે સિદ્ધ મહારાજા જ છે. એટલે તેમને નમસ્કાર કર્યો. જે અરિહંત તીર્થંકર ભગવાન આખા જગતને મંગલિક છે, તેવા ત્રિલોકનાથ તીર્થંકરને માટે મંગળરૂપ કોઈ હોય તો તે સિદ્ધ મહારાજ. એટલા માટે દીક્ષા લે તે પહેલાં દરેક તીર્થંકર 'નમો સિદ્ધાણં' બોલે છે. આમ ભગવાન જિનેશ્વરને પણ મંગળ કરવા લાયક કોઈ હોય તો તે માત્ર સિદ્ધ પરમાત્મા જ છે. એટલે જેઓ તીર્થંકર ભગવંતને પણ મંગળરૂપ હોય તે આપણું મંગળ કરે તેમાં નવાઈ જ શી?

**સિદ્ધોના નમસ્કારનો હેતુ આત્મપરિણતિ**

**પ્રશ્ન** - તમારી વાત બધી ખરી. છતાં મારે શા માટે સિદ્ધને નમવું? કોટીધ્વજ પુરુષને દેખીને સ્ત્રી એને પોતાનો ધણી ન કરી દે. એમ સિદ્ધોને ચાહે જેટલી ઋદ્ધિ મળી, પણ તેમાં મારે શું?

**ઉત્તર** - આત્માની પરિણતિ મેળવવા માટે સિદ્ધોની જરૂર છે. સિદ્ધોને નમવાનો આ જ હેતુ સમજવો. જુઓ, દુનિયામાં સ્ત્રી ધણી કરે તો પહેલી ઉંમરવાળાને જ કરે. પણ મરણની પથારીમાં બેઠેલાને કોઈ ધણી ન કરે. અને આમ છતાં કોઈ છોકરી મૂર્ખ હોય કે પરાધીન હોય તે એવો ધણી સ્વીકારે તો તે વાત જુદી. પણ સમજુ સ્વાધીન સ્ત્રી પથારીમાં પોઢેલાને પરણે નહીં. પણ આ દાખલાનો આ વાતમાં સંબંધ શો? જુઓ- પદાર્થોની લાલચો કે બાહ્ય સુખથી દોરાયેલી પરિણતિ ન હોય તો બહારના પદાર્થોને આત્મા પોતાનો ધણી ન કરે. કારણ કે તે તો નાશવંત છે. કન્યાદાનમાં કોઈ સિંદૂરિયું ન આપે. ક્ષણે ક્ષણે નાશવંત પદાર્થોને લેવા રૂપી પરિણતિ એ તો મરણ પથારીએ પડેલા પુરુષને પતિ કરવા જેવું અકાર્ય છે. જેનો આત્મા જાગી ગયો હોય તે તો ચોખ્ખું કહે કે આવા પદાર્થોને હું તો વરું નહિ. દબાણ-ચંપાણથી, લોભથી, લાલચથી જનાર કન્યાને નસીબે છેવટે સિંદુરિયું હોય; પણ સ્વયંવરથી વરવાવાળી કન્યાને સિંદુરિયું ન હોય. આ કન્યા લલચાઈને જતી નથી.

આત્મ પરિણતિરૂપ કન્યા સ્વયંવરપણે જાય છે. જ્યાં મરણ ન હોય ત્યાં જ વરમાળા નાખે. અમર વર મળતો હોય તો બીજે વરમાળા ન જ નાખે. તેમ આ આત્માની પરિણતીરૂપ કન્યા સિદ્ધ મહારાજા સિવાય બીજે વરમાળા ન નાખે. આત્મના પરિણામ તે પરિણતિ. એ પરિણતિ જો કર્મના ઉદયથી, સંસ્કારથી, લોભ-લાલચથી દોરાયેલી ન હોય, શુદ્ધ પરિણતિ હોય, તો તે શાશ્વતા સુખના સમૂહને છોડીને બીજે વરમાળા ન નાખે. આવી પરિણતિનો લાભ મેળવવા માટે સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરવાની જરૂર છે. આ જ વાત કહેતાં नमो सिद्धाणं પદની વ્યાખ્યા પૂરી કરતાં ટીકાકાર મહારાજ ફરમાવે છે કે :-

नमस्करणीयता चैषामविप्रणाशिज्ञान-दर्शन-सुख-वीर्यादिगुणयुक्त-तयास्वविषयप्रमोदप्रकर्षोत्पादनेन भव्यानामतीवोपकारहेतुत्वादिति ।

(સિદ્ધ ભગવંતો અવિનાશી એવા જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય વગેરે ગુણોથી યુક્ત હોવાથી સ્વવિષયે હર્ષનો ઉત્કર્ષ કરનારા હોઈ, ભવ્ય જીવોને ખૂબ ઉપકાર કરનારા હોવાથી તેઓ નમસ્કાર કરવા યોગ્ય છે.)

**સિદ્ધો મંગળરૂપ ક્યે કારણે ?**

જગતમાં વરવાનું ચાર કારણથી બને; ચાર કારણથી કન્યા મળે. દરિદ્રી હોય પણ સારો શીખેલો હોય તો કન્યા મળી જાય. અહીં સિદ્ધ ભગવંતોએ કેવળજ્ઞાન હસ્તગત કરેલું છે. સારી દૃષ્ટિવાળો મૂરતિયો દેખી વરમાળા ઝટ નાખવામાં આવે છે. સિદ્ધોમાં એવું કેવળદર્શન રહેલું છે. સુખી ઘરનો હોવાથી પણ વરમાળા ગળામાં પડે છે. સિદ્ધોનો સર્વ કાળ દુઃખ વગરનો. ભવિષ્યમાં દુઃખ ન આવે તેવો મૂરતિયો તે સમજવો. સંપૂર્ણ સુખવાળો હોય છતાં તાકાત વગરનો હોય તો જ્ઞાન ટકે નહિ, તેમ જ સુખ પણ ટકે નહી; તે માટે સિદ્ધો સર્વ કાળ માટે અનંત વીર્યવાન છે. આમ ચારે ગુણ જેમનામાં છે એવા સિદ્ધો

સિવાય બીજો મૂરતીયો આત્મપરિણતિ પસંદ કરે જ નહીં. આમ અનંત-જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય સહિત હોવાથી સિદ્ધો મંગલરૂપ છે, '

**સિદ્ધોના ગુણો તે પોતાના જ ગુણો**

ચિત્તમાં ઉત્સાહ આવ્યો, તો સિદ્ધ મહારાજ જોડે કરેલું લગ્ન ફળદાયી નીવડે. "નમો સિદ્ધાણં" પદનો આ જે મહિમા છે, સિદ્ધ મહારાજાનાં જ્ઞાન, દર્શન, સુખ, વીર્યરૂપ અનંતા ગુણોને સાંભળનાર આત્માને આનંદઆનંદ થઈ જાય છે. સિદ્ધોના ગુણો એ તત્ત્વરૂપે પોતાના જ ગુણો હોવાથી પોતા સંબંધી ગુણોનું જાણપણું થાય તેથી ભવ્ય જીવોનો આત્મા હર્ષોલ્લાસથી ભરાઈ જાય. અનુકૂળ શબ્દો અર્ધું કાર્ય સિદ્ધ કરી દે. અને શાસ્ત્રકારો કહે છે કે શુભ કાર્યોમાં બાકીનું કાર્ય ઉત્સાહ પૂરું કરે છે. આવો ઉત્સાહ પ્રગટાવવામાટે સિદ્ધ ભગવંતો નમસ્કાર કરવા લાયક છે.

**લક્ષણોદ્વારા નક્કી થતું તીર્થંકરપણું**

**પ્રશ્ન** - અરિહંતને દેવ તરીકે માનવા એમ કહ્યું. પણ વાત એક જ કે અરિહંતે પોતાને મોઢે પોતે કેમ કહ્યું ? લોકમાં કહેવત છે કે - "હીરા મુખસે ના કહે, લાખ હમારા મોલ." તો પછી તીર્થંકર પોતાના મોઢે 'હું દેવ છું' એમ કેમ બોલે ? અને સિદ્ધોને તો બોલવું નથી; તો તેમનું દેવપણું શી રીતે માનવું ? મૂંગું નાળિયેર પણ કોઈ ન ખરીદે, તો પછી અરિહંતોને કે ન બોલનાર સિદ્ધોને અમારે દેવ માની શું કરવું ? સજ્જનો એમ નહીં કહે કે હું સજ્જન છું.

**ઉત્તર** - લક્ષણ દ્વારા. આઠ પ્રતિહાર્ય, ચાર અતિશયો, બાર ગુણો, દેશનાની અપેક્ષાએ ૩૫ ગુણો, તે ગુણો દ્વારા તીર્થંકરનો નિશ્ચય થાય. 'હું આચાર્ય ' એમ કહેવા જાય તો મીંડું મૂકાય. એ લક્ષણોને આધારે તીર્થંકરનું દેવપણું નક્કી થઈ જતું હોય એમાં પોતાનું દેવપણું પોતાની મેળે કહેવાનું રહેતું નથી.

## આચાર્યનું કાર્ય

અરિહંત અને સિદ્ધનું લક્ષણ અરિહંત મહારાજાએ જણાવ્યું. પણ તે તો અરિહંતને જેમણે કાને સાંભળ્યા હોય તે જાણે. અમે અરિહંતને દેખ્યા નથી તો સાંભળીયે ક્યાંથી? અરિહંત જાણ્યા, દેખ્યા, સાંભળ્યામાં નથી. તો પછી એમને દેવ કેવી રીતે માનવા? આનો ખુલાસો એ કે બાપ પરણ્યા હતા પણ અમે નથી દેખ્યા, તે ઉપરથી બાપના લગ્નનો ઈન્કાર કરી શકાતો નથી. નળ જેને ત્યાં નથી તેને તળાવનું પાણી ન આવે. છેટે રહેલું તળાવનું પાણી નળ હોય તેને મળે. આપણા આત્માને તીર્થંકરના વચનરૂપી તળાવનું જળ લાવી આપવાનું કાર્ય આચાર્યરૂપી નળ કરે છે. હવે આચાર્યો કેવા તે અગ્રે. એટલે આ આચાર્યો કેવા તે સમજવાનું પ્રાપ્ત થાય છે. આમ ' णमो सिद्धाणं' પદની વ્યાખ્યા અહીં પૂરી થઈ. આચાર્ય સંબંધી વિવેચન હવે પછી કહેવામાં આવશે.



# દેશના - ૨૧

## આચાર્ય પદ સેવ્ય કેવી રીતે ?

વ્યાખ્યાકાર ભગવાન અભયદેવસૂરીશ્વરજી મહારાજે ભગવતીસૂત્રની વ્યાખ્યા કરતાં ભાવ મંગલરૂપ બીજા 'नमो सिद्धाणं' પદની વ્યાખ્યા પૂરી કરી. હવે પંચ પરમેષ્ઠીમાંના ત્રીજા પદ સંબંધી તેઓશ્રીએ જે વિવેચન કર્યું તે સાંભળો.

**ભવ્યપણાની કસોટી**

સમસ્ત જીવરાશિના ભવ્ય અને અભવ્ય એવા બે ભેદ પાડવામાં આવ્યા છે,તેમાં સાધુઓનો પણ સમાવેશ થઈ જાય છે. મતલબ કે સામાન્ય જીવોની જેમ સાધુસમુદાયમાં ભવ્ય સાધુ પણ હોય અને અભવ્ય એવા માત્ર ભેખધારી સાધુ પણ હોય. હવે જો વક્તવ્યપણાની દૃષ્ટિએ ઉપદેશ આપવાની દૃષ્ટિએ - જોઈએ તો એથી ભવ્ય કે અભવ્યનો ભેદ ન પારખી શકાય. બન્નેમાં એ રીતે તો સરખાપણું જ હોય. વળી જીવ -અજીવ આદિ નવ તત્ત્વોમાંથી આઠ તત્ત્વોને ઉપદેશવામાં તો અભવ્ય કોઈ વાર ભવ્યને પણ ટપી જાય, એવું બને. પણ મોક્ષતત્ત્વ આગળ બધાની ખરી કસોટી થઈ જાય. અભવ્યનું ઘડતર જ એવું કે એને મોક્ષની વાત ઉપર અનુરાગ ન જન્મે. જ્યારે ભવ્ય હમેશાં મોક્ષના ધ્યેયમાં જ રહેનારો અને મોક્ષના કારણમાં જ ચિત્ત લગાડનારો હોય. ભવ્યપણાની આ એક કસોટી સમજવી.

**ભવ્ય અને અભવ્યનું વક્તવ્ય એક કેવી રીતે ?**

પ્રશ્ન - જો મોક્ષને માનવાની દૃષ્ટિએ આ બે વચ્ચે આવો ભેદ

હોય તો પછી ભવ્ય અને અભવ્ય બેનું વક્તવ્ય એક શી રીતે થાય? સાધુવેશમાં અભવ્ય હોય તે શેતાન હોય. એ એમ કહેવાને કાં તૈયાર ન થાય કે આ તો જિનેશ્વરના ગપ્પાં છે?

**ઉત્તર** - એક જ કારણ. જૈન શાસનનો માનનારો સંઘ એ જિનેશ્વર મહારાજને છત્ર તરીકે ગણે છે. જિનેશ્વરના શાસ્ત્રને-શાસનને એવું છત્ર ગણે છે કે જેની અંદર વિરુદ્ધ બોલવાની કોઈની તાકાત નથી. કોઈ વિરુદ્ધ બોલવા તૈયાર થાય તો જૈન શાસન એને કાંકરાની પેઠે ફેંકી દેતાં વાર ન લગાડે. એટલે જેના નામના સિક્કા ચાલતા હોય તેને તો દૂર કેમ કરી શકાય? ઈચ્છા હોય કે ન હોય, ગમે કે ન ગમે, તો પણ એમનું નામ અને વચન તો સ્વીકારવું જ પડે. એમાં અભવ્યનો પણ છૂટકો ન થાય. એટલે આમ સંજોગો અને ગરજને લઈને પણ અભવ્યના વક્તવ્યમાં ભવ્યના વક્તવ્યનું સામ્ય આવી જાય.

**જિનેશ્વરના વચનના હવાલાની જરૂર**

વળી દુનિયાદારીની દૃષ્ટિએ જોઈએ તો જમાલી મહાવીર ભગવાન કરતાં જબરજસ્ત હતો. મહાવીર ભગવાન સાથે દીક્ષા લેતી વખતે જોડે કોઈ નહીં, ભગવાને તો એકલાએ જ દીક્ષા લીધેલી, જ્યારે જમાલી સાથે ૫૦૦ રાજકુમાર દીક્ષા લેનાર નીકળ્યા. એ કેટલો પ્રભાવ પાડનાર હોય ! વળી મહાવીર મહારાજા પાછળ સ્ત્રીની દીક્ષા ન હતી, જ્યારે જમાલીએ તો પોતાની સ્ત્રી જોડે દીક્ષા લીધી. તેમાંય વળી જમાલીની સ્ત્રીએ પણ એકલાં નહીં પણ એક હજાર સ્ત્રીઓ સાથે દીક્ષા લીધી. ભગવાનની પાછળ સ્ત્રીએ કે કોઈએ દીક્ષા ન લીધી. જમાલીનો આ કેટલો મોટો પ્રભાવ! સગપણની દૃષ્ટિએ જોઈએ તો જમાલી મહાવીર મહારાજાના જમાઈ. છતાં શાસનને અંગે એક જ શબ્દ વિરુદ્ધ બોલ્યા અને તે નિહ્નવ ગણાઈ ગયા. એટલે ગમે તેવા સમર્થ માણસને પણ જિનેશ્વરના વચનનો હવાલો તો આપવો જ પડે. નહીં તો એ જમાલીની જેમ દૂર ફેંકાઈ ગયા વગર ન રહે.

**कडेमाणे कडे નું રહસ્ય**

આ જમાલીની વાત શી હતી તે જરા સમજો. પહેલી દૃષ્ટિએ જોતાં તો જમાલી સાચો લાગે એવી વાત છે. ભગવાન મહાવીરનું એક વચન છે કે कडेमाणे कडे (क्रियमाणं कृतम्) એટલે કે એક કામ કરવા માંડ્યું એટલે તે કર્યું જ સમજવું. જમાલી કહે છે કે ' કરવા માંડયું એટલે કર્યું ' એ બરાબર નથી. પણ કર્યું ત્યારે કર્યું કહેવાય. સામાન્ય રીતે વિચારતાં જમાલીની વાત તરત જ સીધી અને સાચી દેખાય. આરંભ કરેલાં કાર્યો, તે બધાં ભગવાન મહાવીરના સિદ્ધાંતે પૂરાં થઈ ગયેલાં ગણવાં; એમાં અધૂરું રહે જ નહિ. જ્યારે દુનિયામાં તો કેટલીય વાર કોઈ કામ શરૂ થયાં છતાં અધૂરું રહે છે. તેથી મહાવીર મહારાજનો સિદ્ધાંત ખોટો છે તેમ તમને દેખીતું લાગશે. આ આગમવચન મુજબ તો 'અધૂરું' એ શબ્દ જ મહાવીર મહારાજના સિદ્ધાંતમાં ન રહ્યો. એટલે કે ભગવતી વાંચવા માંડ્યું એટલે વંચાઈ ગયું; તપસ્યા-માસખમણ શરૂ કર્યું એટલે થઈ ગયું; આ વાત કેવી રીતે બુદ્ધિમાં ઊતરે ? જમાલી આની સામે કહે છે કે હે માણસો ! આવી વાતોથી ભરમાશો નહિ. ખોટી વાતને વાદી સાબિત કરે છે. કેટલાકો સવારે ઉપવાસ શરૂ કરે, પછી આખો દહાડો કરવાનું કાંઈ નહીં, એમ જ ને ? જગતની દૃષ્ટિએ જોવા જઈએ - ઉપલક દૃષ્ટિથી જોઈએ - તો દુનિયામાં સેંકડો કાર્યો અધૂરાં દેખીએ છીએ. તો પછી મહાવીર મહારાજ તો માંખોનેએ હસવું આવે તેવું બોલે છે, એમ કોઈ દોષારોપણ કરે તો તેને કેમ કરી રોકી શકાય ? જમાલીનો વિરોધ પણ આ જ કારણે હતો. પરંતુ મહાનુભાવ ! જરાક સ્થિર ચિત્તે બારીક દૃષ્ટિમાં આવો અને વિચાર કરો કે એક સામાન્ય માનવીને પણ પહેલી દૃષ્ટિએ જ ખોટું લાગે એવું વચન સર્વજ્ઞ એવા મહાવીર મહારાજે કેમ કહ્યું હશે ? આવું વચન એક સર્વજ્ઞ બોલે તેમાં કંઈક રહ્યું તો હશે જ ને ? જુઓ, મહાવીર મહારાજે कडेमाणे कडे કહ્યું

છે તે સ્થૂલ કાર્યોની અપેક્ષાએ નહિ. સ્થૂલ કાર્યોની અપેક્ષાએ આમ કહ્યું હતે તો તો ભવો ભવ ચારિત્રનું આરાધન કરીને મોક્ષે જવા માટે કટીબદ્ધ થવાની કે ઉત્કટ આરાધના કરવાની જરૂર જ પડત નહી. પણ સમ્યકત્વ પામ્યો એટલે મોક્ષ મળી ગયો, એવો એ વચનનો અર્થ નથી. એમણે આ વચન કહ્યું છે તે બારીક દૃષ્ટિએ કહ્યું છે. હીરા, મોતી કંઈ રૂનાં ધોકડાંની જેમ ન તોલાય. હીરા મોતી માટે જેમ વિશિષ્ટ કાંટો જોઈએ તેમ આ વચન સમજવા માટે પણ સ્થૂલ દૃષ્ટિથી કામ ન ચાલે. એનું નિરૂપણ તો સૂક્ષ્મ દૃષ્ટિ વડે જ કરી શકાય. આવા વચનને પણ જો સ્થૂલદૃષ્ટિથી સમજવામાં આવે તો તો હીરા મોતીને રૂનાં ધોકડા તોલવાના મોટા કાંટે તોલવા જતાં જેવી અવ્યવસ્થા થાય તેવી જ અવ્યવસ્થા અને ગેરસમજણ ઊભી થયા વગર ન રહે. બિચારા જમાલીને પણ આમ જ થયું. એ ભગવાનની સૂક્ષ્મ બુદ્ધિગમ્ય વાણીને સ્થૂલ બુદ્ધિથી માપવા ગયો, અને સાચો માર્ગ ચૂકી ગયો અને છેવટે શાસનની બહાર થઈ ગયો.

આ વાત આ રીતે સમજવી ઘટેઃ ચારિત્રના આઠ ભવો, દેશોન ક્રોડપૂર્વ વર્ષોનું ચારિત્ર કહેલું છે. દીક્ષાને દહાડે જ મોક્ષ આવી જાય, એ દૃષ્ટિએ એમણે આ વચન નથી કહ્યું. એટલે એ દૃષ્ટિએ આ વચનને તોલવા ન જાવ. આ વચન કહ્યું છે તે 'સમય'ની દૃષ્ટિએ કહ્યું છે. સમય કોનું નામ? જૈન શાસનનો જાણકાર સારી રીતે સમજે છે કે પ્રદેશનો ભેદ કરવાની તાકાત કેવળી ભગવંતની પણ નથી તેમ સમયનો ભેદ કોઈથી થઈ શકતો નથી. મિનીટનો આગલો પાછલો ભાગ કહી શકાય અને એ રીતે એનો ભેદ પણ કરી શકાય. ૩૦ સેકંડ પહેલાં કે પાછળ, એવા ભાગ કરી શકીએ. પણ સમયમાં તો વચલો, આગલો, પાછલો એવા ભાગ થાય જ ક્યાંથી? જેના બે ભાગ પણ થવા મુશ્કેલ તો પછી વચલો ભાગ તો થાય ક્યાંથી? સમય એવી ચીજ છે કે જેના એકના બે ભાગ પણ થઈ શકે જ નહિ. આ સમય ઉપર મહાવીર મહારાજાના આ

कडेमाणे कडे એ સિદ્ધાંતનો આધાર છે. અભિન્ન કાળ તેનું નામ સમય. અભેદ્ય તે જ પ્રદેશ. જેમ પુદ્‌ગલનો અભેદ્ય ભાગ પરમાણુ, તેમ જે કાળ પ્રદેશના એકના બે ભાગ ન થઈ શકે તે સમય. અભેદ્ય એવા એ સમયના કાર્યમાં કરવા માંડ્યાનો કાળ ક્યો? ને થઈ ગયાનો કાળ કયો? આમાં ' કરવા માંડ્યા' નો અને 'થઈ ગયા'નો ભેદ કેમ કરી પાડી શકાય?, એક સમયનું કાર્ય-કેવળજ્ઞાની મહારાજે એક સમયમાં આખું જગત જાણ્યું - તેમાં જાણવા માંડ્યું ક્યારે ને જાણ્યું ક્યારે? જાણવા માંડવાનો સમય જુદો લો તો જાણ્યાનો સમય જુદો લેવો પડે. અને એમ કરવા જતાં અભેદ્ય સમયનો ભેદ કરવો પડે, જે અસંભવ છે. કેવળજ્ઞાનમાં સમય વિચારો. ' મહાવીર' નામ, તે જાણવા માંડયું ત્યારે જ જાણ્યું. જે સમયે જાણવા માંડ્યું તે જ સમયે જાણ્યું. 'જમાલી' નામ તે જાણવા માંડ્યું ત્યારે પ્રથમ સમયે જ તે જાણ્યું. પહેલે સમયે શરૂ કર્યું અને બીજે સમયે પૂરું કર્યું એમ માનીએ તો દરેક સમયનું કાર્ય જુદું પડી જાય અને ક્રિયા અને ફળમાં પણ ભેદ પડી જાય. પણ મહાવીર મહારાજાના સિદ્ધાંતમાં ક્રિયાકાળ ને ફળકાળ બે જુદા હોતા નથી. લાંબા વખતનાં કાર્યોમાં ક્રિયાકાળ અને ફળકાળ જુદા દેખીએ તેમાં પણ મહાવીર મહારાજાના સિદ્ધાંતે ફરક છે.

**પ્રારંભ અને પૂર્ણાહૂતિ એક કેવી રીતે?**

**પ્રશ્ન** - વાંચવા માંડ્યું તેટલું વંચાઈ ગયું, એમ કેમ માની શકાય? ભગવતીસૂત્ર શરૂ કર્યું તો તે જે દિવસે વાંચવું શરૂ કર્યું તે દિવસે પૂરું થઈ ગયું, એમ તે બને ખરું? એક એક દહાડે એક એક ઉપવાસ થયો ત્યારે ત્રીસ દહાડે મહિનાના ઉપવાસ પૂરા થયા. મતલબ કે -ત્રીસમે દહાડે ત્રીસમો ઉપવાસ થયો. વલી પહેલે દડાડે કરવા માંડેલા ઉપવાસમાં પણ આઠ પહોરના દહાડામાં પહેલા પહોરે પહેલા પહોરનો અણાહારપણાનો ગુણ, યાવત્‌ આઠમે પહોરે આઠમા પહોરના એ ગુણ થયો, તો પછી પ્રારંભ અને પૂર્ણાહૂતિ એ બે છેડાને એક કેવી રીતે માની શકાય?

**ઉત્તર** :- અધૂરાં કોનું નામ? થોડો ભાગ થયો અને થોડો બાકી રહ્યો તે અધૂરાં. આ અપેક્ષાએ "કરવા માંડ્યો એ થયો," ન ગણાય. પણ ઉપર કહ્યું તેમ 'સમય' ને ધ્યાનમાં રાખીને વિચારો તો આ વાત માન્ય વગર બીજો માર્ગ જ નહીં રહે. સમયની દૃષ્ટિએ વિચારીએ તો ક્રિયા અને ફળનો કે આરંભ અને અંતનો ભેદ પાડી શકાય નહીં. અને આ અભેદને જ સૂચવનારું જ આ આગમવચન છે.

**ઉપદેશમાં તો શાસનની રીત જ જોઈએ**

હવે મૂળ વાત ઉપર આવો. જૈન શાસન એક એવું પ્રખર સિદ્ધાંતવાળું છે કે એ કોઈને પણ પોતાના મૂળ સિદ્ધાંતથી ફરવા ન દે. ને ફરે તો એને કાંકરાની માફક ફેંકી દે. આવો જબરો જમાલી છે, ખુદ ભગવાનનો જમાઈ, છતાં જૈન શાસને એને કાંકરાની માફક ફેંકી દીધો. તેથી અભવ્ય સાધુ હોય તે અંદરથી શેતાન હોય, મોક્ષને ન માનતો હોય છતાં તેને જૈન શાસન પ્રમાણે બોલવું તો પડે જ. એ શેતાનપણું પ્રતિબોધ કરવામાં ન કરે; કારણ કે અભવ્યના પ્રતિબોધેલા અનંતા મોક્ષે ગયા છે. જેને મોક્ષ પ્રત્યે અંતરમાં અનુરાગ નથી એવા અભવ્ય સાધુને "મેં ગપ્પાં માર્યા છે" તેમ કહેવામાં શી હરકત હતી? જૈન શાસનનો સોટો અને સંઘની સત્તા એવાં જબરજસ્ત હતાં કે તેથી અભવ્યને પણ જૈન શાસનની રીતિ પ્રમાણે જ ઉપદેશ આપવો પડતો હતો. વક્તા-શ્રોતાની છત્રછાયા એક હોવી જોઈએ. તેમાં નિહ્નવોની પેઠે વક્તવ્યમાં ભેદ ન હોવો જોઈએ.

**ભવ્ય અને અભવ્યના પ્રયોજનમાં ભેદ**

વળી એવું પણ બને કે, વક્તવ્ય એક હોય, છતાં પ્રયોજન જુદું હોય. ભવ્યનું પ્રયોજન કર્મનો ક્ષય, સંવર, નિર્જરા કે મોક્ષ હોય, પણ એનો મુદ્દો લોકો મારી કીર્તિ ગાય, મને મહત્તા આપે એવો સ્વાર્થી અને ટૂંકો હોય; એને મોક્ષનું ધ્યેય ન હોય. અભવ્ય સાધુ ને ભવ્ય સાધુમાં

છત્રછાયા કે વક્તવ્યનો ફરક ન હોય, પણ પ્રયોજનમાં જરૂર ફેર હોય. ભવ્ય એમ વિચારે કે હું તરું અને અન્યને તારું. અને અભવ્યનું પ્રયોજન એ કે હું ડૂબું તોયે શું ? મારે ડૂબવા - તરવાથી પ્રયોજન નથી; હું પૂજાઉં, મારો જશ ગવાય એટલે બસ; અભવ્યનો આ જ મુદ્દો રહે. આમ ભવ્ય અને અભવ્ય વચ્ચે પ્રયોજનમાં ભેદ પડ્યો.

**પ્રયોજન અને રીતિનું સરખાપણું**

જ્યાં પ્રયોજનમાં ફેર ન હોય પણ એકસરખાપણું હોય ત્યાં રીતિમાં પણ સરખાપણું આવે. જૈન શાસ્ત્રના અસંખ્યાત જોગોમાં ત્રણ વસ્તુ મળેલી છેઃ છત્રછાયા જિનેશ્વરની, વક્તવ્ય તેનું જ, ધ્યેય મોક્ષનું જ હોય. તેથી સંબંધ અને રીતિ જાળવવા માટે સવાર-સાંજ પ્રતિક્રમણ તેમજ પડિલેહણ વખતે તે દ્વારા જ મોક્ષ સાધવાની રીતિ. તપ, વૈયાવચ્ચ, સ્વાધ્યાય વખતે તે દ્વારા જ મોક્ષ સાધવાની રીતિ. પ્રયોજન વગેરે ચાર વાતો નક્કી કરવા માટે ગણધર મહારાજે છત્રછાયા નક્કી કરી. તમારે ને મારે એક જ છત્રછાયામાં એટલે કે પંચપરમેષ્ઠીની છત્ર છાયામાં રહેવાનું છે. વક્તા અને શ્રોતા બનવાને પણ તેઓ જ લાયક છે, જેઓ જિનેશ્વરની છત્રછાયાને કબૂલ કરનારા હોય.

**અરિહંતને કેમ માનીએ છીએ ?**

**પ્રશ્ન** : કોઈ કહેશે કે ઘડીક પંચપરમેષ્ઠીની છત્રછાયા કહો છો અને ઘડીક જિનેશ્વરની છત્રછાયા કહો છો તો જિનેશ્વર ભગવાન એ તો છત્રનો દાંડો છે; સિદ્ધ, આચાર્યાદિ સળિયા તથા લૂગડું છે. તો પછી અરિહંતને આગળ કરવાનું શું કામ ?

ઉત્તર : આપણે કંઈ અરિહંતને આંધળા થઈ માનતા નથી. નહિંતર -

“ प्रशमरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्नं,

वदनकमलमङ्कः कामिनीसंगशून्यः ।

करयुगलमपि यत्ते शस्त्रसम्बन्धवन्ध्यं,
तदसि जगति देवो वीतरागस्त्वमेव ।।''

- એમ કહીને (હે ભગવાન ! આપનાં) બન્ને નેત્રો શાંતરસથી ભર્યા છે, આપનું મુખકમળ આનંદભર્યું છે, આપનો ખોળો સ્ત્રીના સંગથી રહિત છે, આપના બન્ને હાથ શસ્ત્ર વગરના છે. માટે આપ જ દુનિયામાં વીતરાગ દેવ છો. એવા ગુણોવાળા અરિહંતને નમસ્કાર કરવા ન પડત. આપણે કંઈ જિનેશ્વરને જીવ કે વ્યક્તિ તરીકે માનતા નથી, પણ એમના ગુણ દેખીને માનીએ છીએ. સત્તાના દોરમાં 'હું કહું તે માનવું જોઈએ; તમારે તેનો વિચાર કરવાનો ન હોય' એવી જો હુકમી તો મોગલાઈ સત્તામાં પણ નથી ચાલતી તો શાણી સત્તામાં તો એક ક્યાંથી જ ચાલે ? જૈન શાસનમાં 'હું કહું તે માની લેવું' તે નહીં ચાલે. ભગવતીસૂત્રમાં ૩૬ હજાર પ્રશ્નો શા માટે ? કહેવા માત્રથી માનવાનું હોય ત્યાં પ્રશ્નો શા માટે ? કહેવામાત્રથી નહિ માનવામાં મુદ્દો શો ? ગૌતમ સરખા સાંભળનારા, તીર્થંકર સરખા કહેનારા, તેમાં ક્યા મુદ્દાથી કહો છો ? આનો મુદ્દો એ જ કે મહાવીર મહારાજાને ગૌતમ સરખા સવાલ પૂછી શકે છે તો પછી 'ખબરદાર, હું કહું તે સાંભળી લો; નહીંતર ઊઠી જાઓ, અહીં આવશો નહિ, આમ કહેવું એ જૈન શાસનની રીતિ ન ગણાય. અરિહંતના શાસનમાં દરેકને શંકા કરીને સમાધાન મેળવાનો મુદ્દો સમાયેલો છે, તેથી જ અરિહંતને આગળ કરવામાં આવે છે. બિચારા શ્રોતા શીંગડાના ખાંડા, પૂંછડાના બાંડા હોય ત્યાં શું કરવું ? જાહેરમાં બધાને મેં કહ્યું, જેને જરૂર હોય તે ભલે મારી ડાભડી લે. છતાં કોઈએ મારી ડાભડી ન લીધી. કારણ કે પહેલેથી ખાનગીમાં સોગન ખવરાવ્યા છે કે કોઈ ડાભડી લેશો નહિ. એટલે પછી લે શી રીતે ? આ જ રીતે બીજા ઠેકાણે પહેલેથી પ્રશ્ન પૂછવાની ના કહી અને પછી કહે છે કે પ્રશ્ન પૂછવા હોય તો પૂછી લો. પણ જ્યાં ખાનગીમાં

અંધશ્રદ્ધાની કંઠી બંધાતી હોય ત્યાં પછી કહેવા છતાં પણ જાહેરમાં પ્રશ્ન પણ કોણ પૂછે ? પણ હેતુ, યુક્તિ પૂછવાં તે દરેક જિજ્ઞાસુનો હક્ક છે, એ વાત ગૌતમ સરખાએ જાહેર કરી. એનો અર્થ એ કે ભગવાન જિનેશ્વરને આપણે આંધળિયાં કરી નથી માનતા. તેમની લાયકાત માટે તેમનાં નામ સાર્થક રાખવાં પડે અને એ નામની વ્યુત્પત્તિઓ કરીને એ નામવાળી વ્યક્તિની વિશેષતા નક્કી કરવી પડે. અરિહંત દેવતાને પૂજ્ય, સર્વજ્ઞ, મમતા વગરના, સમગ્ર કર્મનો ક્ષય કર્યો માટે એમને માનીએ છીએ. જન્મ, જરા, મરણ ફેર નહિ કરે માટે માનીએ છીએ.

**વચનવિશ્વાસે પુરુષવિશ્વાસ**

દુનિયામાં ઘણે સ્થળે મારીને મુસલમાન કરાય છે, અથવા અંધશ્રદ્ધારૂપી ઝેર દઈને પંથો ચલાવવામાં આવે છે. પણ ભગવાન મહાવીરે તો ચોખ્ખું કહ્યું કે - હે સાધુઓ ! મારું વચન પરીક્ષા કરીને માનજો; માત્ર મારા ગૌરવથી ન માનશો. જેનું વચન યુક્તિવાળું હોય તેને આમ કહેવામાં ડર કે સંકોચ ન જ થાય. પરીક્ષક વર્ગને તો વચનવિશ્વાસે પુરુષવિશ્વાસ કરવાનો હોય છે. અન્યમતવાળા તો પોતાના ધર્મને જ માનનારા હોવાથી તેમને વચનવિશ્વાસે પુરુષ વિશ્વાસ નથી, પણ પુરુષવિશ્વાસે વચનવિશ્વાસ છે. પણ સત્યને પામવાનો ખરો માર્ગ વચનની પરીક્ષા કરી વક્તાની પરીક્ષા કરવી તે છે. જેનું વચન યોગ્ય હોય તે પુરુષને આપણે માનીએ એજ અપેક્ષાએ પૂજ્ય હેમચંદ્રસૂરિજીએ બત્રીસીમાં કહ્યું કે -

क्षिप्येत वाऽन्यैः सदृशीक्रियेत वा,
तवाङ्घ्रिपीठे लुठनं सुरेशितुः ।
इदं यथावस्थितवस्तुदेशनं,
परैः कथङ्कारमपाकरिष्यते ? ।।

કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય વીતરાગને કહે છે કે હે પ્રભુ,

તમારા સાચા બોલાપણનો વિશ્વાસ ન હોત તો, બીજું બધું છતાં, તમને પછાડી દેતાં વાર ન લાગત. કદાચ તમારી શક્તિ વધારે હોય અને બીજાની ઓછી હોય તો તે તમને પછાડી ન શકે એમ બને, પણ છેવટે 'હું રાંડ થાઉં સાથે તને પણ રાંડ કરું' એવો ઘાટ તો બનત જ. સોહાગણને પગે રાંડેલી પડી તો સામે તે તેને પગે પડી, આમ બે સરખેસરખા થઈ જાય. છેવટે બીજું કંઈ ન કરી શકત તો ઈંદ્ર તમને પૂજે છે, તે વાત તો અવશ્ય હવામાં જ ઉડાડી દેત. દુનિયા સાચાની છે, તો દેવતા કંઈ જુંઠા છે? સામાન્ય માનવી પણ જુઠામાં સહકાર આપતાં ડરે છે, તો દેવતા જુઠાના પક્ષમાં કેમ પડે? તો પછી ઈંદ્ર તો જુઠ્ઠની છાયાએ પણ કેમ ઊભા રહે? આમ જો તમારા બોલમાં સચ્ચાઈ ન હોય તો તમારું ઈંદ્રસેવ્યપણું-ઈન્દ્રપૂજ્યપણું લગીરમાં ફેંકી દેવાય. તમે ઈંદ્રસેવ્ય પૂજ્ય નથી તે પલકમાં કહી શકાય, પણ તે ક્યારે? એક વસ્તુ ખસેડી દે- સાચું બોલવું છોડી દે, સત્યનિરૂપણ, તત્ત્વનિરૂપણ છોડી દે તો પછી દેવ-ઈંદ્ર-પૂજ્યપણું કેટલી પળ રહે? એક પળ પણ ન રહે. પણ હે ભગવન્ ! આપના સત્ય તત્ત્વ-નિરૂપણ આગળ અમારું કંઈ જોર ચાલતું નથી. તેથી બીજા કોઈ તમને પછાડી શકતા નથી. એટલું જ નહીં પણ પોતાના જોડિયા -બરોબરિયા પણ કરી શકતા નથી કે ઈંદ્ર મહારાજનું સેવન ખસેડી શકતા નથી. અરિહંત ભગવાનને 'यथास्थितार्थवादी ' કહ્યા છે એટલે બધાયને એમના વચન ઉપર જ વચનાતિશય ઉપર જ - આધાર રાખવો પડે છે.

### શ્રદ્ધા મૂકતાં પહેલાં વિચારની જરૂર

**પ્રશ્ન** - આમ જો વચનવિશ્વાસે જ પુરુષવિશ્વાસ રાખીએ તો એનો અર્થ તો એવો કે વ્યક્તિ ઉપર તો વિશ્વાસ નહીં જ ને?

**ઉત્તર** - મહાનુભાવ ! તમે જરા ભૂલો છો. શ્રદ્ધા મૂકતાં પહેલાં જેના ઉપર શ્રદ્ધા મૂકવી હોય તેની યોગ્યતા તપાસવા માટે તેનું વચન તેના

વચનનું સાચાપણું-તપાસવું જ પડે. અને એક વખત વચન ઉપર વિશ્વાસ બેઠો પછી વચનના બદલે પુરુષ ઉપર વિશ્વાસ કરવામાં કશું જોખમ નથી. આનો અર્થ એકે પ્રારંભ થાય વચનવિશ્વાસે પુરુષ-વિશ્વાસના આધારે; અને પછીનું બધું કામ ચાલે પુરુષ વિશ્વાસે વચન-વિશ્વાસની શ્રદ્ધાના બળે. મતલબ કે શ્રદ્ધા મૂકતાં પહેલાં વિચાર કરવો પડે.

**આજ્ઞાગ્રાહ્ય પદાર્થ**

વળી અગમ્ય પદાર્થોમાં વચન ઉપર વિશ્વાસ રાખવો જ પડે. ભવ્ય અભવ્ય બે પ્રકારના જીવ તેમાં કોણ કોને પૂછવા જાય? જ્યાં ઈન્દ્રિયગમ્યપણું કે યુક્તિનો વિષય નથી ત્યાં, માત્ર વક્તાના જ્ઞાનનો જ વિશ્વાસ-કરવો પડે; તેવામાં વક્તાના જ્ઞાનથી જ માનવું પડે. અતીન્દ્રિય અથવા આજ્ઞા ગ્રાહ્ય, એટલે કે હેતુ-યુક્તિથી અગમ્ય તેવા પદાર્થોમાં આજ્ઞાથી માનવાનું કહેવું પડે. ત્યાં તો કેવળ आणागिज्झो, आणाए कहेयव्वो,दीठ्ठंतिए दीठ्ठंतो આજ્ઞાથી જ મનાય; એ સિવાય બીજો માનવામાં રસ્તો ન હોય. જીવોની સઘનતા સંબંધી વર્ણન કરતાં શાસ્ત્રમાં કહ્યું છે કે સોયના અગ્રભાગ ઉપરની લીલફૂગમાં કેટલા જીવો રહે? આનો જવાબ એવો કે સિદ્ધિના, નારકી, મનુષ્યો, ઢોરો, જનાવરો, પંખી, એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવો, પૃથ્વી, અપ, તેઉ, વાઉ બધાને એકઠા કરીએ, જગતના જેટલા ઝાડના પાંદડા, ફળ, ફૂલ, બી, પ્રત્યેક વનસ્પતિના જીવને સાથે લઈએ તે કરતાં પણ અનંતગણા જીવો સોયની અણીના અગ્ર ભાગ ઉપર રહેલ લીલફૂગમાં માન્યા છે. તેવી રીતે ડુંગળી, બટાકા, શકરિયાં વગેરે બધા કંદમૂળમાં પણ અનન્તાનન્ત જીવો રહેલા છે. આ વિષય બુદ્ધિનો કે યુક્તિનો નથી પણ માત્ર વિશિષ્ટ જ્ઞાની પુરુષની વિશિષ્ટ આજ્ઞાનો જ આ વિષય છે.

**પ્રશ્ન** - એક ટાંકણીની અણી ઉપર લાખો દીવાની જ્યોત જુદી જુદી રહી શકે છે, તો ટાંકણીની ટોચના તેટલા ભાગ પડયા ગણાય. કેમ

કે એ અજવાળાં એકમેક નથી થયાં, પણ જે દીવો ઓલવ્યો તેનું અજવાળું જાય છે. આમ જુદાં જુંદા અજવાળાં ટાંકણીના અગ્રભાગ ઉપર જુદી જુદી રીતે રહેલાં છે. આ યુક્તિ ત્યાં લીલફુગમાં કેમ ન વાપરવી?

**ઉત્તર** - ભાઈ, જ્યાં અનંતકાયનું દૃષ્ટાંત આપણા હાથમાં નથી ત્યાં પછી નિગોદની વાત ને મળતી વાત કરવી એ નિરર્થક છે. કંદમૂળમાં આટલાં જીવો રહ્યા છે, એ કેવળી મહારાજના વચનથી માનવાનું છે. આવા પદાર્થો આજ્ઞાએ માનવા. આમ છતાં જ્યાં હેતુ, યુક્તિ હોય અને પ્રયોજન કે વ્યાપ્તિ જણાવી શકાય તો તે દ્વારા પણ મનાવી શકાય.

**હેતુ, યુક્તિ દૃષ્ટાંતની જરૂર**

અનંતી જીવરાશિ અરિહંતની આજ્ઞાથી માનવી છે, તો કર્મક્ષય, નિર્જરા, બંધ, મોક્ષ બધું ભગવાનના વિશ્વાસે માનો. મતલબ કે માત્ર કેવળીગમ્ય તેવા પદાર્થોમાં જ આજ્ઞાને આગળ કરી શકાય. બાકી જે પદાર્થો હેતુ, યુક્તિ, દૃષ્ટાંતથી સાબિત થઈ શકે તેવા હોય તેને માટે તો હેતુ, યુક્તિ, દૃષ્ટાંતો જણાવવાં જોઈએ. નહિતર વક્તાની રીતિને તોડનાર ગણાવો જોઈએ. જ્યાં હેતુ, યુક્તિ, દૃષ્ટાંતો લાગુ પડે ત્યાં તેવી જગો પર મારા વચનથી કે ભગવાનના વચનથી માની લો, તેમ કહેનાર વક્તાની રીતિનું ખંડન કરનારો બને છે. આટલા માટે અરિહંતને માનવાનાં કારણો જણાવ્યાં.

**અરિહંત અને સિદ્ધ એ દેવતત્ત્વ**

સિદ્ધ મહારાજા આઠે કર્મ રહિત છે. તેમને નથી વચન, નથી કાયા, નથી પ્રવૃત્તિ, નથી કથન, પરંતુ તેઓને પણ જે માનીએ છીએ, નમસ્કાર કરીએ છીએ એમાં હેતુ જણાવ્યો છે કે તેઓ આઠ કર્મ રહિત થયા માટે તેમને માનવા. તેઓ અનંત જ્ઞાનાદિ ગુણવાળા હોઈ મંગળરૂપ થયા, આલંબનરૂપ થયા માટે માનવા. મહાવીરના શાસનને અંગે અરિહંતને નમસ્કાર કેમ કરવો? મોક્ષમાર્ગ બતાવે માટે માનવા.

અરિહંત-સિદ્ધને નમસ્કાર કરવામાં કારણ જણાવ્યું. આપણા સુકાનનું દૃષ્ટિબિંદુ સિદ્ધપણું છે માટે તેમને નમીએ છીએ. બંને પરમેષ્ઠી નિયમિત છે. સર્વજ્ઞ વીતરાગપણાવાળા સાધ્ય સિદ્ધિએ પહોંચેલા છે. માટે બંને દેવતત્ત્વ.

**આચાર્યના ઉપકારની વિશાળતા**

હવે દેવતત્ત્વ નમસ્કાર કરવા લાયક ગણ્યું, તે ક્યાંથી ઉત્પન્ન થયું ? ગુરુતત્ત્વમાંથી. દેવમાં અરિહંતો, સિદ્ધો લેવામાં આવ્યા. અને તેમની ઉત્પત્તિ ગુરુતત્ત્વમાંથી માનવામાં આવી. દેવ અનાજરૂપ, ગુરુ ખેતરરૂપ, ગુરુતત્ત્વમાંથી અરિહંત,સિદ્ધરૂપ દેવોની ઉત્પત્તિ છે. અરિહંત ઉપકાર કરે તે ઘણો ઓછો. રિખવદેવજી ભગવાન એક હજાર વર્ષ ન્યૂન એક લાખ પૂર્વ કેવળી પર્યાયવાળા હતા, ત્યાં સુધી તેમણે ઉપકાર કર્યો. બાકી પચાસલાખ ક્રોડ સાગરોપમ સુધી ઉપકાર કોણે કર્યો ? અસંખ્યાત પુરુષ-પાટ-પરંપરા સુધી મોક્ષ મેળવી આપવાનો ઉપકાર કોણે કર્યો ? આવો ઉપકાર આચાર્ય ભગવંતોએ જ કર્યો છે. એટલે પછી અરિહંતના ઉપકારના કાળનો અને આ કાળનો હિસાબ કરો. આચાર્યનો ઉપકાર પચાસ લાખ ક્રોડ સાગરોપમ સુધી ચાલુ રહ્યો. અરિહંત પોતે બિરાજે ત્યાં જ ઉપકાર. પણ આખા આર્યક્ષેત્રમાં ઉપકાર કોણ કરે? આ સવાલનો જવાબ શોધતાં આપણે દેવતત્ત્વ ઉપરથી ગુરુતત્ત્વ ઉપર આવીએ છીએ. આવો ક્ષેત્ર અને કાળની દૃષ્ટિએ બહુ મોટો ઉપકાર કરનાર તે આચાર્ય તત્ત્વ, ગુરુતત્ત્વ. તીર્થંકરનું વચન ભવ્ય જીવને આ કોને આપ્યું ને આ કાને ગયું. પણ તીર્થંકરના વચનનો ઉપકાર સ્થાયી કરી દેનાર કોઈ હોય તો તે ગુરુરૂપ ગણધર મહારાજ. જુઓ, ગણધર ભગવંતોએ જ દ્વાદશાંગી ગૂંથી, તીર્થંકરનું વ્યાખ્યાન ઊડી ગયું, આજે આ ક્ષેત્રમાં કોઈ ભાવ તીર્થંકર વિચરતા પણ નથી, છતાં તેમના વચનનું આવર્તન કરી શકીએ છીએ તે ગણધરે ગૂંથ્યું તેથી. આ બધો ઉપકાર

ગણધર મહારાજાનો. ઘણા વખત લગી અને ઘણા ક્ષેત્રમાં જો કોઈ તારવાને સમર્થ થાય તો તે ત્રીજા પરમેષ્ઠીપદમાં બિરાજમાન આચાર્ય ભગવંત.

**આચાર્યને નમવાનો હેતુ**

હવે પંચપરમેષ્ઠી પદમાંના અરિહંત અને સિદ્ધ સિવાયના બાકીનાં જે ત્રણ પદ ગુરુ સ્થાને છે તે આચાર્ય, ઉપાધ્યાય ને સાધુપદ; તેમાં આચાર્યને શાથી નમીએ? દર્દ મટે નહિ ત્યાં સુધી દર્દનું ભયંકરપણું જાણનારે વૈદની, ડાકટરની ટ્રીટમેન્ટમાંથી ખસાય નહિ, તેમ તેની તાબેદારી-સલાહમાંથી પણ ન ખસી શકાય. આચાર્યને નમવાનું પણ એજ રીતે સમજવું. મોક્ષે જવા તૈયાર થયા, પણ કર્મની ભયંકર બીમારી ચાલુ હોય ત્યાં લગી આત્મા સર્વથા નિર્મળ બનીને મોક્ષે જવાને લાયક ન બને. કર્મની આ બીમારીથી આત્મા વિહ્‌વળ બનેલો છે. આવા કર્મથી વિહ્‌વળ બનેલા આત્માને એવી ભયંકર બીમારીથી છોડાવનાર જૈન શાસનના ડાકટર તે આચાર્ય. તેમના સિવાય, તેમની દેખરેખ સિવાય, એક ડગલું પણ ચાલી શકાય નહિ. આચાર્યપદની વ્યાખ્યા કરતાં ટીકાકાર ભગવાન કહે છે કે ‘णमो आयरियाणं ति-आ-मर्यादया तद्विषयविनयरूपया चर्यन्ते सेव्यन्ते जिनशासनार्थोपदेशकतया तदाकांक्षिभिरित्याचार्याः’ અર્થાત્‌ વિનયરૂપ મર્યાદાપૂર્વક, જિનાશસનમાં પ્રરૂપેલાં તત્ત્વોને જાણવાની બુદ્ધિવાળાઓ વડે જેઓ સેવાય છે તે આચાર્ય. મતલબ કે આચાર્યની સેવા દ્વારા મોક્ષ માર્ગમાં આગળ વધવોનું બને છે.

શંકરાચાર્ય, ગોસાંઈજી, પોપ, એ બધા ધર્મગુરુઓ તો કહેવાના કે તમારી મિલકત, છોકરા વગેરે બધું મને અર્પણ કરો. ત્યાં અર્પણરૂપે સેવા લેવામાં આવે છે; ત્યાં ચૂચાં કરવાનું જ નહિ. ફોજદાર કે હવાલદાર ફટકા મારે તો ચૂચાં કરવાનો કે બૂમો મારવાનો હક્ક

ખરો, પણ આવા ગુરુઓના ગુરુપણાની ગુલામીમાં ગરકાવ થયેલાને ચૂંચાં કરવાનો પણ હક્ક નથી. પણ જૈન શાસનમાંતો વિનયને જ પ્રધાનતા આપવામાં આવી હોવાથી સર્વવિરતિવાળા શિષ્યો આચાર્યને લાયક વિનય જ અર્પણ કરે છે. પૌષધ લેવાવાળા પણ મન, વચન, કાયાને અર્પણ કરવારૂપ વિનય કરે છે. આચાર્યને યોગ્ય જે વિનય તે વિનયરૂપ મર્યાદાએ જે સેવા કરાય તે સાચો વિનય છે.

**દાતાર અને યાચકમાં કોણ સેવ્ય ?**

**પ્રશ્ન** - કોઈ ગૃહસ્થ એમ પ્રશ્ન પૂછે કે આચાર્ય વળી સેવ્ય ક્યારના? ખરી રીતે તો અમે જ સેવ્ય છીએ. કારણ કે આચાર્યને મકાન, દવા, ખોરાક, પાણી, વસ્ત્ર વગેરે અમે આપીએ છીએ. તો પછી દાતાર સેવ્ય કે યાચક સેવ્ય ? યાચક તે વળી સેવ્ય હોય ખરો ? એમનું નામ તો ભિક્ષુક અને અમે તો દાતાર. એટલે અમને સેવા કરવાનું કહો છો, તે ખરેખર લાયકાત બહારની વાત છે. સાચી રીતે તો દાતાર સેવ્ય અને યાચક સેવક હોય. છતાં આવું ઊટલું કેમ કહેવામાં આવે છે ?

**ઉત્તર**– ધ્યાનમાં રાખવાનું છે કે જો આપણે સાટું કરતાં હોઈએ તો તમે કહો છો તે સાચું પડે. પણ સાધુ કંઈ સાટાના વેપારી નથી. તું મને અનાજ આપજે, હું તને ઉપદેશ આપીશ, એમ કદી કહેતા નથી. તેઓ તો તમે આપો કે ન આપો તો પણ ધર્મનો ઉપદેશ તો કોઈ પણ જાતના બદલાની આશા વગર આપતા જ રહે છે. અને તેથી તેઓ ભિક્ષુક હોવા છતાં સેવ્ય બન્યા છે. ખરી રીતે તો એમનું ભિક્ષુકપણું જ એમને સેવ્ય બનાવનારું છે.

**આચાર્ય સેવવા લાયક શાથી ?**

અરિહંતોને મુખ્ય ગણ્યા તે ઉપકારને અંગે છે. તે જ રીતે અરિહંત ભગવાન પછી જિનેશ્વર ભગવાનનું શાસન ચલાવનાર અને તેમાં કહેલા પદાર્થોને સમજાવનારા અને હૃદયમાં ઉતારનારા, એવા

કોઈ હોય તો તે કેવળ આચાર્ય ભગવાન. જેઓ વક્તવ્ય પદાર્થને શ્રદ્ધામાં દાખલ કરે, ઉપદેશમાં વહેવડાવે, તેમને અન્ન-પાણી આપે તે તો હીરાના દલાલને પાનબીડું આપ્યા જેવું છે. જૈન શાસનના પદાર્થો સ્વયં જાણવાવાળા અને બીજાઓને જણાવવાવાળાની આગળ અન્ન-પાણી કે વસ્ત્ર-મકાનની કિંમત કેટલી? માટે આચાર્ય સેવવા લાયક.

ઝવેરી બજારમાં આથડતો કોણ ફરે? જેને ઝવેરાતનો ખપ હોય તે. પણ જેને ચીભડાં જોઈતાં હોય તે ઝવેરી બજારમાં ન જાય. અહીં પણ જેમને જૈન શાસનનો ખપ છે, તત્ત્વરૂપ પદાર્થો જાણવાનો ખપ છે, તેઓને માટે ધુરંધર આચાર્ય ઉપકારી છે. આ આખી શ્રેણી આચાર્યો ઉપર રહેલી છે. જેઓ મોક્ષમાર્ગની ઈચ્છાવાળા એટલે કે જૈન આગમોના અર્થરૂપ ધ્યેયની આકાંક્ષાવાળા છે તેવા પુરુષો તો જરૂર તેમની સેવા કરે. આમ આચાર્ય મહારાજનું લક્ષણ જણાવ્યું.

**દરેક વાત સાક્ષીપૂર્વક જ કરવી પડે**

જૈન શાસન કંઈ અભયદેવસૂરિજીના બાપનું ન હોતું. તેઓ તો માત્ર એક પોસ્ટમેન જેવા છે, અથવા કહો કે દુભાષિયા જેવા છે. દુભાષિયાને સ્વતંત્ર કહેવાનો હક્ક ન હોય. મલયગિરિજી મહારાજ ટીકા કરે ત્યાં જગો જગો પર પહેલાનાં આચાર્યોની સાક્ષી આપે છે; ભાષ્યમાં સૂત્રની સાક્ષી આપીને ચાલે છે. અહીં કશું જ ઘરનું કહ્યું ચાલે તેમ નથી. સાક્ષીપૂર્વક જ વાત કરવી પડશે. એમણે જે કહ્યું તે કલ્પેલું નથી કહ્યું. હવે તે જણાવવા માટે આચાર્ય સાક્ષી આપે છે કે આચાર્યને નમસ્કાર કેમ કરવો. તેમાં સાક્ષીની શી જરૂર છે? જાણીતી વાતમાં પણ અભયદેવસૂરિજી સાક્ષી સિવાય વાત કરતા નથી. પણ તે ઠેર ઠેર 'आह च, उक्तं च' એમ કહીને બીજાની સાક્ષી રજુ કરે છે. જેઓને સાક્ષી તરીકે રજુ કરવામાં આવે છે તે પૂર્વાચાર્યોએ શું કહ્યું તે હવે પછી જોઈશું

# દેશના - ૨૨
## આચાર્ય પદની સમજુતી

વ્યાખ્યાકાર ભગવાન અભયદેવસૂરીશ્વરજી મહારાજ ભગવતીજીની વ્યાખ્યા કરતાં આગળ જણાવી ગયા કે, દરેક શાસ્ત્રકારે મંગલાદિક ચાર વસ્તુ નક્કી કરવાની. આ નક્કી કરવાનો નિયમ હોવાથી ગણધર મહારાજા છત્રછાયા નક્કી કરે છે. જૈન શાસનમાં વક્તાશ્રોતા ગમે તે હોય, પણ બધાની છત્રછાયા એક જ, અને તે પંચપરમેષ્ઠીની છે. તે સિવાય બીજી કોઈ છત્રછાયા માનવામાં આવતી નથી. છત્રના દાંડા તરીકે ખુદ ભગવાન અરિહંત હોવાથી તેમને નમસ્કાર કર્યો. તેથી અરિહંત શબ્દની છ એ પ્રકારની વ્યાખ્યા જણાવી.

**તીર્થંકર સિવાય બીજાને નમસ્કાર કરવાનો હેતુ**

**શંકા** - કર્મની ૧૫૮ પ્રકૃતિમાં સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ નામનું કર્મ નથી, પણ એકલું તીર્થંકરનામકર્મ ગણવામાં આવ્યું છે. એટલે તીર્થંકરનામકર્મ હોવાથી એકલા તીર્થંકરને નમસ્કાર કરવો હતો ને ?

**સમાધાન** - તમે કર્મની સત્તા દ્વારા નમસ્કાર કરવાનું કહો છો તેથી આમ કહો છો; અમે ફળ કે પરિણામને ધ્યાનમાં રાખીને નમસ્કાર કરવાનું કહીએ છીએ તેથી એકલા તીર્થંકર કે અરિહંતને નમસ્કાર કરવાનું કહેવાને બદલે પાંચે પરમેષ્ઠીને નમસ્કાર કરવાનું કહીએ છીએ. આત્માની સંપૂર્ણ શુદ્ધ અવસ્થા તે સિદ્ધાવસ્થા, અને પોતાના અને પરના કલ્યાણની દૃષ્ટિએ બાકીના ત્રણ પરમેષ્ઠીનો ઉપકાર પણ કંઈ જેવો તેવો ન ગણાય. એટલે એ બધાને નમસ્કાર કરવાનું જણાવ્યું.

## અરિહંતની અતિશયવંતી પૂજા

દેવતા અને ઈન્દ્રનેપૂજવા લાયક હોવાથી અર્હદ્ પૂજા કરવામાં વધારેમાં વધારે વિવેકી દેવતાઓ; અરિહંત તેઓથી પૂજાયેલા ખરા, પણ એ પૂજામાં દેવોએ એવો વિવેક દાખવ્યો કે તેમણે આઠ પ્રાતિહાર્યોથી અરિહંતની પૂજા કરી છે. આમ અરિહંતની પૂજાનો જશ વિવેકી દેવતાઓએ પોતે સીધો ન લેતાં આઠ પ્રાતિહાર્યોને આપ્યો. દેવતા તો ગણધરો, તપસ્વી, અણગાર, યાવત્ વાસુદેવ, ચક્રવર્તી વગેરેની પણ પૂજા કરે છે. પરંતુ એ પૂજા અને આ પૂજામાં ફેર છે. પણ ચક્રવર્તી આદિની પૂજા પ્રતિહાર્યોથી નથી કરતા. એવી અતિશયવંતી પૂજા તો કેવળ અરિહંત મહારાજની જ કરે છે.

## ભાવસાધુપણું જ કાર્યસાધક બને છે

ઔદાયિક ભાવની (કર્મના ઉદયવાળી સ્થિતિની) મુખ્યતામાં આવ્યું તેની પ્રશંસા કરવી જૈન શાસનને ન પાલવે. ક્ષાયિક, ઔપશમિક કે ક્ષાયોપશમિક ભાવ - એ ત્રણમાંથી એક પણ ભાવ કે સર્વે ભાવ હોય તેને જ જૈનશાસન ધર્મ માને છે. ત્રણ વસ્તુ માનતા હોવાથી પહેલી ઔદાયિક ભાવની મુખ્યતા આવી. તેમાં એક વાત પ્રબળ વસ્તુ છે. દેવતા આઠ પ્રાતિહાર્યથી કોની અને ક્યારે પૂજા કરે? તીર્થંકરના ભવમાં પણ તીર્થંકરનો જીવ કેવળી થયા પછી જ તેવી પૂજા કરે, તે પહેલાં નહીં. બીજા સિદ્ધો અન્ય લિંગે સિદ્ધ હોય, અને બીજા કેવળીઓ અન્ય લિંગે પણ કેવળ પામે, પરંતુ તીર્થંકર મહારાજા કોઈ પણ કાળે ગૃહી તરીકે કે અન્ય લિંગે કેવળજ્ઞાન ન પામે, તો પછી મોક્ષ પામવાની તો વાત જ ક્યાં કરવી? દરેક જીવે અનંતી વખત સ્વલિંગ લીધું છે. આપણામાં કોઈ પણ જીવ એવો નથી કે જેણે અનંતી વખત સાધુપણું લીધું નથી. તેવું દ્રવ્ય સાધુપણું સ્વલિંગ કહો એવું કાર્યસાધક હોય તો? તો તો કામ બની જ જાય ને? પણ આવું સાધુપણું લેવા છતા કામ સરતું નથી, માટે માનવું પડે કે મમત્વભાવ સહિત અનંતી વખત દ્રવ્યલિંગો આવ્યાં. જેમાં કલ્યાણ ન થયું

તે મમતાવાળું સમજવું. આ દ્રવ્ય સાધુપણું શું તે સમજો. પૂજા, સત્કાર, દેવલોક આદિની ઈચ્છાએ લેવાયેલ સાધુપણું તે દ્રવ્ય સાધુપણું. પરંતુ જેમાં મમત્વભાવ કશો જ ન હોય, માત્ર આત્મકલ્યાણની ભાવના જ હોય તો તે સાધુપણું-ભાવસાધુપણું કહેવાય. અને આ ભાવ સાધુ પણું જ આત્માનું ખરેખરું કામ કરનારું બને.

**આત્મકલ્યાણમાં પણ સમય પાકવાની જરૂર**

ચૂલે દાળની હાંલ્લી મેલી. પાણી છે, તાપ છે, હવા અનુકૂળ છે, એમ બધી સામગ્રી છે; પણ કાળ પરિપાક થાય ત્યારે દાળ ચડે; યોગ્ય વખત થાય ત્યારે જ પાક થાય. તેવી રીતે સાધુ મમતારહિત બન્યો હોય, પણ તેથી તે જ ક્ષણે પોતાનું અંતિમ કલ્યાણ સાધી લે એવું ન પણ બને; એમાં પણ વખતના પાકવાની જરૂર તો સમજવી. એ કાળ કેટલો હોય એનો કોઈ નિમય નથી. ભલે અંતર મુહૂર્તનો પણ ટાઈમ લાગે.

**આચાર્યાદિ ત્રણની ઉપયોગિતા**

અરિહંત અને સિદ્ધ બે દેવ તરીકે જણાવ્યા. હવે દેવ તરીકે જણાવવામાત્રથી આપણું કામ ન થાય. આંખોના મંદ તેજવાળાને તો ઘરમાં વીજળી ઊલટું આંખોને આંજનારી અને ઝાંખપ લાવનારી થાય. એને તો સામાન્ય દીવો જ કામ આપનારો થઈ પડે. આપણે હજુ સાધક દશામાં છીએ; સિદ્ધ દશા તરફ તાકવાની તાકાતવાન નથી. અરિહંત, સિદ્ધ સંપૂર્ણ ગુણવાળા છે. આપણા અવગુણનો પાર નથી. સિદ્ધ આલંબનરૂપ તે માત્ર બુદ્ધિદ્વારા કે સમજણદ્વારા અથવા આદર્શદ્વારા સમજવા; પણ વર્તનદ્વારા આલંબનરૂપ તો માત્ર જેઓ સિદ્ધ નહીં પણ સાધકો હોય તે જ થાય. મુસાફરી સથવારાના જોડે થાય છે. અરિહંત અને સિદ્ધો તે તો સિદ્ધ કોટીમાં ગયેલા છે. તો પછી આપણને સથવારા રૂપે કોણ થાય? આચાર્યાદિક ત્રણ. મોક્ષ માર્ગના સથવારા ગુરુતત્ત્વરૂપ આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એ ત્રણે સમજવા. તેમાં આચાર્યને નમસ્કાર કરતાં આગળ જણાવ્યું કે શાથી આચાર્યને નમસ્કાર? તેઓ જિનેશ્વર

મહારાજના માર્ગના ખપી છે. તેઓ જિનેશ્વરના શાસનનો ઉપદેશ સમજાવે, તેથી આચાર્યને નમસ્કાર.

જૈન શાસનમાં કલ્પનાને સ્થાન નથી. તેથી અભયદેવસૂરિજી પૂર્વાચાર્યની સાક્ષી મૂકે છે. જૈન શાસનમાં માત્ર સર્વજ્ઞના વચનને સ્થાન છે, તેથી પૂર્વાચાર્યોએ આચાર્યના સ્વરૂપ વિષે શું કહ્યું છે તે જણાવતા ટીકાકાર મહારાજ उक्तं च એમ કહીને કહે છે કે -

'' सुत्तत्थविऊ लक्खणजुत्तो, गच्छस्स मेढिभूओ य ।
गणतत्तिविप्पमुक्को अत्थं वाएइ आयरिओ'' ।।

અર્થાત - જે સૂત્રાર્થને જાણનાર, લક્ષણયુક્ત, ગચ્છના નાયક, ગણની ચિંતાથી વિમુક્ત એવા હોય તે આચાર્યપદના વાચક છે.

**'આચાર્ય' પદને લાયક કોણ ?**

ગણધર મહારાજાએ ગૂંથેલાં સૂત્રોનો નિર્યુક્તિ, ભાષ્ય વગેરે દ્વારા અર્થો જાણનાર હોય તે આચાર્ય કહેવાય. પહેલવહેલા સૂત્ર અર્થ કેમ કહ્યા ? શાસન ચલાવવું તેમાં આચાર્યનું ભાગ્યશાળીપણું કામ લાગે છે. એટલે એ માટે ભાગ્યશાળીપણું જરૂરી. પણ એક વાત ધ્યાનમાં રાખવાની છે કે જૈન શાસનની જડ સૂત્ર અને અર્થમાં છે. જે દહાડે સૂત્ર અને અર્થનો વિચ્છેદ થશે તે દહાડે જૈન શાસન રહેવાનું નથી. સૂત્ર અર્થથી જૈન શાસન શરૂ થાય છે અને તેનો વિચ્છેદ થતાં શાસનનો વિચ્છેદ થાય છે. એટલે આચાર્યપણાની જડ સૂત્ર-અર્થનું જાણકારપણું સમજવી. સૂત્ર અર્થ ન જાણતો હોય તેવાને પદવી આપે તો અનંતો સંસાર થાય. 'वुड्ढो गणहरसद्दो.........' 'આચાર્ય' શબ્દ ગણધરાદિક મહાપુરુષોએ ધારણ અને વહન કરેલો; તેવો પવિત્ર શબ્દ અપાત્રમાં વપરાય તો તે વપરાવનાર અનંતો સંસારી થાય. આચાર્ય પદને લાયક હોય તે યુગપ્રધાન બની શકે. અને શાસ્ત્રને બરાબર જાણે ત્યારે સૂત્રઅર્થના જાણકાર કહેવાય.

**આચાર્યની મુખ્ય ફરજ**

બે પૈસા ખીસામાં હોય તે પૈસાવાળો કહેવાય ખરો? જેમ પૈસાદારપણું બે-ચાર પૈસાથી ન આવે, તેમ સૂત્રાર્થનું જાણપણું આવશ્યકાદિ સૂત્રો જાણવામાત્રથી ન આવે. હવે સૂત્રાર્થને જાણનાર તો ઘણા હોય, છતાં એ બધાને આચાર્ય ન કહેવાય. મહાવીર મહારાજની પર્ષદામાં સેંકડો ૧૪ પૂર્વીઓ હતા. તેઓ સૂત્રાર્થને જાણનારા નહિ? છતાં ગણધર અગિયાર જ કેમ કહ્યા? આનો અર્થ એ કે ગીતાર્થ હોય તે બધા આચાર્ય થઈ જાય તેવો નિયમ નહીં; આચાર્યે તો ગીતાર્થ થવું જ પડે - ગીતાર્થપણા સિવાય આચાર્ય પદ ન મળે. જે આચાર્ય પદવીની લાયકાતનાં લક્ષણો, તે લક્ષણોથી સહિત હોય તે આચાર્ય. તેવું છે તો પછી કાણો કૂબડો હોય તેને આચાર્ય પદવી દેવાય નહિ; પણ દીધી હોય તો એકાંતમાં રાખવો પડે. ખેતરમાં બળદોને ખળામાં ફેરવવો હોય ત્યારે ખળાની વચમાં થાંભલો ખોડવામાં આવે. એટલે બળદો થાંભલાના આધારે એટલામાં જ ફરે. ખળામાં જેમ વચલો થાંભલો ફરવાના આધારભૂત, મર્યાદારૂપ ગણાય તેમ ગચ્છમાં જે આધારરૂપ મર્યાદા પ્રર્વતાવનાર હોય તેનું નામ આચાર્ય. જગતમાં નિયમ છે કે લશ્કરી સત્તાને દીવાની સત્તા એકના હાથમાં ન સોંપાય. તે બંને સત્તા એકના હાથમાં હોય તો ધોરણસર અને ન્યાયપૂર્વક કામ ન ચાલે. તેમ અહીં આચાર્ય, તેનું કામ ફોજદારી કે દીવાની સત્તાનું? ઉપાધ્યાય, ગણાવચ્છેદક, સ્થવિરો ગચ્છની જે સારસંભાર તેને પહેલાં છોડી દે. કોઈ સાધ્વીને કોઈ ચીજ જોઈએ ત્યારે સાધ્વી પ્રવર્તિનીને કહે, તે આચાર્યને, તે ઉપાધ્યાયને, તે સ્થવિરોને કહે. તે લાવી પરંપરાએ પહોંચાડે છે. દીર્ઘદષ્ટિથી આ વ્યવસ્થા કરી છે. આ જ વાત ધ્યાનમાં લેશો ત્યારે સ્થવિરો પાસેથી સામાયિકથી માંડી અગિયાર અંગો શીખ્યાનું રહસ્ય ધ્યાનમાં આવશે. આચાર્યને સામુદાયિક વિચાર કરવાનો હોવાથી તેને એકએકનો

વિચાર કર્યો ન પાલવે. સારવારમાં તો તે માથું જ ન મારે. ત્યારે આચાર્યની શાસનને અંગે ફરજ શું ? માંદાની માવજત એ સાનુકૂળતા હોય તો કરે. બાકી તો સૂત્રોની વ્યાખ્યાઓ કરવાની આચાર્યની ફરજ. આચાર્યનું કામ દીવો કરવાનું. દીવો થાય એટલે બધા યોગ્ય રસ્તે ચાલે. માટે જ આચાર્યો તીર્થંકર મહારાજનું અનુકરણ કરનારા કહેવાય છે. જેમ તીર્થંકરો અર્થ જ કહે, તેમ અહીં આચાર્ય મહારાજો અર્થને જ કહે.

**ભાવાચાર્ય કોણ કહેવાય ?**

'અનુકરણ' શબ્દ સાંભળીને કેટલાકો ભડકે છે. અનુકરણનો અર્થ એ નથી કે હંસની ચાલે કાગડો ચાલે. કરવા લાયકનું અનુકરણ કરવાનું છે. તીર્થંકરને વામસ્કંધે દેવદૂષ્ય નંખાય છે, તેના અનુકરણરૂપે સવારે સજ્ઝાય કરતી વખતે ખભે કપડો નાખો છો. - આમ જણાવી આચાર્ય મહારાજા અર્થને જ વંચાવે - આમ જણાવી આચાર્ય મહારાજની મહત્તા ગીતાર્થપણામાં. અર્થનું કહેવું, લક્ષણવાળા, પાટ પરંપરાએ થયેલા પંડિત. માનવા લાયક - આવાં લક્ષણોથી યુક્ત હોય તો જૈન શાસનમાં ભાવાચાર્ય બની શકે. પણ બીજા ધર્મોમાં તો નામે, ઠામે, ધામે અને હામે આચાર્ય મનાય છે. ગોસાઈ, સંન્યાસી વગેરેમાં આચાર્ય નામ આવ્યું કે ચાલ્યું કામ. હિંમત કરીને શંકરાચાર્ય હોય તે ધામથી રિયાસત હોય, દ્વારકાજીમાં શંકરાચાર્ય હોય તે ધામથી આચાર્ય. તેમ અહીં આચાર્ય મનાવવા માંગો છો ? ગચ્છમાં 'મેઢીભૂત' - મોટો આગેવાન થઈ બેઠો એટલે આચાર્ય માનવો એમ ? સમજી લો, કે બધાની વચ્ચે બેઠો એટલે આચાર્ય નથી. નામ, દામ, ધામ ને હામથી આચાર્ય થવાતું નથી. આ લક્ષણોની સાથે વર્તન પણ શુદ્ધ હોવું જોઈએ. શુદ્ધ વર્તન વગરના આચાર્ય હોય નહિ. આ જ વાત જણાવતાં ટીકાકાર ભગવાન ફરમાવે છે કે -

अथवा आचारो ज्ञानाचारादि: पञ्चधा, आ-मर्यादया चारो विहार आचार: तत्र साधव: स्वयंकरणात्, प्रभाषणात्, प्रदर्शनाश्चेत्याचार्या: ।

એટલે કે જ્ઞાનાચારાદિરૂપ પાંચ પ્રકારનો આચાર, અથવા મર્યાદાપૂર્વકનો વિહાર- સંયમ એને પોતે આચારવાથી, કહેવાથી અને દર્શાવવાથી જે શ્રેષ્ઠ હોય તે આચાર્ય કહેવાય. આચાર વગરની કોઈ જાતિ નથી.સૌ પોતપોતાની જાતિના આચારો પાળે છે. પણ અહીં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર, ભીલ, કોળીનો આચાર નથી લેવાનો, પણ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય આ પાંચ પ્રકારનો જે આચાર તે જ આચાર અહીં લેવો. તેમાં નિપુણ એટલે પોતે આચારવાળા આચાર્ય જોઈએ. આવા આચારના પાલનને કારણે જ આચાર્ય આગેવાન ગણાય છે.

**ઉપદેશકે પહેલાં આચરણ કરવું જોઈએ.**

**પ્રશ્ન** - ભાઈ, દીવો કાગળ વાંચે કે ન વાંચે તેની ખોળ કરવાની જરૂર નથી, આપણને એ કાગળ વંચાવે છે કે નહીં - અર્થાત્ આપણને કાગળ વાંચવામાં સહાય કરે છે કે નહીં - એ જ મુખ્ય વાત છે. જેમ દીવો પોતે કાગળ ન વાંચે, પણ તેના આલંબને આપણે ખુશીથી કાગળ વાંચી શકીએ, એમ આચાર્ય પોતે ચાહે તેવા હોય પણ આપણને ભગવાનનો માર્ગ સંભળાવશે ને ? આચાર્ય પોતે ભલે આચારહીન હોય પણ આચારની પ્રરૂપણા કરનાર હોયતો, આપણને આચારમાં લાવશે, તો પછી આચાર્યે પોતે આચરનું પાલન કરવું જ જોઈએ, એમ શા માટે ?

**ઉત્તર** - શાસનના પ્રરૂપકમાં આચારહીનતા હોય કે આચારના પાલન પ્રત્યે ઉદાસીનતા હોય તે જૈન શાસનમાં નહિ ચાલે. આચારહીન પાસેથી આચાર વધારવાનું, કે આચારનું રક્ષણ કરવાનું નહીં પાલવે. જેમ સાધ્ય અને સાધનની એકરૂપતા જોઈએ તેમ ઉપદેશકમાં એના ઉપદેશ અને આચારમાં પણ એકરૂપતા જોઈએ. નંદીષેણ પાસે રોજ ૧૦-૧૦ માણસો પ્રતિબોધ પામતા હતા. છતાં એમાંનો કોઈ એની પાસે રહ્યો નહીં. બધાને એ પોતે સાધુ પાસે મોકલતા હતા. તે શા માટે તે સમજો. નંદીષેણથી ૧૦-૧૦ ને હંમેશાં ધર્મનો પ્રતિબોધ મળતો હતો. ૧૦ જણા

અનાચારમાંથી છૂટતા તે તેમના પ્રભાવે છૂટતા. પણ આમાં નંદિષેણની સામું જોવાનું નથી. પણ એમના અંતરમાં રહેલી ત્યાગવૃત્તિની સામે જ જોવાનું છે. એ વખતે એ પોતે તો સાધુ ધર્મનો માર્ગ તજીને નરકના રસ્તારૂપ વેશ્યાને ત્યાં જવાવાળો બન્યો. આમ છતાં પોતાના ઉપદેશના બળે એ બીજાઓને મોક્ષને રસ્તે લઈ જનાર હતો છતાં એ આચાર્ય ન કહેવાયો કે કોઈ એના ભક્તો ન રહ્યાં. એનું કારણ એ જ સમજવું કે એના આચારમાં મીંડું હતું. મતલબ કે ભલે નંદીષેણજી પોતે બીજાને નરકના રસ્તાથી વારનાર હતા, છતાં પોતે મોક્ષના રસ્તે ન હોવાથી આચાર્ય વગેરેની જેમ આરાધવા લાયક ન ગણાયા. એમણે સેંકડો હજારોને પ્રતિબોધ આપ્યા, પણ પોતે દીક્ષા ન લીધી ત્યાં સુધી તેમને કોઈએ માન્યા નહીં. આમ થવાનું મુખ્ય કારણ આચારનો અભાવ એ જ છે. એટલે આચાર વગરના આચાર્ય બને જ નહીં.

**આચારમાં પ્રવર્તેલ હોય તે જ આચાર્ય**

તે વખતે ઉપકારને સમજનારા તો હતા, પણ જ્યાં માણસ માર્ગથી વિમુખ થાય ત્યાં તેને ઉપકારક તરીકે સેવવવાનો ન હોય. એક વખતના ઉપકારક માર્ગ ભ્રષ્ટ થાય અને માંદા પડે તો એની સેવા ઉપકારક તરીકે ન કરી શકાય; અનુકંપા બુદ્ધિથી કરે એ વાત જુદી છે. દાખલા તરીકે મરીચિ માંદા પડ્યા તો પણ કોઈ સાધુએ સામું ન જોયું. જેઓ મરીચિથી જ પ્રતિબોધ પામ્યા છે એવાઓએ પણ માંદા મરીચિના સામું ન જોયું. કારણ ? એ માર્ગમાંથી ખસેલા છે એટલા માત્રથી કોઈએ મરીચિની સામું ન જોયું. આજ કાલ તો કહેશે કે મારે તો એનાથી પ્રતિબોધ થયો છે. પછી એ પોતે ચાહે તેવા હોય પણ મારે તો એ સેવ્ય જ છે. તમે ગાદીપતિ કરી દીધા એટલે આચાર્ય બની ગયા એમ ને ? પણ ગાદીપતિ નીમવામાત્રથી કામ નથી ચાલતું. આ માટે શાસ્ત્રકાર મહારાજે ચોખ્ખું કહ્યું કે જે સૂત્રાર્થ જાણનાર હોવા સાથે જ્ઞાનાચારાદિ પાંચ

આચારોમાં પ્રવર્તેલા હોય તે આચાર્ય.

**આચાર્ય અને બીજા સાધુઓ વચ્ચેનો ફેર**

**પ્રશ્ન** - પાંચ આચારોને પાળનાર તો સાધુ પણ હોય છે; તો સાધુમાં અને આચાર્યમાં ફરક શો ?

**ઉત્તર** - આખું સંયમપ્રવર્તન શાસ્ત્રની મર્યાદાએ કરવાનું છે. गीयत्थो य विहारो એમ જે કહ્યું છે તેનો અર્થ એ છે કે એક ગીતાર્થનો સંયમ ને એક ગીતાર્થની નિશ્રાનો સંયમ-આ બે સિવાય ત્રીજાનો સંયમ કહ્યો નથી. ત્યાં વિહારનો અર્થ સંયમ લેવો પડે છે. તેમાં પળાવેલો આચાર પાળે તે સાધુ; અને સ્વયં આચારો પાળે તે આચાર્ય. ઉપાધ્યાય કે સાધુને સ્વાધ્યાય કરવો હોય તો તેમાં કે ધર્મ, વિનય, વાચના દરેકમાં આચાર્યની રજા જોઈએ. મતલબ કે પળાવેલા આચારને પાળનાર તે સાધુ અને સ્વયં આચારને પાળનાર તે આચાર્ય. માટે ઉપર तत्र साधवः એવો નિર્દેશ કર્યો. નિપુણપણું દાખવતાં તો સૌને આવડે છે; સૌ પોતાને બુદ્ધિમાન અને સમજુ માને છે. હું મૂર્ખો, ગાંડો એમ પોતાની જાતને મૂર્ખા કે ગાંડા તરીકે જાહેર કરનાર કોઈ નથી. શું આચાર્ય પણ એવી રીતે જ પોતાના મગજમાં સવાશેર રાઈ રાખતા હશે ? ના, અહીં જૈન શાસનના આચાર્યો એવા ન હોય. હવે આચાર્યની જવાબદારી, કોઈની પણ પ્રેરણા, હુકમ, આદેશ વગર આપોઆપ કરનાર તરીકે સમજવી. જ્યારે ઉપાધ્યાય કે સાધુ તો આજ્ઞા લઈને આચારણ કરનાર હોય.

**આચારપાલનનો વિધિ બતાવે તે આચાર્ય**

સ્વયં પોતે જ કોઈની પ્રેરણા, હુકમ વગર માત્ર આત્મકલ્યાણની બુદ્ધિએ કરવાવાળા મૂક(મૂગા) ગીતાર્થો હોય, પણ આચાર્ય તો ઉપર કહ્યું તેમ स्वयं प्रभाषणात् અને स्वयं प्रदर्शनात् પોતાને જ કહેવાનું હોય તે અનુયોગની વિધિથી કહે અને એનું સ્વયં આચારણ પણ કરી દેખાડે, અથવા છેવટે આચરણનો વિધિ દેખાડે. મતલબ કે સંયમ માર્ગમાં નવા

પ્રવર્તનારને ઉપદેશ આપવો અને માર્ગ દેખાડવો એ આચાર્યનું કામ. જ્ઞાનાચારાદિકમાં નિપુણ માટે આચાર્ય. દુનિયામાં બહુ બોલે તે બાંઠો પણ આ વ્યાખ્યા બહુબોલા તરીકે નથી કરી. પણ જે વ્યાખ્યા કરે છે તે પૂર્વાચાર્યની કરેલી છે. અહીં પૂર્વાચાર્યની ફરી સાક્ષી આપતાં ટીકાકાર મહારાજા आह च એમ કહીને કહે છે કે -

पंचविहं आयारं आयरमाणा तहा पभासंता ।
आयारं दंसंता आयरिआ तेण वुच्चंति ।।

અર્થાત્ - જે પોતે પાંચ પ્રકારના આચારનું આચરણ પાલન કરતા હોય, એની પ્રરૂપણા કરતા હોય અને એનું પાલન કરી બતાવતા હોય (પાલનનો વિધિ બતાવતા હોય) તે આચાર્ય કહેવાય છે.

મતલબ કે જે આચારને આચરતાં હોય - જે જ્ઞાનાચારાદિક પાંચ પ્રકારનો મોક્ષરૂપ આચાર તેને આચરનારા હોય - તે આચાર્ય કહેવાય. અનુયોગદ્વારા - અર્થકથન દ્વારા પાંચે આચારને પ્રકાશ કરે, આચારને સાબિત કરી આચરી દેખાડે, બીજાને આવડે ત્યાં સુધી દેખાડે, તેથી તે આચાર્ય કહેવાય. શાસનની અપેક્ષાએ ક્યા આચાર ગુણ કરે તે દેખાડે તે આચાર્ય.

જે માણસ લૂટારાથી ન બચે તેની મોટી મિલકત પણ ફના થઈ જાય તેથી જૈન શાસનને લૂટારાથી બચાવવા આચાર્ય શો ઉપાય કરે તે હવે પછી જોઈશું.



# દેશના - ૨૩

## આચાર્ય પદની વ્યાખ્યાની પૂર્ણાહૂતી

વ્યાખ્યાકાર ભગવાન અભયદેવસૂરિજી મહારાજ મંગળાચરણ માં પંચપરમેષ્ઠીની  વ્યાખ્યા વખતે ત્રીજા પદની વ્યાખ્યા કરતાં સૂચવી ગયા કે જૈન શાસનમાં ત્રીજા પદની વ્યાખ્યા કરતાં સૂચવી ગયા કે જૈન શાસનમાં આચાર્ય મનાય તે ગાદીપતિ તરીકે કે નામ, દામ, ધામને લીધે આચાર્ય મનાતા નથી. શા હિસાબે આચાર્ય મનાય છે? કાંતો પાટપરંપરાથી, મોટી જાગીર હોય; કાં તો નામ પાડ્યું હોય; કાં તો લોકોને જોડવાની હિંમત હોય; અથવા કોઈ ધામને આધીન હોય તેથી મહંત તરીકે આચાર્ય મનાય. પણ જૈન શાસનમાં આચાર્ય આ રીતે મનાયા નથી.

**વર્તનથી જ આચાર્ય ગણાય**

જ્યારે ઉપરોક્ત વસ્તુની આચાર્ય પદ માટે ના પાડો છો તો ક્યા રૂપે આચાર્ય મનાય? જૈન શાસનમાં પ્રથમ વર્તન નક્કી હોવું જોઈએ. મોક્ષમાર્ગનું વર્તન ન હોય તેને જૈન શાસનમાં આચાર્ય તરીકે રહેવાનો હક્ક નથી. પાંચે પ્રકારના આચારોમાં ઊંચી પાયરીએ હોય તે આચાર્ય. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાને પાંચે આચાર સરખા છે; તો પછી આચાર્ય  ઊંચે કેમ? શ્રાવક શ્રાવિકા, અકાલે જે સ્વાધ્યાય કરે તેના કરતાં સાધુને વધારે પ્રાયશ્ચિત, તેનાથી ઉપાધ્યાય ને તેનાથી આચાર્યને અધિક પ્રાયશ્ચિત આવે. જવાબદારી અધિક એટલે કે આચાર્યની જવાબદારી ઘણી જ વધારે છે.  આચાર્ય આચારમાં પૂરેપૂરા નિપુણ

હોવા જોઈએ, તેથી એ બીજાઓ કરતાં ઊંચા.

**વીતરાગ પણ આચારને સાચવે**

ભગવાન મહાવીર સરખા તીર્થંકર વીતરાગ, તેમના માટે રેવતીએ લોહીખંડા વ્યાધિનું ઔષધ તૈયાર કર્યું. અને લોહીખંડો તીર્થંકર કેવળી સરખાને પણ છ મહિના સુધી અશાતા કરે છે. જિનેશ્વર મહારાજા સરખો જીવ, તે પણ કેવળ પામેલો અને વળી છ મહિના લોહીખંડાની વેદના ભોગવી એવા જીવ માટે કરેલું ઔષધ, તે પણ ભગવાન મહાવીરે જણાવ્યું કે મારે નિમિત્તે કર્યું છે તે માટે મારે ન લેવું. વીતરાગે એ ઔષધ લીધું હોત તો તેમને તેથી મોહની કે તેવું કોઈ પાપ બંધાવાનું ન હતું. જ્યાં પાપનો જ્ઞાનાવરણી કે મોહની કર્મનો બંધ થવાનો ન હતો એવી દશામાં પણ ઔષધ કેમ ન લીધું ? એનું રહસ્ય જરા સમજો અને વિચારો. તે લેવામાં સીધી દૃષ્ટિએ કશી અડચણ ન હતી કે કશો દોષ ન હતો; અને વળી વીતરાગ પરમાત્માને શાતા સિવાય બીજો બંધ ન હતો, છતાં એક જ વાત ધ્યાનમાં લેવી પડશે કે વીતરાગ પરમાત્મા જેવા પણ આચારથી દૂર રહેવા માગે નહિ. વીતરાગ થયા પછી કંઈ બારે ભાગોળો મોકલી થઈ જતી નથી. શુદ્ધ વર્તાવને અંગે જ વીતરાગપણું છે.

**શાસનની ખાતર પણ આચારની જરૂર**

કદાચ કોઈ કહે કે તીર્થંકર સરખાએ વ્યરહાર ખાતર આચાર પકડી રાખ્યો, તો એ વાતનો નકાર ભણવાની જરૂર નથી. પણ એમાંથી પણ એટલી શીખામણ લેવાની છે કે જ્યારે ત્રણ લોકના નાથને પણ આચાર પકડવાની આટલી જરૂર હોય તો પછી આચાર્ય મહારાજ આચારને વળગી રહે તેમાં કોઈ જાતનું આશ્ચર્ય નથી એટલું જ નહીં, પણ શાસનની રક્ષા માટે એ જરૂરી જ છે. તેને માટે જૈન શાસનમાં આચાર્ય થાય એટલે સિદ્ધ થઈ ગયા, હવે તેમને કઈ કરવાનું રહેતું

નથી, તેમ નથી. આચાર્યોને આચારની વધારે જવાબદારી છે. સામાન્યથી આચારમાં પ્રવર્તનારા તો તમામ સાધુ હોય, છતાં આચારમાં નિપુણ તરીકે આચાર્યનું નામ કેમ મૂક્યું ? તેનું કારણ એ સમજવું કે - આચાર્ય પદવી પ્રાપ્ત થવા છતાં આચારની જવાબદારીમાં એ જરા પણ ચૂકનારા ન હોય. કેટલીક વખતે આચાર્યોને માથે જે પ્રાયશ્ચિતની અધિકતા મૂકી છે, તેનો ખુલાસો આમાંથી જ થશે. રાજા-મહારાજાઓને એવી અધિક જવાબદારી હોય છે, કે દુનિયાદારીમાં ધપ્પો માર્યો ને ધૂળ ઊડી એવી બેજવાબદાર રીતે જેમ રાજા મહારાજાથી રહી ન શકાય, તેમ આચાર્ય પણ એટલા જવાબદાર હોય કે એમને આચારમાં નિપુણ રહેવું જ પડે. જવાબદારીને અંગે તે ક્યા દ્વારા જવાબદારી ઉઠાવે છે ? તો ટીકાકાર કહી ગયા કે આચારને કહેવો, પ્રવર્તાવવો, તેનું નિરૂપણ કરવું તે કામ મુખ્યપણે આચાર્યનું. અનુયોગ કરવો હોય તો ઉદ્દેસ, સમુદ્દેશ, અનુજ્ઞા વાચનાચાર્યો જ કરી શકે. અનુયોગ કરવાની સત્તા આચાર્યને. વાસ્તવિક રીતે આચારને દેખાડનારા, બોલનારા તેથી આચાર્ય.

**આચાર્ય બીજાં દર્શનોને પણ સમજે - સમજાવે**

આટલું છતાં ભોજનમાં જોડે ખારું, ખાટું હોય તો ગળ્યાનો સ્વાદ આવે, એકલું ગળ્યું મોં ભાંગી નાખનાર થાય. અહીં આચાર્ય મહારાજ પાંચે આચારમાં પોતે વર્તે, તેનું નિરૂપણ કરે, દેખાડે છતાં એની કિંમત ક્યારે ? જ્યારે બીજા મતો રૂપી મીઠું, મરચું જોડે જણાવે ત્યારે. જૈન દર્શન જન્મથી મળ્યું તેની આપણને કિંમત નથી. અહીં બાદશાહ અને બીરબીલની એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે. બાદશાહ અને બીરબલ ઝરૂખે બેઠો છે, ત્યાં એક દુબળો ભિખારી નીકળ્યો. જોઈને બાદશાહ પૂછે છે - અરે બીરબલ ! યહ ભિખારી દુબલા ક્યો ? બીરબર જવાબ આપે છે - જહાંપનાહ ! ઉસકો ખાનેકો નહીં મિલતા. એ સાંભળીને બાદશાહ બોલ્યા ! બેવકુફ માલૂમ હોતા હૈ,

ઉસ મૂર્ખકો ઈતના ભી પતા નહીં કી ખાનેકો ન મિલે તો આખિરકાર ખાજોંકા ભૂકા હી ખા લેવે લેકિન ભૂખા ક્યોં રહેતા હૈ? પાગલ કહીંકા! પોતે જન્મથી રાજશાહી ઠાઠમાં ઊછર્યા છે અને ખાનપાનની લહેર કરતા આવ્યા છે તેથી તેમને જેમ ખાજાનો ભૂકો કચરા જેવી ફેંકી દેવાની ચીજ લાગી તેમ જૈન શાસનને અંગે આપણી પણ એવી જ દશા છે. આપણે જન્મથી જૈન ધર્મમાં સુદેવ, સુગુરુ, સુધર્મને ઓળખીએ છીએ, એટલે આપણને જૈન ધર્મની ખરી કિંમત સમજાતી નથી. મહાભાગ્યોદયે શુદ્ધ દેવાદિ પામ્યા છતાં આપણને એ સુદેવાદિ ખાજાના ભૂકા જેવા થયા છે. આ રીતે આપણે ધર્મનું સાચું મૂલ્ય વીસરી ગયા તેનું આપણને ભાન કરાવવા આચાર્ય મહારાજ છે. વળી ધર્મના સ્વરૂપ વિષે કે દુનિયાનાં તત્ત્વો વિષે બીજા દર્શનકારો શું માને છે એ પણ આચાર્ય આપણને સમજાવે.

**જૈનો અને બીજાઓના ઈશ્વરમાં તફાવત**

જૈનો અને બીજાઓ ઈશ્વરને શા માટે માને છે? જૈનો મોક્ષનો રસ્તો બતાવનાર અને અનેક ભવો સુધી જેમણે જગતના ઉદ્ધાર માટેની તૈયારી કરવા કેડ બાંધી હતી એવા ઈશ્વરને માને છે. દાખલા તરીકે મહાવીર મહારાજે જગતના ઉદ્ધાર માટે લાખ લાખ વર્ષ સુધી માસખમણો કર્યાં છે. બેચાર લાંઘણમાં પાડોશીઓ ને બીજા ઘેંસ જેવા થઈ જાય છે એ તમે બધા જાણો છો. થોડીક પણ આકરી તપસ્યા કાળજુ પીગળાવી દે, તે જગો પર આ તો લાખ લાખ વર્ષ સુધીનાં માસખમણ. વળી તપસ્યા કરી હોય ને પારણાના દિવસે કેવું થાય છે? માસખમણવાળાને કે સિદ્ધિતપવાળા મહાનુભવોને ૧-૨-૩-૪-૫-૬-૭-૮ ચડતા ક્રમે ઉપવાસ સુધી જવું પડે છે તો પણ કેમ થાય છે? ત્યારે આતો માસખમણ ઉપર માસખમણ. આપણે વરસીતપ પોલા ઢોલ જેવા કરીએ છીએ- એક દહાડો પારણું ને એક દિવસ ઉપવાસ - છતાં પણ આકરો પડે છે તો માસખમણ ઉપર માસખમણ અને તે પણ

લાખ લાખ વર્ષ સુધી તે કેટલો કઠિન પડ્યો હશે ? આ બધું કોના માટે ? પોતાના આત્માને માટે નહિ. મહાવીર મહારાજે, નંદનના ભવમાં લાગલગાટ માસખમણ કર્યાં. તે તેમના પોતાના આત્મા માટે કે રાજરિદ્ધિ માટે કે પૌદ્‌ગલિક ઈચ્છાને પાર પાડવા માટે નહિ - તેમનાં એ માસખમણો આત્મકલ્યાણ કે પૌદ્‌ગલિક દૃષ્ટિવાળાં નથી પણ જગતનો ઉદ્ધાર કરવા માટેની તૈયારી રૂપે એ માસખમણો છે. બીજાઓએ માનેલા ઈશ્વરે કંસનો ખોડો કાઢ્યો, રાવણનો, જરાસંઘનો કે રાક્ષસોનો ખોડો કાઢ્યો ને જગતનો ઉદ્ધાર કર્યો. તેવું અહીં નથી. અહીં કોઈ એક વ્યક્તિનો ત્રાસ હઠાવીને જગતનો ઉદ્ધાર કરવાની વાત નથી, પણ દુઃખના મૂળ કારણનો જ નાશ કરવાની વાત છે. એટલે મહાવીર મહારાજાની ભાવના એવી કે આધિ, વ્યાધિ, ઉપાધિથી ઘેરાયેલાં દુઃખી જીવોને ઉદ્ધારી, મોક્ષ પમાડનાર હું થાઉં. મારીઝૂંડીને, જેર કરીને કંઈ જીવોનો ઉદ્ધાર કર્યો નથી, માત્ર મોક્ષનો માર્ગ દર્શાવવા દ્વારા એ જગતનો ઉદ્ધાર કર્યો.

**અરિહંતનું પરોપકારીપણું**

**પ્રશ્ન** - તમે કહો છો કે તપસ્યામાં મહાવીર મહારાજાએ પોતાના આત્માને કોરણે મૂક્યો, ત્યારે પોતાના આત્માને તારવાનો નહીં, એમ જ સમજવું ને ?

**ઉત્તર** - એક દાખલો સમજો. ખલાસી નાવડી તૈયાર કરે, તે લોકોને તારવા માટે. તેમાં ખલાસી તો તરવાનો છે જ. ખલાસી નાવડી તૈયાર કરે તેમાં ક્યો મુદ્દો ? હું તરીસ એ મુદ્દો નથી. બેસનાર મુસાફર ડૂબે નહીં, હેરાન ન થાય અને સુખપૂર્વક પાર ઊતરે તે મુદ્દાએ ખલાસી નાવડી તૈયાર કરે છે; પોતે તરિયો હોવાથી ખલાસી પોતે તો ડૂબવાનો નથી કે હેરાન પણ થવાનો નથી. છતાં એ હોડી તૈયાર કરે તો તેમાં મુદ્દો ક્યો ? પોતે પાણીથી ન ભીંજાય, ન ડૂબે તે માટે નહિ, પણ મુસાફર ન ભીંજાય, ન ડૂબે, હેરાન ન થાય તે મુદ્દો. આ રીતે નાવડી તૈયાર

કરવામાં ખલાસીનો મુદ્દો શું હોય છે તે વાત ધ્યાનમાં લેશો ત્યારે દશવૈકાલિકમાં શ્રીમાન હરિભદ્રસૂરિજીએ જે કહ્યું છે કે સાધુ, ઉપાધ્યાય ને આચાર્ય પોતે તરે ને બીજાને તારે, પણ અરિહંતો તો કેવળ બીજાને જ તારે, એ વાતનું રહસ્ય ધ્યાનમાં આવી શકશે. અરિહંતો - તીર્થંકરોને માટે નિયમ કે પોતે કેવળજ્ઞાન પછી જે દેશના દે, તે દેશનાથી અરિહંત પરમાત્માને પોતાને કંઈ પણ મેળવવાનું નથી પણ દુનિયાના જીવોના ઉપકાર માટે જ એ દેશના આપે છે. એક વાત અહીં ધ્યાનમાં રાખો કે ભગવાન ઋષભદેવજીએ કરોડો જીવોને તાર્યા, મહાવીર ભગવાને લાખ્ખોને તાર્યા, તેથી તીર્થંકરપણામાં ચડિયાતા ઊતરતાપણું સમજવાનું નથી.

**જીવને જવાબદારીનું ભાન કરાવે તે દેવ**

જૈનો ભગવાનને માને છે તે ક્યા મુદ્દાથી? આત્માને તારવાનો ઉપાય તેઓ દર્શાવે છે તે મુદ્દાથી. ભવાન્તરથી જેઓએ ઉદ્યમ કર્યો હતો અને આપણા આત્માને તારવા માટે લાખ વર્ષ માસખમણ કર્યા હતાં, તેમનો ઉપકાર શી રીતે ભૂલાય? જેનામાં બીજા જીવોને તારવાની આવી ઉત્કટ ભાવના હોય એવી દૃષ્ટિવાળો જ તીર્થંકર નામકર્મ બાંધે. જગતના તર્યા મારે તરવાનું છે; મારે સ્વતંત્ર તરવાનું નથી. જૈનો દેવને માને છે, તે જગતને તારવાનું ભવાન્તરથી લક્ષ્ય રાખ્યું છે તે મુદ્દાને લઈને તરવાના રસ્તા સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન ને સમ્યક્ચારિત્રરૂપ આત્માના ગુણો રાખ્યા છે. એ ગુણોને દર્શાવવા માટે એમને દેવ કહીએ છીએ. બીજાઓ દેવને કઈ રીતે માને છે? દુનિયાના ઘડનાર તરીકે. એટલે કે એમણે પાણી, વનસ્પતિ આદિ તૈયાર કર્યા, એ રીતે બીજાઓ દેવને માને છે. કુદરતી ચીજો સ્વાભાવિક બનેલી છતાં તેમના નામ પર ચઢાવી, તેમની મહત્તા ગાઈને તેમને ભગવાન માન્યા. કુદરતના પદાર્થોને વ્યક્તિના ઉપકારમાં જોડી દેવ મનાવ્યા. નાનું બચ્ચું હોય કાયદાની અપેક્ષાએ સગીર કહીએ - તેવાને નથી જવાબદારી ને

જોખમદારી. સગીર ભલેને કરોડોની મિલકતનો વારસદાર હોય, માલિક હોય, પણ એ બાળક-સગીર હોય ત્યાં સુધી મિલકતને અંગે એ જરા પણ જવાબદાર કે જોખમદાર નથી. તેમ અન્ય મતવાળાઓએ આ જીવોને કેવા મનાવ્યા છે ? જવાબદારી-જોખમદારી વગરના આ જીવ અજ્ઞાની છે, એટલું જ નહિ પણ ભવિષ્યમાં પોતાને સુખ મેળવવાનાં સાધનો માટે એ જવાબદાર પણ નથી. એ સુખ દુઃખ માટે અસમર્થ છે. ચાહે તો ઈશ્વર તેને ધક્કો મારી નરક કે દેવલોકમાં લઈ જાય. બીજાએ પરમેશ્વરને માન્યો તે કુદરતી વસ્તુના ઉપકારનો ઢોળ ચઢાવીને. એમના મતે સદ્ગતિ-દુર્ગતિમાં મોકલવાની જોખમદારી પ્રભુના માથા ઉપર. પોતાના કૃત્ય માટે આત્માને પોતાને જવાબદાર કે જોખમદાર માન્યો નથી. બધું જ પરમેશ્વરને માથે મૂકવામાં આવ્યું છે. જૈન શાસને પરમેશ્વરને કેવા માન્યા ? કોઈ પણ જીવને જોખમદારી પરમેશ્વરને માથે કે બીજા કોઈ જીવને માથે ત્યાં નાખવામાં નથી આવી. દરેક જીવની જોખમદારી દરેકને પોતાને શિરે રાખેલ છે. તમે પાપ બાંધો તેના જવાબદાર તમે, એટલું જ નહિ આપણે જે કરીએ તે આપણા નામે ને આપણા જોખમે જ સમજવું. એટલે પછી જે કંઈ કરીએ તેની એકલી જવાબદારી નહીં પણ અવળે રસ્તે ચાલ્યા તેનું જે ફળ નીપજે તે પણ આપણે જ ભોગવવાનું; કંઈ સારું કર્યું હોય તો એ સારાનું ફળ પણ આપણને જ મળે. જૈન શાસનમાં એકનાં કરેલાં કર્મો બીજા કોઈને ભોગવવાં પડે, અને આપણે કરેલો ધર્મ એળે જાય, એવું છે નહિ. જૈન શાસન તો એવા દેવને પૂજે-માને છે કે જે દેવ જીવને જવાબદારી અને જોમખદારીનું ભાન કરાવે છે. આવા દેવને જ જૈન શાસનમાં સ્થાન છે.

**મોક્ષમાર્ગે દોરે તે જ ગુરુ**

આ જ રીતે જૈન શાસને ગુરુ ક્યા રૂપે માન્યા તે પણ સમજો. જે માત્ર મોક્ષમાર્ગે દોરે તેને જ જૈન શાસનમાં ગુરુ માન્યા; જ્યારે બીજાઓના ગુરુ તો ઉપદેશ આપે ને વૈદુંયે કરે; મંત્ર તંત્ર શ્રાપ અને

આશીર્વાદ પણ આપે. એવા ગુરુને જૈન શાસનમાં સ્થાન નથી. અહીં તો કેવળ મોક્ષમાર્ગે પ્રવર્તનારા, અને બીજાને પ્રવર્તાવનારા હોય એવાને જ ગુરુ માન્યા.

**ધર્મપ્રેમ આસ્તિકપણાની નિશાની**

હવે જૈન શાસનમાં ધર્મ ક્યો માન્યો તે સમજો. દરેક મતવાળો આસ્તિક મનુષ્ય ધર્મને માને છે. પણ આસ્તિકપણાની નિશાની શી? જે વસ્તુ વહાલી હોય-મનપસંદ હોય - તેના જુઠ્ઠા શબ્દો પણ વહાલા લાગે, અને અળખામણી ચીજના જુઠા શબ્દો અળખામણા જ લાગે બ્રાહ્મણ લોટ માગવા આવે ત્યારે કહે કે તમારા છોકરાને ઘેર છોકરાં થજો; આપણે જાણીએ છીએ કે કંઈ છોકરાં થવાનાં છે, છતાં એના પ્રત્યે આપણને હેત હોય તો એના જુઠ્ઠા શબ્દો પણ મીઠા લાગે. બીજી બાજુ જે વ્યક્તિ અળખામણી હોય તેના શબ્દો ભલે જુઠ્ઠા હોય છતા એ ખરાબ લાગે. સૌ કોઈ જાણે છે કે નખ્ખોદ જજો તેમ કહેવાથી નખ્ખોદ જવાનું નથી. છતાં એવા નિરર્થક કડવા શબ્દો કહેનારને આપણે સિરપાવ આપ્યા વગર જવા દેતા નથી ! તેમ જગતમાં કોઈને ધર્મિષ્ઠ કહીએ તો તેથી રાજી થાય છે, અને કોઈને પાપી કહીએ તો , આપણા કહેવાથી કંઈ ધર્મી મટીને પાપી બની જતો નથી, છતાં આંખ લાલ થાય છે. આ વાત ઉપરથી એટલું નક્કી થયું કે દરેક આર્યને ધર્મ વહાલો લાગે છે. પોતે ધર્મનું પાલન કરે કે ના કરે એ વાત જુદી, પણ ધર્મ વહાલો લાગે છે તે વાત ચોક્કસ છે. જીવના આસ્તિકપણાની આ સામાન્ય નિશાની સમજવી.

**સાધુઓ એટલે ધર્મના જાસૂસો**

પણ ધર્મ ગણવો કોને? બીજાઓ પ્રેમને, અર્પણને ધર્મ ગણે છે. જૈન દર્શને અહિંસા, સંયમ અને તપને ધર્મ ગણ્યો છે. જૈન શાસનના દેવ, ગુરુ, ધર્મની અધિકતા-વિશેષતા ક્યારે માલૂમ પડે?

ઈતર શાસનના દેવ વગેરેની સાથે એની મેળવણી- સરખામણી કરે ત્યારે ખબર પડે. આચાર્યો કેવા હોય? જૈન દર્શન અને ઈતર'દર્શનોનાં દેવ, ગુરુ વગેરે તત્ત્વોનું સ્વરૂપ-ફેરફાર દેખાડે તે. 'आङ् अल्पे - आङ् ' શબ્દનો ઉપયોગ કરીને સમાસ કરવો હોય તો તે અલ્પઅર્થવાચી સમાસ થાય. આ એટલે થોડું; સૂંપર્ણ નહિ એટલા પૂરતું થોડું, પૂરેપૂરું નહિ એવું. મિથ્યાત્વનું પૂરેપૂરું જ્ઞાન છદ્મસ્થને મુશ્કેલ છે. જગતમાં જેટલાં વચનો છે તેટલા નયો છે ને જેટલા નયવાદો છે તેટલા પરસમયો છે. તેનું સંપૂર્ણ જ્ઞાન કોને થાય? કેવળીને થાય. સંપૂર્ણ મિથ્યાત્વ છદ્મસ્થના જાણવામાં ન આવે. સર્વ કાળનું મિથ્યાત્વ કેવળી સિવાય કોઈ ન જાણી શકે. માટે આચાર્યોને અપરિપૂર્ણ-સંપૂર્ણ નહિ એવું જ્ઞાન સમજવું. જૈન શાસન જાસૂસી ખાતું કોને ગણે છે? ઉઘાડા માથાવાળાને. ઉઘાડા માથાવાળા એટલે કે સાધુઓ જૈન શાસનના પહેરેગીરો તેમજ જાસૂસો ગણાય છે. શાસનને બચાવવાની અને વધારવાની જવાબદારી એમની છે. તેથી જૈન શાસનમાં તેને જાસૂસીખાતું કહે છે. જાસૂસીખાતું એવું હોય છે કે એ જ્યાં જાસૂસ તરીકે રહે તેનું જ ખોદે. અગ્નિ મેલીએ તો એને જ્યાં મેલ્યો હોય તેને જ પહેલાં બાળે. તેમ જાસૂસનો સ્વભાવ પણ એવો કે જ્યાં રહે તેની જ ખોદણી કરે, જ્યાં રહે તેનાં જ છિદ્રો જુએ-ગોટાળો કરે. તેમ સાધુઓ જ્યાં રહે ત્યાનાં જ છિદ્રો જુએ ને ત્યાંનું જ સત્યાનાશ કાઢવા માંગે. પણ ક્યાં? સંસારમાં. મોક્ષ ન પામ્યો ત્યાં સુધી જન્મ, જરા, મરણાદિકથી ભરેલો સંસાર; તે સંસારની ખબર લેવા, તેનાં છિદ્રો ખોળવા માટે જિનેશ્વર ભગવાને સાધુને જાસૂસ તરીકે ગોઠવ્યા છે. જન્મમરણથી ભરેલા સંસારને શત્રુરૂપ માની એનું સારું હોય તો પણ ખોટું ચીતરવું, માલિકનું ખરાબ હોય તો પણ સારું ચીતરવું એ એમનું કામ. જિનેશ્વર દેવના સાધુઓ, જે જાસૂસો તરીકે છે તે , રોગ શોક મરણનો પ્રસંગ હોય તો જીવને ચેતવે. શું કરે છે?

સંસારમાં રહ્યાં છતાં ધર્મરાજા તરફથી જાસૂસી કરે છે. સંસારનો પક્ષ સબળ ન થાય તે જ તેમનું ધ્યેય. જન્મ, જરા, મરણ, શોક, રોગનો પક્ષ જબરો ન થાય તે માટે તેઓ હમેશાં જાગતા રહે. જાસૂસી કરે ત્યાં ધ્યેય એક જ કે મારા માલિકનું હિત થવું જોઈએ. સાધુઓનું કામ જ એ કે પોતે સંસારમાં રહ્યાં છતાં જીવોના જન્મ, જરા,મરણના ફેરા ટળાવવા, તેમને સંવર-નિર્જરાના રસ્તે જોડવા. આ માટે કેઈની પાસે બળવાઓ કરાવ્યા ને મોહનું નિકંદન કઢાવ્યું. સંસારમાં રહ્યા છતાં સંસારની સામે કોઈએ બળવો કરાર્યો હોય તો તે સાધુઓએ કરાવ્યો છે. જાસૂસી-પાંચમી કતારનું કામ - શત્રુના મુલકમાં રહી શત્રુનું સત્યાનાશ વાળવું તે.સંસારની સામે બળવો પેદા કરવો તે સાધુનું કામ. જો શાણપણપૂર્વક બળવો કરવામાં આવે તો, સામી સત્તાને રહેવાનો વખત જ ન આપે. મિથ્યાત્વ, કર્મ, તેમ સંસારની સામે અને જન્માદિકની સામે સાધુ બળવો કરાવે છે. એમાં જે જોડાય તે સંસારનું સત્યાનાશ કાઢવાવાળો થાય તે ચોક્કસ છે.

### મોહના નાશ માટે શાસનની જરૂર

સંસારની સામે બળો તે જ કરે કે જેને એક પુદ્‌ગલપરાવર્ત કરતાં વધારે રખડવાનું હોય નહિ. બળવો નિષ્ફળ જાય જ નહીં. મોક્ષની થયેલી ઈચ્છા કદી નિષ્ફળ જતી નથી. એવો મજબૂત બળવો ઊભો કર્યો છે કે સંસારનું નિકંદન થયા વગર રહે જ નહિ. પહેલાં બેઠો બળવો એટલે શત્રુની સાથે કોઈ પણ પ્રકારનો સહકાર ન કરવો. પહેલાં તમે અજ્ઞાની હો તો પણ, ભાગ્ય ઝળકતું હોય તો, તમે ૭૦માંથી ૬૯ને અસહકાર કરી ખસેડી શકો છો. તમને શીખામણ દીધી કે કાગળિયો સડી જાય, ઘરાક ભાગી જાય,ઝવેરાત ધારી કિંમતવાળું ન રહે, માટે માણસ ડાહ્યો હોય તો સોનબાઈ કે રૂપબાઈ સાથે જ વ્યવહાર રાખે. વેપારી લાઈનમાં એ જણાવ્યું કે સોના-રૂપા સિવાય વેહવાર કરશો નહિ. આ શીખામણનું પાલન કરવાથી કદી પણ જોખમ આવવાનો ભય

રહે નહિં. વેપારીને બહુ લાંબી ગતાગમ ન હોય પણ આટલું સમજી રાખે તો નુકસાનથી બચી શકાય. તેમ ભલે મોક્ષ ન જાણ્યો હોય, તેની ઈચ્છા પણ ન કરી હોય, અરે, સમ્યગ્દર્શનની પણ ઈચ્છા ન કરી હોય, તો પણ જો સાધુઓની જાસૂસીનું કામ બરાબર ચાલે તો ૬૯ અમલદારો મોહના, તેને બેસાડી દે. આ બધી શાસનની પ્રવૃત્તિ કહી તે એક મોહરૂપ અમલદારોને ઠાર કરવા માટે જ છે. છેલ્લી કોડાકોડ સાગરોપમની સ્થિતિ તોડવી તેમાં જ મહત્તા છે. તમારી ૬૯ ની સ્થિતિ તૂટી છે.

**આચાર્ય એટલે ભગવાનના સંદેશવાહક**

**પ્રશ્ન** - જેનામાં જ્ઞાન ન હોય તેવો માણસ ખાતરી આપે તેની કિમંત શી?

ઉત્તર - ભલે પોતાને સાક્ષાત્ જ્ઞાન નથી, છતાં પણ ટપાલવાળો કાગળ આપે તેમાં સર્ટીફીકેટ મળે તો? ટપાલી ભલે નથી જાણતો પણ અંદરના સર્ટીફીકેટથી પાસ થવાનું જ્ઞાન થાય છે. એવી રીતે અહીં ભગવાનના ટપાલી તરીકે આચાર્ય સમજવા. એ પોતાનું સ્વતંત્ર જ્ઞાન ભલે ન ધરાવે, પણ ભગવાનના સંદેશવાહક તરીકેની યોગ્યતા ધરાવે એટલું એમને માટે બસ સમજવું.

આવા સંદેશવાહકનું કામ કરવું એ કંઈ રમત વાત કે સહેલું કામ નથી. એ તો વફાદારીની ખરેખરી કસોટીનું કામ છે. અને એ બજાવવામાં જ આચાર્યપદની મહત્તા છે. તમે મોહના ૬૯ સુભટોને, અધિકારીઓને તેમ સત્તાવાળાને મારી પાડ્યા છે. હવે એકને જ મારી પાડવાનો બાકી છે. તે મર્યો કે મોક્ષ તમારા હાથમાં જ છે.૬૯ ગયા વગર नमो अरिहंताणं નો નકાર અને करेमि भंते નો કકાર આવતો જ નથી. અર્થાત્ મોહની કર્મની ૬૯ કોડાકોડી તૂટી હોય તો જ આ પવિત્ર સૂત્રોનો નકાર અને કકાર આવી શકે છે, ગણી શકાય છે.

**ધર્મસૂત્રોનું ફળ**

'બહુ ડાહ્યો બહુ ખરડાય' - એટલે કે બહુ ડાહ્યો હોય તે ત્રણ વાનાં ખરડે. પગ ખરડ્યો, નિર્ણય ન થાય તો હાથ લગાડે, તેમ છતાં નિર્ણય ન થાય તો નાકે લગાડે. પછી ત્રણ ધુવે. કેટલાક દેખાદેખી ધર્મ કરતા હશે. શરમ, લાલચ, લોભથી આ મંત્ર ગણાતા હશે. એ કબૂલ છે કે કેટલાક માણસો नमो अरिहंताणं અને करेमि भंते' જેવાં ધર્મસૂત્રો લાલચથી, લોભથી, મૂર્ખપણાથી, ધ્યેય વગર, વેશથી કે છિદ્રાન્વેષીની દૃષ્ટિએ ગણતા હશે. છતાં કહું છું કે આ બધાએ ૬૯ કોડાકોડી મોહની સ્થિતિ તોડેલી છે. લોભ, લાલચથી ગણનારા કે ગમે તે દૃષ્ટિએ ગણનારા ૬૯ તોડ્યા વગર આ પવિત્ર ધર્મસૂત્રોના નકાર અને કકાર ગણી શકે નહિ.

જૈન શાસન કોઈના કહેવામાત્રથી માનવાનું નથી. બીજાઓ તો કહે છે કે -

पुराणो मानवो धर्मः, साङ्गो वेदचिकित्सकः ।
आज्ञासिद्धानि चत्वारि, न हन्तव्यानि हेतुभिः ।।

પુરાણમાં જે કહ્યું તે સાચું માની લેવું, અને તેમાં 'આમ કેમ ?' એવો વિચાર ન કરવો. વાત ગળે ઊતરે એવી ન હોય તો પણ પુરાણમાં કહ્યું છે માટે માની લેવું; પછી તેમાં યોગ્યાયોગ્ય વિચારવાનું જ નહિ. મનુસ્મૃતિમાં કહેલા ધર્મમાં યોગ્યાયોગ્ય વિચારવાનું નહિ. યજ્ઞમાં દાખલ થનાર માંસ ન ખાય તો ૨૧ કલ્પો સુધી ઢોર થાય, તેમાં હેતુ-યુક્તિ લગાડશો નહિ. ઉપનિષદો સહિત વેદભાષ્યો સહિત વેદને અંગે શંકા ન કરવી. વૈદક કે ચરકને અંગે શંકા ન કરવી - તે વાત કહે એટલે માની લેવાની. તેમ જૈન શાસન આજ્ઞામાત્રથી સિદ્ધપણું મનાવવા તૈયાર નથી. તેથી શાસ્ત્રકારે આજ્ઞાગ્રાહ્ય અને દૃષ્ટાન્તિક - એમ બે પ્રકારના પદાર્થો કહ્યા છે. પ્રથમ હેતુ યુક્તિ ધ્યનામાં લો. દારૂડિયો આંધળા

કૂતરાને હાંકવા માટે પથરો લેવા જાય અને પથરાને બદલે હીરો હાથમા આવે તે ક્યારે? પૂરેપૂરાં નસીબ જોરદાર હોય તો જ હાથમાં હીરો આવે. તેમ લોભ લાલચમાં દોરાયેલો, અજ્ઞાનમાં ખરડાયેલો, તેવાને नमो अरिहंताणं કે करेमि भंते બોલવાનો વખત આવ્યો તે ભાગ્યની જ નિશાની સમજવી. ઘરમાં છોકરો જન્મ્યો તેના નાળનો મેલ નાખવા માટે ખાડો ખોદીએ ત્યારે નિધાન કોને નીકળે? જેનું ભાગ્ય જાગ્યું હોય તેને. તેમ દ્વેષ, ઈર્ષ્યા, અજ્ઞાન હોવા છતાં જિનેશ્વરનું नमो अरिहंताणं ક્યાંથી આવ્યું? શાસ્ત્રકારો કહે છે કે આ તો મોક્ષની ઈચ્છાવાળા છે. પણ જેને મોક્ષ માનવો નથી, તેની ઈચ્છા નથી, એવા અભવ્યને પણ नमो अरिहंताणं કે करेमि भंते આવે ત્યારે ૬૯ તૂટેલી જ હોય, તો પછી જે જીવો ભવ્ય અને મોક્ષની ઈચ્છાવાળા છે તે ૬૯ તોડવાવાળા હોય તેમાં આશ્ચર્ય શું?

**યોગ્ય અને અયોગ્યના નિરૂપક સાધુઓ**

સાધુઓની જાસૂસી એ જ કે नमो अरिहंताणं કે करेमि भंते પહેલાં બળવાખોરો પાસે ૬૯ કોડાકોડી મોહનીય કર્મની સ્થિતિને રૈંસાવી નાખે, અને માત્ર એક કોડાકોડી સાગરોપમ સ્થિતિ બાકી રહેવા દે. એક કોડાકોડી સાગરોપમ સ્થિતિ માટે લડવાનું રહેલું તેનો સંખ્યાતા સાગરોપમો સુધી છેડો મેલતા નથી. રિખવદેવનું શાસન તેમાં પચાસ લાખક્રોડ સાગરોપમ સુધી સાધુઓ જાસૂસી કરે છે. સંખ્યાતા સાગરોપમ સુધી છેડો ન મેલે. વિચારો આ જાસૂસી કોની? જૈન શાસનના સાધુઓની. લગીર કેવળીથી ઓછા ગુણઠાણાવાળા સાધુ તે સંસારની જાસૂસી કરનારા સમજવા. ધર્મના આ જાસૂસો સાધુઓ; કર્મનું ખેદાન મેદાન કરી દેવું તે તેમની દાનત હોય. પીવું નહીં, પીવા દેવું નહીં. પણ ઢોળી દેવું, તેવી જાસૂસ ની દાનત હોય. પહેલમાં તો બળવો કરાવે, તેમ તૈયાર ન થાય તો આક્રમણ થવા દે, આક્રમણમાં

આડા ન આવે. વળી અહીં બે પક્ષ સિવાય ત્રીજો પક્ષ નથીઃ ધર્મપક્ષ અને અધર્મપક્ષ. દરેક જીવને તું આની છત્રછાયામાં છે, તને શો શો અનુભવ થયો તે કહે; સંસારની, કર્મરાજાની, મોહરાજાની છત્રછાયાનો અનુભવ કરે; યોગ્ય કઈ વસ્તુ, અયોગ્ય કઈ તેનો અનુભવ બીજા પાસે કહેવડાવવો, તે કામ જાસૂસનું છે. જીવાદિકની યોગ્યાયોગ્ય વહેંચણી કોણ કરે? યોગ્ય અને અયોગ્ય બંને પ્રકારના પદાર્થોના નિરૂપણમાં નિપુણ એવા સાધુઓ. આવું બધું નક્કી કરવું તે કામ સાધુનું. જેમ રાજાઓ મુખ્ય વાત પોતાના હાથમાં રાખે, બાકીની બધી વાતો કર્મચારીઓ કરે, તેમ ધર્મમાર્ગની મુખ્ય સત્તા આચાર્યે પોતાના હાથમાં રાખી, સાધુઓને કર્મચારીઓની જગો પર મૂકે. એટલા માટે વિનેય અને શિષ્યો જગો જગો પર ગોઠવવાને લાયક.

**જાસૂસોરૂપ સાધુઓના ઉપરી તે આચાર્ય**

જગતની જાસૂસી સંસ્થા એક હાથ નીચે શિક્ષણ પામેલી હોય તો જ જીવનના ભોગે કામ કરનારી થાય. તેમ સાધુઓ લેભાગુ, સ્વચ્છંદી, સ્વતંત્ર હોય તો શાસનનું કે આચાર્યનું લીલું ન કરી શકે. સાચા જાસૂસો તો મરી ફીટવાવાળા, ફાંસીની સજા સેંકડોને કરી છતાં પાછા હઠ્યા નથી. ઊભા તે ઊભા સળગાવ્યા છતાં જાસૂસીથી પાછા નથી હઠ્યા. જીવનના ભોગે વફાદાર બની માલિકનું કાર્ય કરવું તે અહીં સાધુસંસ્થા સિદ્ધાંતવાલી જીવના ભોગે પણ તુંહિ તુંહિનો મંત્ર યાદ રાખીને જિનેશ્વરના શાસનની સાચવણી કરે. આવા જાસૂસોની સંસ્થાના માલિક કોણ? હજારો જાસૂસો જુદા જુદા રસ્તે કામ કરે તો પત્તો ક્યાં લાગે? એ માટે એમને એકતંત્રમાં નિયત કરવા પડે, જેથી કોઈ પણ સ્વચ્છંદપણે કામ ન કરી શકે, તેમજ એમનું બીજા કશામાં મન ન જાય. જૈન શાસનના જાસૂસોરૂપ સાધુઓનું નિયમન કરવાનું કામ આચર્યોનું. એટલે આચાર્ય શબ્દની બીજી રીતે વ્યાખ્યા કરતાં ટીકાકાર મહારાજ કહે છે કે-

आ - ईषद् अपरिपूर्णा इत्यर्थः चारा होरिका ये ते आचाराश्चारकल्पा इत्यर्थः - युक्तायुक्तविभागनिरूपणानिपुणा विनेयाः, अतस्तेषु साधवो यथावच्छास्त्रार्थो पदेशकतयेत्याचार्याः ।

અર્થાત્ - આ કહેતાં કંઈક - અપરિપૂર્ણ એવા ચાર કહેતાં દૂત તે 'आचार' એટલે જાસૂસ જેવા; યોગ્ય-અયોગ્ય વિભાગનું નિરૂપણ કરવામાં ચતુર જે શિષ્યો, તે શિષ્યોમાં યર્થાથ શાસ્ત્રાર્થનો ઉપદેશ કરવામાં જે નિપુણ તેનું નામ આચાર્ય. આવા સમર્થ આચાર્ય નમસ્કાર કરવા યોગ્ય ગણાય તેમાં શી નવાઈ ?

**સાધુનું જીવન પણ મોક્ષને માટે જ**

બાયડીઓ જીવતી હોય તો તેમાં જીવ ભરાઈ રહે; માટે કેસરિયા કરવાવાળા પહેલાં સ્ત્રીઓને બાળી નાખી પછી જ કેસરિયા કરે. તેમ સાધુ પણ જીવનમાં સંયમના યથાર્થ પાલન માટે પરિગ્રહને ત્રિવિધ ત્રિવિધે વોસરે. કહો, સાધુઓએ મમતા થાય - રાગ થાય તેવું ક્યું રાખ્યું ? માત્ર એક જીવન. એ જીવન ધારણ કરવામાં પણ એક જ દૃષ્ટિઃ જીવનને ધારણ કરે છે તે કેવળ જીવવાને માટે નહીં પણ એ મોક્ષના સાધનરૂપ અને મોક્ષનો હેતુ બને છે તે માટે એ જીવન જીવે છે. આવા શહેનશાહતના સંતાનો જેવા બેફિકર અને નીડર સાધુઓ જે વખત ધર્મરાજાનો ઝંડો ફરકાવવા નીકળે તે વખતે કોઈ પણ જાતનો સંકોચ કે ભય ન રહે. જેઓ પોતાના આત્માના કલ્યાણ માટે જન્મ, જરા, મરણને ઉખેડી નાખવા, આઠે કર્મનો નાશ કરવા માટે તૈયાર થયેલ તેવાને નમસ્કાર.

**આચાર્ય વૈદ્યના જેવા જ હિતસ્વી**

વેદ ભૂખ્યા રાખે, કડવી દવા આપે, હરવા ફરવા ઉપર નિયમન રાખે, તેવા વૈદને ખાસડા કેમ નથી મારતા ? ઊલટા પૈસા આપીને કેમ બોલાવો છો ? એવાને પૈસા આપવા કેમ પાલવે છે ? કેમ કે તે દરદ દૂર

કરે છે માટે. તેવી રીતે સંસારરૂપી દર્દ દૂર કરનારા આ આચાર્ય ભગવંત એક અપેક્ષાએ તો રાતદહાડો ગાંડા થવાનું જ શીખવે છે. એ તો કહે છે કે ગમે તેમ કરીને કર્મનો ભૂક્કો કરી નાખો. આચાર્ય આ બધું શા માટે કરે છે? તમને તારવા માટે. તરવાની ઈચ્છાવાળો સાધુની ચર્યાથી કંટાળે નહિ.

હવે તે આચાર્યો પૂજવા લાયક કેમ? તે સમજાવતા, આચાર્યપદની વ્યાખ્યાનો ઉપસંહાર કરતા ટીકાકાર મહારાજા કહે છે કે - नमस्यता चैषामाचारोपदेशकतयोपकारित्वात् । એટલે કે તેઓ- આચાર્યો આચારનો ઉપદેશ આપતા હોવાથી તેઓના ઉપકારીપણાને લઈને નમસ્કાર કરવા યોગ્ય છે. એવા આચાર્યને નમસ્કાર

હવે બધી સંસ્થા મૂર્ખાઈવાળી હોય, પણ મિત્ર મૂર્ખ હોય તો તે ન પાલવે, દાનો દુશ્મન પાલવે. મૂર્ખપણું મિત્રને ઘેર હોય તો તે ન પાલવે. માટે સાચું શિક્ષણ દેનાર કોણ તે હવે પછી જોઈશું.

# દેશના - ૨૪

## ઉપાધ્યાય પદનો વિચાર

ટીકાકાર મહારાજા ભગવાન અભયદેવસૂરીશ્વરજી મહારાજે વક્તા-શ્રોતાની છત્રછાયા નક્કી કરવા માટે જણાવ્યું હતું કે જૈન શાસનમાં છત્રછાયા કેવળ પંચ પરમેષ્ઠીની જ છે. આરાધ્ય કોટી માત્ર પંચપરમેષ્ઠીની છે; તે સિવાય જૈન શાસનમાં બીજી આરાધ્ય વસ્તુ ગણેલી નથી. છત્ર તરીકે પંચપરમેષ્ઠી ગણ્યા તેમાં મુખ્ય દાંડા તરીકે અરિહંત મહારાજા સમજવા. છત્રમાં કળ, કપડું વગેરે ભલે મજબૂત હોય પણ દાંડા ઉપર જ ટકાવનો બધો આધાર રહે છે. તેમ સિદ્ધાદિક કળ વગેરેની જગો પર ભલે ગોઠવાય, પરંતુ ખરો આધાર તો અરિહંત મહારાજા ઉપર જ છે. એટલે અરિહંત મહારાજાના શાસનના જે સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓ છે તે જ આરાધ્ય છે. દાંડા ઉપર જ જેમ છત્રના બધા અવયવોનો આધાર તેમ ચાર પરમેષ્ઠીનો આધાર અરિહંત ઉપર જ. દાંડો તકલાદિ હોય તો બાકીના સારા અવયવો પણ કામ ન આપે. અરિહંતની પૂજ્યતાદિમાં બદામ જેટલી પણ કચાશ હોય તો ચાર પરમેષ્ઠીની આરાધ્યતા થઈ શકે નહિ.

**અરિહંત જ સુકાની**

અરિહંત એ તો સુકાની સમજવા. જેમ દરિયામાં સ્ટીમરો ભરપટે પાણીમાં પડી હોય, પણ તે સુકાનીના આધારે જાય છે, તેમ જૈન શાસનરૂપી નાવનું ચાલવું તે માત્ર અરિહંતરૂપી સુકાનીના આધારે જ બને છે. બધાનું લક્ષ્યબિંદુ સિદ્ધિસ્થાને જવાનું છે, તેથી અરિહંતે

દર્શાવેલી બધી ધર્મક્રિયાઓ આદરવાની. વળી અરિહંતનું પણ લક્ષ્યબિંદુ સિદ્ધિસ્થાનનું જ છે.

**કર્મક્ષય એ જ મુખ્ય મુદ્દો**

પંચપરમેષ્ઠીને નમસ્કાર કરવાની ક્રિયા બે સેકન્ડની એ બે સેકન્ડની ક્રિયામાં પણ એક જ ધ્યેય - સર્વ પાપનો નાશ. સર્વ મંગળમાં પ્રથમ મંગળ પંચપરમેષ્ઠી - એટલે અનિષ્ટ નિવારણ, ઈષ્ટપ્રાપ્તિ એ બંને પંચપરમેષ્ઠીનાં મંગળ છે. જૈન શાસનમાં બે સેકન્ડ જેટલી ધર્મક્રિયાનું મૂળ લક્ષ્ય પણ કર્મના નાશનું જ છે. એટલે પછી કલાક, દિવસ, વર્ષ અગર આખી જિંદગીની ધર્મક્રિયા હોય તો તેમાં પણ કર્મક્ષયનો જ મુદ્દો હોય. કર્મક્ષયનો મૂળ મુદ્દો ન રહે તો અરિહંતને કે સિદ્ધને નમસ્કાર કર્યા છતાં કશું ફળ ન જ આવે. એ તો પછી કલમના જોરે લખી દઈએ કે ' આ શહેરનો તું રાજા', પણ એ રીતે લખવામાત્રથી શહેરનો કબજો ન થાય, એના જેવું થાય. કર્મક્ષયનો મુદ્દો ન સ્વીકારીએ તો પછી સિદ્ધિની પ્રાપ્તિ થાય જ નહીં. જેવી રીતે શહેરનો સાચો કબજો આપવો હોય તો તે લખતાં પહેલાં બધી તૈયારી જોઈએ, તેમ જો સિદ્ધિ મેળવવા માટે ધર્મ કરતાં હોઈએ તો તેના મુખ્ય પાયા તરીકે કર્મક્ષયના મુદ્દાનો સ્વીકાર કરવો જ જોઈએ.

અરિહંતો સિદ્ધિનો ઉપદેશ દે તે માર્ગ દેખાડનાર સુકાન તરીકે-હોકાયંત્ર તરીકે, પરંતુ એ માર્ગ પ્રમાણે હાંકી કે દોરીને લઈ જનાર અરિહંતો નહિ, સિદ્ધો પણ નહિ, કિંતુ આચાર્ય મહારાજ સમજવા.

**અરિહંતની તરકીબ**

નર્મદા નદીનો પુલ વારંવાર પડી જતો હતો. દર વર્ષે બાંધે અને ચોમાસામાં પડી જાય. સરકારે જાહેર કર્યું કે ન પડે એવો પુલ બનાવવાની તરકીબ જો કોઈ બતાવશે તો તેને ૭૦ હજાર રૂપિયાનું ઈનામ અપાશે. તરકીબ બતાવનારે તરકીબ બતલાવી કે જેટલો પુલ ઊંચો કરવો છે તેના કરતાં ત્રણગણાં લાંબા ભૂંગળાં જમીનમાં દાટો.

તરકીબ બતલાવવાના ૭૦ હજાર લીધા, અને કામ તો મજુરોને કરવું પડ્યું. તેમ આ આખો સંસાર ઈંદ્રિયોનાં સુખો તરફ ઝૂકી રહ્યો હતો. આત્માનાં સુખોની તરકીબ કોઈ પાસે ન હતી. ભોગમાં સુખ આખી દુનિયા માનતી હતી. જિનેશ્વર મહારાજાએ તરકીબ કાઢી. ત્યાગમાં સુખ, ચિત્તની શાંતિમાં મજા, આત્માનું કલ્યાણ એજ સાચું કલ્યાણ : એમ ત્રણ લોકના નાથ તીર્થંકરોએ તરકીબ કાઢી. સમય મલે વિચારશો તો આ વાત સાચી શી રીતે તે માલૂમ પડશે.

**ભગવાન ઋષભદેવજીનું ત્યાગ - પ્રરૂપણ**

આ કાળમાં ભગવાન ઋષભદેવજીએ ત્યાગની પ્રથમ તરકીબ કાઢી. તે પહેલાં ત્યાગ શબ્દ ૧૮ કોડાકોડ સાગરોપમ વખત સુધી ઊડી ગયો હતો. ત્યાગમાં સુખ, શાંતિ , કલ્યાણ અને સિદ્ધિ છે. આમાં ઋષભદેવજીને ત્યાગના હેતુંનું નામનિશાન ન હતું. અર્થાત્ કોઈ એવાં પોદ્ગલિક કારણો મળ્યાં ન હતાં કે જેથી ત્યાગનો વિચાર આવે. ભગવાને ત્યાગમાર્ગ કેવી રીતે પ્રગટ કર્યો તે સમજો ! જે વખતે પેટના માટે પાપ તરફ દુનિયા દોરાયેલી ન હતી, કલ્પવૃક્ષ દ્વારા દેવતા પાસેથી જ્યારે ઇષ્ટસિદ્ધિ થતી હતી, વૈશ્રમણ (કુબેર ભંડારી) બધી મંગળમય વસ્તુ પૂરી પાડી રહ્યા હતા, અને કલ્પવૃક્ષ તરફથી ભોગની ઈચ્છિત બધી સામગ્રી મળતી હતી તેવા વખતમાં ભગવાને ‘ ત્યાગ’ શબ્દ બહાર પાડેલો તે જીવોને કેવો કડવો લાગ્યો હશે ? લગ્નની ચોરી વખતે ‘રંડાપો’ શબ્દ બોલાય તો તે કેવો અપ્રિય-અનિષ્ટ લાગે ? જ્યારે દેવતાઈ ભોગો અને કલ્પવૃક્ષથી મળેલી સામગ્રીઓ સુલભ હતી ત્યારે આ ત્યાગમાર્ગની પ્રવૃત્તિ ભગવાને ચલાવી. લોકો ભગવાન રિખવદેવજી ભિક્ષા માટે ફરે ત્યારે તેમને રિદ્ધિ-સમૃદ્ધિ-કન્યા-રત્નો આપે. આ સમય એવો હતો કે જ્યારે ભિક્ષાનું નામ પણ કોઈ જાણતું ન હતું. ભરપૂર સમૃદ્ધિ વખતે ત્યાગ શબ્દ બોલવો અને ત્યાગનો મહિમા ગાવો તેમ જ ત્યાગને અપનાવવો કેટલો મુશ્કેલ ગણાય ! આવા સમયે

ત્યાગમાં સુખ, ભોગમાં દુઃખ, ભોગમાં આપત્તિઓ, ત્યાગ એ જ શ્રેયસ્કર એમ જણાવવું કેટલું મુશ્કેલ? છતાં પ્રભુએ ત્યાગનો ઉપદેશ અને વર્તન શરૂ કર્યા. જેમ સાચા શોધકો પોતાનો પ્રયોગ સફળ ન થાય ત્યાં સુધી સભામાં તે પ્રયોગ ન દેખાડે પણ તેની પાછળ દિન-રાત લાગ્યા જ રહે તેમ તીર્થંકરો પોતે ત્યાગનો જે પ્રયોગ કર્યો તેનું ફળ કેવળજ્ઞાનરૂપે-સંપૂર્ણ સાક્ષાત્કારરૂપે ન આવે ત્યાં સુધી સભા વચ્ચે ત્યાગની કે ધર્મની પ્રરૂપણા ન કરે - દેશના ન દે. તીર્થંકરોના આ કલ્પનું રહસ્ય જો વિચારશો તો આચરણનો મહિમા કેટલો તે સમજાશે.

**તીર્થંકરો અને આચાર્યાદિમાં તફાવત**

પ્રશ્ન - આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓ ગમે ત્યારે દેશના દે અને તીર્થંકરોને મોઢે કેવળજ્ઞાન થતાં સુધી તાળાં- એમનાથી છદ્મસ્થ અવસ્થામાં દેશના ન દેવાય, પણ કેવળજ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે જ દેશના દેવાય એમ કેમ? તો તો પછી જે સાધુ, ઉપાધ્યાય કે આચાર્યને કેવળજ્ઞાન થાય તે જ સાધુ, ઉપાધ્યાય કે આચાર્યને ઉપદેશ આપવાનો અધિકાર એમ જ સમજવું ને?

**ઉત્તર** - મહાનુભાવ ! આમ ઉતાવળા કે અધીરા ન થાઓ. લગીર ઊંડા ઊતરીને વિચાર કરો. આચાર્યાદિકને તો મુસાભાઈનાં વા-પાણી જેવું છે. એમને કંઈ પોતાને નામે કે પોતાને જોખમે કશું કહેવાનું નથી. એમને તો તીર્થંકરો જે ભાખી ગયા છે તેનો હવાલો આપીને તેમના નામે એટલે કે તેમના પ્રતિનિધિ રૂપે જ કહેવાનું છે. અને તીર્થંકરોને તો પોતે જાતે જાણીને અને સમજીને પોતાને જોખમે કહેવાનું છે. આ ફરક ઉપરથી સમજી શકાશે કે તીર્થંકરો કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં સુધી ધર્મપ્રરૂપણા કેમ કરતા નથી, અને આચાર્ય, ઉપાધ્યાય, સાધુઓને કેવળજ્ઞાન ન હોવા છતાં ઉપદેશ આપવાની કેમ છૂટ છે.

**'મુસાભાઈનાં વા-પાણી' નું દૃષ્ટાંત**

'મુસાભાઈનાં વા-પાણી' ની વાત સમજવા જેવી છે. એક વાર

મુસાભાઈને આખી નાતને જમાડવાનો વિચાર થયો; પણ પાસે પૈસાના તાકડા ન મળે એટલે બિચારા કરે શું ? પણ એક વાર એમણે તરકીબ શોધી કાઢીઃ નાતમાં જમણ કરવાને નિમિત્તે નાતના જ વેપારીઓને ત્યાંથી બધો માલ ઉધાર ખરીદી લાવ્યા અને વાસણ-કૂસણ પણ નાતના શેઠીઆઓને ત્યાંથી જ માંગી લાવ્યા. તેમણે વિચાર્યું - અત્યારે પૈસા ક્યાં આપવાના છે ? જમણવાર થઈ જવા દ્યો, પછી બધું જોઈ લેવાશે. અને એમણે તો ભારે ભપકાબંધ જમણવાર કર્યો. આખી નાત જમવા બેઠી ત્યારે મુસાભાઈ, જાણે દિલમાં ભારે ભક્તિ ઊભરાતી હોય તેમ, એક હાથે જોર જોરથી પંખો વીંઝવા લાગ્યા અને બીજે હાથે શીતળ જળ પીરસવા લાગ્યા, અને વારે વારે જમવાનો આગ્રહ કરતા કરતા કહેવા લાગ્યા કે " નાતનો માલ નાત જમે ને મૂસાભાઈનાંવા-પાણી!'' તે વખતે તો બધાને તેમનું આ બોલવું કેવળ હાસ્યજનક લાગ્યું અને આ કથનનો ભેદ કોઈ પામ્યું નહીં. પણ જ્યારે પૈસા વસૂલ કરવાનો વખત આવ્યો ત્યારે બધા સાચી વાત સમજ્યા ! આ દૃષ્ટાંતનો અર્થ એટલો કે જ્યાં કોઈની વતી કામ કરવાનું હોય ત્યાં પોતાની જવાબદારી ન ગણાય. આચાર્યાદિને ઉપદેશ આપવામાં તીર્થંકર ભગવાનની વતી કામ કરવાનું છે એટલે એમની કશી જવાબદારી નહીં સમજવી. એ તો 'મૂસાભાઈનાં વા-પાણી' ની જેમ તીર્થંકરોની વતી જે કંઈ કહેવાનું હોય તે કહી દે. પણ તીર્થંકરોથી એમ ન થાય. એમણે તો જાતે જ જવાબદારી ઊઠાવવી રહી. મતલબ કે આચાર્ય, ઉપાધ્યાય વગેરે એમ કહીને છૂટી જાય કે જિનેશ્વરે આમ કહ્યું છે તેઓ કદી ' હું આમ કહું છું' એવું જવાબદારી વાળું વચન ન બોલે. એમ કહેવાનો હક્ક માત્ર તીર્થંકરને જ છે. બીજાને તેવો હક્ક નથી.

### તીર્થંકર સિવાય બીજા 'હું આ કહું' એમ ન કહે

આ વાત નાની સાધ્વી કે નાનો સાધુ પણ જાણે છે. 'वुच्चंति साहुणो त्तिबेमि' એમ ઠેર ઠેર કહેવામાં આવે છે. તેમાં 'त्तिबेमि' નો અર્થ

શાસ્ત્રકારોએ શો કર્યો? મહાવીર ભગવાને આમ કહ્યું, તે સુધર્માસ્વામીએ સાંભળ્યું, તે જ અમને તેઓએ જણાવ્યું માટે તેમના તરફથી - તેમની વતી - હું આ કહું છું, એવો એનો અર્થ સમજવો. ભગવાન મહાવીરના ઉપદેશના આધારે સુધર્માસ્વામી સરખા કે શય્યંભવસૂરિ સરખા પણ આયુષ્યમાન્ ભગવાને આવી રીતે કહ્યું છે, તે મેં સાંભળ્યું છે તે હું કહું છું, એમ સૂચવવા માટે 'सूयं मे आउसं तेणं भगवया एवमक्खायं ' એ સૂત્ર દરેક વિધાનની આદિમાં બોલતા આવ્યા છે. દરેક સૂત્રને છેડે 'त्तिबेमि ' કહેવું પડે. શરૂઆતમાં આયુષ્યમાન્ ભગવાને આમ કહ્યું છે, તે જ મુદ્દાથી હું તમને કહું છું એમ કહેવું પડે. એનો અર્થ એ કે મારી કલ્પનાથી હું આ કહેતો નથી.

કોઈ પણ સિદ્ધાંત ત્યારે જ રજૂ કરાય કે જ્યારે પોતે એ સિદ્ધાંત સફળ રીતે સ્થાપિત કર્યો હોય. સંજમનું ફળ કેવળજ્ઞાન પોતાને પ્રાપ્ત થાય ત્યારે જ તીર્થંકર પોતાની તરકીબ જાહેરમાં મૂકે. કહ્યામાત્રથી કે તરકીબ ગોતવામાત્રથી કાર્યની સિદ્ધિ ન થાય. તેથી તો માત્ર સાચો રસ્તો જાણવા મળે. બાકી કાર્યની સિદ્ધિ કરનાર કે સફળ તરકીબ કરનાર તો શાસનમાં કેવળ અરિહંત જ સમજવા.

**ઉપાધ્યાયની જરૂર**

અશિક્ષિત વર્ગને બતાવેલ તરકીબ ફળ દઈ શકે નહીં; તે તરકીબની શિક્ષા માટે શિક્ષક હોવા જોઈએ. જૈન શાસનમાં આવી શિક્ષાને દેનાર વર્ગ તે ઉપાધ્યાય. તે માટે ચોથે પદે 'णमो उवज्झायाणं' કહીને તેમને નમસ્કાર કર્યા. દુનિયામાં વપરાતા અધ્યાપક શબ્દને વાપરી તેને નમસ્કાર કહીએ તો? તે કહેવામાં અડચણ નથી. છતાં અધ્યાપક ને ઉપાધ્યાયમાં ક્યો ફરક છે તે સમજો. શાસ્ત્રકાર આની વ્યુત્પત્તિ કરતાં કહે છે કે ' उप - समीपम आगत्य अधीयते' જેમની સમીપે જઈને ભણાય તે ઉપાધ્યાય. નીતિશાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે કે બગલાથી, કૂતરાથી, અગ્નિ,

વાયરા, સાપ કે ઊંદરડાથી આટલુ શીખવું પણ ત્યાં શીખવનાર કોઈ ખરા કે ? ના. નીતિશાસ્ત્રે કહેલી આ શીખામણ કંઈ વિનયપૂર્વક કૂતરા, વગેરેની પાસે જઈને લેવાની નથી. વળી જગતમાં જુદા જુદા વિષયના અધ્યાપકો હોય છે. એમાં અને ઉપાધ્યાયમાં ફરક છે. 'उप ' ઉપસર્ગ મેલી જણાવ્યું કે समीपम् आगत्य અર્થાત્ વાંદરા પેઠે, ઊંદર પેઠે, સાપ પેઠે, વાયરા અગ્નિ પેઠે દેખીને અદ્ધરથી નથી લેવાનું. પણ આ શીખવામાં તો સમીપ આવીને વંદાનાદિક વિધિથી સમીપ આવીને - શિક્ષણ લેવાનું, પાસે આવીને ભણવાનું, દેખવામાત્રથી નહિં. 'अधीयते-'इङ् अध्ययने' इति वचनात् पठ्यते । એટલે વિનય મર્યાદા પૂર્વક જેમની પાસે આવીને ભણાય તેનું નામ ઉપાધ્યાય. પાસે આવીને ભણવામાં પણ વિચારવાનું. નાનું છોકરું પણ માસ્તર પાસે જ આવીને બેસે છે, એ પણ કંઈ વાંદરા, કે અગ્નિ પેઠે અદ્ધર પાઠ નથી લેતું. તો પછી ફરક શો ? તે માટે શાસ્ત્રકાર કહે છે કે 'इण् गतौ' इति वचनाद् वा अधि-आधिक्येन गम्यते । એટલે કે જેની પાસે જઈને અધિકતાએ ભણાય. દુનિયાના પદાર્થો તો સનેપાતવાળાને શીરા જેવા છે. સનેપાતવાળાને શીરો મીઠો લાગે, અને એ ખાવાનું મન પણ થાય, પરંતુ તે દરદીને શીરો ખાવાનું પરિણામ શું ? મસાણની મુસાફરીનું પરિણામ જ ને ? તેમ આ દુનિયામાં લોભ-લાલચે આખું જગત દોડી રહ્યું છે. તેથી લોભ-લાલચનો, ભોગ-સુખ-અર્થ-કામનો ઉપદેશ આપે તે બધો પ્રથમ નંબરે ગમે, કારણ કે એ ગમતો ઉપદેશ છે. આ બિચારા સંસારચક્રમાં ભમી રહેલા પ્રાણીને અર્થ, કામ, લોભ આદિનાં વચનો ગમે ખરાં, પણ પરિણામ સનેપાતિયાને શીરો આપવાની જેમ વિનાશમાં અર્થાત્ ભવચક્રમાં ભમવા માટે થાય છે. જે વસ્તુ ઉપાધ્યાય પાસે મળે છે તે જગતમાં કોઈ પણ જગો પર બીજે નહિ મળે. કુટુંબીઓ ભેગા થઈ શું વિચારશે ? શેરીમાં ફલાણાની ખડકીમાં આમ તેમ છે, બજારમાં ફલાણો માલ આમ મોંઘો થયો વગેરે. દેશ-ગામવાળા ભેગા થાય ત્યારે તે તેની પંચાત કરવાના. પણ આત્માની દશાની વાત કોઈ ઠેકાણે મળે છે ખરી ?

આખા દેશમાં ફરી વળો, આત્માનું ભાન તમને કરાવવું, તમારા રોગો તમને સમજાવવા, રોગોની દવા તમારી પાસે કરાવવી તે કઈ જગો પર? આત્મકલ્યાણનું, લોભના ત્યાગનું શિક્ષણ જો કોઈ પણ જગો પર મળતું હોય તો તે માત્ર ઉપાધ્યાયની પાસે જ. આરંભ સમારંભને અલગ કરવાનું શિક્ષણ બીજે મળતું નથી. જગત કરતાં જે આ અધિકતા તે બીજે ન મળતાં અહીં જ મળે છે. માટે વારંવાર જેમની સેવા કરાય તેમનું નામ ઉપાધ્યાય. ભણનારા એમની પાસે આવીને ભણે, સાંભળનારા પણ અધિકતાએ એમની પાસે આવે.

**ધર્મમાર્ગનું સ્મરણ કરાવે તે ઉપાધ્યાય**

ઉપાધ્યાય જો પોતાની ફરજ બજાવતા હોય તો તેમની પાસે ભણવાનું થાય. તેઓ આપણને જિનપ્રવચનનું સ્મરણ કરાવે. આ માટે શાસ્ત્રકાર કહે છે કે 'इक् स्मरणे' इति वचनाद् वा स्मर्यते सूत्रतो जिनप्रवचनं येभ्यस्ते उपाध्यायाः । એટલે કે જેમની પાસે આવી જિનપ્રવચન સંભારાય યાદ કરાય તે ઉપાધ્યાય. નાના બચ્ચાને આ શું? આ શું? કહીને ઘડિયાળ વગેરે એક એક પદાર્થ સેંકડો વખત યાદ કરાવો ત્યારે તેને યાદ રહે. અજ્ઞાન બચ્ચા ભૂલી જાય તેથી વારંવાર યાદ કરાવવું પડે. તેવી રીતે ભવના મુસાફરો જિનપ્રવચન સાંભળે, પાછા ભૂલી જાય, ઉપશમ, વિવેક, સંવર ત્રણ પદો ભણવા છતાં ભૂલી જાય. તેની યાદ માટે ઉપાધ્યાય જોઈએ. ઉપશમ, વિવેક, સંવર એ ત્રણ પદો બધાને યાદ છે, છતાં કહું છું કે તમો ભૂલી ગયા છો. ધ્યાનમાં રાખજો. એક છોકરાએ બાર મહિના સુધી બરોબર અભ્યાસ કર્યો. પણ પરીક્ષા વખતે તે ભૂલી જાય તો? પરીક્ષા સિવાય હાજર જવાબી - કટકટ ઉત્તર આપે, પણ પરીક્ષા વખતે ઉત્તર ન આપે તો? પરિણામ મીંડું જ આવે. તે જ રીતે આપણે ઉપશમાદિકના જાણનાર ખરા, એના ચોખ્ખા અણીશુદ્ધ અક્ષરો પણ બોલીએ છીએ, વિવેક અને સંવરને પણ બરાબર યાદ રાખીએ છીએ, પણ એ બધું પરીક્ષામાં બેસવાનું ન થાય ત્યાં સુધી જ સમજવું.

પરીક્ષામાં બેસવાનું થાય તે વખતે ખરે વખતે શબ્દો યાદ નથી આવતા; એનો ભાવ મનમાંથી સરી જાય છે. ક્રોધ, માન, માયા, લોભનું કારણ બને તે વખતે તે શબ્દો કેટલા યાદ આવ્યા ? 'પડે ઊગમણી બૂમ આપ આથમણે જાવે' એ કટાક્ષવાણી પણ આ જ વાત સમજાવે છે કે જો ખરા વખતે માણસ નબળો અને ડરપોક સાબિત થાય તો તે સાચો શૂરો ન સમજવો. ગરાસિયાની તરવાર વાણિયાના હાથમાં આવી. ગરાસિયાએ બીજો ગોદો માર્યો તો વાણિયો કહે છે - મારી પાસે તરવાર છે ને કેમ મારે છે ? પણ એ કશું કરી શકતો નથી. એ જ પ્રમાણે આપણે પણ સંસારને જેર કરવા માટે ઉપશમ, વિવેક, સંવરરૂપી જિનેશ્વરની તરવાર લીધી છે ખરી, પણ ખરે વખતે તે વાપરવાની નહિ. ક્રોધ વગેરેના પ્રસંગ આવ્યે ઉપશમ શબ્દ ક્યારે યાદ આવ્યો ? બોલો, પરીક્ષામાં નાપાસ ! રાતદિવસના અભ્યાસી ખરા પણ પરીક્ષા વખતે તો નાપાસ. આશ્રવ સંવર ભવહેતુ-સંસારહેતુ એ વાત આપણે બરાબર જાણી, પણ એનો વિવેક પ્રસંગ આવ્યે યાદ આવ્યો ખરો ? એ જ રીતે સંવરની ગાથાઓ ગોખી, અર્થો પણ મોઢે કર્યા, પણ પતાસાની પ્રભાવના હોય તે વખતે પતાસાને જીભ પર મૂકીએ તે વખતે રસનાનો આશ્રવ થયો તે યાદ આવ્યું ખરું ? આનો અર્થ એ જ કે ઉપશમ-વિવેક-સંવરપદ ભણ્યા છીએ ખરા પણ માત્ર નાના છોકરાની જેમ. નાનું છોકરું આંક બોલે, વળી બીજે દિવસે ભૂલી જાય, મા-બાપ ફેર યાદ કરી આપે. જેમ બચ્ચાના શિક્ષણને અંગે તે વસ્તુ યાદ કરાવવામાં કંટાળતા નથી એવી રીતે ઉપાધ્યાય મહારાજ ભવ્યો સેંકડો વખત સાંભળી જાય, વિરુદ્ધ વર્તે તો પણ ફેર યાદ કરાવે, અને કદી કંટાળે નહીં. ઉપાધ્યાયજી તો જેઓ ભૂલીને ના આવતા હોય તેઓને પણ માર્ગમાં જોડે, વારંવાર યાદ કરાવે.

**ધર્મ અને તેના ફળની સમજ**

ઉપાધ્યાયની પાસે શું યાદ કરવાનું ? તમે જો કાયદાની ઓફિસમાં જાવ તો પગથિયેથી તે ઠેઠ સુધી કાયદાની જ વાત હોય.

દાકતરને ત્યાં દવાની જ વાત હોય. દુનિયામાં જેમ આ બધી સ્વતંત્ર ઓફિસો છે, તેમ ઉપાધ્યાયજી એક જ વસ્તુના દાક્તર છે. એમની પાસે બીજી આશા કરો તો ભૂલો છો, સગાવહાલા, માલ આદિની આશા રાખો તો ભૂલો છો. તેમની પાસે તો કેવળ જિનેશ્વરના પ્રવચનની આશા રાખો. તે તમને સંભળાવે, યાદ કરાવે તે ઉપાધ્યાયજીનું કામ. ઉપાધ્યાયજી સૂત્ર ભણાવે. આપણે નાના બચ્ચાને કેટલી શીખામણો ગળથૂથીમાં આપીએ છીએ. ૮ વર્ષના છોકરા માટે દશવૈકાલિક બનાવ્યું. તેને લાંબી ગડમથલમાં ન ઉતારતાં સાદી સમજણ માટે ''धम्मो मंगलमुक्किट्ठं '' કહીને ધર્મ એ જ ઉત્કૃષ્ટ મંગળ છે એમ સાનમાં સમજાવી દીધું. માંગલિક કાર્યોની બધા ઈચ્છા રાખે છે, પણ ઉત્કૃષ્ટ મંગળની ચીજ કઈ? તો શાસ્ત્રકારે બહુ જ સંક્ષેપમાં સમજાવ્યું કે ધર્મ. હવે ધર્મની પાટીથી આગળ વધ્યો એટલે એને બીજી પાટી ભણાવી કે ધર્મ એટલે શું? તો કહ્યું કે ''अहिंसा संजमो तवो'' ત્રણ વસ્તુ બને તો ધર્મ થયો સમજવો. આ ત્રણ વસ્તુ કઈ? (૧) હિંસાની નિવૃત્તિ, એટલે અહિંસા. (૨) કષાય, ઈન્દ્રિયો, મન, વચન, કાયા ઉપર કાબૂ એટલે સંયમ. અને (૩) તપસ્યા. આ ત્રણ બને તેનું નામ ધર્મ. આમાં ધર્મનું સ્વરૂપ અને ભેદો જણાવ્યા. હવે તે નાના બચ્ચાને ધર્મનું ફલ જણાવતાં તે છોકરાને ત્રીજી પાટી ગોખાવી, કે ''देवावि तं नमंसंति जस्स धम्मे सया मणो '' - અર્થાત્ ધર્મમાં મનવાળાને દેવતાઓ પણ નમસ્કાર કરે છે. અહીં કેવળજ્ઞાન, અનંત સુખ-વીર્ય પામે તે વાત ન લીધી. આઠ વર્ષના છોકરાને પાટી ગોખાવે છે. જે જેવી રીતે માર્ગે આવી શકે તેમ હોય તેને તેવી રીતે માર્ગે લાવવો. તેને ટૂંકમાં ધર્મનું ફળ સમજાવ્યું કે જેનું મન ધર્મમય હોય છે તેને દેવતાઓ પણ નમસ્કાર કરે છે.

**બાર અંગ ભણાવે તે ઉપાધ્યાય**

ઉપાધ્યાયનું ખરું કામ એ કે સામો માણસ વાત ભૂલી જાય તો પણ તે કંટાળે નહિ, પણ સૂત્રની પાટી એવી આપે કે તેથી લેનારનું

કામ થઈ જાય. મતલબ કે જિનેશ્વરનું શાસન જે મહાપુરુષો પાસેથી યાદ કરાય તેનું નામ ઉપાધ્યાય. ટીકાકાર મહારાજે અહીં येभ्यः કહી પંચમી કેમ મેલી? વિભક્તિના વિચારમાં આગળ વધેલાને ખબર હશે કે અધ્યયનના અધિકારમાં પંચમી ક્યાં વપરાય? વિનયપૂર્વક વૈયાવચ્ચ વંદનાદિ વિધિ જાળવીને વિદ્યા લેવાય, તેમાં ઉપયોગ નિયમપૂર્વક વિદ્યાના ગ્રહણમાં પંચમી વિભક્તિ વપરાય. આ બધી વ્યાખ્યા ચતુરાઈ રૂપ છે કે? સમજુ મનુષ્યો મોઢાની ચાલાકીએ, વચનની ચતુરાઈએ રાજી નહિ થાય, કિંતુ શાસ્ત્રના પુરાવાવાળી વાણીથી જ રાજી થાય. સમજુને જ અહીં સ્થાન છે. જિનેશ્વર ભગવંતોએ, જૈન આચાર્યોએ, જૈન શાસને સ્વાધ્યાય કોને ગણ્યો છે? આચારાંગાદિ ૧૨ અંગો તેનું વાચન પૃચ્છન વગેરે, તેનું નામ સ્વાધ્યાય. આ અંગો જિનેશ્વરોએ નિરૂપણ કરેલા છે, તેથી ૧૨ અંગોનું વાચનાદિ કરવું તે સ્વાધ્યાય. અહીં ઉપાધ્યાયની વાતમાં સ્વાધ્યાયને સંબંધ શો? જે બાર અંગો રૂપ સ્વાધ્યાયનો ઉપદેશ કરે તેનું નામ ઉપાધ્યાય એ વાત જણાવતાં શાસ્ત્રકાર ભગવાન કહે છે કે -

बारसंगो जिणक्खाओ सज्झाओ कहिओ बुहे ।
तं उवइसंति जम्हा उवज्झाया तेण वुच्चंति ।।

આ રીતે શિક્ષણની અપેક્ષાએ ઉપાધ્યાયપણું જણાવ્યું. પણ શિક્ષણ સાથે વર્તનનો પણ કાબૂ રહેવો જોઈએ. સ્વચ્છંદી વર્તનવાળા માટે સ્કૂલ, શાળા કે કોલેજ નથી તેમ ઉપાધ્યાય ની શાળા સ્કૂલ, કૉલેજ તેમાં વર્તન પર કાબૂને અવકાશ છે. તે કાબૂ ક્યો? તે હવે પછી જોઈશું.

# દેશના - ૨૫

## ઉપાધ્યાય પદની વ્યાખ્યા(ચાલુ)

વ્યાખ્યાકાર મહારાજા અભયદેવસૂરીશ્વરજી ઉપાધ્યાય પદની વ્યાખ્યા કરતાં જણાવી ગયા કે જિનેશ્વરનાં વચનોને જે વારંવાર ઉપદેશે ભણાવે યાદ કરાવે તે ઉપાધ્યાય. આ ભણાવવા અને યાદ કરાવવાનો અર્થ શો તે સમજો.

**આચાર્યોનું કામ**

છોકરી ૧૦૦ વર્ષ સુધી રસોઈ થતી માત્ર જોયા જ કરે તો પણ તેને રસોઈ કરતાં નઆવડે. કારણ કે રસોઈ કેમ કરાય તે તે શીખી નથી. બનાવવાની પદ્ધતિ ન શીખી હોય - ન આવડી હોય - ત્યાં સુધી માત્ર જોયું કામ ન લાગે. આથી જિનેશ્વરે ફરમાવ્યું કે મોક્ષ મેળવવો હોય તો એક જ રસ્તો : સમ્યગ્દર્શનાદિ ત્રણનું જ ધ્યેય રાખો. આ રીતે જિનેશ્વરે મોક્ષ મેળવવાની તરકીબ તો બતાવી, પણ એ તરકીબને મેળવવી કેમ? સમ્યગ્દર્શનાદિને મેળવવા ટકાવવા-વધારવા ઊંચી કોટિમાં પહોંચવું કેમ કરી? માટે તો કોઈ સથવારો હોય ત્યારે કામ લાગે. તેથી મોક્ષમાર્ગનો સથવારો કોણ ? જિનેશ્વર તો મોક્ષમાર્ગના ચીંધનારા, પણ રસ્તાનો કોઈ ભોમિયો-ચોકીદાર તો જોઈએ ને? મોક્ષમાર્ગના ભોમિયા - ચોકીદાર કેવળ આચાર્ય. આચાર્ય ભગવંતો મોક્ષમાર્ગના ભોમિયા સમજવા. મોક્ષના માર્ગે ચાલનારને આપત્તિ પડે તો તે દૂર કરવાનાં સાધનો પૂરાં પાડવાનું કામ કંઈ તીર્થંકર ભગવાન

પોતે કરતા નથી. એ તો મોક્ષનો માર્ગ બતાવી ગયા. આ ગામથી પેલા શહેર સુધી સડક જાય છે. નિર્વિઘ્ન જઈ શકાય તેવો રસ્તો તેમણે બતાવ્યો. પણ રસ્તામાં લૂંટાવાના ભયોને ટાળવાનો બંદોબસ્ત ન હોય અને સાધન સામગ્રી મેળવવાની સગવડ ન હોય તો તે સડક પર મુસાફરી થઈ શકે નહિ. અને જિનેશ્વરે તો મોક્ષમાર્ગની સડક કરી દીધી કે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ મોક્ષમાર્ગ છે. છતાં આપણે પ્રયાણ શી રીતે કરવું ? એ રસ્તા ઉપર વળાવિયો જોઈએ., વાહન જોઈએ, સાધન મેળવી આપનાર જોઈએ; એ બધું હોય તો જ એ માર્ગનો ઉપયોગ થઈ શકે. આ બધું કામ આચાર્ય ભગવંતોનું સમજવું.

**આત્મસિદ્ધિનું શિક્ષણ આપે તે ઉપાધ્યાય**

જેમ સડક બાંધનારને પહાડો તોડવા પડે, નદીના પુલ-નાળાં કરવા પડે. જેમ રસ્તો કાઢવામાં મુશ્કેલી છે તેમ મોક્ષમાર્ગને અંગે ત્યાગધર્મ ઉપદેશવો તથા પાળવો તેમાં ઘણી મુશ્કેલી છે. પોતાનો આત્મા જે અત્યાર સુધી નહોતો માનતો તે હવે ત્યાગમાં માનવાવાળો થયો. તો તે અંગેના શિક્ષણની સંસ્થા કોના તાબામાં ? જેમ યુનિવર્સિટી ચાન્સેલરના તાબામાં, તેમાં પ્રોફેસરો શિક્ષણની વ્યવસ્થા કરે, તેમ જૈન શાસનરૂપી રાજ્યની શિક્ષણસંસ્થા ઉપાધ્યાયને આધીન સમજવી. ઉપાધ્યાય શબ્દ બોલીએ છીએ તો આપણે બધાય - આપણામાં नमो उवज्झायाणं એ ત્રીજા પદથી કોઈ અજાણ નથી - પણ એ બોલીએ છીએ કોની માફક ? જેમ સૂડો, ' અચીરે અચીરે રામ ' બોલે તેવું છે. શા માટે નમસ્કાર કરીએ છીએ તેખ્યાલ ન હોય તો શું થાય ? તે માટે જણાવ્યું કે વિધિપૂર્વક તેમની પાસે આવીને જૈન શાસનની વિદ્યા ગ્રહણ કરાય. આ કારીગરની વિદ્યા આપણને અપૂર્વ લાગે છે. સુવર્ણસિદ્ધિ, વિદ્યા સિદ્ધિ, આદિ સાંભળીએ છીએ. પણ આત્મસિદ્ધિની વિદ્યા કોઈ જગો પર મળે તેમ છે ? સુવર્ણસિદ્ધિ અને રત્નસિદ્ધિ તો મળશે, પણ આત્મસિદ્ધિ કોઈ

જગો પર મળવાની નથી. આત્મસિદ્ધિનું શિક્ષણ-જ્ઞાન ઉપાધ્યાયજી પાસે મળશે. વિધિથી રીતસર આત્મસિદ્ધિની ઈચ્છા કરનારને શિક્ષણ જેની પાસેથી મળે તે ઉપાધ્યાય. ઉપાધ્યાયજી આત્માનું ખરું શિક્ષણ આપનાર સમજવા.

**ઉપાધ્યાયની પાસે જવાની શી જરૂરી ?**

કદાચ કોઈ એમ વિચારે કે- ઉપાધ્યાયજીને માનવા, તેમના સત્કાર, સન્માન માટે ઉપાશ્રયે આંટા ખાવા તે કરતાં ઘેર પુસ્તકો વાંચવાં તે શું ખોટું ? ઉપાધ્યાયજી પણ શીખવવાના તો આ જ ને ? પુસ્તકમાં લખેલ સિવાય એ બીજુ શીખવવાના નથી તો ભલો મારો ઓરડો ! પુસ્તકો ઓરડામાં વાંચુ. આ કહેનારા- બોલનારા વિચારે કે જગતમાં સ્કૂલો અમુક વિષયની એકલી ચોપડીઓ નથી ભણાવતી, પણ દુનિયા આખીનું જ્ઞાન સ્કૂલમાં આપે છે. શેઠિયાનો છોકરો ઘેર માસ્તર રાખીને ભણે ને સ્કૂલમાં ભણે તેમાં ફરક ક્યો પડે છે તે તપાસ્યું ? જે ઘેર તૈયાર ન થયેલો હોય પણ સ્કૂલમાં ભણેલો હોય તે છોકરો દુનિયાના વ્યવહારમાં પણ તૈયાર થાય. માસ્તરની જરૂરિયાત બધાએ માની છે. ઓરડો કોને ગમે છે ? એકલું ચોપડીનું શિક્ષણ ન ચાલે. ગુરુની મદદ હોય તો જ બધું ફળે. આ સંબંધમાં એક બીજો દાખલો પણ સમજવા જેવો છે. વાસણમાંનું દૂધ બાળકને તેવી શરીરપુષ્ટિ કરતું નથી જેવું માથું મારીને બાળકે કરેલું સ્તનપાન કરે છે. સ્તનપાનથી બાળકને જે શરીરપુષ્ટિ મળે તે જુદા પાત્રમાં પડેલા દૂધથી ન થાય. તેવી રીતે પુસ્તક પાનાં વાંચી જે જ્ઞાન થાય તે આત્માના ગુણને પુષ્ટ કરનાર ન થાય. વિનય-વિધિપૂર્વક મર્યાદા પૂર્વક ઉપાધ્યાયની પાસે જઈને તેમના મુખથી જે જ્ઞાનપ્રાપ્તિ થાય છે તે પુસ્તક વાંચવામાત્રથી આત્મગુણ પુષ્ટ કરનાર જ્ઞાન ન થાય. ગુણવાન, ચારિત્રવાનના મુખથી સાંભળી જે આત્માને લાભ થાય, તેવો લાભ દુઃશીલના સુભાષિતથી વગર યત્ન મળે તો પણ ન થાય. બીજે યત્નથી મેળવી શકાય તેવા અગ્નિ

શિયાળામાં સ્મશાનમાં વગર યત્ને મળે તો પણ તેનું સેવન ન કરાય. શીલહીનનું વચન પથ્ય હિતકારી છતાં ન સ્વીકારાય. ચારિત્રહીન શ્રુતવાળો હોય તો પણ સત્પુરુષો તેની ગણના ન કરે. આ ઉપરથી ઉપાશ્રયે આંટા મારવા તે કરતાં ઘરના ઓરડામાં ભણી લેવું તેવું વિચારવાવાળાએ જગતમાં શું બની રહ્યું છે તે તરફ જોવું જોઈએ. શું રાજ્યો નિશાળો માસ્તરોના પૈસા ફોગટ ખરચે છે? જો દેશમાં, રાજ્યમાં, પ્રાન્તમાં પુસ્તકની છૂટ છતાં શિક્ષણ-સંસ્થામાં શિક્ષકની વ્યવસ્થા ન હોય તો કેવળ ઉચ્છૃંખલ ટોળા પાકે; દેશના હિતૈષી, રાજ્યના હિતૈષી ના પાકે. તેમ અહીં પણ ઓરડામાં ભણનારા શાસનમાં લૂંટારું પાકે. ઉપાધ્યાય શબ્દમાં उप-अधि-आय અને उपाधि - आय પદો રહેલાં છે. ઉપાધિ એટલે દુનિયાની જંજાળ કે પંચાત. નકામી પંચાતને ઉપાધિ માનીએ છીએ. દુનિયામાં અક્કલ વગરનાને ઉપહાસમાં ' રાજા માણસ' કહેવાય છે. તેમ અન્યત્ર ઉપાધિ શબ્દ ભલે જંજાળ અર્થમાં વપરાતો હોય, પણ અહીં તો આનો ખરો અર્થ 'સમીપે રહેવું, આઘા ન રહેવું' તે છે. ઉત્તમ પુરુષની નીકટમાં રહેવું તે ઉપાધિ. કોઈને આ નવું જ લાગશે. આ અર્થ કોઈ દિવસ ધ્યાનમાં નહિ આવ્યો હોય. સન્નિધિ શબ્દ વિષે ભાવમાં कि પ્રત્યય કરી અર્થ કરે છે કે નિકટતા, નજીકતા. કેટલાક પદાર્થો એવા છે કે તેની વાધરે નજીક રહે અર્થાત્ એથી દૂર ન રહે તો જ ફાયદો કરે. અગ્નિથી હાંલ્લી દૂર રાખીએ તો રંધાય નહિ. હાંલ્લી વગર અગ્નિમાં ખોરાક નાખીએ તો બળી જાય. દૂર રાખ્યાથી કે ભેળસેળ કર્યાથી અગ્નિ રસોઈનું કામ નહિ કરે, તેમ જિનાજ્ઞા અને જિનપ્રવચન માટે ઉપાધ્યાયજીની સમીપ રહીએ તો જ મોક્ષમાર્ગ સાચી રીતે સમજાય.

**ઉપાધ્યાયની પાસે શ્રુતજ્ઞાનનો લાભ થાય**

' उप શબ્દ समीपता ' નજીકપણું નિકટપણું સૂચવે છે. 'आयः '

આય શબ્દ લાભાર્થે છે માટે તેમનો લાભ, તેમનાથી જ લાભ, તેમના વડે જ લાભ સમજવો. (અહીં ષષ્ઠી, પંચમી, તૃતીયા ત્રણ વિભક્તિથી સમાસ થાય છે આથી ત્રણ પ્રકાર જણાવ્યા છે.) જેવી રીતે ઝવેરીને ઘેર પાણી ભરવા રહેલો મનુષ્ય કે ચોકસીને ત્યાં રહેલ મનુષ્ય ઝવેરાત સોના ચાંદીમાં સંપૂર્ણ નહીં બને પણ કંઈક તો જરૂર સમજશે, પરિણતિ તો ચોકસી ને ઝવેરીની થોડી ઘણી જરૂર લેશે, તેવી રીતે ઉપાધ્યાયજી પાસે રહેનારો સાધુ જરૂર શ્રુતજ્ઞાનનો લાભ મેળવશે. પાસે બેસવાથી જ લાભ. કદાચ શાસ્ત્ર ન શીખી શકીએ, ન ભણી શકીએ તો પણ નજીકપણાથી લાભ જ છે.

**માસતુષ મુનિનું દૃષ્ટાંત**

માસુતષ મુનિની વાત તમે સાંભળેલી છે. આ મુનિને ' करेमि भंते' જેવડું નાનું સૂત્ર પણ નથી આવડતું. ઉપાધ્યાયજીએ તેને કહ્યું: 'मा रुष मा तुष ' તું કોપાયમાન થઈશ નહિ, તું તુષ્ટમાન થઈ શ નહિ ' આ બે વાક્ય તું આત્માને સમજાવ, ભણ-ગોખ. આ અભણ મુનિ ઉપાધ્યાયજી પાસે હતો. તે મુનિને આવાં બે વાક્યો ઉપાધ્યાયજીએ આપ્યાં. જો એ પુસ્તક લઈને બેઠો હોત તો પુસ્તક એને શું આપતે? ઉપાધ્યાયજીના સંસર્ગે તે મુનિની બુદ્ધિ પરિણમેલી છે. છોકરાઓ હાંસી કરે તો પણ સમતા ખસતી નથી. मा रुष मा तुष ની જગો પર સાચો શબ્દ ભૂલી જવાથી તે ' માસતુષ' બોલે છે. તેથી છોકરાઓએ તે મુનિનું નામ 'માસતુષ' પાડ્યું. સાચો શબ્દ ભોળા મુનિ ભૂલી જાય છે. અરે, છેવટે ભૂલથી ગોખતો માસતુષ શબ્દ પણ એનાથી ભૂલી જવાય છે. પણ એ ઉપાધ્યાયજી પાસે છે એટલે પોતે શબ્દજ્ઞાનમાં ભલે મૂર્ખ હતા પણ પરિણતિમાં સાવચેત હોવાથી પોતે બાંધેલા જ્ઞાનાવરણીય કર્મની નિંદા કરે છે. અને જ્ઞાનીનું બહુમાન કરતાં અને ગુણનું બહુમાન કરતાં તે મુનિશ્રી છેવટે કેવળજ્ઞાન પામે છે. ઉપાધ્યાયજીનું પડખું પણ શ્રુતજ્ઞાન

આપી કલ્યાણ કરે છે, તેઓનું પડખું પણ લાભદાયક છે એ આ વાતનો સાર છે. ઉપાધિ - પડખું સેવવું; આય એટલે લાભદાયી. શ્રુતજ્ઞાન તેમના દ્વારા જ મળે છે. ટીકાકાર આ વાત કહેતાં કહે છે કે 'अथवा उपाधानम् - उपाधिः सन्निधिस्तेनोपाधिना, उपाधौ वा आयो लाभः श्रुतस्य येषाम् ।' અર્થાત્ જેમની નિકટમાં રહેવાથી શ્રુતજ્ઞાનનો લાભ થાય તે ઉપાધ્યાય.

**શ્રદ્ધારૂપી ચક્ષુશુદ્ધિની જરૂર**

જેવડું લાકડાનું બીબું, તેવડું જ ખાંડનું રમકડું બને, તેમ ઉપાધ્યાયજીનાં જેટલાં પાસાં સેવે તેટલો જ લાભ મળે - અર્થાત્ વધારે પડખાથી વધારે લાભ, ઓછાથી ઓછો લાભ તેમ નથી. દેશોનક્રોડ પડખા સેવનારા રખડી જાય ને કાચી બે ઘડી પડખા સેવનારો કામ કાઢી જાય છે. વળી અગ્નિ તીવ્ર તો પાક તીવ્ર; તાપ ઓછો તો પાક પણ ઓછો એ ખરું, પણ જૈન શાસન તેમ નથી કહેતું. આરાધના ભલે કરે, પણ મોક્ષ મેળવવારૂપ કાર્યસિદ્ધિ ન થાય, તેથી પડખા સાથે કલ્યાણની સરખાવટ કરવી પડે, તે ન પાલવે. ખરી રીતે જે પડખું સેવનારમાં શ્રદ્ધારૂપી મનઃશુદ્ધિ હોય તેને જ પ્રાપ્ત જ્ઞાનનો પૂરેપૂરો લાભ થાય. અજવાળું હોવું જોઈએ એ ખરું, પણ જોર તો આંખનું જ જોઈએ. આંખ મોતિયા કે ફૂલાવાળી હોય તો અજવાળું બિચારું શું કરે? જોવાની તાકાત જોઈએ. એકલા અજવાળા ઉપર આધાર નથી.

**સર્ટિફિકેટની જરૂર**

ઉપરની વ્યાખ્યામાં उपाधौ आयः એમ સપ્તમી વિભક્તિ કરી તે સતિ સપ્તમી અથવા આધારમાં સપ્તમી સમજવી. उपाधौ-सन्निद्धौ आयो लाभः સમીપ છતે શ્રુતજ્ઞાનનો લાભ, અથવા સમીપ રહેવામાં શ્રુતજ્ઞાનનો લાભ. લાભ થયા છતાં. જેમ જગતમાં કાયદાની ચોપડી વાંચી ગયા છતાં વગર સર્ટિફિકેટે કોઈ પણ કોર્ટમાં તેને ઊભો ન રાખે,

પણ સર્ટિફિકેટ મળ્યું હોય તો ઊભો રાખે તેમ, ભવ્ય જીવોમાં તે તે પદવીઓનું સર્ટિફિકેટ મળે તો જ જૈન શાસનમાં કામ લાગે. આ સર્ટિફિકેટ દેવાનો હક્ક આચાર્યો અને ઉપાધ્યાયોને છે. તે સિવાય જેમણે સર્ટિફિકેટ લીધેલાં હોય તે બનાવટી, શાસનના ચોર છે. યુનિવર્સીટીને સર્ટિફિકેટ દેવાનો હક્ક છે. તે સિવાયનાં સર્ટિફિકેટો રજુ કરનાર શિક્ષાને પાત્ર બને છે. પણ આ બધું ક્યારે ? પદવીની ભાંજગડ કરી ત્યારે ને ? જેમ કુલહીન બાઈ હોય, એકલી હોય તેને એમ જ લાગે કે છોકરાં હોય ત્યારે ઘોડિયાની ઉપાધિ, ધણી હોય તો ચૂડલાની ઉપાધિ, તેથી લગ્ન કરવા નહીં. આમ કુલહીનોને લગ્નની મર્યાદા ઉપાધિમય, ઉપાધિરૂપ ભાસે છે, જ્યારે કુલવતીઓને તેમાં શણગાર, શોભા, કુલીનપણું લાગે છે, તેમ શાસનની વિધિમાં, પદવીમાં શું હતું ? - એવો શબ્દ કુળવાનના મોઢામાં ન હોય. યુનિવર્સીટીના સર્ટિફિકેટની કિંમત શિક્ષણ પામેલાને હોય, પણ ભીલ, કોળીની આગળ એની કિંમત ન હોય. તેથી દુનિયા શિક્ષિત અશિક્ષિત બન્ને સરખા ગણવા તૈયાર નથી. શાસનની બહારવાળાને આચાર્ય ઉપાધ્યાયની પદવીની ભલે કિંમત ન હોય, પણ શાસનભક્તોને અને વફાદારોને એની કિંમત જરૂર હોય છે. જે કોઈ શાસ્ત્રીય પદવીઓ છે તે આપવા માટે ઉપાધ્યાયજી હક્કદાર છે. ઉપાધ્યાય શબ્દનો ત્રીજો અર્થ હવે પછી જોઈશું.

# દેશના - ૨૬

## ઉપાધ્યાય પદની વ્યાખ્યાની પૂર્ણાહૂતિ

ટીકાકાર ભગવાન અભયદેવસૂરીશ્વરજી મહારાજે ભગવતીજીની ટીકા કરતાં મંગળાચરણ તરીકે પંચપરમેષ્ઠીને નમસ્કાર કર્યો હતો. એટલે તે પદોની વ્યાખ્યા કરતાં ત્રણ પદોની વ્યાખ્યા કરી ગયા. તેમાં અરિહંતે માર્ગ દેખાડ્યો, સિદ્ધ એટલે આપણું લક્ષબિંદુ, પરંતુ એ માર્ગે ચલાવનાર બીજા કોઈ જોઈએ. સડક બાંધી ગયા તેટલામાત્રથી મુસાફર લાભ ન લઈ શકે. ભલે તે ધોરી રસ્તો હોય, પણ કૂવા, વાવ વગેરે ન હોય, પહેરો વગેરે ન હોય, અને અનિષ્ટ નિવારનારાં સાધનો ન હોય તો, ચાહે જેવો મોટો રસ્તો હોય તો પણ તેનો ઉપયોગ મુસાફર ન કરી શકે. ધર્મમાર્ગમાં આ બધું કામ સંભાળે તે આચાર્ય. જિનેશ્વરે લોકોત્તર સુંદર માર્ગ બતાવ્યો. અન્ય દર્શનકારો પોતપોતાના નામવાળા મત ફેલાવ્યા : બુદ્ધ, વિષ્ણુ, શિવ, મહમ્મદ વગેરેના બૌદ્ધ, વૈષ્ણવ, શૈવ, ઈસ્લામ નામે મતો થયા. પણ તે તો વ્યક્તિ વ્યક્તિના મતો થયા. જ્યારે જૈન મત તો જગતનો મત છે. બીજા બીજા મતોમાં વિષ્ણુ વગેરેની આરાધના જણાવી તેમ આ મતમાં નથી. આમાં કેવળ ઋષભદેવ કે મહાવીરની આરાધના નહીં પણ ત્રણે કાળના જિનેશ્વરની આરાધના કહી છે, એ જ એનું લોકોત્તરપણું સમજવું. વળી મહાવીરદર્શન, ઋષભદર્શન એવું આ દર્શનનું નામ નથી પણ જૈન દર્શન એવું નામ છે.

## આત્મશત્રુને જીતે તે જૈન

બીજી વાત જૈનોને ગળથૂથીમાં આ ધ્યેય નંખાય છે. જિન શબ્દથી શું લેવાનું ? જીતનાર, જીતનારી પ્રજા, કોને જીતનારી? અંતરંગ શત્રુને જીતનારી. આ જીવ બાહ્ય શત્રુને અનંતી વખત જીતી આવ્યો, પણ અમુક ટાઈમ જીત પછી અમુક ટાઈમ હાર, એમ હાર-જીતનો ક્રમ ચાલ્યા કર્યો. પણ તેથી જીતનું નિયમિતપણું કે સુનિશ્ચતપણું થતું નથી. અભ્યંતર આત્મશત્રુની સર્વ કાળને માટે જીત, આ ગળથૂથી જૈન બચ્ચાની છે. શબ્દ ક્યો રાખ્યો ? રાગાદિક શત્રુને સર્વદા માટે જીતે તે જિન. અને ધ્યેય તરીકે કોઈ પણ ખાસ વ્યક્તિ નહીં, પણ કેવળ આત્મીય ગુણ એજ એમાં ધ્યેય રાખ્યું છે.

## આચાર્ય ઈષ્ટ બતાવે અને અનિષ્ટ નિવારે

ઉપર કહ્યું તેમ જિનેશ્વર ભગવાને માર્ગ તો દર્શાવ્યો પણ જેમ સડક ચાહે જેવી મોટી, કાંકરા વગરની હોય, પણ પાણીની છાંયડાની સગવડ જો ન હોય, ચોકી પહેરાની સગવડ ન હોય,તો તેવા માર્ગે જવા કોઈ તૈયાર ન થાય. તેમ જિનેશ્વરે માર્ગ દર્શાવ્યો પણ તેમાં ઈષ્ટની પ્રાપ્તિ, અનિષ્ટનું નિવારણ કરનાર ન હોય ત્યાં સુધી એકલો માર્ગ કામ ન આવે. માટે ત્રીજા પરમેષ્ઠી તરીકે આચાર્ય ભગવંતને નમસ્કાર કર્યો. આચાર્યો ઈષ્ટ બતાવનાર, અનિષ્ટ નિવારણ કરનાર છે.

**શંકા:** ધાનના ધનેડા ને પાણીના પોરા સરખા, ચામડાની કોથળીમાં રહેલા શરીરધારી આચાર્ય છે તેવાને પરમેષ્ઠીમાં દાખલ કર્યા, તે બરાબર છે ખરું ?

સમાધાન : અમે આચાર્યને જે પરમેષ્ઠી પદે સ્થાપીએ છીએ તે એટલા માટે કે જિનેશ્વરે થાપેલા માર્ગમાં મુસાફરોને ઈષ્ટની પ્રાપ્તિ, અનિષ્ટનું નિવારણ કરવું તે ફરજ આચાર્યો હંમેશાં બજાવે છે. જળાશયો, વૃક્ષો, વિસામા ને પોલીસ ચોકીથી માર્ગ શોભે છે. જેમ જળાશય બાંધનાર, ચોકી કરનાર ઉપકારી છે, તેમ તેઓ ઉપકારી છે.

કિન્તુ તેઓ નિરંજન નિરાકાર તો નથી જ. આચાર્યો થાય તેથી તે ઉપકારી છે. ગણધર ભગવંતો સુધ્ધાં આચાર્યને નમે છે. ઉત્કૃષ્ટ બુદ્ધિના નિધાન, શ્રુતના સમુદ્ર એવા ગણધર મહારાજ ત્રણ પદ ઉપરથી દ્વાદશાંગી વગેરે રચે છે. વળી પર્ષદામાં કેવળીઓ પણ ગણધરની પૂંઠે બેસે છે, ''नमो तित्थस्स'' કહે છે. વિચારો, ગણધરનું પદ કેટલું ઊંચું છે? આટલું ઊચું પદ ધરાવનાર અને ઉત્કૃષ્ટ બુદ્ધિના નિધાન તેવા ગણધરો પણ જેમને नमो आयरियाणं કહીને નમસ્કાર કરે તે પરમેષ્ઠીમાં દાખલ થાય તેમાં શું ખોટું?

**શાસનને ચલાવવાનું કામ આચાર્યનું**

એક લૌકિક દૃષ્ટાંત સાંભળો : શેઠ પોતે મોટા અને સત્તાવાન ખરા, પણ શેઠનું જીવન મજુરો. મજુરો ન હોય તો? મજુરો અસહકાર કરે કે શેઠનું કામ ન કરવું, તો કોણ થાકે? મજુરો જાર બાજરાથી ચલાવી લે, બે દાહાડા ભૂખ્યા પણ રહે, પણ શેઠ શું કરે? ભલે ભાગ્યને અંગે શેઠિયા ચઢિયાતા, પણ પ્રવૃત્તિને અંગે તો મજુર વર્ગ જ ચઢિયાતો રહેવાનો. આ દૃષ્ટાંતો એકદેશીય છતાં ઉપયોગી છે. તીર્થ ચાહે જેવડું મોટું થાય પણ છેડા સુધી ચલાવનાર કોણ? આચાર્યો ગણધર મહારાજા એકલાથી શાસન આગળ ચાલવાનું નથી. લાખો સાગરોપમ - લાખો વર્ષો સુધી શાસન ચાલવાનું તે આચાર્યોના પ્રભાવથી. ગણધરો મોક્ષે જવાના હોવાથી તેઓ તો શાસન આગળ ચલાવી શકે નહિ. અનેક ગણધરોમાંથી શાસન ચલાવવા કોઈ શાસનના છેડા સુધી રહી શકતા નથી. ગણધર ભગવંતો પછી આ શાસન ચલાવીને જગતના ઉદ્ધારનો માર્ગ ચાલુ રાખવો તે આચાર્ય મહારાજનું જ કામ છે. આ વિશિષ્ટ ગુણની અપેક્ષાએ ત્રીજા પદથી તેમને નમસ્કાર કર્યા છે.

આચાર્ય મહારાજ ' નમો દંસણસ્સ' કહે તો શ્રેણિકાદિને પણ નમસ્કાર થયો કે નહિ? અવિરતિને નમસ્કરા થયો કે નહિ? પણ એમ નથી. કારણ કે અહીં કેવળ ગુણને જ નમસ્કાર કર્યો છે, વ્યક્તિને નહીં.

માણસ ભલે અવિરતિ હોય, પણ હંસ-નીર-ક્ષીર-ન્યાયે તેમાં રહેલા દર્શનગુણને નમસ્કાર કરવામાં કોઈ જાતની અડચણ નથી. તેમ ગણધર સરખા ઊંચામાં ઊંચા દરજ્જે રહેલાને પણ આચાર્યોને નમસ્કાર કરવામાં અડચણ નથી. આ રીતે મોક્ષમાર્ગમાં જ્ઞાનાદિક ઈષ્ટની પ્રાપ્તિ, પાપસ્થાનકોરૂપી અનિષ્ટનું નિવારણ કરનાર, સારણાદિક કરનાર એવા આચાર્ય ભગવંતને ત્રીજા પદમાં નમસ્કાર કર્યો.

**પ્રમાણ વગેરે પૂર્વકના સિદ્ધાંતની જરૂર**

જો કોઈ પણ દર્શનમાં સિદ્ધાન્ત ન હોય તો તેનું શાસન લાંબું ન ટકે. સિદ્ધાંત વગરનું શાસન પ્રવૃત્તિમાત્રથી ટકે નહિ. માટે ન્યાયશાસ્ત્રકારે નિયમ કર્યો છે કે પોતાના સિદ્ધાંત અંગે કોઈ પણ જાતનું મંતવ્ય સ્થાપવામાં ન આવે, અને કેવળ 'હું કહું તે માની લો, તમે કરો તે ખોટું' એવો મમત રાખવામાં આવે તો તે તો માત્ર વિતંડાવાદ જ ગણાય. એથી કશો ભલીવાર ન વળે. એટલે કે જે પક્ષ પુરાવાપૂર્વક પોતાનો સિદ્ધાન્ત સ્થાપન કરે, તેમ સ્થાપન કરવાપૂર્વક બોલે તે પક્ષ વ્યવસ્થિત પક્ષ કહેવાય. જેમાં પ્રમાણ, હેતુ સાબિતી ન હોય તે પક્ષ ન કહેવાય. ' બોલ, મારો સિદ્ધાન્ત કબૂલ કર, નહીંતર તરવાર નીચે આવ !' - આમાં ન્યાયનો સિદ્ધાંત ક્યો ? આમાં સત્યપણું કે પ્રમાણ ક્યું રહ્યું ? પ્રમાણથી જણાવો તો ન્યાય કહેવાય. અહીં ઈષ્ટની લાલચ આપો તેથી ભવ્યો દોરાય નહીં, કારણ કે એમાં સિદ્ધાંત એકે નથી. અને જેના દર્શનમાં સિદ્ધાંત ન હોય તેને અક્કલવાળા માની શકે નહિં. અક્કલવાળા તો સિદ્ધાંત અને તેની નિર્દોષતા હોય તો જ એ માર્ગ સ્વીકારે. અને જૈન શાસનમાં તો સિદ્ધાંત અને તેની નિર્દોષતા બન્ને છે.

**જૈન શાસનના શિક્ષક તે ઉપાધ્યાય**

જેમ દુનિયામાં શિક્ષણ ચોક્કસ થયેલું હોય તો તેનો શિક્ષકો અને શાળા દ્વારા પ્રચાર થાય છે, તેમ જૈન સિદ્ધાંતનો પ્રચાર પણ શાળા દ્વારા થાય છે. પણ આવું શિક્ષણ કોણ આપે ? શિક્ષક ન હોય તેવી

શાળામાં કોણ બેસે ? સિદ્ધાંત અને શાળા હોય તે છતાં જો શિક્ષકો ન હોય તો તે શાળા શિક્ષણનું કાર્ય કરનાર ન બની શકે. એટલે જૈન સિદ્ધાંતના શિક્ષક ઉપાધ્યાય હોવાથી ગણધરો नमो उवज्झायाणं બોલે છે. ગણધરો તીર્થંકરની જમણી ભુજા, તે પણ ઉપાધ્યાયને નમસ્કાર કરે છે. યુનિવર્સિટીના અધિકારી કે માલિક રાજાને માટે પણ માનપાત્ર બને છે. એટલે જૈન શાસનની યુનિવર્સિટીના દોરનાર ઉપાધ્યાય ભગવંત છે તેથી તેઓને નમસ્કાર કર્યો. ઉપાધ્યાયજી સિવાય કોઈ જૈન શાસન શીખવતા નથી. વાત ખરી, પરંતુ અક્કલવાળો આંકડામાંથી અક્કલ લે. અક્કલ વગરનો પંડિતના પડખે પડેલા પથ્થર જેવો રહે. ઉપાધ્યાય પાસેથી-જે શાસ્ત્રો મળે તે જાણનારમાં અક્કલ હોય તો લે, એટલે મુખ્ય તો અક્કલનો પ્રભાવ; તેમાં ઉપાધ્યાયનો આટલો મોટો શો ઉપકાર ગણાય ? આનો ખુલાસો એ સમજવો કે જૈન શાસનની અક્કલ બીજે થી નથી મળવાની. જૈન શાસનનો સિદ્ધાંત કેવળ ઉપાધ્યાયજી પાસે મળવાનો, તેથી ઉપાધ્યાયની સેવા અને તેમનું પડખું સેવવું તે જ લાભ દેનાર છે. કલ્પવૃક્ષ પાસેથી ભાગ્યશાળીને ફળ મળે ખરું, પણ કોના પ્રતાપે ? કલ્પવૃક્ષના પ્રતાપે ભાગ્ય ફળ્યું. તેમ અક્કલવાળા હોય છતાં જૈન શાસનનું તત્ત્વજ્ઞાન કે એનો સિદ્ધાંત તો ઉપાધ્યાય પાસેથી જ મેળવી શકે. ઉપાધ્યાયનું પડખું, તે જ લાભદાયી નિવડે.

**લાભ લેવા માટે પ્રયત્નની જરૂર**

ગંગા નદીમાં બારે માસ પુષ્કળ પાણી રહે છે, અને જે કોઈ પ્રાણી કે મનુષ્ય એમાંથી પાણી પીવા પ્રયત્ન કરે તે પોતાની તૃષા છીપાવે છે. તેમાં ગાય પાણી પીને આવે અને એની સાથેનું વાછરડું તરસ્યું આવે એમ પણ બને. કારણ કે અહીં ગંગાના પાણી માત્રથી કંઈ કોઈની તૃષા દૂર થતી નથી. એ માટે તો પાણી પીવાની ક્રિયા કરવી પડે. આવી ક્રિયા ન કરે તો ગાયની તૃષા દૂર થવા છતાં તેની સાથેનું વાછરડું તરસ્યું રહી જાય તો તેમાં નવાઈ પામવા જેવું નથી. આનો અર્થ એ

થયો કે પાણી હોય છતાં પાણી પીવાનો જે પ્રયત્ન કરે તેની જ તૃષા દૂર થાય. ઉપાધ્યાયજી પાસેથી સિદ્ધાંતનું જ્ઞાન મેળવા માટે પણ આ સ્થિતિ જ સમજવી. ઉપાધ્યાયજી તો જ્ઞાનના દરિયા જેવા હોય, પણ જ્ઞાન મેળવવાની ઈચ્છાવાળાને એમની પાસે જવા માત્રથી કંઈ જ્ઞાનનો લાભ ન થઈ જાય. એ માટે તો એણે એમની સેવા કરવી જોઈએ, અને એમનું પડખું ભાવથી સેવવું જોઈએ. અન્યથા તળાવે જઈને પણ તરસ્યા પાછા આવવા જેવું જ બને. અને જેમને ઉપાધ્યાય પાસેથી જ્ઞાન કે અક્કલ મળે તેમને એ માટેનાં પ્રમાણપત્રો(સર્ટિફિકેટો) પણ મળે જ. ગણી, પંન્યાસ, ઉપાધ્યાય, આચાર્ય વગેરે પદવીઓ અને જિનકલ્પી, પ્રતિમાકલ્પી, સ્થવીરકલ્પી, પારિહારિક, વસતીકલ્પી (ઉતારો કરવા માટે ઉપાશ્રય વગેરે રહેઠાણની તપાસ કરનાર અધિકારી) વગેરે અધિકારો આવાં પ્રમાણપત્રો જ સમજવાં. ઓનરરી માજિસ્ટ્રેટ હોય તેની સહી કામ લાગે, સરકાર તરફથી નિમાયેલા પ્રામાણિક માણસની સાક્ષી કામ લાગે, તેમ ઉપાધ્યાય સમજવા. ભક્તકલ્પી (આચારાંગ સૂત્રના યોગ કરેલા) હોય તેની સાક્ષીથી લીધેલાં ગોચરી પાણી કામ લાગે. જોગમાં વસ્તીથી ૧૦૦ ડગલાં ઉપર ગયો તો દહાડો પડ્યો. ઓનરરી માજિસ્ટ્રેટની સહી વિના બહારગામનું લખત કોર્ટ મંજુર ન કરે. ઓનરરી માજિસ્ટ્રેટની સહીવાળું લખત કબૂલ થાય. એમ ઉપાધ્યાયજીની સંસ્થા પોતે સિદ્ધાંત ભણાવી બેસી રહેતી નથી. શાસન માટે ઓનરરી માજિસ્ટ્રેટ નીમી દે છે. પિંડકલ્પી, વસ્તીકલ્પી, વિહારકલ્પી વગેરે શાસનના માજીસ્ટ્રેટ જેવા છે. આ રીતે એકલું જ્ઞાન નહીં પણ પદવીઓ, વિશેષણો પણ જેમની પાસેથી મળે છે,એવા ઉપાધ્યાય સમજવા.

**ઉપાધ્યાયજી પાસે ઈષ્ટ ફળોનો સમુદાય મળે**

વિર્શેષણો મળ્યાં, ચડિયાતા ગણાયા, પણ તેમાં સાધુઓનું વળ્યું શું ? તો કહે છે કે ઉપાધ્યાયજીની નજીકતા પડખું તે જ ભાગ્યનો

ભંડાર, તેથી જ દરેક જાતનો લાભ મળી રહે. આ વાત જણાવતાં ટીકાકાર મહારાજ કહે છે કે उपाधिरेव सन्निधिरेव, आयम्-इष्टफलं दैवजनितत्त्वेन, आयाना-मिष्टफलानां समूहस्तदेकहेतुत्वाद येषाम्- મતલબ કે - એમનું પડખું સેવવા માત્રથી ભાગ્ય ખૂલી જાય છે - ઈષ્ટ ફલની સિદ્ધિ થઈ જાય છે. કેટલીક વખત એવું હોય છે કે એક ઈષ્ટ થાય તે કરતાં અનિષ્ટ સારું. આમ કેમ? જુઓ, તાવ મટ્યો નહીં ને ખાવાનું મળ્યું. કહો, અહીં શું થાય? કાંતો ખાવાનું ફેંકી દેવું પડે, અને જો ખાય તો તાવને નોતરું દેવું પડે. અનિષ્ટ ખસ્યા સિવાયનું ફળ તે અનિષ્ટને જ નોતરું, પણ અહીં તેવું નથી. અહીં તો અનિષ્ટ કદાચ ન ખસ્યું હોય તો પણ ઈષ્ટ જ ફળ આપે. અનિષ્ટોને પણ દૂર કરે માટે સર્વ પ્રકારના ઈષ્ટ ફળોનો સમુદાય તે ઉપાધ્યાયજીનું પડખું.

**સારાની સોબતના ફળનું એક દષ્ટાંત**

એક શેઠ ઘણા જ ધર્મિષ્ઠ, પણ તેનો છોકરો અંગારા પાછળ કોયલાની જેમ બધી વાતે પૂરો, લુચ્ચો, લબાડ પાક્યો. પોતાની છેલ્લી અવસ્થામાં શેઠને વિચાર થયો કે નીતિશાસ્ત્રમાં છોકરાને બાપની મિલકત, આબરૂ અને ઘરનો રખેવાળ કહ્યો છે, પરંતુ તે ત્રણમાંથી એકેનું રક્ષણ આ મારો છોકરો કરે તેમ લાગતું નથી. જે ધર્મી ન હોય તેને લુચ્ચાઈ, લફંગાઈ, બદમાસીમાં અંકુશ ન હોય. આવો છોકરો ઘર વગેરેનું રક્ષણ ન કરી શકે. આબરૂ વગેરેના રક્ષણ કરવા માટે પણ ધર્મની જરૂર છે. વળી એની પોતાની જાતનું પણ આ છોકરો રક્ષણ કરી શકે તેમ નથી. એક તરફ હું મરવા સૂતો, અને બીજી તરફ આ છોકરાની આ દશા! હવે શું કરવું? છોકરાને કહેવા લાગ્યા કે - દીકરા ! હવે હું મરવા સૂતો છું. આખી જિંદગી તને પાળ્યો, પોષ્યો. હવે છેલ્લી ઘડીએ મારું એક વચન તો માન! મરતાના મોઢાની વાત ના કબૂલ કરવા કોઈ તૈયાર ન હોય. નઠોર છતાં સમજુ છોકરો કહે, બાપાજી, કહો તેમ કરીશ. બાપ બોલ્યા - બીજુ કંઈ નહીં, રોજ ફલાણા શેઠને ત્યાં એક

વખત તારે મોં દેખાડી આવવું. છોકરે કબૂલ કર્યું. શીખામણ આપીને એ શેઠ તો સ્વર્ગવાસી થયા. હવે એ છોકરો પેલા શેઠને ત્યાં જવા માંડ્યો. પણ પેલા શેઠના છોકરાઓએ પોતાના બાપને કહ્યું કે આવો હલકો માણસ રોજ પોતાને ઘેર આવે તે ન પાલવે. આવો લુચ્ચો, બદમાસ આપણે ઘેર આવે તેથી જરૂર હાનિ થાય. ''અધૂરા ઉતાવળા થાય'' એ ન્યાયે છોકરા તો આથી અકળાઈ ગયા. પણ શેઠે કહ્યું કે કેમ આવે છે તે આપણે જાણતા નથી, તે જાણ્યા વગર પ્રતીકાર ન કરાય. વાણિયો મગનું નામ ન પાડે અને લીલા લીલા કહ્યા કરે. તેનું કારણ એ કે પાદશાહ શા હેતુથી પૂછે છે તે મુદ્દો ન જણાય ત્યાં સુધી ઉત્તર આપવાનો નહી. તેથી આમાં પણ આપણે અંદરનો મુદ્દો જાણ્યા વગર કશું કરવું યોગ્ય ન ગણાય. છતાં દીકરાઓને સંતોષ ન થયો એટલે છેવટે બાપે કહ્યું તમને અહીંથી કંઈ ઉઠાવી જવાનો ડર રહેતો હોય તો હું જ્યાં બેસું છું ત્યાં પૈસાદિક ન રાખવા, પછી ઉઠાવી લઈ જવાનો ડર ખરો ? વળી સ્ત્રીઓ કે બાળકોએ પણ એ આવે ત્યારે અહીં ન બેસવું, પછી બદમાસીનો ડર ખરો ? છોકરાઓને આમ ચુપ કર્યા. થોડા દિવસો આમ પસાર થયા ત્યાં ફરી છોકરાઓએ પૂછ્યું કે બાપાજી ! તે છોકરો આવીને રોજ બે મિનિટ બેસીને તરત ચાલી જાય છે તેનું રહસ્ય શું ? પિતાજી કહે- દીકરાઓ, ભવિષ્યમાં કારણ સમજાવીશ. મારું કહેવું માનવામાં આવે તો માનજો. પેલા લુચ્ચા છોકરાને પૂછયું તો તેણે કહ્યું કે હું કેમ આવું છું તે સાંભળો ! હું લુચ્ચો, લબાડ પૂરો છું, એ સ્થિતિમાં મરતી વખતે મારા બાપે એક વાત કહી કે મારું આટલું કહેવું માનજે. મેં હા કહી. અને ત્યારથી દંરરોજ તમારે ત્યાં બે મિનિટ મોં દેખાડવા આવું છું. એ નઠારા છોકરાનો આ ખુલાસો સાંભળીને શેઠે પોતાના દીકરાઓને કહ્યું : ' દીકરાઓ ! આમ કરીને આ લુચ્ચા છોકરાના બાપે મારા ઉપર જોખમદારી નાખી અને એવી મૂંગી ભલામણ કરી કે - આનું ભવિષ્ય હું પોતે ન સુધારી શક્યો, પણ શેઠ! તમે આનું ભવિષ્ય

સુધારશો ! ' શેઠે ધીમે ધીમે તે છોકરાને એવો કેળવ્યો કે તેનું ભાવી ઉજ્જવળ થયું. આ ફળ કોનું? કહો, સારાના પડખાનું, સારાની સોબતનું.

**નમસ્કારની જરૂર**

ધર્મિષ્ઠનું પડખું એ જિંદગી સુધારનાર બને તેમ ઉપાધ્યાયજીનું પડખું ઈષ્ટ ફળનો ઢગલો કરે છે. સેવા કરવી અને ફળ લેવું તેમાં વળી નમસ્કાર શા ? ગાયની સેવા કરવી, ગાયને પોષવી ને બદલામાં દૂધ લેવું ત્યાં નમસ્કારનું શું કામ? જે રીતે ફળદાયી થાય તે રીતે ગાયને કેળવવી એ ખરું, પણ એને માથાં નમાવવાની શી જરૂર? ગાય, બળદ, ઘોડાને કોઈ માથું નથી નમાવતા છતાં તે ફળ આપે છે. તેમ ઉપાધ્યાય પાસેથી અક્કલ લેવી ને આપણું કાર્ય સાધવું, આટલેથી બસ. એટલે પછી એમને નમસ્કાર - વંદનની જરૂર જ ક્યાં રહી? જરા સમજો, વિનય વિના વિદ્યા ગુણ કરે જ નહીં. નમસ્કાર એ આત્મિક વિનયમાં છે, જ્ઞાન પ્રાપ્ત થાય કે ન થાય તો પણ નમસ્કાર આ ભવ અને પરભવ બન્ને માટે લાભદાયી જ છે, માટે નમસ્કાર કરવો જ જોઈએ.

**આધિ ને દૂર કરે તે ઉપાધ્યાય**

આખું શરીર નીરોગી, માત્ર અંગૂઠો પાકે ચડ્યો, શરીરના ૧૦૦ મે ભાગે અંગૂઠો ગણાય; તેટલામાં પાક હોવાથી માત્ર શરીરનાં ૧૦૦મા ભાગમાં પાક છે, અને બાકીના ૯૯ ભાગમાં તો શાન્તિ છે. છતાં એવે વખતે તમને શાન્તિ રહે છે ખરી? આવા વખતે આત્મા શાથી ઘેરાય છે? ૯૯ ભાગની શાંતિથી કે એક ભાગની અશાન્તિથી? ૯૯ ટકા જેટલી શાન્તિની સામે ૧ ટકો અશાંતિ પણ ઈષ્ટ કામ કરવા દેતી નથી. ઉપાધ્યાય પાસે ભણ્યા, શ્રુતજ્ઞાન, કલ્યાણના રસ્તા મેળવ્યા, બધુંય સારું કર્યું, પરંતુ ચિત્તનું ચકડોળપણું મટ્યું નહીં તો શું થાય? તેથી જ કહ્યું છે કે अव्यवस्थितचित्तानां प्रसादोऽपि भयंकरः - અર્થાત્ જેનું ચિત્ત સ્થિર નથી તેની મહેરબાની પણ ભયંકર નિવડે. જેના ચિત્તમાં

પ્રસન્નતા ન હોય તેને આનંદની ઊંચી સામગ્રી મલી હોય તો પણ શાંતિ ન થાય. ફાંસીની સજા કાયમ હતી, અને ચાર દહાડા સુધી અમનચમન કરાવ્યું, પણ તેને તેની અસર આનંદ જનક ન થઈ. કારણ કે તેનું ચિત્ત ચકડોળે ચડ્યું હતું. અહીં ઉપાધ્યાયજીનું કામ. આવી 'ચિત્તના ચોર' તરીકેની 'ઉપાધિવાળા' ઉપાધ્યાયજી. જેમ ચોર ખૂણેખાંચરે સંતાડ્યું હોય ત્યાંથી ખોદી કાઢી લઈ જાય તેમ ઉપાધ્યાયજી, બીજાનું ચિત્ત ગમે ત્યાં ફરતું હોય ત્યાંથી સાચે માર્ગે લઈ જાય. જીવોને સામાન્યથી ચોવીસે કલાક આધિની જ આવક છે. આધિની આવક ન હોય તો પહોંચાય. મનમાંથી આધિ ન ગઈ તો શાંતિ નથી. જેને માનસિક પીડા-આધિ ઊભી થવા માંડી તેને બહારની ઉપાધિ કે વ્યાધિ ન હોય તો પણ શાંતિ ના હોય. ગજસુકુમાલ મુનિવરે ખેરના અંગારા સહ્યા ક્યારે ? માનસિક ઉપાધિ ગઈ ત્યારે. ઊના પાણીના બાફમાં કેમ થાય છે? લગીર તડકામાં ચાલવું પડે તો કેમ થાય છે? અને આ તો માથે ખેરના અંગારા, તેમાં રાખોડો પણ ચડે નહિ - બીજાં લાકડાં જલદી બળી જાય તો ઉપર રાખોડો વળી જાય. ખેરના અંગારા માથે ધખે છે. આવી સ્થિતિમાં ગજસુકુમાલે મોક્ષ શી રીતે સાધ્યો હશે. કલ્પના તો કરો કે આવી વેદના શી રીતે સહન થાય? જે પીડાની કલ્પના પણ નથી થઈ શકતી, તેવી સ્થિતિમાં જેણે શ્રેણી માંડી હશે, શુક્લધ્યાન ધ્યાયાં હશે ને મોક્ષ મેળવ્યો હશે તેને પૌદ્‌ગલિક વ્યાધિની શી તમા હશે ? એ કેમ કરી તર્યા તે વિચારો. વ્યાધિ કે ઉપાધિમાં કંઈ બાકી નથી, વ્યાધિના દરિયામાં જ પડ્યા છે, છતાં એ તર્યા. તેનું કારણ તેમને આધિ(માનસિક ચિંતા-પીડા) ન હતી; મનનું ડરપોકપણું ન હતું. મન બલિષ્ઠ હોવાથી શારીરિક ઉપાધિના દરિયામાં પડેલો મનુષ્ય પણ તરી શક્યો. આધિને અળગી કરવી હોય તો એક જ રસ્તો. આધિ એટલે માનસિક પીડા, તેનો આય લાભ એટલે માનસિક પીડાનું આવવું, તેથી થતી ઉપાધિ તે બધાને ઉપાધ્યાયજી નાશ કરી નાખે. આ વાત જણાવતાં

ટીકાકાર મહારાજ કહે છે કે - अथवा आधीनां मन:पीडानामायो लाभ आध्याय:, उपहत आध्यायो यैस्ते उपाध्याया:- જેમનાથી આધિઓ-મનની પીડાઓ નાશ પામી છે તે ઉપાધ્યાય કહેવાય. શાસ્ત્રકાર ભગવાને આ અર્થ નિર્યુક્તિના આધારે જણાવ્યો.

**ચંડકોશિક સર્પ અને ભગવાન મહાવીર સ્વામી**

મન વગર સાપ પણ મનુષ્યને કરડવા માંગતો નથી. સાપ ભલે ક્રૂર જાનવર હોય, પણ એ હંમેશા બધાંને કરડવા માંગે છે, એમ નથી. જો સાપ ખોળીખોળીને કરડવા માંગે તો કેટલા બચે ? પણ એમ નથી. એ તો દબાણ-ચંપાણમાં આવે તો કરડે. સાપ જેમ સ્વભાવે ક્રૂર છે. તેમ શિક્ષામાં પણ ક્રૂર છે. જો એ શિક્ષા કરવાનું નક્કી કરે, પછી કેટલી શિક્ષા કરવી તેનો હિસાબ નથી. પછી તો મરણની જ શિક્ષા સમજવી. તેથી ઓછી નહીં. પણ આવું બને ક્યારે ? કોઈ અડપલું કરે ત્યારે જ સાપ ડંખ દે છે. સર્પનો શિક્ષા કરવા અંગે સામાન્ય સ્વભાવ આવો હોવા છતાં ચંડકોશિયા નાગની વાત આથી જુદી પડી જાય છે, અને તેનું કારણ તેનામાં પ્રવર્તતી 'अधी' દુર્બુદ્ધિ-કુબુદ્ધિ છે. ભગવાન મહાવીર મહારાજા તાપસના આશ્રમે કાઉસગ્ગ ધ્યાને રહ્યા હતા તેમાં તેમને ચંડકોશિયા સર્પનું કંઈ પણ લૂંટવું કે લેવું ન હતું. ઊલટું સર્પે ભવાન્તરમાં ક્રોધ કર્યો હતો, તેમાંથી થયેલી દુર્ગતિમાંથી તેને બચાવી તેની સદ્ગતિ કરાવવા માટે જ મહાવીર પ્રભુ કનકખલ આશ્રમમાં ગયા હતા, અને રાફડાની પાસે કાઉસગ્ગ ધ્યાને રહ્યા હતા. તેમાં ચંડકોશિયાને શું નુકશાન હતું ? પરંતુ ક્રૂર અને ઘાતકી સ્વભાવવાળાને પોતાને આંગણે આવેલા ઉત્તમ જીવ પણ ખમાય નહીં. ક્રૂર જાતને તો ઉત્તમ પોતાને રસ્તે થઈને જાય તો પણ અકારો થઈ પડે. ઉત્તમોને કેમ હડસેલું, ઉત્તમ હોય તો એના ઘરનો, મારે તેથી શું ? એને મારી નાખવો તે જ મારું કામ - એવા એવા કુવિચારો જ એને આવ્યા કરે.

એટલે ચંડકોશિયાએ પણ સૂર્યની સામું દેખી દેખીને દૃષ્ટિની વિષજ્વાલાઓ પ્રભુની સામે ફેંકવા માંડી. ઉત્તમોને બાળી નાંખવામાં અધમોને ડર હોતો નથી. પરંતુ ધ્યાનમાં રાખવું કે સામો મનુષ્ય ચાહે જેવા ખરાબ વિચારો કે પ્રવૃત્તિ કરે, પણ જેનું રક્ષણ નસીબ કરી રહ્યું છે તેવાને તેથી લગીર પણ આંચ આવતી નથી. ચંડકૌશિક સર્પની મહેનત કેવી ફળી? દૃષ્ટિવાળું તેનું ઝેર મહાવીર પ્રભુને અસર કરનાર ન નીવડ્યું. પણ હલકાના પ્રયત્નો નિષ્ફળ જાય તો પણ એને શાંતિ ન વળે કે પોતાનું હલકટપણું છોડવાનું ન સૂઝે! ચંડકોશિયાનું પણ એમ જ થયું. પોતાની વિષજ્વાળાઓ નિષ્ફળ ગઈ એટલે એણે વધુ રોષે ભરાઈને પ્રભુના અંગુઠે ડંખ દીધો. ચંડકૌશિકની દુર્બુદ્ધિની - કુબુદ્ધિની અહીં અવધિ થઈ. પણ ત્રિલોકનાથ તીર્થંકર મહાવીરને તે ક્રૂર સાપનો ડંખ ઝેર ચડાવનાર ન થયો, પણ ડંખ દીધેલા સ્થાનથી સફેદ દૂધ જેવું લોહી વહી નીકળ્યું. છેવટે દૃષ્ટિથી ઝેરી અને ક્રૂર ચંડકોશિયો સર્પ પણ સંતની સમતા દેખી પ્રભુના એક વચનથી પ્રતિબોધ પામ્યો. ક્રૂરતામાં જેમ ચંડકોશિક બીજા સર્પથી આગળ વધેલો હતો, વગર દબાયે ચંપાયે પણ ડંખ દેવા ટેવાયો હતો, તેમ એનો ઉદ્ધાર પણ બીજા સર્પો કરતાં જુદી રીતે થયો હતો. ભગવાનના અંતરની કરુણાથી ભરેલું એક જ વચન એનો બેડો પાર કરનારું નીવડ્યું, એ વાતની શાસ્ત્ર સાખ પૂરે છે. કેટલાક જીવો એવા કુબુદ્ધિવાળા હોય છે કે જે અનેક બોધદાયક વચનોથી પણ રસ્તે ન આવે. તેવાનો ઉપાય શો ? જેને અમૃત ઝેર પણે પરિણમે તેનો ઉપચાર કે તેનું ઔષધ દુનિયામાં નથી. જે આત્મપરિણતિને બગાડનાર થાય તેનો ઉપાય આ દુનિયામાં નથી. પણ ઉપાધ્યાય મહારાજ આવી કુબુદ્ધિને દૂર કરનારા થાય. આ વાત સમજાવતાં ટીકાકાર મહારાજ કહે છે કે अधियां वा नञः कुत्सार्थत्वात् कुबुद्धिनामायो अध्यायः उपहतोऽध्यायो यैस्ते उपाध्यायाः - અર્થાત

અકારનો અર્થ કુત્સિત એવો અને ધીનો અર્થ બુદ્ધિ થતો હોવાથી જેમનાથી કુબુદ્ધિનો નાશ કરાયો છે તે ઉપાધ્યાય સમજવા.

**દુર્ધ્યાનનો નાશ કરે તે ઉપાધ્યાય**

મનની ચિંતા - આધિ એવી છે કે મનમાં પીડાઓ ઉત્પન્ન કરે છે, મનમાં ખરાબ વિચારો જન્માવે છે, અને મનને ખોટે માર્ગે લઈ જાય છે. મનનાં ખરાબ ધ્યાનો દૂર કરનાર ઉપાધ્યાય છે, એ વાત સમજાવતાં ટીકાકાર મહારાજ કહે છે કે "ध्यै चिन्तायाम्" इत्यस्य धातोः प्रयोगात्, नञः कुत्सार्थत्वादेव च दुर्ध्यानं वा अध्यायः, उपहतोऽध्यायो वा यैस्ते उपाध्यायाः - અર્થાત્ - ध्यै ધાતુ ચિંતન કરવાના અર્થમાં હોવાથી અને 'अ' કારનો અર્થ ' ખરાબ' એવો થતો હોવાથી ખરાબ ચિંતન દુર્ધ્યાનનો જેમના વડે નાશ થયો છે, તે ઉપાધ્યાય કહેવાય.

**ઉપાધ્યાયનું પૂજ્યપણું**

છેવટે ટીકાકાર મહારાજ ઉપાધ્યાયજીનું નમસ્કાર કરવા યોગ્યપણું દર્શાવતા, ઉપાધ્યાયપદની વ્યાખ્યાનો ઉપસંહાર કરતાં કહે છે કે नमस्यता चैषां सुसंप्रदायायतजिनवचनाध्यापनतो विनयनेन भव्यानामुपकारित्वादिति - સુસંપ્રદાયથી આવેલા જિનવચનોનું અધ્યાપન કરાવી ભવ્ય જીવોને વિનયમાં પ્રવર્તાવે છે, એ ઉપકારીપણાને લીધે તેઓ નમસ્કાર કરવા યોગ્ય છે. જિનપ્રવચન કે જિનવચનને ભણાવવા દ્વારાએ ઉપાધ્યાય ભવોના કર્મમેલને દૂર કરનારા છે. વિનય, વૈયાવચ્ચ, ભક્તિ દ્વારા કર્મમેલને દૂર કરનારા હોવાથી ભવ્યોને પરમ ઉપકારી ઉપાધ્યાય છે. અને આવા હોવાથી જ્યારે ગણધરો પણ તેમને નમસ્કાર કરે છે, તો પછી આપણે નમસ્કાર કરીએ તેમાં નવાઈ શી છે ?

**સાધુઓની જરૂર**

આમ અરિહંતો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો - આ બધું છતાં એક વસ્તુ ન હોય તો કામ ન ચાલે. ખોરાકનો, પાણીનો, મકાનનો

સહકાર તમને ન મળે, પણ પાલન કરનાર કે જોનાર કોઈ ન હોય તો પછી સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો એ બધા હોય તો પણ શું વળે? દુનિયાનો સહકાર ન હોય, સત્પુરુષોનો સહકાર ન હોય તો માર્ગ સુંદર હોવા છતાં એ એકલો કાર્ય ન કરી શકે; તેથી તમને શાસ્ત્ર લેવાને લાયક તો કોઈકે બનાવવા જોઈશે ને ? દીક્ષા આજે આપીને વહેતો મેલી દઈએ તો? અહીં ઉપકાર કોણ કરે? વસ્તુને -માર્ગને - ગ્રહણ કરવાની પ્રાથમિક યોગ્યતા તો મેળવવી જોઈએ ને ? મડદાને બધુંય મળ્યું, પણ તેથી તેનું વળે શું? મડદાંને લુગડાં- ઘરેણાંની શોભા કેટલી? જેમ આ લુગડાં-ઘરેણાં આદિનું સન્માન જીવતાને અંગે કામનું તેમ મોક્ષમાર્ગ માટે પણ અમુક યોગ્યતા જરૂરી છે. એ યોગ્યતા ન હોય તો પછી ઉપાધ્યાય વગેરેની મહેનત ન ફળે. અને આ યોગ્યતા આપનાર તે સાધુ સમજવા. જીવને સાધુત્વ ઉત્પન્ન કરનાર, પાલનાર, પોષનાર, આપત્તિ ટાળનાર વર્ગ તેસાધુ સમુદાય સમજવો. એ ન હોય તો આગળ કામ ચાલી જ ન શકે. શૂરા રણાંગણમાં ઝઝૂમવા નીકળ્યા. હથિયાર સંપૂર્ણ, પણ ખોરાક પાણી ન મળે તો? લડવાની વ્યવસ્થા પૂરી છતાં, ખોરાક બંધ થાય તો લાખોનું લશ્કર પણ લથડી પડે. તેમ ઉપાધ્યાયજી સિદ્ધાંત આપવા તૈયાર છે, છતાં પુરવઠો લાવનાર કોઈ ન હોય, મોહ સામે મેદાને પડનારા સાધુ સુભટોનો પુરવઠો ન મલે તો મોક્ષમાર્ગ અટકી જાય. તે ન અટકે માટે મોક્ષમાર્ગનો પુરવઠો પૂરો કરનાર સાધુઓની મહત્તા સ્વીકારી શાસ્ત્રકારે પંચમ નમસ્કાર તરીકે नमो लोए सव्वसाहूणं - લોકમાં બધા સાધુઓને નમસ્કાર હો - એમ કહ્યું. આ પદની વ્યાખ્યા હવે પછી જોઈશું.

# દેશના - ૨૭

## સાધુપદની વ્યાખ્યા

વ્યાખ્યાકાર મહારાજા ભગવાન અભયદેવસૂરીશ્વરજી મહારાજ ભગવતી સૂત્રની ટીકા કરતાં આગળ જણાવી ગયા કે મંગળાચરણ તરીકે જૈન શાસનનું છત્ર પંચપરમેષ્ઠી છે. જૈન શાસન પંચપરમેષ્ઠી સિવાય બીજા કોઈની છત્રછાયા માનનારું નથી. તે નક્કી કરવા માટે ભગવતીસૂત્ર આદિમાં ગણધર મહારાજાએ પંચપરમેષ્ઠીને નમસ્કાર કર્યો. તેમાં અરિહંત, સિદ્ધ, આચાર્ય અને ઉપાધ્યાય - એ ચાર પદોનું વિવેચન કર્યું. હવે પાંચમાં સાધુપદ સંબંધી વિચાર કરીશું.

**મોક્ષમાર્ગના સહાયક તે સાધુ**

વેપાર બરાબર ચાલતો હોય, લાભ સારો મલતો હોય, મિલકતનું રક્ષણ રાજ્ય તરફથી બરાબર થતું હોય, શિક્ષણની સંસ્થા પણ ગામમાં હોય - આવી બધી જરૂરી સાધન-સામગ્રી ગામમાં હોય, પરંતુ આખા ગામમાં ખોરાક પોષાકનાં સાધન ક્યાંય ન હોય તો પછી એ ગામને શું કરવું ? કહો કે એના વગર એ બધું એકડા વિનાના મીંડાની જેમ નકામું સમજવું. આ રીતે જ અભયદેવસૂરીશ્વરજી મહારાજ કહે છે કે જૈન શાસ્ત્રમાં ભલે અરિહંતે મોક્ષમાર્ગ બતાવ્યો, સિદ્ધોએ ભલે આદર્શ બતાવ્યો, શાસનમાં રાજા સમા આચાર્ય ભલે બધી સાર સંભાળ રાખતા હોય, અને બધાને વિનય અને વિદ્યા શીખવનાર ઉપાધ્યાય મહારાજ પણ ભલે હોય છતાં મોક્ષ માર્ગમાં મદદ કરનાર

સાચા સહાયકારકો ન હોય તો કામ કેમ કરી ચાલે? આટલા માટે પાંચમા પદમાં મોક્ષમાર્ગમાં મદદ કરનાર વર્ગ તરીકે સર્વ સાધુઓને નમસ્કાર કર્યો.

**સાધુ નિ:સ્વાર્થ હોવાથી સાચું કહી શકે**

અહંકાર કરવાથી પાછી હલકી દશા આવે. ચકડોળમાં જે ઊંચે જાય તે પાછો નીચે આવે. સંપત્તિમાં, સાધન સામગ્રીમાં કે એવી બીજી કોઈપણ બાબતમાં માણસને જો અભિમાન આવી જાય તો તેથી તેને નુકસાન જ થાય.પોતાના સાધન સામગ્રીવાળા સંજોગોને કારણે માણસ અભિમાનમાં છાકતો હોય તો તેને શીખામણ કોણ દઈ શકે? દુનિયાદારીના સામાન્ય માણસો તો એની સાથે હાજીહા કરીને ઊલટું એના અભિમાનને આસમાને ચડાવી દે. અને કદાચ કોઈ સમજુ માણસ હિંમત કરીને ' તમે ભૂલ કરો છો' તેમ કહેવા જાય તો શેઠિયાનો ગુસ્સો જોઈ લ્યો! એટલે ખુશામતિયા ખુશામત કરે અને સ્વાર્થ સાધે. આવા અભિમાનથી છકેલાને તો નિઃસ્થાર્થ પણે સાધુ મહારાજ જ ભૂલ જણાવે, કારણ કે સ્વાર્થ કે ખુશામતબુદ્ધિ તેમનામાં હોય નહીં. બાદશાહને ત્યાં એક ફકીર આવ્યો. સિપાઈએ ચાલ્યા જવા જણાવ્યું તો ફકીર કહે -હમકો નિકાલનેવાલા કોઈ નહીં હૈ. આ રીતે સિપાઈ હોય કે પછી બાદશાહ હોય તો તેને પણ સાફ સાફ જવાબ કેવળ સાધુ-ફકીર હોય તે જ સંભળાવી શકે. સાધુ મહારાજ તો ચક્રવર્તીને પણ કહી શકે કે અભિમાનમાં ન જા! વળી માણસની પડતી દશામાં પણ સાચો સથવારો આપનાર કોણ બને? સાધુ મહારાજ. આ રીતે સંપત્તિ વખતે કે વિપત્તિ વખતે ઠેકાણે રાખનાર સાધુ મહારાજાઓ છે. માટે જ આ પાંચમા વર્ગની દુનિયાને ખાસ જરૂર છે, એટલું જ નહીં એના વગર ચાલતું જ નથી. એક માણસ દીક્ષિત થયો અને બીજાનું કલ્યાણ કરવાની ભાવનાથી થયો, પણ જેને કશું ન આવડે, તેનું કેવળ ભાવનાથી શું વળે? તો પછી આવાને તૈયાર કોણ કરે? પોતે ગોચરી લાવી આપે,

બીજાને ગોચરી લાવતાં શીખવે, આચારનું પાલન સમજાવે અને શીખવાડે આ માટે પાંચમો વર્ગ સાધુઓનો જરૂરી સમજવો. આમ હોવાથી મોક્ષ માર્ગમાં મદદ કરનાર તરીકે સાધુ વર્ગને નમસ્કાર કરવામાં આવે છે.

**વિશિષ્ટ ઉપકાર કરે તે નમસ્કારને યોગ્ય**

**પ્રશ્ન** - જો ગોચરી વગેરેની વ્યવસ્થા માટે સાધુઓને નમસ્કાર કરીએ તો સૌથી પહેલાં નમસ્કાર અન્નદેવને કરવા પડે. મહાવીર મહારાજા છ મહિનામાં પાંચ દિન ઓછા ઠેર ઠેર ફર્યા તે શા માટે? ઋષભદેવ ભગવાન વરસ સુધી ફર્યા તે પણ શા માટે? આહાર માટે. ઋષભદેવ પ્રભુ સાથે ચાર હજાર માણસો નીકળ્યા તેમાંથી છેવટે ચાર પણ સાથે ન રહ્યા, તે શાથી ન રહ્યા? આહાર ન મળ્યો માટે એક વરસમાં ચારે હજાર ચાલ્યા ગયા. સંવત્સરીના પારણા વખતે ચાર હજાર ચેલામાંથી કોઈ ચેલો સાથે નથી તે શાથી? ભાગ્યથી? ના, તેમ નથી. ખોરાકની ખામીથી ચારે હજાર ગયા. ભલભલા તીર્થંકરના સાથીઓ પણ ખોરાકના અભાવે ભાગી જાય છે, માટે ખરેખરો મોટો મહિમા ખોરાકનો છે. માટે જો કોઈ એમ કહે કે સૌથી પહેલાં ''नमो अन्नदेवयाणं'' કહીને અન્નદેવને નમસ્કાર કરવા જોઈએ તો તે ખોટું કેમ ગણાય?

**ઉત્તર** - જો કેવળ સાધનને જ આગળ કરવું હતે તો અન્ન - પાણી, વનસ્પતિ, વાયુ, તેજ, પૃથ્વી, મેઘ વગેરેને પણ નમસ્કાર કરતે. પણ અમારે તો સાધન-સામગ્રી નહીં પણ ગુણમાં મદદ કરનાર જે ગુણી હોય તે જ નમસ્કાર કરવા લાયક છે. કોઈ રાજા મહારાજા લૂગડાંને નમસ્કાર કરતા નથી. શેઠ-શાહુકાર, રાજામહારાજા સહુને માટે ત્રણ ઋતુમાં લૂગડાં, નળિયાં વગેરે અનેક વસ્તુઓ ઉપયોગી અને ઉપકારક છે. છતાં કોઈએ એને નમસ્કાર ન કર્યો. કારણ? વિશિષ્ટ ઉપકારી એવું

ગુણનું સાધન જ નમસ્કરણીય છે. ઉપકારની દૃષ્ટિવાળો હોય ને ઉપકાર કરે તેવો હોય તેને અમે ઉત્તમ ગણીએ છીએ. પોતે ઉપકારને રસ્તે જવાવાળો જોઈએ. ઉપકાર કરનાર વધારે માન્ય કે મોક્ષને રસ્તે જવાવાળો વધારે માન્ય? ઉપકાર કરે અગર ન કરે તો પણ મોક્ષમાર્ગે જનારો ઉત્તમ જ છે, અને એ દૃષ્ટિએ અન્નદેવ વગેરે નહીં પણ સાધુ-મુનિરાજ નમસ્કરણીય છે.

**મોક્ષને સાધે તે સાધુ**

સાધુ કોનું નામ? જગતમાં ત્રણ પ્રકારનાં નામ હોય છે. સાર્થક, નિરર્થક ને અર્થશૂન્ય. જેવું નામ હોય તેવા ગુણો જેનામાં હોય તેવાના નામને સાર્થક કહીએ. દીવો તેનો ગુણ બતાવવા માટે અજવાળું કરે તો તેનું નામ સાર્થક. નિરર્થક-અનર્થક ક્યાં નામો? એક નાના લાલ રંગના કીડાનું નામ ઇંદ્રગોપ પાડ્યું. લોકો એને ઈન્દ્રની ગાય કહે છે. લૌકિક કહેવતના હિસાબે ઈન્દ્રની ગાય તો ખરેખરું રક્ષણ કરનારી છે. આ અર્થના હિસાબે તે કીડાનું નામ ઈન્દ્રગોપ તે નિરર્થક નામ છે. અર્થશૂન્ય એ કે જે કોઈ પદાર્થને જ ન બતાવે જેમ કે ડિત્થ ડવિત્થ શબ્દો, જેના કોઈ અર્થો જ નહિ. શાસનમાં આવાં નિરર્થક કે અર્થશૂન્ય નામોને અવકાશ જ નથી. અહીં તો સાર્થક નામ જ જોઈએ. તો પછી સાધુ કોને કહેવા? આનો ટૂંકો અર્થ એ કે ' જે સાધે તે સાધુ.' જો આવો અર્થ લઈએ તો તો સ્ત્રીઓ ચોખા ચડાવીને, શાક બનાવીને, રોટલી કરીને, વાસણ માંજીને કે ઘરની સાફસૂફી કરીને સ્વકાર્ય સાધે છે; દરજી, લુહાર, સુથાર પોતપોતાનાં કામ સાધે છે. તો પછી એ બધાંને પણ સાધુ ગણવા ને? ' સાધે તે સાધુ' એ તો સૂત્રરૂપ વ્યાખ્યા છે. એટલે એમાં અમુક મુખ્ય રહસ્ય અધ્યાહાર સમજવાનું છે. એ અધ્યાહારને ધ્યાનમાં રાખીને પછી જ સાધુ શબ્દનો 'સાધે તે સાધુ' એવો અર્થ કરવાનો છે. એટલે સાધુ શબ્દનો સાચો અર્થ સમજવા માટે 'શું સાધે તે

સાધુ?' એ પ્રશ્ન મૂકીને જવાબ મેળવવાનો રહે છે. સાધવા યોગ્ય વસ્તુ-સાધ્યની દૃષ્ટિએ વિચારતાં સાધુને માટે અપવર્ગ એટલે કે મોક્ષ જ સાધવા યોગ્ય વસ્તુ છે. આનો અર્થ એ કે જે મોક્ષમાર્ગને સાધે, મોક્ષમાર્ગને અનુલક્ષીને જ જે બધી પ્રવૃત્તિ કરે અને મોક્ષને યોગ્ય પ્રવૃત્તિને છોડીને બીજી પ્રવૃત્તિમાં ન પડે તે સાધુ. મતલબ કે સાધુને મોક્ષ સિવાય બીજું સાધ્ય કે ધ્યેય ન હોય. એટલે સાધુનો અર્થ 'સાધે તે સાધુ' એટલો અધૂરો ન કરતાં ' જે મોક્ષને સાધે તે સાધુ' એવો કરવો. આ વાત સમજાવતાં ટીકાકાર મહારાજ કહે છે કે साधयन्ति ज्ञानादिशक्तिभिर्मोक्षमिति साधवः- અર્થાત જેઓ પોતાની જ્ઞાન વગેરે શક્તિઓથી મોક્ષની સાધના કરે તે સાધુ.

**શ્રાવક અને સાધુની સાધના વચ્ચેનો તફાવત**

સમ્યગ્દર્શનાદિ કે સર્વવિરતી એ જેમ મોક્ષનો રસ્તો છે તે દેશથી વિરતિ, તેમ જ દાન-શિયળ-તપ-ભાવ એ પણ મોક્ષનો રસ્તો ખરો કે નહીં? એ પણ છેવટે મોક્ષને માટે જ છે. 'મોક્ષ સાધનારા' આનો અર્થએ કે શ્રાવક-શ્રાવિકા વર્ગ પણ મોક્ષને સાધનારો જ ગણાય. જો એમ છે તો પછી શ્રાવક શ્રાવિકા વર્ગને પણ સાધુ કેમ ન કહેવાય? આગળ કહેવામાં આવ્યું કે ' જે મોક્ષને સાધે તે સાધુ.' અને શ્રાવક પણ દેશવિરતિ કે દાનાદિક દ્વારા મોક્ષ સાધનારા છે. તો પછી તેમને પણ સાધુ કહેવા જોઈએ. જરા સમજો, શ્રાવકો તો બિચારા દૂધ-દહીં બન્નેમાં પગ રાખવાવાળા છે. એમને તો મોક્ષ પણ સાધવો છે અને સંસાર પ્રત્યેની મમતાથી વિષય-કષાયો પણ સેવવા છે. તેટલા માટે શ્રાવકોનો ધર્મ અગારધર્મ - ગૃહસ્થાશ્રમનો ધર્મ છે. સાધુનો તે ધર્મ નથી. આથી શ્રાવકને શ્રમણોપાસક કહેવાય,પણ સાધુ કહેવાય નહીં.

**સમ્યગ્દષ્ટિ સાચી વાત સમજે તો ખરો**

દુનિયામાં આસક્તિ એવી રહી હોય કે તેને ખરાબ સમજવા

છતાં છોડી શકતો ન હોય; દુનિયાની જંજાળને એ ફસાવનારા તરીકે માને છતાં છોડી ન શકતા હોય, એવી શ્રાવકોની સ્થિતિ છે. જેમ કોઈ માણસને ખસ થઈ હોય, ખણ્યા પછી પોતે ઓ બાપ રે કરે છે, પણ ચળ આવે ત્યારે પોતે સમજુ છતાં અને ખણવાનું દુષ્પરિણામ પોતે જાણવા છતાં પણ ખસનો દર્દી ખણ્યા વગર રહી શકતો નથી તેમ શ્રાવક વિષય-કષાયને ભટકવાનું સાધન ગણે છતાં લોભાદિનો કે અવિરતિનો ઉદય ત્યાં શ્રાવકથી રોકાતો નથી. કેટલાક કહે છે કે શ્રાવકનું મન મોક્ષમાર્ગમાં હોય નહિ, કારણ કે શ્રાવક સમ્યક્ત્વવાળો હોવા છતાં એને ૧૨ કષાયની સત્તા અને ઉદય તો ખરાં ને? આત્મ-વિપાકી કે પુદ્ગલવિપાકી જીવમાં વિપાક આવવાનો નથી તેથી કૃષ્ણ સરખા અને શ્રેણિક સરખા ક્ષાયિક સમકિતીઓને પણ કહેવું પડ્યું કે અમે આરંભ-પરિગ્રહમાં આસક્તિવાળા હોવાથી મોક્ષના માર્ગ ઉપર નથી. ગૃહસ્થનું જીવન મુખ્યતાએ મોક્ષના માર્ગ ઉપર નથી. તેથી એમની મોહથી પ્રવૃત્તિ થાય. આમ છતાં એ મોક્ષના ધ્યેયને ભૂલી જતો નથી, એટલું તો ખરું જ. એ માર્ગે ચાલી શકે કે ન ચાલી શકે એ જુદી વાત, સાચી વાતને એ ધ્યાનમાં તો રાખે છે. જેમ કે જે ખસનો દર્દી સમજુ હોય તે ચળ ઊપડે ત્યારે રહી ન શકવાથી ખણી નાંખે ખરો છતાં એ એટલું તો સમજે કે ખણવું એ કંઈ ખસની દવા નથી. એ જ રીતે જે જીવને સમ્યગ્દષ્ટિ મળી હોય તે લોભ, મોહ આદિના ઉદયથી સંસારમાં પ્રવૃત્તિવાળો-આસક્તિવાળો થાય તો પણ એટલું તો એને જરૂર ખ્યાલમાં હોય કે એ આશ્રવને આશ્રવ માને; અને સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને મોક્ષ સાધવાનું સાધન માને.

**સામાયિક આદિ પ્રવૃત્તિનું મહત્ત્વ**

માણસ પ્રવાસે નીકળ્યો હોય ત્યારે નિરંતર ચાલવાથી એને થાક લાગે. પણ વિસામો આવતાં વિસામામાં બેસે ત્યાં થાક ઉતારે. વળી પાછો ચાલવા માંડે, ત્યાં વળી પાછો થાક ચડે. આમ પ્રવાસમાં થાક

ચડાવનારી અને આરામ મળવાની પ્રવૃત્તિ ચાલ્યા કરે તેમ સંસારમાં પણ સામાયિક, પોસહ, પૂજા-પ્રભાવના તે આરંભ સમારંભ કે, વિષયની પ્રવૃત્તિના થાકને ઉતારનાર વિસામા છે. શ્રાવક-વર્ગ દેશ વિરતિવાળો વર્ગ-સામાયિકાદિ વખતે વિસામો લે અને ફરી પાછો આરંભમાં પડે અને થાક ચડાવે. મુસાફરી કરતાં કરતાં વિસામો લેનાર હજારો ગાઉની મુસાફરી કરી શકે અને છતાં તેના સાંધા નહિ તૂટે, જ્યારે વગર વિસામે જ મુસાફરી કરનારના સાંધા તૂટી જાય. એટલે ઘરબારી શ્રાવક વર્ગ માટે સામાયિક વગેરેની પ્રવૃત્તિ છેવટે આ દૃષ્ટિએ પણ ઉપકારક સમજવી.

**ધર્મપ્રવૃત્તિને આદરે તે ખરો સાધક**

માબાપ, સગાસ્નેહી, ધનધાન્ય, માલમિલકત વગેરે મોક્ષને રોકનારાં જે જે સાધનો અને મોક્ષની વિરોધી કે મોક્ષની પ્રતિબંધક જે જે પ્રવૃત્તિઓ તે બધાંને 'વોસિરે વોસિરે' કહીને દૂર કરીને પછી જે ધર્મપ્રવૃત્તિને આદરે તે ખરો સાધક; એમ કરીને મનમાંથી મોહ અને મમતાને ખંખેરી નાંખવા એનું નામ જ મોક્ષની સાધના. જે મોક્ષને માટે કર્મને મથવાની પ્રવૃત્તિ આદરે તે સાચો સાધુ.

**બાહુબલીજીના દૃષ્ટાંતનો સાર**

જે કાળે જે થવાનું તે થવાનું છે. ચાહે જેવો અનુકુળ ઉદ્યમ કરીએ તો પણ જે કાળે નથી થવાનું તે તે કાળે નથી જ થવાનું. અહીં બાહુબલીજીનો જ વિચાર કરીએ. દીક્ષા લીધા છતાં બાહુબલીજી અભિમાને ચડ્યા તે શા કારણે? તેમને થયું કે નાના ભાઈએ પહેલાં દીક્ષા લીધી તેથી પોતે પ્રભુ પાસે જાય તો નાના ભાઈઓને વંદન કરવું પડે. આવું વંદન કરવા માટે એ તૈયાર ન હતા. અને મનમાં અભિમાનનો દોષ પોષતાં પોષતાં એ ઉગ્ર તપસ્યા આદરી બેઠા. છતાં તપસ્યા ફળી નહીં. મનમાં શલ્ય પેઠું હોય તો તપસ્યા કેમ કરીને ફળે? એ કોઈ રીતે મોટાઈ છોડીને સાધુ બનેલ નાના ભાઈને વંદન કરવા તૈયાર ન થયા. શાસ્ત્રકારે જો કે ફરમાવ્યું છે કે મોટો ભાઈ નાના

ભાઈને, પિતા પુત્રને કે માતા પુત્રીને વંદન ન કરે. પણ આ તો દીક્ષા લેનારમાં લઘુતાના પોષણની દૃષ્ટિએ કહ્યુંછે. એનો અર્થ એવો ન કરાય કે મોટો ભાઈ, પિતા કે માતા દીક્ષિત થનાર નાના ભાઈ, પુત્ર કે પુત્રીને અભિમાનને કારણે કે હઠે ભરાઈને વંદન કરવાનો ઈન્કાર ભણે. વડેરાઓ વંદના કરવા આવે ત્યારે નાનાઓ એમને તેમ કરતાં અટકાવે એ દૃષ્ટિ જ શાસ્ત્રકારના આદેશમાં રહેલી છે. તેનો ઉપયોગ મોટાઓ પોતાના અભિમાનના પોષણ માટે કરે તો તે શાસ્ત્રવચન યથાર્થ રીતે સમજ્યા ન ગણાય. બાહુબલીજીના મનમાં આવો હઠ ભરાઈ ગયો અને એમની ઉગ્ર તપસ્યા પણ અફળ જવા લાગી. આપણા રોજના વ્યવહારનો જ દાખલો લ્યો. એક સારા કે મોટા ગૃહસ્થ હોય તેને આગળ લાવવા બીજા વિનંતિ કરે એ બરાબર પણ એ ગૃહસ્થ જ જો પોતાના સારાપણા કે મોટા પણાના અભિમાનથી પ્રેરાઈ ને જાતે આગળ આવવા પ્રયત્ન કરે તો તેમાં એમની શી વડાઈ ગણાય ? ઊલટું એ તો ખૂબ અનુચિત ગણાય. અહીં પણ વાત એની એજ છે. મોટો ભાઈ નાનાભાઈને વંદન ન કરે, કરવા જાય તો નાનોભાઈ કે આચાર્ય મનાઈ કરે એ બરાબર; પણ મોટાભાઈ સામે થઈને પોતે જ કહે કે નાના ને વંદન નહીં કરું તો તે ન ચાલે. શાસ્ત્રવચનની દૃષ્ટિએ બાહુબલીજી વંદન ન કરે તો તે અભિમાન નહીં પણ આચાર ગણાય; છતાં શાસ્ત્રકારે એને આચાર નહીં પણ અભિમાન ગણ્યું. કારણ કે એમના મનમાં શાસ્ત્રવિહિત આચાર નહીં પણ પોતાના મોટાપણાનો વિચાર જ રમતો હતો. આચાર તો એ ગણાય કે નાનાભાઈઓ એને વંદન કરતાં રોકે; પણ બાહુબલીજી એમ ન ધારી શકે હું વંદન નહીં કરું. છેવટે બાર મહિને વાંદવા તૈયાર થયા, મનમાંથી અભિમાન-અહંકારનું શલ્ય ધોવાઈ ગયું અને બાહુબલીજી તરત કેવળજ્ઞાન પામ્યા. બાહુબલીજીને છેવટે બાર મહિનામાં પણ કેવળજ્ઞાન થયું અને બ્રાહ્મી, સુંદરી અને બીજા નાના ભાઈઓએ અભિમાન નથી કર્યું છતાં તેમને કેવળજ્ઞાન થયું નથી.

આનો અર્થ એ કે ભવિતવ્યતા અવળી હોય તો કાર્ય ન બને.

**ભવિતવ્યતાને પણ નિમિત્તોની જરૂર**

આવા દાખલાઓને આગળ કરીને ભવિતવ્યતા પાકશે ત્યારે મોક્ષ એની મેળે મળશે, તેમ કહેનારને શાસ્ત્રકાર કહે છે કે અગ્નિની જરૂર પડે છે ત્યારે અગ્નિ એની મેળે વખત પાકતાં સળગશે એમ માનીને બેસી ન રહેતાં જાતે ઊઠીને કેમ સળગાવો છો? અગ્નિ તેની મેળે થવાનો કે સંયોગથી અગ્નિ ઊભો થશે? કહો કે સંયોગથી. તેમ ભવિતવ્યતા પણ તેનાં કારણો મળ્યા સિવાય સિદ્ધ થતી નથી. બાહુબલીજીને અભિમાનની ઊંઘમાંથી જગાડવા માટે બ્રાહ્મી-સુંદરીને મોકલી. બાહુબલીજી પણ બહેનોની હાકલથી અભિમાનરૂપી હાથીથી નીચે ઊતર્યા અને મોટાઈના ખ્યાલને દૂર કરીને ગુણવાનને વંદન કરવા તૈયાર થયા. આ ક્યારે બન્યું? જ્યારે બ્રાહ્મી - સુંદરીએ આવીને કહ્યું કે "વીરા મોરા ગજ થકી ઊતરો" ત્યારે તે બધાં નિમિત્તો ભેગાં થયાં એટલે કામ સર્યું. એટલે નિમિત્તો વગર ભવિતવ્યતા પાકતી નથી.

સમ્યગ્દર્શન વિના અનંતકાળ સુધી સંસાર રહેવાનો. સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ વગર મોક્ષ થવાનો નથી. સમ્યગ્દર્શનાદિ મેળવ્યા વગર એકલી ભવિતવ્યતાની તાકાત નથી કે તે મોક્ષને મેળવી દે. કેવળ ભવિતવ્યતાને બળે જો મોક્ષ મળતો હોયતો ભવિતવ્યતા કેમ નથી પાકતી? નારકી, તિર્યંચ, દેવતામાંથી કેટલા મોક્ષે ગયા? ભવિતવ્યતા ભવિતવ્યતા એમ બોલવાવાળાએ વિચાર કરવો કે અનંતોકાળ ગયો છતાં એકેન્દ્રી આદિને ભવિતવ્યતા કેમ નથી પાકતી? તેમ જ બીજી જાતિ-ગતિમાં મોક્ષની ભવિતવ્યતા કેમ નથી પાકતી? તો કહેવું પડશે કે ત્યાં મોક્ષનાં સાધનો- જે મુખ્યતાએ ચારિત્રનાં સાધનો છે તે મળતાં નથી. ત્રણે ગતિમાં દર્શનજ્ઞાન છે પણ સર્વવિરતિ ચારિત્રથી યાવત્ ૧૪મા ગુણસ્થાનક સુધીનાં સાધનો નથી. તેથી તે ત્રણ ગતિમાં મોક્ષ નથી. મોક્ષનાં સાધનો વગર કોઈ મોક્ષ મેળવી શકે નહીં. મોક્ષની પ્રાપ્તિ

એ કંઈ કાકતાલીયન્યાય - કાગડાનું બેસવું ને ડાળનું પડવું - જેવી આકસ્મિક ઘટના નથી. એ તો સમ્યગ્દર્શન મેળવીને ક્રમે ક્રમે સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનો પૂરો વિકાસ સાધીને જ મેળવી શકાય એવી વસ્તુ છે. એટલે કોઈ એમ કહે કે મોક્ષ મળવાનો જ હોય તો તે વખતે સમ્યગ્દર્શનાદિ આપોઆપ આવી જાય તો તે નરી બાલિશતા કે અજ્ઞાનદશા જ સમજવી. આ જ વાત શાસ્ત્રકાર મહારાજાએ, ઉપર સૂચવ્યું તેમ, साधयन्ति ज्ञानादिशक्तिभिर्मोक्षमिति साधवः । એમ કહીને જણાવી છે.

**કેવળી બીજાને ઉપદેશ આપે તે સાચો સાધુ નહીં**

જ્ઞાન આદિમાં 'આદિ' શબ્દથી ક્રિયા, ભાવના, તપ, વિનય, સમાધિ, વૈય્યાવચ્ચ વગેરે સમજવું. એ બધી શક્તિથી મોક્ષ સાધે તે સાધુ. અભવ્યો પણ માર્ગના ઉપદેશદ્વારાએ મદદગાર થાય છે. છતાં તેમને મદદગાર ન કહ્યા. શેતાનિયત ભરેલો અભવ્ય, લૂંટવાની દાનત હોય તેથી કે કીર્તિ, આબરૂ યશ માટે સાધુપણું લે છે, છતાં ઉપદેશ આપતી વખતે શેતાનિયત ન ચાલે. અભવ્યો પણ ઉપદેશ તો સારા માર્ગનો જ આપે. તો પછી તે મોક્ષમાં મદદગાર ખરો કે નહીં? તો કહે છે કે અમારે મોક્ષના મદદગાર કેવા જોઈએ તે સમજો! જેઓ સ્વયં મોક્ષને સાધનાર હોય, તેવા. જેઓ માત્ર બીજાને ઉપદેશ આપે એવા પોથીમાંનાં રીંગણ જેવું વર્તન કરનારા હોય તેવાને અહીં સ્થાન નથી. જેઓ પોતે મોક્ષ સાધતા હોય અને તેમાં મદદ કરે તે સાધુ.

**સમતાને ધારણ કરે તે સાધુ**

ઓશવાળ કુળમાં પેદા થયો પણ જો તેની રીતિ રાખે તો તે સાચો ઓશવાળા. તેમ આચાર્યની પરંપરામાં પેદા થયો, અને જે એની રીતિ સાચવે તે આચાર્ય. પહેલાં આચાર્યોએ વ્યુત્પત્તિથી નિરૂપણ કર્યું છે. તેની સાથે નિરુક્તિથી પણ નિરૂપણ કર્યું છે. 'સાધુ' શબ્દમાંના 'सा'

થી અને 'ધુ' થી શું શું લેવું' તે માટે નિરુક્તિનો અર્થ સમજવાની જરૂર છે. 'સા' એટલે સમપણું અને 'ધુ' એટલે વિચારવું - એટલે જે સમપણાનો વિચાર કરે તે સાધુ. જાનવરમાં પણ મારા-તારાપણું છે. કૂતરી પોતાના બચ્ચાંના બચાવ માટે ગમે તે કરે છે. પંખીમાં પણ મમત્વની આ ભાવના રહેલી છે. કાબરો તો કોઈનાં માળામાં ઈંડાં હોય તો મારી ચૂંથી નાંખે. આમ પોતાના ગણેલા ઉપર પ્રેમ અને બીજા તરીકે માનેલ ઉપર દ્વેષ, એ તો આખી દુનિયા કેળવી રહી છે. માટે કહે છે કે તમે દુનિયાથી વિપરીત બનો. વર્તાવમાં, ક્રિયામાં દુનિયાના ઉપર જણાવેલ સામાન્ય ક્રમથી ઊલટું વર્તવું એ સાધુને માટે જરૂરી. આનો અર્થ એ થયો કે પોતાની જાતને બચાવવી અને પારકાને મારવો તેમ સાધુને ન હોય; સાધુને બન્ને પર સમભાવ-સમતા હોય. કોઈ કહેશે, સમતા તો અમે રાખીએ છીએ; જુઓ, અમે ચાર છોકરાને એકસરખા સાચવીએ છીએ, ભાગ પણ સરખો આપીએ છીએ. તો પછી અમે સમભાવવાળા ખરા કે નહિ? આમ સમભાવની વાત કરનારે આપણે પૂછી શકીએ કે તું છોકરાને આપે છે એ ખરું, પણ ભત્રીજા કે ભાણેજને આપે છે ખરો? છોકરામાં સરખાપણું છે પણ બીજા સગામાં નહીં; એ વખતે તારું સરખાપણું ઊડી જાય છે. સાધુને માટે તો સર્વ ભૂતોમાં, જીવમાત્રમાં સરખાપણું સમજવું. मित्ती मे सव्वभूएसु - સર્વ જીવોની પ્રત્યે મારે મૈત્રી - એ માર્ગ સાધુનો છે. શ્રાવકો પણ આ પાઠ બોલે છે, એ વાત ખરી, પણ એ પ્રતિક્રમણમાં બોલે છે, પણ સામાયિક પાર્યું એટલે જ્યાં હતાં ત્યાં ને ત્યાં જ. આ તો હાથીના સ્નાન જેવું થયું કે હાથી નાહીને બહાર નીકળે, એટલે પાછો હતો તેવો ને તેવો જ થઈ જાય છે અને સૂંઢમાં ધૂળ લઈ માથે નાખે છે. આ ઉપરથી કોઈએ એમ ન સમજવું કે નાહ્યા પછી પાછો આમ કરતો હોવાથી હાથીને નવડાવવો નકામો છે. એને નવરાવવો તો ખરો જ. તેમ શ્રાવક સામાયિક, પૂજા,

પ્રભાવનામાંથી નીકળ્યો એટલે આરંભ પરિગ્રહનો કચરો ભેગો કરે છે. તે ન હોત તો

सम्मद्दिट्ठी जीवो जइ वि हु पावं समायरे किंचि ।
अप्पो सि होइ बंधो, जेण न निद्धंधसं कुणई ।।

(અર્થાત સમકિતી જીવ કંઈક પાપ આચરે છતાં તે નિર્ધ્વંસપણે કરતો ન હોવાથી તેને અલ્પ બંધ થાય છે.) એમ કહેવાની જરૂર ન હતી. પણ સાધુપણામાં તેમ નથી. સાધુપણામાં તો સમતા રમતી જ હોય. સર્વ જીવો પ્રત્યેની સમતા જેનામાં ઓતપ્રોત થઈને રમેલી હોય તેનું નામ સાધુ. જ્ઞાનાદિક દ્વારા મોક્ષ સાધે તે સાધુ તે વ્યુત્પત્તિથી કહ્યું, અને સમતાનું ધ્યાન કરે તે સાધુ તે નિરુક્તિથી કહ્યું. આ માટે ટીકાકાર મહારાજે નિરુક્તિથી અર્થ કરતાં કહ્યું કે - समतां वा सर्वभूतेषु ध्यायन्तीति निरुक्तिन्यायात् साधवः ।। એટલે બધા જીવો પ્રત્યે જ સમતાને વિચારે તે સાધુ.

શ્રી અભયદેવસૂરિજી જેવા પણ ' હું પોતે કહું છું માટે આ વાત માની લો' એમ કહેતા નથી. પણ સાથે સાથે પૂર્વાચાર્યની પાકી સાક્ષી પણ રજુ કરતાં કહે છે કે -

निव्वाणसाहए जीए जम्हा साहेंति साहुणो ।
समा य सव्वभूएसु, तम्हा ते भावसाहुणो ।।

અર્થાત્ - નિર્વાણને સાધનાર- જ્ઞાનાદિક - યોગને જે સાધે અને સર્વ પ્રાણીઓને વિષે જેઓ સમતા ધારણ કરે તે ભાવસાધુ(સાચા સાધુ) કહેવાય.

આવા સર્વ સાધુઓને નમસ્કાર કર્યો. આવા સાધુઓને - ભાવ સાધુઓને નમસ્કાર કરવાથી શું ફાયદો થાય તે હવે પછી જોઈશું.

# દેશના - ૨૮

## સાધુપદની વ્યાખ્યા (ચાલુ)

ટીકાકાર ભગવાન અભયદેવસૂરીશ્વરજી ભગવતી સૂત્રની વ્યાખ્યા કરતાં આગળ જણાવી ગયા કે, મંગળાચરણને અંગે જે ગણધર મહારાજની છત્રછાયા નક્કી કરવા પંચ પરમેષ્ઠીને નમસ્કાર કર્યો હતો તેથી નક્કી કર્યું કે જૈનશાસનમાં એક છત્રછાયા નીચે જે હોય તે જૈન, છાયા બહાર ગયો તે અજૈન. એવું ક્યું છત્ર કે જેની છાયા નીચે ગયો તે જૈન? અરિહંતાદિક પંચપરમેષ્ઠીને માનનારા, નમસ્કાર કરનારા જે હોય તે બધા જૈન. તેથી નવકાર ગણનારો જૈન જેઓ નવકારને ગણનારા નથી, નવકારને માનનારા નથી તેઓ અજૈન. આ છત્રછાયા નક્કી કરી તે છત્રછાયા શું ફળ દેનારી? આરાધના દ્વારાએ જ આ છત્રછાયા આપણને મોક્ષ દેનાર છે. પંચપરમેષ્ઠીની આરાધના કરવી તે જ મોક્ષ દેનાર છે.

પંચપરમેષ્ઠીનાં પાંચ પદોમાંનાં પહેલાં ચાર પદોની વ્યાખ્યા થઈ ગઈ. પાંચમા સાધુ પદની વ્યાખ્યા કરતાં ટીકાકાર મહારાજે **''મોક્ષને સાધે તે સાધુ''** એ પ્રમાણે વ્યુત્પત્તિથી અને **''બધા પ્રાણીઓમાં સમતાને ધારણ કરે તે સાધુ''** એ પ્રમાણે નિરુક્તિથી વ્યાખ્યા કરી. આવા સાધુને પંચપરમેષ્ઠીમાં લેવા.

**દેશવિરતિવાળા સાધુ કેમ નહીં?**

પ્રશ્ન - અવિરતિ સમ્યગ્દૃષ્ટિ કે દેશવિરતિવાળો મનુષ્ય મોક્ષનું

મુખ્યતાએ સાધ્ય રાખનાર નથી? ખરી રીતે એ પણ મોક્ષના માર્ગે જ ચાલનાર છે. તો પછી એમને સાધુ કેમ ન ગણાય?

**ઉત્તર** - અવિરતિ સમ્યગ્દૃષ્ટિ જીવો, દેશવિરતિવાળા અને માર્ગાનુસારી મનુષ્યો મોક્ષની ઈચ્છાવાળા ખરા, મોક્ષપદની શ્રદ્ધાવાળાને એક પુદ્‌ગલપરાવર્ત જેટલો જ સંસાર બાકી હોય, પણ ઈચ્છાની સાથે સાથે સંપૂર્ણ પ્રયત્ન ત્યાં ન હોવાથી એવા જીવોને સાધુપદમાં નથી ગણ્યાં. સાધુપદમાં તો જેની સમસ્ત પ્રવૃત્તિ નિરંતરપણે મોક્ષને લક્ષીને હોય તે જ લેવાય. દેશવિરતિવાળા વગેરેની ઈચ્છા મોક્ષની હોવા છતાં તેમની પ્રવૃત્તિ કેવળ મોક્ષ અંગેની ન હોતાં બીજી સંસારની પ્રવૃત્તિ પણ હોય છે. તેથી તે સાધુપદમાં ન ગણાય.

**ભવ્યપણું નક્કી કરવાનો એક ઉપાય**

જૈનદર્શન તો એવું કલ્પવૃક્ષ સરખું છે કે એની પાસે જેટલી માગણી કરીએ તેટલી ઓછી. એ તો માગનાર ભૂલે તો આપનાર ભૂલે જેવું છે. એની પાસે મોક્ષની માગણી કરી તો મોક્ષ મળે. પણ મોક્ષની માગણી કરવાની વૃત્તિ જાગે ક્યારે? જો વધારેમાં વધારે એક પુદ્‌ગલપરાવર્ત જેટલો સંસાર બાકી હોય તો જ મોક્ષની માગણી કરે. જેને વધારે સંસાર હોય તેને મોક્ષની માગણી કરવાની વૃત્તિ ન જાગે. કમનસીબ આત્માને કલ્પવૃક્ષની પાસે ઉત્તમ વસ્તુ કોરાણે મૂકીને કેરડા જેવી હલકી વસ્તુ માગવાના કોડ જાગે. શ્રીમાન હરિભદ્રસૂરિ મહારાજે આ જ વાત એમની વીશ વીશીમાં કે-છેલ્લા પુદ્‌ગલપરાવર્ત સિવાય જીવને મોક્ષનો વિચાર પણ આવે નહીં. ઉપાધ્યાયજી મહારાજે પણ એ જ વાત જણાવી કે જેને એક પુદ્‌ગલપરાવર્ત કરતાં વધારે કાળ જેટલો સંસાર બાકી હોય તે આત્મા પાપે ભરાયેલો હોય, અને તેથી તેને મોક્ષનો વિચાર ન આવે. કોઈ સાધુપણું પાળતો હોય તેને 'હું ભવ્ય

હોઈશ કે અભવ્ય હોઈશ?' તેમ જ કોઈ શ્રાવકના આચાર પાળનાર હોય છતાં તેને પણ 'હું ભવ્ય હોઈશ કે અભવ્ય હોઈશ' તેવો પ્રશ્ન ઊભો થાય તો તેને આચાર્યે ચોખ્ખું કેહવાનું કે તું ભવ્ય જ છે. પારિણામિક ધર્મને જાણવાની, છદ્મસ્થ આચાર્યને ' આ આત્મા ભવ્ય છે' તેમ જાણવાની શી રીત ? જે અભવ્ય હોય તેને પોતે 'ભવ્ય હશે કે અભવ્ય' એની શંકા જ ન થાય. જે ભવ્ય હોય તેને જ એવી શંકા થાય. કારણ કે મોક્ષની ઈચ્છા થયા વિના હું ભવ્ય છું કે નહિ તેવી શંકા થાય નહીં. ઈચ્છા થઈ એટલે શંકા થઈ.

આ રીતે જેમ હું ભવ્ય છું કે નહીં એવી શંકામાત્રથી જીવના ભવ્યત્વનો નિર્ણય જણાવ્યો, તે જ રીતે મોક્ષની ઈચ્છાથી એક પુદ્‌ગલપરાવર્તનો નિયમ જણાવ્યો. મરુદેવી માતા પ્રથમ મનુષ્યત્વ પામ્યાં અને મોક્ષે ગયાં. એક ભવ બાકીવાળો કોઈક આત્મા જ્યારે નિગોદ, વનસ્પતિ, અનાદિ સ્થાવરમાં હોય તેમાં ના નહીં કહી શકાય. તો પછી પુદ્‌ગલપરાવર્ત સંસારવાળો પણ કોઈ હોય તેમાં શી નવાઈ ? સમકિત પામ્યો હોય તે અર્ધપુદ્‌ગલથી વધારે સંસારમાં ન રખડે.

**જાગ્રત આત્મા મોક્ષને જ માગે**

જ્યારે જીવ સમ્યક્‌ત્વ પામે ત્યારે તેને મોક્ષની જ ચાહના જાગે, અને મોક્ષ માગવાની જ ભાવના થાય. તે સિવાય જે કંઈ પૌદ્‌ગલિક વસ્તુ માગે તે તો છેવટે છોકરાના રમકડા જેવી નીવડે. છોકરાઓ કજિયો કરીને બાપ પાસેથી રમકડું લીધું. પણ ચાર-છ કલાક ગયા પછી એ રમકડાનું શું થયું, એ કયાં જઈને પડ્યું, તેનો પણ પત્તો નથી. લેવા માટે તો ધમપછાડા કરેલા અને ટાંટિયા પછાડેલા, પણ છેવટે એ વીસરી ગયો. એ જ રીતે જો તું જગતની ચીજ માગીશ તો તે છોકરાના રમકડા જેવું જ થવાનું. આ ભવમાં મહેનત કરીને મેળવીશ તે પરભવમાં સાથે

નહીં આવે. પોતાનો આત્મા ક્યાંય જશે અને માગેલી ચીજ અહીંની અહીં પડી રહેશે. માત્ર આંખ મિંચાય એટલી જ વાર, અને બધો ખેલ ગંજીપત્તાના મહેલની જેમ, ખલાસ થઈ જાય! બાળક ભમતું રહ્યું અને રમકડું રખડતું રહ્યું. બીજું તો ઠીક, પણ મહામહેનતે ચક્રવર્તીપણું મેળવ્યું હોય તો તેને દૂર થવા માટે પણ આંખો બંધ થાય તેટલી જ વાર લાગે. તેથી જેમ રમકડું માંગવું એ ધૂળમાં રમતા છોકરાને ગમે, પણ કોઈ સમજુ ઉંમર લાયકને પતંગ, લખોટી કે એવાં બીજાં રમકડાં માંગવા તરફ મન ન જાય, એ જ રીતે જેના આત્મામાં જાગ્રતિ આવી હોય તેને મોક્ષ કે મોક્ષને પાસે લાવનારી વસ્તુ જ પસંદ પડે. તેનું મન દુનિયાદારીની ચીજોમાં ન અટવાય. એટલે કે આત્માનું સ્વરૂપ અને ભવાંતરની સ્થિતિ સમજવાવાળને એક મોક્ષ જ માગવાનો હોય.

**સતી સુલસાનું દૃષ્ટાંત**

આ પ્રસંગે સતી સુલસાની વાત સમજવા જેવી છે. સુલસા પર દેવતા તુષ્ટમાન થયો, કહે કે માગ, માગ, જે જોઈતું હોય તે માગ! હું તારા ઉપર પ્રસન્ન થયો છું. આવા પ્રસંગે માગણી કરવામાં પણ કોની પાસે શું માગવું તેમાં અક્કલ જોઈએ. સુલસા શાણી છે અને એની વિવેક શક્તિ જાગતી છે એટલે એ દેવતાને જવાબ આપે છે કે મારે જે જોઈએ છે તે તારી પાસે નથી. મારે મોક્ષ સિવાય બીજી કશી માગણી કરવાની નથી. અને મોક્ષ આપવાની વાત તો દૂર રહી, એનો માર્ગ સમજાવવાની પણ તારામાં શક્તિ નથી. સર્વ ઋદ્ધિ, સમૃદ્ધિ દેવતા આપી શકે તેમ છે. પણ સુલસાનું ધ્યેય મોક્ષ સિવાય બીજુ નથી. એટલે દેવ એની માગણી પૂરી કરી શકતો નથી. સતી સુલસાની જેમ દરેક જીવે બીજી બીજી ચીજોમાંથી મનને હઠાવીને મોક્ષમાં જોડવું જોઈએ.

સમકિત ન પામ્યો હોય એવો પણ જીવ જો કુટુંબ કબિલાની

ઈચ્છાની સાથે સાથે મોક્ષની પણ ઈચ્છા કરે તો સમજવું કે એક પુદ્‌ગલપરાવર્ત જેટલા કાળમાં તેને મોક્ષની પ્રાપ્તિ થાય. અને આથી આગળ વધીને જેને સમકિતની પ્રાપ્તિ થઈ હોય તે જ્યારે બીજી વસ્તુઓની ઈચ્છાને બદલે મોક્ષની ઈચ્છા કરવા લાગે તો તેને અર્ધપુદ્‌ગલપરાવર્ત જેટલો કાળ જ સંસારમાં ભમવાનું છે. તેથી વધુ સમય તેને સંસારમાં રખડવાનું નથી.

**ચડેલો કેવી રીતે પડે છે ?**

આગળ કહેવામાં આવ્યું કે જૈનશાસન તો કલ્પવૃક્ષ જેવું હોવાથી તેની પાસે જે માગો તે મળે. દુનિયામાં મનમાં મોતીના ચોક પુરાય તે કામ ના લાગે. પણ સાચે સાચ મોતી મળે તો જ વાત ખરી ગણાય. પણ અહીં જૈન શાસનમાં તો શાસ્ત્રકાર કહે છે કે, મોક્ષનું મન કરે તો મારે જરૂર મોક્ષ આપવો. મનમાં મોક્ષરૂપી મોતીના ચોક પૂરે તે પણ કામ લાગે. મોક્ષની માગણીમાત્રથી મોક્ષની હૂંડી એક પુદ્‌ગલ-પરાવર્ત જેટલા વખતમાં પાકવાની ખાતરી મળી ગઈ સમજવી. આ માટે ચારિત્રને મોક્ષના સાધનરૂપ ગણ્યું છે અને એ ચારિત્ર દ્વારા જે મોક્ષને સાધે તે સાધુ, એમ સાધુપદની વ્યાખ્યા કરવામાં આવી છે. શાસ્ત્રકારોએ પ્રરૂપેલ ગુણસ્થાનકોના ક્રમ પ્રમાણે મોક્ષ મેળવવાની ભાવનાવાળા જીવે ક્રમે ક્રમે આગળ વધીને ચૌદ ગુણસ્થાનકો પ્રાપ્ત કરવાના છે. ચૌદમું ગુણઠાણું એટલે મોક્ષ. આ વાત લોકભાષામાં કહેવી હોય તો એમ કહેવાય કે મોક્ષરૂપી મહેલમાં પહોંચવું હોય તેણે ૧૪ પગથિયાંવાળી નિસરણી ચડવી પડે છે. આમાં મોક્ષ સાધવાનો પ્રયત્ન કરનાર અગિયાર પગથિયા તો પાર કરી દે. પછી માત્ર ત્રણ જ બાકી રહે. પણ એમાંય એક પગથિયું ચડીને બારમે પગથિયે પહોંચી જાય તો પછી તેરમું - ચૌદમું મેળવવામાં મુશ્કેલી ન રહે. પણ ખરી મુશ્કેલી ૧૧મેથી ૧૨ મે પગથિયે જવાનું એક પગથિયું ચડવામાં જ છે.

અહીંથી આગળ વધી ગયો તો તેનો બેડો પાર થઈ ગયો સમજવો. અને જો ત્યાંથી લપસ્યો અને નીચે પડ્યો તો પાછો સંસારના કીચડમાં ફસી ગયો સમજો. કારણ કે ૧૧મા પગથિયા સુધી ચડેલો પણ અર્ધપુદ્‌ગલ-પરાવર્ત લગી ફરી પાછો સંસારમાં રખડી જાય. આવું શા માટે થાય છે ?સાધુપણામાં કુટુંબાદિક તો ન હોય તો પછી શામાં લપટાય ? તો શાસ્ત્રકાર ખુલાસો કરે છે કે મુહપત્તિ ને દાંડા જેવામાં લપટાય. મુહપત્તિને ઉપકરણ ન ગણતાં શોભા તરીકે ગણી લે; ખરી રીતે તો એ જયણા માટેનું ઉપકરણ છે પણ શોભા માટે નથી, એવી બુદ્ધિ ન રહે ત્યાં 'તારી મુહપત્તિ ઊજળી નથી. અને મારી કેવી ફક્કડ ઊજળી છે !' એવો પૌદ્‌ગલિક ભાવ જાગી જાય. અને જ્યારે એનો જયણાના સાધન તરીકેનો ખ્યાલ ઊડી જાય, અને શોભાની બુદ્ધિ જાગે એટલે પછી પરિણામ સંસારવૃદ્ધિમાં જ આવેને ? મુહપત્તિનું તો એક દૃષ્ટાંત આપ્યું, પણ આ ઉપરથી અનેક બાબતો સમજવાની છે. સામાન્ય નિયમ છે કે ઉપરથી પડનાર ક્યાં જઈને પડે તેનો પત્તો નથી. બીજે-ત્રીજે-ચોથે પગથિયેથી પડે તેને તેટલું ટીચાવાનું ન હોય; તેથી તેનાં હાંડકાં ભાંગે નહીં. પણ ઠેઠ ઉપરથી પડનારાના હાડકાં સાજા ન રહે. મુહપત્તિ કે દાંડાની મમતામાં જરૂરી ઉપકરણને ઉપકરણપણે ન સમજતાં શોભાનાં સ્થાન તરીકે સમજે ત્યાં પડવાનું છે. તે રીતે પડવાવાળો એવો પડે કે અર્ધપુદ્‌ગલ સુધી પણ રખડી જાય. આમ મુહપત્તિ ને દાંડો રખડાવી દે. આ ઉપરથી મુહપત્તિ ને દાંડો રખડાવનાર છે એવું અવળું સમજવાનું નથી. પણ એનો દુરુપયોગ કર્યો એટલે રખડાવનાર બન્યો, એમ સમજવું. ચપ્પુ પકડતાં ન આવડે તેથી આંગળા કપાય, તેમાં ચપ્પુનો શો ગુનો ? પોતાની બિન આવડતે આંગળી કપાય તેથી કંઈ ચપ્પુને નકામું ઠરાવી શકાય નહીં. આનો ટૂંક સાર એ કે ઉપકરણને ઉપકરણની દૃષ્ટિમાં રખાય તો તે તારનાર બને; અને અધિકરણમાં લઈ જવાય તો

ડુબાડનાર થાય!

**તંદુલિયા મચ્છ જેવા ન બનવું**

કોઈ એમ પૂછે કે, ૧૧મા પગથિયા - ગુણસ્થાનક સુધી આવેલા પણ નીચે ઊતરી જાય તો પછી આ આત્માએ "હું નહીં ઊતરું" એવી ધીરજ શાને આધારે રાખવી? એક વસ્તુ બરાબર મગજમાં રાખો! પરનો ઉપઘાત-નાશ સ્વપ્ને પણ ખ્યાલમાં ન આવવો દ્યો, અને समतां सर्वभूतेषु..... સર્વ જીવોને અંગે સરખાપણું રાખો; પણ બીજાનો નાશ કરવાની વૃત્તિવાળા તંદુલિયા મચ્છ જેવા કદી ન બનશો. તંદુલિયો મચ્છ એવો નાનો કે તેને પેટ ભરવા માટે બહુ જ ઓછી સામગ્રી જોઈએ. છતાં સમુદ્રમાં ફરતા મોટા મોટા મચ્છો જોઈને એનું મન તો હંમેશાં એમ જ ચિંતવ્યા કરે કે આ બધાયને હું હડપ કરી જાઉં. આમ વિચારવા છતાં એ કંઈ બધાને ગળી શકતો નથી; તેમ જ એવો વિચાર કરવામાં એને બીજો પણ કોઈ જાતનો લાભ નથી. છતાં એનું મન જ એવું હલકું કે એને સદા બીજાને ખાઈ જવાની બીજાનો નાશ કરવાની - જ વૃત્તિ જન્મ્યા કરે. પરિણામે બધા જીવોને ઉપઘાત નહીં કરવા છતાં ઉપઘાત કરવાની પાપમય દાનતને લઈને તંદુલિયો મચ્છ છેવટે સાતમી નરકે જાય. એટલે જે જીવને ઊંચે ચડવું હોય અથવા ઊંચે ચડ્યા પછી નીચે પડવાના ભયથી દૂર રહેવું હોય તેણે પરનો ઉપઘાત કરવાની વૃત્તિથી સદા દૂર જ રહેવું. જીવે કદી પણ ફલાણાને આમ કરું, તેમ કરી નાંખું, એમ વિચારવું નહીં. એમ કરીએ તો આપણે પણ છેવટે તંદુલિયાના ભાઈ ગણાઈએ.

**સોનાની છરી પેટમાં ન ખોસાય**

આપણાથી બીજાનું ભલું થાય કે ન થાય એ જુદી વાત છે, પણ બીજાનું ખરાબ કરવાની અશુભ વિચારણાથી આપણી દશા તો ખરાબ થાય છે એ નક્કી સમજવું. એટલા માટે જેમ ગૃહસ્થ ડગલે ને પગલે

પોતાની કોથળીએ કાણું ન પડે તે તપાસે તેમ તમારે પણ બીજાના અહિતના વિચારથી તમારા આત્મકલ્યાણની કોથળીમાં કાણું ન પડે તે માટે હંમેશા જાગતા રહેવું જોઈએ. આ રીતે જ્યારે બીજાના અહિતના વિચારથી દૂર થવાય ત્યારે સમજવું કે તમારો આત્મા મોક્ષને સાધનારો છે. સર્વ જીવોને વિષે દ્વેષરહિતપણું સમજે, વિચારે ત્યારે તે સાધુ ગણાય. છરી સોનાની હોય તો પણ તે કમ્મરને શોભાવવા ભેટમાં લટકાવાય અને વખત આવ્યે એ એના રાખનારનું રક્ષણ પણ કરે. છતાં એને પેટમાં ન ખોસાય. એમ થાય તો એ એના રાખનારનો જ નાશ કરે. તે રીતે માનવીએ પોતાના મનનો ઉપયોગ બીજાનું ભલું ચિંતવવામાં જ કરવાનો છે; પણ તેમ ન કરતાં જો ઊલટું તેથી બીજાનું ભૂંડું ચિંતવવામાં આવે તો, એ તો સોનાની છરીને પેટમાં ખોસવા જેવું, પોતાના આત્માને જ નીચે પાડનારું થાય. અને જીવ મોક્ષ મેળવવાને બદલે સંસારમાં રખડવા લાગે.

**સાધુઓ શાસનના થાંભલા**

સાધુઓ મોક્ષ સાધનારા અને સમતાવાળા પણ ખરા, છતાં એમને શાસનના છત્રમાં શા માટે સ્થાન આપવામાં આવે છે ? તો કહે છે કે મકાનને ધારણ કરનાર કે સાચવનાર છાપરું, નળિયા, મોભ વગેરે બધું હોય, પણ એના થાંભલા જ સડેલા હોય તો એ મકાનની હાલત શું થાય ? જેમ આખા મકાનને ટકાવી રાખનાર થાંભલો તેમ આ આખા શાસનના છાપરા તરીકે અરિહંતો, અને મોભ તરીકે સિદ્ધો હોવા છતાં એના થાંભલા તરીકે તો સાધુઓ જ છે. થાંભલો જેમ મકાનને ધારણ કરે તેમ તેઓ શાસનને ધારણ કરનાર સમજવા.

**મોક્ષાર્થીને મદદ કરે તે સાધુ**

આર્ચાર્ય, ઉપાધ્યાયની વૈયાવચ્ચ કરનાર સાધુ, અને બાળ, ગ્લાન કે યાવત્ અરિહંતની વૈયાવચ્ચ કરનાર પણ સાધુ. પ્રભુ

મહાવીરનો આહાર લાવનાર લોહાર્ય હતા પણ ગૌતમસ્વામી કે સુધર્માસ્વામી નહીં. લોહાર્યની પ્રશંસા કરતાં શાસ્ત્રકારને કહેવું પડયું કે - 'धन्नो सो लोहज्जो ' એ લોહાર્યને ધન્ય છે કે જેના લાવેલાં આહારપાણી મહાવીર મહારાજા વાપરે છે. અરિહંતની જેમ આચાર્ય અને ઉપાધ્યાય મહારાજની પણ ભક્તિ કરનાર સાધુ. એટલું જ નહિ બાળ, ગ્લાનાદિની ભક્તિ કરનાર પણ સાધુ. સાધુ કોને મદદ કરે? જેઓ મોક્ષને માર્ગે ચાલતા હોય, જેની પરિણતિ મોક્ષને વરેલી હોય તેની વૈયાવચ્ચ કરનાર સાધુ છે. વૈયાવચ્ચની ઉપેક્ષા કરનાર સાધુ નથી. તેથી ભગવાને ફરમાવ્યું કે જે માંદા સાધુની માવજત કરે તે જ મારો સાધુ. એટલે મોક્ષાર્થીને મદદ આપવી એ સાધુનો ધર્મ આ વાત જણાવતાં ટીકાકાર કહે છે કે -साहायकं वा संयमकारिणां धारयन्तीति साधव:निरुक्तेरेव । સંયમ કરનારને મદદ આપે તે સાધુ. આ અર્થ નિરુક્તિ પ્રમાણે કર્યો.

**વૈયાવચ્ચનું મહત્ત્વ**

વૈયાવચ્ચ અને સંયમ વચ્ચેનો તફાવત સમજો. ઘાસ અમુક રીતે ઘીનું કારણ ખરું, છતાં ઘીનો અર્થી ઘાસ લેવા ન જાય. ઘાસ તો ઘીનું દૂરનું કારણ છે, તે આ રીતે - ગાય ઘાસ ચરે, તેનું દૂધ થાય, તેનું દહીં થાય, તેમાંથી માખણ નીકળે અને તેનું ઘી થાય છે. આ પ્રમાણે ઘાસ ઘીનું કારણ બને છે. છતાં એ સીધું નહીં પણ દૂર દૂરનું કારણ છે. અને આમ હોવાથી તે ઘીના જેટલું આદરપાત્ર નથી બનતું. ઘીનો અર્થી માખણનો ડબો લઈ લે, પણ ઘાસ લેવા ન જાય. આમ છતાં બીજી એક વાત પણ ખરી કે ઘાસ ઘીનું દૂરદૂરનું કારણ છતાં ઘાસની અછત થાય તો ઘીની પણ અછત થયા વગર ન રહે. બાકી ઘીનું નજીકનું - અનંતર-કારણ તો માખણ જ ગણાય. એ જ રીતે મોક્ષનો અર્થી સંયમ લે તે તેનું દૂરનું કારણ ગણાય. પણ વૈયાવચ્ચ તો મોક્ષનું નજીકનું કારણ છે.

કારણ કે, સંયમ કર્મના આશ્રવને રોકે છે એટલે સંવરરૂપ છે, જ્યારે વૈયાવચ્ચ કર્મને ખપાવનાર એટલે નિર્જરારૂપ છે. અને સંવર અને નિર્જરામાં નિર્જરા જ મોક્ષની વધુ નજીક છે; નિર્જરા વિના મોક્ષની પ્રાપ્તિ થતી નથી.

તેથી જે સાધુ હોય તે, જેઓ સર્વવિરતિ અંગીકાર કરી, સર્વ સાવદ્યનો ત્યાગ કરી સમ્યગ્દર્શનાદિમાં પ્રવૃત્તિ કરનારા હોય તેવાઓને મદદ કરે. તેની ધારણા એ જ હોય કે બાળ, ગ્લાનાદિકને મારે જાળવવા; તે પછી જ મારે આહાર લેવો વાજબી છે. સાધુ આહારપાણી કરવા બેસે તે પહેલાં તે એમ જ ઈચ્છે કે પોતાનું જે ભોજન છે તેમાંથી કોઈ કંઈ લે તો હું તરું! એ માટે શાસ્ત્રકારે छंदणा - निमंत्रणा માં નિમંત્રણા પહેલાં છંદના મેલી. છંદણા પહેલાં મેલવાનું કારણ? લાવવાનું નિમંત્રણ કરવા પહેલાં આવેલાનું નિમંત્રણ શીખ! બીજાઓએ લીધું ને બાકી રહ્યું તેટલું વાપરે એટલા માટે છંદણા પહેલી કહી છે.

**પચ્ચખ્ખાણની શુદ્ધિ**

પચ્ચખ્ખાણની શુદ્ધિ કોને ગણી? ગુરુદત્ત, ગુરુ વગેરેને આપતાં કે ગુરુમહારાજની આજ્ઞાથી બીજાને આપતાં શેષ બાકી રહે તે વાપરવું તે શુદ્ધ. આપણે નોકરાશી, પોરસી સરખા પચ્ચખ્ખાણમાં 'ફાસીયં પાલીયં' વગેરે શબ્દો બોલીએ છીએ પણ તે શબ્દોમાં અર્થ ખ્યાલમાં નથી. બીજાને ખપે તે મારે ન ખપે, બીજા લે તો તેમાં જ મારું કલ્યાણ, બીજા લે તો જ હું તરું, બીજાને ખપ હોય ત્યાં સુધી મારે નહીં વાપરવું, એ છે પચ્ચખ્ખાણની શુદ્ધિ. આવી દૃષ્ટિ ન હોય તો બીજા વસ્તુ વાપરી જશે તો મારું શું થશે, એવી હલકી બુદ્ધિ જ જન્મે.

બાળ, ગ્લાન વગેરેનું વૈયાવચ્ચ કરવાનું સાધુને માટે કહ્યું છે એ ખરું, પણ સમુદાયમાં કોઈ પણ ન હોય અને કોઈ માંદો ન પડ્યો હોય

ત્યારે શું એમ વિચારીને અફસોસ કરવો કે કોઈ માંદું ન પડ્યું ? આવું વિચારવાનું ન હોય. આમ વિચારવું એ તો અધર્મ બુદ્ધિ કહેવાય. વાત એટલી જ કે સાધુની ધારણા હમેશાં વૈયાવચ્ચ કરવાની રહે; અને એવો પ્રસંગ આવે ત્યારે પાછો ન પડતાં એમાં પ્રવૃત્તિ કરે. પણ આવો પ્રસંગ ન આવે તો તેથી દિલગીર થવાનું ન હોય. આ જ વાત આહારને માટે પણ સમજવી. એમાં પણ એમ જ વિચારે કે આ ભોજન બીજાના કામમાં આવે તો સારું; એમ થાય તો હું તરું.

**મોક્ષ સાધવા માટે જ દેહનું પોષણ**

વળી આહાર કરવામાં પણ એક જ વિચાર - જેમ આપણે ઘરની દુકાન ન હોય તો બીજાની દુકાન ભાડે રાખીએ, પરંતુ ભાડું ભરીએ છીએ તે પ્રમાણમાં આવક છે કે નહીં તે વિચારવું જોઈએ છે, તેમ આ શરીર રૂપી દુકાનને ખોરાકરૂપી ભાડું દેવાય છે, તેમાંથી તેટલો લાભ નીકળે છે કે નહીં? એટલા માટે કહ્યું કે मोक्खसाहणहेउस्स साहुदेहस्स धारणा અર્થાત્ સાધુ દેહનું ધારણ અને પોષણ કરે તે મોક્ષ સાધવાના ઉદ્દેશથી જ કરે. મોક્ષનાં સાધનો સમ્યક્ત્વાદિક, તેને મેળવવાનું આ શરીર કારણ બને છે માટે સાધુ શરીરને આહારાદિકથી પોષે છે. ભક્તિમાં પણ સંયમ સાધનારને સહાય કરું એવી ધારણા હોય. આવી જ ધારણાવાળા હોય તે સાધુઓ. આ અર્થ નિરુક્તિને આધારે કર્યો.

દુનિયામાં આસ્તિકમાત્ર સાધુને માનવાવાળા હોય. શૈવ મતવાળા સંન્યાસીને, ક્રિશ્ચયનો પાદરીને અને બૌદ્ધો ભિખ્ખુઓને, એમ બધા આસ્તિકો સાધુને માને છે. પણ જેને સાધુ માન્યા તે મોક્ષને સાધનાર છે કે નહિ એ વિચારવાનું રહે છે. આ દૃષ્ટિએ જ સાચા સાધુજીવનનો ખ્યાલ આવી શકે.

**સાધુમાત્રને નમસ્કાર શા માટે ?**

સાધુઓમાં કોઈ અભવ્ય હશે તો? દરેક જીવે અનંતી વખત સાધુપણાં પાળ્યાં; અભવ્યોએ પણ અનંતી વખત પાળ્યાં. એવા અસાધુને પણ અમે નમ્યા હોઈશું ને? અભવ્ય જીવો એ તો મિથ્યાત્વી જીવો છે; એ સાધુ તરીકે આપણા માનવામાં આવી ગયા તો આ જીવની દુર્ગતિ કેમ ન થઈ? આનો ખુલાસો શાસ્ત્રકાર મહારાજ એમ કરે છે કે, અભવ્યના ઉપદેશથી પણ કેઈક આત્મા સમકિત પામ્યા છે અને અનંતા જીવો તરી ગયા છે. તેટલા માટે અભવ્યને પણ શાસ્ત્રકારે દીપક સમકિત ગણ્યું છે. કારક, રોચક, દીપક-સમ્યક્ત્વના આ ત્રણ ભેદ પૈકી અભવ્યને દીપક સમકિત ગણ્યું. આનો સાર એ કે - અભવ્યો પણ શાસનમાં બુઝવનાર બને છે. વળી જ્યાં સુધી કોઈ પણ સાધુનું કુગુરુપણું ન જણાય ત્યાં સુધી તેનું સુગુરુપણું માનવામાં જ લાભ છે. તેથી મિથ્યાત્વી જીવો અભવ્ય દ્વારા પણ સમ્યક્ત્વ પામે છે, એટલે એવાને પણ ગુરુ માનશે.

કુગુરુને ગુરુ માનવાથી નરકે જવાનું થશે ખરું? મિથ્યાત્વી હોય તે જ આ પ્રમાણે કહે. એવું કહેનાર તે ખોટાં ગપ્પાં મારનાર છે. પરીક્ષા કર્યા વગર નમે તો નરકે જાય એમ કહેવું એ ઉત્થાપકનું વાક્ય છે. મિથ્યાત્વી નરકે જ જાય તેવો તેમનો નિયમ ખરો? મિથ્યાત્વી તરીકે નરકે જવાનો નિયમ નથી. અભવ્યના પ્રતિબોધેલા અનંતા મોક્ષે જાય તેથી તેમને દીપક સમ્યક્ત્વ કહેલ છે. આ ઉપરથી કોઈ એમ કહે કે તો તો પછી સુગુરુ અને કુગુરુની પરીક્ષા જ ન કરવી એમ જ ને? અભવ્યથી કે મિથ્યાત્વીથી પણ સમ્યક્ત્વ યાવત્ મોક્ષ સુધ્ધાં થાય છે તો પછી કોઈનું સાધુપણું તપાસવું નહીં એમ જ ને ? આનો ખુલાસો કરતાં શાસ્ત્રકાર કહે છે કે, ના. જિનેશ્વર મહારાજના શાસનમાં વ્યાવહારિક સાધુપણું હોય ત્યાં સાધુ માનવામાં હરકત નથી. અભવ્ય, મિથ્યાત્વી

હોય તો પણ મોક્ષ સુધીનો લાભ આપે છે. આમ ન માનીએ તો એનો અર્થ ભવ્યપણાનો નિર્ણય ન થાય ત્યાં સુધી સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા ન માનવાં એવો જ થાય. તેમની અપેક્ષાએ આ અવ્યક્ત નિહ્નવની વાત છે. એક આચાર્ય જોગ વહેવડાવે છે જોગ દરમ્યાન તે આચાર્ય કાળ કરી સ્વર્ગે ગયા. એટલે દેવલોકમાંથી આવી પોતાના શરીરમાં પેસી જોગની ક્રિયા પૂરી કરાવી દીધી; પછી કહ્યું કે માત્ર જોગ પૂરા કરાવવા આવેલ છું. આમ કહી તેઓ સ્વર્ગે પાછા ચાલી ગયા. પરંતુ વીજળીનો ઝબકારો બંધ થાય પણ તેના કડાકાથી પથ્થરમાં પડેલી ફાટ કેમે કરી ન સંધાય, તેમ એ આચાર્યે પોતાના આત્માને માફી માગી ચોખ્ખો કર્યો. અહીં સાધુઓને ફાળ પડી- અસંયમીને વંદન થયું. આ સાધુ-સાધ્વી દેવતા હશે તો અવિરતિને વંદન થઈ જશે ! બધાએ વિચાર્યું કે આ બીજા સાધુઓ દેવતા હશે તો ? અસંયમીને વંદન થઈ જશે માટે વંદનવ્યવહાર બંધ કરો ! દેવતા નથી એવો નિશ્ચય થાય તો જ વંદન કરશું. આને શાસ્ત્રકારે નિહ્નવમાં ગણ્યા. શાસ્ત્રકાર તો વ્યવહારથી સાધુપણું હોય, વિરુદ્ધનો નિશ્ચય ન થાય, તો વંદન કરવું જોઈએ, એમ ચોખ્ખુ કહે છે.

આટલા માટે नमो अरिहंताणं વગેરે ચાર પદોમાં सव्व શબ્દ નથી. અરિહંતાદિક ચાર પદમાં પરીક્ષા પછી માનવાની વાત છે, જ્યારે સાધુપદ વ્યવહારથી માનવાનું છે, તે માટે सव्व શબ્દ સાધુપદમાં મેલ્યો. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય પરીક્ષાથી માનો, પણ સાધુપદને તો વ્યવહારથી માનો. આ પંચમ પદમાં सर्व શબ્દ શા માટે કહ્યો તે હવે પછી જોઈશું.

# દેશના - ૨૯

## સાધુપદની વ્યાખ્યા (ચાલુ)

વ્યાખ્યાકાર શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજ શ્રી ભગવતીસૂત્રની વ્યાખ્યા કરતાં શિષ્ટનાં આચાર જાળવવાથી શિષ્ટત્વ મળે છે એમ જણાવી ગયા. ઓશવાળપણું વગેરે તે તે કુળમાં જન્મ લેવા દ્વારાએ જ મળે છે. પણ શિષ્ટને ત્યાં જન્મવા માત્રથી કંઈ શિષ્ટપણું મળતું નથી. માણસ સજ્જનપણું શાથી પામે છે ? જેમ સજ્જનનો માર્ગ લેવાથી સજ્જનપણું આવે છે, તેવી જ રીતે શિષ્ટની આજ્ઞાને અનુસરવાથી જ શિષ્ટપણું આવે છે. એટલે શિષ્ટતાનો માર્ગ જાળવવા માટે ગણધર મહારાજાઓને સૂત્રની શરૂઆતમાં મંગળ કરવા માટે પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરીને તેમને નમસ્કાર કરવા પડ્યા. તેમાં અરિહંતાદિક ચાર પદોનું વિવેચન કરી ગયા અને પાંચમા સાધુપદનું વિવેચન ચાલી રહ્યું છે.

**સાધુ કોને કહેવાય ?**

આ પાંચમાં પરમેષ્ઠી કોણ ? સાધુ ભગવંત. સાધુ કોને કહેવાય ? વેષ ધારણ કરવામાત્રથી શું સાધુ કહેવાય ? સાધુ શાથી ? મુગુટ કુંડળ એ રાજાપણાનાં ચિહ્નો ખરાં, પણ ખરું રાજાપણું તો સત્તામાં રહેલું છે. જેમ પોતાની આજ્ઞાનું બીજા પાસે પાલન કરાવવાની સત્તા હોય તો તે સાચું રાજાપણું તેમ અહીં વેષ એ સાધુપણાનું ચિહ્ન ખરું, વેષ એ ઓળખાણના સાધન કરીકે છે, પરંતુ ખરું સાધુપણું શામાં ? તે માટે જણાવ્યું કે મોક્ષને સાધવાની જેની પ્રતિજ્ઞા છે, મોક્ષ જ

જેનું સાધ્ય છે તે સાધુ. શૂરો સરદાર નામથી ઓળખાય, છતાં તેનું ધ્યેય ક્યુ ? માત્ર શત્રુને જીતવાનું તેનું ધ્યેય હોય છે. શત્રુને જીતવા સિવાય બીજી ઘણી વાતો કરે, પણ તે બીજી વાતો ગમે તેટલી કરે છતાં એ ધ્યેય તરીકે નથી. શૂરાનું ધ્યેય એક જ: શત્રુને જીતવો. શૂરો તો देहं पातयामि वा कार्यं साधयामि એ સૂત્રને હમેશાં ધ્યાનમાં રાખી પ્રાણના ભોગે પણ પોતાના ધ્યેયને પાર પાડે. સાધુજીવનમાં પણ સાધુએ ગમે તે ભોગે પોતાના જીવનધ્યેયને વળગી રહેવાનું હોય છે. આટલા માટે જ સાધુજીવનની પ્રતિજ્ઞામાં શાસ્ત્રકાર ભગવંતે करेमि भंते સૂત્રમાં जावज्जीवाए - આખી જિંદગી સુધી આ પ્રતિજ્ઞા હું પાળીશ - એમ સૂચવ્યું છે. આનો અર્થ એ કે, આ દેહ પડવાનો વખત આવે ત્યાં સુધી મારા કાર્યને હું સાધું. આવી રીતે મોક્ષ સાધનારને સાધનસામગ્રી અનકૂળ ન હોય તો કાર્ય વિનાશ પામે. માટે સાધનસામગ્રીને જણાવતાં ज्ञानादिशक्तिभि: એમ કહીને સમ્યગ્‌જ્ઞાનક્રિયા રૂપ સાધનો દ્વારા જે મોક્ષ સાધે તે સાધુ એમ જણાવ્યું. સાધુ મોક્ષમાં લીન બને તે માટે એક વાત લક્ષમાં લેવાની : મનુષ્ય કાર્યમાં વિઘ્ન કરનારા તરફ દ્વેષ રાખ્યા વગર રહી શકતો નથી. એક માણસ પોતે સામાયિક લેવા તૈયાર થયો, છતાં વચમાં છોકરો આડો થયો તો સામાયિક કરવા માગે છે કે છોકરાને મારવા માગે છે ? સામાયિકના નામે માર્યો એટલે એણે ધ્યેય ખોયું. એટલે ધ્યેય શુદ્ધ છતાં સાધન શુદ્ધ રીતે વાપરવામાં ન આવે તો નુકસાન થાય સર્વ જીવોને અંગે સરખાપણું, તેમાં આવેશ, દ્વેષ, અરુચિ વગેરે દાખવા જ ન જોઈએ. આ રીતે જુઓ મોક્ષનાં સાધનોને સાધવાવાળા તે સાધુ.

**સ્વાર્થ સાથે પરાર્થ સાધે તે સાધુ**

હવે બે પ્રકારે જીવની ઉત્તમતા જાણી શકાય: સ્વાર્થસિદ્ધિ દ્વારા અને પરાર્થસિદ્ધિ દ્વારા. પોતાના આત્માનું સાધ્ય સિદ્ધ કરે તેમ જ,

પોતાનું સિદ્ધ કરવા સાથે, બીજા ઉપર ઉપકાર કરનારા થવું તે સાધુઓની સ્વાર્થસંપત્તિ. આ સ્વાર્થસંપત્તિ તે પારર્થસંપત્તિ પૂર્વક જ રહેલી છે. મોક્ષનું સાધવું તે ક્યારે બને? બીજાઓને મોક્ષમાં મદદ કરનાર બને તો જ સ્વાર્થસંપત્તિ બને. સાધુ ગોચરી ફરે તેમાં પણ "गृहिदेहोपकाराय" - અર્થાત્ ગૃહસ્થો સુપાત્રદાન દ્વારાએ પોતાના આત્માનો ઉદ્ધાર કરનાર થશે ને મારા શરીરનું પોષણ થશે - આ વિચાર પૂર્વક ગોચરી લેવાય તે સર્વ સંપત્કારી ભિક્ષા ગણાય. મતલબ કે સાધુનાં સાધુપણાનું પાલન પરાર્થ સંપત્તિપૂર્વક જ થાય છે. અતિથિસંવિભાગ વ્રત હોય ત્યારે સાધુને જે ન વહોરાવ્યું હોય તે શ્રાવકો ખાય નહીં. ગોચરી લાવે ને પછી આચાર્યને અર્પણ કરે. આચાર્ય બીજાઓને આપવાનું કહેતાં ફરમાવે કે તું બીજાને આપ. આ રીતે આચાર્યની આજ્ઞા પ્રમાણે બીજાને આપતાં બાકી રહે તે વાપરે તે સાધુ; સંવિભાગપૂર્વક ભોજન કરનાર તે સાધુ. મોક્ષમાર્ગે જવાવાળા સર્વ જીવોને કુટુંબ તરીકે માને; ન્યાત, જાતિ, શેરી તરીકે સંબંધ નહીં, માત્ર સંયમ કરનારને બધાને મોક્ષ માર્ગમાં મદદ કરે તેથી તે સાધુ. તેથી પાંચમા પદમાં એમને નમસ્કાર કર્યો છે.

**સાધુપદવી તે એકડિયાનો વર્ગ છે**

આચાર્ય પદવી પરીક્ષાપૂર્વક ગુરુએ આપેલી; ઉપાધ્યાય પદવી પણ તેવી જ રીતે પરીક્ષાપૂર્વક ગુરુએ આપેલી છે. પણ સાધુપણું તો પ્રથમ પગથિયું છે. એક બીજી વાતઃ આચાર્ય, ઉપાધ્યાય પદવી એ તો જ્ઞાનની તરતમતા તેમ જ શાસનની જોખમદારીને અંગેની પદવીઓ છે. પણ સાધુપણાની પદવી એકડિયાના વર્ગ જેવી છે. ધોરણ બહારના વર્ગમાંથી આગળ જવાવાળો વર્ગ તૈયાર થાય. આચાર્યો, ઉપાધ્યાય તે પદસ્થો છે; સાધુઓ પદસ્થની બહારનો વર્ગ છે. ધૂળી નિશાળના વિદ્યાર્થીનો વિચાર કરીએ તો એક જ વિચારાય કે તે નિશાળમાં આવ્યો એટલે નિશાળિયો. એ ભણ્યો નથી, તોફાન કરે છે, છતાં એ કંઈ

જોવાનું નહીં. ત્યાં તો નિશાળમાં દાખલ થયો એટલે વિદ્યાર્થી વર્ગમાં ગણાય. સાધુઓનું પણ એમ જ સમજવું. સાધુપણું તે ધૂળી નિશાળમાં દાખલ થયેલ વિદ્યાર્થી વર્ગ; જેમ જેમ કેળવાય તેમ તેમ આગળ ચાલે. આ રીતે આમાં જે કોઈ દાખલ થાય તેને નમસ્કાર કરવાનું જણાવવા માટે સવ્વ (સર્વ) શબ્દ જોડવો પડ્યો.

**ભરત બાહુબલીજીના જીવનનો બોધપાઠ**

પાંચ પ્રકારનાં ચારિત્રો છે : સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત. આ પાંચ પ્રકારનાં ચારિત્રોમાં " सव्वं सावज्जं जोगं पच्चक्खामि" એવી પ્રતિજ્ઞાથી જે સ્વીકાર્યું-તે ચારિત્ર સામાયિક ચારિત્રમાં છે. માથું કાપનાર તરફ પણ ઉપેક્ષાભાવ તે આ પ્રતિજ્ઞાનું રહસ્ય છે. ભરત ચક્રવર્તીની સામા ૧૨ વર્ષ સુધી બાહુબલીજી લડ્યા. સામા-સામી નહીં નમવા માટે તો લોહીની નદીઓ વહી છે. છતાં ભરતનું માથું બાહુબલીજીને કેમ નમ્યું ? એક જ મુદ્દો, બાહુબલીજી સામાયિકમાં દાખલ થયા. સામાયિકચારિત્ર ગ્રહણ કર્યું એટલે બસ. બીજા તો ઢોંગી ગણી નાખે. બાહુબલીજીને ઢોંગી ઠરાવવા હતે તો ભરતને શો વાંધો હતો ? એ તો એમ પણ કહી શકત કે પોતાને હારીને કેદી ન બનવું પડે માટે બાહુબલીજીએ ભેખ લઈ લીધો, અને સાધુપણાનો ઢોંગ આદર્યો ! વળી ભરત મહારાજ એમ પણ કહી શકત કે બાહુબલીજીએ સાધુપણું સ્વીકાર્યા છતાં પિતાજી પાસે જતાં અચકાય છે, અને તીર્થંકર જેવા પાસે જવું ગમતું નથી છતાં પોતે સાધુ થયાનું કહે છે, એ તો કેવળ સાધુપણાનો ઢોંગ જ ગણાય ભરત મહારાજા જો ધારત તો બાહુબલીજીને માટે આવું કંઈ કંઈ બોલીને એમના સાધુપણાનો અસ્વીકાર કરી શકત. પણ એમણે તો તે વેળાએ બીજો કશો જ વિચાર નહીં કરતાં સારભૂત એક જ વાતનો વિચાર કર્યો કે સર્વ સાવદ્યને ત્યાગી સાધુ બનેલ હોવાથી બાહુબલીજી નમસ્કાર કરવા લાયક છે. આ જ વાત સાધુજીવનનો સ્વીકાર કરનાર સહુ કોઈને

લાગુ પડતી હોવાથી સર્વ સાધુને નમસ્કાર કર્યો. વાંકીચૂકી બની હોય તો પણ ઘઉંની રોટલીની ઘટતી કિંમત થાય જ. નાની છોકરી રોટલી વણતાં શીખે ત્યારે એ ભલે ગોળ ન થાય તોય તેની કિંમત તો ખરી જ. પહેલે પ્રયત્ને જ કંઈ રોટલી જોઈએ તેવી ઘાટીલી થોડી જ થાય છે? છોકરી એ શરૂઆતમાં રસોઈ કરી હોય તે બધાયને કેવી ભાવે છે? પણ એ ભાવે કે ન ભાવે, પણ એવો પ્રયત્ન કર્યા વગર ચાલે નહીં; અને આવા પ્રયત્નમાંથી જ આગળ જતાં જોઈતો વિકાસ થાય છે. એ જ રીતે બાહુબલીજીએ સાધુપણાનો સ્વીકાર કરવાની સાથે ભલે એમનામાં વીતરાગતા-ક્ષીણ કષાયતા-ન આવી હોય, છતાં એમાં સર્વ સાવદ્યનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞાનો મુદ્દો રહેલો હોવાથી ભરતજીએ તેમને નમસ્કાર કર્યા. આ જ વાત બીજા સર્વ સાધુઓને માટે સમજીને એ સર્વને નમસ્કાર કરવા જોઈએ.

**મેતારજ મુનિ અને સોનીનો દાખલો**

આપણને શંકા હોય કે અમુક માણસે લુચ્ચાઈથી જ સાધુપણું સ્વીકાર્યું છે, છતાં ત્યાં પણ જે ધર્મનો માર્ગ જાણતો હોય એણે આદરભાવ દેખાડવો પડે છે. જવલાને માટે પેલા સોનીએ મેતારજ મુનિના શરીરે વાધરડા વીંટીને એમને કષ્ટ આપવામાં કશી મણા રાખી ન હતી; તે એટલી હદે કે એ દુઃખને કારણે મેતારજ મુનિ કાળધર્મ પામ્યા. ક્રૌંચપક્ષીએ વિષ્ટામાં જવલા કાઢયા અને એ જ્વલા મેતારજ મુનિએ નહીં ચોર્યાની પેલા સોનીને ખાતરી થઈ ત્યારે પોતે કોઈપણ જાતના દોષ વગર મેતારજ મુનિને આપેલા અપાર કષ્ટના વિચારથી સોની તો ભારે મૂંઝાઈ ગયો. તેને થયું, શ્રેણિક મહારાજાને મારા આ ગુનાની જાણ થઈ છે, એટલે એ મને ને મારા કુટુંબને ઘાણીએ ઘાલીને પીલ્યા વગર નહીં રહે. હવે આમાંથી મારે ખસવું શી રીતે? છેવટે તે વિચારે છે કે જો હું ત્યાગી બની જઈશ તો રાજા મને કશું નહીં કરે. અને એમ વિચારી એ મેતારજ મુનિનાં ઓઘો અને મુહુપત્તિ લઈને "સવ્વં

सावज्जं जोगं पच्चक्खामि '' ની પ્રતિજ્ઞાપૂર્વક સાધુપણાનો સ્વીકાર કરીને સાધુનાં કપડાં પહેરી લે છે. ત્યાં તો સિપાહીઓ આવીને બારણાં ઉઘાડવાનું કહે છે. જવાબમાં મુનિ થયેલ પેલો સોની ''ધર્મલાભ'' કહે છે. ''ધર્મલાભ'' શબ્દ શ્રેણિકના રાજ્યમાં એવો રૂઢ થઈ ગયેલો કે સાધુ સિવાય ધર્મલાભ શબ્દ કોઈ ન આપે. સોની અત્યારે જવલાને બદલે ધર્મલાભ આપે છે, એટલે સિપાહીઓ જઈને શ્રેણિક રાજાને કહે છે કે અમે તો મૂંઝાયા છીએ; આ તો હવે ધર્મલાભ શબ્દ ઉચ્ચારે છે એટલે એમને હવે પકડવા કેમ કરી? આ પછી તો રાજા પોતે ત્યાં જાય છે અને ધર્મલાભ શબ્દ સાંભળી વિચારે છે કે ''ધર્મલાભ'' કહેનાર સાધુને અડચણ આવવી ન જોઈએ! ચોક્કસ આ માણસ ભયંકર ગુનામાં આવ્યો છે, પણ હવે એ ત્યાગના રસ્તે જઈ ગુનાથી બચવા માગે છે, માટે એને ગુનામાંથી મુક્ત થયેલો ગણીને એ માર્ગે જવા દેવો જોઈએ. જરા વિચારો, જે સાધુને સોનીએ માર્યા છે તે શ્રેણિકના જમાઈ છે. એક બાજુ જમાઈ મરેલો પડ્યો છે; બીજી બાજુ જમાઈનો મારનાર ગુનેગાર સાધુવેશમાં રાજની સજામાંથી છટકી જાય છે. એનો ગુનો તો એને એના આખા કુટુંબને અવળી ઘાણીએ પીલી નાખવાની સજા થાય એવો ભયંકર છે. છતાં રાજા શ્રેણિક એને શિક્ષા શાથી નથી કરતા? એ દીક્ષિત થયેલ હોવાથી. સર્વ સાવદ્યનો ત્યાગ કર્યો એટલે નમસ્કાર કરવા લાયક ગણી એને છોડી દીધો. કાયદામાં દીક્ષિત થયો એટલે એનું સામાજિક મૃત્યુ(Civil Death) થયું ગણીને એને લેણદેણની બાબતમાં મરી ગયેલો માન્યો. એ જ રીતે પ્રાચીન કાળમાં પણ સીવીલ કે ફોજદારી ગુનો કર્યો હોય તો તે બન્ને ગુનામાંથી દીક્ષિત મરી ગયેલો ગણાતો. જે ક્ષણે તેણે જાવજીવ સામાયિક સ્વીકાર્યું તે જ ક્ષણે તે નમસ્કરણીય. દુનિયામાં તો 'તેલ જો, તેલની ધાર જો' તેવું કહેવામાં આવે, પણ સાધુજીવનની દૃષ્ટિએ તો જેણે સામાયિક ચરિત્ર લીધું તે પૂજ્ય થયો. ચાહે તે વડી દીક્ષાવાળો હોય, ચાહે તે પરિહારવિશુદ્ધિ કે સૂક્ષ્મસંપરાય ચારિત્રનો

ધારક હોય, દસમે ગુણઠાણે રહેલ હોય કે યથાખ્યાત ચારિત્ર સુધી પહોંચેલો હોય, ચાહે જે હોય તે બધા એક સરખી રીતે નમસ્કાર કરવા લાયક છે. આ જ વાત કહેતાં ટીકાકાર ભગવાન ફરમાવે છે કે -

सर्वे च ते सामायिकादि विशेषणाः प्रमत्तादयः पुलाकादयो जिनकल्पिक-प्रतिमाकल्पिक - यथालन्दकल्पिक - परिहार-विशुद्धिकल्पिक - स्थविरकल्पिक - स्थिति कल्पिक-स्थितास्थितकल्पिक - कल्पातीत भेदाः, प्रत्येकबुद्ध-स्वयंबुद्ध बुद्धबोधितभेदाः, भारतादिभेदाः सुषमदुष्मादिविशेषिता वा साधवः सर्वसाधवः।''

અર્થાત્ પાંચે ચારિત્રમાંથી કોઈ પણ ચારિત્રનો ધારક હોય તે સર્વ નમસ્કાર કરવા લાયક છે.

સાધુ એટલે ધર્મરાજાનો સિપાઈ

**પ્રશ્ન** - સાધુઓ લડે, અઘોરી પેઠે સૂઈ રહે, ભણે નહીં, ગણે નહીં તેવાને પણ શું નમસ્કાર કરવા લાયક ગણાય ?

**ઉત્તર** - સર્વ શબ્દ એટલા માટે છે કે ૬ થી ૧૪ સુધીના કોઈ પણ ગુણસ્થાનકે બિરાજતો હોય, ને ગમે તે અવસ્થાવાળો હોય તો પણ તે સાધુ નમસ્કાર કરવા લાયક છે જેમ સરકારી પટાવાળો ગમે તેવો હોય - ઓછી અક્કલવાળો, નબળો કે નાનો હોય - તો પણ તેને રોકી ન શકાય; સરકારી પટો હોવાથી તેનું અપમાન ન કરી શકાય, તેમ સાધુ એ ધર્મરાજાનો સિપાઈ છે, એટલે ચાહે તે પ્રમત્ત દશાવાળો હોય, તો પણ નમસ્કાર કરવા લાયક સમજવો.

**પુલાકલબ્ધિવાળા સાધુ પણ વંદનીય**

તત્ત્વાર્થસૂત્ર વગેરેમાં મુનિઓના પુલાક, બકુશ, કુશીલ વગેરે પાંચે ભેદો કહ્યા છે. અહીં સવાલ એ થાય છે કે લબ્ધિપુલાક સાધુ કે જેની શક્તિ એવી હોય છે કે એક બાજુ ચક્રવર્તીનું સૈન્ય હોય અને બીજી બાજુ પુલાકલબ્ધિવાળો હોય અને જો તે વિફરે તો ચક્રવર્તીના સૈન્યને પણ સાફ કરી નાખે. ચક્રવર્તીનું સૈન્ય એટલે ૮૪ લાખ ઘોડા, રથ, હાથી

વગેરે, ૯૬ ક્રોડ પાયદળ, આવા લશ્કરનો પણ એ ચૂરો કરી નાખે. તો આવી સ્થિતિમાં પુલાકલબ્ધિવાળો આવેલો હોય તો તેવાને વંદન શી રીતે કરાય? આનો ખુલાસો એ સમજવો કે પુલાકલબ્ધિવાળો સાધુ આવી વિશિષ્ટ શક્તિ ધરાવતો હોય છતાં તે પોતાની લબ્ધિની ફોરવણી કરે તે પોતાને માટે નહીં પણ શાસનને માટે જ પોતાની લબ્ધિની ફોરવણી કરે, તેથી તેવા પણ વંદનીય પણામાંથી બાતલ થાય નહીં.

**દરેક કલ્પના સાધુ નમસ્કારને યોગ્ય**

હવે કલ્પની વાત કરીએ તો, સાધુઓમાં જિનપ્રતિમાવાળા યથાર્થ જિનકલ્પી સાધુઓ પણ હોય અને સ્થવિરપણામાં રહેતા સ્થવિરકલ્પી કે સ્થિતકલ્પી પણ હોય; તેમ જ સ્થિતાસ્થિત કલ્પી પણ હોય; અને કેટલાક તીર્થકર મહારાજ જેવા કલ્પાતીત પણ હોય. આ બધાય સાધુઓ નમસ્કાર કરવા લાયક જ છે. આ જ વાત ટીકાકાર ભગવાને ઉપર આપેલ પાઠમાં જણાવી છે. એ પાઠમાં પ્રત્યેક બુદ્ધ, સ્વયંબુદ્ધ, બુદ્ધબોધિત એ બધાને લેવાના છે; તેમજ ભરત વગેરે દરેક ક્ષેત્રના અને સુષમદુષ્ષમા વગેરે કાળના સાધુઓને પણ લેવાના છે. આટલા માટે જ આ પાંચમાં મંગલમાં 'સર્વ ' શબ્દ વાપર્યો છે.

**ગુણીપણાની જરૂર**

**પ્રશ્ન-** પાસત્થા, કુશીલિયા અને નિહ્નવોને પણ નમસ્કાર કરવો ?

**ઉત્તર** - તેને સામાયિક ચારિત્ર રહે ખરું ? ''આણં તાણં કંઈ ન જાણં, શેઠવચનં પરમાણં'' એ હિસાબે અમે તો બીજુ કંઈ ન જાણીએ, અમે તો કેવળ ભેખ દેખીને નમીએ, એમ કહીને કુશીલિયા વગેરેને પણ જેઓ નમસ્કાર કરવાનું કહેતા હોય તેવાના શાસ્ત્રકાર પોતે જવાબ આપતાં ફરમાવે છે કે ''सर्वग्रहणं च सर्वेषां गुणवतामविशेष-नमनीयताप्रतिपादनार्थम्'' મતલબ સાધવાવાળો પણ ગુણવાળો તો જોઈએ જ.

**પાંચમા મંગલમાં સર્વ શબ્દ શા માટે ?**

**પ્રશ્ન** - અહીં આ પાંચમાં મંગલમાં **સર્વ** શબ્દ શા માટે લીધો ? અને અરિહંત વગેરેની સાથે સર્વ શબ્દ કેમ ન લીધો ?

**ઉત્તર** - અરિહંતો બધા નિયમેન ચારે ઘાતી કર્મરહિત હોય; સિદ્ધો બધા આઠ કર્મ રહિત હોય; આચાર્યો પણ બધા સરખા હોય; ઉપાધ્યાય પણ બધા અંગોપાંગ ભણાવનારા હોય - તેમાં બધામાં એક જ લાઈન, પણ સાધુમાં ઘણી લાઈન, એટલે બધાનું ગ્રહણ કરવા માટે **સર્વ** શબ્દ પાંચમા મંગલ સાથે મૂક્યો. પણ આનો અર્થ કદાપિ એ નથી કે ભેખધારી કે નાટકીયાને પણ પૂજવા. બીજાઓ વેષ ભજવનાર છે, તેમ જાણવા છતાં તેની જય બોલાવી નમસ્કાર કરે છે, તેમ અહીં ભેખધારીને નમસ્કાર કરવા માટે **સર્વ** શબ્દ કહ્યો નથી. સામાયિક ચારિત્રરૂપી ગુણવાળા કે મહાવિદેહના હોય, ચાહે સુષમદુષ્ષમાદિ કાળના હોય - તે બધાને અવિશેષિતપણે નમસ્કાર કરવાનો છે. જેમ નાતમાં લાણું કરો ત્યારે શેઠિયો કે પટેલિયો કે ગરીબ જુદો નહીં જોવાનો પણ બધાને એકસરખું લાણું અપાય, તેમ સર્વ સાવદ્ય ત્યાગને અંગેના નમસ્કારમાં પ્રમત-અપ્રમત્તનો ભેદ જોવાનો ન હોય; માત્ર સર્વ સાવદ્ય ત્યાગ એ જ જોવાનું.

**બધા ક્ષેત્રના, કાળના અરિહંત આદિ નમસ્કરણીય છે.**

**પ્રશ્ન** - અરિહંત વગેરેની સાથે **સર્વ** શબ્દ ન જોડ્યો તો તો બધા ક્ષેત્રના કે બધા કાળના અરિહંતને નમસ્કાર નહીં ને ? નમો સિદ્ધાણં તે પણ બધા ક્ષેત્રના કાળના સિદ્ધોને નમસ્કાર નહીં ને ? આચાર્ય, ઉપાધ્યાય માટે પણ શું આમ જ સમજવું ?

**ઉત્તર** - નમસ્કાર તો સર્વ કાળ અને સર્વ ક્ષેત્રના અરિહંત આદિને સમજવો. એટલા માટે જ વ્યાખ્યાકાર શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજ કહે છે કે ''इदं चार्हदादिपदेष्वपि बोद्धव्यं, न्यायस्य समानत्वादिति'' અર્થાત્ આ 'સર્વ' વિશેષણ અરિહંતાદિક ચાર પદોમાં પણ લગાડવું. नमो सव्व अरिहंताणं ..... એમ સમજવું.

**'' સર્વ'' શબ્દ બધાં પદો સાથે કેવી રીતે જોડાય ?**

વ્યાકરણના જાણનારને ખ્યાલ આવશે કે અભયદેવસૂરીશ્વરજી અહીં ભૂલે છે. જે પદ વિભક્ત્યંત - જુદું હોય તેનો જ બીજા પદ સાથે સંબંધ જોડાય, પણ સમાસમાં પેસી ગયું તે બીજા પદ સાથે ન જોડાય, તેથી સમાસને લીધે ગૌણ થયેલ **सव्व** શબ્દ બધાની સાથે ન લાગી શકે. વાત સાચી, પણ કેટલીક વાર, કેટલીક જગો પર ગૌણપણે આવેલ પદ પણ જોડી શકાય છે. સમ્યગ્‌જ્ઞાન ગૌણ છતાં પરમ અર્થમાં લઈ શકાયું. 'अष्टापायविनिर्मुक्तं तदुत्थगुणभूतये' તેમ પદાર્થનો એક ભાગ બીજી જગો પર જોડી શકાય છે. આ રીતે એક ભાગ છતાં ત્યાં સર્વ શબ્દ બધે જોડયો, જો કે વ્યાકરણના ન્યાયની રીતિએ ન જોડાય, પણ ભાવાર્થ અરિહંતો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયોને નમસ્કારમાં સરખી રીતે માનવા લાયક રીતિનો છે, તેથી ત્યાં પણ તે લાગુ પડે છે. માતેલો હાથી અંકુશ નીચે ન હોય, તે સિવાય બધા અંકુશ નીચે હોય, તેમ અભયદેવ-સૂરીશ્વરજી શાસ્ત્ર, વ્યાકરણ, ન્યાયના અંકુશ નીચે ચાલનારા હતા, માતેલા હાથી જેવા ન હતા, તેથી ભાવાર્થની રીતિએ બધાં મંગલ પદો સાથે **सर्व** શબ્દ જોડયો છે.

**''સવ્વ'' શબ્દનો બીજો અર્થ**

અથવા આ ''**सव्व** '' શબ્દનો ''**सर्व** '' અર્થ ભલે કરીએ, પણ **सार्व** એવો અર્થ પણ એનો થાય છે. એટલે શું ? એ વાત સમજાવતાં ટીકાકાર મહારાજ કહે છે કે अथवा सर्वेभ्यो जीवेभ्यो हिताः सार्वास्ते च ते साधवश्च  અર્થાત્ સર્વ જીવોના હિતકર એવા જે સાધુઓ તે **सार्व** સાધુઓ. બીજા જીવો ચાહે ભક્તિ કરવાવાળા હોય, ચાહે વિરોધ કરવાવાળા હોય, પણ સાધુ તો એ બધાય જીવોનું સદા હિત જ ચીંતવે. સાધુ જીવનની આ ભવ્ય ભાવનાને સમજાવતાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ કહે છે કે -

कृतापराधेऽपि जने  कृपामंथरतारयोः ।<br>
इषद्बाष्पार्द्रयोर्भद्रं,  श्रीवीरजिननेत्रयोः ।।

સંગમ દેવ જેવાએ છ મહિના લગી ભગવાન મહાવીર ને અનેક ઉપસર્ગો કર્યા છતાં કરુણાસાગર ભગવન્તનાં નેત્રો તો કેવળ એક જ વિચારથી આંસુભીનાં થાય છે કે - આ બિચારો જીવ મારા કારણે જ ડૂબે છે. આનું બિચારાનું શું થશે ?

પણ વિરોધી પ્રત્યે પણ આવી ઉદાર ભાવના રાખવાનું કંઈ બધે જોવા મળતું નથી. મુસલમાનો તો કાફરને મારો તેમ વધારે ધર્મ એમ માને છે. આવાઓનાં નેત્રો કદી અપરાધી પ્રત્યે કરુણાભીનાં થાય નહીં. પણ જે સાચો સાધુ હોય એને માટે તો કેવળ જીવમાત્રનું હિત કરવાની ભાવના જ શાસ્ત્રકાર ભગવાને ફરમાવી. એટલે હિત કરતી વખતે અપરાધ, ભક્તિ, અભક્તિ જોવાય જ નહીં. તેથી સાધુઓને સર્વ જીવોનું હિત કરવાના ગુણવાળા "**सार्व**" કહ્યા અને તેવાઓને નમસ્કાર કરવાનો કહ્યો છે.

**સર્વ પાપથી બચે - બચાવે તે સાધુ.**

**પ્રશ્ન** - દુનિયાનું હિત કરવાની તમે વાત કરી, તો કેટલાક ફકીરો, બાવાઓ વગેરે પણ 'ખુદા તેરા ભલા કરેગા ! પરમેશ્વર તારું ભલું કરશે !' એવા આશીર્વાદ આપે છે. અને તમારા સાધુઓ આશીર્વાદના આવા શબ્દ પણ નથી બોલતા તો પછી ક્યાંથી હિત કરવાના ?

**ઉત્તર** - આનો ખુલાસો એ સમજવો કે સાધુઓ માટે સર્વ પાપથી બચવું-બચાવવું, અને તે દ્વારા જગતું હિત સાધવું તે ખરું કામ છે. અને આવું હિત તો અરિહંત ભગવાનના શાસનના સાધુઓ જ કરી શકે. આ જ વાત કહેતાં ટીકાકાર ભગવાન કહે છે કે सर्वस्य वाऽर्हतो न तु बुद्धादेः साधवः सार्वसाधवः અર્થાત્ જેઓ બુદ્ધ વગેરેના નહીં પણ અરિહંતના સાધુઓ હોય તે सार्वसाधु ગણાય અને એવા સાધુઓને નમસ્કાર કરવાનો છે.

આ **सव्व** શબ્દના બીજા શા અર્થ થાય છે તે હવે પછી જોઈશું.

# દેશના - ૩૦

## સાધુપદની વ્યાખ્યા (ચાલુ)

વ્યાખ્યાકાર ભગવાન અભયદેવસૂરીશ્વરજીએ ભગવતી સૂત્રની વ્યાખ્યાનો આરંભ કરતાં, આદિમાં મંગળાચરણ તરીકે પંચ પરમેષ્ઠીને નમસ્કાર કર્યો, તેમાં અરિહંતાદિ ચાર પદોની વ્યાખ્યા કરી ગયા, અને પાંચમા સાધુપદની વ્યાખ્યા ચાલી રહી છે.

જેમ સડક સુંદર હોય, છેડે સુંદર શહેર હોય, સડક ઉપર ચોકી પહેરો હોય, માર્ગમાં જળાશયો હોય, મુસાફરીનું શિક્ષણ મળ્યું હોય, પણ સરકારી સાથ ન હોય, એકલા જવાનું હોય, અટવીમાં એકલા ચાલવાનું હોય તો બીજી બધી સગવડો છતાં શું થાય? ભયંકરપણું હૃદયમાં વસી જ જાય ને? તેમ જિનેશ્વર મહારાજે મજબૂત રીતિએ, બીજાઓ ખોડ કાઢી ન શકે તેવી રીતે, મોક્ષમાર્ગ જાહેર કર્યો; સિદ્ધ મહારાજા રૂપી શહેર કેવું સુંદર તે પણ જણાવ્યું. એક બાજુ સિદ્ધનું એક સમયનું સુખ, અને બીજી બાજુ દેવતાનું ત્રણે કાળનું સુખ ભેગું કરીને એને અનંતગણું અનંતમાં ભાગે સમજવું. આ વસ્તુ પરથી સમજાશે કે જે મોક્ષરૂપી શહેરમાં આપણે જવું છે તેનો જોટો ચૌદ રાજલોકમાં ક્યાંય નથી.

**સાધ્યમાં મદદ કરનાર સાધુવર્ગ**

આચાર્યો દોરનારા ખરા, પણ તે આંધળાને દોરે તેવા નહીં, શીખામણ આપીને દોરે! ઉપાધ્યાય શીખામણ આપનાર ! આ રીતે ધર્મ માર્ગમાં ખબરદારી પણ આવી, અને રસ્તો પણ મળ્યો, છતાં સાથ તો

જોઈએ ને ! જંગલમાંથી સડકો પસાર થાય છતાં એમાંથી પસાર થવું ભયંકર હોય છે, તેમ ભવાટવીમાં અરિહંતે માર્ગ પ્રકાશ્યો, આચાર્યોએ રસ્તો બતાવ્યો, અને ઉપાધ્યાયે ટટાર કર્યા, છતાં સાથે પોતાનું કોઈ ન હોય, દુનિયાદારીના સંબંધીઓથી નિરપેક્ષ થયા હોય, તો પછી સાધુઓ સાધ્ય સાધે શી રીતે ? ભક્તોને અને મોક્ષના અભિલાષીઓને મદદ કરનાર સાધુવર્ગ છે. તે સાધુવર્ગની મદદથી સાધ્ય સધાય છે, માટે પાંચમા પદમાં સાધુમહારાજને નમસ્કાર કર્યો. ગણધર મહારાજે સાધુને નમસ્કાર કર્યો ! અહીં સાધુપણાના ગુણને અંગે નમસ્કાર કર્યો છે.

**શુભ યોગોને સાધે તે સાધુ**

સાધુ કહેવા કોને ? સાધુ શબ્દ કોને લાગુ કરવો તે વિચારવાની જરૂર છે. સાધુ કહેવાથી નિહ્નવોના, ગોશાળાના, જમાલીના, કે એમના જેવા બીજાઓના મતોવાળા સાધુ લેવાય કે નહીં ? ક્યા સાધુ પરમેષ્ઠીમાં ગણાય ? તે માટે વ્યાખ્યા કરતાં આગળ કહી ગયા કે, જિનેશ્વરના શાસનના સાધુ માટે सव्व શબ્દ મેલ્યો. સર્વજ્ઞ ભગવાનના, સર્વ જગતને હિત કરનાર સાધુ, તે સાધુ. આ પાંચમા પદમાં આવતા 'सव्व' શબ્દના કેટલાક અર્થ આપણે આગળ જોઈ ગયા. આનો વિશેષ અર્થ કરતાં ટીકાકાર મહારાજ કહે છે કે सर्वान् वा शुभयोगान् साधयन्ति कुर्वन्ति અર્થાત્ જેઓ સર્વ શુભ યોગોને સાધે તે સર્વ સાધુ કહેવાય.

જૈન શાસને મોક્ષ પામવા માટે અસંખ્યાત શુભ યોગો કહેલા છે. તે બધા શુભ યોગો 'સર્વ ' શબ્દથી લેવાના છે. જેમ દરિયા વચ્ચે બેટ હોય તે ઉપર જવા માટે ક્યો ચોક્કસ રસ્તો ? કોઈ રસ્તો નહીં, બેટમાં જવા માટે બધાય રસ્તા હોય તેમ જેને મોક્ષ સાધવો છે તેને અસંખ્યાત રસ્તાઓ છે. સમ્યગ્દર્શનાદિ મુખ્ય રસ્તાઓ ખરા, પણ પેટા રસ્તા તો અસંખ્યાત છે. 'યોગ અસંખ્ય જિન કહ્યા.' એક જ યોગથી મોક્ષ થાય તેમ નથી. અસંખ્યાત રસ્તામાં સાધુ ક્યા રસ્તાનો સ્વીકાર કરે ? જેમ

જાપ કરનારો णमो अरिहंताणं બોલે, પછી णमो सिद्धाणं શું કરવા બોલે ? શું અરિહંતના જાપમાં શંકા આવી કે જેથી નમો સિદ્ધાણં નો જાપ કરે છે ? ના, એવું સમજવાની જરૂર નથી. ખરી વાત એ સમજવી કે આ આત્માને અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ આ બધાને કરેલા નમસ્કારથી ક્ષયોપશમ થાય છે. મોક્ષ ન મળે ત્યાં સુધી જેટલાં જેટલાં મોક્ષ માટે યોગ્ય સાધનો મળે તેટલાં લેવાં જ જોઈએ. કોરટમાં કેસ માંડયા પછી ચુકાદો ન મલે ત્યાં સુધી જેટલી સાક્ષીઓ અને જેટલા પુરાવા મળે તેટલા લગાડીએ. હુકમનામું ન થાય ત્યાં સુધી બધું જ કરીએ. કોઈ કહે કે આટલા જ સાધનથી ચાલશે, કિન્તુ તેટલા સાધનથી ચલાવતા નથી, પણ કાર્ય સિદ્ધિમાં જેટલાં મળે તેટલાં સાધનોનો ઉપયોગ કરો છો. અહીં પણ જેને મોક્ષ સાધવો છે તેણે મોક્ષના બધા રસ્તા હાથમાં લેવા જ જોઈએ. મતલબ કે મોક્ષ મેળવવા માટે જેટલા શુભ યોગો હોય તેટલા સાધવા જ જોઈએ.આવા સર્વે શુભ યોગો સાધુઓ સાધે.

**યોગ શબ્દની સાથે 'શુભ' એવું વિશેષણ શા માટે રાખ્યું ?**

મોક્ષના માર્ગે ચાલવું હોય તો ગમે તેવા યોગનું ગ્રહણ કરવાથી કામ ન ચાલે. યોગ એ તો કેટલીક વખત નરકે લઈ જવાવાળા પણ હોય. સાધુનો ભેખ પહેરવામાત્રથી કંઈ નરક ડરી જતી નથી, પણ સાધના આચારથી નરક ડરે છે. જેમ અધિકારી પાસે વકીલ-બેરીસ્ટરનો 'મને ખબર ન હતી' તેવો બચાવ ન ચાલે, તેમ ગૃહસ્થો આ કામ અજ્ઞાન, ભૂલ કે કોઈ કારણથી થયું છે તેવો બચાવ કરી શકે, પણ સાધુને એવી રીતે બચવાનું સ્થાન નથી. તેણે તો હંમેશાં શુભયોગોમાં જ પ્રવૃત્ત રહેવાનું છે. આ શુભ યોગો હોય તો જ મોક્ષમાર્ગ ઉપર ચાલવાનું બને. શાસનના હિતની વિરોધી પ્રવૃત્તિ કરનાર તો નરકે જાય, પણ એવો વિચાર કરનાર સાધુ પણ નરકે ગયો, તેની વાત સાંભળો.

**અશુભ યોગના ફળ ઉપર કુરુટ અને ઉત્કુરટનો દાખલો**

કુરુટ અને ઉત્કુરુટ નામના બેસાધુઓ કુણાલા નગરીની બહાર નદી પાસે કાઉસગ્ગ ધ્યાને રહ્યા છે. એમનો વિચાર આખું ચોમાસું કાઉસગ્ગ ધ્યાનમાં કાઢવાનો છે. આ રીતે આ બે મુનિઓને નદી પાસે કાઉસગ્ગ ધ્યાનમાં રહેલા જોઈને કોઈ ભક્તદેવે વિચાર્યું કે નદીમાં પાણીનું પૂર આવશે તો આ મુનિઓને ખેંચી જશે. તેથી એ દેવે વરસાદને જ રોકી રાખ્યો. દેવ બિચારો કરવા તો ગયો સારું, પણ એનુંપરિણામ ઊલટું ખરાબ આવ્યું. વરસાદ ન આવ્યો એટલે લોકોએ માન્યું કે નક્કી આ મુનિઓએ વરસાદને રોક્યો છે. તેથી મુનિઓની લોકોમાં નિંદા અને અવહેલના થવા લાગી અને ધીરે ધીરે લોકમાં ગુસ્સો પણ પ્રસરવા લાગ્યો કે આ તે કેવા સાધુઓ ? આવાને તે વળી સાધુ કહેવાય ? ધીરે ધીરે એ વાતો સાધુઓના કાને આવી. લોકોએ બોલવામાં બાકી ન રાખી. છેવટે લોકોના શબ્દોથી મુનિ પોતાનો માર્ગ ચૂક્યા. મુનિઓ દેવતાને કહે છે કે ' वर्ष देव ! कुणालायाम्' કુણાલા નગરીમાં વરસ. વળી બીજા મુનિ બોલ્યા કે ''दिनानि पञ्चदश'' ૧૫ દિવસ સુધી વરસ! દુષ્કાળનો ભય સમી જાય. માટે ''मुशलधारं प्रमाणाभिः'' મુશળધારાએ વરસ! બીજો મુની કહે કે ''यथा रात्रि तथा दिवा'' રાત્રે જેવો વરસે તેવો દિવસે વરસ ! આનું પરિણામ એ આવ્યું કે સર્વત્ર પાણી પાણી થઈ ગયું. પાણીની મોટી રેલ આવી અને લોકો હેરાન હેરાન થઈ ગયા. વખત વીત્યો અને લોકો તો દુઃખ ભૂલી ગયા, પણ સાચો માર્ગ ચૂકવાથી પેલા બે મુનિઓ સાતમી નરકે ગયા !

આવી વિચાર વગરની પ્રવૃત્તિ કર્યા પછી કોઈ સાધુ કહે કે આમાં અમારે પોતાને કશી અંગત લેવાદેવા નથી, તો એમ કહેવાથી પાપથી બચી શકાય નહીં. આ માટે તો હમેશાં વિવેકને જાગતો રાખવો જોઈએ. પેલા બે સાધુઓની વૃત્તિ કોઈને હેરાન કરવાની કે કોઈ તણાઈ

જાય એવું સંકટ ઊભું થાય એવી ન હતી, એ સાચું; છતાં એ સાધુજીવનનો માર્ગ ચૂક્યા એટલે એમને સાતમી નરક જ સ્વીકારવી પડી. માટે જ કહે છે કે, ભેખમાત્રથી નરક ડરતી નથી; જો સાધુપણાના ભેખથી નરક ડરતી હોત તો કુરુટ અને ઉત્કુરુટ મુનિઓની આવી દશા ન થતે.

**અશુભ યોગ ઉપર ખંધક મુનિનું દૃષ્ટાંત**

ખંધક મુનિના ૪૯૯ ચેલાને પીલનાર પાલક હતો. ચેલાઓ ઘાણીમાં પિલાતા હતા ત્યારે પણ ખંધક મુનિનું મન કેવી સ્થિતિમાં હતું ! એમણે મનને સ્થિર રાખીને ૪૯૯ જેટલા ચેલાઓને નિર્યામણા કરાવી એટલું જ નહિ પણ કેવળજ્ઞાન પમાડી મોક્ષે સુધ્ધાં મોકલ્યા. પોતાના શિષ્યો ઘાણીમાં પિલાતા હોય અને છતાં એ બધા મોક્ષે જાય એવી નિર્યામણા કરાવી શકે એ મુનિનો આત્મા કેવો જબરજસ્ત હશે ! એવા સમર્થ છતાં પણ તેમને એવો પાપી વિચાર આવ્યો કે તે પાપવિચારના પ્રતાપે એમનો મોક્ષ થંભ્યો અને બીજે ભવે એ જ આચાર્ય અગ્નિકુમાર દેવતા થયા ! અરે, આખા દેશને બાળનાર થયા ! ક્રોધ થયો શાથી ? પિલાતા સાધુને આરાધના કરાવી તેથી નહીં, પણ આચાર ચૂક્યા તેથી. પાલક ઉપર ક્રોધ ચઢ્યો આથી અગ્નિકુમાર તરીકે ઊપજવાનું પરિણામ આવ્યું. ખંધક મુનિને સર્વજ્ઞ ભગવંતે વિરાધક થયાનું કહ્યું. એમણે પ્રભુ પાસે આજ્ઞા માગી. બીજી વખત પણ આજ્ઞા માગી, છતાં પ્રભુ મૌન રહ્યા. છેવટે પ્રભુએ તું વિરાધક થઈશ, અને બાકી બધા આરાધક થશે, તેમ જતાં પહેલાં જણાવ્યું હતું. બીજાઓ એમ માને છે કે ભગવાનના નામે ચાહે જે કરીએ તો ફિકર નહીં, પણ અહીં જૈન શાસનમાં એમ નથી. તેથી ટીકાકાર મહારાજે સાધુઓને સર્વ શુભ યોગ સાધવાનું કહ્યું. છે.

માત્ર સંઘ કે ચૈત્યના કારણસર જ વૈક્રીય લબ્ધિ ફોરવે અને પછી એ કાર્યનું આલોચન-પ્રતિક્રમણ ન કરે તો પણ આરાધક ગણાય, એમ

બોલવું જૈન શાસનમાં વાજબી નથી. પ્રતિક્રમણ કરવું ન જોઈએ આવું બોલાય જ શી રીતે? એવું બોલનારા ભાવનાની બહાર છે. આમ બોલનારા સ્વચ્છંદીપણે ગમે તેમ બોલનારા સમજવા.

**આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓના કામમાં ફેર**

સર્વ શુભ યોગોને જેઓ કરે એવા સર્વ સાધુને પાંચમા પદમાં નમસ્કાર કર્યો. તો આચાર્યો, ઉપાધ્યાય સર્વ શુભ યોગો નહીં સાધે? જો સાધે છે તો ત્યાં સર્વ શબ્દ કેમ નહીં? આનો ખુલાસો એ કે આચાર્ય એકલા અર્થરૂપી યોગને સાધવાવાળા, અને ઉપાધ્યાય સૂત્રાર્થરૂપી યોગને સાધવાવાળા, પણ સાધુઓ તો વિનય-વૈયાવચ્ચાદિક બધા યોગોને સાધે. માંદાની માવજત આચાર્ય, ઉપાધ્યાય ન કરે તો તેમને પ્રાયશ્ચિત નહીં, પણ સાધુ ન કરે તો સાધુને પ્રાયશ્ચિત. આચાર્યને અર્થ દેવાનું કાર્ય રજિસ્ટર, ઉપાધ્યાય ને સૂત્ર દેવાનું કાર્ય રજિસ્ટર, વડી દીક્ષા લેવાને લાયક થયો તેને સૂત્રાદિ ન આપે તો આચાર્ય કે ઉપાધ્યાયને પ્રાયશ્ચિત આવે; જ્યારે સાધુને તો સર્વ યોગમાં પ્રાયશ્ચિત. સાધુને માટે એક કામ રજિસ્ટર નથી, એણે તો બધું જાળવવું જોઈએ. માટે સર્વ વિશેષણ મેલ્યું.

**કડવા તુંબડાના શાકનું દૃષ્ટાંત**

જેમણે જ્ઞાતાસૂત્ર સાંભળ્યું હશે તેમને ખ્યાલ હશે કે ધર્મઘોષ આચાર્યના શિષ્ય ધર્મકીર્તિમુનિ વહોરવા ગયા. એક બ્રાહ્મણ કુટુંબમાં બધા ભાઈઓ ભેળા રહે છે, વારાફરતી વહુઓ રસોઈ કરે છે તે દિવસે વારો નાગીલાનો છે. નાગીલાએ શાક તૈયાર કર્યું. કોઈ વખત આરિયાં-તૂરિયાં કડવાં નીકળે છે ને? તેણીએ તુંબડાનુંશાક ખૂબ મસાલો નાખી તૈયાર કર્યું. વઘાર થાય તે વખતે જેવો સ્વાદ હોય તેની ગંધ આવે.વઘાર કરતાં કડવાશની તીવ્ર ગંધ આવી. તેણીને થયું શાક તો કડવું છે, પણ હવે શું થાય? દેરાણી-જેઠાણીઓ ટીચકારીઓ કરતાં વાર નહીં કરે, તે

માટે એ શાકનું ઠામ છાનુંમાનું કોરાણે મૂકયું અને બીજુ શાક કર્યું. એવામાં ધર્મકીર્તિ મુનિ ત્યાં વહોરવા આવ્યા. આ કડવા તુંબડાના શાકને બીજે ક્યાં ફેંકવા જઈશ ? લાવ ને આ સાધુને જ દઈ દઉં ! એમ વિચારી કડવું શાક આવેલા સાધુને વહોરાવી દીધું. મુનિરાજ શાક લઈને આચાર્ય પાસે આવ્યા. ગોચરી બતલાવતાં આચાર્યે તેમાં ઝેરી ગંધ જાણી પરઠવવા જણાવ્યું. ધર્મકીર્તિ મુનિ જાતે પરઠવવા ગયા. પરઠવતાં એક છાંટો જમીન ઉપર નાખે છે. અંદર ઘી ગોળ વગેરે બધું મળેલું છે. શાકમાં ગોળ ઘી હોવાથી કીડી મંકોડી દોડી આવે છે, અને લલચાઈ ને દોડી આવીને તેને ખાતાંવાર જ મરવા લાગે છે. મુનિરાજ બીજાને મરતાં બચાવવા તરત જ પોતાનો ભોગ આપવા તૈયાર થયા. પરઠવીશ તો વિરાધના થશે આમ ધારી પોતે વાપરી ગયા. અને કાળ કર્યો. ધર્મઘોષસૂરિજીએ ઘણો વખત થતાં બીજા સાધુઓને તપાસ કરવા કહ્યું, એ મુનિ ખોળતા ખોળતા એ જ્યાં કાળ કરી ગયા હતા ત્યાં પહોંચ્યા. ત્યાં તો ધર્મકીર્તિ મુનિવરને મરેલા પડેલા જોયા. મહાનુભાવો ! નાગીલાનું આ કૃત્ય પાપિણીનું દુષ્ટ કૃત્ય છે. કડવું તંબડું જાણીને વહોરાવ્યું છે. એને બીજી તિરસ્કાર બુદ્ધિ ન હતી કે સાધુ પ્રત્યે દ્વેષ પણ ન હોતો; એને તો એટલું જ હતું કે આ ફેંકી દેવું પડશે, એના બદલે આ સાધુને જ આપી દઉં. આમાં નાગીલાએ કાર્ય બેવકૂફી ભર્યું કર્યું. એનું પરિણામ સાધુના કાળ પામવામાં આવ્યું. સાધુઓ ગામમાં ગયા અને ત્યાં આ સ્થિતિ જાહેર થઈ. ગામ આખાએ જાણ્યું કે નાગીલાએ આમ કર્યું ! પેલા એના સાસરિયા - પતિ દિયર આદિ જાતના બ્રાહ્મણો હતા. તેમનાથી ગામની આવી નિંદા સહન ન થવાથી તેમણે નાગીલાને ઘરમાંથી કાઢી મૂકી. આમ છતાં આચાર્યે જ્ઞાનથી આ બધું જાણ્યું અને સાધુઓને જણાવ્યું; સાધુઓએ બીજાને જણાવ્યું. અને નાગિલાનો દોષ કેટલો ગણાય એ વાત લોકોને જણાવી. આ રીતે શુભ યોગો રાખવા અને તીર્થંકરની આજ્ઞા ઉઠાવવી એ સાધુઓનું કામ છે, માટે સાધુઓને

સર્વ શુભ યોગોને સાધનારા કહ્યાં.

**અરિહંતની આજ્ઞાનું મહત્વ**

હવે 'सव्व साहु' પદની બીજી રીતે વ્યાખ્યા કરતાં ટીકાકાર મહારાજ ફરમાવે છે કે - सार्वान् वाऽर्हतः साधयन्ति तदाज्ञाकरणादाराधयन्ति, प्रतिष्ठापयन्ति वा दुर्नयनिराकरणादिति सर्वसाधवः सार्वसाधवो वा ।

'सर्व साधु' પદની આ વ્યાખ્યા કરતા ટીકાકાર મહારાજે ખૂબ મહત્વની વાત કહી છે. બીજુ બધું પછી, પણ સૌથી પહેલી વાત ભગવાનની આજ્ઞાનું પાલન કરવું એ જ છે. આટલા માટે જ કહે છે કે -

वीतराग ! सपर्यायास्तवाज्ञापालनं परम् ।।

आज्ञाऽऽराद्धा विराद्धा च शिवाय च भवाय च ।।

વીતરાગ પરમાત્માની આજ્ઞાનો મહિમા વર્ણવતાં આ ગાથામાં કહેવામાં આવ્યું છે કે હે વીતરાગ! આપની પૂજા કરતાં આપની આજ્ઞાનું પાલન શ્રેષ્ઠ છે. (કારણ કે) આપની આજ્ઞાના પાલનથી મોક્ષ મળે છે અને એની વિરાધના કરવાથી સંસાર મળે છે.

અહીં, ટીકાકાર મહારાજ પણ ' सर्व साधु' પદને સમજાવતાં કહે છે કે જેઓ સર્વને-અરિહંતોને-તેમની આજ્ઞાનું પાલન કરીને આરાધે, અથવા જેઓ દુર્નયને દૂર કરીને અરિહંતોની પ્રતિષ્ઠા કરે તે 'સર્વસાધુ' કે 'સાર્વસાધુ' કહેવાય. આ વ્યાખ્યામાં ટીકાકારે અરિહંત ભગવાનની આજ્ઞાનો મહિમા વર્ણવ્યો.

આનો અર્થ એમ સમજવો કે અરિહંતની આજ્ઞાથી જુદી પ્રરૂપણા કરે તે ભલે આચાર્ય કે ગમે તે હોય પણ તે તીર્થંકરના માર્ગમાં ન ગણાય, પણ ઉત્સૂત્ર પ્રરૂપણા કરનાર પુરુષ જ ગણાય.

**ઉપાધ્યાય તથા આચાર્યનું આજ્ઞાપાલકપણું**

**પ્રશ્ન**- સાધુઓને તીર્થંકર ભગવાનની આજ્ઞાનું પાલન કરવાનું કહ્યું એ તો ખરું; પણ એનું પાલન તો આચાર્ય, ઉપાધ્યાયે પણ કરવાનું

જ છે. એમને માટે કઈ સ્વચ્છંદપણે વર્તવાનું હોય નહિ. તો પછી એમને માટે શું સમજવું ?

**ઉત્તર** - થોડો ઊંડો વિચાર કરશો તો આ વાત તરત સમજાશે. આચાર્ય, ઉપાધ્યાય બન્યા, પણ એમનું પ્રવેશદ્વાર ક્યાં ? સાધુપણામાં. ઉપાધ્યાય, આચાર્યની મૂળ અવસ્થા તો સાધુપણું ને? અને સાધુપણામાં જિનઆજ્ઞાની આરાધનાના સંસ્કારવાળો હશે તો ઉપાધ્યાય કે આચાર્ય થશે તો તેમાં પણ સંસ્કાર જળવાઈ રહેશે. જે શીંગમાં સડેલા દાણા હોય તેનાથી આગળ વનસ્પતિ કે ફળફૂલ ન થાય. તેમ સાધુપણામાં જ જે સડી જાય તેવાનું આગળ ઠેકાણું પડે નહિ. સાધુપણામાં જે એવો ટેવાઈ ગયેલો હોય કે ''जिणपन्नत्तं तत्तं'' એ સિવાય બીજુ બોલે નહિં, તે જ સત્પુરુષ બને. કાચી ખીચડીને સીઝવવાની હોય; પણ રંધાયેલી ખીચડીને રાંધવાની ન હોય; એને રાંધવા જાય તો ઊલટી બગડી જાય. એ રીતે તીર્થંકરની આજ્ઞા જેને સિદ્ધ થયેલી છે. ચોખા રાંધનારને માલૂમ હશે કે ચોખા ઓર્યા પહેલાં જેવા હોય તેવા ઓસાવ્યા પછી ન હોય, પરન્તુ બરાબર ચઢી ગયેલા હોય. સાધુઓ આજ્ઞા માનનારા છે, છતાં જે માનવા ન માનવાનું વારંવાર શીખવવામાં આવે છે તે આજ્ઞાની દૃઢતા કરવા માટે છે.

### જિનમતની પ્રતિષ્ઠા કરે તે સાધુ

આજ્ઞા કંઈ ચારેકોર પથરા ઠોકીને મજબૂત કરવા જેવી વસ્તુ નથી. જે થાંભલાની ચારે બાજુ પોલાણ હોય તે થાંભલો વધારે મુદત ટકે નહીં, માટે થાંભલો મજબૂત કરવો પડે; તેમ સર્વજ્ઞના વચનરૂપી થાંભલો ઊભો કર્યો હોય તેને દુર્નયનું નિરાકરણ કરીને જે મજબૂત બનાવે તેનું નામ સાધુ. એક મતવાળા કહે કે ભગવાનનું વચન આ છે, બીજા મતવાળા કહે કે ભગવાનનું વચન આ છે, માટે હું કહું તેમ માની લો. આવાઓનું સાંભળનારા કાળજા વગરના હોય તો માની લે ! સારા

-ખરાબનો વિચાર કરવો નહીં તે આત્માર્થીને ન શોભે. બધા નિહ્નવો પણ પોતાના કુમતો તો ભગવાનના નામે જ ચલાવે છે. માટે ભગવાનના નામે ભડકાવનારાથી સાવચેત ન થાય તો આજ્ઞાનો થાંભલો ધર્મરૂપી મહેલ ઊભો કરી શકે નહીં. આથી અવળે રસ્તે વચનો લઈ જનારાઓનું ખંડન કરી, ખોટી પ્રરૂપણાઓને દૂર કરીને જિનેશ્વર ભગવાનના મતની પ્રતિષ્ઠા કરે; એટલે કે જે જે જૈન મતથી વિરુદ્ધ હોય તેનું બધાનું ખંડન કરીને જિનમતની પ્રતિષ્ઠા કરે તે સાધુ. ત્રિરાશિયા સામે છ મહિના વાદ કરવો પડ્યો; ત્રિરાશિયો છ મહિના સુધી સામે ઊભો રહ્યો. જમાલી કે કોઈ પણ નિહ્નવ એવો નથી પાક્યો કે જે કહે કે હવે હું ઉત્તર નહીં દઉં. છ છ મહિના સુધી વાદ કર્યો તે શા માટે? જિનેશ્વરના મતને ઉથલાવવાને માટે . એટલા માટે ‘દાનો દુશ્મન સારો પણ મૂર્ખ મિત્ર ખોટો’ તેમ ઊંધું મારનારા હોય તે ખોટા. સમજણ-વાળાઓ માટે સવ્વ શબ્દ મેલ્યો. આ રીતે ‘सव्वसाधु’ પદની વ્યાખ્યા કરી. હવે આ સંબંધમાં નવું શું જાણવા જેવું છે તે આગળ કહેવામાં આવશે.



# દેશના - ૩૧

## સાધુપદની વ્યાખ્યા (ચાલુ)

વ્યાખ્યાકાર શ્રી અભયદેવસૂરિજી મહારાજ સાધુપદની વ્યાખ્યા કરતાં ફરમાવે છે કે -

**મોક્ષમાર્ગ શીખવવાની જરૂરી**

જીવને ખાવાની ટેવ શીખવ્યા વગર આવડે છે. સુખે રાજી થવું, દુઃખે કરાજી થવું, તે પણ વગર શીખવે આવડી જાય છે, તેમ મોક્ષ માર્ગ શીખવ્યા વગર આવડતો નથી. દુનિયાની બીજી વસ્તુઓ વગર શીખવ્યા આવડે છે તેમ મોક્ષમાર્ગ એમ ને એમ આવડી જશે ખરો ? મોક્ષમાર્ગ દુનિયાથી ઊલટો છે. આ આત્મા ઈંદ્રિયોના ઈષ્ટ વિષય તરફ રાજી થઈને દોડી રહ્યો છે; એટલે અનાદિકાળથી ભોગમાં સુખ છે એવા એના સંસ્કાર છે, પણ ભોગમાં દુઃખ માનવાના એને સહજ સંસ્કાર નથી. મોક્ષમાર્ગ તો, કોઈ પણ ક્ષેત્રકાળની અપેક્ષાએ, કોઈ મહાપુરુષ બતાવશે તો જ મળવાનો છે; મહાપુરુષે બતાવ્યા વગર મોક્ષમાર્ગ મળવાનો નથી.ત્યાગનું ઈષ્ટપણું સાંભળ્યા વગર માલૂમ પડવાનું જ નહીં. વગર સાંભળ્યા કોઈ ન જાણે તો આગળ પ્રવૃત્તિ ચાલે જ કેમ ? કોઈ આત્મા ભવાંતરથી મોક્ષમાર્ગને અનુસરવાની ટેવ શીખીને આવ્યા હોય અને કોઈ આત્મા આ ભવમાં એ ટેવ શીખ્યો હોય, પણ આહાર, નિદ્રા, ભય અને મૈથુન ની ટેવની જેમ આ ટેવ અનાદિકાળથી હોતી નથી. મોક્ષમાર્ગને અનુસરવાની ટેવ તો પાડવી પડે છે. એટલા માટે

મોક્ષની ઈચ્છાવાળાએ તીર્થંકર ભગવાનને માનવા જોઈએ. ગમે તે કાળમાં અને ગમે તે ક્ષેત્રમાં જૈન શાસનને માન્યા સિવાય ચાલે એમ નથી અને જૈન શાસનને એટલે કે મોક્ષના માર્ગને માનનારાને માટે મોક્ષમાર્ગના ચલાવનાર આચાર્યો અને એનું શિક્ષણ આપનાર ઉપાધ્યાયો, તેમજ એ શાસનના સૈનિક તરીકે બધાની આજ્ઞા ઉઠાવનાર સાધુઓને માન્યા વગર કેમ ચાલશે? માટે મંગળાચરણમાં પંચપરમેષ્ઠિને નમસ્કાર કર્યાં.

**સાધુઓ કેવળ મોક્ષને જ સાધનારા**

કોઈ પૂછશે કે સાધુને નમસ્કાર કર્યો, તે ક્યા મુદ્દાથી? એ નમનીય શાને કારણે? મનુષ્યગતિની અપેક્ષાએ કે અંગોપાંગની અપેક્ષાએ તો એ પણ બીજા માણસ જેવા જ માણસ છે, છતાં તેઓ નમનીય કેમ? આનો ખુલાસો એ કે, સાધુઓ કેવળ મોક્ષને જ સાધનારા હોય; જ્યારે તમે ગૃહસ્થો તો તેવીસ કલાક સંસારને સાધનારા છો. સામાયિક પૌષધમાં જેટલો વખત રહો અને એમાં જે ધાર્મિક પરિણતિ હોય તેટલો વખત મોક્ષની સાધનામાં ગયો જાણવો. અને બાકીનો કાળ તો સંસારમાં રખડાવનાર જ છે ને? એક - બે ઘડી મોક્ષની સાધનામાં છો. અને સંસારમાં રખડવાનું પૂછડું તો લાગેલું જ છે. ભોગીભાઈ દુકાન છોડીને અહીં બેઠા છે; છતાં એમના મુનીમ જે લેવડદેવડ કરે તેની સાથે ભોગીભાઈ ને લાગેવળગે કે નહીં? ભોગીભાઈએ પોતે અમુક કામ કરવાનો નિયમ કર્યો છે એ ખરું, છતાં નોકર જે કરે તેના જોખમદાર તેઓ જ છે. વળી એમણે અનુમોદનાનો પણ ત્યાગ કર્યો નથી. એક શ્રાવક સામાયિક કરવા બેઠો છે. આજ કાલ એવી પ્રથા પડી છે કે માણસ અમસ્થો કંઠી ન પહેરતો હોય તો પણ પોસહ કરવા જાય ત્યારે કંઠી પહેરે. પણ ખરી રીતે તો આભૂષણ ન જોઈએ. તેથી એણે કંઠી કાઢીને આઘી મેલી. બનવા કાળ એવો તે કોઈએ કંઠી લઈ ગયું. એટલે પેલો માણસ એની કંઠીને ખોળવા લાગે છે. આવા

પ્રસંગોને અનુલક્ષીને ગૌતમસ્વામી એ પ્રશ્ન કર્યોકે 'કંઠીને ખોળતો એ માણસ એની પોતાની વસ્તુ ખોળતો ગણાય કે પારકી વસ્તુને ખોળતો ગણાય? કારણ કે તેણે તો પોષધમાં કંઠીને વોસરાવી હતી' આ સવાલનો જવાબ આપતાં પ્રભુ ફરમાવે છે કે 'એણે પોષધમાં એ વોસરાવ્યું હોવા છતાં એ અનુમોદનના ભાવનો ત્યાગ કરી શક્યો ન હતો માટે એ પોતાની વસ્તુ ખોળે છે' આનો અર્થ એ કે ગૃહસ્થો સામાયિકાદિમાં ભલે બેઠા હોય, પણ સંસાર વધારવાના હેતુરૂપ એનું પૂછડું ખસ્યું નથી.

**આપણા ગૃહસ્થોની સ્થિતિ**

આટલું જ શા માટે? જેમને આપણે અનાર્ય કહી હલકા ગણીએ છીએ એમના જેટલો પણ આપણને ખ્યાલ નથી આવતો. ક્રિશ્ચિયનો રવિવારને અને મુસલમાનો શુક્રવારને ધાર્મિક દિવસ તરીકે માનીને સાચા મનથી એક દિવસ તો કાઢે જ છે; જ્યારે આપણા માટે છેવટે બધા દિવસ નહીં તો આઠમ-ચૌદશને ધાર્મિક દિવસ તરીકે પાળવાનુ કહ્યું તે પણ આપણને બરાબર ગળે ઊતરતું નથી. તમારામાંના કેટલા આઠમ-ચૌદશ જેવી પર્વતિથિઓનો ધાર્મિક કામમાં ઉપયોગ કરે છે? બીજા દિવસોએ ન બને તો છેવટે આવા પર્વના દિવસોએ તો સાવદ્ય કામમાં ન જોડાવું. જેઓ અનાર્યો કહેવાય તેઓ અઠવાડિયે એક દહાડો પાળે; જ્યારે આપણે ઊંચ કહેવડાવનાર અઠવાડિયે એક દહાડો પણ કાઢતા નથી. ગૃહસ્થને મોક્ષમાર્ગની પ્રવૃત્તિનો ખ્યાલ હોવા છતાં એમનાથી આમ થઈ શકતું નથી, અને એમને તો હંમેશાં સાંસારિક પ્રવૃત્તિની લપ વળગેલી જ હોય છે અને સાધુઓએ તો મોક્ષમાર્ગને માટે બધુ કુરબાન કર્યું છે; કુટુંબ, ધન, માલ, મિલકત, બધુંયે એમણે તો છોડ્યું; અને તે કેવળ મોક્ષમાર્ગની નિરાકુલપણે સાધના થઈ શકે એવા હેતુથી જ. એટલે જેઓ આવા છે તેવાઓ જો નમસ્કાર કરવા લાયક ન હોય તો બીજા કોણ નમસ્કાર કરવા લાયક ગણાય? આથી સામાયિક

વગેરે ચારિત્રનાધારી પ્રમત્ત એવા પણ બધા સાધુઓ નમસ્કાર કરવા લાયક જણાવ્યા છે.

**બોલવામાં ઠેકાણું રાખવાની જરૂર**

એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે. સામાન્ય પણે સંપૂર્ણ સાધુપણું પાળનાર છતાં વચનનું ઠેકાણું ન રાખનારને સાતમી નરકે જવું પડ્યું. ફક્ત એક વચન પાલન ન થયું. તેનું પરિણામ કેવું ભયંકર આવ્યું ! મન તો એકલા આત્માને ડુબાડે પણ વચન તો આખા જુથને ડુબાડે. મનથી કોઈનું ખરાબ ચિંતવ્યું તેનું કડવું ફળ તો એકલાને જ ભોગવવું પડયું, પણ વચનથી વૈરો થાય તે આખા કુટુંબમાં વ્યાપે. આગળ તમે જોયું કે કુરુટ-ઉત્કુરુટના વચનથી આખી નગરી તણાઈ ગઈ. આજકાલ વચન પરથી કાબૂ ઊઠી ગયો છે. એક ભાને ખરાબ સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તેણે હું રાંડ્યો તેવું જોયું. આ વાત ધણિયાણીને કહી. ધણિયાણી કહે, ખમા તમને, તમો શું કરવા રાંડો, હું ન રાંડું ? એનો અર્થ શો ? હું ન મરું, પણ તમે મરો ! કેટલીક વખત શબ્દ બોલતાં વિચાર ન આવે કે આનો અર્થ શું થશે. 'હાથી પાછળ કૂતરા ભસ્યા કરે' આવું લોકોમાં બોલાય છે. તેમાં બોલનારો પાછળ બોલે છે કે મોઢે બોલે છે ? પીઠ પાછળ બોલનાર કૂતરો બન્યો. આ વચન સાચું છે, પણ જેને લાગતું વળગતું હોય તેને મોએ એ વચન શોભે ખરું ? ના. ખરી રીતે જેને એકની સાથે નિસ્બત ન હોય એવો ત્રીજો માણસ જ એ વચન બોલી શકે. ''એ તો નાગો'' એવી વાત મોઢે કહે તો ઠીક, નહીંતર પોતાને જ લાગુ પડે. મતલબ કે જેને માટે આવી વાત કહેવાય એ કૂતરો પછી, પણ પીઠ પાછળ બોલનાર પોતે પ્રથમ કૂતરો કે નાગો થયો. માટે જ આવી વાત ત્રીજાને મોંએ જ શોભે. એક દાખલો વિચારો. પ્રભુ મહાવીરને સંગમદેવે ઉપસર્ગ કર્યો તેમાં ઈન્દ્ર મહારાજા અને આપણે સંગમને અધમ કહી શકીએ, શિક્ષા કરીએ, પણ પ્રભુ મહાવીર પોતે કહે કે આને શિક્ષા કરો, તો ? એમ કરે તો મહાવીર મહારાજમાં

વીતરાગપણું ન રહે. આ રીતે અહીં સજ્જન પોતાના મોઢે દુર્જનની દુર્જનતા ન કહે; કહે તો વચનથી સાધુપણું ખોયું જાણવું.

**સાધુઓનું વચન અને કાર્યોમાં નિપુણપણું**

નિહ્નવો શામાં થાય? હિંસા, ચોરી કે પરિગ્રહના દોષને કારણે કંઈ નિહ્નવો નથી થયા. પણ શાસ્ત્રથી વિરુદ્ધ વચનને કારણે નિહ્નવપણું થયું છે. માટે સાધુઓ વચનો બોલવા કે સાંભળવાની બાબતમાં ખૂબ નિપુણ હોવા જોઈએ. આ જ વાત ''सव्वसाहूणं'' પદની વ્યાખ્યા કરતાં ટીકાકાર મહારાજ કહે છે કે अथवा श्रव्येषु श्रवणार्हेषु वाक्येषु, अथवा सग्यानि दक्षिणान्यनुकूलनि यानि कार्याणि तेषु साधवो निपुणाः श्रव्यसाधवः, सव्यसाधवो वा અર્થાત્ - સાંભળવા યોગ્ય વાક્યોમાં અથવા અનુકૂળ એવાં કાર્યોમાં જેઓ નિપુણ હોય તેઓ ''श्रव्यसाधु'' અથવા ''सव्यसाधु'' કહેવાય.

**મહાશતકની કથાનો બોધપાઠ**

વચન બોલવા કે સાંભળવામાં નિપુણપણાની જરૂર હોવાનું જ્યારે સાધુઓ માટે કહેવામાં આવે ત્યારે તમને બધાને કબૂલ કરવામાં વાંધો નહીં પણ ખરી રીતે આ વાત એકલા સાધુઓને માટે જ નથી, પણ ગૃહસ્થોને માટે પણ છે. મહાશતક નામે પરમ શ્રાવક થઈ ગયો. એણે શ્રાવકધર્મનું આરાધન કરવા માંડ્યું, અને પૌષધ કરવાનું શરૂ કર્યું. ધર્મ કરવાની આ વાત તેને પોતાને તો બહુજ ગમે પણ તેની ભાર્યાને એ ન ગમે. ધર્મ એ તો શ્રદ્ધાની ચીજ રહી એટલે એ કોઈને રુચે અને કોઈને ન પણ રુચે. આટલું તો ઠીક, પણ કેટલાક તો એવા કઠણ કર્મી હોય છે કે પોતાને ધર્મ કરવો ન રુચે એ તો જાણે સમજ્યા, પણ બીજા ધર્મ કરે એ પણ એમને ન રુચે. મહાશતકની સ્ત્રી આવી જ હતી. એ પોતે તો ધર્મકરણીથી સદા દૂર જ રહેતી, પણ એટલાથી બધું અટક્યું ન હતું. એને તો એનો પતિ મહાશતક પણ ધર્મ કરે એનો ભારે અણગમો આવે.

અરે, અણગમો આવે એટલું જ નહીં, એને તો અંગે અંગે ક્રોધ વ્યાપી જાય. એક વખત મહાશતક સામાયિક આદિ નિયમ લઈને બેઠા છે, ત્યાં એની સ્ત્રી ક્રોધના અવતાર જેવું રૂપ ધારણ કરી, વાળ છૂટા મૂકી, ડાકણ જેવી વિકરાળ બનીને દોડતી-કૂદતી આવે છે અને બેફામ રીતે ચીસો પાડીને બોલવા લાગે છે કે, અરે, આવા સામાયિક આદિને શું કરવાં છે. આ બધાને છોડ અને હું કહું તેમ કર. આ રીતે તે ધર્મક્રિયા કરવાવાળાને માટે યદ્વાતદ્વા બોલી રહી હતી તેવામાં શુભ આરાધનાને પ્રતાપે મહાશતક શ્રાવકને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. પેલી સામાયિક પૌષધ છોડવાનું કહે છે તે વખતે જ અવધિજ્ઞાન થયું એટલે મહાશતક એને સમજાવે છે: ''અરર ! તું કૂદકા ન માર! તારી દશાને તો જો ! આજથી સાતમે દિવસે મરીને તું નરકે જવાની છે. માટે કંઈક તો સમજ.'' મહાશતક શ્રાવકે ધર્મના વિરોધને અંગે પોતાની સ્ત્રીને આ કહ્યું હતું. એમાં ધર્મવિરોધી પ્રવૃત્તિ માટે ઠપકો આપવા સિવાય બીજી વૃત્તિ ન હતી. આમ છતાં મહાવીર મહારાજાએ ગૌતમને મહાશતકની પાસે મોકલ્યા. શા માટે? મહાશતક પાસે મિચ્છામિ દુક્કડં દેવડાવવા. ગૌતમસ્વામી મહાશતક પાસે જઈને કહે કે હે ''મહાશતક ! મિચ્છામિ દુક્કડં દે, આલોયણા લે, પ્રતિક્રમણ કર ! શાનું ? રેવતી શ્રાવિકાને તે ઉપરોક્ત કહ્યું તેને અંગે'' તે સ્ત્રીને સાતમે દહાડે રોગ થયો અને મરીને તે નરકે ગઈ, એ ખરું; અને આ વાત મહાશતકે અવધિજ્ઞાનથી જાણીને જ કહી હતી, કંઈ ઉપરટપકે કહી ન હતી; અને વળી ધર્મકાર્ય વખતે ઉપદ્રવ કરતી હતી તે વખતે જ કહ્યું હતું. છતાં મહાવીર મહારાજ ગૌતમસ્વામીને મોકલીને એની પાસે આલોયણ-પ્રતિક્રમણ કરાવે છે, મિથ્યા દુષ્કૃત દેવરાવે છે. આવા ઉપદ્રવમાં મહાશતકે સાચું વાક્ય કહ્યું હતું. છતાં તેની પણ મહાવીર મહારાજા આલોયણાદિક કરાવે છે. આમ થવાનું કારણ એક જ કે, જૈન શાસનમાં જેમ તેમ વચન બોલવાની છુટ નથી જે વચનો સાંભળવા લાયક હોય તેવાં જ બોલવાં જોઈએ.

સાધુપદની વ્યાખ્યા કરતાં આ વાત સમજાવતા ટીકાકર મહારાજે કહ્યું છે કે - 'अथवा श्रव्येषु श्रवणार्हेषु वाक्येषु साधवो निपुणाः श्रव्यसाधवः ' એટલે કે સાંભળવા યોગ્ય વાક્યો (બોલવા) માં જેઓ નિપુણ હોય તે 'શ્રવ્યસાધુઓ' ગણાય. મતલબ કે સાધુઓએ શું બોલવું અને શું ન બોલવું તેનો વિવેક જાળવવો જોઈએ.

વળી એકલી વચનની સુંદરતા હોય ને કાર્યોની સુંદરતા ન હોય તો પણ સાધુપણું શોભતું નથી. માટે કાર્યોમાં પણ સાધુઓએ નિપુણપણું કેળવવું જોઈએ. આ જ વાત સમજાવતા ટીકાકાર મહારાજે ફરમાવ્યું છે કે - अथवा सव्यानि दक्षिणान्यलुकूलानि यानि कार्याणि तेषु साधवो निपुणाः सव्यसाधवो वा - એટલે કે સવ્ય એટલે અનુકૂળ એવાં જે કાર્યો, તેમાં જેઓ નિપુણ હોય તે 'सव्वसाधु' કહેવાય. એટલે કે સાધુઓએ વચનની નિપુણતાની જેમ કાર્યની નિપુણતા પણ મેળવવી જોઈએ. અહીં અનુકૂળનો અર્થ સગવડિયા એવો નહીં, પણ મોક્ષને અનુકૂળ એવો જ લેવાનો છે. એટલે કે જે સાધુઓ સુંદર-સાંભળવા યોગ્ય વાક્યો બોલે અને મોક્ષને અનુકૂળ જે કાર્યો, તે બધામાં જેઓ નિપુણ હોય તેવા સાધુઓને નમસ્કાર કરીએ છીએ.

**'सव्वं' અને 'लोए' શબ્દોની સાર્થકતા**

શ્રી અભયદેવસૂરીશ્વરજીના વખતની મળતી કેટલીક પ્રતોમાં 'नमो सव्वसाहूणं' ને બદલે 'नमो लोए सव्व साहूणं' એવો પાઠ છે. 'लोए' પદ નકામું છે તેવું કહેવાની કોઈની તાકાત નથી. નવકાર મંત્રમાં છે તેથી અહીં ખોસી ઘાલ્યું છે, તેમ પણ કોઈ ન કહી શકે. જે 'શીંગડે' ખાંડો ને પૂંછડે બાંડો' હોય તે ગમે તેમ બોલી શકે પણ 'લોએ' પદવાળો પાઠ સાચો કે 'લોએ' પદ વગરનો પાઠ સાચો તેનો ફેંસલો શ્રી અભયદેવસૂરીશ્વરજી ન કરી શકે. પોતાની સમક્ષ પડેલી કોઈ કોઈ પ્રતોમાં 'લોએ' પદવાળો પાઠ જોઈને ટીકાકાર મહારાજે પોતે જ કહ્યું કે

णमो लोए सव्व साहूणं इति क्वचित्पाठः । - અર્થાત્ કોઈ કોઈ ઠેકાણે 'लोए' પદ સહિત પાઠ મળે છે. હવે અહીં એક શંકા કોઈ કરે કે 'सव्व' શબ્દથી બધા સાધુનું ગ્રહણ થઈ ગયું. તો પછી 'लोए' શબ્દ લેવાની શી જરૂર પડી? અલોકમાં તો કંઈ સાધુઓ હોતા નથી. સર્વ સાધુને નમસ્કાર કહેવામાં મોક્ષને સાધનારા બધા સાધુને નમસ્કાર થયો છે. પછી 'लोए ' શબ્દની શી જરૂર છે? નમો અરિહંતાણં કહેવામાં બધા અરિહંત આવી ગયા હતા ને? તેમાં સવ્વ શબ્દ બોલ્યા નથી, તેમ સિદ્ધાણં વગેરે પદોમાં પણ સવ્વ શબ્દ નથી, છતાં સર્વ સિદ્ધાદિક તેમાં આવી ગયા છે. તેમ સાધુમાં પણ 'सव्व' શબ્દ વગર સર્વ આવી જશે. તો પછી 'सव्व' અને 'लोए' એ બન્ને શબ્દો સાર્થક શી રીતે બને ?

આનો ખુલાસો એ છે કે ભાગ્યશાળી ! સાધુ સાથે 'સર્વ' શબ્દ કહ્યો છે તે બધે સિદ્ધાદિકની સાથે પણ જોડવાનો છે. ''नमो अरिहंताणं'' એટલે અરિહંતને નમસ્કાર. બહુવચનથી અનેકનું ગ્રહણ થાય, પણ બધા ન આવે. બધાને લેવાને માટે તો 'सव्व' શબ્દ જોઈએ. હવે लोए શબ્દનો શો ઉપયોગ, તે સમજાવતાં ટીકાકાર મહારાજ કહે છે કે तत्र सर्वशब्दस्य देशसर्वतायामपि दर्शनादपरिशेषसर्वतोपदर्शनार्थमुच्यते - लोके मनुष्यलोके न तु गच्छादौ, ये सर्वसाधवस्तेभ्य नम इति । અર્થાત્ 'સર્વ' શબ્દ દેશ-સર્વતાનો (એટલે કે આંશિક સર્વતાનો) પણ બોધક હોવાથી સંપૂર્ણ સર્વતાને બતાવવાને માટે 'लोए' શબ્દ લીધો. 'लोए' એટલે મનુષ્ય લોકમાં, નહીં કે અમુક ગચ્છાદિમાં, જે કોઈ સાધુ હોય તેને નમસ્કાર કર્યો. મારી માન્યતાના સાધુ તે જ બધા સાધુ, આવું માને તેને આ પદમાંના 'सव्व ' અને 'लोए' શબ્દથી જવાબ મળી ગયો. મતલબ કે જૈન શાસનને વફાદાર રહે તે બધા સાધુ. લોક એટલે મનુષ્યલોક સમજવો; મનુષ્યલોક માટે આ શબ્દ વાપર્યો છે. અહીં ઉત્પત્તિને અંગે

'લોએ' શબ્દ વાપર્યો છે. સાધુની હયાતી દંડકવન સુધી હોય ને રુચકદ્વીપ સુધી દર્શન કરવા જાય, પણ ત્યાં મનુષ્યલોક નથી. દીક્ષા તો અઢી દ્વીપમાં જ થાય. ઉત્પત્તિ અને વિચરવાનું તો મનુષ્યલોકમાં જ થાય, એટલે આ શબ્દથી ૧૪ રાજલોક કે લોકાલોક ન લેવા પણ એકલો મનુષ્યલોક અઢી દ્વીપ જ લેવો. કોઈ પૂછે કે લોક લેવામાં શી અગવડ હતી? ૧૪ રાજલોક, આખો તિર્ચ્છાલોક કે લોકાલોક લેવામાં આવે તો? આ શંકાનો જવાબ શાસ્ત્રકાર મહારાજાએ નીચેની ગાથામાં આપી દીધો છે:-

जावंत के वि साहू, भरहेरवयमहाविदेह य ।
सव्वेसिं तेसिं पणओ, तिविहेण तिदण्डविरियाणं ।।

એટલે કે સાધુઓ તો પાંચ ભરત, પાંચ એરવત અને પાંચ મહાવિદેહની પંદર કર્મભૂમિનાં જ લેવા. જિનબિંબો ભલે ઊર્ધ્વલોક, તિર્ચ્છાલોક અને અધોલોક એમ ત્રણે લોકમાં હોય, અને એમને નમસ્કાર કરવામાં આવે; પણ સાધુઓ તો પંદર કર્મભૂમિ સિવાય બીજે ન હોય માટે 'लोए' થી બીજો કોઈ અર્થ ન લેતાં મનુષ્યલોક જ લેવો.

### 'लोए' શબ્દની ઉપયોગિતા

**શંકા** - મનુષ્યલોક સિવાય બીજે સાધુઓ નથી, સાધુઓ થાય જ છે મનુષ્યલોકમાં તો પછી 'लोके' શબ્દ ન કહે તો પણ આવી જાત. સૂર્ય દિવસે દેખ્યો તેમાં દિવસ કહેવો તો નકામું છે; સમજુ સૂર્યને દેખવાની જ વાત કરે પણ તેમાં દિવસ વિશેષણ ન આપે; તેમ લોકમાં સાધુને વંદન કરું છું. તેમાં લોક શબ્દ ન કહો તો પણ આપોઆપ આવી જશે. તો પછી 'લોકે' શબ્દ શા માટે બોલ્યા?

**સમાધાન** - આનો એક ખુલાસો તો એ છે કે 'लोए ' શબ્દ વગરના પણ પાઠ મળે જ છે. અને लोए શબ્દ રાખ્યો તો તેથી વિશેષ અર્થ એ નીકળે કે હું ''नमो सव्वसाहूणं'' બોલું છું પણ મારા સાગરના,

વિજયના કે વિમલના સાધુ માટે સર્વ શબ્દ બોલું છું, એવો અર્થ કોઈ ન કરે તે માટે 'લોએ' શબ્દની જરૂર છે. પોતાના સમુદાયમાં -સંઘાડામાં - માન્યતામાં-સર્વ શબ્દ લાગુ થાય તે પરમેષ્ઠિમાં ન ચાલે, ન શોભે. લોકમાં જેટલા સાધુઓ છે તે બધાને નમસ્કાર કરું છું. લોકમાં જેટલા સાધુ હોય તેટલા બધાને નમસ્કાર ન કરતા માણસે नमो लोए सव्व साहूण પદ ઉપર મશી ફેરવી માનવી. એ જ વાત અભયદેવસૂરીશ્વરજી એ આગળ કહી કે न तु गच्छादौ મનુષ્ય લોકમાં જે હોય તે બધા; પછી તે અમુક જ ગચ્છના હોય એમ નહીં.

જેમ વેશ્યા, જુગારી, ચોર વગેરે ભૂખ્યાં નથી મરતાં, એમનું પોષણ કરવાવાળા પણ મળી રહે છે, તેમ શાસ્ત્રવિરુદ્ધ ગચ્છ કાઢનાર મિથ્યાત્વીઓને અનુસરનાર ન જ મળે તેમ બનતું નથી. તેવાઓ પોતાના ગચ્છ, સંઘાડા, કે સંપ્રદાયને કારણે નમસ્કાર કરે તો તે नमो लोए सव्वसाहूणं પદને માનનાર ન ગણાય. અહીં તો જે કોઈ સાધુઓ હોય તે બધાને પાંચમા પદમાં નમસ્કાર કરવામાં આવેલ છે. કારણ કે સાધુઓને શાસનને અંગે છત્રછાયા તરીકે ગણ્યા.

# દેશના - ૩૨

## સાધુપદની વ્યાખ્યા (ચાલુ)

વ્યાખ્યાકાર ભગવાન શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજ શ્રી ભગવતીસૂત્રના મંગલાચરણમાં પંચ પરમેષ્ઠીની વ્યાખ્યા કરતાં ચાર મંગળની વ્યાખ્યા કરી ગયા, અને પાંચમા મંગળરૂપ સાધુપદની વ્યાખ્યા ચાલી રહી છે.

**ધર્મમાર્ગમાં સહકારની જરૂર**

રસ્તો સાફ થયેલો હોય, જવાનું શહેર સુંદર હોય, રસ્તામાં નિર્ભયતા હોય, પાણી વગેરેનું સાધન હોય અને રસ્તાનું શિક્ષણ પણ મળ્યું હોય, છતાં એકલા જવાનું હોય તો શું થાય? આઠમ-ચૌદશે પૌષધ કરવાનો નિયમ કર્યો હોય, એવામાં કોઈ એવા ગામમાં જઈને રહેવાનો વખત આવ્યો હોય કે જ્યાં કોઈ જૈનની વસ્તી જ ન હોય, તો એ નિયમ સાચવતાં તમોને કેટલી મુશ્કેલી પડે? દાખલા તરીકે અમદાવાદમાં જે આઠમ-ચૌદશે પૌષધ કરતો હોય તે જ પૌષધ કરનાર જો ખોરજમાં જઈ ચઢ્યો હોય તો તેને પૌષધ કરતાં કેટકેટલી મુશ્કેલીઓ પડે છે? કહો કે, સાધર્મિકની મદદ, સાધર્મીઓનો સહકાર તે ધર્મકાર્યમાં પૂરેપૂરા આલંબનનું કારણ છે. પૌષધ આદિ ધર્મક્રિયા દેખાડવા માટે કે બળાત્કારથી નથી કરતા, છતાં સાધર્મિકની મદદ અને સહકારથી તે પૌષધ આદિ કાર્યોમાં આત્માને અધિક ઉલ્લાસ થાય છે. બીજા તપસ્યાવાળાઓને દેખીને આપણો આત્મા સબળો થાય છે અને તપ તરફ પ્રેરાય છે. આમાં કંઈ પરાણે તપ નથી કરાયું છતાં એટલું તો

ચોક્કસ કે બીજાનું આલંબન મળ્યું અને ઉલ્લાસ થયો તેથી તપ આદર્યો. આ હકીકત નક્કી કરે છે કે આલંબનથી ધર્મ સહેલાઈ થાય છે. આવું ગામડામાં નથી થતું. ત્યાં તો ઊલટું કરતો હોય તેના કરતાં ધીમે ધીમે ધર્મધ્યાન ઓછું થતું જાય છે. આલંબન આપણને ધર્મનો રસ્તો સુગમ કરી દે છે. ગિરિરાજ ઉપર એકલા ચઢવાની મુસાફરી કરવાની હોય તો કેમ થાય છે ? પરંતુ ગિરિરાજ ઉપર ૫-૨૫ જણાની સાથે ચઢવાનું હોય ત્યારે કેવો આનંદ આવે છે ! કહો, એકલા ચઢતાં અને સમહૂમાં ચઢતાં જરૂર ફેર પડે છે. આલંબનથી જલદી ચઢી જવાય છે. જેમ મુસાફરી કરનારને આલંબન એ ઉત્સાહ વધારનારી ચીજ છે તેમ અરિહંતે મોક્ષમાર્ગ તૈયાર કર્યો એમાં ચાલવા માટે પણ આલંબન કે સહકારની જરૂર ખરી. સિદ્ધ મહારાજાનું શહેર સિદ્ધિપુરી સુંદર છતાં પણ તેમાં મદદગાર કોઈ ન હોય તો શું થાય? એ ખરું કે ભગવાન જિનેશ્વર મહારાજા કેવળજ્ઞાન ઉપાર્જન કરવામાં ઈન્દ્ર, દેવેન્દ્ર કે અસુરેન્દ્રની મદદ ન લે. પણ આપણે તો એવા ઢીલા છીએ કે આલંબન મળે તો પણ ગળિયા થઈ જઈએ છીએ. આવી રીતે ગળિયા ન બનીએ એ તો ઘણું ઉત્તમ; પણ આપણે કંઈ ત્રિલોકનાથ તીર્થંકર જેવા બળિયા નથી કે ગળિયા ન બની જઈએ. આપણી સ્થિતિ કંઈ તીર્થંકર મહારાજ જેવી નથી કે બીજાના સહકાર વગર ચાલે. એટલે આપણને તો આરાધના માટે સહકાર અને સહાયની જરૂર પડે જ.

**સાધુ મોક્ષમાર્ગના સહાયક**

તમને ઉપસર્ગો ઘણા થવાના છે માટે હું સેવા કરવા રહું, તેમ ભગવાનને ઈન્દ્રે વિનંતી કરી. તેના ઉત્તરમાં પ્રભુએ કહ્યું હે ઈન્દ્ર! આવું બન્યું નથી, બનતું નથી ને બનશે પણ નહીં. એટલે કે તીર્થંકરો કોઈની મદદથી કેવળજ્ઞાન ઉપાર્જન કરે એવું બન્યું નથી, બનતું નથી અને બનવાનું પણ નથી. પણ આ તો તીર્થંકર ભગવાનની વાત થઈ. તીર્થંકર સિવાયનાને તો આલંબને જ આગળ વધવાનું છે. તીર્થંકર ભગવાન તો

આગલા ભવથી પ્રતિબોધ પામી ચૂકેલ અને સ્વયંસંબુદ્ધ હોય છે. પણ આપણા જેવાને તો પ્રતિબોધમાં પણ આલંબનની જરૂર પડે છે. પ્રભુ તો આલંબન વગર મોક્ષમાર્ગને ગ્રહણ કરે, મોક્ષમાર્ગની પ્રવૃત્તિ કરે અને ઠેઠ મોક્ષમાં પણ પહોંચી જાય. પણ આપણને તો પગલે પગલે આલંબનની જરૂર પડે એટલું જ નહીં આલંબન કે મદદ હોય તો પણ પરાણે આગળ વધીએ તેવા આપણે છીએ. આવતી કાલે આઠમ છે, પુણ્ય શાળી ! કંઈ તપસ્યા કરો ! એમ પ્રેરણા કરનારા મળે તો પણ આ જીવ ગળિયાપણું નથી છોડતો કે આત્મકલ્યાણના માર્ગમાં આગળ નથી વધતો.. જો પ્રેરણા કરનાર હોય તો પણ આવી સ્થિતિ હોય તો પછી પ્રેરણા બોધ કરનાર ન હોય તો આ જીવનું શું થાય ? તેનો વિચાર કરો. એટલે જૈન શાસનમાં ચાલનારો વગર મદદે ચાલી શકે જ નહીં. કુટુંબકબીલો, સગાંવહાલાં શામાં મદદ કરે ? આરંભ, પરિગ્રહ, વિષય અને કષાયમાં મદદ કરે. ઘરે લગ્ન હોય તો બધા આવીને બેસે, પણ ધર્મમાં સાથ આપનાર કેટલા મળે ? તેથી જો ધર્મને અંગે મદદ કરનાર ત્યાગી વર્ગ દુનિયામાં ન હોય તો ધર્મમાં પ્રવૃત્ત થનારા નીકળે જ ક્યાંથી ? તેથી ત્યાગધર્મ ભગવાને ઉપદેશ્યો, તેની સાથે ત્યાગ ધર્મે જ જે ચાલવાવાળા થાય તે રખડી ન જાય, નિરાધાર ન થાય, સંયમમાં પ્રવર્તેલા આપત્તિમાં ફસાઈ ન જાય માટે ઉપદ્રવ ટાળવાનો રસ્તો પ્રથમથી કરવો જોઈએ, તેથી મોક્ષમાર્ગે ચાલનારને જે સગવડ જોઈએ તે સગવડો પૂરી પાડે અને અગવડો હોય તે ટાળે તેવો એક વર્ગ જોઈએ. મોક્ષમાર્ગે જનારાને સગવડ પૂરી પાડે અને અગવડ દૂર કરે - આ રીતે મદદ કરનારો વર્ગ ભગવાને ઉપદેશ્યો તે સાધુવર્ગ સમજવો. મોક્ષમાર્ગમાં મદદ કરનાર વર્ગ આખાએ શાસનમાં જો કોઈ હોય તો તે ફક્ત સાધુ મહાત્માનો વર્ગ તેમને નમસ્કાર કરે છે. આ જ વાત જણાવતાં ટીકાકાર મહારાજ ફરમાવે છે કે - एषां च नमनीयता मोक्षमार्ग - साहायककरणेनोपकारित्वात्, आह च -

''असहाए सहायत्तं करेंति मे संजमं करेंतस्स ।
एएण कारणेणं, णमामि हं सव्वसाहूणं''ति ।।

અર્થાત્ મોક્ષમાર્ગમાં સહાય કરનારા હોવાથી સાધુઓ નમસ્કારને યોગ્ય છે.

**મોક્ષમાર્ગની ભાવના ક્યારે થાય ?**

જેમ ચોકીદારને પોતાનું ને મુસાફરનું બન્નેનું રક્ષણ કરવાની બેવડી ફરજ બજાવવી પડે છે, તેમ સાધુને પણ બેવડી ફરજ બજાવવાની હોય છેઃ એક તો પોતે પણ મોક્ષમાર્ગે ચાલવું અને બીજી બાજુ બીજાને પણ મોક્ષમાર્ગે ચાલવામાં મદદ કરવી. મોક્ષ સાધે તે સાધુ. સાધુ મહાત્માને નમસ્કાર કરવાનો હેતુ જણાવતાં કહે છે કે, પહેલાં તો આ જીવને મોક્ષનો માર્ગ સૂઝવો એ જ મુશ્કેલ છે. મોક્ષની ઈચ્છા કોને થાય ? એક પુદ્ગલપરાવર્તમાં મોક્ષે જવાનું હોય તેવાને મોક્ષની ઈચ્છા થાય. મોક્ષ જ જોઈએ આવી ભાવના જેને સંસારમાં અર્ધપુદ્ગલ-પરાવર્તથી વધારે રખડવાનું ન હોય તેને જ થાય. યથોક્ત માર્ગમાં પ્રવર્તવું ક્યારે બને ? ઉત્કૃષ્ટથી આઠ જ ભવ જ્યારે બાકી હોય ત્યારે જ મોક્ષમાર્ગ તરીકે ચારિત્ર લેવાનુંસૂઝે.

**આઠમે ભવે મોક્ષ મળવાનો ખુલાસો**

**પ્રશ્ન** - આપ આ જીવે મેરુ પર્વત જેટલાં ઓઘામુહપત્તિ કર્યાની વાત પણ કહો છો અને પાછા આપ જ આઠ જ ભવમાં મોક્ષ મળવાની વાત પણ કહો છો, તો આ બે વાત ઘટે કેવી રીતે ?

**ઉત્તર** - શાસ્ત્રકારે કહેલી વસ્તુનો દુરુપયોગ કરે તેવાએ ભવાંતરમાં પણ ધર્મ પામી શકવાના નથી. દાખલા તરીકે, આણંદ શ્રાવકની વાતમાં શાસ્ત્રકારે જણાવ્યું કે આણંદ શ્રાવકે પાંચસો હળોએ ખેડાય તેટલી જમીન પરિગ્રહમાં રાખી હતી. તો તેનો દુરુપયોગ કરનારે અર્થ કર્યો કે, શ્રાવકે ખેતી કરવી જોઈએ. જુઓ ! આણંદ શ્રાવકે હળથી જમીન ખેડી હતી; આણંદ શ્રાવકની વાત આરંભ બંધ માટે હતી, તે

પરિગ્રહની વાત પાપના પોષણમાં ખેંચી લીધી! સ્થિતિવાળી વાતને હેતુ તરીકે જોડી. આણંદ શ્રાવક છોડી શકતા ન હતા એ ખરું, પણ પરિગ્રહ વધે કે રહે તેમાં વાંધો નથી, તેમ કહેતા ન હતા. એ તો કહેતા હતા કે - ભગવંત ! ત્યાગમય એવા આ જૈન શાસનની શ્રદ્ધા - પ્રતીતિ - રુચિ કરું છું, પણ પરિગ્રહ છોડ્યો છૂટતો નથી. ખરી વાત આવી હોવા છતાં દુરુપયોગ કરનારાઓ શાસ્ત્રના નામે આરંભપરિગ્રહનું પોષણ કરવા માગે છે. મેરુ જેટલાં ઓઘા-મુહપત્તિ થઈ ગયાના પ્રશ્નમાં જણાવવાનું કે હે મહાનુભાવ! આત્માર્થીપણું રાખશો તો પહેલાં અનંતા ચારિત્રો નકામાં ગયાં છે તેમ હવે નકામાં નહીં જાય. અહીં કોઈ ચારિત્ર છોડવા માટે તેનો દુરુપયોગ કરે કે મહારાજ ! અનંતી વાર ચારિત્ર લીધાથી કંઈ વળ્યું નથી તો હવે શું વળશે? આત્મકલ્યાણની બુદ્ધિ રાખવા કરેલો ઉપદેશ ચારિત્ર છોડવાના વિષયમાં ખેંચી જવો એ દુરુપયોગ જ ગણાય. આમ કહેનારને આપણે કહી શકીએ કે, ભાગ્યશાળી ! આ આત્માએ ચારિત્ર વધારે લીધાં કે બાયડી- છોકરાં વધારે કર્યા? આરંભાદિકમાં પરિણામ શું આવ્યું? નરકે ગયો, શિક્ષા ખમી. હવે અનંતી વખત ચારિત્ર દ્રવ્યથી પણ પાળ્યું તો ભલે નવગ્રૈવયકે જવાનું થયું, પણ દુર્ગતિ તો થઈ નથી ને ? આ બે બાબતો નજરે જોવા છતાં આરંભ-પરિગ્રહ કેમ છોડતો નથી? અનંતા મેરુ જેટલાં માબાપો ક્ર્યાં તેવું બોલનારા કેમ નથી નીકળતા? માબાપો અનંતાં કર્યાનું નહીં બોલવામાં અને અનંતા ચારિત્રની વાત બોલવામાં તેઓનો મુદ્દો સંસારની વાત બાજુ એ રાખીને ધર્મમાંથી ધક્કો મારવાનો જ છે. એટલે આવા પ્રશ્નો પૂછનારાના આશય જ જ્યાં ખોટા ત્યાં તેમને શું કહેવું? એટલે જે આઠ ભવમાં મોક્ષ મળવાની વાત કરી તે તો આત્મકલ્યાણની બુદ્ધિવાળું ચારિત્ર મળે તેને લઈને જ સમજવું. આ ચારિત્ર હોય ત્યાં શાસ્ત્રવચન જરૂર સાચું પડે એમાં જરાય શંકા ન રાખવી.

**આઠમા ભવે મોક્ષ અંગે વિશેષ ખુલાસો**

ભગવાન મહાવીર મહારાજે શ્રી ગૌતમસ્વામીજીને ખેડૂત પાસે મોકલ્યા. ખેડૂત તો ખેડ કરી રહ્યો છે, અને ગૌતમસ્વામી તે ખેડૂત પાસે જઈ તેને પ્રતિબોધ કરે છે. અને તે તેમનો શિષ્ય બને છે. પછી ગૌતમસ્વામી તે શિષ્યને કહે છે કે, ચાલ! ગુરુ મહારાજને વંદન કરવા જઈએ. ઉલ્લસમાં ને ઉલ્લાસમાં તે શિષ્ય ગૌતમસ્વામીની સાથે સમવસરણમાં આવે છે. પણ મહાવીર પ્રભુને દેખીને એ ખેડૂત તો "લ્યો તમારાં ઓઘો-મુહપત્તી પાછાં" - એમ કહીને ગૌતમસ્વામી પાસેથી ચાલ્યો જાય છે. આથી નવાઈ પામીને ગૌતમસ્વામીજી ભગવંતને વિનયપૂર્વક પૂછે કે - "મહારાજ ! આ શું ?" પ્રભુ કહે છે: "આટલા જ માટે મેં તને તે ખેડૂત પાસે મોકલ્યો હતો. હે ગૌતમ ! તે મને દેખીને કેમ ચાલ્યો ગયો તે તને કહું છું તે તું શ્રવણ કર! પૂર્વ ભવમાં એ ખેડૂતનો જીવ મારી સાથે વેરવાળો થયેલો. એથી મને જોતાંની સાથે એ ચારિત્ર મૂકીને ચાલતો થયો." અહીં સમજવા જેવી વાત તો એ છે કે તીર્થંકરને દેખીને ઓઘો છોડી દેનાર જીવ પણ જો ચારિત્ર પામે તો આઠમે ભવે મોક્ષે જવાના. મૂળ વાત એટલી કે જે મોક્ષ પામવાની ઈચ્છાએ સંયમને ગ્રહણ કરે અને પાળે તેવાને ઉત્કૃષ્ટથી આઠમા ભવમાં મોક્ષ મળે. પણ મોક્ષમાર્ગમાં જવા ઈચ્છનારને મદદ કરનાર તેમ જ જૈન શાસનનું દરેક પ્રકારનું કામ કરનાર વર્ગ ક્યો? જિનેશ્વરે પ્રરૂપેલા મોક્ષમાર્ગમાં સહાય કરનાર અને દરેક પ્રકારનું કામ કરનાર હોય તો એક સાધુવર્ગ જ છે.

**સાધુઓનું સહજ વિનીતપણું**

રાજકુંવર વિનીત ખરા પણ તે તો લાલચ કે ભયથી અથવા સજાના ડરથી વિનય કરે. પણ સાધુ માટે તેવું નથી. લાલચ કે ભય વગર ફરજ બજાવનાર તો ફક્ત સાધુઓ જ છે. એક સમયે વિનીતપણાની

પરીક્ષામાં ગંગા કઈ દિશાએ વહે છે તેમ રાજકુંવરને તપાસવાનું રાજા કહે છે ત્યારે કુમાર કહે, એમાં શું પૂછો છો ? ઠીક, તપાસ કરીને કહીએ છીએ, તેમ કહી કુમાર તપાસવા ચાલ્યો. તપાસવા ચાલતાં વચમાં મિત્ર મળ્યો. રાજાએ ગંગાના પ્રવાહની દિશાનો નિર્ણય કરવાનો કહ્યો છે. છતાં મિત્રે જ્યારે રાજકુમારને પૂછ્યું - " તમે ક્યાં જાઓ છો ?" તો પેલો રાજકુમાર મન ફાવે તેમ કહે: "જંગલમાં શિકાર કરવા!" રાજકુમાર નીકળ્યો હતો ગંગાના પ્રવાહની દિશા નક્કી કરવા, પણ એ તો એ કામ પડતું મૂકીને બીજે-ત્રીજે રખડવા ચાલી નીકળ્યો. અને જવાબ આપવાનો વખત થયો ત્યારે એણે વગર તપાસ કર્યે રાજાને કહ્યું કે "ગંગા પૂર્વની વહે છે." આ દરમ્યાન જાસૂસે રાજાને ખબર આપ્યા કે "કુમાર તો બીજે બીજે ફર્યા છે, પણ ગંગાને જોવા ગયા નથી." પરિણામે રાજકુમાર પોતાના વિનીતપણામાં નાપાસ થયા. આથી રાજા વિચારે છે કે આચાર્યના શિષ્યો પણ જો મારા કુંવર જેવા બને તો અમારા બન્ને ના શિષ્યો-પુત્રો સરખા થાય. આમ વિચારી રાજા આચાર્યને શિષ્યની પરીક્ષા કરવાનું કહે છે ત્યારે આચાર્ય રાજાને કહે, તમો કહો તે શિષ્યને હુકમ કરું ! ઉદ્ધત સાધુ હતો તેને કહેવાનું રાજાએ કહ્યું. આચાર્યે આથી એક ઉદ્ધત શિષ્યને કહ્યું કે ગંગા ક્યા મુખે વહે છે, તેની તપાસ કર! તે શિષ્ય ગંગાના મોઢે ગયો અને વહેતું ઘાસ અને લાકડી કઈ દિશામાં જાય છે તે જોયું અને દિશા ચોક્કસ નક્કી કરીને આચાર્યને આવીને કહ્યું કે લોકોને પૂછવાથી, ગંગાના વહેવાથી અને અનુમાનથી તપાસતાં પૂર્વ દિશા લાગે છે, પછી તો આપ ધારો તેમ. રુચકની અપેક્ષાએ પ્રજ્ઞાપક દિશા અને ભાવની અપેક્ષાએ જુદી જુદી દિશાઓ; પણ હું ભાવની અપેક્ષાએ પૂર્વ દિશા કહું છું.

**સાધુઓનો નિ:સ્વાર્થ સેવાભાવ**

નિ:સ્વાર્થ સેવાવાળો શાસનમાં વર્ગ ક્યો ? મોક્ષમાર્ગે જનારની નિ:સ્વાર્થ સેવા કરનારો વર્ગ કોઈ હોય તો તે સાધુવર્ગ છે.

મોક્ષમાર્ગમાં મુસાફરી કરનારને સહાય કરનાર વર્ગ તે સાધુવર્ગ છે. તેથી સાધુવર્ગ ઉપકારી છે. કોઈ પણ મનુષ્ય કુટુંબ વગરનો ભાગ્યે જ હોય, ઓછુંવત્તું સહુને કુટુંબ હોય. એ કુટુંબ તેને મદદ કરનારું પણ ખરું; પણ તમે નાહી ધોઈને ઘર બહાર નીકળો (અર્થાત્ મરણ પામો) પછી એ કુટુંબ તમારું નહીં. પછી મિલકતમાં પણ ભાગ નહીં. બીજા ભવનું સ્નાનસૂતક પણ કુટુંબને નહીં. મોક્ષમાર્ગે ગમન કરનારને મદદ કરનાર બીજો કોઈ છે જ નહીં. આ કાર્યમાં નિઃસ્વાર્થપણે મદદ કરનાર કોઈ હોય તો તે ફક્ત સાધુવર્ગ છે. આમ અનેક રીતે ઉપકારી હોવાથી પાંચમા પદમાં સાધુવર્ગને નમસ્કાર કરે છે.

**કૃષ્ણ મહારાજનો દીક્ષાપ્રેમ**

''અરે, મારા શરણે આવેલો દુર્ગતિમાં જાય તો મારી આબરૂ શી ? મારે શરણે આવેલો દુર્ગતિએ ન જવો જોઈએ'' - આવા વિચારથી કૃષ્ણ મહારાજ પોતાની કુંવરીઓને શાસનને અર્પણ કરી દે છે. માતાઓએ પોતપોતાની કુમારિકાઓને કૃષ્ણ મહારાજ પાસે શા માટે મોકલી હતી ? કહો કે વિવાહ માટે. પણ તે કન્યાઓને કૃષ્ણ મહારાજ વિચિત્ર સવાલ કરે છે કે તમારે રાણી થવું છે કે દાસી થવું છે ? આ પ્રશ્ન કેવો છે ? આનો ઉત્તર જાણીતો છે. તમે છોકરાને પૂછો કે છોકરા તું ગાંડો કે ડાહ્યો ? છોકરો શું બોલવાનો ? ડાહ્યો જ બોલવાનો. આ ઉત્તર ગાંઠે બાંધેલો છે, તેમ કુમારિકાઓ કહે રાણી થવું છે. ત્યારે કૃષ્ણ મહારાજ કહે છે કે જો રાણી થવું હોય તો જાઓ જિનેશ્વર ભગવાન પાસે. ત્યાં જઈને સાધ્વી બનો. ત્યાં હું ને મારી પ્રજા તથા મારું આખું કુટુંબ તમને માથું ઝુકાવીશું. બાકી ચાહે ત્યાં હું તમને પરણાવી દઈશ ત્યાં છેવટે માથું તો તમારે ઝુકાવવું પડશે. માટે રાણી થવું હોય તો દીક્ષા લો ! આવી રીતે કુંવરીઓને કૃષ્ણ મહારાજે દીક્ષા અપાવી. વળી આ તો પોતાની કુંવરીઓ છે; કંઈ પારકાની દીકરીઓ નથી. એક રાણીએ દેખ્યું કે આ તો પરણાવવા મોકલેલીને દીક્ષા અપાવી દે છે ! મારી દીકરીનું

તેમ ન થાય, એટલા માટે દીકરીને માતાએ શીખવ્યું કે તું દાસી થવાનું કહેજે. છોકરીએ કૃષ્ણ પાસે આવી નમસ્કાર કર્યો, અને બેઠી. કૃષ્ણે પૂછ્યું: "બોલ દીકરી! રાણી થવું છે કે દાસી?" દીકરી કહેવા લાગી: " મારે દાસી થવું છે " આ વખતે તો બાણ ખાલી ગયું. પહેલા બાણ ચાલ્યું, પણ આ જગો પર ખાલી ગયું. કૃષ્ણ મહારાજ ત્યારે વિચારે છે, આ જીવ તો સંયમ લાયક છે, પણ એની માએ આ જીવને ભરમાવ્યો છે. હવે ત્યાં કૃષ્ણ મહારાજે પોતાની જોડે રહેવાવાળો સાલવી હતો તેને તેની બહાદુરીઓ પૂછી. વીરો સાલવી કહે: "હે રાજન્! એક વખત ઘડામાં માંખો બણબણતી હતી. હાથ દીધો એટલે ચૂપ થઈ ગઈ. એક વખત બહાર જંગલમાં ગયો હતો તેમાં એક ખેતરની નીક હતી. ગાડું તેની પરથી ચાલતાં તે નીક તૂટી ગઈ. એટલે મેં પગ આડો ધરી એ નીકની પાળ ફરી બાંધી દીધી. વળી એક સમયે કાચંડો હતો તેનો મને ભય લાગ્યો આથી તેના પર મેં પથ્થરનો ઘા કર્યો, અને કાચંડાને માર્યો! મેં આવી આવી ઘણી બહાદુરીઓ કરી છે." આ સાંભળી ફરી કૃષ્ણ મહારાજાએ ઘડામાં હાથ ઘાલ્યો, પગથી પાણી રોક્યું, કાચંડાને માર્યો - આ ત્રણ વાત સભામાં કેવી રીતે જાહેર કરી ને તેનું ક્ષત્રિયપણું કેવી રીતે નક્કી કર્યુ તે જુઓ. તેઓએ કહ્યું: "જેણે બણબણતી માખીઓની સેના કળશીપુરમાં રોકી રાખી હોય તે ક્ષત્રિય ખરો કે નહીં? ચક્રથી ઊખડી ગયેલી ગંગા જેણે માત્ર ડાબા પગથી રોકી રાખી તે ક્ષત્રિય ખરો કે નહીં? એક રક્તમુખ (કાંચડો) બદ્રીવનમાં રહેતો હતો તેને એક ઘાએ ધ્વસ્ત કર્યો તે બહાદુર ખરો કે નહીં? આ ત્રણે વસ્તુ એકલે હાથે કરનાર શૂરવીર ખરો ને? આખી સભાએ કબૂલ કર્યુ કે શૂરવીર ખરો જ ! એવા ક્ષત્રિયને મારી કન્યા આપું છું. કહી કન્યા આપી. તે પછી તો એ કન્યાએ પણ દીક્ષા લીધી છે. સંયમના રાગી તો આવા હોય!

**સાધુ જીવનની ભાવના: "હું એકલો છું, મારું કોઈ નથી."**

આ વીરા સાલવીની માખોની, નેળના પાણીની, અને કાચંડાની વાતને કૃષ્ણ મહારાજે કેવું રૂપક આપ્યું ! પણ અભયદેવસૂરિજી મહારાજ કંઈ આવું રૂપક આપીને સાધુઓને ઊંચે ચડાવતા નથી પણ નિર્યુક્તિકાર પોતે જ સાધુપદ માટે કહે છે કે જેમ જગતમાં માબાપ વગરના નિરાધાર ગણાય છે, છતાં જો તેવાને જ્ઞાની સમજુ પાડોશી હોય તો આધાર બની જાય છે; તેમ જેઓએ જ્ઞાતિ, પડોશી, કુટુંબ, સગાવહાલાં છોડ્યાં છે તેવાઓ તો કેવળ અસહાય આધાર વગરના જ ગણાય. મોક્ષમાર્ગે જનારો સર્વવિરતિ તે નિરાધાર સાધુ શું વિચારે છે ? ‘‘તે મારા નહીં ને હું તેનો નહીં’’ ‘‘एकोऽहं नास्ति मे कश्चित्’’ અર્થાત્ ‘‘હું એકલો છું, મારું કોઈ નહીં; હું કોઈનો નહીં.’’ આવા વિચારો કરે, બોલે પછી તેવાને મદદ કરવાને કોણ તૈયાર થાય ? દુનિયામાં તારે ને મારે લાગે વળગે શું ? આવા શબ્દો નાગાઈના ગણાય. તારે મારે લેવા દેવા નહિં, હું એકલો જ છું, મારું કોઈ છે જ નહીં, મારે દુનિયાની સાથે લાગતું વળગતું નથી, હું મારે રસ્તે દુનિયા દુનિયાને રસ્તે - આ શબ્દો દુનિયાદારીમાં કેટલા ભારી પડે ? પણ અહીં સાધુ મહાત્મા થાય કે પહેલે નંબરે એ જ શબ્દો બોલે કે ‘‘હું તમારો નહીં, તમે મારા નહીં.’’

**દુનિયાદારીના હિસાબે ઉલટા ગણાતા સાધુઓ જ સાચા મદદગાર**

તમારી અપેક્ષાએ આવું બોલનારા અમે તદ્દન ગાંડા છીએ. દુન્યવી વહેવારમાં તમારે માથું ઢાંકવું, તે પ્રથમ ફરજ; અહીં સાધુઓનું જુઓ તો માથું જ ઉઘાડું. તમે ઘરની બહાર જાવ તો પગમાં ખાસડાં પહેરવાનાં, ન પહેરો તો બીજા કહે કે બિચારાને જોડા પણ મળતા નથી; મતલબ કે દુનિયામાં જોડા જરૂરની ચીજ ગણાય છે, જ્યારે સાધુઓને એની જરૂર નહિં. દુનિયાદારીમાં પાઘડી કે ટોપીનો પરિહાર કરે તો સનાનીઓ કહે ! સાધુઓએ પાઘડી, ફેંટા, ટોપીઓનો પરિહાર કર્યો, ત્યાગ કર્યો. આ રીતે અમે સાધુઓ દુનિયાદારીની અપેક્ષાએ પૂરા દીવાના લાગીએ, છતાં તમને સાચી મદદ કરનાર કોણ ? દીવાનામાં

ખપતો સાધુવર્ગ જ. સાધુઓએ બધી સહાયો છોડી દીધી છે. તેમને વગર કહ્યે મદદ કરનાર કોણ મલે ? "માગ્યા વગર માએ ન પીરસે" એ દુનિયાનો ન્યાય છે. દુનિયાદારીમાં મદદ માગે તેને મદદ કરાય, પણ વગર માગ્યે મદદ કોઈ ન કરે. અહીં સાધુપણામાં મદદ ન મંગાય, પોતે અસહાય હોવા છતાં સાધુઓ સહાયની દરકાર ન રાખે, આ સ્થિતિમાં મોક્ષમાર્ગને અંગે મદદ કરનાર કોઈ હોય તો એક ફક્ત સાધુ મહાત્માનો વર્ગ.

પણ આવી વગર માગી મદદ કરવી ક્યા સાધુઓને ? શું લુચ્ચા માર્ગઘાતકોને ? ઉત્થાપકોને ? ના. ગૃહસ્થો પણ તેવાઓને ગોચરી આદિ વહોરાવે તે સુપાત્રદાન તરીકે નહીં, પરંતુ ગૃહસ્થપણાની ઉચિતતા ગણીને આપે. જેઓ જિનેશ્વરે કહેલા સંજમને આચરવાવાળા-આદરવાવાળા હોય તેવા, સહાયની દરકાર વગરના જે સાધુઓ હોય ત્યા સહાય કરવા સાધુ તૈયાર રહે. સાધુઓમાં જુદી જુદી નાતના, કુટુંબના, જુદા જુદા દેશના સાધુઓ એકઠા થયા હોય છતાં એ બધા પરસ્પર વિનય, વૈયાવચ્ચ કરનારા હોયછે. મોક્ષમાર્ગે જનારને મદદ કરવી તે આપણી ફરજ છે. આ વાત બ્રાહ્મણના આશીર્વાદ જેવી નથી. જેવી રીતે સંક્રાન્તિમાં કોઈ બ્રાહ્મણને મણ લોટ મલી ગયો હોય. તેની પાસે કોઈ બીજો બ્રાહ્મણ જંગલમાંથી ભૂખ્યો આવ્યો. તે ભૂખ્યો બ્રાહ્મણ મણ લોટવાળા પાસે લોટ માગે તો બ્રાહ્મણના આશીર્વાદ શેઠિયા માટે હતા પણ બ્રાહ્મણ માટે નહીં. મણમાંથી શેર આપવાનું કહે તો પણ પેલો બ્રાહ્મણ આપે નહીં. નિર્યુક્તિકાર મહારાજ આવી રીતે સાધુને કામ ભળાવતા નથી. આ જ વાત આગળના असहाए सहायत्तं करेंति એ શ્લોકમાં નિર્યુક્તિકાર મહારાજે કહી છે. એટલે કે સાધુ મહાત્માઓ મોક્ષમાર્ગમાં મદદ કરનાર હોવાથી તેમને નમસ્કાર કરું છું.

**સર્વ સાધુને નમસ્કાર**

દુનિયામાં કરે એ ગવાય, તેમ વિનય-વૈયાવચ્ચ કરે તેથી તેને

નમસ્કાર થાય, આવા વચનમાં સમ્યકત્વ ગયું. સાંભળો આનો એક દાખલો : રિખવદેવજી મહારાજ પહેલા ભવમાં આચાર્ય છે. તે સમયે ભરત અને બાહુબળી વૈયાવચ્ચ કરનારા તથા બ્રાહ્મીસુંદરી અભ્યાસ આદિ કરનારા છે. જેમ મુનીમ ઘણું કામ કરનારો હોય તેને તમે શાબાશી આપો, તેમ આચાર્ય મહારાજે ભરત-બાહુબળીજીનાં વખાણ કરતાં કહ્યું, શાબાશ! ધન્ય છે! આ આત્માઓને. આ શ્રવણ કરી અભ્યાસ કરનાર બ્રાહ્મી-સુંદરીના જીવોને મનમાં થયું કે ગુરુમહારાજ કરે તેનું ગાય છે. હવે જો ગુરુમહારાજના મોઢે પ્રશંસા કરાવવી હોય તો તેમની માવજત કરી લેવી. આચાર્ય મહારાજે તે સાધુઓના ગુણને અંગે પ્રશંસા કરી છે, ત્યારે પેલાએ માવજત કરે છે માટે ગાય છે, તેવો ઊલટો વિચાર કર્યો. આ વાક્યનું પરિણામ શું આવ્યું ? બ્રાહ્મી-સુંદરીનો જીવ મિથ્યાત્વે આવ્યો ને સ્ત્રીવેદ બાંધ્યો. કરે તેને ગાય, આટલા જ વિચારમાં આ દશા! બ્રાહ્મી-સુંદરી તીવ્ર તપસ્વી. ઊંચા તપસ્વી, અભ્યાસી, સંયમી છતાં આવા વિચારે સ્ત્રીવેદ બાંધ્યો. ગુણના સ્થાને અવગુણ ની કલ્પના કરીને આપણી જીભે ઘોડા બાંધીએ તો શી વલે થાય? ચોર્યાસી લાખ પૂરવના સંયમમાં ફક્ત એક જ અયોગ્ય વચન મિથ્યાત્વ લાવી સ્ત્રીવેદ બાંધનાર તેમને થયું, તો આપણી તો શી વલે થશે ? ભદ્રબાહુસ્વામી આચાર્ય થયા છે. જે સાધુઓ ભક્તિ કરે તેમને જ તેઓ ધન્યવાદ દે, તેવું નથી. નિર્યુક્તિકાર ભદ્રબાહુસ્વામી જેઓ ચૌદપૂર્વી શ્રુતકેવલી છે તેઓ તો સાફ કહે છે કે " णमो सव्वसाहूणं " હું સર્વ સાધુઓને નમસ્કાર કરું છું. આથી પંચપરમેષ્ઠીમાં સાધુપદ કેટલુ પૂજ્ય અને આરાધ્ય છે તે જણાવ્યું.

આ રીતે સાધુપદ સંબંધી વિવેચન અહીં પૂરું થયું. આ પાંચે પદોની ઉપયોગિતા અને વ્યવસ્થા અંગે હવે પછી કહેવામાં આવશે.

# દેશના - ૩૩
# પાંચે પદોની વ્યવસ્થાની વિચારણા

પંચ પરમેષ્ઠી એ જ જૈન શાસનનું સર્વ ક્ષેત્ર કાળનું છત્ર હોવાથી ગણધર ભગવાને શ્રી ભગવતીજીની શરૂઆતમાં પંચપરમેષ્ઠીને નમસ્કાર કર્યો અને અરિહંતાદિક એ પાંચે પદની વ્યાખ્યા ટીકાકાર મહારાજ શ્રી અભયદેવસૂરિજી કરી ગયા.

**પાંચ પદોની ચરિતાર્થતા**

**શંકા** - હવે આ રીતે મંગળાચરણમાં નમસ્કાર પાંચ પદોને બદલે ઓછાં કે વધુ પદો મૂક્યાં હોત તો કેમ? - એવી શંકા કરતાં શિષ્ય પૂછે છે કે - ननु यद्ययं संक्षेपेण नमस्कारस्तदा सिद्ध - साधूनामेव युक्त:, तद्ग्रहणऽन्येषामप्यर्हदादीनां ग्रहणात्, यतोऽर्हदादयो न साधुत्वं व्यभिचरन्ति। अथ विस्तरेण, तदा ऋषभादिव्यक्तिसुमुच्चारणतोऽसौ वाच्य: स्यादिति । એટલે કે - જો આ નમસ્કાર સંક્ષેપમાં કરવો હોય તો સિદ્ધને અને સાધુને નમસ્કાર કરવો યોગ્ય છે; એ બેને લેવાથી અરિહંત વગેરેનું પણ ગ્રહણ થઈ જાય છે; કારણ કે અરિહંત વગેરે પણ સાધુપણાથી વેગળા નથી. હવે જો વિસ્તારથી નમસ્કાર કરવો હોય તો ઋષભદેવ વગેરેનાં નામો લઈને કરવો જોઈએ.

સમાધાન - આ શંકાનું સમાધાન કરતાં ટીકાકાર મહારાજ ફરમાવે છે કે - 'नैवम् यतो न साधुमात्रनमस्कारेऽर्हदादिनमस्कार-फलमवाप्यते मनुष्यमात्र नमस्कारेऽर्हदादि नमस्कार फलवदिति कर्तव्यो

विशेषतोऽसौ,प्रतिव्यक्ति तु नासौ वाच्योऽशक्यत्वादेवेति'એટલે કે તમારું કહેવું બરાબર નથી. જેમ માણસમાત્રને નમસ્કાર કરવાથી રાજા વગેરેના નમસ્કારનું ફળ નથી મળતું તેમ સાધુમાત્રને નમસ્કાર કરવાથી અરિહંત વગેરેના નમસ્કારનું ફળ મળતું નથી, તેથી આ નમસ્કાર વિશેષ પ્રકારે એટલે કે ભિન્ન ભિન્ન પદને ધારણ કરનારનું નામ લઈને કરવો જોઈએ; પણ જુદા જુદા અરિહંત વગેરેનું નામ લઈને નમસ્કાર કરવાની જરૂર નથી, કારણ કે એમ કરવું શક્ય નથી. આ રીતે ટીકાકાર મહારાજે મંગલનાં પાંચ પદોની ચરિતાર્થતા બતાવી.

**સિદ્ધપદ પહેલું કેમ નહીં ?**

વળી શિષ્ય શંકા કરે છે કે ननु यथाप्रधानन्यायमङ्गीकृत्य सिद्धादिरानुपूर्वी युक्ता, अत्र सिद्धानां सर्वथा कृतकृत्यत्वेन सर्वप्रधानत्वात् । એટલે કે મોટાનું નામ પહેલાં લેવું (यथाप्रधान) એ ન્યાય પ્રમાણે પહેલાં સિદ્ધ ભગવાનનું નામ લઈને પછી અનુક્રમે બીજા નામ લેવાં યોગ્ય ગણાય, કારણ કે સર્વથા કૃતકૃત્ય હોવાના કારણે સિદ્ધો સૌમાં મુખ્ય છે. મતલબ કે જગતમાં મોટાનું નામ પહેલાં લેવાય, પછી નાનાનું નામ બોલાય છે; જેમ 'રાજા-પ્રજા' 'બાપ-દીકરો' 'મા-દીકરી' વગેરે મુરબ્બી હોય તે દરેક સ્થાને પહેલો હોય. મુરબ્બીને પ્રથમ સ્થાન મળવું જોઈએ. સમાસસૂત્રોમાં अर्च्यं अभ्यर्हम् । - જે પૂજ્ય હોય તે પ્રથમ પદે મૂકાય - તેવો નિયમ છે. નવકારમંત્રનાં પાંચ પદોમાં પહેલું પૂજ્યપદ ક્યું ? સિદ્ધ મહારાજ. નિરંજન નિરાકાર જ્યોતિસ્વરૂપ જો કોઈ હોય તો માત્ર સિદ્ધો જ છે; અરિહંતો તો જ્યોતિસ્વરૂપ નિરંજન નિરાકાર નથી. માટે પહેલાં णमो सिद्धाणं બોલવું જોઈએ, તેના બદલે તમે પહેલાં णमो अरहंताणं બોલો છો તે બરાબર કે ન્યાય ગણાય ખરું ? આમાં સિદ્ધોનું અપમાન ન ગણાય ? પહેલી લાણી શેઠને ઘેર ન મોકલતાં નોકરને પ્રથમ લાણી આપે તો ? દેવમંદિરે પ્રથમ ન ધરાવતાં પોતે ખાય તો ?

ગુરુને પ્રથમ દાન ન દેતાં, પોતે પહેલાં ખાઈ લે તો ? તો એ બરાબર ન ગણાય. એ માણસાઈ ન ગણાય. એ ઠીક ન ગણાય. પ્રથમ દેરાસરે મૂકે, પછી ગુરુને વહોરાવે, ત્યાર બાદ સાધર્મિકને જમાડે, પછી જ પોતે જમે તો તે માણસાઈ ગણાય. તો પછી નિરંજન નિરાકાર એવા સિદ્ધ પરમાત્માને પ્રથમ નમસ્કાર ન કરતાં, જે અરિહંતો હજુ કર્મના કાષ્ઠપિંજરમાં કેદી છે, હજુ જેઓ કર્મરાજાની કેદમાંથી પૂરા છૂટેલા નથી, ફક્ત કેવળજ્ઞાન, કેવળદર્શન અને વીતરાગતા પામ્યા છે, કિંતુ સર્વથા મુક્ત થયા નથી, છતાં તેમને પ્રથમ નમસ્કાર કરો છો તે વાજબી નથી. આચાર્ય તો હજુ મોક્ષ માર્ગના મુસાફર છે. ઉપાધ્યાય અને સાધુપણ મુસાફરો જ છે, અને અરિહંતને પણ મોક્ષ સાધવાનો હજુ બાકી છે. અને સિદ્ધને તો કંઈ પણ પામવાનું બાકી નથી. એમને જ્ઞાન, દર્શન,વીર્ય, સુખ પામવાનાં બાકી નથી, તેમ અઘાતી કર્મનો વિચ્છેદ પણ કરવાનો બાકી નથી. જે ઝવેરી હીરાની કિંમત બરાબર ન કરી શકે તો પછી તેને ઝવેરી શી રીતે કહેવો ? જો તમે ગુણના ઝવેરી છો તો ગુણવત્તાને અગ્રસ્થાન આપવા માટે પાંચ પદોમાં સિદ્ધોને જ પહેલો નમસ્કાર કરવો જોઈએ.

શિષ્યની આ શંકાનો પ્રત્યુત્તર આપતાં ટીકાકાર મહારાજ ફરમાવે છે કે 'नैवम् अर्हदुपदेशेन सिद्धांनां ज्ञायमानत्वात्, अर्हतामेव च तीर्थप्रवर्त्तने-नात्यन्तोपकारित्वादित्यर्हदादिरेव सा ।' એટલેકે સિદ્ધોને જણાવનાર અરિહંતોનો ઉપદેશ હોવાને કારણે, તેમ જ તીર્થનું પ્રવર્તન કરવાને કારણે અરિહંત જ નજીકના ઉપકારી હોવાને કારણે અરિહંતથી જ એની શરૂઆત થાય છે. આ વાત જરા વિસ્તારથી સમજો. ટીકાકાર મહારાજ કહેવા માગે છે કે, તમારી એ વાત ખરી છે કે સર્વ પદોમાં સિદ્ધપદ જ શ્રેષ્ઠ છે, કૃતકૃત્ય છે. તેમાં અમારો વાંધો નથી. પણ અહીં સમજવા જેવી વાત એ છે કે - સાધુની પરીક્ષા મહાવ્રત, તપસ્યા અને ત્યાગથી થાય છે; ઉપાધ્યાય કે આચાર્યની પરીક્ષા પણ આપણે કરી

શકીએ છીએ. અરિહંતને પણ લોકો નજરે જોઈ શકે છે. આ રીતે અરિહંત, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને જાણવાનું સાધન આપણી પાસે છે, પણ સિદ્ધ ભગવાનને જાણવા માટે આપણી પાસે શું સાધન છે, તે વિચારો. સિદ્ધને જાણવાનો એક પણ રસ્તો આપણી પાસે નથી. સિદ્ધ મહારાજને જાણી શકીએ તો કેવળ અરિહંત મહારાજા કેવળજ્ઞાન પામ્યા અને તેઓએ સિદ્ધોને દેખ્યા તેથી આપણે જાણી શકીએ છીએ કે, આવી રીતે સર્વકર્મનો ક્ષય કરી સિદ્ધો થયા છે; અને એ રસ્તે પોતાનાં સર્વ કર્મનો ક્ષય કરી જીવો સિદ્ધ થઈ શકે છે. આ રીતે સિદ્ધોને આપણે જાણ્યા એ બધો અરિહંતનો ઉપકાર છે. ચોખ્ખા મોઢાનો નિર્ણય અરીસા ઉપરથી ક્યારે કરી શકે ? જો દર્પણ ચોખ્ખું હોય તો જ ને ? એમ અહીં પણ સિદ્ધ મહારાજનો નિર્ણય પણ કેવળજ્ઞાની એવા અરિહંત આપે તો જ થઈ શકે. કારણ કે તેઓ ઘાતી કર્મ જવાથી શુદ્ધ-ચોખ્ખા થયેલા છે. સાક્ષાત્ સિદ્ધોનું દેખવું કેવળજ્ઞાની તીર્થંકરો અને કેવળજ્ઞાનીઓ સિવાય કોઈને હોય નહીં. એટલે અરિહંતોના કથનથી સિદ્ધોને આપણે જાણી શકીએ. માટે શાસ્ત્રકાર મહારાજે અરિહંતોને પહેલાં નમસ્કાર કર્યો.

**અરિહંતો સિદ્ધોની ખાણ**

વળી માલ લાવવો હોય તો દલાલ પ્રથમ લાવવો પડે. દલાલ ગમે ત્યાંથી માલ લાવી આપે. સિદ્ધ મહારાજ પ્રત્યે શ્રદ્ધા, જ્ઞાન, તેમના સ્વરૂપનું ધ્યાન તેમાં આપણા દલાલ કોણ ? સિદ્ધનું સ્વરૂપ આપણાને જણાવે કોણ ? અરિહંત મહારાજ ! અહીં કોઈ શંકા કરે કે મોઢાને જણાવનાર દર્પણ છે તેથી મોઢા કરતાં દર્પણની કિંમત શું વધારે સમજવી ? ના. આવી શંકા કરવાની જરૂર નથી. મોઢા કરતાં દર્પણની કિંમત વધારે ન જ ગણાય. હીરા કરતાં દીવાસળીની કિંમત ન વધી જાય. દીવાસળીએ અજવાળુ કર્યું તેથી એટલો એનો ઉપકાર ગણાય, પણ એથી કંઈ હીરા કરતાં દીવાસળીની કિંમત વધુ ન ગણાય. તેમ અરિહંતો

ભલે સિદ્ધોને દેખાડનાર હોય, પણ તેથી કંઈ અરિહંતની કિંમત સિદ્ધો કરતાં વધી ન જાય; તેમ સિદ્ધોની કિંમત ઘટે પણ નહીં. પણ અરિહંતો એ સિદ્ધોની ખાણ છે. અરિહંતોમાંથી જ સિદ્ધો થાય છે. જેમ ખાણને લીધે જાતજાતના હીરાઓ હોય છે તેમ અરિહંત મહારાજને લીધે જાતજાતના સિદ્ધો છે. સ્ત્રીલિંગસિદ્ધ, પુલિંગસિદ્ધ વગેરે સિદ્ધોના પ્રકારો અરિહંત મહારાજને લીધે થાય છે. એટલે અરિહંતો સિદ્ધ ને જણાવનાર એટલું જ નહીં કિન્તુ સિદ્ધોને પેદા કરનાર - સિદ્ધો બનનાર પણ અરિહંતો જ છે. આ રીતે અરિહંતોનું મુખ્યપણું જણાવ્યું. વળી તીર્થ ન પ્રવર્ત્યું હોય ત્યારે મોક્ષ માર્ગ વિચ્છેદ કરીએ છીએ. અસંખ્યાત વર્ષોનો એક પલ્યોપમ, તેવા દસ કોડાકોડ પલ્યોપમનો એક સાગરોપમ થાય; અને ૧૮ કોડાકોડ સાગરોપમ થાય ત્યાં સુધી તો આ ભરત ક્ષેત્રમાં એકે સિદ્ધ થયો નહીં. જ્યારે રિખવદેવજી જન્મ્યા ત્યારે તેમણે તીર્થ પ્રવર્તાવ્યું, ત્યારથી ૫૦ લાખ ક્રોડ સાગરોપમ સુધી મોક્ષે જવાનું ચાલ્યું. રિખવદેવજી, અજિતનાથ ભગવાન બેની વચ્ચે ૫૦ લાખ ક્રોડ સાગરોપમ સુધીનું આંતરું છે, જે માટે સિદ્ધ ગંડિકા બનાવી છે. જે બધા સિદ્ધો થયા તે અરિહંતના પ્રતાપે થયા છે માટે સિદ્ધોની ખાણ અરિહંત છે. કહો; તીર્થને પ્રર્વર્તાવીને મોક્ષ પામવાનું સાધન કોણે પ્રવર્તાવ્યું ? અરિહંત એવા તીર્થકર ભગવંતોએ. માટે તેઓ નજીકના ઉપકારી હોઈ તેમને પહેલા લીધા.

### મોક્ષનો મુખ્ય માર્ગ

**શંકા** - ''जिणअजिणतित्थतित्था'' (नवतत्त्व गाथा ५५) અતીર્થ સિદ્ધ એટલે તીર્થ વગર પણ મોક્ષે જવાવાળા છે, તેમ નવતત્ત્વમાં કહ્યું છે. અને તમે આમ કહો છો તે કેમ ?

**સમાધાન** - મકાનની બારીએ દોરડું બાંધીને પણ મકાનમાં જવાય, અને બારણાથી પણ જવાય; તો હે ભાગ્યાશાળી, ખરો રસ્તો ક્યો ગણાય ? દોરડું બાંધી મકાનમાં જવાય તે ખરો રસ્તો ન ગણાય

પણ બારણું જ ખરો રસ્તો ગણાય. અતીર્થ એટલે શું? અતીર્થ સિદ્ધ એટલે શું? 'તીર્થ એટલે તરવાનું સાધન.' તે તીર્થ વગર કોઈક જીવ મોક્ષે ગયો તેથી તે રસ્તો ન ગણાય. જેમ મકાનનું બારણું એ જ મુખ્ય રસ્તો ગણાય, તેમ મોક્ષે જવાનો મુખ્ય રસ્તો તો અરિહંત ભગવાને પ્રવર્તાવેલ તીર્થ જ ગણાય.

**આચાર્ય વગેરે પહેલાં કેમ નહીં?**

તીર્થંકરને લીધે સિદ્ધો ઉત્પન્ન થાય છે. સિદ્ધોની પરંપરા ચાલુ રાખનાર હોય તો તે તીર્થંકરો છે. તેઓ નજીકના ઉપકારી છે. માટે પહેલાં અરિહંતને નમસ્કાર કરવો જોઈએ - આ રીતે ટીકાકાર મહારાજે વર્ણવેલું અરિહંતનું મુખ્યપણું તો શંકાકારના મનમાં ઊતર્યું પણ એ 'આસન્ન ઉપકારીપણા' ના હેતુને લઈને આચાર્ય વગેરેને પહેલાં કેમ ન લેવા એવી શંકા એના મનમાં ઊભી થઈ. આ શંકાને બતાવતાં એ પ્રશ્ન કરે છે કે नन्वेवमाचार्यादे: सा प्राप्नोति, क्वचित्काले आचार्येभ्य: सकाशादर्हदादीनां ज्ञायमानत्वात् अत एव च तेषामेव अत्यन्तोपकारित्वात् । એટલે કે જો નજીકના ઉપકારીપણાને કારણે અરિહંતને પહેલા લીધા તો આચાર્ય વગેરેથી જ એની શરૂઆત કેમ ન કરાય? કારણ કે કોઈક કાળે આચાર્યો પાસેથી જ અરિહંત વગેરેની જાણ થાય છે, અને તેથી તેઓ જ નજીકના ઉપકારી (આસન્નોપકારી) છે. એટલે આમ કહીને શંકાકાર એમ જણાવવા માગે છે કે - અરિહંત મહારાજથી સિદ્ધ માલૂમ પડે છે તો તેથી પ્રથમ નંબરે અરિહંતો આવે તે વાત આપની કબૂલ! પણ જો તેમ હોય તો આચાર્યથી શરૂ કરો - 'णमो आयरियाणं ' પદ પ્રથમ નંબરે મૂકો - કારણ કે મહાવીર પ્રભુ મોક્ષે ગયા પછી તેઓને જણાવનાર કોણ? આચાર્યો. એટલા માટે અરિહંતના કાળધર્મ પછી અરિહંત અને સિદ્ધોને જણાવનાર તો આચાર્યો છે. મહાવીર ભગવાન તો અમુક ક્ષેત્રમાં જ હોય છે, બાકીના ક્ષેત્રમાં સિદ્ધોને ઓળખાવનાર, ક્ષેત્રાંતરમાં - કાળાંતરમાં ઓળખાવનાર, તો આચાર્યો છે. માટે

સુધર્માસ્વામી 'णमो अरहंताणं' બોલે તે વાજબી છે. કારણ કે તેમને અરિહંતથી સિદ્ધ જાણવાના છે. પણ આપણા જેવા બીજાઓએ તેમનું અનુસરણ શા માટે કરવું જોઈએ? આપણે પણ આપણા જે આસન્ન ઉપકારી હોય તેમને જ પ્રથમ નમસ્કાર કરવા જોઈએ. એમ ન કરીએ તો તો 'બાપના કૂવામાં બૂડી મરવા' જેવું થયું નહીં ગણાય? ગણધરે તો પહેલા અરિહંતને નમસ્કાર કર્યા તે વાજબી કર્યું; પણ આપણે તો આપણા નજીકના ઉપકારીને યાદ કરવા જોઈએ ને?

ઉપર જણાવેલી આશંકાનો જવાબ આપતાં ટીકાકાર મહારાજ ફરમાવે છે કે - 'नैवम् आचार्याणामुपदेशदानसामर्थ्यमर्हदुपदेशत एव, नहि स्वतन्त्रा आचार्यादय उपदेशतोऽर्थज्ञापकत्वं प्रतिपद्यन्ते, अतोऽर्हन्त एव परमार्थेन सर्वार्थज्ञापकाः, तथाऽर्हत्परिषद्रूपा एवाचार्यादयः अतस्तान्नमस्कृत्यार्हन्नमस्करणमयुक्तम् । उक्तं च 'न वि कोइ परिसाए पणमित्ता पणमए रण्णो''त्ति ।' એટલે કે તમારું કહેવું બરાબર નથી, કારણ કે આચાર્યોની ઉપદેશ દેવાની શક્તિ અરિહંતના ઉપદેશમાંથી જ આવે છે. આચાર્યો સ્વતંત્રપણે ઉપદેશ આપીને અર્થને જણાવનાર નથી. તેથી ખરી રીતે અરિહંતો જ બધા અર્થોને જણાવનારા છે. વળી આચાર્ય વગેરે અરિહંતની સભારૂપ છે, તેથી પહેલાં તેમને નમસ્કાર કરીને પછી અરિહંતને નમસ્કાર કરવા એ અયોગ્ય ગણાય. કહ્યું છે કે - ''કોઈ પણ માણસ કચેરીને પ્રણામ કરીને પછી રાજાને પ્રણામ ન કરે.' એટલે આચાર્ય વગેરેને પહેલાં ન લેવાય.

**આચાર્યો તો અરિહંતોનું સંપેતરુ આપનાર છે**

ટીકાકાર મહારાજના આ કથનનો અર્થ બરાબર સમજો. પોસ્ટમેન આવીને એક રજિસ્ટર આપી જાય, તેમાંથી ૧૦ હજારનો ચેક નીકળે. તે દસ હજાર રૂપિયા પોસ્ટમેનને ખાતે જમા કરશો કે કાગળ લખનારને નામે જમા કરશો? ચેક જુઠ્ઠો કે સાચો હોય પણ પોસ્ટમેનને તેની સાથે કશી લેવા દેવા નથી. ચેક પાછો ફરે, ન સ્વીકારાય તેની

જોખમદારી લખનારની છે. આપવા આવનારને કશી લેવા-દેવા નથી. ભોગીભાઈ ને ત્યાં કોઈનો નોકર દસ હજાર રૂપિયા ભરી ગયો; તે રૂપિયા કોને ખાતે જમા કરશે ? શેઠને નામે. નહીં કે એ નોકરને નામે. તેમ આચાર્ય ભગવંતો અરિહંતો અને સિદ્ધોને જણાવે છે; ક્ષેત્રાંતરમાં કાળાંતરમાં અરિહંત અને સિદ્ધનું જ્ઞાન આચાર્યના વચનથી જ થાય છે; વળી કોઈક ક્ષેત્રમાં ઉપાધ્યાય કે સાધુના વચનથી પણ અરિહંતો, અને સિદ્ધોનું જ્ઞાન થાય છે, તેમાં ના નથી. પરંતુ તે પોતે કહે છે કે આ સંપેતરું ભગવાનનું છે. આમાં હું મારું પોતાનું કશું કહેતો નથી. અરિહંત ભગવાનથી આચાર્યને, ઉપાધ્યાયને, સાધુને જે શાસ્ત્રો મળ્યાં છે તે પહેલાં કબૂલાત લઈને આપ્યાં છે. કઈ કબૂલાત ? મારે આ સમ્યક્ પ્રકારે ધારણ કરવું ને બીજાને આપવું. ''सम्मं धारिज्जाहि, अन्नेसिं पवज्जाहि'' - તું આને બરાબર ધારણ કરજે; બીજાઓને દેજે, નિરૂપણ કરજે. તેથી ત્રીજુ મંગલ આચાર્યનું માન્યું છે. સૂત્રયોગ સમાપ્ત થાય ત્યારે નંદિનો મહોત્સવ કરે છે તેમાં ''गुरुगुणेहिं वड्ढिज्जाहि'' મોટા ગુણોએ કરીને વધજો !'' એવા આશીર્વાદ આપે છે. એટલે કે તને ભગવાનનું શાસન મળ્યું તે ' सम्मं धारिज्जाहि' બરાબર ધારણ કરજે ! 'अन्नेसिं च पवज्जाहि' બીજાને આપજે ! અને ' गुरुगुणेहिं वड्ढिज्जाहि' મોટા ગુણોએ કરીને વધજે, આવા આશીર્વાદો આપે છે. મતલબ કે બધું શાસ્ત્રજ્ઞાન અરિહંત ભગવાનથી જ તેમનાં વચનોથી જ મળે છે. તેમાં આચાર્યો વગેરેનું પોતાનું કશું જ નહીં. એટલે છેવટે અરિહંતોનો જ મોટો અને નજીકનો ઉપકાર સમજવો.

**આચાર્યો સ્વતંત્ર નથી**

આમ હોવા છતાં જેઓને જિનેશ્વરનો ઉપકાર દબાવી પોતાને આગળ આવવું છે તેવાઓ શાસનના ધાડપાડુઓ છે. જેમ ધાડપાડુઓ પારકી રકમ પોતાના નામે જમે કરાવે છે તેમ કલિકાલના જે આચાર્યો પોતાનો ઉપકાર હોવાનું બોલે છે તેઓ અરિહંતની રકમ પોતાને નામે

જમે કરાવનાર સમજવા. આવા હોય તે જ પોતાનો ઉપકાર કહે. તેથી પ્રભુશાસનના આચાર્યને તો એક જ બોલવું પડશે. - જૈન શાસનને અનુસરનારનું વચન એક જ હોય કે - મહાનુભાવ, હું આ જે કંઈ કહું છું તે જિનેશ્વરના કથનના અનુસારે જ કહું છું. આ જ વાત ટીકાકાર મહારાજાએ ઉપર જણાવી કે - नहि स्वतन्त्रा आचार्यादय उपदेशतोऽर्थ ज्ञापकत्वं प्रतिपद्यन्ते અર્થાત્ આચાર્યો કંઈ સ્વતંત્રપણે અર્થને જણાવવાપણાનો દાવો કરતા નથી. મતલબ કે આચાર્યો કોઈ દહાડો આ સ્વતંત્ર-પોતાનું છે એમ ન બોલે. ઉદ્દેશ કહે તેમાં પણ 'खमासमणाणम्' તીર્થંકરોની પરંપરામાં અથવા ''क्षमाश्रमणहस्तेन'' ''ક્ષમાશ્રમણને હાથે'' એમ બોલે છે. આચાર્ય મુરબ્બી ખરા, છતાંએ નોકર જેવા સમજવા. નોકરનું માન નથી પણ તેને જે માન મલે છે તે તો પટ્ટાને અંગે માન મલે છે. આચાર્યનું જે માન છે તે તીર્થંકરના કહેલા આગમોને માને તેને અંગે માન છે. હું પરંપરાને નથી માનતો, પહેલાંના આચાર્યોને નથી માનતો, એમ કહેનારને તો ખાસડાં જ ખાવાનાં છે. જૈન શાસનમાં આચાર્યો સ્વતંત્ર છે જ નહીં. આચાર્યો શાસન ચલાવે છે, સૂત્રોના અર્થ આપે છે, તે સ્વતંત્રપણે નહીં, પણ જિનેશ્વરની આજ્ઞા અને પરંપરાને આધારે જ આપે છે. આચાર્ય ઘરનું આપતા નથી. આમ છેવટે તો બધો ઉપકાર અરિહંતનો જ હોવાથી પ્રથમ નંબરે અરિહંતને જ નમસ્કાર કરવો જોઈએ ! જીવાદિક સર્વ પદાર્થોને જણાવનાર તત્ત્વથી અરિહંત છે. પ્રણાલિકા પણ તીર્થંકર ભગવંતની છે. કોઈ આચાર્યને જરા પૂછીએ કે તમે કોના તાબાના છો ? જેઓ જૈન શાસનના આચાર્ય હોય તે એમ કહેશે કે અમે અરિહંતની પરંપરામાં, પર્ષદામાં છીએ, માટે આચાર્યને નમસ્કાર કર્યા પછી અરિહંતને નમસ્કાર કરવો તે યુક્ત નથી.

**લુચ્ચાઈ કરનાર એ બાજુથી રખડી પડે**

દૃષ્ટાન્તો તો જેને જેવાં જોઈએ તેવાં મળી રહે છે. પહેરવાનું કપડું વેચીને પણ કોઈ દેવું પતાવે છે, તો કોઈ દેવા કરતાં વધારે મૂડી

હોય છતાં દેવાળિયા થાય તેવા પણ જગતમાં દેખીએ છીએ. મુદત ગયા છતાં આગળની સહીઓ કરી દેવું આપનાર પણ છે. અને છતે પૈસે અને છતી મુદતે પણ નામક્કર જનાર પણ છે. આમ દાખલા તો બંને પ્રકારના હોય, પણ આખરે ખોટા કે લુચ્ચાને ઉઘાડા પડવું પડે છે. એક ઠેકાણે શીરો વહેંચાતો હતો. ત્યાં એક ભીખારી જઈ ચડ્યો. એણે પોતાનું રામપાતર આગળ કર્યું. વહેંચનારની નજર ચુકાવીને એણે એ રામપાતર પોતાની પાછળ સંતાડીને બીજુ રામપાતર આગળ કર્યું, અને ફરી શીરાની માગણી કરી. પણ એટલામાં એક કૂતરું આવીને પાછળ મૂકેલા રામપાતરમાંથી શીરો ખાવા લાગ્યું. વહેંચનારે એ જોયું અને પૂછયું કે આ કૂતરું શીરો ક્યાંથી ખાય છે ? એણે ચોરી પકડી પાડી; અને પેલો ખોટો ભિખારી શીરા વગર બેય બાજુથી રખડી પડ્યો. આમ લુચ્ચાઈ કરનાર છેવટે બે બાજુથી રખડી જાય છે. તમે જે પૂર્વની પરંપરાનું હોય તેમાં તમારું ડહાપણ કરો અથવા એ મારું છે એવું ખોટું અભિમાન કરો તો તમે રખડી જ જશો ! તેથી આચાર્યો પોતાનું ડહાપણ કરનાર છે જ નહીં. જૈન શાસનના આચાર્યો વિચાર વગરના ન હતા, માટે જ ટીકાકાર મહારાજે જણાવ્યું કે 'अर्हत्परिषद्रूपा एवाचार्यादय: -' એટલે કે આચાર્યો વગેરે તો અરિહંતની સભારૂપ જ છે. માટે પહેલાં આચાર્યને નમસ્કાર કર્યા પછી અરિહંતને નમસ્કાર કરે તે યોગ્ય ગણાય જ નહીં. આથી જ ગણધર મહારાજે પાંચ પરમેષ્ઠિને અરિહંતઆદિના અનુક્રમે નમસ્કાર કર્યા છે.

આ રીતે અહીં શ્રી ભગવતીસૂત્રના મંગલાચરણનાં પંચ પરમેષ્ઠીપદોની વિવેચના અને તેની સાથે સાથે એ પાંચે પદોની વ્યવસ્થાની વિચારણા પૂરી થઈ.

**પ્રથમ ભાગ સમાપ્ત**

આગમોદ્ધારક ગુજરાતી સાહિત્ય ગ્રંથ માલા નં-૧

પૂ. આગમોધ્ધારક આનંદસાગરસૂરિ મ.સા.

100 સૂરિપદ શતાબ્દિ વર્ષ સં. ૧૯૭૪ સં. ૨૦૭૪